ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

અધ્યાત્મ પિપાસા

(ભાગ–૨)

(ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતી માતા
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા ચાલેલ તત્ત્વચર્ચાનો ગ્રંથ
'સ્વાનુભૂતિદર્શન' ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(પ્રશ્ન–૫૧ થી ૮૮)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર-૩૬૪૦૦૧

વિક્રમ સંવત	વીર સંવત	ઈ. સન
૨૦૭૮	૨૫૪૮	૨૦૨૨

પ્રકાશન

તા. ૧૩-૮-૨૦૨૨, શ્રાવણ વદ-૨

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૦૯મી જન્મ જયંતી

પૃષ્ઠ સંખ્યા : ૪૩૨

પ્રત : ૧૪૦

પડતર મૂલ્ય : ૮૯૩/-

વેચાણ મૂલ્ય : ૪૦/-

પ્રાપ્તિ સ્થાન

૧. વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર-૩૬૪૦૦૧.
રાજેન્દ્રભાઈ કાલા-મો. ૯૮૨૫૧૫૫૦૬૬

૨. 'ગુરુ ગૌરવ'
(પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સ્મારક ભવન)
સોનગઢ (સૌરાષ્ટ્ર)

www.satshrut.org,

ટાઈપ સેટિંગ

પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક

અજય ઑફસેટ
અમદાવાદ
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ ભગવાન શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ધર્મના આધારસ્તંભ એવા આચાર્ય ભગવંત, મહામુનિવરો તથા જ્ઞાની ધર્માત્મા થતા આવ્યા છે. જેઓએ સ્વયંના અનુભવગર્ભિત વાણી દ્વારા શાસ્ત્રોની રચના કરી અને ભવ્ય જીવોના હિતાર્થે, અનંત કાળથી દુઃખ ભોગવતા પ્રાણીઓને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય અને સાદિઅનંત કાળ સુખાનુભવમાં રહે તે અર્થે ધર્મોપદેશ પ્રવર્તાવ્યો.

જીવ અનંત કાળથી પરિભ્રમણ કરી રહ્યો છે જેમાં અસહ્ય દુઃખ સહન કરી રહ્યો છે. અનેક માનેલા ધર્મસાધનો કરતો રહ્યો હોવા છતાં જેના ફળસ્વરૂપે અંશમાત્ર પણ સુખની પ્રાપ્તિ થઈ નથી, પરંતુ દુઃખ જ ભોગવતો રહ્યો છે. જ્ઞાનીપુરુષોએ સ્વયંની નિષ્કારણ કરુણાથી જીવો દુઃખથી મુક્ત થાય તે હેતુથી સમ્યક્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે. પ્રવર્તમાન શાસનમાં અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ સમજાવ્યું અને મિથ્યાત્વરૂપી ઘોર અંધકારમાંથી બહાર નીકળવાનો માર્ગ દર્શાવ્યો. અનેક શાસ્ત્રો ઉપર થયેલા તેમના પ્રવચનોમાં મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ પ્રકાશ્યું છે. તદ્ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને મુમુક્ષુઓ સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરે તે હેતુથી ચર્ચા-સમાધાન કરી પરમ ઉપકાર કર્યો છે.

'અધ્યાત્મ પિપાસા' નામક પ્રસ્તુત પ્રવચન-ગ્રંથમાં પૂજ્ય બહેનશ્રીની થયેલ તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' નામે પ્રકાશિત કરવામાં આવ્યો હતો તેની ઉપરના પ્રવચનો છે. પૂજ્ય બહેનશ્રીની વિદ્યમાનતામાં સુવર્ણપુરી તીર્થધામમાં પ્રતિદિન બપોરે ચાલતી તત્ત્વચર્ચાનો આ ગ્રંથ વર્તમાન મુમુક્ષુજીવોની અનેક પ્રકારની મૂંઝવણને દૂર કરે છે. સાદી સરળ ભાષામાં તેમના દ્વારા અપાયેલ સમાધાન મુમુક્ષુઓની અધ્યાત્મ પિપાસાની તૃપ્તિ માટે અમૃતના કુંભ સમાન જ છે. પૂજ્ય બહેનશ્રી દ્વારા અપાયેલા સમાધાન, પ્રત્યેક વચન આગમ જ છે.

જ્ઞાનીઓના હૃદય જ્ઞાની જ જાણે. તદ્અનુસાર નિષ્કારણ કરુણામૂર્તિ, અધ્યાત્મ રહસ્યોદઘાટક પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પ્રવચનો કરી અતિ સરળ છતાં મર્મભેદક પ્રવચનો કરી પૂજ્ય બહેનશ્રીના હૃદયકમળમાં બિરાજમાન જ્ઞાયકદેવના દર્શન કરાવ્યા છે. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવે એવી ભાવના મુમુક્ષુઓને થવાથી તેનો દ્વિતીય ભાગ પાઠકવર્ગના

હસ્તકમળમાં મૂકતા અત્યંત હર્ષ થાય છે. આ પ્રવચનો કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે.

પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો મુમુક્ષુજીવોને આત્મહિતાર્થે અત્યંત લાભદાયક થશે એવી ભાવના સાથે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા પૂજ્ય ભાઈશ્રીના કરકમળમાં આ ગ્રંથ અર્પિત કરતાં પ્રસન્નતા અનુભવાય છે. સર્વ પ્રવચનોને સાંભળીને શબ્દશઃ લખી જ્યાં જરૂર લાગે ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. ત્યારબાદ પ્રત્યેક પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા સાંભળીને તપાસવામાં આવ્યા છે. તેમ છતાં કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ અને પાઠકવર્ગને ધ્યાન દોરવા વિનંતી છે. પ્રસ્તુત પ્રવચન ગ્રંથ **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાય દ્વારા આત્મહિતને સાધે એ જ ભાવના.

તા. ૧૪-૭-૨૦૨૨
(દિવ્યધ્વનિ દિન)

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

'અધ્યાત્મ પિપાસા' ભાગ–૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

શ્રી કુંદકુંદ-રાજ-કહાન પ્રભાવના ટ્રસ્ટ, હૈદ્રાબાદ	૧,૧૧,૧૧૧
જમનાદાસ હેમચંદ હેમાણી ચેરીટેબલ ટ્રસ્ટ	૨૫,૦૦૦
શ્રી અનુસૂયાબહેન અજમેરા, કોલકાટા	૧૫,૦૦૦
ડૉ. મહેશભાઈ મહેતા, મુંબઈ	૧૧,૦૦૦
ડૉ. ગીતાબહેન મહેશભાઈ મહેતા, મુંબઈ	૧૧,૦૦૦
શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા	૧૧,૦૦૦
શ્રીમતી કૃપાલીબહેન પિયૂષભાઈ ભાયાણી, કોલકાટા	૫૧૦૦
સ્વ. ખીમજીભાઈ ગંગરના સ્મરણાર્થે, વિલેપાર્લા, મુંબઈ	૫૦૦૦
શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર	૨૫૦૦
શ્રી હેમંતભાઈ સી. શાહ, મુંબઈ	૨૫૦૦
શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર	૧૧૦૦
શ્રી મિતેશભાઈ શાહ, ભાવનગર	૧૦૦૦
શ્રીમતી વર્ષાબહેન હેમાણી, ભાવનગર	૧૦૦૦
શ્રી અજીતભાઈ શાહ, ભાવનગર	૧૦૦૦
સ્વ. ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર	૧૦૦૦
શ્રીમતી નિરૂબહેન નીતિનભાઈ જૈન, ભાવનગર	૧૦૦૦
શ્રી સમ્યક્ નીતિનભાઈ જૈન, ભાવગનર	૧૦૦૦
શ્રીમતી અવનીબહેન શાહ, ભાવનગર	૫૦૦
શ્રી નિર્મિત ઋષભ શાહ, ભાવનગર	૫૦૦
શ્રીમતી ચારૂબહેન નિલેષભાઈ જૈન, ભાવનગર	૫૦૦

અનુક્રમણિકા

પ્રવચન નં.	તારીખ	શ્લોક/ગાથા	પૃ.સં.
૩૧	૧૩-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૫૧	૦૦૧
૩૨	૧૪-૧૧-૧૯૯૬	પ્રશ્ન -૫૨, ૫૩	૦૧૯
૩૩	૧૫-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૫૩, ૫૪	૦૩૪
૩૪	૧૬-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૫૫ થી ૫૭	૦૪૬
૩૫	૧૭-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૫૭, ૫૮	૦૬૧
૩૬	૧૮-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૫૮	૦૭૬
૩૭	૧૯-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૫૮, ૫૯	૦૯૧
૩૮	૨૦-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૬૦	૧૦૬
૩૯	૨૧-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૬૧	૧૧૯
૪૦	૨૨-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૬૧, ૬૨	૧૩૧
૪૦-A	૨૦-૧૧-૧૯૯૭	પ્રશ્ન - ૬૩	૧૪૮
૪૦-B	૨૧-૧૧-૧૯૯૭	પ્રશ્ન - ૬૪	૧૫૭
૪૦-C	૨૨-૧૧-૧૯૯૭	પ્રશ્ન - ૬૫	૧૬૮
૪૦-D	૨૩-૧૧-૧૯૯૭	પ્રશ્ન - ૬૬	૧૭૯
૪૦-E	૨૪-૧૧-૧૯૯૭	પ્રશ્ન - ૬૬	૧૯૧
૪૦-F	૨૫-૧૧-૧૯૯૭	પ્રશ્ન - ૭૦	૨૦૩
૪૦-G	૨૬-૧૧-૧૯૯૭	પ્રશ્ન - ૬૯	૨૧૬
૪૧	૨૬-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૬૭	૨૨૭
૪૨	૨૭-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૬૮	૨૪૧
૪૩	૨૯-૧૧-૧૯૯૬	પ્રશ્ન - ૭૧-૭૨	૨૫૫

૪૫	૦૩–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૭૩–૭૪	૨૭૦
૪૬	૦૪–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૭૫ થી ૭૭	૨૮૪
૪૭	૦૫–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૭૮	૨૯૭
૪૮	૦૬–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૭૯	૩૦૭
૪૮–A	૦૬–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૩૮૧	૩૨૧
૪૯	૦૭–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૦ થી ૮૨	૩૩૧
૫૦	૦૮–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૩	૩૪૨
૫૧	૦૯–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૩–૮૪	૩૫૨
૫૨	૧૦–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૪–૮૫	૩૬૪
૫૩	૧૧–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૫	૩૭૪
૫૪	૧૩–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૫ થી ૮૭	૩૮૭
૫૫	૧૪–૧૨–૧૯૯૬	પ્રશ્ન – ૮૭–૮૮	૩૯૯

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

સીમંધરગણધર સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.

સંસારના વિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર,
મહા સુખસાગરનો સમ્યક્ માર્ગ પ્રાપ્ત કરાવનાર,
અતુલ મહિમાના ધારી, પરમોપકારી શ્રી ગુરુદેવનાં
ચરણકમળમાં પરમ ભક્તિથી નમસ્કાર, વારંવાર નમસ્કાર.

ૐ
।।નમઃ સિદ્ધેભ્ય।।

અધ્યાત્મ પિપાસા

(ભાગ-૨)

('સ્વાનુભૂતિદર્શન' પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાના ગ્રંથ ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

પ્રશ્ન-૫૧

પ્રશ્ન :- જ્ઞાયકદેવ પ્રત્યે અર્પણતા કેવી રીતે આવે?

સમાધાન :- દ્રવ્યને બરાબર ઓળખે કે હું ચૈતન્ય શાશ્વત અનાદિ અનંત જ્ઞાયક છું. આમ જ્ઞાયકનું સ્વરૂપ ઓળખીને જ્ઞાયકની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે.

જિનેંદ્રદેવ જગતમાં સર્વોત્કૃષ્ટ છે, ગુરુ આત્માની સાધના કરી રહ્યા છે તથા વાણી વરસાવે છે અને શાસ્ત્ર માર્ગ બતાવે છે. આવું જાણીને તેની જેમ મહિમા આવે છે તેમ આત્માની મહિમા આવે તો તેમાં પણ અર્પણ થઈ જવાય છે.

જ્ઞાયક કેવો છે! તે અનંતગુણથી ભરપૂર કોઈ અનુપમ આશ્ચર્યકારી તત્વ છે. તે અનાદિ-અનંત છે. ગમે તેટલા ભવો કર્યા તો પણ જ્ઞાયક આત્માની અંદર એક અંશ પણ વિભાવ પેઠો નથી કે મલિનતા થઈ નથી.આવો શાશ્વત જ્ઞાયક આત્મા કોઈ અદ્‌ભુત આશ્ચર્યકારી છે. તેનો કોઈ નાશ કરી શકતું નથી કે તેને કોઈ ઉત્પન્ન કરી શકતું નથી. સ્વાનુભૂતિમાં પકડાય તેવો આત્મા જ્ઞાનથી-તેના લક્ષણ દ્વારા ઓળખી શકાય છે. આ રીતે આત્મા જ જગતમાં સર્વોત્કૃષ્ટ છે એમ તેની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે. તેને એમ જ થાય કે મારે હવે જ્ઞાયકદેવ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. આ જગતમાં બીજું જે

કાંઇ છે તે સારભૂત નથી, તુચ્છ છે.

હું મારા જ્ઞાયકદેવને ઓળખું, તેને નીરખ્યા કરું, તેની મહિમા કરું, તેનું પૂજન કરું–આમ જ્ઞાયકદેવની મહિમા આવે તો તેને અર્પણા થઇ જવાય છે.

જ્ઞાયકદેવની મહિમા આવ્યા વગર મુક્તિનો માર્ગ પ્રગટ થતો નથી. તેને ઓળખીને, શ્રદ્ધા કરીને તેની લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. આ માટે બીજેથી રાગ તૂટીને વિરકતિ આવે તો જ અંતરમાં આવી શકે છે.

પૂજ્ય ગુરુદેવની વાણીમાં આવે છે ને કે 'તું પરમાત્મા છો; તું પરમાત્મા છો એમ નક્કી કર' ગુરુદેવે જે કહ્યું છે તે જ કરવાનું છે. જ્ઞાયકદેવની મહિમા કરી તેને દ્વારે ટહેલ મારવી. ૫૧.

તા. ૧૩-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૫૧, પ્રવચન નં. ૩૧

નોંધ :- પ્રવચનની બી-સાઈડ પહેલા વગાડવી.

'**પ્રશ્ન :- જ્ઞાયકદેવ પ્રત્યે અર્પણતા કેવી રીતે આવે?**' પોતાના આત્મા પ્રત્યે અર્પણતા એટલે શું? પોતાને અને પોતાને શું આપવાનું છે? કે પોતાની પર્યાય પોતા પ્રત્યે ઢળે એ પર્યાયનું સમર્પણ છે અને અન્ય વિભાવ અને અન્ય દ્રવ્ય પ્રત્યે ન ઢળે. અન્ય દ્રવ્ય અને અન્ય વિભાવ એમાં ઢળે છે ત્યારે એ બાજુનો મહિમા છે પર તરફનો તો એમાં આત્માની વિરુદ્ધતા છે. વિરુદ્ધતા અને અર્પણતા બે સામા-સામા છે પ્રતિપક્ષમાં. અર્પણતા હોય એને વિરુદ્ધતા ન હોય, વિરુદ્ધતા હોય એને અર્પણતા કોઈ અંશે ન હોઈ શકે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઓછી અર્પણતા એટલે એટલી ખામી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલી ખામી,

મુમુક્ષુ :- એ વિરુદ્ધતામાં જાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ વિરુદ્ધતામાં જવાની શક્યતા ખરી એને.

'સમાધાન :- દ્રવ્યને બરાબર ઓળખે...' આ ખાસ છે બહેનશ્રીની ચર્ચામાં વિષય. ઓળખવાનો વિષય એ ઘણી જગ્યાએ લ્યે છે. વચનામૃતમાં પણ ઘણાં બોલો ઓળખવા સબંધીના આવ્યા છે. નિર્ણય અને ઓળખવું બે શબ્દ વાપરે છે અને અસ્તિત્વ ગ્રહણ, પણ એ ઓછું વપરાય છે. **'દ્રવ્યને બરાબર ઓળખે કે હું ચૈતન્ય શાશ્વત અનાદિ અનંત જ્ઞાયક છું.'** હું ચૈતન્ય છું, શાશ્વત છું અને હંમેશને માટે માત્ર જાણનાર એવો છું. **'આમ જ્ઞાયકનું સ્વરૂપ ઓળખીને જ્ઞાયકની મહિમા આવે...' 'ઓળખીને જ્ઞાયકની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે.'** ઓળખાણપૂર્વકની મહિમા જે સમર્પણ ઊભું કરે છે, એવું સમર્પણ કોઈ બીજા પ્રકારે આવી શકે નહિ અથવા આવવાનો સંભવ નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અર્પણતા બહુ ઓછી છે અથવા સહેજ બાકી છે તો થોડી વિરુદ્ધતા થઈ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- વિરુદ્ધતા એ વખતે ન લેવાય કેમકે અર્પણતાના અંશો વધારે-ઓછા હોય છે, તો એ તો જેટલા વધારે હોય તો એટલી ક્ષતિ ઓછી. ક્ષતિમાં જાય છે. એ વિરુદ્ધતામાં નથી રહેતું પણ ક્ષતિમાં જાય છે. જેમકે કોઈ માણસને ભક્તિ છે. ભગવાન પ્રત્યે ભક્તિ છે પણ ભગવાનનું સ્વરૂપ નથી ઓળખતો, તો એને એમ ન કહેવાય કે ભગવાનની વિરુદ્ધતા કરી રહ્યો છે. કેમકે એ તો એપેરેન્ટલી તો ભગવાનની ભક્તિ કરી રહ્યો છે, ભલે ઓઘે-ઓઘે પણ. ઓળખાણ ન હોય તો યથાર્થ ભક્તિ કે સમર્પણ ન આવે.

જેમકે અત્યારે સામાન્ય રીતે સમાજમાં શું છે કે એક માણસ ભગવાનને તો માને છે પણ ભગવાનને માને છે એના કરતા પોતાના કુટુંબને વધારે માને છે. મંદિરમાં ફંડ લખાવવું હોય તો આગળ-પાછળનો વિચાર કરી, કુટુંબ પરિવારનો વિચાર કરી, ભવિષ્યનો વિચાર કરી અને ખર્ચો કરે. દિકરીના લગ્ન હોય તો દેવું પણ કરે. ઉછીના લઈ આવે કોકના, ઘરેણા ઘડાવવા માટે. આપણે આપી દઈશું ભવિષ્યમાં લોન લઈને, વ્યાજ લઈને. સગા-સબંધી પાસેથી કાંઈને કાંઈ એની વ્યવસ્થા રાખે. એવી રીતે ભગવાનના કાર્યમાં નથી જોડાતો. પણ એને વિરુદ્ધતા ન કહેવાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દ્રવ્યદૃષ્ટિથી લઈએ તો?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યદૃષ્ટિથી લઈએ એટલે?

મુમુક્ષુ :- એટલે પરમ નિશ્ચયનયથી લઈએ આપણે, અધ્યાત્મની બાબતમાં લઈએ તો વિરુદ્ધમાં વયો જાય? પરમ અધ્યાત્મથી લઈએ એ વાતને નય પ્રમાણથી તો એ વિરુદ્ધમાં ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- મુદ્દો એ છે કે ઓળખાણ છે કે નહિ. પછી નયની વાત ઊભી થાય છે. એ પહેલાં નય-બય કેવો? એ તો વિકલ્પ અને વાણી છે. ઓળખાણ આવે તો જ સાચો મહિમા આવે અને તો જ અર્પણતા આવે. એટલે એમણે એ વાત લીધી છે, ઓળખાણની વાત એટલા માટે લીધી છે.

મુમુક્ષુ :- ઓળખાણ ન હોય તો વંચનાબુદ્ધિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, વંચનાબુદ્ધિ થઈ જાય, છેતરાય જાય પોતે. વંચનાબુદ્ધિ એટલે પોતે છેતરાય જાય કે મને તો ભક્તિ છે, મને તો બહુમાન છે, મને તો અર્પણતા છે. એમ પોતે છેતરાય જાય ખરો. વંચનાબુદ્ધિમાં આવી જાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ જે કહો છોને પરમ દૈન્યતાની ઓછપ.

પૂજ્ય ભાઈશ્રી :- ઓછાઈ, ઈ ઓળખાણને કારણે. ઓળખાણ હોય તો ઈ ન રહે.

મુમુક્ષુ :- અધૂરો નિર્ણય પણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અધૂરો નિર્ણય એમાં પણ ઓળખાણ નથી. એમ છે.

'જિનેંદ્રદેવ જગતમાં સર્વોત્કૃષ્ટ છે,' હવે પૂછ્યું છે જ્ઞાયકદેવનું, વચ્ચે શું વાત નાખે છે એ જુઓ હવે, કે **'જિનેંદ્રદેવ જગતમાં સર્વોત્કૃષ્ટ છે, ગુરુ આત્માની સાધના કરી રહ્યા છે...'** દેવ-ગુરુની વાત વચ્ચે નાખી **'તથા વાણી વરસાવે છે અને શાસ્ત્ર માર્ગ બતાવે છે.'** દેવ, ગુરુ અને શાસ્ત્ર—ત્રણ વાત વચ્ચે લીધી. **'આવું જાણીને તેની જેમ મહિમા આવે છે તેમ આત્માની મહિમા આવે તો તેમાં પણ અર્પણ થઈ જવાય છે.'** હવે શું છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે અર્પણતા દેખાય છે, પણ આત્મા બાજુ હજી વળતા મુમુક્ષુ જીવો નથી દેખાતા. તો કહે છે, જિનેન્દ્રદેવ પ્રત્યે અર્પણતા કેમ આવે છે? કે એ તો સર્વોત્કૃષ્ટ છે, એથી આગળ કોઈ પછી નથી આપણે. ગુરુ પણ આત્માની સાધના કરી રહ્યા છે અને આપણને ઉપદેશથી, વાણીથી લાભ આપી રહ્યા છે, શાસ્ત્ર પણ માર્ગ બતાવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તો અર્પણતા છે, એમની મહિમા છે અને એમના પ્રત્યે અર્પણતા છે. એ દૃષ્ટાંતમાં લીધું, હવે સિદ્ધાંતમાં (ઉતારે છે).

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રને ખરેખર ઓળખ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ખરેખર ઓળખ્યા હોય તો આત્માને પણ ઓળખી લે. એ આનુષંગિક પરિણામ છે અરસપરસ.

'જ્ઞાયક કેવો છે! તે અનંતગુણથી ભરપૂર કોઈ અનુપમ આશ્ચર્યકારી તત્ત્વ છે.' જ્ઞાયક કેવો છે! કે અનંતગુણથી ભરપુર કોઈ અનુપમ-જેની ઉપમા ન થઈ શકે,

આશ્ચર્યકારી તત્ત્વ છે પોતાનું સ્વરૂપ. '**તે અનાદિ-અનંત છે.**' અને એવું સ્વરૂપ છે એ શાશ્વત અથવા અનાદિ અનંત છે. '**ગમે તેટલા ભવો કર્યા તો પણ જ્ઞાયક આત્માની અંદર એક અંશ પણ વિભાવ પેઠો નથી કે મલિનતા થઈ નથી.**' એવી સ્વરૂપની શુદ્ધત્વ શક્તિ છે અને જ્ઞાન પણ નિર્લેપ રહ્યું છે એ પણ એની શુદ્ધત્વ-સ્વરૂપની શુદ્ધત્વ શક્તિ બતાવે છે.

અનંતકાળ નિગોદની અંદર ગયો, રહ્યો. સૌથી વધારે પરિણામની મલિનતા નિગોદમાં છે. પરિણામની મલિનતાને લઈને નિગોદમાં ગયો છે અને ત્યાં એ પરિણામ મટાડવા મુશ્કેલ હોવાથી તેવાને તેવા પરિણામ થઈને નિગોદમાં જ જન્મ-મરણ... નિગોદમાં જ જન્મ-મરણ... નિગોદમાં જ જન્મ-મરણ થયા કરે છે. છતાં પણ આત્માનું જે શુદ્ધત્વ છે એની બેહદ શક્તિ હોવાથી તે મલિનતા સ્પર્શ કરી શકતી નથી. મલિનતા મૂળ સ્વરૂપને સ્પર્શ કરી શકતી નથી.

મુમુક્ષુ :- સ્વરૂપની રક્ષા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધા ગુણોએ પોતાના સ્વરૂપની રક્ષા કરેલી છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં એમણે એમ લીધું છે, સમ્યક્ત્વ છે એ ફોજદાર છે. દીપચંદજી કાસલીવાલે (અધ્યાત્મ) પંચસંગ્રહમાં એ વાત લીધી છે. સમ્યક્ત્વ છે એ ફોજદાર છે. એ ઊભો રહ્યો છે દરવાજે, ગેટ ઉપર એ ઊભો રહે છે. કોઈ ગડબડવાળાને અંદર આવવા ન દે. ગમે એને પેસવા ન દે. એવું કામ કરે છે.

'**જ્ઞાયક કેવો છે! તે અનંતગુણથી ભરપૂર...**' છે. અને આશ્ચર્યકારી, મહાઆશ્ચર્યકારી તત્ત્વ છે. અને તે અનાદિઅનંત શાશ્વત છે. સદા એવો જ રહે છે. અનાદિના અજાણ એવા જીવને, સ્વરૂપથી અજાણ એવા જીવને, આવા સ્વરૂપથી અજાણ એવા જીવને પહેલીવહેલી જે આ ખબર પડે ત્યારે એને એવા સ્વરૂપનો ભેટો કરવાનો થનગનાટ ઊભો થઈ જવો જોઈએ.

આમાં થઈ શું એક તકલીફ? કે સ્વરૂપની આવી વાત સાંભળી સાંભળીને રીઢો થઈ ગયો છે. આ તો ખબર છે. આત્મામાં અનંત જ્ઞાન છે અને અનંત આનંદ છે એ તો અમને ખબર છે. એટલે એનો મહિમા જ આવે નહિ. આ એક નવું આવરણ ઊભું કર્યું, ખબર છે વાળું. નવું આવરણ ઊભું કર્યું. આ આવરણને તોડતા બહુ વાર લાગશે. બીજા આવરણ તુટશે. વિષય કષાયના પરિણામ કરીને આવરણ કર્યા હશે એને છોડતા બહુ વાર નહિ લાગે. પણ 'મને ખબર છે' એ આવરણ છોડતા બહુ વાર લાગશે, એ છોડવું બહુ મુશ્કેલ છે.

મુમુક્ષુ :- હું જાણું છું.

પૂજ્ય ભાઈશ્રી :- હું જાણુ છું, મને ખબર છે આત્મા આવો છે મને બધી ખબર છે.

મુમુક્ષુ :- ઈસી કારણ વીર્યઉલ્લાસ કામ નહિ કર પાતા હૈ ન? વીર્ય ઉલ્લાસ જો આના ચાહિયે ઉસી કારણસે નહિ આ પાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઓળખાણ કરવાનો દરવાજો બંધ થઈ ગયો, જિજ્ઞાસા બંધ થઈ ગઈ. ઓળખાણ તો અવલોકનના સ્ટેજમાં અપૂર્વ જિજ્ઞાસાનાં કાળમાં પછી આવે. અપૂર્વ જિજ્ઞાસાના ફળમાં આવે. અંતર અવલોકનના સ્ટેજનો કાળ હોય એમાં અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય એના ફળમાં ઓળખાણ આવે. અહીં તો જિજ્ઞાસાનો દરવાજો જ બંધ થઈ ગયો. મને ખબર છે, જિજ્ઞાસા મરી ગઈ. જિજ્ઞાસા નામની વૃત્તિનું મૃત્યુ થઈ ગયું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરલક્ષે સાંભળે છે એ તકલીફ છે? પોતાને પોતાની વાત ચાલે છે એમ નથી લાગ્યું, એ રીતે લીધું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શું છે કે વેદનામાં મુખ્ય મુદો જ પોતાના ઈનવોલ્વમેન્ટનો છે. જે મુમુક્ષુને પરિભ્રમણની વેદના નથી આવતી એ પોતાની જાતને ઈન્વોલ્વ નથી કરતો હજી. આટલા બધાં બેઠા છે એમાં કોઈક પ્રશ્ન ઉઠાવે એમાં ટોન્ટીંગ હોય. જેના ઉપર ટોન્ટ (ટોણો) થયું હોય એ પોતાની જાતને કેવો ઈન્વોલ્વ કરી લે? કે આણે પ્રશ્ન નથી પૂછ્યો, આણે મને ટોન્ટ માર્યો છે.

મુમુક્ષુ :- બરાબર ભેળવે.

પૂજ્ય ભાઈશ્રી :- વાર લાગે? અહીંયાં કહે છે કે તારું પરિભ્રમણ તું નથી જોઈ શકતો? આટલું બધું તને નજર સામે દેખાય છેને, તારી જાતને કેમ તું ઈનવોલ્વ કરતો નથી? પહેલું સ્ટેજ જ પોતાના ઈનવોલ્વમેન્ટથી શરૂ થાય છે એટલે ફિલીંગ સ્ટેજમાં આવે છે. પરલક્ષે વિચાર કર્યા કરવાથી કાંઈ વળવાનું નથી. કોઈ દિવસ કાંઈ નહિ વળે. અનંતકાળ જાય તોપણ પતો નહિ લાગે.

મુમુક્ષુ :- ભાવભાસનમાં આવવાની આ જ પદ્ધતિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ પદ્ધતિ છે. એટલે જો પોતાના મૂળ સ્વરૂપની વાત પોતાના લક્ષે સંભળાણી હોય તો... હેં! હું અત્યાર સુધી મારા ચાલતા વિભાવોથી મને પામર માનતો હતો, ભલે હજી સ્વરૂપની ઓળખાણ નથી થઈ તોપણ. આ તો સમર્પણનો બોલ આવ્યો છેને? પોતાના સ્વરૂપ પ્રત્યે સમર્પણતા કેવી રીતે આવે? તો ઓળખાણ થાય એ તો આગળનું સ્ટેજ થઈ ગયું, બહું ઉપરનું સ્ટેજ થઈ

ગયું, ભાવભાસનનું સ્ટેજ થઈ ગયું. તો પહેલાવાળાને આ કેવી રીતે લાગુ પડે? સાવ નવો હોય, તદ્દન નવો જીવ હોય એને એમ જાણવા મળે, સાંભળવાથી જાણવા મળ્યું એને સાંભળીને કે મારું સ્વરૂપ તો અંદરમાં એવુંને એવું કાયમ માટે છે. અદ્‌ભુત અને આશ્ચર્યકારી છે. અને એની શુદ્ધત્વશક્તિ બેહદ હોવાથી અનંતકાળની ભાવની મલિનતા એને સ્પર્શી પણ શકી નથી, પેસવાની વાત તો પછી રહી. અંદર જે પેસવાની વાત તો પછી રહી, સ્પર્શી પણ શકી નથી. એને થનગનાટ અંદરમાં ઊભો થઈ જવો જોઈએ. હેં! મારું આવું સ્વરૂપ છે! મને ખબર નથી. મારા ઘરમાં આટલી સંપત્તિ પડી છે અને મને ખબર નથી. ભાવભાસન તો એનો અંશ દેખાય પછી આવે છે. એ સંપત્તિનો અંશ દેખાય પછી ભાવભાસન આવે છે આખા સ્વરૂપનું. પણ સાંભળીને વિશ્વાસ આવ્યો કહેનારને, કહેનારને સાંભળીને, એમાં એણે કહેનારનો સ્વીકાર કરી લીધો. વિશ્વાસ આવે તો સ્વીકાર થઈ ગયો.

મુમુક્ષુ :- સ્વભાવની વાત સાંભળતા કાળજે સોંસરવટ ઘા પડી જાય. બહેનશ્રીનાં વચનામૃતમાં આવે છેને, સ્વભાવની વાત સાંભળતાં કાળજે સોંસરવટ ઘા પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાંભળતા જ થવું જોઈએ. એટલા ઊંડાણથી અસર આવવી જોઈએ. તો જીવે સત્‌નું શ્રવણ કર્યું કહેવાય, નહિતર શ્રવણ પણ કર્યું નથી. સત્‌શ્રવણમાં આ પ્રકાર આ ઊભો થવો જોઈએ.

હવે વિચારવાનું છે આપણે લોકોએ. પહેલી વખત આત્માનું સ્વરૂપ સાંભળ્યું ત્યારે કેવા ભાવ થયા હતા? આવો થનગનાટ આવ્યો હતો કે નહોતો આવ્યો? હેં! મારું સ્વરૂપ આવું છે! ઓહોહો..! અંદર મને એટલું બધું ભરેલું છે! મારી અનંત ગુણોની સંપત્તિ એમ કહે છે. એટલું બધું છે મારી પાસે! શું વાત છે! એટલે સમયસારની પહેલી ગાથામાં એવી રીતે સિદ્ધપદની વાત લીધી છે. આખું સમયસાર શરૂ કરવામાં પહેલાં જ સિદ્ધપદને શું કરવા સ્થાપ્યું? અને ટીકાકાર આચાર્યે એમ ન કીધું કે હું સિદ્ધ સ્વરૂપે છું. હું તારા આત્મામાં પણ સિદ્ધપદ સ્થાપીને આ વાત કરું છું. તારા આત્મામાં જ્યારે હું સિદ્ધપદ સ્થાપું છું ત્યારે તને થનગનાટ આવે છે? ઉછળે છે તારા પરિણામો? ઉછળવા મંડ્યા કાંઈ કે હેં! હું સિદ્ધ છું! હું સિદ્ધસ્વરૂપી! શું વાત છે! એટલે એમ કહે છે, 'તે તો પ્રભુએ આપીયો'. નિધાન દેખાડી દીધું.

મુમુક્ષુ :- સિદ્ધપદની સ્થાપના કરવાવાળા જેવા તેવા નથી. ભગવાન આચાર્ય પોતે અનુભવ કરીને કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખી વાત છે, અનુભવસિદ્ધ.

મુમુક્ષુ :- અમે સ્થાપીએ છીએ, આલી-મવાલી સ્થાપતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમ કે અમે પણ જ્યારે અમારી આ લાઈનની મુમુક્ષુ દશાની શરૂઆત કરી ત્યારે અમે પણ અમારા સિદ્ધપદનો સ્વીકાર કર્યો હતો. અમને પણ અમારા શ્રીગુરુએ આમ જ સંભળાવ્યું હતું. જેવું અમે તમને કહીએ છીએ એવું જ અમારા શ્રીગુરુએ પણ અમને એમ જ સંભળાવ્યુ હતું ત્યારે અમારો આત્મા થનગની ઉઠ્યો હતો. તમને આ વાત સાંભળીને એવું થાય છે? તો હવે તમારો પુરુષાર્થ જાલ્યો નહિ રહે. અને નહિતર ટાઢાબોળ થઈ જશો સાંભળી સાંભળીને.

મુમુક્ષુ :- કોળે છે આત્મા.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુનો આત્મા પણ કોળે છે. પાત્ર જીવ સામે હોય... આ તો ગુરુદેવે જે આ બધું કાઢ્યું છે, એ બધા કોઈ રેંગી ફેંગી કે રોંચાને જોઈને નથી બોલ્યા. બહેનશ્રી જેવા શ્રોતા બેઠા હતા એની અંદર. એમ એ લે છે. તીર્થંકરની વાણી ગણધરદેવ સિવાય એટલે નીકળતી નથી. બાકી આખી સભામાં કરોડો જીવ બેસે છે. લાખો નહિ, કરોડો જીવ આવીને બેસી જાય છે. એમ નથી વાણી છૂટતી. કોના સામું જોઈને નીકળે? એમ કહે છે. એક પણ પાત્ર જીવ હોય, પછી બીજા સૌ સૌની યોગ્યતા પ્રમાણે એને લાભ મળે એમ હોય છે.

શરૂઆતમાં બહેનશ્રીની વિરુદ્ધતા થઈ આ. સોનગઢ, જયપુર થયું ત્યારે બહેનશ્રીની વિરુદ્ધતામાં જ એ બધું ઊભું થયુંને? અમે ઈ કહેતા, બહેનશ્રીનો ઉપકાર લોકોને ખબર નથી. ગુરુદેવે આટલું તત્ત્વ અંદરથી કાઢ્યું એ ક્યારે કાઢ્યું? કે આ હતા તો કાઢ્યું. તમારી સામું જોઈને કાઢ્યું છે એમ માનો છો? એને એ ઉપકારી છે. એમ કૃપાળુદેવની વાત સોભાગભાઈને લઈને બહાર આવી. ભલે પચાસ-સો માણસ એમની આસપાસ હતા, પણ સોભાગભાઈમાંથી જે નીકળ્યું છે એવું ક્યાંય નીકળ્યું નથી. પછી બીજા પાત્રતાવાળામાં એનાં પ્રમાણમાં પણ નીકળ્યું છે. સર્વોત્કૃષ્ટ પાત્ર એટલે એને નમસ્કાર કરે છે. એટલે તીર્થંકરથી માંડીને, આચાર્યથી માંડીને જ્ઞાની સુધીના બધાના ઉપદેશમાં વાત જે બહાર આવે છે એ સામે કોઈ એવો જીવ હોય છે તો એટલી વાત બહાર આવે, નહિતર ન આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગૌતમ ગણધર આવ્યા ત્યારે જ વાણી નીકળી, ત્યાં સુધી ન નીકળી.

પૂજ્ય ભાઈશ્રી :- ૬૬ દિવસ ન નીકળી. કેટલા દિવસ ન નીકળી? બે મહિના અને છ દિવસ સુધી ન નીકળી. એમને એમ મૂર્તિ હોય એમ ભગવાન મહાવીર ભગવાન એમને એમ રહી ગયા.

મુમુક્ષુ :- સમવસરણ હતું તોપણ.

પૂજ્ય ભાઈશ્રી :- બધું. ઈન્દ્રો હતા, મુનિઓ હતા, જ્ઞાનીઓ હતા. એવું નહોતું કે બધા અજ્ઞાની હતા.

મુમુક્ષુ :- જ્ઞાનીઓ પણ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુનિઓ પણ આવે. ભાવલિંગી મુનિ સાંભળવા આવે. ભગવાનનું સમવસરણ હોય ત્યાં તો બધાને સાંભળવાનું મન થાય. પણ ગણધરદેવ નહોતા તો વાણી નહોતી છૂટતી. આ કુદરતની વ્યવસ્થા. એ એમ સૂચવે છે કે આ બધું કુદરતી જ છે. તીર્થંકરથી માંડીને બધા જ્ઞાનીઓનો ઉપદેશ કુદરતી આ રીતે નીકળે છે. એનો આત્મા કુદરતી કોળે અંદરથી, સામે જીવ એવો હોય તો.

એકવાર એવું થયું હતુંને? વાંકાનેરવાળા બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતિ ઉજવતા હતા વાંકાનેર મંડળના. તો પછી આયોજન એવું કર્યું હતું કે વાંકાનેર મંડળવાળા આજે પ્રશ્નો પૂછશે બેનશ્રીને. એટલે એ લોકોને અંદર, રૂમ નાનો એટલે એ લોકોને અંદર આવવા દે બીજા કોઈ આવી ન શકે. હું આવ્યો તો જરાક પાછળના બારણેથી પાછળ બેઠો હતો. પ્રશ્ન પૂછ્યો. વજુભાઈને તો વાંકાનેર પ્રત્યે જરાક... વાંકાનેરમાં રહેલા એટલે પરિચય બધાનો. પૂછો પૂછો, બહેનને પ્રશ્ન પૂછો. પ્રશ્ન પૂછ્યો. બહેનશ્રી જવાબ નહોતા દેતા, જવાબ નહોતા દેતા. એટલે વજુભાઈએ એમ કીધું કે બહેન! આમ પૂછે છે આપને. ગરમ થઈ ગયા. કોના સામું જોઈને મારે ચર્ચા કરવી? જવાબ આપવો? કોના સામું જોઈને આપવો મારે? કોઈ દિ' બેનશ્રી ગરમ ન થાય. આવી વાતમાં ગરમ થઈ ગયા. પછી જવાબ આપ્યો. પછી બહુ કીધું એટલે જવાબ આપ્યો. જવાબ આપ્યો હતો, પછી બહુ કીધું પછી જવાબ આપ્યો. આમ જોવા માંડ્યા હતા. આમ જોયું તો હું પાછળ બેઠો હતો. પછી જવાબ આપ્યો. એવું બને છે. કુદરતી છે. આ વસ્તુ છે ને કુદરતી છે. કહેવાનો આશય શું છે કે આ કુદરતી વસ્તુ છે. ગુરુદેવે જે કીધું છે એ લોકોને ખબર નહોતી કે બહેનશ્રીનો સમાજ ઉપર કેટલો ઉપકાર છે. એ વાત અમે પ્રવચનમાં સ્વાધ્યાયમાં એ વાત લેતા હતા.

શું કહે છે? '**ગમે તેટલા ભવો કર્યા તો પણ જ્ઞાયક આત્માની અંદર...**' એ બધા ભવોમાંથી કોઈ એક વિભાવનો અંશ પણ એમા અંદર પેઠો નથી કે મલિનતા થઈ નથી. '**આવો શાશ્વત જ્ઞાયક આત્મા કોઈ અદ્‌ભુત આશ્ચર્યકારી છે.**' ત્યાંથી મહિમા ઉપડવો જોઈએ. '**તેનો કોઈ નાશ કરી શકતું નથી કે તેને કોઈ ઉત્પન્ન કરી શકતું નથી.**' આત્મા સાંભળીને એને પોતાના આત્મા પ્રત્યેનો ઉત્સાહ જો ન આવે, એણે આત્મા નથી સાંભળ્યો, એણે આત્મા સાંભળ્યો જ નથી. આમ છે. પછી ભલે ગમે તેટલા વર્ષ શ્રવણ થયું હોય, આત્મા નથી સાંભળ્યો.

મુમુક્ષુ :- બીજું કાંઈક સાંભળ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એ ખ્વાબમાં, એવી કલ્પનામાં. કલ્પનાવિહારમાં ચાલે છે. વાસ્તવિકતા છે. આ વિષયની આ વાસ્તવિકતા છે. એનો સંકેત સમયસારની પહેલી ગાથા છે. એ સંકેત છે એની અંદર. ગુરુદેવ તો બહુ ખીલતા. મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપીને અને તમારા આત્મામાં સિદ્ધપદને સ્થાપીને અરિહંત ભગવાનના પ્રવચનનો અવયવ એવું આ સમયસાર હું કહીશ. અર્હંત પ્રવચનનો અવયવ છે આ, એમ લીધું છે. અમૃતચંદ્રચાર્યે ક્યાં અરિહંત ભગવાનને જોયા હતા? એ તો ભગવાન પછી લગભગ ચૌદસો વર્ષ થઈ ગયા, સોળસો વર્ષ થઈ ગયા. તો કહે નહિ, આ અરિહંત પ્રવચનનો અવયવ છે.

'તેનો કોઈ નાશ કરી શકતું નથી...' હવે જુઓ એ આત્માની વાત ઊંચામાં ઊંચી છે. સૌથી નવા આવ્યા હોય એવા જીવને લાગુ પડે છે કે નથી પડતી? કેવી રીતે લાગુ પડે એ અનુસંધાન યથાર્થ રીતે થવું જોઈએ. ઊંચામાં ઊંચી વાત હોય, પોતાને કેવી રીતે લાગુ પડે એ અનુસંધાન યથાર્થ રીતે થાય તો ત્યાંથી આગળ ચાલવાની પરિસ્થિતી ઊભી થાય.

મુમુક્ષુ :- મુમુક્ષુજીવ ભાઈશ્રી સામાન્ય મુમુક્ષુ કોઈ હોય એને પહેલાં જ એમ થાય સમયસાર ક્યાં લીધું અત્યારે? તો એને કયા પ્રકારે દોષ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- એને શાસ્ત્રની અભક્તિ થઈ. આચાર્યદેવની અભક્તિ થઈ અને સ્વાધ્યાયની અરુચિ થઈ. એમ છે કે કોઈપણ ઉદય લાવ્યો તો લવાતો નથી અને કાઢ્યો જાતો નથી. આ પણ ઉદય પ્રસંગ જ છે. સ્વાધ્યાય કરવા આપણે જે બેસીએ છીએ એ તો ઉદય પ્રસંગ છે. કે બીજું કાંઈ છે? પછી એનો નિષેધ શું કરવા? સ્વાધ્યાય કરો તમે. એમાં સમયસરનો સ્વાધ્યાય કરો એટલે કોઈ પ્રતિકૂળ પ્રસંગ તો નથી. તમારો પ્રતિકૂળ પ્રસંગ હોય તોપણ તમને નિષેધ ન આવવો જોઈએ. ગુરુદેવની શિક્ષા તો એવી છે કે તમારો વિરોધ થતો હોય, તમારો પ્રતિકૂળ પ્રસંગ ઊભો થતો હોય તો તમને એનો નિષેધ ન આવવો જોઈએ.

... ઉદય જોઈને ઉદાસીનપણું ભજશો નહિ. સોભાગભાઈને એક પત્ર લખ્યો છે, એમને પ્રતિકૂળતાનો ઉદય ઘણો હતો અને પરિણામ ખેંચાતા હતા. જ્યારે જ્યારે જીવને પ્રતિકૂળતાનો ઉદય આવે એટલે એ બાજુ પરિણામ ખેંચાય. આમ ન હોય તો સારું, આવું ન હોય તો સારું, આમ ન હોય તો સારું. ખોટું છે, ખોટું છે એ, ન થવું જોઈએ. એ ઉદય તારા આત્માને સ્પર્શે છે? નથી સ્પર્શતો. એ ઉદય તારા આત્માને નુકસાન કરે છે? કે નથી કરતો. પછી લેવા-દેવા વગરનો તું માથાકૂટ

કરે છે કે આમ ન હોવું જોઈએ. તારામાંથી શું ગયું? પહેલાં નકકી કર. તને શું નુકસાન થયું? જોઈ લેને અંદર. જરાક ઝાંખીને તો જો, તારું શું લઈ ગયો? એક ગુણ લઈ ગયો? એક પ્રદેશ લઈ ગયો? એક પર્યાય લઈ ગયો? એક પર્યાયનો અંશ લઈ ગયો? શું લઈ ગયો એ તો કહે. ભિન્ને ભિન્ન, કાંઈ તારે લેવા કે દેવા. તારી આખી જાતને તું ઈનવોલ્વ કરે છે. જ્યારે એ ઉદયની અસર તારા આત્મા ઉપર આવે છે, ત્યારે તું તારી આખી જાતને ઈનવોલ્વ કરી લે છે. આ જ અપરાધ છે બીજું શું? ક્રોધ કરે ત્યારે માણસને દેખાય કે અરે..! આને ક્રોધ થયો.

મુમુક્ષુ :- મૂળમાં જાય તો ખ્યાલ આવે. તારામાં શું ફેરફાર થાય છે? એ તો મૂળમાં જવાની વાત છે. એટલે મૂળ પકડે તો એના ભુક્કા નીકળે, મૂળ ના પકડે ત્યાં સુધી તો આવું એને બધું આ પ્રમાણે ગડમથલ ચાલ્યા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- ગડબડ થવાની, ગડબડ થવાની. યથાર્થ લાઈન પકડે એટલે ઉદયની અંદર સાવધાન થઈ જાય. આગળથી ખબર પડી જાય. ખાડો આવે એ પહેલાં ખબર પડે કે આ ખાડો આવવાનો છે. પગ મારા નાખીશ તો મરડાઈ જશે કા ભાંગી જશે કાં મચક આવી જશે. તરીને જ ચાલે. ઉદય આવે ત્યાં તરીને ચાલે.

મુમુક્ષુ :- દરેક ઉદયમાં એ રીતે એને નિર્લેપ રહેવાની પ્રેક્ટિસ શરૂ થઈ જવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એનું નામ જાગૃતિ છે. જેટલી જાગૃતિ એટલી મુમુક્ષુતા છે. જાગૃતિના અભાવમાં મુમુક્ષુતાનો અભાવ છે. નિર્ભ્રાંત દર્શનમાં પહેલા પ્રકરણમાં એ વાત લીધી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભૂતકાળમાં અમે કોઈને કોઈ અનુકૂળતા-પ્રતિકૂળતા જોઈ જ છે, તેને જોઈને પણ વર્તમાનમાં જાગૃત થઈ શકાય છે કે મારામાં શું આવ્યું અને મારામાંથી શું ગયું, તો હું કેમ એમાં પરિણામ લંબાવું.

પૂજ્ય ભાઈશ્રી :- કામ તો વર્તમાનમાં જ કરવાનું છે. એ તો વિચાર એ આવ્યો હતો કે ભલે આપણને આ બાજુ વળ્યા ગમે એટલા વર્ષ થયા, આત્મા સાંભળીને થનગનાટ કે દિ' આવ્યો? કે આવ્યો જ નથી? આવ્યો ત્યાંથી કાંઈક શરૂઆત થઈ છે એમ સમજવું. નહિતર કાંઈ શરૂઆત નથી થઈ, સાંભળ્યું જ નથી. સાંભળ્યું જ નથી, શરૂઆત થઈ નથી, સાંભળ્યું જ નથી. આમ લઈ લેવું.

મુમુક્ષુ :- ગુરુદેવ વાછરડાનું દૃષ્ટાંત આપતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સરસ દૃષ્ટાંત હતો એ તો. તાજો જન્મેલો વાછરડો હોય બે દિવસનો, ચાર દિવસનો. નવું લોહી હોયને? ઠેકડા મારે. ઠેકડે ઠેકડા માર્યા કરે.

એને બાંધી રાખવો પડે. નહિતર ઢોળફોડ કર્યા કરે. બોઘરણામાં પાણી ભર્યું હોય, દૂધ ભર્યું હોય, છાસ ભરી હોય. જેને દુજાણું હોય એને તો બધું હોયને? દોડા દોડ કરે તો બધું ઊંધું નાખી દે, ઢોળી નાખે. બાંધી રાખવો પડે. થાકી જાય ત્યારે વળી પાછો થોડોક બેસી જાય. પણ જ્યાં સાંજે એને ખીલે બાંધી રાખ્યો હોય અને જ્યાં દોરડું છોડેને એ પહેલા તો ઠેકડે ઠેકડા મારે, હજી દોરડાની ગાંઠ છોડતા હોય ત્યાં ઠેકડે ઠેકડા મારે. કેમકે એને ખબર પડી કે મને બાંધેલો છે એ છોડે છે.

એમ અહીંયાં મૂળ સ્વરૂપ છેને એ તો મુક્ત સ્વરૂપ છે, એ તો બંધાયેલુ નથી, અબદ્ધસ્પૃષ્ટ છે. એ અબદ્ધસ્પૃષ્ટ આત્માની વાત સાંભળીને તને થનગનાટ નથી આવતો? તું વાછરડામાંથી ગયો. તિર્યંચમાંથી ગયો એમ કહેતા. તેં આત્મા નથી સાંભળ્યો.

મુમુક્ષુ :- શ્રીગુરુ આવી જ રીતે પ્રતિબંધમાંથી છોડાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- પ્રસન્ન ચિત્તથી આત્મા સાંભળે

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રસન્ન ચિત્તથી આત્મા સાંભળે. ચિત્તની પ્રસન્નતા આવ્યા વગર રહે નહિ. એના ઘરનું નિધાન દેખાડે છે. કેટલું? અક્ષય નિધાન. એ તો શાશ્વત કહીને એમ કહેવું છે, અનાદિઅનંત તું છો એમ કહીને એમ કહેવું છે કે શાશ્વત નિધાન છે, અક્ષય નિધાન છે. અક્ષય નિધાન છે એની ખબર પડ્યા પછી તને એની હુંફ આવતી નથી? એ સાંભળતો જ નથી, આ વાતને જ ઈ સાંભળતો નથી.

પછી વિષય શું ચાલે છે? અર્પણતા કેવી રીતે આવે? પહેલી સંભળાવનાર પ્રત્યે આવે અને જે વિષય સાંભળ્યો હોય એના પછી તરત એની આવે, બેયની આવે. હેં! મને ખબર જ નહોતી, મને તો કાંઈ ખબર નહોતી. હું તો મને ભીખારી માનતો હતો. અહીંથી સુખ જોઈએ છે, અહીંથી સુખ જોઈએ છે, અહીંથી સુખ જોઈએ છે... સુખની ભીખ માંગતો હતો. અહીંયાં કહે છે કે અક્ષય સુખના નિધાન, પરમ સુખના નિધાન, અતીન્દ્રિય સુખના નિધાન, અચિંત્ય સુખના નિધાન. તે ચિંતવનમાં ન લઈ શકાય એવું સુખ છે. વિકલ્પમાં ન આવે. એવો અનંત સુખનિધાન તું પોતે છો. જાણે આપી દીધો એણે, એ સુખનો ખજાનો આપી દીધો એને એવું ભાસે. એટલે એમ કહે, તે તો પ્રભુએ આપીયો.

શું કહે છે? '**તેનો કોઈ નાશ કરી શકતું નથી કે તેને કોઈ ઉત્પન્ન કરી શકતું નથી.**' એ અક્ષયતાની વાત છે. અક્ષય છે. આમ કોઈ ચમત્કારી અક્ષયપાત્ર આપે કે આમાંથી તું રૂપિયા કાઢ્યા જ કરજે. મોઢું બંધ છે, હાથ અંદર જાય એટલી જગ્યા છે. પાત્ર જે છે એનું મોઢુ બંધ છે. હાથ અંદર જાય એટલી જગ્યા છે,

તું અંદરથી દોથા ભરી ભરીને દીધે રાખ, અંદરથી ખૂટે એવું નથી, અક્ષય નિધાન છે. ચમત્કાર લાગે મોટો. આ તો સીધું-ડાયરેકટ સુખનો જ નિધાન છે. ઓલું તો રૂપિયા વટાવે તે દિ' તેને કંઈક સગવડ-અગવડ મળે. સોનું હોય તો સોનું પણ વટાવે ત્યારે મળે ને?

એથી વધારે કલ્પવૃક્ષ કહે છે. બે એવા લબ્ધિના ફળ છે, એક કલ્પવૃક્ષ અને એક રત્ન ચિંતામણિ. ચિંતામણિ રત્ન નામનું એક રત્ન છે. બેમાંથી કોઈ મળે એ ચિંતવે એવું થાય. હાથમાં રત્ન હોય અને ચિંતવે કે મહેલ થઈ જાય સોનાનો એટલે સોનાનો મહેલ થઈ જાય અને કલ્પવૃક્ષમાં જેવી કલ્પના કરે એવું ફળ વૃક્ષ આપે. એના કરતા વધારે આ આશ્ચર્યકારી છે. લખ્યું છે ને? અદભુત અને આશ્ચર્યકારી છે, અનુપમ અને આશ્ચર્યકારી છે. એને કલ્પવૃક્ષ અને રત્નચિંતામણિની ઉપમા ઓછી પડે. કેમકે એ બે આત્માનું સુખ ન આપી શકે. પુદ્ગલ આપે. પુદ્ગલને ચિંતવે તો પુદ્ગલ મળે. આત્માને જે સુખ-શાંતિ ને આનંદ જોઈએ છે એ ન કલ્પવૃક્ષ આપી શકે, ન રત્નચિંતામણી આપી શકે માટે અનુપમ છે. અને પેલું આશ્ચર્યકારી લાગે એના કરતાં આ વધારે આશ્ચર્યકારી છે.

'સ્વાનુભૂતિમાં પકડાય તેવો આત્મા જ્ઞાનથી-તેના લક્ષણ દ્વારા ઓળખી શકાય છે.' ઓળખવાની વાત લીધી હતીને? એ વિધિ બતાવી કે, **'સ્વાનુભૂતિમાં પકડાય તેવો આત્મા જ્ઞાનથી-તેના લક્ષણ દ્વારા ઓળખી શકાય છે.'** પકડાય એટલે અનુભવાય. સ્વાનુભવકાળે અનુભવાય એવો આત્મા જ્ઞાન લક્ષણથી ઓળખી શકાય છે. એક જ ચેનલ છે એની. બીજી કોઈ રીતે ન ઓળખાય. ત્રણે કાળે આત્માનું લક્ષણ જ્ઞાન છે. જયારે ઓળખે ત્યારે. **'આ રીતે આત્મા જ જગતમાં સર્વોત્કૃષ્ટ છે એમ તેની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે.'** પોતાનું સર્વોત્કૃષ્ટપણું પોતાને માલૂમ પડવું જોઈએ.

મુમુક્ષુ :- પરમપ્રેમાર્પણ.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યારે? જયારે આત્મા ઓળખાય ત્યારે આત્માનો ખરો પ્રેમ જાગે એમ કહેવાય છે અને ત્યારે સ્વરૂપની આસક્તિના પરિણામ થાય. ત્યારે પરિણામ ખેંચાય ખેંચાયને સ્વરૂપ બાજુ જાય. પ્રેમ અને આસક્તિ ચીજ એવી છે. ખેંચાય ખેંચાયને જાય. બીજા ઉદય ચાલુ હોય અને ઉદય ભાવો આવતા હોય એમાંથી ખેંચાય ખેંચાયને ત્યાં જાય. કેમકે આવા અદભુત અને આશ્ચર્યકારી તત્ત્વની ઓળખાણ થઈ ગઈ. એને અનુભવ થયા વગર રહે નહિ. અલ્પકાળમાં એને અનુભવ થયા વગર રહે નહિ. એટલે કહે છે **'એમ તેની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય**

છે.' એટલે અભેદ થઈ જવાય. પરિણતિ સ્વરૂપ સાથે અભેદ થઈ જાય. '**તેને એમ જ થાય કે મારે હવે જ્ઞાયકદેવ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. આ જગતમાં બીજું જે કાંઈ છે તે સારભૂત નથી, તુચ્છ છે.**'

મુમુક્ષુ :- અભિપ્રાયનો પલટો.

પૂજ્ય ભાઈશ્રી :- આખા જગત પ્રત્યે તુચ્છતા આવે. કોઈ માન આપે, સન્માન સમારંભો કરે, કંઈક કરે, તુચ્છ લાગે, બધું તુચ્છ લાગે.

મુમુક્ષુ :- જગત ઈષ્ટ નહિ આત્માથી.

પૂજ્ય ભાઈશ્રી :- બધું જગતમાં, આખું જગત જ. પછી કોણ બાકી રહ્યું? આખું જગત તુચ્છ લાગે. તો આખા જગતમાં ઉદય આવી જાય કે ન આવી જાય? આખા જગતમાં ઉદય આવી જાય કે ન આવી જાય? તુચ્છ છે. બધા જ ઉદયો તુચ્છ છે. દેવલોકનો દેવ ભવ મળે તોપણ તુચ્છ છે, નારકી મળે તોપણ તુચ્છ છે, કાંઈ પણ મળે તો તુચ્છ છે. '**હું મારા જ્ઞાયકદેવને ઓળખું, તેને નીરખ્યા કરું, તેની મહિમા કરું, તેનું પૂજન કરું—આમ જ્ઞાયકદેવની મહિમાં આવે તો તેને અર્પણ થઈ જવાય છે.**'

મુમુક્ષુ :- નિરખત તૃપ્તિ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભગવાનની પ્રતિમા એવી છે. 'શાંત સુધારસ ઝીલતી, નિરખત તૃપ્તિ ન હોય' વિમલનાથ ભગવાનનું સ્તવન છેને એમાં આ પંક્તિ છે આનંદઘનજીની. એ તો હજી એટલા દૂર છે દૃષ્ટિમાં, આ તો પોતે જ. અનંત... અનંત... અનંત... શાંતિનો ભંડાર પોતે છે. તળિયા વગરની શાંતિ. ઊંડો ઊતરે તો તળિયું જ હાથમાં ન આવે એટલી શાંતિનો ભંડાર. એને ઓળખું. પછી ક્રમ લીધો છે કે જો ઓળખાય તો નીરખ્યા કરું એને, હું એને જ જોયા કરું, એની જ મહિમા કર્યા કરું, એનું જ પૂજન કરું.

મુમુક્ષુ :- સત્પુરુષને ઈચ્છે છે, ઓળખે છે અને ભજે છે એના જેવી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી એની ભજના થઈ જાય છે. ઓળખાણ આવે, મહિમાં આવે એટલે એની ભજના થઈ જાય છે.

આમ '**જ્ઞાયકદેવની મહિમા આવે તો તેને અર્પણ થઈ જવાય છે.**' પરિણતિ અભેદ થઈ જશે. '**જ્ઞાયકદેવની મહિમા આવ્યા વગર મુકિતનો માર્ગ પ્રગટ થતો નથી.**' ઓળખાણ વગર તો અનુભવ ક્યાં થાય? અનુભવથી મુક્તિનો માર્ગ છે. મુક્તિનો માર્ગ તો સ્વાનુભવ થયો ત્યારથી શરૂ થયોને? એ પહેલા ઓળખાણ છે. ઓળખાણ થાય તો મહિમા આવે. '**મહિમા આવ્યા વગર મુકિતનો માર્ગ પ્રગટ થતો નથી. તેને**

ઓળખીને, શ્રદ્ધા કરીને તેની લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.' ઓળખીને, શ્રદ્ધા કરીને, એકાગ્ર થતાં સ્વસંવેદન લીનતાના કાળમાં પ્રગટ થાય છે. **'આ માટે બીજેથી રાગ તૂટીને વિરક્તિ આવે તો જ અંતરમાં આવી શકે છે.'** અને આના માટે એને બીજા એટેચમેન્ટ તો છોડવા જ પડે. બીજેથી રાગ કહો કે સર્વ પ્રકારના પ્રતિબંધ કહો, પ્રતિબંધ રાખીને કોઈ પામી જાય એ તો ન ભૂતો ન ભવિષ્યતિ. એ તો કોઈ દિ' બનવાનું નથી, બન્યું નથી. એટલે એનું ઉપલક્ષણ છે કે બીજેથી રાગ તુટીને વિરક્તિ આવે તો જ અંતરમાં આવી શકે, નહિતર અંતરમાં આવી શકે નહિ.

'પૂજ્ય ગુરુદેવની વાણીમાં આવે છે ને કે 'તું પરમાત્મા છો; તું પરમાત્મા છો એમ નક્કી કર'...' નક્કી કર એમાં શું છે? તું સ્વીકાર કર. અમે તને કહીએ છીએ કે તું પરમાત્મા છો, તો તને થનગનાટ આવવો જ જોઈએ. હેં! મને ખબર નહોતી! મને મારી ખબર નહોતી આવી! ઉત્સાહ આવે. ઉત્સાહ આવ્યા વગર રહે નહિ એવી જ વાત છે. પણ જીવ જો પોતાને ભેળવે તો.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી કહેતા હતાને? હા પાડ તો હાલત થઈ જશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાડ તો હાલત થઈ જશે. હા,માંથી હાલત થઈ જશે કેમ કે હાની તને લત લાગવી જોઈએ પછી. એ હા પાડી એની તને લત લાગવી જોઈએ. તો હા-લત હા અને લત બેયની સંધિ થઈને હાલત થઈ જશે, દશા થઈ જશે, તારી પર્યાય પ્રગટ થઈ જશે.

'પૂજ્ય ગુરુદેવની વાણીમાં આવે છે ને કે 'તું પરમાત્મા છો; તું પરમાત્મા છો એમ નક્કી કર'

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીની કેસેટમાં આવે છેને, કે પ્રભુ પહેલા તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુને એમ કહે છે. ગુરુને પ્રભુ કહે છે, કે આપ કહો છો કે હું પરમાત્મા છું, પણ મને પહેલાં ઓલા પરમાત્મા તો નક્કી કરવા દ્યો. તો કહે નહિ પહેલાં આ તું નક્કી કર.

એટલે એમ કહેવું છે કે તું પહેલાં આ વાતની તું હોંશ અને ઉત્સાહ તો લાવ. તારા સત્શ્રવણમાં તને ઉત્સાહ કેમ નથી આવતો? તને હોંશ કેમ નથી ચઢતી? બહુ પ્રેક્ટિકલ વાત છે. કોઈપણ દરિદ્રી હોય, બહુ દુઃખી થતો હોય દરિદ્રતાના કારણે બહુ દુઃખી થતો હોય, માંદો પડે ત્યારે દવા ન હોય, ભૂખ લાગે ત્યારે ખોરાક ન હોય, ટાઢ વાય ત્યારે કપડાં ન હોય, અરે..! તરસ લાગે ત્યારે પાણી ન હોય.

એટલો દુઃખી થતો હોય, એને અઢળક નિધાન એના ઘરમાંથી કોઈ કાઢીને દેખાડે તો એને થનગનાટ ન આવે એવું કેમ બને? એમ કહે છે. પ્રેક્ટિકલ સાઈડ તો છે કે નહિ એની? બની જ ન શકે. તો કહે પણ ન આવ્યું. અમે તો ઘણીવાર સાંભળ્યું પણ ન આવ્યું. જરાય સાંભળ્યું નથી એમ કહે છે. સાંભળ્યું નથી એમ નહિ, જરાય સાંભળ્યું નથી. વાત સાંભળતા ન્યાલ કરી દે એવી વાત છે. '**ગુરુદેવે જે કહ્યું છે તે જ કરવાનું છે.**' ઉપદેશમાં એમ કહેવાય કે એમ તું કર, પણ એમ સહજ થવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુદેવ કહે છે, આવી વાત સાંભળવા મળવી દુર્લભ છે અત્યારે આ કાળમાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છેને. એ વાત કહેનારા કોઈ ન રહ્યાને. સંપ્રદાયમાં જાવ (તો એમ કહે), બોલો શું છોડશો તમે? તમે શું છોડશો? કયા પચ્ચખાણ આપીએ તમને? બીડી પીવો છો? ચાલો તમને બીડી છોડાવવી છે. રાત્રિભોજન કરો છો? ચાલો રાત્રિભોજન ત્યાગ કરાવી દઈએ. ઉપવાસ નથી કરી શકતા. કાંઈ નહિ, એકાસણા કરો. એકાસણું ન થાય, બેસણાનું કરો. પણ કાંઈક કરો તમે. સંપ્રદાયમાં તો બીજું કાંઈ છે નહિ. સંપ્રદાયમાં બીજું કાંઈ નથી. આ પરિસ્થિતિ છે.

તું પરમાત્મા છો એ સંભળાવનાર કોઈ સંપ્રદાયમાં નથી. પોતે કહેનારે પોતે પરમાત્માના દર્શન કર્યા છે. સાક્ષાત્કાર કર્યો છે. દર્શન એટલે સાક્ષાત્કાર કર્યો છે. હવે એ જોવે છે કે આ લોકોને સાક્ષાત્કાર નથી. તો એને હું એ તો કહું કે તું પણ પરમાત્મા જ છો. સમૂહ મોટો બેઠો હોય. ગુરુદેવને તો શું છે કે? સામૂહિક ઉપદેશનો ઉદય હતો. વ્યક્તિગત ઉપદેશનો ઉદય નહોતો. કૃપાળુદેવને વ્યક્તિગત ઉપદેશનો ઉદય હતો. સામૂહિક ઉપદેશનો ઉદય નહોતો.

મુમુક્ષુ :- ઉપદેશમાં એટલું ડીસ્ટીંગ્યુઈશ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉદયમાં ફરક પડે છે. બે જ્ઞાની હોય, સમર્થ હોય બંને, પણ ઉદયમાં ફરક પડે.

મુમુક્ષુ :- ઉદયમાં ફરક પડવાનો. એટલે એનું સ્વરૂપ જ એવું છે ફરક પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ફરક પડે છે. બધા કેવળીઓના ઉદય જુદાં-જુદાં છે. તેરમા ગુણસ્થાને બિરાજતા અનેક કેવળીઓ. એમાં કોઈ તિર્થંકર હોય, કોઈ મૂક કેવળી હોય, કોઈ કેવળીઓને ભાષાનો યોગ હોય, કોઈને ન હોય. બધાયને જુદું-જુદું (હોય). કોઈ લાલ રંગના હોય, કોઈ કાળા રંગના હોય કેવળીઓ પણ, એના શરીર. સુવર્ણ રંગે હોય. 'દો રક્તા, દો સાંવલા...' ૨૪માં બે લાલ અને બે શામળા હતા. એટલે

ઉદય બધાનો જુદો જુદો.

હવે એક સાથે સામૂહિક રીતે એમ કહે કે તું પરમાત્મા છો એમ નક્કી કર. કોકને થનગનાટ આવી જાય. એને સત્શ્રવણ થયું. ન આવ્યો ... એમ નહિ કે રોજ એકને એક આત્માની વાત આવે છે એટલે નીચી મુંડી રાખીને સાંભળ્યા કરે. એમ ન હોય. સત્શ્રવણનો ઉત્સાહ આવો હોવો જોઈએ. ટાંપીને બેસે. જેમ ચાતક પક્ષી પાણી પડે એની રાહ જોતા હોય વાદળાને વરસવાની. વાદળાની વરસવાની રાહ જોતાં હોય એમ ભગવાનની વાણી વરસે એની રાહ જોઈને બેસે. શું નીકળશે અને શું કહેશે?

મુમુક્ષુ :- એને આતુરતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આતુરતા પહલેથી હોય તો જ એ અંદર ઉતરે.

મુમુક્ષુ :- સોગાનીજીનું કાંઈક આવે છેને કે આ પામરને પ્રભુ પ્રભુનું રટણ લગાડનાર એવા અસધારણ નિમિતનું... એવું કાંઈક છે વાક્ય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, .. કેટલી પામરતા હતી એમની! બરાબર છે.

મુમુક્ષુ :- આ પણ આ બરાબર. આતુરતાપૂર્વક એની આતુરતા હોય. હવે શું આવશે? શું કહેશે? આમાં શું કહેશે? આ આવ્યું તો આનું...

પૂજ્ય ભાઈશ્રી :- એવી આતુરતા હોય એ મોડો ન થાય. પહેલેથી આવીને બેસે. અને નહિતર ડોલતો ડોલતો આવે તાબુતની જેમ. કાંઈ પડે નહિ, કાંઈ પલ્લે પડે નહિ.

મુમુક્ષુ :- ગુરુદેવ એક વાત એમ કહેતા હતા કે આજે જે ચાલવાનું છે એ તમે વાંચીને આવો. અને હું શું અર્થ કરું છું અને તમે શું અર્થ કર્યો, એની અંદર એ આતુરતાની વાત છે કે તમે શું અર્થ કર્યો છે અને શું આવે છે. એ પણ એક આતુરતાનો પ્રશ્ન છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું ઊંડાણ અને કહેનારના ઊંડાણને ડીસ્ટીંગવીશ કરી શકે.

મુમુક્ષુ :- એની એ પ્રમાણે જિજ્ઞાસા જાગે, આતુરતા જાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'**જ્ઞાયકદેવની મહિમા કરી તેને દ્વારે ટહેલ મારવી.**' આવી બહેનશ્રીની વિશિષ્ટ વાત છે. ટહેલ ખબર છે? ટહેલ શું કહેવાય એ? એમાં એવું છે કે એક જમાનામાં પરોઢિયે ચાર વાગે, પાંચ વાગે કેટલાક એવા સામાન્ય માણસો હોયને, એ ટહેલ મારવા નીકળે. એટલે ભગવાનના ભજનની ધૂન ગાતા ગાતા નીકળે. માગે નહિ કોઈની

પાસે કાંઈ. ઉઠ્યા પણ ન હોય ઘણાં માણસો તો. ચાર વાગે, પાંચ વાગે પરોઢિયે. પણ જાગતો હોય એને એની ટહેલ સંભળાય. પછી 'રઘુપતી રાઘવ રાજારામ પતિતપાવન સીતારામ' કરતો નીકળતો હોય. રાધે કૃષ્ણ... રાધે કૃષ્ણ... રાધે કૃષ્ણ... કરતો કરતો નીકળ્યો હોય. ટહેલનો રિવાજ છે અન્યમતિમાં.

મુમુક્ષુ :- અભી ભી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તમારે ત્યાં હશે એ બાજુ. આ મથુરા ને એ બાજુ તો બધું હોય જ તે.

મુમુક્ષુ :- રાધાસ્વામીમાં શિકોબાજી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શિકોબા. સવારમાં ટહેલ મારતા નીકળે. મહિનો, બે મહિના ત્રણ-ત્રણ મહિના, ચાર-ચાર મહિના (નીકળે). માગે જ નહિ કાંઈ. પછી તો એને જવું હોય, ગામ છોડવું હોય ત્યારે એમ કહે કે હું રોજ ટહેલ મારું છું. તો કોઈને પાઈ પૈસો દેવો હોય, કોઈ ચીજ વસ્તુ દેવી હોય, કોઈ કપડા આપે, કોઈ કાંઈ આપે, કોઈ કાંઈ આપે, જે આપે ઈ લઈને નીકળી જાય. પછી ગામ છોડીને બીજા ગામમાં ટહેલ મારે.

એમ બહેનશ્રી એમ કહેતા કે તું જ્ઞાયકની ફરતે ટહેલ માર. એક દિ' તારો વારો આવી જશે. થાકીશ નહિ તું, ટહેલ મારતા થાકીશ નહિ. મને કોઈ આપે છે સામેથી બોલાવીને, કાંઈ નહિ, ટહેલ માર તું. એના દરવાજે ટહેલ મારવી, આંગણે નીકળે.

મુમુક્ષુ :- ટહેલ મારવાનો શબ્દપ્રયોગ ઘણી જગ્યાએ આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એમની ખાસ પેટર્ન છે, ટહેલ મારવાની વાત એમની પેટર્ન છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે જે કીધુંને, કે હું તો પ્રભુના ઘરની આજુબાજુ આંટા મારું છું

પૂજ્ય ભાઈશ્રી :- રટણ કરું ગુણધામા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સોગાનીજી ઐસે હી ટહેલ મારતે થે. છત પર ઘુમતે થે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૫૨

પ્રશ્ન :- જ્ઞાયકદેવની કેવી ભકિત આવે તો જ્ઞાયકદેવ પ્રગટ થાય?

સમાધાન :- જ્ઞાયકનું જ્ઞાન અને મહિમાપૂર્વક જ્ઞાયક...જ્ઞાયક...મને જ્ઞાયક જ જોઈએ છે, મારે જ્ઞાયક સિવાય બીજું કાંઇ જોઇતું નથી. જ્ઞાયકની એવી ભકિત અંદરથી આવવી જોઈએ.

જાગતાં જ્ઞાયક, સૂતાં જ્ઞાયક, ખાતાં-પીતાં, ઊઠતા-બેસતાં મારે જ્ઞાયક જ જોઈએ છે. મારે જ્ઞાયકદેવની મહિમા, ભકિત-સ્તુતિ કરવી છે, જ્ઞાયકને દેખવો છે, જ્ઞાયકનાં દર્શન કરવાં છે. હું જ્ઞાયકને જ જોયા કરું, જ્ઞાયકના ગુણ-ગ્રામ ગાઉં, જ્ઞાયકની પૂજા કરું એવી ભકિત હોય તો જ્ઞાયકદેવ પ્રગટ થયા વિના રહે નહિ.

જેમ જિનેંદ્રદેવ અને ગુરુને ઓળખીને નક્કી કરે કે આ દેવ છે ને આ સાચા ગુરુ છે પછી ભગવાનના દ્વારે જાય તો તેને એમ થાય કે મારે ભગવાનના દર્શન કરવાં છે, સ્તુતિ-પૂજા કરવી છે, એવી રીતે ગુરુનાં દર્શન કરું, ગુરુને જોયા જ કરું, ગુરુદેવની વાણી સાંભળ્યા કરું. પરીક્ષા કરીને નક્કી કર્યું હોય તો પછી સ્તવન-ગુણગ્રામ કરે ને દેવ-ગુરુ શું કહે છે તેનો આશય સમજવા પ્રયત્ન કરે. તેમ પ્રથમ આ જ્ઞાયક જ છે એમ લક્ષણથી ઓળખીને નક્કી કરે અને પછી તેની ભકિત-સ્તુતિ કરે તો જ્ઞાયકની ભકિત સાચી કહેવાય. (આ રીતે) જ્ઞાયકની પાછળ પડે તો પ્રગટ થયા વગર રહે જ નહિ. સાચો ભકિતમાર્ગ આ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની ભકિત સાથે જ જ્ઞાયકની ભકિત આવવી જોઈએ. દેવ-ગુરુની સાચી ભકિત કોને કહેવાય? કે તેમાં જ્ઞાયકની ભકિત ભેગી આવે. એકલી બાહ્ય ભકિત તે સાચી ભકિત નથી. જ્ઞાનપૂર્વક ભક્તિ હોવી જોઈએ. ૫૨.

તા. ૧૪-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૫૨, ૫૩.
પ્રવચન નં. ૩૨

પાનું-૫૧. ૫૨મો (પ્રશ્ન છે). જ્ઞાયકદેવ એટલે પોતાનો જ્ઞાનસ્વરૂપી આત્મા.

મહિમાથી તેને દેવ કહેવામાં આવે છે. દિવ્યગુણોનો ધારક હોવાથી આત્મા દેવ છે.

'સમાધાન :- **જ્ઞાયકનું જ્ઞાન અને મહિમાપૂર્વક...**' પૂર્વક બેયને લગાડવું. જ્ઞાયકના જ્ઞાનપૂર્વક અને મહિમાપૂર્વક. કેમકે જ્ઞાન હોય તો જ મહિમા આવે. જ્ઞાન વગરનો મહિમા એ ખરો મહિમા નથી. ઓઘે ઓઘે છે. જ્ઞાયકના જ્ઞાનપૂર્વક અને જ્ઞાયકના મહિમાપૂર્વક. '**જ્ઞાયક...જ્ઞાયક... મને જ્ઞાયક જ જોઈએ છે, મારે જ્ઞાયક સિવાય બીજું કાંઈ જોઈતું નથી.**' એટલે મારે મારો આત્મા જ જોઈએ છે. આત્મા સિવાય મારે બીજું કાંઈ જોઈતું નથી. '**જ્ઞાયકની એવી ભકિત અંદરથી આવવી જોઈએ.**' એ જ જોઈએ છે અને બીજું કાંઈ જોઈતું નથી. એવી પોતાને જરૂરત લાગે છે. ચાલતા પરિણામોની અશાંતિ અને દુઃખ બરદાશ્ત થતું નથી એટલે જરૂરત ઊભી થઈ છે. એ જરૂરતને કારણે રુચિ ઊભી થઈ, રુચિને કારણે જ્ઞાન થયું, જ્ઞાનને કારણે મહિમા થયો. એમ એની લાઈન ચાલે છે.

મુમુક્ષુ :- અંદરથી આવવી જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવી અંદરથી ભક્તિ આવવી જોઈએ, ઉપરછલ્લી નહિ. દેખાદેખીથી નહિ, ઓઘસંજ્ઞાથી નહિ. ઓળખાણ થાય તો એવી સ્થિતિ આવે જ, સહજ એવી સ્થિતિ આવે જ. કેમ? કે જગતનો સર્વોત્કૃષ્ટ પદાર્થ હું પોતે છું એમ અવભાસ્યું છે. જગતનો સર્વોત્કૃષ્ટ પદાર્થ હું છું. બહારમાં જે રીતે લોકો મારી સાથે વ્યવહાર કરે છે એ ખરેખર મને ઓળખતા નથી. એવું પોતાને લાગે. કેમકે બાપ એને દીકરા તરીકે જોશે, મા-બાપ એને દીકરા તરીકે જોશે અને એવો જ વ્યવહાર કરશે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં મારે જ્ઞાયક સિવાય મારે બીજું કાંઈ નથી જોઈતું. પૂર્ણતાનુ લક્ષ આવ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતા એ દશા છે-મોક્ષ દશા છે. પૂર્ણતા છે એ મોક્ષ દશા છે. અહીંયાં જ્ઞાયક એટલે મારો આત્મા. મારે મારા આત્મા સિવાય કાંઈ જોઈતું નથી એમ આવ્યું. એટલે પરની જે અપેક્ષાવૃત્તિ હતી, આધારબુદ્ધિ હતી, સુખબુદ્ધિ હતી, એમાં ફેર પડ્યો. મારે મારા આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. હવે કેવા પરિણામ ચાલે એમ કહે છે. જ્યારે મારે મારા આત્મા સિવાય કાંઈ જોઈતું નથી એમ અંદરથી આવ્યું ત્યારે પરિણામ કેવા ચાલે?

'**જાગતાં જ્ઞાયક, સૂતાં જ્ઞાયક, ખાતાં-પીતાં, ઊઠતા-બેસતાં મારે જ્ઞાયક જ જોઈએ છે.**' એમ થઈ જાય. જોઈએ એ જોઈએ. એમ જગતમાં પણ જે જોઈએ છે એનું એમ જ થાય છેને બીજું શું થાય છે? છોકરો પૈસા કમાવા શીખે અને લત લાગે કમાવાની ત્યારે શું થાય છે? જોવાનું, પોતાનો કોમર્શિયલ પિરિયડનો પ્રવેશ જોઈ

લેવો. એ ખાતા-પીતાં એ જ ચાલે. આમ કરવાનું છે. આમ કરવું છે, આમ કરું તો આમ થાય અને આમ કરું તો આમ થાય. જે જોઈએ એ જ ચાલે. જેની જરૂરત એના જ પરિણામ ચાલે સહજ. આ તો વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે આત્માની. સાયન્ટિફીક છે. અને એની જ જાગૃતિ રહે. બીજા કામ કરે તો એની જ જાગૃતિ રહે. બીજા કામ કરતાં પણ એની જ જાગૃતિ રહે. અને જેની જાગૃતિ એને ગ્રહણ થવાનો અવસર આવે. આમ આખી લીંક છે ગ્રહણ થવા સુધીની.

'મારે જ્ઞાયકદેવની મહિમા, ભક્તિ-સ્તુતિ કરવી છે,...' મારે જ્ઞાયકદેવની મહિમા કરવી છે, તેની ભક્તિ કરવી છે, તેની સ્તુતિ કરવી છે, **'જ્ઞાયકને દેખવો છે, જ્ઞાયકનાં દર્શન કરવાં છે.'** આવાં બધા પરિણામ ચાલે. એક લયથી ચાલે. એક લયથી (ચાલે) અંદરથી હોય તો. અંદરથી ન હોય તો તૂટી જાય. તો ઉદયમાં ઘૂસી જાય. એકધારું ચાલે નહિ. એ એમ બતાવે છે કે અંદરથી નથી, ઉપર ઉપરથી છે.

મુમુક્ષુ :- જ્ઞાયકની ભક્તિ એટલે શું લેવું? જ્ઞાયકની ભક્તિ.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માની ભક્તિ, આત્માનો મહિમા. ભક્તિ કહો કે મહિમા કહો.

મુમુક્ષુ :- સ્તુતિ પણ એ જ વસ્તુ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રશંસા. સ્તુતિ એટલે પ્રશંસા.

મુમુક્ષુ :- દેખવો એ પણ એમ જ ગર્ભિત થઈ ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, દેખવામાં એના દર્શન કરવા છે, એને દેખવો છે, એના દર્શન કરવા છે. પોતે અંદરમાં પરમાત્મ સ્વરૂપે છે તો પોતાના પરમાત્માના દર્શન કરવા છે. એમ.

'હું જ્ઞાયકને જ જોયા કરું, જ્ઞાયકના ગુણ-ગ્રામ ગાઉં,...' હું મારા જ્ઞાયક સ્વરૂપને જોયા કરું, મારા આત્માને જ જોયા કરું અને એના જ ગુણ-ગ્રામ ગાઉં. અને એ તો જેની મુખ્યતા આવે એના જ ગુણ-ગ્રામ ગાય છેને. ગુરુદેવ તો એક બહુ હસવા જેવું, જોક્સ જેવું દૃષ્ટાંત આપતા. જીવને પોતાના ગુણ-ગ્રામ ગમે છે. ગમે છે કે નથી ગમતા? કોઈ પ્રશંસા કરે છે તો ગમે છે કે નથી ગમતું? તો એ કાળિયા કૂતરાનું દૃષ્ટાંત આપતા હતા કે એક ઘરમાં બે દેરાણી-જેઠાણી ઝઘડે. તો એકબીજાને ગાળ એવી રીતે આપે કે કાળિયા કૂતરાની વહુ છો તું. ઓલો કાળિયો કૂતરો ત્યાં બેઠો રહે. હાલતા-ચાલતા ઝઘડે અને આવી રીતે બોલે. અને ઓલાને એ ગમે. એ ત્યાંથી ખસે નહિ. ભૂખ લાગે તોપણ ખસે નહિ. ક્યાંય ખાવાય પણ ન જાય. સાવ દુબળો થઈ ગયો. કેવો થઈ ગયો? ખાય નહિ તો દુબળો જ થઈ જાયને, એ તો સીધી

વાત છે. શરીરને પોષણ ન મળે તો. એમ આ જીવ જગતમાં પોતાની પ્રશંસા થાય, એની એટલી પ્રિયતા રાખે છે કે અશક્ત અને દુબળો થઈ જાય છે આત્મા એમાં તોપણ ત્યાંથી ખસતો નથી. એ કાળિયા કૂતરા જેવો છે એમ કહે. જેને પ્રશંસા ગમે એને. એનું બીજું પડખું એ છે કે નિંદા જેને ન ગમે એને પ્રશંસા ગમે છે. પોતાની નિંદા કરે એ કેવી રીતે એને ગમે? તો કે ગમો અને અણગમો બેય બંધ કર તું. પ્રશંસાનો ગમો બંધ કર અને નિંદાનો અણગમો બંધ કર તું. નહિતર ઓલા જેવું છે તારે.

અહીંયાં કહે છે કે સ્વરૂપના ગુણ-ગ્રામ કર તું, સ્વરૂપની મહિમા કર. સ્વરૂપના ગુણ-ગ્રામ થવા, સ્વરૂપની મહિમા આવવી તે યથાર્થ છે, તે યર્થાથ છે, એ યથાસ્થાને છે. **'જ્ઞાયકની પૂજા કરું એવી ભકિત હોય તો જ્ઞાયકદેવ પ્રગટ થયા વિના રહે નહિ.'** સર્વસ્વપણે પોતાના સ્વરૂપની ભક્તિ આવે, મહિમા આવે તો પ્રગટ થાય જ. અથવા સમ્યગ્દર્શનમાં આત્મા જે પ્રગટ થાય છે એ સ્વરૂપની મહિમાનો જ એક પર્યાય છે, બીજું કાંઈ નથી. સ્વરૂપ નિર્વિકલ્પ છે એનો મહિમા આવે ત્યારે પહેલા વિકલ્પથી મહિમા ઉઠે છે. પણ એ મહિમાની ડિગ્રી વધી જાય, મહિમાની ડિગ્રી વધી જાય ત્યારે નિર્વિકલ્પ સ્વરૂપમાં નિર્વિકલ્પભાવે ઠરી જાય ત્યારે સમ્યગ્દર્શન થાય. એટલે સમ્યગ્દર્શન એ સ્વરૂપ મહિમાની એક પર્યાય છે. મહિમાના દ્રષ્ટિકોણથી એનું વર્ણન કરીએ તો સમ્યગ્દર્શન એ બીજું કાંઈ નથી પણ આત્મસ્વરૂપની તીવ્ર ડિગ્રીની એક દશા છે. સ્વરૂપ મહિમા પોતે જ છે. સમ્યગ્દર્શન એ જ સ્વરૂપ મહિમા છે. સ્વરૂપ મહિમા, અતિશય સ્વરૂપ મહિમા એ જ સમ્યગ્દર્શન છે. આમ છે.

મુમુક્ષુ :- સાદી અને સરળ ડેફિનેશન.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ સીધી સાદી વાત છે.

પછી **'જેમ જિનેંદ્રદેવ અને ગુરુને ઓળખીને નક્કી કરે કે આ દેવ છે ને આ સાચા ગુરુ છે પછી ભગવાનના દ્વારે જાય તો તેને એમ થાય કે મારે ભગવાનના દર્શન કરવાં છે, સ્તુતિ-પૂજા કરવી છે,...'** પહેલાં જિનેન્દ્રદેવની વાત લીધી. વચ્ચે ગુરુની વાત લીધી પણ એવી રીતે પછી ગુરુને લેશે. **'જેમ જિનેન્દ્રદેવ અને ગુરુને ઓળખીને નક્કી કરે કે આ દેવ છે ને આ સાચા ગુરુ છે...'** પણ ઓળખવામાં. પહેલાં ઓળખે. ઓળખે તો જ મહિમા આવે નહિતર મહિમા ન આવે. પછી **'ભગવાનના દ્વારે જાય,'** મંદિર જાય ત્યારે એના દર્શન કરવાના સ્તુતિ કરવાનાં, પૂજા કરવાનાં ભાવ આવે.

'એવી રીતે ગુરુનાં દર્શન કરું, ગુરુને જોયા જ કરું, ગુરુદેવની વાણી સાંભળ્યા

કરું. પરીક્ષા કરીને નક્કી કર્યું હોય તો પછી સ્તવન-ગુણગ્રામ કરે ને દેવ-ગુરુ શું કહે છે તેનો આશય સમજવા પ્રયત્ન કરે.' એવી રીતે યથાર્થ પ્રવેશ થયો હોય તો ત્યારે સ્વચ્છંદથી ભૂલ ગોતવાની વાત ન આવે. નહિતર ક્યાંક ક્યાંક થાય કે ભાઈ આમાં અહીંયાં કાંઈક ભૂલ થાય છે, અહીંયાં કાંઈક ભૂલ થાય છે. પણ ઓળખીને નક્કી કર્યા હોય તો એને એકધારા ચડતી ડિગ્રીના ભક્તિના અને મહિમાના જ પરિણામ રહે, બીજું કાંઈ વચ્ચે ન આવે.

ફરીથી. **'એવી રીતે ગુરુનાં દર્શન કરું, ગુરુને જોયા જ કરું,...'** (એક બ્ર. બહેન) એકવાર વાત કરતા હતા કે આમ ગુરુદેવ પાસે જવાની મનાઈ એટલે ગુરુદેવ પહેલાં વ્હોરવા આવતા શરૂ શરૂમાં હજી. સ્વાધ્યાય મંદિર થયું ત્યારે. સ્વાધ્યાય મંદિર અને મંદિર બે થયા હતા. આ મંદિર નાનું હતું તે દિવસે. વ્હોરી આવે તે દિવસે જીવરાજજી ને જીવણલાલજી ને એવા બે-ત્રણ જણા સાથે હતા. બધાએ સાથે દીક્ષા છોડી હતી પરિવર્તનમાં. એટલે બેનશ્રી મંદિરમાં સંતાઈને બારી એ અધખુલ્લી રાખીને જોયા કરે. બહાર આવે, રૂમની બહાર આવીને પરસાળમાં આવીને જે વ્હોરાવેલું હોયને એ ખાવા બેસે. પાત્રા, તે દિ' પાત્રા રાખતાને? પાત્રા ખોલી રૂમની બહાર આવી, પરસાળ જોઈ છેને આ અત્યારે બધા બેસે છે. બુટ-ચંપલ મૂકે છે ત્યાં જરાક બહાર આવીને. એટલે મંદિરમાંથી સીધું દેખાય. છાના-માના ગુરુદેવને ખબર ન પડે. ખબર પડે તો વઢે. ખબર ન પડે એવી રીતે.

મુમુક્ષુ :- માતાજી સંતાયને કેમ જોતા હશે?

પૂજ્ય ભાઈશ્રી :- સંતાયને એટલા માટે જોતા હતાં કે ગુરુદેવને ખબર પડે તો વઢે.

મુમુક્ષુ :- એમાં વાંધો શું? ખબર પડી જાય તો શું વાંધો?

પૂજ્ય ભાઈશ્રી :- વઢેને, ગુરુદેવનો ઠપકો મળે તો બંધ થઈ જાય બીજે દિવસથી. એમને બંધ કરવું ન હોય. વઢે તો બંધ થઈ જવું પડે. પછી તો કાંઈ ઓવરટેક તો કરાય નહિ. એટલે છાના-માના જોવે. તો રોજ જોવાનો ચાન્સ મળે એમને. જમવાના ટાઈમે મંદિરમાં ભરાઈ જાય. ઓલી કોરથી આવે એટલે ખબર પડે નહિ. બારી અધખુલી રાખીને જોયા કરે, ખાય એ જોયા કરે. લ્યો ઠીક!

મુમુક્ષુ :- હિન્દી મેં બોલના.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુદેવ આહાર લેતે થે, તો ઐસે તો કમરે મેં હો તો દેખને કા તો મૌકા નહીં મિલે. બહાર બૈઠે તબ તો દેખને કા મૌકા મિલે. તો વે ખાના બહાર ખાતે થે ઉન દિનોં મેં, તો મંદિરમેં સે સીધા દિખ જાયે, તો મંદિરમેં સે વે દેખતે થે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ખિડકી થોડા ખોલકર કે, થોડા ખોલકર કે. પૂરા ખોલે તો ઉસકા મૂંહ દિખ જાયે. થોડા ખોલકર કે છીપ છીપ કે દેખતે થે. વહ આયા ન? વહ લિખા હૈ, જો ભાવ અપના હુઆ થા વહ સબ લિખા હૈ ઉન્હોંને. કોઈ આર્ટિફિશીયલ નહીં લિખા હૈ. જો અપને પરિણામ થે ઐસે પરિણામ સહેજ હોતે હૈં વહ બાત કરતે હૈં.

'એવી રીતે ગુરુનાં દર્શન કરું, ગુરુને જોયા જ કરું, ગુરુદેવની વાણી સાંભળ્યા કરું.' એ જ એને મીઠી લાગે. ગુરુદેવની વાણી એને મીઠી લાગે. એક આત્મા બોલે તો એમને મીઠું લાગે. અને એ તો છોકરો વ્હાલો હોય તો એ તોતડું બોલે તો મીઠું લાગે છે કે નહિ? મારે ખાવું છે, એમા 'ર' શબ્દ ન બોલતા હોય. તો માયે ખાવું છે એમ કહે. તો બહુ વ્હાલું લાગે, આ તો માયે ખાવું છે બોલે છે. તોતડું બોલે તોપણ કેવું સારું લાગે છે. કેમકે એના ઉપર વ્હાલ છે, પ્રેમ છે. એમ ગુરુદેવની વાણી મીઠી લાગે. આ તો પરિણામ સમજવાના છે. આમ કેમ બોલ્યા? એ સવાલ ન હોય, આમ કેમ બોલ્યા એ સવાલ ન હોય. બહેનશ્રી માટે એવું બોલતા કે એમના તળિયા ચાટે. એવું બોલેલા એનો જરા વિરોધ થયો, કે નહિ એને ગુરુદેવની વાણી મીઠી લાગી નથી. કોઈ વિદ્વાનો હોય, બુદ્ધિ લગાવનારા તો વિરોધ કરેને કે આવું ન બોલાય. એમ. પછી સિદ્ધાંત લગાડે ભક્તિમાં કે એમને વળગીને રહેશે તો એમ કે એનો બેડો પાર થઈ જશે. તો કહે, એ તો નિમિત્તકર્તાપણું થઈ ગયું. અરે ભાઈ! નિમિત્તકર્તાપણું કે નિમિત્ત અકર્તાપણું તમે સમજ્યા કોની પાસેથી પહેલાં એ તો કહો? નિમિત્ત કરતું નથી એ વાત તમે કોની પાસેથી સમજ્યા? અને જેની પાસેથી સમજ્યા એને એમ તમે કહો છો કે આવું બોલે તો એ અજ્ઞાન થઈ જશે? ભૂલ થઈ જશે. આવું બધું છે. સ્વચ્છંદ થાય ત્યારે એવું થાય.

'પરીક્ષા કરીને નક્કી કર્યું હોય તો પછી સ્તવન-ગુણગ્રામ કરે ને દેવ-ગુરુ શું કહે છે તેનો આશય સમજવા પ્રયત્ન કરે.' પ્રશ્ન છે જ્ઞાયકદેવની ભક્તિનો, વચ્ચે લાવ્યા દેવ-ગુરુને. એ જેમ કરે બહારમાં, કેમકે એ દૃષ્ટાંત એટલા માટે લીધો કે એ સ્થૂળ પરિણામ પણ સમજી શકાય એવા છે. સ્થૂળ પરિણામ છે એને સમજી શકાય છે, એમાં જેવી યથાર્થતા છે એ પ્રકારે અહીંયાં યથાર્થતા આવવી જોઈએ. એટલું કહેવા માંગે છે.

'તેમ પ્રથમ આ જ્ઞાયક જ છે એમ લક્ષણથી ઓળખીને નક્કી કરે...' તેમ પ્રથમ આ જ્ઞાયક છે એમ લક્ષણથી—જ્ઞાન લક્ષણથી ઓળખીને નક્કી કરે. જ્ઞાન લક્ષણથી

ઓળખવું છે ને એટલે જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક શબ્દ વાપરે છે. **'અને પછી તેની ભકિત-સ્તુતિ કરે તો જ્ઞાયકની ભકિત સાચી કહેવાય.'** ઓળખીને કરે તો. નહિતર ઓઘસંજ્ઞામાં જાય છે. આ રીતે...

મુમુક્ષુ :- આ બધું ઓળખીને કરે તો આમાં ભવભ્રમણની વેદના ગર્ભિત થઈ ગઈને?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાં વેદના આવે પછી ઓળખવાની ક્ષમતા આવે. વેદના ન આવી હોય તો ઓળખવા સુધી જ્ઞાન પહોંચે નહિ.

'(આ રીતે) જ્ઞાયકની પાછળ પડે તો પ્રગટ થયા વગર રહે જ નહિ.' પાછળ પડી જવું જોઈએ. એક લયથી, એક ધૂનથી, એક નિષ્ઠાથી પાછળ પડી જાય તો કામ થયા વગર રહે જ નહિ. **'સાચો ભકિતમાર્ગ આ છે.'** આ સાચો ભક્તિમાર્ગ છે. એ સાચો કહો કે નિશ્ચય કહો, આ નિશ્ચય ભકિતમાર્ગ છે. **'દેવ-શાસ્ત્ર-ગુરુની ભકિત સાથે જ જ્ઞાયકની ભકિત આવવી જોઈએ.'** પાછા એ પરદ્રવ્ય છે અને એમ કરીને, એ તો રાગ છે એને કાઢી મૂકે (કે) એ નહિ. એમ અહીંયાં ન લીધું. મુમુક્ષુઓ છેને સામે ચર્ચા કરે છે, સામે મુમુક્ષુ છે. મુમુક્ષુને આ ક્રમ પડે છે. તેને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સાથે સાથે હોવી જ જોઈએ, આવવી જ જોઈએ.

મુમુક્ષુ :- આવે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે જ. સહજ આવે એમ કહે છે. પછી ઉપદેશમાં કરવી જોઈએ, આવવી જોઈએ બધું કહે. એ ઉપદેશ પદ્ધતિ છે. પણ મેળવી લેવા માટે વાત છે. પોતાના પરિણામ મેળવી લેવા માટેની વાત છે.

'દેવ-ગુરુની સાચી ભકિત કોને કહેવાય? કે જ્ઞાયકની ભકિત ભેગી આવે.' એ બેયનું કો-ઓર્ડીનેશન છે એમ કહેવું છે. બેયનું કો-ઓર્ડીનેશન છે. એકલી દેવ-ગુરુની ભક્તિ કર્યા કરે, શુભરાગનો રસ વધી જશે. એ તો કર્યા જ કરે છે, બધા એમ જ કરે છે. સાથે સાથે પોતાના આત્માને ઓળખીને એનો મહિમા આવે એ પણ આવશ્યક છે. **'એકલી બાહ્ય ભકિત તે સાચી ભકિત નથી. જ્ઞાનપૂર્વક ભક્તિ હોવી જોઈએ.'** ભક્તિનું કારણ જ્ઞાન છે. કેમકે મહિમા તો ઓળખાણ વગર આવવાની નથી. ઓળખાણ જ્ઞાનની પર્યાય છે. જ્ઞાનપૂર્વક ભક્તિ આવવી જોઈએ.

મુમુક્ષુ :- આ ભક્તિને આપણે તાદાત્મ્ય ભક્તિ કહીએ તો કંઈ વાંધો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આત્માની જે અભેદ ભક્તિ થાય એને તાદાત્મ્ય ભક્તિ કહો, એને નિશ્ચય ભક્તિ કહો.

પ્રશ્ન-૫૩

પ્રશ્ન :- જ્ઞાનીને શુભ રાગ આવે છે તેમાં ખટક લાગે છે તો શુભ રાગમાં તે જોડાય છે કે નથી જોડાતો?

સમાધાન :- જ્ઞાની શુભરાગમાં જોડાય છે, ત્યારે પણ ભેદજ્ઞાન વર્ત છે. પોતાના પુરુષાર્થની નબળાઇને લઇને રાગમાં જોડાઇ જવાય છે, અર્થાત્ અંદર લીન નથી થવાતું એટલે શુભરાગમાં જોડાય છે. પણ તે શુભરાગ આવે છે તેની સાથે સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે, તેથી જ્ઞાયક જુદો રહે છે. જ્ઞાની શુભરાગમાં એવો તન્મય નથી થતો કે જ્ઞાયકને ભૂલી જાય. જ્ઞાયકપણે જુદો રહીને શુભરાગ આવે છે. આ શુભરાગ આવે છે, પણ હું તો જુદો જ છું. તે વિભાવ તરફનો ભાગ છે અને મારા જ્ઞાયકનો ભાગ-મારા સ્વઘરનો ભાગ-તેનાથી જુદો છે. આ શુભરાગ વિભાવનું ઘર છે, તે મારાથી જુદું છે-એમ જ્ઞાનીને બરાબર જ્ઞાન છે માટે રાગથી જુદો રહે છે, એકત્વ થતો નથી ને આકુળ-વ્યાકુળ પણ થતો નથી. તેને બીજાં કરતાં ઉત્સાહ ઘણો દેખાય, પણ અંતરમાં જુદો જ રહે છે. તેમાં એવો એકત્વ અને તન્મય થતો નથી કે પોતાને ભૂલી જાય. જુદો રહે છે,છતાં હું જુદો-હું જુદો એમ ઘડીએ ઘડીએ વિકલ્પ નથી કરતો, પણ તેની ધારા જ જુદી વર્તે છે. ૫૩.

પ્રશ્ન-૫૩ ઉપર પ્રવચન

૫૩મો પ્રશ્ન છે. જ્ઞાની શુભરાગમાં જોડાય. **'જ્ઞાનીને શુભ રાગ આવે છે તેમાં ખટક લાગે છે તો શુભ રાગમાં તે જોડાય છે કે નથી જોડાતો?'** પ્રશ્ન શું છે? જરા ફરીને સ્પષ્ટ કરીએ. મંદિર ગયા, પૂજા કરે છે કે સ્તવન બોલે ત્યારે ભક્તિ કરે છે. શુભરાગ અને શુભરાગની ક્રિયા તો સ્પષ્ટ બીજાને પણ જણાય એવી છે, બીજાને પણ જણાય એવી છે એ તો. તો એ વખતે જ્ઞાની શુભરાગમાં જોડાણા છે કે નથી જોડાણા? આ પ્રશ્ન ઉઠાવ્યો છે. શુભરાગ વર્તે છે ત્યારે હોં! શુભરાગમાં જોડાણા છે કે નથી જોડાણા? આવો પ્રશ્ન કર્યો છે.

'સમાધાન :- જ્ઞાની શુભરાગમાં જોડાય છે, ત્યારે પણ ભેદજ્ઞાન વર્તે છે.'

જોડાયનો અર્થ શું? જોડાય એટલે અહીં એકત્વ થાય છે એમ કહેવું નથી. એટલે ચોખવટ કરવા માટે એમ કહ્યું કે ભેદજ્ઞાન વર્તે છે. જે શુભરાગ જ્ઞાનીની દશામાં ઉત્પન્ન થયો એની સાથે જ્ઞાનીનું એકત્વ નથી થતું. જ્ઞાનીનું કહો કે જ્ઞાનનું કહો, એકત્ત્વ નથી થતું. એ વખતે તેનાથી ભિન્નપણે પોતાનો અનુભવ ચાલે છે. પણ (રાગ) થયો એટલે જોડાણા એમ કીધું, થયો એટલે જોડાણા એમ કીધું, પણ ભેદજ્ઞાન છૂટીને નહિ. ભેદજ્ઞાન ચાલુ રહે છે અને શુભરાગ વર્તે છે એમ લેવું.

મુમુક્ષુ :- એટલે જોડાયા નથી એમ પણ લઈ શકાય? ભેદજ્ઞાન વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કહેવામાં વાંધો નથી. કેમકે ભિન્ન રહે છે માટે.

એકવાર પ્રશ્ન ચાલ્યો હતો સોનાગિર ગયા હતા ત્યાં. એક મુમુક્ષુએ પ્રશ્ન કર્યો હતો. એમને બીજા મુમુક્ષુ સાથે કાંઈક ચર્ચા ચાલી હશે ત્યાં સત્સંગમાં. કૃપાળુદેવ દુકાને જતા હતા અને વેપાર કરતાં હતા ત્યારે ઉદાસીન રહેતા હતા એ એમના પત્રો ઉપરથી સમજી શકાય છે. કેમકે એ વિષયમાં એમની વાણી રહી ગઈ. ઓરીજીનલ વાણી રહી ગઈ પત્રમાં. એટલે સમજી શકાય છે કે વેપાર પણ ઉદાસ ભાવે કરતાં હતા તો એમાં ન જોડાતા એમ આપણે કહીએ કે માનીયે કે સ્વીકારીએ. પણ રામચંદ્રજી, લક્ષ્મણજીના મડદાને છ-છ મહિના સુધી ખંભે લઈને ફરે અને મારો ભાઈ... મારો ભાઈ... મારો ભાઈ... કર્યા કરે તો એમાં એ ઉદાસ ક્યાં રહ્યા? કૃપાળુદેવને હજી ક્ષાયિક સમ્યગ્દર્શન નથી. કૃપાળુદેવનું સમ્યગ્દર્શન તે ક્ષાયિક સમ્યગ્દર્શન નથી. કેમકે આ કાળમાં ક્ષાયિક તો કેવળીના કે ત્રણે કાળે ક્ષાયિક તો કેવળીના પાદમૂળમાં થાય. કેવળી કે શ્રુતકેવળીના પાદમૂળ સિવાય ક્ષાયિક સમ્યગ્દર્શનની ઉત્પત્તિ નથી. એટલે આ કાળે ક્ષાયિક અત્યારે કોઈને ન થાય કેમકે કેવળી, શ્રુતકેવળી નથી માટે. ક્ષયોપશમ છે એ શુદ્ધ સમકિત છે, અશુદ્ધ સમકિત નથી, પણ ક્ષાયિક નથી. અને રામચંદ્રજીને ક્ષાયિક સમ્યગ્દર્શન હતું. ક્ષાયિક કહેવા પાછળ એટલી વાત છે.

બે જ્ઞાનીની આપણે તુલના કરીએ છીએ. બેય મહાપુરુષ છે. રામચંદ્રજી છે એમને તો ક્ષાયિક સમ્યગ્દર્શન હતું. એમને જે ક્ષાયિક સમ્યગ્દર્શન હતું અને છતાંય તે એ લક્ષ્મણજીને ખંભે રાખીને ફરતા હતા અને મારો ભાઈ... મારો ભાઈ... કર્યા કરતા હતાં તો એમાં ઉદાસીનતા ક્યાં રહી? તો એ વખતે એ જોડાણા નથી એમ કેમ માનવું? પ્રશ્ન આ હતો. પ્રશ્ન શું છે કે કેમ માનવું કે એ જોડાણા નથી?

મુમુક્ષુ :- બહારથી તો દેખાય જોડાયેલા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખું દેખાય છે, મારો ભાઈ... મારો ભાઈ... મારો ભાઈ... છ-છ મહિનાથી કર્યા કરે છે. આયુષ્ય પૂરું થઈ ગયું છે તોપણ બાળવા દેતા નથી.

અંતિમ ક્રિયા નહોતા કરવા દેતાં.

મુમુક્ષુ :- ખવડાવે-પીવડાવે એ બધું કરતા હતાં.

પૂજ્ય ભાઈશ્રી :- ખવડાવવાની ચેષ્ટા કરે પણ મડદું ખાય કાંઈ? નવડાવતા હતા, પંપાળે.

મુમુક્ષુ :- અને ગુસ્સે પણ થતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ વચ્ચે માથાકૂટ કરે તો ગુસ્સે થઈ જતા હતા. એને સમજાવવા કોઈ આવતા હતા. રાજવૈદો હતા એમની પાસે તો, મોટા મહારાજા હતા એ તો, રામચંદ્રજી તો. એના ઘરે તો રાજવૈદો આવે, આયુર્વેદના જાણકારો આવે. એમને મૂર્છા આવી ગઈ છે. તમને ખબર નથી પડતી. આવી મૂર્છા આવી હતી રાવણ સાથે લડ્યા ત્યારે. પછી વિશલ્યા આવી અને બેઠા થયા. એને ગુસ્સો આવે ત્યાં. ખીજાઈ જાય. કોઈ એમ કહે કે મરી ગયા છે તો એના પર ખીજાઈ જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ ખરું. એ ચોથા ગુણસ્થાનનો જ્ઞાનદશાનો રસ, મિથ્યાત્વદશાનો રસ નહિ. લંબાય, જ્ઞાનીને પણ રસ લંબાય, ન લંબાય એવું કાંઈ નથી પણ એ ભિન્ન રહીને લંબાય. .. ભિન્ન રહે છે. પણ એ ગળે સાંબેલુ ઉતારવા જેવી વાત છે.

મુમુક્ષુ :- આપ એવું કરો તો?

પૂજ્ય ભાઈશ્રી :- તો બધા પાગલ જ કહે, બીજું કાંઈ નહિ. આનું હવે ખસી ગયું છે. ભરતી કરાવી દ્યો. મેડ હાઉસમાં ભરતી કરાવી દ્યો એમ જ કહે. કોઈને પણ એમ જ કહે. ગમે તેવા હોય તો એને એમ જ કહે. એ તો બાહ્યદષ્ટિથી એમ જ દેખાય, બીજું કાંઈ ન થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બધી કળાના જાણકાર તો એ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ આયુર્વેદનાં પણ જાણકાર હતા. બોંતેરે બોંતેર કળા જાણતા હતા. રામચંદ્રજી બોંતેર કળામાં પારંગત હતા. એટલે સંસારની એક્કેય વિદ્યા એ નહોતા જાણતાં એવું નહોતું.

એકવાર એમણે ચૌદ વર્ષના વનવાસમાં એક જગ્યાએ સ્ત્રીનો પહેરવેશ પહેરીને નૃત્ય કર્યું અને એ એવું નૃત્ય કર્યું કે ભલભલા પુરુષો મોહી પડ્યા એની ઉપર. આવી સ્ત્રી અને આવું નૃત્ય ને આવા અંગમરોડ ને આવું બધું! કેમકે વેષ એવો પહેરી લીધેલો. એટલું તો એ નૃત્ય જાણતા હતા, એટલું પેઈન્ટિંગ જાણતા હતા. એટલી બાણાવળીની બાણવિદ્યા હતી, એટલી તલવારની વિદ્યા, એટલી ગદાની વિદ્યા,

એટલા બધા અને કુંભારને ત્યાં એમ કહે કે હાંડલું ઘડી દ્યો તો હાંડલું ઘડી દે, શિલ્પકારની મૂર્તિ ઘડી દ્યો તો મૂર્તિ ઘડી દે, નાનપણમાં બોંતેર કળામાં પારંગત થયેલા. રાજનીતિથી માંડીને બધું જ. એમાં આયુર્વેદ પણ આવી જાય, શરીરવિદ્યા પણ આવી જાય, તબીબી વિજ્ઞાન પણ એમાં આવી જાય. બોંતેર કળાને જાણકાર હતા. પુરુષોત્તમપુરુષ તરીકે એ વખતે જે પંકાણા, વીસમાં તીર્થંકરના કાળમાં થયા એ, મુનિસુવ્રતનાથ ભગવાનના વખતે હતા, હજારો વર્ષ થયાં તોપણ આજે એ પુરુષોત્તમપુરુષ તરીકે લોકો એને પૂજે છે. એ યુગપુરુષ થયા.

એક બાજુ યુગપુરુષનું એનું બિરુદ છે. બીજી બાજુ છ મહિના પાગલ જેવી એની દશા છે. આ પરિણામોના ખેલ જુઓ. હવે, ઈ છ મહિનામાં એમની પાગલ જેવી દશા છે. રવિષેણ આચાર્યે પદ્મપુરાણ લખ્યું એમાં એવી વાત નાખી શું કરવા? મહાપુરુષની નબળી વાત શું કરવા નાખી? તો કહે એ સમજાવવા માટે નાખી. જો ક્ષાયિક સમ્યગ્દર્શન છે, ભૂલતો નહિ તું. ક્ષયોપશમ હોત તો તને વહેમ પડત કે અત્યારે પડી ગયા છે. પછી ભલે ચડી ગયા હોય પણ એ વખતે પડી ગયા હશે. પણ ક્ષાયિકમાં સ્કોપ નથી પડવાનો. ક્ષાયિક સમ્યદ્દષ્ટિને સમ્યગ્દર્શન વમન થવાનો સ્કોપ નથી.

મુમુક્ષુ :- નહિતર તો પેલું હથિયાર લગાડી દે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર તો તરત જ એને ટાઈટલ લાગી જાય મિથ્યાત્વનું.

મુમુક્ષુ :- ત્યારે જ કોઈ જ્ઞાની શ્રીરામચંદ્રજીનું સમકિત કઈ રીતે જોતા હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એ એક જોવાની નજર હોય છે, એની નજરનું કામ છે. એવી વાત છે.

ગુરુદેવ એક દૃષ્ટાંત આપતા નજર માટે. એક શેઠિયા હતા. પહેલાં તો ચાલતા મુસાફરી કરતાને? નજીકના ગામ જવું હોય બે ચાર માઈલ તો ચાલી નાખે. વાહન ન લે. રસ્તામાં તરસ લાગી એટલે કોઈ રબારી-બબારીના ખોરડા-બોરડા કાંઈક હોય ને કાંઈ ખેડૂતવાસ જેવું હોય કે એવું. એને થયું લાવ પાણી પી લઉં તરસ લાગી છે. એટલે કોકના ઘરે જઈને (બેઠા). તો કહે આવો આવો શેઠ. ડ્રેસ ઉપરથી તો ખબર પડે કોક વાણિયા છે, શેઠિયાઓ છે. આવો આવો શેઠ. કેમ આવવાનું થયું? બીજું કાંઈ નહિ કે તરસ લાગી છે. કાંઈ વાંધો નહિ, બાપા, લ્યોને બાપા પાણી આપીએ. પાણી પાયું. ઓલો પાણી લેવા ગયો ઘરમાં અંદર અને એણે ખીચામાં રૂમાલમાં એક મોતી બાંધેલું સાચું. મોતી બહું ઊંચી ક્વોલીટીનું. એ કાઢીને જોયું. જોયું તો બોલવા મંડ્યા. ઓહોહો..! શું પાણીદાર છે! આમાં તો દરિયો ઉછળે છે.

પાણીનો દરિયો ઉછળે છે. મોતીમાં પાણીનો દરિયો ઉછળે છે.

એટલે ઓલો ભરવાડ જે ખેડૂત હતો એ અભણ માણસ હતો. એમાં પાણીનો દરિયો ઉછળે છે તોપછી એમાંથી જ પી લેવું હતુંને, મારી પાસે શું કરવા મંગાવ્યું? લોટો પાણી તમે મારી પાસે મંગાવ્યું અને તમે તો કહો છો કે પાણીનો દરિયો છે. તો કહે, બાપુ! આ તો મોતીના પાણીની વાત છે અને એ તો તને ક્યાંથી ખબર પડે? એના માટે તો નજર જોઈએ. તને તો સાધારણ વાત લાગે કે ભાઈ આટલુક એવું મોતી છે એમાં શું? પણ આના લાખો રૂપિયા આવે. એવું પાણીદાર મોતી છે. નજરનો વિષય છે આ.

દુનિયાની નજરે કાંઈ જ્ઞાની ઓળખાતા હોય તો તો દુનિયા તરી ગઈ હોત કે દિવસની, સંસાર ખાલી થઈ ગયો હોત. દુનિયાની નજરે કાંઈ દેખાય એવું નથી. અને એટલે તો પોતાનો જીવ પણ અનંત કાળથી રખડતો રહ્યો છે એનું શું કારણ? આ એક જ કારણ છે કે જ્ઞાની ઓળખાણા નથી. જ્ઞાની ઓળખાય તો આત્મા ઓળખાય અને આત્મા ઓળખાય તો આત્માનો અનુભવ થાય, અનુભવ થાય તો તરી જાય. જે કાંઈ બીજભૂત ભૂલ રહી છે એ આ રહી છે. એને શું કીધું કૃપાળુદેવે? બીજભૂત ભૂલ કહી છે. અનંતકાળથી આ બીજભૂત ભૂલ રહી છે.

એટલે અહીંયાં વિષય લ્યે છે કે એને એ વખતે પણ ભેદજ્ઞાન વર્તે છે. અંદરની પરિણતિમાં ફેર પડતો નથી. અંદરની પરિણતિમાં ફેર નથી પડતો એમ કહે છે. એ એમને એમ રહે છે. એ આવે છે સોગાનીજીના પત્રમાં. અશુભ યોગમાં પણ આત્મસ્વાસ્થ્ય તો એમને એમ રહે છે. શું લખ્યું? અશુભ યોગમાં એટલે વેપાર, ધંધો, ગૃહસ્થીના બધા પરિણામ થાય ત્યારે અમારું આત્માનું સ્વાસ્થ્ય તો એમને એમ જ રહે છે. આત્મા તો કાંઈ એમાં કરતો હોય એવું લાગતું નથી. તે પ્રકારના જે પરિણામ થયા તે આત્મા કરતો હોય એવું લાગતું નથી એમ કહે છે. પરિણામ થયા કરે છે સ્વતંત્ર, એના ષટ્કારકો જુદાં. એટલે ગુરુદેવે એ વાતને વધારે ચોખ્ખી કરવા શું કર્યું? કે એના ષટ્કારકો જુદાં અને આત્માનાં પરિણામના ષટ્કારકો જુદાં. એનું ક્ષેત્ર જુદું અને આનું ક્ષેત્ર જુદું.

મુમુક્ષુ :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જુદાં છે.

શું કીધું? **'પોતાના પુરુષાર્થની નબળાઈને લઈને રાગમાં જોડાઈ જવાય છે, અર્થાત્ અંદર લીન નથી થવાતું...'** અંદર લીન નથી થવાતું એટલે સ્વરૂપમાં લીન નથી થવાતું **'એટલે શુભરાગમાં જોડાય છે.'** શુદ્ધોપયોગ નથી તો શુભોપયોગ આવવાનો.

આવવાનો તો એમાં જોડાણા એમ કહેવાય. પણ અંદરથી જુદાં રહીને. ભેદજ્ઞાન વર્તે છે માટે. **'પણ તે શુભરાગ આવે છે તેની સાથે સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે, તેથી જ્ઞાયક જુદો રહે છે.'** જ્ઞાયક કહો કે આત્મા કહો. આત્મા જુદો રહે છે અને આત્મા એ પરિણામ કરતો હોય એમ અનુભવ કરતાં નથી. જોડે એ જ પરિણામ ચાલે છે. પોતે કરતો હોય એમ અનુભવ કરતા નથી. કેમ? કેમ અનુભવ કરતા નથી? કે પોતે જ્ઞાયકપણે પ્રત્યક્ષ મોજૂદ અનુભવમાં રહે છે. તો જ્ઞાયકપણે પણ રહે અને રાગ પણ કરે એ તો અશક્ય છે. પોતાની પ્રત્યક્ષતા તો સ્પષ્ટ અનુભવમાં છે. હું તો એમને એમ રહું છું. હું ક્યાં પલટીને રાગરૂપે થયો છું? હું પલટીને રાગરૂપે થયો નથી. જ્ઞાયકપણે એમને એમ રહ્યો છું. એટલે હું કરું છું એવું તો કાંઈ મને લાગતું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં મુમુક્ષુ છે એ આ બધા ... ઘડાયને આગળ નીકળ્યા પછી જ્ઞાની બનેલો છે. તો પછી શંકાને સ્થાન કેવી રીતે આવે કે જ્ઞાની લપસી જાય કે આવું બધું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે, એ તો ત્યાંથી પસાર થયા હોય એને તો એના પુરુષાર્થનો ખ્યાલ હોયને. કેટલા પુરુષાર્થથી જ્ઞાની થયા છે એ એના ખ્યાલમાં છેને એટલે (પ્રશ્ન ન થાય).

મુમુક્ષુ :- એટલે પરિભ્રમણની વેદનામાં આવવું બહુ જરૂરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે જ. ત્યાંથી તો શરૂઆત થાય છે.

મુમુક્ષુ :- તો જ દ્રષ્ટિફેર થશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- આમાં જ્ઞાની લપસી ગયા એમ કહેનારની નજર ફરી ગઈ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો નજરફેર હોય છે.

મુમુક્ષુ :- બહારમાં તો દેખાય કે આવું કેમ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ થાય. એટલા માટે સમજાવવા માટે તો કથાનુયોગ લખ્યો છે. આચાર્યોએ જે લખ્યો, નહિતર આચાર્ય તો છઠ્ઠા-સાતમે ગુણસ્થાને હતા, મહાન ચારિત્રના સ્તંભ હતા, તો એ સમ્યગ્દષ્ટિના ચારિત્રો લખે છે. લખનાર રવિષેણ આચાર્ય છે, લખે છે રામચંદ્રજીની કથા. શ્રીકૃષ્ણની કથા લખે છે, રામચંદ્રજીની કથા લખે છે, હરિવંશપુરાણ લખ્યું. શ્રીકૃષ્ણની કથા છે. બન્ને યુગપુરુષ થયા, બન્ને મહાત્મા થયા. રામચંદ્રજી તે ભવે મોક્ષે ગયા. શ્રીકૃષ્ણ આવતા ભવે તીર્થંકર થઈને મોક્ષમાં જાશે. તેરમા તીર્થંકર છે, આવતી ચોવીસીના તેરમા તીર્થંકર છે.

મુમુક્ષુ :- આમાં તો આચાર્ય ભગવાન સ્ત્રીની સુંદરતાના પણ વર્ણન કરે એવા જોરદાર.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કર્યું છેને એમાં, સીતાજીનું વર્ણન બહુ કર્યું છે. સીતાજીને જ્યારે વનમાં મોકલી દીધા. એમ કે આવી સુંદર સ્ત્રીને વનમાં મુકાય? એના અંગ ઉપાંગના વર્ણન કર્યા છે આચાર્ય થઈને. નહિ તો નવ કોટીએ એને બ્રહ્મચર્ય છે. નવ વાડ બ્રહ્મચર્ય પાળનારા છે છતાં એમની કલમ ચાલી તો ચાલી છે.

મુમુક્ષુ :- આમાં ચારિત્રદોષ નથી આવતો.

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ નહિ, એમ નહિ ગુરુદેવ એમ કહે એ બધું વાંચે ત્યારે કે આ એમનું બ્રહ્મચર્યનું તેજ છે. એમાંથી નિકળેલી વાત છે એમ કહે.

મુમુક્ષુ :- દૃષ્ટિફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિફેર છે. એ જ ગુરુદેવ છે. એ વખતે એમ કહે.

મુમુક્ષુ :- અમુક વાર ગુરુદેવ દૃષ્ટાંત આપતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બ્રહ્મચર્યની ખુમારીમાંથી વાત નિકળે છે. નિયમસારમાં આવે છેને મોક્ષરૂપી સ્ત્રીના સુંદર સ્તનોના, પુષ્ટ સ્તનોના, આમ ને તેમ ને એવી બધી ઘણી ઉપમા આવે છે. તો કહે, એ પદ્મપ્રભમલધારીદેવની બ્રહ્મચર્યની ખુમારીમાંથી નીકળે છે વાત. સાધારણ વાત નથી. એમ વાત કરવી જેનું તેનું કામ નથી.

મુમુક્ષુ :- અંદરમાં મજબૂત હોય તો જ વાત કરે.

પૂજ્ય ભાઈશ્રી :- તો જ કરી શકે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઓલું આવે છેને, જમના નદીએ જગ્યા આપી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શ્રીકૃષ્ણને સોળ હજાર એકસો આઠ રાણી હતી. અને દુર્વાસા મુનિ બ્રહ્મચારી હતાં, ઉપવાસી હતા, તપસ્વી હતા. છ-છ મહિનાના, બાર-બાર મહિનાના ઉપવાસ કરતા હતા. જમનામાં પૂર આવેલું તો કહે દુર્વાસા મુનિ સાચા તપસ્વી હોય તો જમના નદી માર્ગ કરી દે. ન કર્યો. શ્રીકૃષ્ણ સાચા બ્રહ્મચારી હોય તો જમના નદી માર્ગ કરી દે. તો ફટ પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું અને વચ્ચે સડક થઈ ગઈ. આ ભાગવતમાં કથા આવે છે. ભાગવતમાં આખી જે શ્રીકૃષ્ણની વાત છે એ જ્ઞાનીપુરુષ અને પરમાત્માના સ્વરૂપને સમજાવવા માટે કરેલી છે એમ કૃપાળુદેવે લખ્યું છે કે પરમાત્માની વાત મહાત્માના નામે ગાઈ છે. શું કીધું? છે મહાત્મા અને પરમાત્માની વાત મહાત્માના નામે ગાઈ છે ભાગવતમાં. અને એ રીતે મહાપુરુષની, સત્પુરુષની ભક્તિ ઠાંસી ઠાંસીને ભાગવતમાં ભરી છે એમ લખ્યું છે. ભાગવતમાં સત્પુરુષની ભક્તિ ઠાંસી ઠાંસીને ભરી છે. એટલે એમણે પોતે ભાગવત

વાચ્યું છે કૃપાળુદેવે, પણ એમની નજરથી.

મુમુક્ષુ :- ગોપાંગનાને પરમ મહાત્મા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરમ મહાત્મા, ગોપાંગનાને પરમ મહાત્મા કીધા અને શ્રીકૃષ્ણને ખાલી મહાત્મા કીધા છે. ભગવાન કરતા ભક્તને બિરૂદ ઝાઝું આપ્યું છે. એટલે કૃપાળુદેવ જ્ઞાની કરતાં મુમુક્ષુનો આદર વધારે કરતા હતા એમ કહેવું છે. ઠીક!

મુમુક્ષુ :- આપ એમ તો નથી કરતાને?

પૂજ્ય ભાઈશ્રી :- એકની નીતિ તે બધાની નીતિ હોય છે. નીતિ કાંઈ બદલાતી નથી. એવી વાત છે.

મુમુક્ષુ :- આપે ઓલું ૫૩૯માં કીધું હતું, આટલી નમ્રતા આવેને ત્યારે મહાનતા આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સીધી વાત છે.

શું કહે છે? **'પણ તે શુભરાગ આવે છે તેની સાથે સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે, તેથી જ્ઞાયક જુદો રહે છે.'** રાગ આવે ત્યારે પણ જ્ઞાયક તો જુદો રહે છે. **'જ્ઞાની શુભરાગમાં એવો તન્મય નથી થતો કે જ્ઞાયકને ભૂલી જાય.'** પોતાના સ્વરૂપનું વિસ્મરણ કરે, છૂટી જાય અને રાગ કરે એવી દશામાં રાગ થતો નથી. તીવ્ર રાગ દેખાય કે મંદ રાગ દેખાય. શુભરાગ છે અહીં મંદ રાગનું દૃષ્ટાંત લીધું છે. પણ પુરાણોની અંદર જે દૃષ્ટાંતો લીધા છે એ તીવ્ર રાગના લીધા છે. એટલા માટે તીવ્ર રાગના દૃષ્ટાંતો લીધા છે કે લોકોને જ્ઞાનદશા સમજાવવાનો અહીંયાં પ્રયત્ન કર્યો છે આચાર્યદેવોએ.

મુમુક્ષુ :- બધી ગડબડ તો ભાઈશ્રી પોતા સમાન કલ્પના કરી લ્યે જ્ઞાનીની ત્યારે થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાના માપે માપે, પોતાની દૃષ્ટિએ માપે ત્યારે ભૂલ થયા વગર રહે નહિ.

મુમુક્ષુ :- પોતામાં જે દોષની મુખ્યતા હોય એ રીતે જ ત્યાં કલ્પી લે એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે, એ રીતે આ થોડું વિશેષ કાલે લઈશું. અહીં સુધી રાખીએ...

તા. ૧૫-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૫૩, ૫૪
પ્રવચન નં. ૩૩

પ્રશ્ન ૫૩ ચાલે, પાનું-૫૨. જ્ઞાની છે એ શુભરાગમાં (આવે છે), એને આવે છે શુભરાગ, જ્ઞાનીને પણ આવે છે. **'તેની સાથે સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે, તેથી પોતાનો જ્ઞાયક આત્મા જુદો રહે છે.'** પોતે જુદો રહે છે એનું કારણ શું છે? કે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. અંતર્મુખ પરિણતિ વર્તે છે. જે જ્ઞાનધારા જુદી પડી ગઈ તે આત્મધારા છે. એટલે આત્મધારાથી પોતે, શુભરાગ આવે છે પણ એનાથી જુદો રહી શકે છે.

આમ તો નિશ્ચય થઈ ગયો કે આ વસ્તુ જુદી છે, પછી એ કાંઈ જ્ઞાન બદલાય જાતું નથી. જેમ માણસ લગ્નપ્રસંગે કોઈનો દાગીનો પહેરવા લઈ આવે. પહેરે છેને? એકાબીજાના પહેરે છેને? પહેરીને હરખાય પણ ખરો. જુઓ! હું કેવો સરસ લાગુ છું. છતાં પણ એને આત્મબુદ્ધિ-એમાં સ્વામીત્વબુદ્ધિ થતી નથી કે આ ચીજ મારી થઈ ગઈ. પહેરીને રાજી થાય. દાગીનો પહેરવાથી એ સારો લાગે છે. તોપણ એને એ ચીજ જોઈને સ્વામીત્વબુદ્ધિએ એવું થતું નથી. અને જો એ પોતાની ચીજ હોય અને એટલી શોભાયમાન ન લાગતી હોય તો પણ એને જોઈને આ ચીજ મારી છે એમ એને લાગે. એમ અહીંયાં સ્વ-પરનો ભેદ પડી ગયો છે. એટલે જે પર તરીકે નિશ્ચિત ગયું છે એમાં પોતાપણાની બુદ્ધિ થતી નથી.

'જ્ઞાની શુભરાગમાં એવો તન્મય નથી થતો કે જ્ઞાયકને ભૂલી જાય. જ્ઞાયકપણે જુદો રહીને શુભરાગ આવે છે. આ શુભરાગ આવે છે, પણ હું તો જુદો જ છું.' એમ સ્પષ્ટ રહે છે, એમ સ્પષ્ટ રહે છે. ભાન થયું કે હું જુદો છું એટલે સ્વભાવ પરિણમન ચાલુ થઈ ગયું, એ જ ભેદજ્ઞાનની ધારા છે, એ જ આત્મધારા છે. **'તે વિભાવ તરફનો ભાગ છે...'** જે શુભરાગ આવે છે તે વિભાવ તરફનો ભાગ છે. **'અને મારા જ્ઞાયકનો ભાગ-મારા સ્વઘરનો ભાગ-તેનાથી જુદો છે.'** વહેંચી દીધું. મોટા મકાનમાં સાથે રહેતા હોય, પણ પહેલેથી જ એવી વ્યવસ્થા બાપાએ રાખી હોય કે બે છોકરા છે એને જુદાં પડવું હોય તો અહીંયાં વચ્ચે દિવાલ કરે, એ બેય ઓટોમેટિક કાંઈ ફેરફાર કર્યા વગર જુદાં રહી જશે. પછી સારા સબંધ હોયને

વચ્ચે ભલે બારણું રાખે અને જે ઘર જુદું થયું અને વર્ષોથી ત્યાં એનો વપરાશ થાતો હોય, નિશ્ચય થઈ ગયો કે ભાઈ આ તમારું અને આ મારું. પતી ગયું. પછી એ ઘરમાં કાંઈ પડે-ખડે તો કાંઈ થાય નહિ. એ ઘરમાં ખીલો મારે, ગાબડા પડે કાંઈ થાય એને? મારાપણું મટી ગયું. નિશ્ચય થઈ ગયો કે આ મારું નથી. એમ ભાગ જુદો થઈ ગયો.

'મારા સ્વઘરનો ભાગ-તેનાથી જુદો છે. આ શુભરાગ વિભાવનું ઘર છે, તે મારાથી જુદું છે...' ઘરનો દૃષ્ટાંત લીધો. સ્વઘર અને વિભાવનું ઘર. **'-એમ જ્ઞાનીને બરાબર જ્ઞાન છે માટે રાગથી જુદો રહે છે, એકત્વ થતો નથી.'** રાગ જુદો છે, સંયોગ જુદાં છે અને તેથી **'ને આકુળ-વ્યાકુળ પણ થતો નથી.'** જુદાંપણું આવ્યું પછી આકુળ-વ્યાકુળતા થવાનો સવાલ નથી રહેતો. પાડોશીને ત્યાં કોઈ ગુજરી જાય તો થોડાક આંસુ આવી જાય, પણ ઘરવાળાને લાગે એટલું લાગે? એને તો જે ઘા પડ્યો એ રુઝાય નહિ. આ બેસવા જાય. રોતા હોય તો ભેગું એને થોડું પણ રોવું આવી જાય. એક પાડોશીનો સ્નેહ છે એટલા પૂરતો. કેમ થાય છે? એ પણ એટલો થોડોક સ્નેહ છે માટે. એટલો જો રાગ ન હોત તો એટલું પણ ન થાય. કેમકે એ તો રોજ બધાને સંભળાય છે અને દેખાય છે. રસ્તામાં નિકળે કોઈને લઈ જતા હોય સ્મશાન, કાંઈ લાગે છે? પાછળ રોતા રોતા બધા ચાલતા હોય. લાગે છે? જેટલો સ્નેહ છે, જેટલો રાગ છે એટલી અસર આવે. અસર કેમ આવી? એટલો સ્નેહ છે એની સાથે. નહિતર ન આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં એમ લીધુંને એકત્વ થતું નથી. એટલે વિભાવમાં જે અનાદિની સુખની કલ્પના થતી હતી એ સુખની કલ્પના વિભાવમાં થતી નથી. એટલે એકત્વ થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ છે જુદાંપણું તો રહે જ છે. પાયાની વાત તો જુદાંપણાથી છે. કૃપાળુદેવે લખ્યું ૭૩૩માં કે દ્રવ્યાનુયોગ પરમ ગંભીર છે. શુક્લધ્યાનનું કારણ છે. ગંભીરતા કેટલી એની? કે શુક્લધ્યાનનું કારણ થાય એટલી. શુક્લધ્યાનમાં કેવળજ્ઞાન પ્રગટે છે. શુક્લધ્યાનથી કેવળજ્ઞાન આદિ, અનંત પરમાનંદ આદિ સમુત્પન્ન થાય છે. એ દ્રવ્યાનુયોગનો પાયાનો સિદ્ધાંત કયો? બે દ્રવ્યની ભિન્નતા. સ્વરૂપ જે ભિન્ન છે સ્વદ્રવ્ય, સ્વરૂપ છે એ સ્વદ્રવ્ય જે ભિન્ન છે એ બહુ મોટી વાત છે, બહુ મોટી વાત છે. જૈનદર્શન સિવાય કોઈપણ અન્ય દર્શન આટલી ભિન્નતા સ્વીકારતું નથી. કેમ? કે જગતની રચના અસત્યનો આગ્રહ કરાવે એવી છે. આ શરીરની રચના જુઓ. શરીરને કાંઈ થાય, આત્મા ઉપર અસર થાય છે. શરીર નબળું પડે (એટલે) માણસનું

મન નબળું પડે છે. બહુ સારી તંદુરસ્તી આખી જીંદગી રહી હોય, સશક્ત શરીર હોય પણ જ્યાં ખબર પડે કે આ ભયંકર રોગ થયો, મન નબળું પડી જાય છે. આત્મા ઉપર અસર આવે. એ આખી જગતની રચના શરીરથી માંડીને બધા સંયોગોની એવી પરિસ્થિતી છે કે અસત્યનો જ આગ્રહ કરાવે. માણસ એમ કહે છે કે અગ્નિએ પાણી ઊનું કર્યું અને અમે નજરો નજર અનુભવ કર્યો હતો. તો કહે તારી નજર ખોટી છે લે બોલ. નજરે જોયેલું ખોટું હોય? કે હોય. એક વાર નહિ, સાત વાર ખોટું હોય. આમ વાત છે.

એ દ્રવ્યાનુયોગની ગંભીરતા છે. એ ભિન્નતામાં રહીને પરથી ભિન્નતામાં અને વિભાવની ભિન્નતામાં રહેતા સ્વભાવની અભિન્નતા આવે છે. સ્વરૂપની અભિન્નતા ઉત્પન્ન થાય છે અને એ સ્વરૂપની અભિન્નતામાં ટકી રહેતા કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે, શુક્લધ્યાન ઉત્પન્ન થાય છે. જેવી તેવી વાત નથી. એ સિદ્ધાંતમાં આટલી ગંભીરતા રહેલી છે. જેવી-તેવી વાત નથી. સ્થૂળ વાત કરીને કાઢી નાખવા જેવી નથી. અને રેકોર્ડ એ છે કે જૈનદર્શન સિવાય બધા ધર્મ મતમાં જે મહાત્માઓ થયા, એના મોટા પુરુષો થયા એની આ બુદ્ધિ નથી ચાલી કે સ્વરૂપની ભિન્નતા છે. દ્રવ્યોની ભિન્નતા છે એ બુદ્ધિ નથી થતી ચાલી કોઈની. સંયોગિક દષ્ટિ જ છૂટી નથી કોઈને માટે મિથ્યાત્વ કીધું છે બધું. જૈનદર્શન સિવાય બધાને મિથ્યાત્માં શું કરવા લઈ ગયા છે? કે ત્યાં બુદ્ધિ નથી ચાલી અને જ્યાં ભિન્ન ન પડે ત્યાં કોઈ કામ આગળ ચાલવાનું છે નહિ. બાકી અધ્યાત્મ બધું લીધું.

શું કહે છે? '**રાગથી જુદો રહે છે, એકત્વ થતો નથી ને આકુળ-વ્યાકુળ પણ થતો નથી.**' કોઈવાર દેખાય ઉપરથી આકુળતા, પણ અંદરથી આકુળ-વ્યાકુળ ન થાય. '**તેને બીજાં કરતાં ઉત્સાહ ઘણો દેખાય,...**' શુભભાવમાં ભક્તિ કરે અને ભક્તિ કરે ત્યારે બીજા કરતા ઉત્સાહ ઘણો દેખાય. શુભરાગમાં નાચે. ઈન્દ્ર જેવા ઈન્દ્ર પગે ઘુઘરા બાંધીને નાચે અને તે પણ બાળતીર્થંકર આગળ. કેવળજ્ઞાની તીર્થંકરની સામે નહિ. ત્યાં તો નાચવાના જ છે. સમવસરણમાં જઈને તો નાચે જ છે પાછા. પણ આ તો એ જન્મે ત્યારે, બાળક અવસ્થા હોય શરીરની, ત્યારે પણ એની જ્ઞાનદશાની એને પ્રતીત છે. તીર્થંકરદેવની જ્ઞાનદશાની પ્રતીત છે. એ બાળકમાં એ તેરમા ગુણસ્થાનના દર્શન કરે છે એ વખતે. ભાવિનયે. એની પાસે તો નયજ્ઞાન છેને. એકાવતારી છે, જ્ઞાની પુરુષ છે. સૌધર્મ ઈન્દ્ર પણ જ્ઞાની છે. નાચે છે. '**બીજાં કરતાં ઉત્સાહ ઘણો દેખાય,...**' એટલો બધો શુભરાગનો ઉભરો દેખાય. '**પણ અંતરમાં જુદો જ રહે છે.**' એ લીધું છે સોગાનીજીએ, એ પણ દુઃખ ભાવભાસે છે. એ પણ અતિશય

ભક્તિનો શુભરાગ પણ દુઃખભાવ ભાસે છે. એમાં પણ દુઃખ માલુમ પડે છે. એ પ્રશ્ન ચાલ્યોને તમારે, રાગનું દુઃખ કેવી રીતે લાગે છે? દુઃખનું સ્વરૂપ આકુળતા છે. બીજું કોઈ દુઃખનું સ્વરૂપ છે નહિ.

મુમુક્ષુ :- એ જ એનું સ્વરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એનું સ્વરૂપ છે.

'તેમાં એવો એકત્વ અને તન્મય થતો નથી કે પોતાને ભૂલી જાય. જુદો રહે છે, છતાં હું જુદો-હું જુદો એમ ઘડીએ ઘડીએ વિકલ્પ નથી કરતો,' વિકલ્પ કરીને જુદો રહે એમ નહિ. સહજ જુદો રહે છે, સ્વભાવિકપણે જુદો રહે છે. નિશ્ચય થઈ ગયો જુદાંપણાનો પછી એમાં પોતાપણું થતું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી, ભાવિ અવસ્થાના દર્શન કેવી રીતે કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જાય છે. વહ એક જ્ઞાન કા વૈભવ હૈ તો ભાવિ કો દેખ લેતા હૈ ઔર ભાવિ કો વર્તમાનવત્ દેખ લેતા હૈ. હમારે યહાં રાજા કા-રાજપુત્ર કા જન્મ હોતા હૈ. વહ તો એક દિન કા લડકા હૈ, બાલક હૈ. ઉસકો તો કુછ ભાન નહીં હૈ કિ મૈં રાજા હૂં કિ મૈં કૌન હૂં. એને કાંઈ ભાન છે? એ તો ઘડીકમાં રડે છે, ઘડીકમાં હસે છે. પણ પહેલોવહેલો પુત્ર જન્મે પાટવીકુંવર ત્યારે રાજગાદીએ એને બેસાડવાના છે. એ કાલ મરી જાશે એવી કલ્પના કરે છે કોઈ? એના મા-બાપ એવી કલ્પના કરે છે કે કયારે મરી જશે? આ રાજગાદીએ બેસશે, આ આપણો રાજા છે. આ જન્મ્યો. રાજા જન્મ્યો શું કહે? કહે કે ન કહે? શંકા નથી કરતા કે રાજગાદીએ બેઠા પહેલાં મરી જાશે તો? એવી શંકા નથી કરતા. કરે છે? ઉત્સવ કેવી રીતે મનાવે? એને મરવાની શંકા થાય તો ઉત્સવ કેવી રીતે મનાવે? નિશ્ચય થઈ ગયો. એ વાતનો નિશ્ચય થઈ ગયો. પરિણામ સહેજે એમ જ કામ કરે.

મુમુક્ષુ :- અભિપ્રાય અનુસાર જ પરિણમન હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો અભિપ્રાય, નિશ્ચય અને પુરુષાર્થ બધું સાથે છે.

'ધારા જ જુદી વર્તે છે.' એનો અર્થ કે જુદી ધારાનો પુરુષાર્થ પણ સાથે વર્તે છે. એમને એમ કાંઈ મફતમાં ધારા નથી વર્તતી. પુરુષાર્થ છે સાથે. એમ છે.

૫૩મો પ્રશ્ન છે એ જ્ઞાનીનું સ્વરૂપ બતાવ્યું છે, અંતરંગ સ્વરૂપ બતાવ્યું છે, જ્ઞાનીની અંતરદશાનું દર્શન કરાવ્યું છે. મુમુક્ષુ જીવને ઓળખવાનું એમાં પ્રયોજન છે. એની વર્તમાન દશામાં એ પરિસ્થિતી નથી. એને શું પ્રયોજન એ વાત જાણવાનું? ઓળખવાનું પ્રયોજન છે. એમ.

પ્રશ્ન-૫૪

પ્રશ્ન :- જ્ઞાયકના જે સંસ્કાર પડે છે તે એકવાર જરૂર જવાબ દેશે?

સમાધાન :- ગુરુદેવે દેશના આપી અને જ્ઞાયકના જે સંસ્કાર પડ્યા તે અંદરથી છૂટતા નથી. પોતાની ભાવના હોય અને તે તરફ પોતાની પરિણતિ જાતી હોય-તેને ઈચ્છતો હોય-તો તે પ્રગટ થયા વગર રહે નહિ. પોતે જ છે, કોઇ બીજો નથી. પરદ્રવ્યની ઈચ્છા હોય તો તે પોતાના હાથની વાત નથી, પણ આ તો સ્વદ્રવ્ય પોતે જ છે. પોતે જ સ્વદ્રવ્યને ઈચ્છતો હોય તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. એક શુભભાવ આવે તેનાં એવાં પુણ્ય બંધાય છે કે તેનાથી જે પર છે-બહાર છે એવા દેવ-શાસ્ત્ર-ગુરુ પણ મળી આવે છે, તો પછી અંતરની સાચી ભાવના હોય તો જ્ઞાયકદેવ કેમ મળી ન આવે!!

સાચી ભાવના ફળ્યા વગર રહેતી જ નથી. લૌકિક ઈચ્છા હોય તે જુદી જ વાત છે, તે પાપની વાત છે. તે પ્રમાણે બહારમાં ન પણ મળે. શુભભાવમાં પણ પોતાનો અધિકાર તો નથી જ, તો પણ બહારમાં તેનું ફળ આવે જ છે, તો જ્ઞાયકની સાચી ભાવના ફળ્યા વગર કેમ રહે?-ફળે જ. ૫૪.

પ્રશ્ન-૫૪ ઉપર પ્રવચન

'**પ્રશ્ન :- જ્ઞાયકના જે સંસ્કાર પડે છે તે એકવાર જરૂર જવાબ દેશે?**' આ સંસ્કારની વાત ખોલી છે અહીંયાં કે કોઈ શુભ ચોઘડીએ, શુભ વેળાએ જો સ્વભાવના, સ્વરૂપના, જ્ઞાયકના સંસ્કાર પડી જાય તો એ એને જ્ઞાનદશા સુધી લઈ જશે અથવા નિર્વાણપદ સુધી લઈ જશે. એ જરૂર જશે. સંસ્કારનું કારણ રુચિ. એટલે રુચિ કર... રુચિ કર એમ કહે છે. સ્વરૂપની રુચિ કર. જોઈએ શું કહે છે.

'**સમાધાન :- ગુરુદેવે દેશના આપી અને જ્ઞાયકના જે સંસ્કાર પડ્યા તે અંદરથી છૂટતા નથી.**' હવે આમાં ગુરુદેવને જોડ્યા. કેમકે સંસ્કાર પડે ત્યારે જ્ઞાનીનું નિમિત્ત હોય તો જ સંસ્કાર પડે. કોઈને એમને એમ સંસ્કાર પડે, સજીવનમૂર્તિના પ્રત્યક્ષ યોગ વિના કોઈને સંસ્કાર પડે એવું બનતું નથી. એટલે જ્ઞાનીની વિદ્યમાનતાનું મહત્વ

ઘણું છે. પ્રથમ ચરણ ત્યાંથી શરૂ થાય છે—પહેલું પગલું. જો વિદ્યમાનતા ન હોત તો કોઈ જ્ઞાની ન થાત. અત્યારે જ્ઞાની થવાના સ્કોપ ઓછા એનું કારણ કે જ્ઞાનીઓની વિદ્યમાનતા ઘટી ગઈ. કોઈક જ જ્ઞાની થાય અબજોમાં. કરોડોમાં નહિ, અબજોમાં કોઈ જ્ઞાની થાય. એવી સ્થિતિ છે. એટલે બીજા જ્ઞાનીઓ થવાનો સ્કોપ ઓછો થઈ ગયો, અવકાશ ઓછો થઈ ગયો. ચોથા કાળમાં ઘણા જ્ઞાની હતા એનું કારણ એ છે કે જ્ઞાનીઓ, બીજા જ્ઞાનીઓ ઘણા વિદ્યમાન હતા, તો ઘણા જ્ઞાની થતા હતાં. એટલે સંસ્કાર દેશનાના નિમિત્તે પડે છે અને દેશના જ્ઞાનીપુરુષની વાણીને જ કહેવાય છે. અજ્ઞાનીની તેવી જ વાણી હોય તોપણ તેને દેશના લાગુ પડતી નથી.

બહેનશ્રીએ તો વર્તમાન પરિસ્થિતીની વાત લીધી એમણે કે ગુરુદેવે દેશના આપી અને જ્ઞાયકના જે સંસ્કાર પડ્યા, કોઈપણ જીવને, જેને પડ્યા હોય એને તે અંદરથી છૂટતા નથી. એ તો ગુરુદેવ બોલેલા કે અત્યારે પામે છે ઓછા, સંસ્કાર લઈને ઘણાં જાવાના છે. એમ કહેતા હતાં. સંસ્કાર લઈને ઘણા જાશે. અને એ સંસ્કાર જવાબ દેશે. એ જીવને ભવિષ્યમાં એ સંસ્કાર જવાબ દેશે. એ એક એની મૂડી થઈ ગઈ. શું થઈ ગયું? કેપીટલ થઈ ગઈ એની. જેમ માણસને પૈસા મૂડી હોય તો જવાબ દે.

મુમુક્ષુ :- ટાઈમે કામ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- ટાઈમે કામ આવે. તો પછી મૂડી તો આગળ-પાછળ રાખવી જોઈ કે ન રાખવી જોઈએ? આ મૂડીની વાત છે. ઓલો તો પ્રતિબંધ છે, ઓલો તો પ્રતિબંધ છે. આ મૂડીની વાત છે.

'**તે અંદરથી છૂટતા નથી.**' શું છે? બીજી કેપીટલ વપરાય જાય છે. આ કેપીટલ રહે છે કાયમ માટે અને વપરાય ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એમાંથી. તો ફરીને પાછા આવવાનો સવાલ રહેતો નથી. આ કેપીટલ અનંત સંપત્તિને વધારનારી છે. અનંત સંપત્તિ વધી ગઈ. પછી તો અક્ષય થઈ ગયો. પછી તો અક્ષય સંપત્તિ થઈ ગઈ. '**તે અંદરથી છૂટતા નથી.**' કદી છૂટતા નથી, કોઈ કારણથી પણ છૂટતા નથી. ગમે ત્યાં જાય સંસ્કાર સાથે છે.

'પોતાની ભાવના હોય અને તે તરફ પોતાની પરિણતિ જાતી હોય-તેને ઈચ્છતો હોય-તો તે પ્રગટ થયા વગર રહે નહિ.' ભાવના કહો કે રુચિ કહો, રુચિ સહિતની ભાવના તે જ યથાર્થ ભાવના છે. આમ તો રુચિની સાથે પુરુષાર્થને જોડાય છે, પણ પુરુષાર્થનો પ્રિ-સ્ટેજ રુચિ છે. રુચિ અનુયાયી વીર્ય. ભાવના એ ઈચ્છા નથી. ભાવના અને ઈચ્છામાં શું ફેર? કે ઈચ્છા હોય એ વિકલ્પરૂપ છે અને સાથે પરુષાર્થ નથી, પુરુષાર્થ ઊંધો છે. ભાવનામાં પુરુષાર્થ સાથે જોડાય. એટલો ફેર છે. એટલે

રુચિ પહેલાં આવી ગઈ, રુચિ તો આવી ગઈ.

'પોતાની ભાવના હોય અને તે તરફ પોતાની પરિણતિ જાતી હોય-તેને ઈચ્છતો હોય-તો તે પ્રગટ થયા વગર રહે નહિ.' કેમકે એ એની ચાહના છે. **'પોતે જ છે, કોઈ બીજો નથી.'** જે કાંઈ છે એ પોતે જ છે, કાંઈ બીજો નથી. **'પરદ્રવ્યની ઈચ્છા હોય તો તે પોતાના હાથની વાત નથી,...'** મળે ન મળે, પ્રાપ્ત થાય ન થાય. **'પણ આ તો સ્વદ્રવ્ય પોતે જ છે.'** આ તો સ્વદ્રવ્ય પોતે જ છે. સ્વદ્રવ્ય પોતે છે એમ કહીને એમ કહે છે કે તારું કાર્ય સ્વાધીન છે, પરાધીન નથી કે કદાચ ન થાય. મારા કંટ્રોલમાં નથી શું કરવું? એમ થાય. અહીંયાં એમ નથી. અહીંયાં તો શક્તિ પણ છે, કરી પણ શકે છો, તારી તૈયારી જોઈએ.

પોતાની તૈયારી ન હોય ત્યારે મારી તૈયારી નથી એમ સ્વીકારવું જોઈએ, પણ બીજું બહાનું કાઢવું ન જોઈએ. શું કરીએ? આવા સંયોગો છે, આવી પ્રતિકૂળતા છે માટે મારો પુરુષાર્થ ચાલતો નથી. ખોટી વાત છે. પ્રતિકૂળતામાં વધારે પુરુષાર્થ ચાલે એવો જીવનો સ્વભાવ છે. જીવનો સ્વભાવ કેવો છે? પ્રતિકૂળતામાં વધારે પુરુષાર્થ ચાલે એવો જીવનો સ્વભાવ છે. માટે પ્રતિકૂળતા છે માટે મારે પુરુષાર્થ નથી ચાલતો (એ) વાત વિપરીત છે, તદ્દન ખોટી અને વિપરીત છે. ... નિશ્ચય હશે તો એ કોન્સેપ્ટ એના પુરુષાર્થને ઉપડવા જ નહિ દે. મિસ કોન્સેપ્ટ છે.

મુમુક્ષુ :- એકવાર આપે કીધું હતું, ઉદય કોઈ આકરો હોતો જ નથી. પોતાનું પોતાપણું વધી જાય ત્યારે આકરો લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, બીજું કાંઈ નથી. કોઈ ઉદય આકરો હોતો જ નથી. જીવને જેટલો લગવાડ એટલું આકરાપણું લાગે. અને જેટલો લગવાડ એટલો એ બે પદાર્થના ભિન્નત્વનાં અસ્વીકારમાં જાય છે. જે ભિન્નત્વ છે એને સ્વીકારતો નથી. તારે શું? તને શું? તને કાંઈ થાતું નથી. તારે કાંઈ લેવા દેવા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિકૂળતામાં પુરુષાર્થ ઊપડે એ આત્માનો સ્વભાવ છે અને કાયમ પ્રતિકૂળતા રહે તો કાંઈ વાંધો નથી.

શ્રેણિક મહારાજા પહેલી નારકીમાં છે. આયુષ્ય પર્યંત પ્રતિકૂળતા રહેશે કે નહિ ત્યાં? અપરાધ મોટો થઈ ગયો. મુનિરાજની અશાતના થઈ ગઈ, વિરાધના થઈ ગઈ. હવે એ ટાંકું કાંઈ બદલાય નહિ. નિકાચિત્ બંધ થઈ ગયો. આયુષ્ય પર્યંત પ્રતિકૂળતા, પણ ત્યાં તીર્થંકર નામકર્મ બાંધે છે. ત્યાં નારકીમાં છે એટલે આરાધના નથી કરી શકતા એવું નથી. બરાબર આરાધના ત્યાં ચાલે છે. 'બાહિર નારકી કૃત દુઃખ ભોગે

અંતર સુખરસ ગટાગટી.' 'ચિનમૂર્તિ દગ ધારીકી' દગધારી એટલે દૃષ્ટિ ધારણ કરનાર. દગ એટલે દૃષ્ટિ. જેણે સમ્યગ્દૃષ્ટિ ધારણ કરી છે. 'ચિનમૂર્તિ દગધારી કી મોહી રીતિ લગી હૈ અટાપટી'. આની રીત જ કોઈ અટપટી લાગે છે.

પ્રતિકૂળતામાં વધારે ફાયદો કરે. શ્રીમદ્‌જીએ લખ્યું કે અમને નિવૃત્તિમાં નિર્જરા થઈ હોત તેના કરતાં પ્રવૃત્તિમાં રહીને અમે વિશેષ નિર્જરા કરી છે. કેમકે પ્રતિકૂળતા હતી એને. ક્યારેક વિકલ્પ આવી જતા હતા પ્રવૃત્તિ છોડવાના. અને બળવાનપણે અમારા પરિણામથી અને પ્રવૃત્તિથી છૂટતા નથી એ અમારી નિર્બળતા છે એમ પણ કહેતા હતા. એનો અર્થ એમ નહોતો કે એ વખતે પુરુષાર્થ નહોતો ચાલતો. પુરુષાર્થ બરાબર ચાલતો હતો અને વિશેષ નિર્જરા કરીને એકાવતારીપણું પ્રાપ્ત કર્યું.

જ્ઞાનદશા સાડા દસ વર્ષથી વધારે નથી રહી. ચોવીસમેં વર્ષે સમકિત થયું. અને તેત્રીસ વર્ષ અને સાડા પાંચ મહિને આયુષ્ય પૂરું થયું. દસ વર્ષ અને સાડા પાંચ મહિના જ્ઞાનદશા રહી છે. ભૂક્કા બોલાવી નાખ્યા હતા. કેટલાય ભવોના ભૂક્કા બોલાવી નાખ્યા એટલો પુરુષાર્થ. લોકો તો એમ જોવેને કે આ તો વેપાર કરતા હતા. તો કહે હા એ વેપાર કરતાં-કરતાં કર્યું. લે.

... પોતાની હાથની વાત નથી. પણ આ તો સ્વદ્રવ્ય પોતે જ છે. '**પોતે જ સ્વદ્રવ્યને ઈચ્છતો હોય તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. એક શુભભાવ આવે તેનાં એવાં પુણ્ય બંધાય છે કે તેનાથી જે પર છે-બહાર છે એવા દેવ-શાસ્ત્ર-ગુરુ પણ મળી આવે છે, તો પછી અંતરની સાચી ભાવના હોય તો જ્ઞાયકદેવ કેમ મળી ન આવે!!**' અહીંયાં પોતાને શુભભાવ થાય તો એને દેવ-ગુરુ-શાસ્ત્ર મળે. દેવ-ગુરુ-શાસ્ત્ર મોટા પુરુષ છે. તોપણ કુદરત બંધાયેલી છે, એને લઈ આવે છે. ચાલો, તમારે અહીં આવવું પડશે. અહીંયાં એક જીવ એવો છે કે તમારે આવવું પડશે. એ એક જીવ માટે આવે. એવી કુદરત બંધાયેલી છે. તો પોતાના સ્વરૂપની ભાવના થાય અને એને પોતાનું સ્વરૂપ ન પ્રગટે એ કેમ બને? આટલું તો પરદ્રવ્ય ભિન્ન હોવા છતાં પણ નિમિત્ત-નૈમિત્તિક સબંધે અનુબંધ છે આવો. પુણ્યનો અનુબંધ છે એવો કે એને અનુસરીને દેવ-ગુરુ-શાસ્ત્રનો એને સંયોગ થાય. જ્ઞાનીની ઈચ્છા હોય તો જ્ઞાની મળે, પણ એને ભાવના બરાબર થવી જોઈએ.

'**સાચી ભાવના ફળ્યા વગર રહેતી જ નથી. લૌકિક ઈચ્છા હોય તે જુદી જ વાત છે, તે પાપની વાત છે.**' બાહ્ય પદાર્થની ઈચ્છા થાય એ તો પાપભાવ છે. કોઈપણ બાહ્ય પદાર્થની ઈચ્છા થાય એ પાપભાવ છે. એક મુનિરાજમાં અપવાદ છે. આ તો જનરલ વાત છે સામાન્ય. વિશેષપણે મુનિરાજને પોતાના ગુરુના સત્‌સંગની

ઈચ્છા થાય, પુણ્યભાવ થાય, આહારની ઈચ્છા થાય પુણ્યભાવ છે. એને પાપભાવ " ' u b pLÑ b pü ' vÑ ®u BÃRp b ^u ' p c phdp Å e Rp "**લૌકિક ઈચ્છા હોય તે જુદી જ વાત છે, તે પાપની વાત છે. તે પ્રમાણે બહારમાં ન પણ મળે.**'

મુમુક્ષુ :- ... મળી આવે તો પછી અંતરની સાચી ભાવના હોય તો જ્ઞાયક કેમ મળી ના આવે?

પૂજ્યા ભાઈશ્રી :- હા. કેમ મળી ન આવે? મળે જ મળે એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આવવા બંધાયેલા છે તો આત્મા તો અંદરનો છે, તો એને તો આવવું જ પડે એમ કહે છે. એનાં કરતાય તે બીજી રીતે થોડોક દૃષ્ટિપાત કરવા જેવો છે. કારણપરમાત્મા કહીને એમ કહ્યું ત્યાં કે તને શુદ્ધતાનું જે કારણ છે એ સદાય ઊભું છે. જેમ આપણે એમ કહીએ કે ગુરુ છે એ તો કરૂણાવંત છે અને ભગવાન તો પરમગુરુ છે તીર્થંકરદેવ તો, પરમ એની તો અનંત કરૂણા છે જગત ઊપર. જગત પ્રત્યે એમની અનંત કરૂણા છે એટલે પોતે તીર્થંકરપદે બિરાજમાન છે. તો કે તારો જે પરમાત્મા છે એ પણ અનંત કરૂણાવંત છે. એ કારણપણે ઊભો જ છે. તને શુદ્ધતાનું કાર્ય પ્રગટે એ માટેના કારણપણે એ સદાય ઊભો છે. અને ઊભો રહીને તારું બારણું ખખડાવે છે કે તું કમાડ ખોલ તને દર્શન થાશે. આ જીવ એને નિગ્લેક્ટ કરે છે. શું કરે છે? સરાસર નિગ્લેટ કરે છે, હંડ્રેડ પર્સેન્ટ. અને એક બે વાર નિગ્લેટ નથી કરતો અનંતકાળથી નિગ્લેક્ટ કરે છે. તોપણ એ કારણપરમાત્મા પોતાની કરુણાનો ત્યાગ કર્યા વિના (ઊભો રહે છે), જરાય રીસાતો નથી. એકેય વાર રીસાયને ચાલ્યો નથી જાતો. ખખડાવ્યા જ કરે છે, સતત આલારામ વગાડે છે. દરવાજો ખોલ... તું દરવાજો ખોલ... તું દરવાજો ખોલ, તને દર્શન થઈ જશે. વાત શું બાકી રહી છે? કે તારે પોતે તૈયારી કરવાની વાત બાકી છે. તું ભાવનામાં આવ્યો નથી. એમ કહે છે કે તું ભાવનામાં આવ, તો ઓલો તો તૈયાર ઊભો છે, જ્ઞાયકદેવ કેમ ન મળે? એ તો તૈયાર જ છે.

એની અનંત કરુણા એવી છે કે એ ખસે એમ નથી. તેં લાત પણ મારી છે એને. નિગ્લેક્ટ કર્યો છે નહિ, તેં લાત પણ મારી છે. એ ખસે એમ નથી કેમકે એ વીતરાગી છે એને કાંઈ અસર થતી નથી. રાગી હોય એને અસર થાય, વીતરાગીને શું થાય? એને કાંઈ થતું નથી. એનો સ્વભાવ કરુણા કરવાનો છે. કારણ પરમાત્માપણે રહીને કરુણા કરવાનો એનો સ્વભાવ છે. તું ગમે એમ કર. એ કાંઈ એનો સ્વભાવ નહિ છોડે.

મુમુક્ષુ :- ઓલું આવે છેને વીંછીનું? વીંછીને કાઢે છે પણ વીંછી કરડે છે. તો

વળી પાછો બહાર કાઢે. જ્ઞાનીને એવું છે. વીંછીને બહાર કાઢે તો વીંછી એને જ ડસી જાય છે .., વળી પાછો બહાર કાઢે. કેમકે એનો સ્વભાવ એ છે એને બચાવવાનો. વીંછી એને જ કરડી જાય છે છતાંય. એવું દૃષ્ટાંત આવે છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વીંછીનો સ્વભાવ કરડવાનો છે, જ્ઞાનીનો સ્વભાવ એને બચાવવાનો છે. પોતાનો સ્વભાવ ન છોડે.

'**તે પ્રમાણે બહારમાં ન પણ મળે.**' પરદ્રવ્ય '**શુભભાવમાં પણ પોતાનો અધિકાર તો નથી જ,**' પરદ્રવ્ય ઉપર તો પોતાનો અધિકાર તો નથી જ, પણ શુભભાવમાં પણ પોતાનો અધીકાર નથી જ. '**તો પણ બહારમાં તેનું ફળ આવે જ છે,...**' એ કુદરતી વ્યવસ્થા છે. શુભ અને અશુભ બંનેમાં એનું ફળ આવ્યા વગર રહે નહિ. '**તો જ્ઞાયકની સાચી ભાવના ફળ્યા વગર કેમ રહે?-ફળે જ.**' એના ઉપર તો એમણે વચનામૃતમાં એકવીસમો બોલ આપ્યો છે, કે સાચી ભાવના ન ફળે તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. એક પરમાણુ પણ શૂન્ય થતું નથી જગતમાં. તો ચૌદ બ્રહ્માંડ ક્યાંથી શૂન્ય થવાનો હતો? એ તો અનંતા પરમાણુનો મહાસ્કંધ છે. એ તો અશક્ય છે. એમ ભાવના ન ફળે એ અશક્ય છે. અને ખાત્રી માટે અનંતા તીર્થંકરોએ કહેલી આ વાત છે એમ કહ્યું. શું કીધું છેલ્લે એકવીસમા વચનામૃતમાં? કે અનંતા તીર્થંકરોએ આ વાત કહી છે. ખાલી અમે સીમંધર ભગવાન પાસે સાંભળી અને અમને યાદ છે એમ નથી કહેતા કે આ સીમંધરસ્વામીએ આ વાત કહી છે. અનંતા તીર્થંકરોએ આ વાત કહી છે. એટલું અંદરથી ભાવનાનું બળ છે. એ પોતાના અનુભવથી એ વાત કરે છે કે મારી ભાવના ફળી તો અનો અર્થ કે આ વસ્તુનું સ્વરૂપ છે. મારી ભાવના ફળી એનો અર્થ કે આ વસ્તુનું સ્વરૂપ છે. એમ કહેતા કે અત્યારે તમને ગુરુદેવ પાસેથી મળે છે એટલું અમને તે દિ' નહોતું મળતું તોપણ પામ્યા.

મુમુક્ષુ :- ક્યેતા?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે એટલો સંયોગ નહોતો. (સંવત) ૧૯૮૯માં એમને સમ્યગ્દર્શન થયું. અને ગુરુદેવે ૧૯૯૧માં પરિવર્તન કર્યું, સોનગઢમાં નિવાસ કર્યો. ૯૧માં પણ છ મહિના પછી. ચૈત્ર સુદ તેરસે. આઠ મહિના પછી. એમને ફાગણ મહિનામાં (સમ્યગ્દર્શન થયું) છે. ૮૯ના ફાગણ મહિનામાં. પાકા અઢી વર્ષ. પછી સતત સંયોગ રહ્યો. ગુરુદેવનો સમાગમ સતત રહ્યો એ તો સોનગઢ આવ્યા પછી. સોનગઢ આવ્યા પછી પોતે કેટલા ટાઈમે આવ્યા છે એ બીજી વાત છે. પણ અઢી વર્ષ તો પાકા ગણો. તરત આવ્યા હોય તોપણ. એ પહેલા તો છૂટક-છૂટક જ સત્સમાગમ મળતો હતો. બધે કાંઈ જઈ ન શકે, ગુરુદેવ વિહાર કરે ત્યાં બધે ન જઈ શકે.

અને અત્યારે એમ કે ગુરુદેવનું સ્પષ્ટીકરણ પણ વધારે આવે છે. ત્યારે સ્થાનકવાસીમાં હતા એટલે કથાનુયોગ લે. અંજન ચોરની કથા લે અને એમાંથી તત્ત્વ કાઢે.

મુમુક્ષુ :- વીંટાળીને બોલે.

પૂજ્ય ભાઈશ્રી :- એ કહે વીંટાળી-વીંટાળીને બોલતા હતા. એટલે તત્ત્વ પણ એટલું ચોખ્ખું નહોતું આવતું તોપણ પામી ગયા પોતે, એમ કહે છે. શેના બળે પામ્યા? કે ભાવનાના બળે પામ્યા. સ્પષ્ટીકરણ વધારે મળે માટે જીવ પામી જાય છે એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- પણ થોડી સરળતા રહે સ્પષ્ટીકરણ મળે તો.

પૂજ્ય ભાઈશ્રી :- સરળતાનો લાભ ઉઠાવવો જોઈએને? તો સરળતા કામની. ન એનો લાભ ઉઠાવે તો એ સરળતા શું કામની? સરળ અને સુગમ ભલે થાય ગમે એટલું તત્ત્વ, પણ પોતે એનો લાભ ઉઠાવે તો કામનું. સ્પષ્ટતાનો એક વિચાર છે કે સમજાય તેને સ્પષ્ટતા કહેવી? સ્વરૂપ સમજાય તેને સ્પષ્ટતા કહેવી કે સ્વરૂપ ગ્રહણ થાય તેને સ્પષ્ટતા કહેવી? સ્પષ્ટતા કોને કહેવી? કે અંદરમાં પોતાનું સ્વરૂપ સ્પષ્ટપણે ભાસે અને પોતાપણે ગ્રહણ થાય. અનુભવ અંશ ઉત્પન્ન થાય તો એ જ્ઞાનની સ્પષ્ટતા સાચી અને સમ્યક્. લ્યો ઠીક! સ્વરૂપ ગ્રહણ થાય તે જ્ઞાનની સમ્યક્ સ્પષ્ટતા છે. લ્યો! નૈમિત્તિક ભાવ થાય તો નિમિત્ત ગણાય. નહિતર તીર્થંકરની ધ્વનિમાં એકસાથે ચારે પડખાથી અક્રમે વસ્તુનું સ્વરૂપ આમ ઉપસાવીને સામે મૂકે છે. તોપણ ન પામે ઈ ન પામે અને આપણે નથી પામ્યા. કોક જીવની વાત મૂકી દ્યો. આપણે અનંતવાર સાંભળીને નથી પામ્યા.

મુમુક્ષુ :- કેટલી સ્પષ્ટતા!

પૂજ્ય ભાઈશ્રી :- એથી સ્પષ્ટતા તો કોઈની આવે જ નહિ. જે સ્વરૂપને અન્ય વાણી ન કહી શકી, દિવ્યધ્વનિ ન કહી શકી એને અન્ય વાણી શું કહે? એટલે અન્ય વાણી તો એનાથી હીણી છે જ. છદ્મસ્થની વાણી તો એનાથી હીણી છે. કેમકે એને તો ક્રમે જ કહેવું પડે છે. આત્મા કહે ત્યારે વિધિ ન કહી શકે અને વિધિ કહે ત્યારે આત્મા ન કહી શકે. કેમકે આત્મા વિધિની પર્યાયરહિત છે. વિધિની પર્યાયરહિત આત્મા છે. એટલે આત્મા કહે ત્યારે વિધિની પર્યાયની વાત ન આવે, વિધિની પર્યાયની વાત આવે ત્યારે આત્મા છૂટી જાય. એમ તત્ત્વ મોંઘું થાય છે. તોપણ જ્ઞાનમાત્ર કહીને ઉપયોગ શુદ્ધાત્મા કહીને કહી દીધું. કેમકે એવી કોઈ વાત દિવ્યધ્વનિમાં આવેલી હોવી જોઈએ. એટલે એ શબ્દ આવ્યો છે.

મુમુક્ષુ :- જે ગ્રહણ કરે તેને જ યથાર્થ સ્પષ્ટતા થઈ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ સમ્યક્ સ્પષ્ટતા છે. સ્વરૂપ ગ્રહણમાં જ સમ્યક્ સ્પષ્ટતા છે. સૂક્ષ્માતિ એવું જે સૂક્ષ્મ સ્વરૂપ તે ગ્રહણ થાય એ સ્પષ્ટતા વગર કેમ ગ્રહણ થાય? એટલે ભાવભાસનમાં એ શબ્દ લીધો છે. ભાવભાસનમાં કૃપાળુદેવે વ્યાખ્યા કરીને બીજા સમકિતની? પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તેને અમે બીજું સમકિત કહ્યું. સ્પષ્ટ શબ્દ વાપર્યો છે. કેમકે ત્યાં પ્રત્યક્ષ અંશ ઉત્પન્ન થયો. વેદન અંશે, પ્રત્યક્ષ અંશે એણે નિશ્ચય કર્યો અને વિશ્વાસ આવ્યો માટે. એમ છે. ઓલું જે વિચારમાં સ્પષ્ટ લાગે, સ્પષ્ટ લાગે, બહુ સ્પષ્ટ, ઘણું સ્પષ્ટ કરે છે. દાખલા, દલીલ, બીજું, ત્રીજું ચારે પડખેથી (સ્પષ્ટતા આવે છે). તું ઊભો રહે. સ્પષ્ટ... સ્પષ્ટ... સ્પષ્ટ... કર્યા કરે છો, તને અસર કેટલી થઈ એ કહે? ફિલીંગ કેટલું થયું તને? તો તને એ સ્પષ્ટતા સાથે નિમિત્ત-નૈમિત્તિક સબંધ છે. નહિતર પરલક્ષી ઉઘાડમાં તને સ્પષ્ટતા સમજાણી એ તને કામમાં નહિ આવે.

ફિલીંગમાં આવે ત્યારથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શરૂ થાય છે, જેમકે આપણે વેદનાનો વિષય ઘણીવાર ચર્ચીએ છીએ અને અનેક પડખાથી સ્પષ્ટ થાય છે. પણ ફિલીંગમાં ન આવે તો? વેદનામાં ન આવે તો? આ તો પહેલો એકડો છે હજી. મુમુક્ષુની ભૂમિકાનો પહેલો એકડો છે. પણ યાદ ન આવે તો? તો એ પરિણામનું ઠેકાણું નહિ રહે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૫૫

પ્રશ્ન :- ગુરુદેવ શું બધાને પરમાત્મા જ કહેતા હતા? શું જીવ પામર નથી?

સમાધાન :- ગુરુદેવ કહે છે કે તું પરમાત્મા છો, પામર નથી. ગુરુદેવ બધાને ભગવાન જ કહેતા હતા. દ્રવ્ય કાંઈ પામર નથી, પૂર્ણ ભરેલું છે. તેથી પરમાત્મા

જ છે. અને તે પરમાત્મામાંથી પરમાત્માપણું આવે છે. પામરતા છે એ તો પર્યાય અપેક્ષાએ છે. જે ભાવનાવાળો હોય તે એમ કહે કે પ્રભુ ! તમે અમને–પામરને પ્રભુ બનાવ્યો છતાં પણ, પોતામાં પ્રભુતા ભરી છે તેમાંથી પ્રભુતા આવે છે. ૫૫.

તા. ૧૬-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૫૫ થી ૫૭, પ્રવચન નં. ૩૪

પાનું-૫૩મું, પ્રશ્ન-૫૫મો. '**ગુરુદેવ શું બધાને પરમાત્મા જ કહેતા હતા? શું જીવ પામર નથી?**' હિન્દીમાં એમ છે કે કયા ગુરુદેવ સબકો પરમાત્મા હી કહતે થે? ક્યા જીવ પામર નહીં હૈ? એમ.

'**સમાધાન :- ગુરુદેવ કહે છે કે તું પરમાત્મા છો, પામર નથી.**' ગુરુદેવ કે પ્રવચન કા મુખ્ય ધ્વનિ હૈ કિ તુમ પરમાત્મા હો, પામર નહીં હો. '**ગુરુદેવ બધાને ભગવાન જ કહેતા હતા.**' સબ કો. બધાને માને સબ કો ભગવાન હી કહતે થે. એક દષ્ટિ હો ગઈ હૈ. સમ્યગ્દર્શન હોને સે એક દષ્ટિ હો જાતી હૈ. સ્વરૂપ કી દષ્ટિ હોતી હૈ તો સ્વરૂપ મેં ભી ભગવાન આત્મા, તો દૂસરોં કો ભી વહી દષ્ટિ સે વો દેખતે હૈં.

મુમુક્ષુ :- કોઈની પર્યાયને નથી જોતા.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય કો ગૌણ કર દેતે હૈં ઔર ઉનકે સ્વરૂપ કો મુખ્ય કરતે હૈં. પર્યાય મુખ્ય હોનેસે રાગ-દ્વેષ હુએ બિના નહીં રહતા. ઈસલીયે યહ જિનનીતિ હૈ. જ્ઞાનિયોં કી ભી નીતિ હૈ કિ પર્યાય કો ગૌણ રખના. સ્વયં કી પર્યાય કો ભી ઔર દૂસરોં કી પર્યાય કો ભી ગૌણ રખના.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીએ તો એમ કહે છે કે અમે તો કોઈની પર્યાયને જોતા નથી. તેમ છતાં જોવાઈ ગઈ હોય તો અમને ક્ષમા કરજો.

પૂજ્ય ભાઈશ્રી :- ફિર ભી ગૌણ કરને કી બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાની કો ભિન્નતા હૈ તો ઉનકો તો સબ લગતે હૈં, લેકિન

મુમુક્ષુ કો કૈસે લગે?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ કો ભી પુરુષાર્થ કરના ચાહિયે. ઉસી પ્રકાર કા પુરુષાર્થ કરના ચાહિયે.

મુમુક્ષુ :- ઉસમેં કિસ પ્રકાર જાનના ચાહિયે? ઉસમેં કિસ પ્રકાર કા પ્રેક્ટિકલ ચલે? ભાવના કિસ પ્રકારકી ચલે કિ વહ ભી ઉસમેં જીવરૂપ દેખે?

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો ક્યા હૈ કિ આત્મકલ્યાણ કરના હૈ તો આત્મકલ્યાણ જિસ પદ્ધતિ સે હોતા હૈ વહ પદ્ધતિકો સમજ કરકે અપને કો અનુસરણ કરના ચાહિયે. મુમુક્ષુકો આત્મકલ્યાણ તો કરના હૈ કિ નહીં કરના હૈ? નહીં કરના હૈ તો મુમુક્ષુ નહીં હૈ. કરના હૈ તો જિસ પદ્ધતિ સે હોતા હૈ ઉસી પદ્ધતિ સે કરના હૈ. સ્વચ્છંદ સે તો નહીં કરના હૈ. જ્ઞાની કા પરિણમન દેખકર કે અનુસરણ કરને કા કોશિશ કરની ચાહિયે.

'દ્રવ્ય કાંઈ પામર નથી, પૂર્ણ ભરેલું છે.' મૂળ વસ્તુ. દ્રવ્ય માને મૂલ વસ્તુ. વહ તો અનંતગુણ સંપત્તિ સે ભરપૂર હૈ. વહ કોઈ પામર નહીં હૈ. ઈસલીયે પરમાત્મા હી હૈ. માટે **'પરમાત્મા જ છે.' 'અને તે પરમાત્મામાંથી પરમાત્માપણું આવે છે.'** જો પરમાત્મદશા પ્રગટ હોગી વહ તો અંદરમેં જો પરમાત્મપના હૈ વહાં સે પ્રગટ હોગી. બહાર સે તો કોઈ દશા આનેવાલી નહીં હૈ ઔર આતી ભી નહીં હૈ. ગુરુદેવ ચોસઠ પહોરી પીપરનું દૃષ્ટાંત દેતા હતા. વહ છોટીપીપર આતી હૈ ન? ઉસમેં ચરપરાઈ માને તીખાસ હોતી હૈ. તો ઉસકો ખરલ મેં ઘુંટતે હૈ તબ વો ચોસઠ પહોર તક લગાતાર, લગાતાર ચોસઠ પહોર તક ઉસકો ઘુંટતે રહે તો ઉસકા જો સત્ત્વ હૈ વહ પ્રગટ હો જાતા હૈ. સત્ત્વ માને કામ કરને કી શક્તિ. વહ શક્તિ પ્રગટ હો જાતી હૈ. કહાં સે આઈ વહ? કિ અંદર થી વહ આઈ હૈ. ખરલમેં સે નહીં આઈ. અગર ઘુંટને સે ઔર ખરલમેં સે આતી તો ઉસી જગહ બાલુ કો, રેતી કો ઘુંટે. હોગા કુછ? નહીં હોગા.

'પામરતા છે એ તો પર્યાય અપેક્ષાએ છે.' સ્વીકાર કિયા. પામરતા બિલકુલ હૈ હી નહીં પર્યાય મેં સો બાત તો નહીં હૈ. પામરતા છે એ સ્વીકાર કર્યો. પરંતુ વહ પર્યાય મેં હૈ, પર્યાય અપેક્ષાસે હૈ. મૂલ સ્વરૂપ કી અપેક્ષા સે નહીં હૈ. **'જે ભાવનાવાળો હોય તે એમ કહે કે પ્રભુ! તમે અમને-પામરને પ્રભુ બનાવ્યો છતાં પણ, પોતામાં પ્રભુતા ભરી છે તેમાંથી પ્રભુતા આવે છે.'** શું કહે છે? પાછી ભૂમિકામાં કેવા ભાવ આવે એ લીધું. મુમુક્ષુજીવ હોય, ભાવનાવાળો હોય તો પોતાના ગુરુને એમ કહે કે પ્રભુ! તમે અમને-પામરને પ્રભુ બનાવ્યો. તમે અમારા જીવનને ઘડ્યું.

કુંભાર માટલું ઘડે છેને? માટલું માને મટકા. ઉપર સે ભી લગાતે હૈં, અંદર સે ભી લગાતે હૈં. અંદરથી અને ઉપરથી બેય બાજુથી ટીપે ત્યારે એનો ઘાટ સરખો આવે. એમ અંદરથી અને ઉપરથી, અંદરથી અને બહારથી શ્રીગુરુ ઘડે છે. એટલે એમ કહે કે આપે અમને પ્રભુ (બનાવ્યા), પામરમાંથી પ્રભુ બનાવ્યાં.

મુમુક્ષુ :- અંદરથી અને બહારથી બે રીતે કેવી રીતે ઘડે? અંદરથી કેવી રીતે ઘડે છે અને બહારથી કેવી રીતે ઘડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- બહારથી એટલે એનો બાહ્ય વ્યવહાર છે એ સબંધી પણ એને માર્ગદર્શન આપે. એના અંતરંગ પરિણમનનું પણ માર્ગદર્શન આપે, બાહ્ય પરિણમનનું પણ માર્ગદર્શન આપે. એમ. ચારે પડખેથી.

મુમુક્ષુ :- અંતરમાંથી પોતે અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ.

પૂજ્ય ભાઈશ્રી :- બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના પરિણામ, ભૂમિકાને યોગ્ય એના પરિણામ અને અંદર સ્વરૂપની મહત્તા બધું બતાવે. એમ બંન્નેનો તફાવત સમજે તો જ પુરુષાર્થ ચાલે. હું આવો મહાન હોવા છતાં મારી આવી દશા કેમ? ન ચાલે. તો જ ઊપડે પુરુષાર્થ. નહિતર કોના લક્ષે પુરુષાર્થ કરશે? નહિતર કોના લક્ષે પુરુષાર્થ કરશે?

મુમુક્ષુ :- ત્યાં તો પેલા કુંભારને ઉપરની થાપ જોર જોરથી ભરે. અહીંયાં ઉપરની થાપ જોર જોરથી નથી ભરતા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જેને જેમ લેવું હોય એમ લે. લાગે નહિ તો શું કરે?

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગોદડું ઓઢીને બેઠો છે પછી શું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- લાકડી ન વાગે. દર્શનમોહનું ગોદડું ઓઢ્યું હોય તો ઉપદેશની લાકડી ન વાગે. વાગે ત્યારે, દર્શનમોહ પાતળો પડે ત્યારે એમ કહે કે ગુરુદેવની લાકડી મને વાગી. અહીંયાં મોહ પાતળો પડે ત્યારે. ન પાતળો પડે તો લાકડી-બાકડી કાંઈ કામ કરતી નથી.

મુમુક્ષુ :- લાકડી લેતા જ નથીને. લે તો કાંઈક...

પૂજ્ય ભાઈશ્રી :- **'પોતામાં પ્રભુતા ભરી છે તેમાંથી પ્રભુતા આવે છે.'** એ ૫૫મો થયો.

પ્રશ્ન એમ છે કે પરમાત્મા કહે તો પામર નથી? તો કહે, પર્યાય અપેક્ષાએ છે. પર્યાય અપેક્ષાએ પામર છે અને સ્વરૂપ અપેક્ષાએ પરમાત્મા પણ છે. બેય છે. મુખ્ય-ગૌણ ઊલટું નહિ થવું જોઈએ, સૂલટું થવું જોઈએ. ઊલટું થાય છે એમાં પર્યાયની

મુખ્યતા છે, સૂલટું થાય છે એમાં સ્વરૂપની મુખ્યતા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! શ્રીમદ્‌જીમાં છે. 'હે પ્રભુ હે પ્રભુ શું કહું...'.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શું છે કે શરૂઆત તો ત્યાંથી થાય છે. 'હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ.' શરૂઆત ત્યાંથી થાય છે. પછી આગળ ચાલે ત્યારે સ્વરૂપ ઉપર આવે છે. જે ક્રમ છે તે ક્રમ છે. ક્રમ ફેરવીને પણ વાત નથી, ક્રમનું ઉલ્લંઘન કરીને પણ વાત નથી. ક્રમનું મહત્ત્વ ઘણું છે. ક્રમ છોડે તો કાંઈ હાથમાં આવે નહિ. એ ૫૫ થયો.

પ્રશ્ન-૫૬

પ્રશ્ન :- બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે કોઇ વિરોધ કરે તે ટાઈમે શાંતિ ક્યાંથી રહે?

સમાધાન :- આત્માનું જેને પ્રયોજન સાધવું છે તે અમુક જાતની મર્યાદા બહાર જાતો જ નથી. તેને વિભાવ પરિણતિ જોતી જ નથી. જેનું પ્રયોજન આત્મા સાધવો છે, જેને આત્માની લગની લાગી છે તે આત્માર્થી, તેને વિભાવ પરિણતિનું એકત્વપણું હજી છૂટયું નથી તો પણ, મર્યાદા બહાર જતો જ નથી. અને તો જ આત્માને સાધી શકે છે, આત્મા મળે છે. નહિ તો આત્મા કયાંથી મળે? આત્માનું પ્રયોજન ન હોય તો તેને આત્મા કયાંથી મળે? અમુક પાત્રતા તો હોવી જ જોઇએ. બધાએ વિચારો ફેરવીને શાંતિ રાખવી. ૫૬.

પ્રશ્ન ૫૬ ઉપર પ્રવચન

૫૬. '**બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે કોઈ વિરોધ કરે તે ટાઈમે શાંતિ ક્યાંથી રહે?**' આ તો સહેજ જેને જેમ થાય છે એણે પ્રશ્ન કર્યો છે. કેમકે એ દિવસોમાં પણ એવું થતું હતું અને બધા દિવસોમાં એવું થાય જ તે. ઋષભદેવ ભગવાનથી ચાલ્યું આવે છે. હુંડાવસર્પિણી કાળ હોવાથી જૈની હોય એ જૈન શાસ્ત્રની નિંદા કરે,

જૈની હોય એ જૈન પ્રતિમાની નિંદા કરે. ભગવાન તો નથી પણ ભગવાનના સ્થાને ભગવાનની પ્રતિમા છે અત્યારે. એનો વિરોધ થાય. મુમુક્ષુને એમાં અશાંતિ પણ થઈ જાય.

મુમુક્ષુ :- ન થાય તો?

પૂજ્ય ભાઈશ્રી :- સહેજે થઈ જાય. ન થાય તો ક્યાં પ્રશ્ન છે? ન થાય તો એની ભૂમિકા નથી. બીજું શું? પણ જ્ઞાની એમ ન કહે કે તું અશાંતિ કર.

મુમુક્ષુ :- નજર તો રાખેને. જ્ઞાની નજર તો રાખેને?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીના સ્થાનમાં જ્ઞાની છે અને મુમુક્ષુના સ્થાનમાં મુમુક્ષુ છે. છતાં પણ એમાં પણ કેટલીક મર્યાદા છે એવો ઉત્તર અહીંયાં આપ્યો છે.

'**સમાધાન :- આત્માનું જેને પ્રયોજન સાધવું છે તે અમુક જાતની મર્યાદા બહાર જાતો જ નથી.**' એટલે એને જે આત્માર્થીપણાના પરિણામ છે એ પરિણામ એને મર્યાદામાં રાખે છે. જેવી જેની યોગ્યતા.

મુમુક્ષુ :- દૃષ્ટાંત તરીકે?

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટાંત તરીકે એમ કે એ માણસનો અભાવ થઈ જાવ એવો ભાવ ન આવે. એવો ભાવ ન આવે. એમ.

મુમુક્ષુ :- એટલે તલવાર હાથમાં ન લે?

પૂજ્ય ભાઈશ્રી :- તલવાર લે. એ તો પછી પ્રસંગ ઉપર આધાર છે. પ્રસંગ ઉપર આધાર છે.

મુમુક્ષુ :- એ જીવનો અભાવ થાય એ અભિપ્રાયમાં...

મુમુક્ષુ :- હા. બાકી પરિણામ તો પરિણામની અપેક્ષાએ સહેજે ચાલે. એ તો મુનિરાજના વિષયમાં લીધું કે સિંહ એને મારવા આવે તો સિંહ ઉપર તલવાર પણ ચલાવે સમ્યગ્દૃષ્ટિ હોય તો. આ તો મુમુક્ષુ છે. સમ્યગ્દૃષ્ટિ હોય તો તલવાર ચલાવે. ખબર નથી કે હિંસા થઈ? પણ એને મારવાના ભાવ નથી, એને બચાવવાના ભાવ છે. વજન ક્યાં છે એ જોવાનું છે. વજન દેવ-ગુરુ-શાસ્ત્રની રક્ષા કરવામાં છે. રક્ષા કરતા સામાને હાનિ થાવાનો સંભવ ખરો, થઈ પણ જાય, પણ એનો હેતુ જે છે, આશય છે એ બચાવવાનો છે, સામાને મારવાનો નથી. બેમાં મોટો ફેર છે.

અમુક જાતના પરિણામ ન થાય એની મર્યાદા. અમુક એટલે એની મર્યાદા શું? આપણે સીધો પ્રશ્ન લઈએ. અમુક મર્યાદામાં રહેવું. 'અમુક' શબ્દ વાપર્યો. ચોખવટ ન કરી બહેનશ્રીએ. પણ પ્રશ્ન તો એ થવાનો કે અમુક એટલે શું પણ? તો એની અંદર બે પડખા છે. એક પડખે દેવ-ગુરુ-શાસ્ત્ર છે, એક પડખે સામો વિરોધ કરનારો

જીવ છે. તો એની જે મર્યાદા છે એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની રક્ષા કરવા એ મર્યાદાથી વર્તે છે. સામાના ઉપર કષાય કરીને સામાને આમ કરી નાખું... સામાને આમ કરી નાખું.... સામાને આમ કરી નાખું એ નથી. કેમ? કે એને એ જોવે છે કે આ જીવ બિચારો ભૂલ્યો છે. કેવો છે? બિચારો ભૂલ્યો છે. બિચારો છે. કેમ? કે એ જીવ એને પોતાને પણ નુકસાન કરી રહ્યો છે. શું કરી રહ્યો છે? પોતાને પણ નુકસાન કરી રહ્યો છે. પોતાને પણ દુઃખ થશે, દુર્ગતિ થશે એવું કરી રહ્યો છે.

એટલે એ આશય હોવાથી એ જ જીવ પલટો મારે કદાચ, કે અરેરે..! મારી ભૂલ થઈ ગઈ. એ જેનો પ્રતિકાર કરતો હતો એના ચરણમાં પડી જાશે. એને માથે ઉપાડી લેશે કે શાબાશ! તેં પલટો માર્યો. જો એને દ્વેષ થઈ જાત એવી મર્યાદામાં આવ્યો હોત તો એ ફરત તોપણ એને એ સ્વીકારત નહિ. એનો પૂર્વગ્રહ એમને એમ રહેત. ઓલો પલટો મારી જાત, પણ આ ન ફરત. એવી મર્યાદાવાળા પરિણામ ન થાય. લ્યો ઠીક! એમ મર્યાદા છે.

એમ કહે છે, સમ્યગ્દૃષ્ટિએ સિંહને માર્યો, સિંહ મરી પણ ગયો. એ મરી ગયો એનો એને ખેદ થાય, કે અરેરે.! આમ ક્યાં થઈ ગયું? પણ મારે ઉપાય નહોતો. હું કાંઈ મુનિરાજને મરવા દઉં નહિ. બીજો ઉપાય નહોતો આમાં. આમાં બીજો ઉપાય નહોતો એટલે એમ થયું છે. મારવા ખાતર નથી માર્યો, બચાવવા ખાતર માર્યો (છે). અને ન્યાયની દૃષ્ટિએ એને ગુનો નથી ગણાતો.

જેમકે કોઈ ગુંડો છે એ સજ્જન માણસને મારવા આવ્યો. ઓલાના હાથમાં લાકડી કે છરી કે કાંઈક હતું ગુંડાના હાથમાં અને સજ્જનના હાથમાં કાંઈ હતું નહિ. એટલે એણે શું કર્યું કે પૂરી તાકાતથી ઓલાનો છરીવાળો હાથ પકડી લીધો. જોરથી. એનામાં પણ તાકાત હતી. સજ્જન માણસમાં પણ તાકાત હતી. જોરથી એવો હાથ પકડ્યો કે ઓલાનો હાથ વળીને છરી એના પેટમાં વઈ ગઈ. ઓલો મરી ગયો-મારનારો મરી ગયો. એને તો પોતાને બચવાનો ભાવ હતો. હવે એ કેસનું પંચાતનામું તો થાવાનું પોલીસ કેસમાં. કોર્ટમાં કેસ ચાલવાનો. તો જજ એમ કહે છે કે નહિ. આ એને મારવા ગયો હતો, આ એને મારવા નહોતો ગયો. આના ઘરે ઓલો ગુંડો આવ્યો છે. છરી લઈને આવ્યો છે, છરી ગુંડાની છે. ભલે એના પેટમાં વાગી. એટલે ઓલો એમ કહે કે હું બચાવવા ગયો એમાં એ મરી ગયો. હું મારી જાતને બચાવવા ગયો એમાં એ મર્યો, હું શું કરું?

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં અભિપ્રાય ઉપર વધારે જોર છેને? અભિપ્રાય બચવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય, વજન આખું ત્યાં છે. વજન છે દેવ-શાસ્ત્ર-ગરુને બચાવવાનું, સામાને મારવાનું નથી. એ એની મર્યાદા છે. મર્યાદામાં આમ વાત છે.

મુમુક્ષુ :- પણ સાહેબ! જ્યાં તકલીફ છે ત્યાં કોઈ જજ છે નહિ. ઉપરવાળા જજ છે તે આવતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ વાંધો નહિ. જજ હોય કે ન હોય. કુદરત છે એ જજ છે. કુદરત છે એ બધો ન્યાય કરે છે. કોઈને જજ થવાની જરૂર નથી આમાં. આ વિશ્વ સ્વયંસંચાલિત છે. કુદરત બધી વ્યવસ્થા કરે છે.

મુમુક્ષુ :- પણ જજ છે. પણ એના ઉપર જ હુમલો થઈ રહ્યો છે તો બિચારો જજ શું કરે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું શું છે કે હુમલો થયો છે એ કાંઈ મફતનો નથી થયો. એ પણ એક પરિણામનું જજમેન્ટ છે. એ આપણે સ્વીકારવું જોઈએ કે ન સ્વીકારવું જોઈએ? આપણો અપરાધ આપણે ન સ્વીકારીએ તો એ પણ ન્યાય નથી. એ પણ સ્વીકારવું. એમ નથી. આપણને ઉદય નથી ગમતો પણ ઉદય છે એ તો એક રિઝલ્ટ આવ્યું છે. એટલે માર્ગ તો સરળતાનો છે. સરળતાથી ચાલવું.

'**આત્માનું જેને પ્રયોજન સાધવું છે...**' એ વાત પહેલા કેમ લીધી? કે તને તારા પ્રયોજનની મુખ્યતા હોવી જોઈએ. તો ઑટોમેટિક એ જ મર્યાદાના પરિણામ થાશે. તારા પ્રયોજનને સાધવાની મર્યાદાના પરિણામ થશે. દેવ-ગુરુ-શાસ્ત્રને કેમ બચાવે છે વિરોધ કરનારાથી? કે પોતાનું પ્રયોજન દેવ-ગુરુ-શાસ્ત્રથી સધાય છે. તો દેવ-ગુરુ-શાસ્ત્રની રક્ષા નથી કરતો, પોતાના પ્રયોજનની રક્ષા કરે છે. કોની રક્ષા કરે છે? પોતાના પ્રયોજનની. કેમકે પ્રયોજનમાં બાધા આવે છે. પ્રયોજનમાં બાધા આવે તો એને તો પ્રયોજન સાધવું જ છે. એમાં બાધા આવે એ કાંઈ બરદાસ્ત કરે નહિ.

'**તેને વિભાવ પરિણતિ જોતી જ નથી.**' એ એનું પ્રયોજન છે. વિભાવ પરિણતિ જોતી જ નથી. જેમકે આકુળતા નથી જોઈતી. આકુળતા એટલે દુઃખ છે. દુઃખ નથી જોઈતું, પણ આકુળતાને કાઢવાની પણ આકુળતા તો થવી જોઈએ. એ ભૂમિકાની એ આકુળતા છે. આકુળતાને કાઢવા પણ આકુળતા એકવાર તો થવી જોઈએ. એ યથાસ્થાને છે. પણ એવી આકુળતા ન કરે કે આકુળતામાં ડૂબી જાય. એ એની મર્યાદા છે.

'**જેનું પ્રયોજન આત્મા સાધવો છે, જેને આત્માની લગની લાગી છે તે આત્માર્થી,...**' જુઓ! આત્માર્થીની વ્યાખ્યા કરી. '**જેનું પ્રયોજન આત્મા સાધવો છે,...**' આત્માર્થી કેવો છે? '**જેનું પ્રયોજન આત્મા સાધવો છે, જેને આત્માની**

લગની લાગી છે...' આત્મા સાધવાની પણ લગની લાગી છે, સ્વરૂપની પણ લગની લાગી છે. '**તે આત્માર્થી તેને વિભાવ પરિણતિનું એકત્વપણું હજી છૂટયું નથી...**' હજી એકત્વમાં ઊભો છે. જ્ઞાનદશા પહેલાં તો એકત્વ તો ચાલુ છે. '**તો પણ, મર્યાદા બહાર જતો જ નથી.**' કેમકે પ્રયોજન છે એ ગૌણ થાતું નથી. આત્માને સાધવાનું જે પ્રયોજન છે એની મુખ્યતામાં ઊભો છે. એની મુખ્યતાવશ જે પરિણામ થાય તે થાય, ન થાય તે ન થાય બસ. એમ વાત છે.

મુમુક્ષુ :- વહ જ્યાદા પંચાયત મેં પડેગા નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- હાં.

'**અને તો જ આત્માને સાધી શકે છે, આત્મા મળે છે.**' એ પ્રયોજનની મુખ્યતા રહે તો જ આત્માને સાધી શકે અને તો જ આત્મા એને પ્રાપ્ત થાય. મળે એટલે પ્રાપ્ત થાય. '**નહિ તો આત્મા કયાંથી મળે?**' પ્રશ્ન ઉઠાવ્યો છે. નહિતર આત્માને મળવાનો કાંઈ પ્રશ્ન રહેતો નથી. '**આત્માનું પ્રયોજન ન હોય તો તેને આત્મા કયાંથી મળે?**' વજન કયાં છે જુઓ. પહેલું જે વાક્ય લખ્યું કે '**આત્માનું જેને પ્રયોજન છે સાધવું છે...**' ત્યાં વજન છે. પ્રયોજનની પક્કડમાં પરિણામ થાઓ તે થાઓ.

હવે આપણે તર્ક કરીએ ઓલામાં જ્યાં સિંહ મરે છે ત્યાં કે સિંહની જગ્યાએ કોઈ ગાય-ભેંસ આવી હોત તો કાંઈ એને તલવાર મારત? લાકડી લઈને એને હટાવત. શું કરત? એને લાકડી લઈને હટાવત. એને કાંઈ મારી ન નાખત. કેમકે એને કોઈને મારવાનું પ્રયોજન નથી. પણ સામે પ્રસંગ એવો હતો કે લાકડીથી પતે એવું નહોતું તો તલવાર લેવી પડી. સામાને પ્રયોજન શું છે?

મુમુક્ષુ :- મુનિરાજની સામે સિંહ હતો અને એણે તલવાર લીધી. મુનિરાજ ના હોય અને ખાલી કોઈ અજ્ઞાની હોય તો તલવાર થોડી હાથમાં લે? લાકડી ન લે.

પૂજ્ય ભાઈશ્રી :- તો ન લે. કાંઈ ન લે, કાંઈ ન લે. પ્રશ્ન તો દેવ-ગુરુ-શાસ્ત્રનો છેને? પ્રશ્ન તો દેવ-ગુરુ-શાસ્ત્રનો છે.

'**અમુક પાત્રતા તો હોવી જ જોઈએ.**' એટલે આત્માનું પ્રયોજન સાધવારૂપ પાત્રતા તો હોવી જ જોઈએ. એ અમુક પાત્રતા છે કે મારે મારા પ્રયોજનને મુખ્ય રાખીને ચાલવું છે. તો પરિણામ સહેજે જે થવા યોગ્ય હશે તે તેના સ્થાનમાં થશે. એમ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રયોજનની મુખ્યતાવાળો જ તલવાર હાથમાં લે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો એમ જ છેને. એમ જ છે, એ સહજ છે. પણ એમ કરવું એમ ઉપદેશ ન હોય. ઉપદેશ એમ ન આપે કે તું આમ કર, તું તલવાર લે. એ સહેજે જે થાય તે થાય એના પ્રસંગે. એમ છે.

'**બધાએ વિચારો ફેરવીને શાંતિ રાખવી.**' એ એટલા માટે કીધું કે ત્યાં પ્રસંગ ચાલુ હતો. બહેનશ્રીનો વિરોધ ખૂબ થતો હતો અને હજી પણ કરે છે તે કરે છે. હિન્દીભાષી ક્ષેત્રમાં આજે પણ બહેનશ્રીનું નામ ન લેવાય. નહિ તો વિરોધ થઈ જાય.

મુમુક્ષુ :- સૂર્યકીર્તિ ભગવાનનો પ્રસંગ હતોને? નંદીશ્વર જિનાલયના ટાઈમે?

પૂજ્ય ભાઈશ્રી :- એ હોઈ શકે. ટાઈમ તો આમાં તો નથી લખ્યો. પણ બે વખત મોટું (તોફાન હતું). પ્રતિષ્ઠા વખતે પણ મોટું તોફાન હતું અને અમસ્તુ શરૂઆત ગુરુદેવ ગયા ત્યારથી બહેનશ્રીની સામે તો ચાલતું જ હતું. એટલે જ્ઞાની શાંતિ રાખવાનું કહે. એમ ન કહે કે તું મારા માટે આમ કર. મારી રક્ષા કરવા માટે તું અશાંતિ કર એમ ન કહે. એમ કહે શાંતિ રાખવી. તમારે શાંતિ રાખવી. એ ૫૬ થયો.

પ્રશ્ન-૫૭

પ્રશ્ન :- શરીર કામ કરતું નથી, અહીંયાં રહી શકાતું નથી. તો શું કરવું?

સમાધાન :- ગુરુદેવે ઘણું કહ્યું છે. આત્માનું જ કરવાનું છે. શરીર ક્યાં આત્માનું છે? રોગ-વેદના આત્મામાં નથી, તેનાથી જુદો આત્મા છે. હું જાણનારો છું, રોગ થાય તે મારામાં નથી. શરીર ઉપર રાગ છે એટલે તેમાં એકત્વબુદ્ધિએ જોડાઈ જવાય છે, પણ શાંતિ રાખવી. ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો કે હું જાણનારો, સદાય જુદો જ છું.

બહારના ઉદય આવે તે પોતાનું સ્વરૂપ નથી. તેમાં શાંતિ રાખવી. ગુરુદેવે કહ્યું તે તત્વના વિચારો કરવા, આત્માનું સ્વરૂપ વિચારવું ને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા. હું જ્ઞાયક છું. રોગ જુદો ને હું જુદો. આકુળતા થાય, પણ હું તો આત્મા છું. આ રોગ મારું સ્વરૂપ નથી, એમ વિચારી શાંતિ રાખવી અને વારંવાર જ્ઞાયક આત્માને યાદ કરવો. રોગ તો શરીરમાં આવ્યા કરે, તે આત્મામાં આવતો નથી. તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. બધા ઉદય આવે, પણ આત્મા તો જુદો જ છે-આમ ગુરુદેવે કહ્યું તે વાક્યો યાદ કરવાં.

સનતકુમાર ચક્રવર્તીને પણ રોગ થયો હતો. તેઓ મુનિ થયા ને અંદર આત્મામાં લીન રહેતા હતા. દેવોએ કહ્યું કે રોગ મટાડી દઉં? પોતાને લબ્ધિ

હતી કે થૂંક ચોપડે તો રોગ મટે, તો પણ તેમ ન કર્યું. રોગ તો ગમે તેને આવે. ઉદય તો ઉદયનું કામ કરે, હું તો જ્ઞાયક જાણનારો જુદો છું.

મુમુક્ષુઃ– સત્સંગની ઈચ્છા રહે છે પણ બહાર જઈ શકાતું નથી, મૂંઝવણ થઈ જાય છે.

બહેનશ્રીઃ– ઘરમાં બેઠાં જે થાય તે કરવું. ઘરમાં બેઠાં બેઠાં પણ થઈ શકે છે. સત્ સંગ કરવાની–સાંભળવાની ઈચ્છા થાય, પણ તે ન બને તો ઘરમાં બેઠાં પણ થાય છે– ભાવ સારા રાખી શકાય છે. વાંચન આદિ જે થાય તે કરવું. શરીર કામ ન કરે ત્યાં શું થાય? ઘરમાં બેઠાં કરવું. દેવ–શાસ્ત્ર–ગુરુના સાન્નિધ્યમાં આવવાની ઈચ્છા થાય, પણ ન જવાય ત્યાં શું થાય! અંદર આત્મામાં સારા વિચારો કરવા, મૂંઝાઈ જવાય તો વારંવાર વિચારો ફેરવવા, અને શાંતિ રાખવી. ૫૭.

પ્રશ્ન ૫૭ ઉપર પ્રવચન

૫૭. '**પ્રશ્ન :– શરીર કામ કરતું નથી, અહીંયાં રહી શકાતું નથી. તો શું કરવું?**' અહીંયાં એટલે સોનગઢ. હવે અમારું સ્વાસ્થ્ય છે એ કામ નથી કરતું. કામ નથી કરતું એટલે ચલતા નહીં હૈ, શરીર નહિ ચલતા. અને અહીંયાં રહી શકાતું નથી. પણ ક્યાંક તો રહેશેને? અહીંયાં નથી રહેવાતું તો ક્યાંક તો રહેશે કે નહિ રહે? જ્ઞાની એમ ન કહે કે તું અહીંયાં રહે. એ નિર્ણય પોતે કરવાનો છે, પોતે કરવાનો છે. ક્યાંક તો રહેવું છેને? અનુકૂળ પ્રતિકૂળ થશે. પણ સત્સંગને ગૌણ કરાય નહિ. એને પકડી રાખવો જોઈએ. એને અભિપ્રાય એ બંધાઈ જવો જોઈએ. પણ પોતે જ્ઞાનીને એમ ન કહે કે તું અહીંયાં રોકાઈ જા. એમ ન કહે કે તું અહીંયાં રોકાઈ જા. કેમકે તો પછી એ વળી પાછી બીજી લાઈન શરૂ થઈ જાય. એ તો એ સહેજે સહેજે થાય તે બરાબર છે.

'**સમાધાન :– ગુરુદેવે ઘણું કહ્યું છે.**' જેણે પ્રશ્ન કર્યો છે એને શું કહે છે કે '**ગુરુદેવે તો ઘણું કહ્યું છે.**' એ તમે સાંભળ્યું છે. '**આત્માનું જ કરવાનું છે.**' અહીંયાં રહો કે ક્યાંય પણ રહો તમારે આત્મકલ્યાણ જ કરવાનું છે. '**શરીર ક્યાં આત્માનું છે?**' એમ કહીને એમ કીધું કે શરીરને મુખ્યતા આપવી નહિ. ક્યાંક બીજે

રહેશો એટલે શરીર સરખું રહેશે એવું તો કાંઈ નથી. સમાજ પ્રતિબંધને ગૌણ કરીને, કુટુંબ પ્રતિબંધને ગૌણ કરીને, શરીર પ્રતિબંધને ગૌણ કરીને સત્સંગને ઉપાસવો. સત્સંગને તો ઉપાસવો.

મુમુક્ષુ :- ઈતને વિરોધ કે સમય મેં ભી બહેનશ્રી સોનગઢ મેં હી રહી. ઉનકા ઈતના વિરોધ હુઆ થા ફિર ભી સોનગઢ મેં રહી, આસપાસ કહીં ભી નહીં?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નહીં ગઈ. ઐસે તો હમ લોગ થે ન. જાને થોડે દેતે. ઉસ ટાઈમ ઐસા સુના થા કિ વિરોધ બહુત કરતે હૈ. વિરોધ કરનેવાલા ગ્રુપ બડા હૈ. તો શાયદ સોનગઢ છોડ દેગી. તો ફિર હમ બોલે કિ નહીં, યહ બાત તો હમ હૈ વહાં તક તો સંભવ નહીં હૈ. જો ભી ગડબડ કરેગા તો હમ સામને ખડે રહ જાયેંગે. વહ બાત ચલ ગઈ થી. હમ કો ફેસ કરના પડેગા ઐસા નહીં ચલેગા. વહ બાત તો ચલી થી. ફિર ભી કભી હોનહાર ઐસા હોતા હૈ તો ઐસા ભી હો જાતા હૈ. વહ તો હોનહાર કુછ ઠીક થા તો સબ સમાજ પલટને લગા. બાત પલટી ભી. કભી ઐસા નહીં ભી બને.

મુમુક્ષુ :- આપ યહાંપર ઐસા કહ રહે હો, હમ લોગ થે. હમમેં ઔર કોન?

પૂજ્ય ભાઈશ્રી :- હમ થે વહી બહુત બાત થી. હમ અકેલે હી બહુત થે.

મુમુક્ષુ :- ગુરુદેવ સનાવદમાં ગયા હતાને? ગુરુદેવ સનાવદમાં. પછી તો બહુ વિરોધ થયો હતો. ગુરુદેવને બીજા પાછલા બારણાથી અંદર લઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ પણ થાય, એમ પણ થાય. પરિસ્થિતિ જોઈને ચાલે. અને બહારનું તો બધું પુણ્યયોગ અનુસાર છે. પણ પરિણામ તો જે હોવા ઘટે તે જ હોવા ઘટે. પરિસ્થિતિ અનુસાર પરિણામ ન બદલાય.

મુમુક્ષુ :- એને પણ ... ભાવ હતો. ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમા એવું છે કે આ બધા પ્રકારનું વીર્ય જ જુદી જાતનું હોય છે. એટલે એમાં કાંઈ પરિણામ તો એ જેવો પ્રસંગ હોય એવું સહેજે આવી જાય. કરવા પડે એવું ન હોય, સહેજે આવી જાય.

મુમુક્ષુ :- ગુરુદેવમાં આવે છેને કે પુણ્ય હોય તો વિરોધ કરે, નહિતર તલ્લાક આવે. તલ્લાક તો આવે જ અંદર.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તલ્લાક આવ્યા વિના રહે નહિ. પોતાના પુણ્ય હોય તો વિરોધ કરીને પહોંચી વળે. એમ લાગે કે પુણ્ય નથી આપણા, તોપણ એને નિષેધ તો જોરથી આવે. તલ્લાક જોરથી નિષેધ આવ્યા વિના રહે નહિ. એ લીધું છે એમણે. ગુરુદેવના વચનામૃતમાં એ વાત છે.

'રોગ-વેદના આત્મામાં નથી,...' 'શરીર કયાં આત્માનું છે?' અને શરીરનો રોગ અને શરીરની વેદના એ કાંઈ આત્મામાં નથી. **'તેનાથી જુદો આત્મા છે.'** આત્મામાં નથી એટલે મારામાં નથી, હું એનાથી જુદો છું. **'હું જાણનારો છું, રોગ થાય તે મારામાં નથી. શરીર ઉપર રાગ છે એટલે તેમાં એકત્વબુદ્ધિએ જોડાઈ જવાય છે, પણ શાંતિ રાખવી. ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો કે હું જાણનારો, સદાય જુદો જ છું.'** હવે આ જે ભેદજ્ઞાન કરવું છે, શાંતિ રાખવી છે, એકત્વબુદ્ધિ તોડવી છે, એમાં સત્સંગનો આધાર એને મદદરૂપ છે કે સત્સંગ છોડીને મદદ થવાની છે? એને સત્સંગ જ કામમાં આવશે. પણ એ વિવેક પોતે જ કરવાનો છે. હવે ઈ ત્યાં પૂછવા જાય કે હું અહીંયાં રહું કે ન રહું? અહીંયાં નથી રહી શકાતું મારે શું કરવું? પ્રશ્ન શું કર્યો છે? અહીંયાં રહી શકાતું નથી મારે શું કરવું? તારા પરિણામ પ્રમાણે કર બીજું શું? અહીંયાં રહીને આર્તધ્યાન કરવાનો તો કાંઈ અર્થ નથી. અહીંયાં રહીને પરિણામ સુધારવા છે અને ત્યાં રહીને પણ પરિણામ સુધારવા છે. પરિણામને સુધરવાની તક અહીંયાં વધારે છે. એટલી વાત જરૂર છે. પણ એ વિવેક તો એને પોતાને થવો જોઈએ, પોતાનો હોવો જોઈએ.

મુમુક્ષુ :- એ પૂછવા માટે આવે તો એનો વિવેક નથી એવું થયુંને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પૂછવાનો વિષય નથી, એ પૂછવાનો વિષય નથી. એટલો સાધારણ વિવેક તો પોતાને જ હોવો જાઈએ. એ તો સાધારણ વાત છે. અને અમથો તો બધે બુદ્ધિ લગાવે છે કે નથી લગાવતો? નાની-મોટી વાતમાં બધે બુદ્ધિ લગાવે છે કે નથી લગાવતો? તો અહીંયાં એટલું નથી સમજાતું? અને જેને સત્સંગનો વિવેક નથી, સમજી લેવું જોઈએ કે એને આત્મકલ્યાણ ખરેખર કરવું જ નથી. સત્સંગનો વિવેક ખોયો એણે બધું ખોયું. ગયો પછી. પછી એનો કોઈ ઉપાય નથી. એમ છે.

મુમુક્ષુ :- સત્સંગમાં પણ રહે અને બધી રીતે સાંભળે, પણ અમને જ્ઞાનીએ આજ્ઞા જ કરી કે અમે તો જ્ઞાતાદ્રષ્ટા જ રહીએ.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની કાંઈ એમ કહે તું આમ કર ને તેમ કર. જ્ઞાની શાંતિ રાખવાનું કહે.

મુમુક્ષુ :- સત્સંગ કે વિવેક સે કયા કહના ચાહતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગ મેં રહના યહી વિવેક હૈ. સત્સંગ મેં રહને કા ભાવ રહના યહી વિવેક હૈ. સત્સંગ સે દૂર જાને કા ભાવ હોવે શરીર કે કારણ સે, કુટંબ કે કારણ સે, સમાજ કે કારણ સે, વહ વિવેક નહીં હૈ, વહ અવિવેક હૈ. ઐસા લેના.

શું કહે છે? અહીંયાં શરીરની વાત છે. અહીંયાં પ્રશ્ન પૂછ્યો છે એને શરીરને કારણે પ્રશ્ન પૂછ્યો છે. તો કહ્યું કે દેખો '**રોગ-વેદના આત્મામાં નથી,...**' રોગ અને વેદના આત્મામાં નથી. તું આત્મા છે. આમાં બધો સંકેત આવી જાય છે કે તું ભેદજ્ઞાન કર. તને રોગને-વેદનાને વશ વિચાર આવે છેને કે મારે અહીંયાં રહેવાતું નથી. શું કરવું? શરીર કામ કરતું નથી. તો કહે છે, શરીર કામ કરતું નથી પણ આત્મા તો કાંઈ કામ કરે છે કે નહિ? કામ આત્માથી કરવાનું છે, શરીરથી નથી કરવાનું. અને કદાચ તારે ક્યાંય શરીરને ટ્રિટમેન્ટ માટે કે શરીરના ઉપચાર માટે ક્યાંક જાવું પડે, તો પણ હેતુ એ હોવો જોઈએ કે શરીર ઠીક થાય તો આત્મકલ્યાણ વધારે સાધવું છે અને જ્યાં જાઉ ત્યાં, ભલે ટ્રિટમેન્ટ માટે જાઉં કે ગમે તે કારણથી જાઉં, તોપણ ત્યાં પણ આત્મકલ્યાણનો મારો પ્રયત્ન હું ચાલુ રાખીશ, એ નહિ છોડું. એમ તો સાથેને સાથે રાખવું જોઈએ. કોઈવાર એવું બને કે સત્સંગનો યોગ ન રહે. એવા પણ પ્રસંગ ઊભા થાય કે સત્સંગનો યોગ ન રહે. તો પણ આત્મકલ્યાણની વૃત્તિ છૂટવી જોઈએ નહિ. એકત્વબુદ્ધિ છે, શરીર ઉપર રાગ છે, જોડાઈ જવાય છે તો પણ પુરુષાર્થ ચાલુ રાખવો. શાંતિ રાખવી એટલે પુરુષાર્થ ચાલુ રાખવો કે '**હું જાણનારો, સદાય જુદો જ છું.**' ભેદજ્ઞાન કરવાનો પુરુષાર્થ પણ ચાલુ રાખવો.

'**બહારના ઉદય આવે તે પોતાનું સ્વરૂપ નથી.**' શરીરના રોગથી માંડીને જે કોઈ ઉદય આવે તે પોતાનું સ્વરૂપ નથી. પોતાનું સ્વરૂપ નથી એટલે ઉદય મારો નથી. તો ઉદય કોનો છે તો પછી મારો નથી તો? ઉદય ઉદયનો છે. તો કહે કેમ ઉદય ઉદયનો છે? કે ઉદય કોનામાં આવ્યો છે? ઉદય કોનામાં આવ્યો છે? તારામાં આવ્યો છે? તારામાં આવવાની જગ્યા નથી. ઉદય તારામાં આવે એવી કોઈ તારામાં જગ્યા નથી. તને એમ લાગતું હોય કે ઉદય મને આવ્યો અને મને મારામાં આવ્યો, તો તારી ભૂલ થઈ છે. ઉદય તારામાં આવી શકતો નથી. ઉદય ઉદયના ઘરમાં છે, તું તારા ઘરમાં છો. તું વળગે છે તો ઉપાધિ છે અને ન વળગે તો શાંતિ છે. આમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઐસી માન્યતાસે હી યેડા (પાગલ) હો ગયા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો એ ઉદય આત્મામાં ન આવ્યો તો એણે અંદર લઈ લીધો. તોપણ એણે લઈ લીધો.

'**બહારના ઉદય આવે તે પોતાનું સ્વરૂપ નથી. તેમાં શાંતિ રાખવી. ગુરુદેવે કહ્યું તે તત્ત્વના વિચારો કરવા,...**' ગુરુદેવે જે કહ્યું છે એનો વિચાર કરવો. '**આત્માનું સ્વરૂપ વિચારવું...**' એ વખતે આત્માનું સ્વરૂપ વિચારવું. ભિન્ન જ્ઞાનમય. કાલે આવ્યુંને? જ્ઞાનક્રિયાને પકડીને ભિન્ન જ્ઞાનમય. જુઓ ચાલે છે એ જ્ઞાન ભિન્ન છે. સ્વયં ચાલે

છે, કોઈના કરવાથી ચાલતું નથી. **'આત્માનું સ્વરૂપ વિચારવું ને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા.'** એ વાત શું કરવા વચ્ચે લે છે? કે કોઈવાર જીવના પરિણામ એવા હોય છે કે આત્મા ઉપર પરિણામ લઈ જવા હોય તો લઈ જઈ ન શકે. સીધી આત્માના અવલંબનમાં આવી શકે એવી એની સ્થિતિ ન હોય. એને શું કરવું? તો કહે છે, એણે દેવ-ગુરુ-શાસ્ત્રને પકડવા. એનું આલંબન લેવું. તને સ્વરૂપનું આલંબન હાથ લાગતું ન હોય તો દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન લેજે.

મુમુક્ષુ :- એનાથી ફાયદો શું થશે?

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયનું આલંબન છૂટી જાશે. ઉદયના આલંબને જે કર્મો બંધાય છે એ નહિ બંધાય. એમ છે. વાત તો ઉદયમાં ભરાય છે ત્યારે એને દુઃખ અને આકુળતા થાય છે. ઉદયના આશ્રયે ભય, આકુળતા, દુઃખ થાય છે. ત્યાંથી છૂટવા માટે બે રસ્તા છે—કાં તો સ્વરૂપનું આલંબન લે કાં તો દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન લે.

મુમુક્ષુ :- ત્રીજો રસ્તો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રીજો રસ્તો નથી.

મુમુક્ષુ :- ગ્રહણપૂર્વક હી ત્યાગ હોતા હૈ, ઈધર કા અવલંબન લેગા તો ઉધર કા છૂટ જાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- આ માણસ મરી જાય પછી બારમું-તેરમું શું કરવા કરે છે? આ બધા ભેગા શું કરવા થાય છે? સગાસંબંધીઓ આવે છે એ શું છે? એનું જે એને આલંબન પકડયું છે કે આ મારો ફલાણો મરી ગયો, મારો ફલાણો એ છોડાવવું છે. ડાહી ડાહી વાતું કરે કે ભાઈ, જે થવાનું હતું એ થઈ ગયું. આયુષ્યનો કોઈ ઉપાય નથી. તૂટી એની બુટી નથી, ફલાણું છે, ઢીંકણું છે. ઈશ્વરના ઘર આગળ કોઈનો ઉપાય નથી. ઈશ્વરે માર્યો એને? જુવાનજોધ માણસ મરી જાય તો કાંઈ ઈશ્વરે એને માર્યો? પણ એ બધું ઉપયોગને ફેરવવા માટેની વાત છે, આલંબન છોડાવવાની વાત છે. મીઠાઈ ખવડાવવી એ આલંબન છોડાવવાની વાત છે.

મુમુક્ષુ :- ડાયવર્ટ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ડાયવર્ટ કરે છે. એમાં શું થાય કે જે નજીકના હોયને એ એની પાસે જ રહે. નજીકના હોય એ એની પાસે જ રહે. એકલો પડે તો ઓલો વિચારે ચઢેને, એમ કહે છે. એકલો ન પડવા દે એને. એ બધી ટીકટેક તો સંસારમાં ચાલે છે કે નથી ચાલતી ઉપયોગને બદલવાની? અહીંયાં તને એટલો વિવેક નથી આવતો કે કેવી રીતે ઉપયોગને બદલવો? શરીરમાં રોગ આવે ત્યારે કાં આત્માનું આલંબન લે, કાં દેવ-ગુરુ-શાસ્ત્રનું આલંબન લે.

મુમુક્ષુ :- પહલે તો કહતે હૈં તેરે હૈં, ફિર કહતે હૈં કિ તેરે નહીં હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- દુનિયા દો રંગી હૈ, દુનિયા દો રંગી હૈ. દોનોં રંગ બતાયેગી. તૂ અપના કામ કર લે. તો દોનોં બાજુ નિંદા કરેગી. ઉનકા પુણ્ય ઉદય આયેગા તો દોનોં બાજુ પ્રશંસા કરેંગે. જૈસે કોઈ ઉદાર હૈ. તો પાપ કા ઉદય આયેગા તો ઉડાવ બોલેગા ઉસકો. કયા બોલેગા? ઉડાવ હૈ, મૂર્ખ હૈ, ઉસકો વિવેક નહિ હૈ. ફિર પરેશાન હો જાયેગા. અભી ખર્ચ કર દેતા હૈ તો કલ પરેશાન હો જાયેગા. કલ ભીખ માંગના પડેગા. ઐસા હૈ. પુણ્યકા ઉદય હોગા તો ઉસકો માલા પહનાયેગા. વાહ! આપકે જૈસા કોઈ દાનવીર નહિ.

મુમુક્ષુ :- ઉસી કે હાથપેર દબાને લગેંગે. પુણ્ય કા ઉદય આ જાયેગા તો, એના હાથપગ દબાવશે પુણ્યનો ઉદય આવશે તો.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, પગચંપી કરેગા યા પ્રશંસા કરેગા, એક હી બાત હૈ.

'આત્માનું સ્વરૂપ વિચારવું ને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા.' જુઓ! એમણે કેવું કર્યું હતું! કોઈને માંદગીનો ઉદય આવ્યો છે. બનતા સુધી જૂઠાભાઈને. મારા પરમાત્મા, મારા નાથ એવા પાર્શ્વનાથ ભગવાનને...

મુમુક્ષુ :- ૩૭ નંબરમાં.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૭ નંબરનો પત્ર છે. ત્યાં પાર્શ્વનાથ ભગવાનને શું કરવા યાદ કર્યા ચોવીસમાંથી? કે પાર્શ્વનાથ ભગવાન જ એક એવા ભગવાન હતા કે જેમના ઈતિહાસમાં ઓલા કમઠની એને પ્રતિકૂળતાઓનો ઉદય બહુ રહ્યો. વિરોધ બહુ કર્યો. અનેક ભવ સુધી એ કમઠના જીવે પાર્શ્વનાથ ભગવાનની સામે ગડબડ કર્યા કરી. પીછો છોડતો જ નહોતો એ. ભવભવાંતરમાં. ઘણાં તો છેક સુધી માણસ જીવતો હોય તો ત્યાં સુધી પીછો નો છોડે. આ તો ભવભવાંતરમાં એનો પીછો નહોતો છોડતો. તોપણ પાર્શ્વનાથ ભગવાન પોતાની સાધનામાં અડગ રહ્યા. એમ તમને અત્યારે પ્રતિકૂળતા આવી છે તો પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરો. મારા ભગવાનનું સ્મરણ કરો. મારા પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરો. એમ લીધું.

મુમુક્ષુ :- એમને પ્રતિકૂળતા નહોતી આવી. કૃપાળુદેવ ઉપર ખરાબ બોલતા હતા કે એવું કાંઈક છે. એટલે એમાં શાંતિ નહોતી રાખી શકતા. વાત એમ છે. એટલે પાર્શ્વનાથ ભગવાનને આવું થયું હતું એટલે અમને થાય છે એમ કરીને એને સમજાવે છે. એને ઠારે છે, પણ ઓલું ઠરતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમ દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા એનો અર્થ એ છે કે તીર્થંકર જેવા તીર્થંકરોને પણ પ્રતિકૂળતાઓ તો આવી છે.

'**હું જ્ઞાયક છું. રોગ જુદો ને હું જુદો. આકુળતા થાય, પણ હું તો આત્મા છું.**' આકુળતા થાય તોપણ. એમ તોપણ એમ કહીને એને ગૌણ કરીને '**હું તો આત્મા છું. આ રોગ મારું સ્વરૂપ નથી, એમ વિચારી શાંતિ રાખવી અને વારંવાર જ્ઞાયક આત્માને યાદ કરવો.**' સ્મરણ કરવું અને અવલંબન લેવું. સ્મરણ કરવું અને સંભાળવો. '**રોગ તો શરીરમાં આવ્યા કરે, તે આત્મામાં આવતો નથી. તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. બધા ઉદય આવે, પણ આત્મા તો જુદો જ છે-આમ ગુરુદેવે કહ્યું તે વાક્યો યાદ કરવાં.**' છેવટે ગુરુદેવ ઉપર લઈ ગયા પાછા. આવું બધું ગુરુદેવે સમજાવ્યું છે એ વધારે તમે સ્મરણમાં લ્યો, ઉપયોગને બદલો. સ્મરણમાં લ્યો એનો અર્થ કે ઉપયોગને શરીર ઉપરથી બદલો અને ગુરુદેવના ઉપદેશ ઉપર ઉપયોગને લઈ જાવ. પછી સનતકુમાર ચક્રવર્તીનો દાખલો આપ્યો છે. ત્યારપછી પણ પ્રશ્ન કરનારે આગળ પ્રશ્ન લંબાવ્યો છે કે સત્સંગની ઈચ્છા છે અને બહાર જવાતું નથી. એના ઉપર પણ માર્ગદર્શન આપ્યું છે.

તા. ૧૭-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૫૭-૫૮, પ્રવચન નં. ૩૫

સ્વાનુભૂતિદર્શન. પાનું-૫૪મું. પ્રશ્ન એમ ચાલ્યો છે કે શરીર કામ ન કરતું હોય, સત્સંગમાં ન રહી શકાતું હોય તો શું કરવું? ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો. વિકલ્પ ચાલે છે. દૃષ્ટાંત આપે છે. પહેલાં પેરેગ્રાફથી ૫૪માં પાને. '**તેઓ મુનિ થયા ને અંદર આત્મામાં લીન રહેતા હતા. દેવોએ કહ્યું કે રોગ મટાડી દઉં?**' તે દેવો પરીક્ષાબુદ્ધિથી આવેલા. તમે રોગથી પીડિત છો, ઘણાં સમયથી પીડાવ છો તો ... '**પોતાને લબ્ધિ હતી કે થૂંક લગાડે તો રોગ મટે.**' ખાલી થૂક લગાડે... ગળતકોઢ નામનો રોગ હતો, હાથ-પગના આંગળા ગળે. ... પોતાની લબ્ધિનો ઉપયોગ ન કરે. ... તરસ લાગી હોય તો પાણી પણ ન લ્યે. ઔષધ-દવા પણ ન લ્યે. સવાલ

જ નથી. પોતાની લબ્ધિનો પણ ઉપયોગ ન કરે. (ઉદય) '**ઉદયનું કામ કરે. હું તો જ્ઞાયક જાણનારો છું.**' ભેદજ્ઞાન છે... કામ કરવાનું છે.

... લેકિન જિસકો કંટ્રોલ હૈ ઉસકો ચિંતા નહીં હૈ કિ ઐસા આયેગા તો કયા કરેગા? વૈસા આયેગા તો કયા કરેગા? વહ તો કિતના ભી કન્જસ્ટેડ ટ્રાફિક હો, વહ સબ પ્રકાર કા એડજસ્ટમેન્ટ કરકે બિના એક્સિડન્ટ કિયે વહ આગે નિકલ જાયેગા, પાર હો જાયેગા. ઉસકો ટ્રાફિક કી કોઈ ચિંતા નહીં હોતી હૈ કિ ટ્રાફિક આયેગા ઔર અધિક કન્જસ્ટેડ ટ્રાફિક આયેગા તો કહીં એકસીડેન્ટ તો નહીં હો જાયેગા? ઐસી શંકા ઉસકો નહીં પડતી.

ઐસે અનેક પ્રકાર કા ઉદય હૈ વહ ટ્રાફિક હૈ. ઔર હમ ઐસી અપેક્ષા કૈસે રખ સકતે હૈ કિ ઘર બાહર નિકલે ઔર ટ્રાફિક મિલે હી નહીં? યહ અપેક્ષા તો બેકાર હૈ. ઐસા કભી બનનેવાલા નહીં હૈ, કભી નહીં બનેગા ઐસા તો. ટ્રાફિક તો આયેગા, આયેગા ઔર આયેગા. પહલે સે યહ નિશ્ચય રહેતા હૈ કિ કિતના ભી હો, કુછ ભી હો, હમ કો કયા તકલીફ હૈ? હમ બરાબર ચલાયેગા. હોતા હૈ કિ નહીં હોતા હૈ? ગાડી કયા સ્કૂટર ભી ચલાતે હૈં. સ્કૂટર તો ટુ વ્હીલર હૈ. ઉસમેં તો બેલેન્સ રખને કા ભી હોતા હૈ. ગાડી તો ધીરી પડતી હૈ તો બેલેન્સ કા પ્રોબ્લેમ નહીં હોતા. સ્કૂટર તો ધીરા પડને સે બેલેન્સ કા પ્રોબ્લેમ નયા હોતા હૈ. વહ ભી નિકલ જાતા હૈ કિ નહીં નિકલ જાતા? ચલાતા હૈ કિ નહીં ચલાતા હૈ? ઈસલિયે કોઈ ભી ઉદય હો, ઉદય ઉદય કા કામ કરેગા. હમકો ઉદય સે ભિન્ન કૈસે રહના વહ ભેદજ્ઞાન કી કલા ઉસ પર હમારા કંટ્રોલ હોના ચાહિયે. વહ પ્રયોગાત્મક ચીજ હૈ, ઉસકા પ્રયોગ હોના ચાહિયે.

મુમુક્ષુ :- ઈસકા અર્થ દો ડિવિઝન પડ જાતા હૈ? દો ડિવિઝન. એક ઉદય કા ડિવિઝન ઔર એક જ્ઞાન કા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અલગ-અલગ હૈ. ઉદય કા ક્ષેત્ર અલગ હૈ. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ઔર ભાવ. ઉદય કા ઉદય મેં હૈ, જ્ઞાન કા જ્ઞાન મેં હૈ. એક દૂસરે મેં કભી કિસી કા પ્રવેશ હોતા હિ નહીં. જીવ અધ્યાસિત ભાવ સે અપને કો ઉસમેં ઈન્વોલ્વ કરકે પરેશાન હોતા હૈ ઔર કુછ નહીં. ઔર પ્રશ્ન ઉસમેં કિયા હૈ.

'**મુમુક્ષુ :- સત્સંગની ઈચ્છા રહે છે પણ બહાર જઈ શકાતું નથી,...**' શરીર મેં રોગ હૈ, અશાતા હૈ. ઈચ્છા તો હૈ કિ સત્સંગ મેં જાયે. લેકિન નહીં જા સકતે પરિસ્થિતિવશ ઈસલિયે '**મૂંઝવણ થઈ જાય છે.**' કયા કરે? ઔર કોઈ ભી ઈચ્છા હોવે ઔર ઈચ્છાકે અનુકૂલ પરિસ્થિતિ નહીં હોવે તો મૂંઝવણ માને ઉલજન, મૂંઝવણ

માને ઉલજન યાની અકુલાહટ. અકુલાહટ ભી કહતે હૈં, ઉલજન ભી કહતે હૈં. બહેનશ્રી ઉત્તર દેતે હૈં.

'**બહેનશ્રી :- ઘરમાં બેઠાં જે થાય તે કરવું.**' બેઠા માને ઘરમેં રહકર કે. જબ શરીર ચલતા હી નહીં, ઐસી લાચાર પરિસ્થિતિ હો. ચલતા હો વહાં તક તો થોડી અશાતા કો ગૌણ કરકે ભી ચલના ચાહિયે. ઉસમેં અશાતા કો મુખ્ય કરકે ઘર મેં બૈઠને કી બાત નહીં હૈ. તો શરીર પ્રતિબંધ હો જાયેગા. આજ તો થોડા ઐસા હોતા હૈ ચલો છોડ દો. આજ કા સત્સંગ છોડ દો. ઐસા નહીં હોના ચાહિયે. પરિણામ બિગડ જાય ઐસા નહીં હોના ચાહિયે. વહ એડજેસ્ટમેન્ટ કા અપને કો નિર્ણય લેના હૈ, એડજેસ્ટમેન્ટ કા નિર્ણય અપને કો લેના હૈ. ઘરમેં બૈઠ કર ભી પરિણામ કો સુધારના હૈ ઔર સત્સંગ મેં રહકર ભી પરિણામ કો સુધારના હૈ. સત્સંગ મેં જાકર કે પરિણામ બિગડે વો બાત તો હોની નહીં ચાહિયે. વહ એડજેસ્ટમેન્ટ કા સવાલ હૈ ઔર વહ કામ તો ખુદ કો હી વિવેક સે કરના હૈ.

'**ઘરમાં બેઠાં જે થાય તે કરવું. ઘરમાં બેઠાં બેઠાં પણ થઈ શકે છે.**' બેઠા-બેઠા માને રહ-રહકર ભી હો સકતા હૈ, નથી થઈ શકતું એવું નથી. ઘરે રહે માટે ન જ થઈ શકે એવું નથી. ઘરે રહીને પણ થઈ શકે છે. સત્સંગ મેં ઔર એક આધાર મિલતા હૈ. યાની બુસ્ટર મિલતા હૈ કામ કરને કા બલ મિલતા હૈ. ઘર મે સ્વયં કા બલ હોવે તો હી કામ હોતા હૈ. સ્વયં કા બલ નહીં હો તો પરિણામ બિગડને લગતા હૈ.

'**સત્સંગ કરવાની-સાંભળવાની ઈચ્છા થાય, પણ તે ન બને તો ઘરમાં બેઠાં પણ થાય છે—ભાવ સારા રાખી શકાય છે.**' ભાવને સુધારી શકાય છે, સારા રાખી શકાય છે. એ પોતાના પ્રયત્ન આધારિત છે, પુરુષાર્થ આધારિત છે. '**વાંચન આદિ જે થાય તે કરવું.**' વાંચન, ચિંતવન જો હો સકે વહ કરના. શરીર કામ ન કરે વહાં ક્યા હો સકતા હૈ? જ્યાં '**શરીર કામ જ ન કરે ત્યાં બીજું શું થાય?**' ઉસકા કોઈ ઈલાજ નહીં હૈ, કોઈ રાસ્તા નહીં હૈ. '**ઘરમાં બેઠાં કરવું.**' ઘર મેં રહેકર ભી કરના. ઘર મેં રહકરકે છોડ દેના વહ બાત નહીં હૈ. '**દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યમાં આવવાની ઈચ્છા થાય, પણ ન જવાય ત્યાં શું થાય!**' ક્યા કરે? પરિસ્થિતિ ન હો તો ક્યા કરે? '**અંદર આત્મામે અચ્છે વિચાર કરના**' યા અચ્છે પરિણામ કરના યા આત્મા કા પરિણામ અચ્છે કરના. '**મૂંઝાઈ જવાય તો વારંવાર વિચારો ફેરવવા, અને શાંતિ રાખવી.**' પરિણામ બિગાડના નહીં. પરિણામ મેં શાંતિ હોવે ઐસા હી પ્રયાસ કરના. પ્રાસંગિક કિસી અશાતાગ્રસ્ત મુમુક્ષુ આયા હોગા. ઉસકે સાથ પ્રશ્ન ચર્ચા

ચલી હૈ.

અબ જો હૈ કલ કા જો પ્રશ્ન થા. ઉસકે અનુસંધાન મેં થોડા કલ રાત કો પ્રશ્ન ચલા થા. ઉસકે અનુસંધાનમેં પ્રશ્ન આતા હૈ.

પ્રશ્ન-૫૮

પ્રશ્ન :– પોતાને અનુભવ થયો નથી, તો આ મંદ કષાય છે આત્મશાંતિ નથી એવો ભેદ પાડી શકે?

સમાધાન :– ભેદ પાડી શકે. જે સાચો આત્માર્થી હોય, જેને આત્મા ગ્રહણ કરવો છે તે ભેદ પકડી શકે છે. જો ભેદ ન પકડી શકે તો તેની દૃષ્ટિ બરાબર નથી. જે ભેદ પકડી શકતો નથી તે ખોટામાં કલ્પના કરે છે–મંદ કષાયમાં સંતોષ માને છે. પણ જેને ખરી લાગી હોય તેને મંદ કષાયમાં સંતોષ આવે નહિ. જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન આવે, અંદરમાંથી છૂટો પડેલો ભાસે નહિ અને અંતરમાંથી આકુળતા તૂટે નહિ ત્યાં સુધી સાચી શાંતિ આવતી નથી, છતાં જો મંદ કષાયમાં શાંતિ માની લે તો તેને યથાર્થ જિજ્ઞાસા જ નથી. જેને સાચી જિજ્ઞાસા હોય તે ક્યાંય ભૂલ ખાતો નથી અને અટકતો નથી. તેને મંદ કષાયમાં સંતોષ આવતો જ નથી. મને હજી કાંઇ થયું જ નથી તેમ તેને લાગે. અંદરમાંથી જુદી દશા ભાસવી જોઇએ તે ભાસી નથી–જુદી દશા આવી નથી–તેને સંતોષ આવે જ નહિ. જો સંતોષ આવી જાય અને થોડામાં ઘણું માની લે તો તેને પુરુષાર્થની મર્યાદા આવી જાય છે. સાચા આત્માર્થીને પુરુષાર્થની મર્યાદા આવે જ નહિ. તેને એમ થાય કે હજી અંદરમાં કરવાનું બાકી છે, હજી અંતરમાંથી શાંતિનો પલટો આવવો જોઇએ તે આવ્યો જ નથી. ભલે મંદ કષાય હોય, પણ અંદર કાંઇ ભાસતું જ નથી. શાંતિ લાગે છે, પણ આત્માનું કોઇ જુદું સ્વરૂપ ભાસ્યું નથી. આમ સાચો આત્માર્થી હોય તે સંતોષ માને જ નહિ.

મુમુક્ષુઃ– જેને અનુભવ થયો તે ભેદ પાડી શકે; પણ જેને અનુભવ થયો નથી તે છેતરાઇ ન જાય? તેને તો એમ થાય કે સાક્ષાત્ અનુભવ થયો છે.

બહેનશ્રીઃ– સાચો જિજ્ઞાસુ હોય તેને મંદ કષાયની શાંતિ હોય તો પણ અંદર સંતોષ ન આવે. અંદરમાંથી જે આકુળતા છૂટવી જોઇએ તે છૂટી નથી

ને અંદરમાં કાંઇ ભાસતું નથી. તેથી સાચો આત્માર્થી હોય તે છેતરાય નહીં. તેને તો મારી હજી કાંઇ ભૂલ થાય છે તેમ થયા કરે. મુકિતના માર્ગની જે વાત આચાર્યો, મહાપુરુષો, જ્ઞાનીઓ, તથા ગુરુદેવ કરે છે અને શાસ્ત્રમાં આવે છે એવી જાતનું અંદરમાં લાગતું નથી. તેથી તેને સંતોષ ન આવે. પોતાને અનુભવ નથી, પણ શાસ્ત્રમાં વાંચ્યું હોય ને ગુરુ પાસે સ્વાનુભૂતિની અને ભેદજ્ઞાનની બધી વાતો સાંભળી હોય તે ઉપરથી અંતરમાંથી તેવી જાતનો ઉલ્લાસ કે શાંતિ નથી અથવા તો માર્ગ આ જ છે તેવી જાતનો જોરદાર નિર્ણય આવવો જોઇએ તે આવતો નથી માટે મારી કાંઇક ભૂલ છે એમ ભેદ પાડી શકે છે–સાચો જિજ્ઞાસુ–આત્માર્થી હોય તે થોડા પુરુષાર્થમાં અટકી ન જાય. તેને એમ થાય કે મંદ કષાયમાં અટકી જવાથી મારી ભૂલ થાય છે, તેને ખટક રહ્યા જ કરે છે, એટલે તે અટકે જ નહીં, બાકી જેને થોડામાં માની લેવું હોય અથવા મેં ઝટ કરી લીધું ને હવે મને થઇ ગયું એવી કલ્પના કરવી હોય તે સંતોષાઇ જાય છે. જે ખરો શોધક છે કે મારે આત્માનું જ કરવું છે, આત્માનું જ પ્રયોજન છે તે કોઇને દેખાડવા માટે કે કોઇને ખોટી રીતે મનાવવા માટે કરતો નથી. મારે મારા આત્માને ખાતર કરવાનું છે, આ અનંતકાળનું પરિભ્રમણ કેમ ટળે? અંદરમાંથી સુખ કેમ આવે અને આ દુઃખ કેમ ટળે? અનુપમ આત્મા કેમ મળે? તેમ ખરી ખટક લાગી હોય તે સંતોષાતો નથી. પરંતુ જેને મારે બહારમાં કાંઇક કરી બતાવવું છે એવો હેતુ અંદર હોય તે સંતોષાઇ જાય છે. આકુળતા હોય ને જલદી પુરુષાર્થ કરી લઉં એવી બધી અધીરજ હોય તે સંતોષાઇ જાય છે. છેતરાઇ જવાના ઘણા રસ્તા છે. જિજ્ઞાસા થયા પછી કેમેય કરીને થતું ન હોય અને થોડો પુરુષાર્થ કરીને મને થઇ ગયું એવી કલ્પના કરે તો તે કાંઇ માર્ગ નથી.

મંદ કષાયમાં તેને શાંતિ–શાંતિ લાગે, પણ એકત્વબુદ્ધિ તૂટી નથી, અંદરમાંથી જે જુદું ભાસ્યમાન થવું જોઇએ તે થતું નથી, ને જ્ઞાયક હાથમાં આવ્યો નથી તો તેના તરફ જવા માટે યથાર્થ રસ્તો મળ્યો નથી. વિકલ્પ મંદ થઇ જાય એટલે જાણે વિકલ્પ છૂટી ગયા તેવું લાગે પણ અંદર સૂક્ષ્મતાથી જુએ તો વિકલ્પ મંદ પડ્યા હોય છે, તેનાથી છૂટેલો હોતો નથી. આત્માના અસ્તિત્વના ગ્રહણપૂર્વક શાંતિ પ્રગટ થાય, તે તો પ્રગટી નથી અને તેની સાથે જે વિકલ્પ છૂટવા જોઇએ તે તો કાંઇ છૂટ્યા નથી, તેથી તેના હાથમાં માર્ગ આવ્યો નથી.

સાચો આત્માર્થી હોય તે સંતોષાઇ જાય નહીં. કેમકે અંદર આત્મા ભાસ્યમાન થઇને આ આત્મા અને આ મારું સ્વરૂપ એમ આવવું જોઇએ તે આવતું નથી

માટે તે સંતોષ પામે નહીં, અટકે નહીં. આ કોઇને દેખાડવાનો માર્ગ નથી એમ તેને અંતરમાંથી આવવું જોઇએ. આત્માર્થીની દૃષ્ટિ અંદર જ ફર્યા કરે છે, આ તો મારા માટે છે, આ ક્યાં કોઇના માટે છે? અને જો હું રોકાઇ જાઉં તો જન્મ-મરણ ઊભાં જ છે-આમ તે ભવભીરુ છે. ૫૮.

પ્રશ્ન ૫૮ ઉપર પ્રવચન

૫૮વાં પ્રશ્ન હૈ. '**પ્રશ્ન :- પોતાને અનુભવ થયો નથી, તો આ મંદ કષાય છે આત્મશાંતિ નથી એવો ભેદ પાડી શકે?**' આપણે વચ્ચે પ્રશ્ન ચાલ્યો હતો. શાંતિનું ફિલીંગ આવે તો પકડી શકે. શાંતિના ફિલીંગથી પ્રયોગ થયો છે કે નથી થયો (ઇ ખબર પડે). એમાં એક ઓપ્શન છે કે મંદ કષાય પડી શકે ખરો, તો પ્રયોગ માની લ્યે. કેમકે આ વિકલ્પ પણ માનસિક શાંતિ .. એમ વાત ચાલી હતી થોડી. ત્યારે એ વાત જે ચાલી હતી એ વાતને અનુસરીને આ પ્રશ્ન છે. '**પોતાને અનુભવ થયો નથી,...**' સ્વયં કો—અપને કો અનુભવ નહીં હુઆ હૈ ઔર મંદ કષાય કી શાંતિ ભી હોતી હૈ. લેકિન વહ માનસિક શાંતિ હૈ, આત્મશાંતિ નહીં હૈ. તો વહ આત્મા કી શાંતિ હૈ, અનુભવ કી શાંતિ હૈ, યા મંદ કષાય કી શાંતિ હૈ ઐસા અંતર, ભેદ માને એસા અંતર માલૂમ પડ સકતા હૈ? ઐસા અંતર હો સકતા હૈ? માલૂમ પડ સકતા હૈ?

'**સમાધાન :-**' ઐસા અંતર હો સકતા હૈ. હો હી નહીં સકતા ઐસા નહીં હૈ. અગર હો ન સકે તો ફિર કોઈ જીવ કામ ન કર સકે. બરાબર હો સકતા હૈ. હો સકતા હૈ માને બરાબર હો સકતા હૈ. '**જે સાચો આત્માર્થી હોય,...**' આત્માર્થી ઔર સચ્ચા આત્માર્થી દોનોં મેં અંતર હૈ. સામાન્ય આત્મકલ્યાણ કે લિયે ઉપર ઉપર સે જો પ્રવૃત્તિ કરતા હૈ વહ સચ્ચા આત્માર્થી નહીં હૈ. આત્માર્થી બોલતે હૈં લેકિન વહ સચ્ચા આત્માર્થી નહીં હૈ. સચ્ચા આત્માર્થી તો અંતર કી ભાવના સે જો ચલતા હૈ વહી સચ્ચા આત્માર્થી. જિસકી ભાવના બહુત ઉગ્ર હો ઔર હર હાલત મેં, હર ઉદય મેં પ્રયાસકો છોડે નહીં, પ્રયત્ન કો છોડે નહીં.

જે સાચો આત્માર્થી હોય, '**જેને આત્મા ગ્રહણ કરવો છે તે ભેદ પાડી શકે છે.**' શું જવાબ આપ્યો છે? જિસકો આત્મા ગ્રહણ કરના હૈ. ગ્રહણ કરના કહો,

અનુભવ કરના કહો, વેદન કરના કહો, વહ સબ એક હી બાત હૈ. તો જિસકો આત્માકા અનુભવ કરના હૈ વહ ભેદ પાડ સકેગા. ઉત્તર તો બહુત વિસ્તાર સે દિયા હૈ. બાત તો સબ છાનબીન સે હોગી. લેકિન વહ પ્રાઈમાફેસી બાત હૈ. ઉસમેં ક્યા રખા હૈ? કિ આત્માનુભવ કે બિના હમકો કહીં ભી કુછ ભી નહીં ચાહિયે. યાની માનસિક શાંતિ હમકો નહીં ચાહિયે. માનસિક શાંતિ મિલે તો ભી અસંતોષ હો જાયે. સંતોષ નહીં હોવે. સચ્ચે આત્માર્થી કો અસંતોષ હોગા. સચ્ચા આત્માર્થી નહીં હોગા, ઉપર ઉપર સે ચલનેવાલા હોગા તો સંતુષ્ટ હો જાયેગા. વહ ફર્ક પડેગા.

'જો ભેદ ન પકડી શકે તો તેની દષ્ટિ બરાબર નથી.' દષ્ટિ માને ક્યા? ઉદ્દેશ અહીંયાં. ઉસકા ધ્યેય, ઉસકા ઉદ્દેશ વહી બરાબર નહીં હૈ. યે સબ નીંવ કી—પાયાની બાત હૈ. પાયામાં આ વસ્તુ હોવી જોઈએ. અનુભવ કરવો છે. નિર્વિકલ્પ અનુભવ આવ્યા વિના બીજે ક્યાંય અટકવું નથી. ઔર એક હી ઉદ્દેશ સે કામ કરના હૈ. વિકલ્પ ભી નહીં બઢાના હૈ. સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ હોતા હૈ તો વિકલ્પ બઢ જાતા હૈ. ઔર યહ માર્ગ નિર્વિકલ્પ હોને કા હૈ. વિકલ્પવૃદ્ધિ કરનેકા હમારા ચિંતવન, હમારા વાંચન, હમારા શ્રવણ, હમારી ચર્ચા વિકલ્પવૃદ્ધિ હોવે ઐસી નહીં હોની ચાહિયે. જિસકો નિર્વિકલ્પ હોને કા ઉદ્દેશ હૈ ઉનકો યહાં સાવધાની રહેતી હૈ કિ કહીં મૈં મેરા વિકલ્પ તો નહિ બઢાતા ન? યહ ભી સાવધાની રહતી હૈ. તો વિકલ્પવૃદ્ધિ હોવે ઐસી પ્રવૃતિ મેં વહ નહીં જાયેગા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિકલ્પવૃદ્ધિ થાય એમાં તમે શું કહેવા માંગો છો?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પવૃદ્ધિ હોવે તો વિકલ્પમાં ઘૂંચવાય જાય છે. એક તો એનું સિમ્પટમ એ છે. બીજું સિમ્પટમ એ છે એનું, વિકલ્પવૃદ્ધિ ક્યારે થઈ જાય છે? કે પ્રયોજન છોડી દે છે ત્યારે. અહીંયાં જે 'દષ્ટિ' શબ્દ વાપર્યો છે એ માર્મિક છે. **'જો ભેદ ન પકડી શકે તો તેની દષ્ટિ બરાબર નથી.'** દષ્ટિ એટલે પ્રયોજનની દષ્ટિ. દષ્ટિ માને પ્રયોજનની દષ્ટિ. પ્રયોજન આત્મશાંતિનું છે. આત્મશાંતિ નિર્વિકલ્પ ભાવમાં આવે. પ્રયોજન ઈ છે. તો એ પ્રયોજનને વળગીને પ્રવૃત્તિ કરે પરિણમનની, તો તો બહુ વિકલ્પવૃદ્ધિ નહિ થાય. અથવા વિકલ્પવૃદ્ધિ થાય એવી લપસવાની જગ્યા આવશે (તો) પાછો હઠી જશે. અને એ ક્યાં થાય બીજા સિમ્પટમમાં? કે અપ્રયોજનભૂત વિષયમાં પ્રવેશ થઈ જાય તો. વિકલ્પવૃદ્ધિ ક્યારે થાય? અપ્રયોજનભૂત વિષયમાં પ્રવેશ થાય તો. પ્રયોજનભૂત વિષયમાં વિકલ્પવૃદ્ધિ નથી થતી. આત્મકલ્યાણનું જે પ્રયોજન છે એ તીક્ષ્ણ અને સૂક્ષ્મ થઈ જાય ત્યારે એની આત્મકલ્યાણની રુચિ વધેલી હોય છે તો જ બને છે. રુચિ કારણ હૈ ઔર પ્રયોજન કી દષ્ટિ ઉસકા રિઝલ્ટ માને

કાર્ય હૈ. વો રુચિ ઉસકો માર્ગ સુજાતી હૈ.

મુમુક્ષુ :- પ્રયોજન ગૌણ કરી દે તો વિકલ્પનો વ્યાપાર વધી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- વધે જ વધે. અને અપ્રયોજનભૂત વિષયમાં કેટલાક વિષયો એવા છે કે જેના પ્રત્યક્ષ સબૂત-સમાધાન નહીં મીલે. તો ઉસકી જો ઉલજન હૈ, અકુલાહટ હૈ વહ મિટેગી નહીં ઔર વહાં વહ જીવ રુકેગા, રુક જાયેગા. ઉલજન મેં હી રુક જાયેગા. ઉસકો સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ કહને મેં આયા હૈ. કૃપાલુદેવને ચાર પ્રતિબંધ લિયા ન? સમાજ પ્રતિબંધ, લોક પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, શરીર પ્રતિબંધ ઔર સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ. યહ સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ વહ ચીજ હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પણ અનુભવજ્ઞાન પ્રધાનતાથી જો એ લેતો હશે તો પછી વિકલ્પમાં નહિ ચઢેને?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ પદ્ધિતએ ચઢ્યો હશે (ઈ) વિકલ્પમાં નહિ આવે. કાર્યની પદ્ધતિ અનુભવ પદ્ધતિ હોવી જોઈએ. વિચાર પદ્ધતિમાં ક્યાં પતંગ જાશે ઉડીને, વિચારનો પતંગ, વિકલ્પનો પતંગ હાથમાં નહિ રહે, દોર કપાઈ જાશે. પોતે દોરી ખેંચી નહિ શકે એની.

મુમુક્ષુ :- વજન? વધારે જાય, એ સાઈડ-અપ્રયોજનમાં વજન વધારે વયુ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વજન વધારે જાય તો ત્યાં ખેંચાય જાય.

'જે ભેદ પકડી શકતો નથી...' જો મુમુક્ષુ આત્માર્થી ભેદ પકડ સકતા નહીં. **'તે ખોટામાં કલ્પના કરે છે-મંદ કષાયમાં સંતોષ માને છે.'** ખોટા મેં કલ્પના કરતા હૈ મતલબ ક્યા? હાઈફન લિયા હૈ ન? કિ ઈસકા મતલબ વહ હૈ કિ વહ મંદ કષાય મેં સંતોષ માનતા હૈ. સચ્ચા ઔર ખોટા ઉસકા સિમ્પટમ ક્યા? સંતોષ આ ગયા વહ. સચ્ચેવાલે કો સંતોષ નહીં આયેગા. જો સચ્ચા નહીં હૈ ઉસકો સંતોષ આ જાયેગા કિસી ન કિસી પર્યાય મેં. જિસને શુરૂ સે હી પૂર્ણતા કા લક્ષ નિશ્ચિત કિયા હૈ, વહ કહીં સંતોષ મેં નહીં આતા. વરના પર્યાયબુદ્ધિ રહે ઔર સંતોષ નહીં હોવે ઐસા હોના બહુત મુશ્કિલ હૈ. ઔર મુમુક્ષુ કો તો પર્યાયબુદ્ધિ હૈ હી, મુમુક્ષુ તો પર્યાયબુદ્ધિ હૈ હી. તો સંતોષ નહીં કરેગા (ઐસા) બનેગા કૈસે?

બહુભાગ મુમુક્ષુ અટક જાતા હૈ ઈસકા યહી કારણ હૈ કિ પર્યાયબુદ્ધિ તો ચાલુ હૈ. સમ્યગ્દૃષ્ટિ નહીં હુઆ, વહાં તક તો દ્રવ્યદૃષ્ટિ નહીં હુઆ તો પર્યાયબુદ્ધિ ચાલુ હૈ. ઔર કુછ ન કુછ તો કરતા હૈ. તો કુછ ન કુછ કરતા હૈ ઉસમેં મંદ કષાય તો હોતા હૈ ઔર શાસ્ત્ર અભ્યાસ કરતા હૈ તો ક્ષયોમશમ ભી બઢતા હૈ. તો જ્ઞાન ઔર ચારિત્ર દોનોં ગુણ મેં થોડા ફરક તો પડતા હી હૈ પરિણમન મેં, ભૂતકાલ

કે મુકાબલે મેં. પડતા હૈ કિ નહીં પડતા? પર્યાયબુદ્ધિ હૈ તો સંતુષ્ટપના કહીં ન કહીં આ જાયેગા. લેકિન જો સચ્ચા આત્માર્થી હૈ ઉનકો લક્ષ પૂર્ણતા કા હોને સે વહ કહીં ભી સંતોષ નહીં પકડતા. તો યહ સિમ્પટમ હૈ ઈસકા કિ જિસકી દૃષ્ટિ પ્રયોજન કી બરાબર નહીં, યાની જો સચ્ચા આત્માર્થી નહીં, વહ મંદ કષાય મેં સંતોષ પકડ લેતા હૈ.

'પણ જેને ખરી લાગી હોય તેને મંદ કષાયમાં સંતોષ આવે નહિ.' દેખો! સોગાનીજી કા દૃષ્ટાંત દેખો. વહ આત્મશાંતિ કે પીછે નિકલે થે. યોગ્યતા તો બહુત બઢ ગઈ થી. સોનગઢ આયે ઈસકે પહલે ટોપ લેવલ કી યોગ્યતા મેં આ ગયે થે. જબ તો એક હી પ્રવચન સુનને કે બાદ સમ્યગ્દર્શન હુઆ. તો ઉસકો ક્યા મંદ કષાય કી શાંતિ નહીં હુઈ હોગી? મંદ કષાય નહીં હુઆ હોગા? શાસ્ત્ર ભી પઢતે થે, ધ્યાન ભી કરતે થે, પૂજા ભી કરતે થે ઔર વે તો બહુત ધુની થે તો એક-દો ઘંટે નહીં કરતે થે, ચાર-છ ઘંટે કર લેતે થે. તો કષાય તો મંદ હો હી જાયેગા. લેકિન ક્યા હૈ કિ જો આત્મશાંતિ મુજે ચાહિયે વહ મુજે નહીં હૈ. વો ઉસકે પીછે થે. તો ઉસકો સંતોષ નહીં હોગા. અસંતોષ ચાલૂ રહેગા ઉસકા. સંતોષ તો નહીં હોગા અસંતોષ ચાલૂ હો જાયેગા. ઔર વહ બઢેગા, અસંતોષ બઢેગા.

મુમુક્ષુ :- જો અસંતોષ બઢતા હૈ વહ બેચૈની પૈદા કરતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. વહ બેચૈની પૈદા કરતા હૈ.

'જેને ખરી લાગી હોય તેને મંદ કષાયમાં સંતોષ આવે નહિ. જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન આવે, અંદરમાંથી છૂટો પડેલો ભાસે નહિ...' ભાસે નહિ માને માલૂમ નહિ પડે, ફિલીંગ નહીં હોવે, **'અને અંતરમાંથી આકુળતા તૂટે નહિ ત્યાં સુધી સાચી શાંતિ આવતી નથી,...'** ભેદજ્ઞાન કા પ્રયોગ ઈસલિયે હૈ, કિ ભેદજ્ઞાન મેં વિભાવ સે ભિન્ન પડને કી બાત હૈ. વિભાવ કા એક કણ કો ભી સાથ મેં લેને કી બાત નહીં હૈ. ઔર માનસિક શાંતિ મેં જો સંતુષ્ટ હુઆ, ઉસને વિભાવ સે અભેદતા કર લી. ઊલ્ટા-સૂલ્ટા ફરક હૈ.

ભેદજ્ઞાનવાલે કો અપના અકેલા જ્ઞાન ભિન્ન ભાસિત હોતા હૈ ઔર વહ પ્રયોગ ઉસ પ્રકાર સે કરતા હૈ. અકેલા જ્ઞાન કો પકડ કરકે પ્રયોગ કરતા હૈ. ભિન્ન જ્ઞાન કો વહ પકડને કા પ્રયાસ કરતા હૈ. ખ્યાલ આવે છે? શાંતિ બાજુ નથી જાવું. શાંતિ થઈ છે કે નથી થઈ એ બાજુ નથી જાવું. કેમકે આમાં કષાયનો કણ શાંતિ જે છે, માનસિક શાંતિ કષાયનો કણ છે એ ભળી જાય તો? એકલું જ્ઞાન જુદું પાડવું છે, એકલું જ્ઞાન જુદું પાડવું છે. ભેદજ્ઞાનનો પ્રયોગ છે આ. માત્ર જ્ઞાન જુદું પાડવું

છે. એ સૂક્ષ્મતા આવવી જોઈએ અંદરમાં.

મુમુક્ષુ :- અવલોકન તો સતત ચાલુ છે મુમુક્ષુ જીવને એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હવે એવું છે કે ત્યાં પ્રશ્ન એ થશે કે નિર્વિકલ્પ દશા આવી નથી, નિર્વિકલ્પ દશા આવી નથી. પણ એક વાત સ્પષ્ટ છે કે... એમાં શું છે કે ધ્યાનના પ્રયોગમાં ભૂલા પડે છે લોકો. ધ્યાનના પ્રયોગમાં થોડી શાંતિ આવે ત્યારે એવું ઘણાને થાય છે કે નિર્વિકલ્પ દશા આવી ગઈ. આ ભૂલ થાય છે.

આમા શું છે? મુમુક્ષુ ભિન્ન ભિન્ન પ્રકારના છે. એક પ્રકારના બધા મુમુક્ષુ નથી. અને બધા ભિન્ન ભિન્ન પ્રકારે પ્રયત્ન કરતા હોય છે. કોઈ ધ્યાનના પ્રયોગે ચડે છે, કોઈ શાસ્ત્ર વાંચનની પ્રવૃત્તિમાં ચડે છે, કોઈ ભક્તિની પ્રવૃત્તિમાં ચડે છે. એટલે કોઈને જ્ઞાન પ્રધાનતા છે, કોઈને ક્રિયા પ્રધાનતા છે, કોઈને ભક્તિ પ્રધાનતા છે. ત્રણ મુખ્ય એના ફાંટા છે. હવે કેવી યોગ્યતાવાળો છે એ તો સ્પેસિફિકલી વિચાર કરવો (પડે). એ જુદો વિષય થઈ ગયો.

અહીંયાં તો એક વાતને જનરલાઈઝ કરે છે. કોઈ એક ચોક્કસ યોગ્યતાવાળાને પકડીને વાત ન ચાલે. સામૂહિક વાત ચાલતી હોય એમાં એમ તો ન ચાલે. એટલે જનરલ વાત ચાલે છે. તો જનરલ વાતમાં એમ છે કે આત્મશાંતિ અંદરથી ન આવે. અંદરથી ક્યારે આવે? કે અંદરથી છૂટો પડે ત્યારે. એવો છૂટો પડેલો ભાસે નહિ. મારું જ્ઞાન છૂટું પડી ગયું છે, ભળતું નથી ચાલતા ઉદય ભાવ સાથે, ત્યાં માનસિક શાંતિ, વિકલ્પની શાંતિ, મંદ કષાયની શાંતિ એ ઉદયભાવ છે, ત્યાં એ ઉદયભાવ છે. ધ્યાનમાં બેઠો છે એમાં બીજો ઉદય તો છે નહિ. લ્યો! ત્યાં શું બીજો ઉદય છે? ત્યાં તો ધ્યાનમાં તો બીજો કોઈ ઉદય નથી. તો ત્યાં જે માનસિક શાંતિનો પ્રવાહ ચાલે છે પરિણમનમાં એ ઉદયભાવ છે. તું ત્યાંથી છૂટો પડે છે કે એની સાથે ભળે છો? એકલું જ્ઞાન એટલા માટે લેવું છે.

જે આચાર્યદેવે લીધું છે એ તો બહુ અનુભવથી લખાણ હોયને. આ તો પરમાગમ છે. એટલે અનુભવથી લખાણું હોય અને અનુભવનું ઊંડાણ બીજું છે આખું. એકલું જ્ઞાન... એકલું જ્ઞાન લે છે. એક જ્ઞાનમાં જ, એક જ જ્ઞાનમાં એમ લીધું છે. 'જ' શબ્દ લગાવ્યો છે, ભાર મૂક્યો છે. એ શું કહે છે કે છૂટો પડેલો ભાસે નહિ. છૂટો પડેલો લાગે નહિ, અનુભવાય નહિ. ... અને અંતરમાંથી આકુળતા છૂટે નહિ. પછી વાત લીધી. કષાયના એક કણની પણ આકુળતા એ આકુળતા છે. ત્યાં સુધી સાચી શાંતિ આવતી નથી. આ સાચી શાંતિ છે.

'છતાં જો મંદ કષાયમાં શાંતિ માની લે તો તેને યથાર્થ જિજ્ઞાસા જ નથી.'

અહીંયાં જિજ્ઞાસા એટલે ભાવના લેવી. એટલે મૂળ વાત શું આવી? આપણે વોકિંગમાં વાત લીધી હતી કે આ જગ્યાએ જે ભૂલ થવાની સંભાવનાઓ છે, ત્યાં ભૂલ કેવી રીતે ન થાય? પોતાને એનો કોઈ પાયો છે કે નહિ? તો ભાવના એનો પાયો છે. અંતરંગ રુચિ અને ભાવના તીવ્ર હોય તો ભૂલ ન થાય. એ એને અંદરમાં માર્ગ કરે. કેમકે અહીંયાં તો અંદરમાં માર્ગ કરવાનો છે. માનસિક શાંતિ મારા સંતોષનું કારણ નથી, મારા અસંતોષનું કારણ છે. એ કોણ કરી શકે? ભાવનાવાળો કરી શકે. આત્મા જ જોઈએ બીજું કાંઈ ન ખપે. મંદ કષાયની શાંતિ પણ મારે ન ખપે. એ ભાવના અને રુચિવાળો જ કામ કરી શકે. એ એની ભાવના અને રુચિ અને એની લગની જ અંદરમાં એ જુદું પાડી શકે, બીજો નો પાડી શકે.

એટલે અહીંયાં એ વાત જોડી છે એમણે. '**અંદરમાંથી છૂટો પડેલો ભાસે નહિ અને અંતરમાંથી આકુળતા તૂટે નહિ ત્યાં સુધી સાચી શાંતિ આવતી નથી, છતાં જો મંદ કષાયમાં શાંતિ માની લે તો તેને યથાર્થ જિજ્ઞાસા જ નથી.**' જિજ્ઞાસા કહો કે ભાવના કહો. '**જેને સાચી જિજ્ઞાસા...**' એટલે સાચી ભાવના '**હોય તે ક્યાંય ભૂલ ખાતો નથી અને અટકતો નથી.**' પાયાની વાત આ છે. 'બહેનશ્રીનાં વચનામૃત'માં ૨ નંબરના વચનામૃતમાં એ વાત લીધી છે કે અંદરથી ખરી લગની લાગે એની લગની જ એને અંદરમાં માર્ગ કરી દે છે. એ વાત એમણે બે નંબરના વચનામૃતમાં લીધી છે, કે અંદરથી જે જાગ્યો, એટલે અંતરથી ભાવના ઊઠી જેને આત્મકલ્યાણની, એને લગની લાગશે અને લગની લાગશે એને એની લગની જ અંદરમાં કામ કરી દેશે. મુખ્ય કામ તો ઈ કરે છે. પછી સત્સંગ તો એને સપોર્ટ કરે છે. સત્સંગમાં એ ટેલી કરી લે છે ચર્ચા કરીને. અથવા એને વેગ મળે છે પોતાની ભાવનાને. સત્સંગ છે એ ભાવનાને વેગ આપે છે. એટલે એ રીતે સત્સંગ ઉપકારી છે. પણ અંદરમાં લગની હોવી જોઈએ.

હવે લગની એક એવી ચીજ છે જે સ્ટાર્ટિંગ પોઈન્ટમાં હોય છે, એ લગાડી લાગતી નથી. આર્ટીફિશીયલ લગની લગાડી દ્યો લ્યો. લાગશે? થાકી જાય. અને લગની લાગે એ થાકે નહિ, લગની લાગે એ થાકે નહિ. અને લગની લાગે એ અંદરમાં એનું કામ કર્યા કરતું હોય, એનું કામ ચાલ્યા કરતું હોય એટલે એને થાકવાનો પ્રશ્ન પણ નથી રસ્તો કાપે છે. આગળ ચાલે જ છે, એટલે એને થાકવાની જરૂર પણ નથી.

મુમુક્ષુ :- લગનીમાં વચ્ચે વચ્ચે ગેપ પડી જાય એનું કારણ શું હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એ ખરી લગની જ નથી, ખરી લગની નથી. ખરી લગની

લાગી એ તો ઊપડયો એટલે ઊપડ્યો, ઈ જાલ્યો રહે નહિ. બહારમાં પણ વેપારીને મોટો નફો દેખાય છે ત્યારે એ રાત-દિવસ ભૂખ-તરસ, અનુકૂળતા-પ્રતિકૂળતા કાંઈ જોયા વિના ગમે તેવું સાહસ કરે છે કે નથી કરતા? તો અહીંયાં કાંઈ થોડો નફો મળવાનો છે? 'સાદિઅનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો.' એટલો મોટો નફો છે. અને નુકસાનથી કેટલો બચ્યો? કે ચારેય ગતિના ચોર્યાસી લાખ યોનિના જન્મ-મરણથી બચ્યો. બધા જ દુઃખથી, સંસારના તમામ દુઃખથી બચ્યો. એટલે આટલા મોટા નુકસાનથી બચ્યો અને આટલો મોટો લાભ મળ્યો. ડબલ વાત છે. એનું મૂલ્યાંકન જ્યાં સુધી ન આવે ત્યાં સુધી લગની લાગે નહિ. વાત સાંભળે પણ એનું મૂલ્યાંકન ન આવે તો લગની ન લાગે અને મૂલ્યાંકન આવે તો લગની લાગ્યા વગર રહે નહિ. એ જીવ સ્વભાવ છે, એ જીવનો સ્વાભાવ છે. લાગે, લાગે ને લાગે જ. એ કૃપાળુદેવ લખે છેને. 'જેને લાગી છે તેને જ લાગી છે. તે જ પિયુ પિયુ પોકારે છે.' તેને પોતાના આત્મકલ્યાણનો, આત્માનો પ્રેમ જાગ્યો. એને એ સિવાય હવે ચેન પડશે નહિ.

મુમુક્ષુ :- બ્રાહ્મીવેદના કહી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને બ્રાહ્મીવેદના કહી છે. આ વેદનામાં આવવું એ બ્રાહ્મીવેદનાની વાત છે. એને બ્રાહ્મીવેદના કહે છે. બ્રહ્મ એટલે આત્મા, બ્રહ્મ એટલે આત્મા. આત્માના કલ્યાણ માટેની વેદના તે બ્રાહ્મીવેદના છે. અને જેને એ વેદાય છે એ જ જાણે છે. જેને લાગી છે એ જ જાણે છે. એને ક્યાંય ચેન ન પડે. એમાં શું છે કે અંદરથી આ વીર્યગુણનો સળવળાટ છે. એને પોતાને જ એમ લાગે કે આ વીર્ય જુદી જાતનું છે, આ કાંઈ થંભી જાય એવું નથી. જ્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી થંભી જવાની વાત નથી. થંભે જ નહિને એ. એ ચૈતન્યવીર્યની સ્ફુરણા છે. એની જાત જુદી છે.

'જેને સાચી જિજ્ઞાસા...' એટલે ભાવના **'હોય તે ક્યાંય ભૂલ ખાતો નથી અને ક્યાંય અટકતો નથી. તેને મંદ કષાયમાં સંતોષ આવતો જ નથી. મને હજી કાંઈ થયું જ નથી તેમ તેને લાગે.'** ગણે જ નહિને કાઈ. મંદ કષાય બીજા કરતા ઘણો હોય, સામાન્ય બીજા મુમુક્ષુ કરતા એનો મંદ કષાય ઘણો હોય, ઘણો મંદ હોય, ઘણો મંદ હોય તોપણ એને બિલકુલ ગણે નહિ. અને ઓલો થોડો થાય ત્યાં ગણવાનું શરું કરી દે. આ ફેર છે બે વચ્ચે. લાઈન જ ફેર છે આખી. એક સવળી લાઈને જાય છે, એક અવળી લાઈને જાય છે. એમ છે.

'અંદરમાંથી જુદી દશા ભાસવી જોઈએ તે ભાસી નથી-જુદી દશા આવી નથી-

તેને સંતોષ આવે જ નહિ.' ભિન્ન પડે છે, પોતે જુદો પડે છે, જુદો તરે છે એ ન સમજાય? કેમ ન સમજાય? એમ કહે છે. કે હું જુદો પડું છું. અંદર જ્ઞાનથી જુદો પડું છું, જ્ઞાનથી જુદો પડું છું. જુદું પડવા માટે જ્ઞાન લક્ષણ છે, શાંતિ લક્ષણ નથી. અસ્તિત્વ લક્ષણ નથી. જ્ઞાનવેદન જ લક્ષણ છે. સ્પેસિફિક સિમ્પટમ છે આ જુદાં પડવા માટેનું. ત્રણે કાળે જ્ઞાન જ લક્ષણ છે. આ ભૂલ નથી કરવાની.

ભિન્ન પડવા માટે, જુદો પડવા માટે જ્ઞાન જ લક્ષણ છે, બીજું લક્ષણ નથી. આના ઉપર આખું સમયસાર છે. એટલે તો પરિશિષ્ટમાં એ વાત લીધી ઓળખવા માટે કે કેવી રીતે ઓળખાય? તો કહે જ્ઞાન લક્ષણથી જ ઓળખાય. અને જ્ઞાન તને પ્રગટ છે. શાંતિ હજી પ્રગટી નથી. જ્ઞાન તને પ્રગટ છે, ગમે તે અવસ્થામાં તને જ્ઞાન પ્રગટ છે. ચારેય ગતિમાં ગમે તે અવસ્થામાં તને જ્ઞાન પ્રગટ છે. પ્રાપ્તિ વેદનથી છે. '**प्रगट हि ज्ञानं**' ત્યાં એટલા શબ્દો લીધા છે. '**प्रगट हि ज्ञानं, ज्ञानमात्रस्य**' એકલું જ્ઞાન લીધું ત્યાં. જ્ઞાન પ્રગટ છે કે નહિ, પછી પાછું એકલું જ્ઞાન લીધું. '**ज्ञानमात्रस्य**' માત્ર જ્ઞાન '**ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात्**' જ્ઞાનમાત્રની સ્વસંવેદનથી સિદ્ધિ નામ પ્રાપ્તિ છે. માત્ર જ્ઞાન લીધું વેદન આવ્યું સાથે. જ્ઞાનવેદન. પછી જ્ઞાનવેદનની સાથે અનાકુળતા હોય છે એ એના ઉપલક્ષણમાં જાય છે. એ એનું ઉપલક્ષણ છે. મૂળભૂત લક્ષણ છે ઈ જ્ઞાન છે. માત્ર જ્ઞાન, એકલું જ્ઞાન, ભિન્ન જ્ઞાન, છૂટું જ્ઞાન, જુદું જ્ઞાન, એ કોઈની સાથે ભળ્યું જ નથી. સામાન્ય નથી ભળ્યું કોઈની સાથે. કેમકે ત્યાં તો જ્ઞેયાકાર પણ નથી. જે વિશેષજ્ઞાન છે. વિશેષજ્ઞાનમાં ભ્રાંતિ થાય છે કાંઈક આવ્યું જ્ઞાનમાં. મને ખાટું લાગ્યું, મને ખારુ લાગ્યું, મને ઠંડી લાગી, મને ગરમી લાગી એ વિશેષજ્ઞાનમાં છે. સામાન્યજ્ઞાનમાં તો કાંઈ છે નહિ. એ એકલું જ્ઞાન જ્યાં સુધી ન પકડાય અંદરમાં, ત્યાં સુધી એ પ્રયત્ન થવો જોઈએ. 'એક જ જ્ઞાન એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે.' ઈન્વર્ટેડ કોમા કર્યો છે ત્યાં. એમ ફિલ થવું જોઈએ, એ ભાવભાસનમાં આવવું જોઈએ, ભાસનમાં એમ આવવું જોઈએ.

મુમુક્ષુ :- જ્ઞાન જે થઈ રહ્યું છેને? એને કો'ક જોનાર છે એવું લાગે. એ શું કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાન જ એને જોનાર છે. જ્ઞાનને જોનાર જ્ઞાન જ છે. કેમકે જોનાર છે એ જ્ઞાન સિવાય બીજું કોઈ કોઈનું કામ નથી જોવાનું. જ્ઞાન પોતાને પણ જોવે અને જ્ઞાન બીજાને પણ જોવે. જોવાનું કામ જ્ઞાનનું છે. અહીંયાં બીજાને જોવું નથી. બીજાને જોવું નથી ઈ એણે ગાંઠ મારવી જોઈએ. જોવાય જાય તોપણ ગૌણ કરી નાખવું છે, નહિ જોવા બરાબર કરવું છે. જોયું, નહિ જોયું કરવું છે.

દેખા-અનદેખા કરના હૈ. વહ બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે જે કીધું અનાકુળતા છે એ ઉપલક્ષણ છે. બરાબર છે? પણ મુમુક્ષુજીવને ઓળખવા માટે, સ્વરૂપને ઓળખવા માટે ભેદજ્ઞાન જરૂરી છે. તો ભેદજ્ઞાન એ બે વચ્ચેની જે વેદનની જે ભિન્નતા છે એને માટે તો એને આકુળતા અને અનાકુળતા બે લેવી જ રહી સાથે?

પૂજ્ય ભાઈશ્રી :- જુદું પાડવું જ્ઞાનથી, જુદું પાડવું જ્ઞાનથી, ભિન્નતા જ્ઞાનથી કરવી. આ જરા ઊંડાણથી લેવા જેવો વિષય છે. એકલું જ્ઞાન જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે જ્ઞાનની ધારા સામાન્ય ચાલુ જ છે ત્યાંથી પકડવું. જ્ઞાન લક્ષણથી પકડવું. ૯૧૩ માં કૃપાળુદેવે શું લીધું? જ્ઞાન લક્ષણથી સનાતન સ્ફુરિત એવો આ આત્મા. બીજી વાત કરી? આખો પેરેગ્રાફ ભેદજ્ઞાનની વિધિનો છે અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિધિ લીધી છે. પ્રારંભ ક્યાંથી કર્યો? જ્ઞાન લક્ષણથી. અનાકુળ લક્ષણથી નથી લીધું.

ભલે અનાકુળતા ત્યાં હોય, ભલે અસ્તિત્વ ત્યાં હોય. અસ્તિત્વ લક્ષણ પણ નથી. કેમકે અહીં તો કષાયકણ મંદ કષાયની જે શાંતિ, ઘણી શાંતિ હોય મંદ કષાયમાં. તમને એ બહુ ખ્યાલ ન હોય પણ મંદ કષાયની શાંતિની હદ એટલી બધી હોય છે, અન્ય મતિઓને લબ્ધિ પ્રગટે છે. જૈન મતિની વાત નથી કરતો. ધ્યાનના પ્રયોગો અન્યમતમાં પણ છે. વેદાંત આદિમાં, બૌદ્ધમાં બધે છે. આ વિપશ્યના બૌદ્ધમાં જાય છે. એ ધ્યાનના પ્રયોગો છે બધે. આ વેદાંતમાં પાતંજલિ યોગદર્શન છે. એનો મોટો ગ્રંથ છે. પાતંજલિ મુનિ કરીને થઈ ગયા એણે ધ્યાનનો ગ્રંથ લખ્યો છે. એટલી કષાયની મંદતા એ લોકોને આવે કે લબ્ધિઓ પ્રગટે, ચમત્કારો થાય.

અહીંયાં બિલખાની અંદર આશ્રમ છે. નથુરામજી શર્મા કરીને હતા બ્રાહ્મણ. અમારા એક કાકાના સસરા હતા એ બહુ માનતા હતા. મુંબઈમાં. સૌથી નાના કાકાના સસરા હતા. દર વર્ષે ત્યાં જાય. જુનાગઢમાં. જુનાગઢ પાસે બિલખા કરીને ગામ છે. ઈ એમ કહેતા હતા કે એ સમાધિમાં બેસે ચાર ઈંચ અદ્ધર થઈ જાય. કેટલા? ચાર ઈંચ અદ્ધર હોય એ.

મુમુક્ષુ :- અંતરીક્ષ.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે અંતરીક્ષ પાર્શ્વનાથ છેને? અંતરીક્ષમાં. નીચે કોઈ આધાર નહિ. જમીન સે અદ્ધર-ઉપર આ જાયે. વો લોગ જાતે થે. લબ્ધિઓ પ્રગટે. અને એ એમ કહે કે અમને વચનાતીત અવર્ણનીય શાંતિ પ્રગટે છે. અનિર્વચનીય શાંતિ. નામ આપ્યું છે શાસ્ત્રીય પરિભાષામાં અનિર્વચનીય શાંતિ. આત્માનો અનુભવ જુદી વસ્તુ છે એમ કહે છે. એ જુદાં પડવાનું લક્ષણ નથી. ત્યાં છેતરાવાની બહુ જગ્યા

છે. લેશે હજી.

જુઓ અહીંયાં ૫૫માં પાને, બેનશ્રીના ઉત્તરમાં ત્રીજી લીટી છે. '**સાચો આત્માર્થી હોય તે છેતરાય નહીં.**' ઉપર લીધું '**સાચો જિજ્ઞાસુ હોય તેને મંદ કષાયની શાંતિ હોય તો પણ અંદર સંતોષ ન આવે. અંદરમાંથી જે આકુળતા છૂટવી જોઈએ તે છૂટી નથી ને અંદરમાં કાઈ ભાસતું નથી. તેથી સાચો આત્માર્થી હોય તે છેતરાય નહીં.**' આર્ટિફિશિયલ શાંતિમાં સાચી શાંતિની કલ્પના થવાની સંભાવના બહુ છે. અને ભેદજ્ઞાનના અભ્યાસમાં જે ધ્યાન રાખવાનું છે એ જ ધ્યાન રાખવાનું છે કે જ્ઞાનથી જુદાં પડવું છે. આખા સમયસારમાં જ્ઞાનમાત્ર.... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... આત્માને જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર.... ઠેકઠેકાણે ઠામ... ઠામ... ઠામ... આ વાત કરવાની પાછળ હેતુ છે. આત્માને જુદો ઓળખાવવો છે અને એ સિવાય આત્મા જુદો ઓળખાય નહિ. બીજો કોઈ ઉપાય જ નથીને. બીજો કોઈ ઉપાય હોઈ શકે નહિ એ તો ગાંઠ મારવી જોઈએ.

મુમુક્ષુ :- સોગાનીજીએ રાગ ને જ્ઞાન જુદાં છે એમ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાંથી જ એને પકડાણું છે. જ્ઞાન અને રાગ જુદાં છે ત્યાંથી જ એમણે આત્મા પકડયો છે. અને એ તો ત્રણેય કાળે કોઈપણ સાધક આત્મા ત્યાંથી જ પકડી શકશે, બીજી જગ્યાએથી આત્મા નહિ પકડાય.

મુમુક્ષુ :- હાલાકિ શાંતિકી ખોજ કરતે થે,....

પૂજ્ય ભાઈશ્રી :- એ ગયા હતા શાંતિ પાછળ કે મારે શાંતિ જોઈએ. પણ સાચા આત્માર્થી હતા એટલે છેતરાણા નહિ. નહિતર તો ધ્યાનના પ્રયોગો બહુ કરેલા છે એમણે. એક વખત તો એમના પ્રદેશો બહાર નિકળી ગયેલા. કહેતા હતા. એવી વેદના આવી. વેદના સમુદ્‌ઘાત હતો એ. પ્રદેશો બહાર નિકળી ગયા. એકવાર તો એમ થયું કે આ તો છૂટી ગયું શરીર, મૃત્યુ થઈ ગયું. પાછા આવી ગયા હતા. બહુ ઉગ્ર પ્રયત્ન હતોને. ધૂની બહુ હતા અને પ્રયત્નમાં ઉગ્રતા બહુ હતી એમની. પણ ગુરુ મળ્યા નહિ ત્યાં સુધી દિશા સૂઝ ન આવી, પત્તો નો લાગ્યો. જ્યાં રાગ અને જ્ઞાન જુદાં છે એ સાંભળ્યું, જોયું અને અંદર ટેલી કર્યું. રસ્તો મળી ગયો. એ વિશેષ લઈશું.

તા. ૧૮-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૫૮, પ્રવચન નં. ૩૬

સ્વાનુભૂતિદર્શન, પાનું-૫૪. ૫૮મો પ્રશ્ન ચાલે છે. પ્રશ્ન એ છે કે '**પોતાને અનુભવ થયો નથી,...**' અનુભવ થયો નથી પણ જે પ્રયત્ન કરે છે એને મંદ કષાય છે એ આત્મ શાંતિ નથી એવો તફાવત, એવો ભેદ એ કેવી રીતે સમજી શકે? આ જગ્યાએ આ પ્રકારની ભૂલ થતી હોય છે એટલે પ્રયોજનભૂત સ્પષ્ટીકરણ માંગ્યું છે. આત્માના અનુભવની શાંતિ,... આત્મશાંતિનો પ્રયત્ન કરનારને વચ્ચે માનસિક શાંતિ આવે છે. માનસિક અશાંતિમાં સીધો આત્મશાંતિનો અનુભવ નથી થતો. વચ્ચે માનસિક શાંતિ આવે છે તો ત્યાં આ આત્મશાંતિ નથી અને માનસિક શાંતિ છે એ કેમ સમજાય? આવો પ્રશ્ન છે. ત્યારે શું લીધું છે?

'**અંદરમાંથી છૂટો પડેલો ભાસે નહિ...**' જુદાંપણાની વાત લીધી છે, ભિન્ન પડવાની વાત લીધી છે. અને જેને માનસિક શાંતિમાં સંતોષ આવે નહિ, અસંતોષ રહે. અને અંતરની આકુળતા તુટે નહિ. શું છે? જ્ઞાન અને રાગ વચ્ચેનું જે ભેદજ્ઞાન કરવાનું છે એમાં બેની મીંઢવણી થાય છે. બેની મીંઢવણી થાય છે, બન્નેના અનુભવનો પરિચય હોય છે. ત્યારે એ પરિચયથી સમજાય છે કે આ જાત જુદી છે અને આ જાત જુદી છે. પછી જુદી જાત હોવાના ફેક્ટરો છે. આકુળતા, મલિનતા, વિરુદ્ધતા એ ત્રણેય એના ફેકટરો છે. શું કહે છે?

'**જેને સાચી જિજ્ઞાસા હોય તે કયાંય ભૂલ ખાતો નથી અને અટકતો નથી.**' નીચેથી પાંચમી લીટી. '**તેને મંદ કષાયમાં સંતોષ આવતો જ નથી.**' અંતરની ભાવનાવાળાને આવી ભૂલ થતી નથી. કુદરતી છે આ. તેને એમ લાગે છે કે '**મને હજી કાંઈ થયું જ નથી.**' મંદ કષાયની શાંતિ એમાં તો જાણે કાંઈ થયું જ નથી એમ લાગે છે. પેલાને કાંઈક કર્યાનો સંતોષ છે, આણે કાંઈ કર્યું જ નથી એમ આવે છે. '**અંદરમાંથી જુદી દશા ભાસવી જોઈએ તે ભાસી નથી-જુદી દશા આવી નથી તેને સંતોષ આવે જ નહિ.**' એટલે શું છે? કોઈ અપૂર્વતા આવે છે. એ અપૂર્વદશા પ્રગટે નહિ અને એ પહેલા સંતોષ આવી જાય એવું બને નહિ. '**જો સંતોષ આવી જાય અને થોડામાં ઘણું માની લે તો તેને પુરુષાર્થની મર્યાદા આવી જાય છે.**' પછી આગળ ન ચાલી શકે. એટલે પૂર્ણતાનું લક્ષ પહેલાં એટલા માટે લીધું છે કે

પૂર્ણ દશા જ જોઈએ મારે, અધૂરી દશામાં ક્યાંય સંતોષ માનવો નથી. આ અભિપ્રાય લઈને ઉપડેલો છે. એટલે એ અભિપ્રાય એનો ચાલુ રહેશે. ક્યાંય ભૂલ નહિ થાય.

મુમુક્ષુ :- મિંઢવણીની જે વાત લીધી એ મિંઢવણીમાં તો આ લક્ષણ ઊભા થાય છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મિંઢવણીમાં આ લક્ષણો પરખાય છે.

મુમુક્ષુ :- ઓળખાણમાં ભલે જ્ઞાન લક્ષણથી ઓળખાણ થાય છે.

પૂજ્યા ભાઈશ્રી :- જુદો પડે જ્ઞાન લક્ષણથી, ઓળખાણ જ્ઞાન લક્ષણથી થાય. પણ જે પરિચય થાય એમાં જાતિભેદ છે, એ જાતિભેદના અંદરના ભેદો શું? અભેદપણે તો એમ કહે કે ભાઈ, આ જ્ઞાન અને આ રાગ. એમ બે જાત જુદી. હવે રાગમાં અનેક પ્રકાર છે. દ્વેષના પણ અનેક પ્રકાર, રાગના પણ અનેક પ્રકાર. જ્ઞાનમાં કોઈ પ્રકાર નથી. હવે એ અનેક પ્રકારમાં એક જ જાતિ છે. એક જ જાતિના અંદરના ભેદ શું? કે આ ત્રણ ભેદ—મલિનતા, આકુળતા અને વિરુદ્ધતા. આ ત્રણ ભેદ છે એના. દરેક પ્રકારના રાગ-દ્વેષમાં આ ત્રણ હોય, હોય ને હોય જ. એટલે બધા એક જાતિના થઈ ગયા. એ જાતિભેદથી, જાતિની પરખથી કષાયનો એક કણ હોય તોપણ એ કષાય તરીકે પરખાય, આત્મશાંતિમાં ખતવાય નહિ. નહિતર ભૂલ થાય આત્મશાંતિમાં આવવાની. કેમકે પ્રશ્ન એ ઉઠાવ્યો છે કે આત્મશાંતિ છે કે બીજું કાંઈક છે? માનસિક શાંતિ છે? આ પ્રશ્ન છે.

મુમુક્ષુ :- આત્મશાંતિ તો શું છે કે સ્વાનુભવ થાય ત્યારે ઉત્પન્ન થાય. એની પહેલા તો મુમુક્ષુજીવને આવી રીતે લક્ષણ ભેદે તફાવત પાડવો પડશે બે વચ્ચે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, લક્ષણભેદે તફાવત પડે એટલે એ છેતરાય નહિ. માનસિક શાંતિ આવે તો છેતરાય નહિ.

મુમુક્ષુ :- છેતરાય નહિ ઉસકા કયા મતલબ હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- છેતરાય માને ધોખા નહી ખાતા. જો માનસિક શાંતિ હૈ ઉસમેં આત્મશાંતિ કી કલ્પના નહીં હોતી.

'**સાચા આત્માર્થીને પુરુષાર્થની મર્યાદા આવે જ નહિ.**' અનંત વીર્ય-પૂર્ણ વીર્ય. અનંત વીર્ય માને પૂર્ણ વીર્ય પ્રગટ નહીં હોવે વહાં તક પુરુષાર્થ કી મર્યાદા નહીં હૈ. મૈંને બહુત પુરુષાર્થ કર લિયા વહ બાત કભી નહીં આતી, આ સકતી ભી નહીં. વહ બાત નહીં આ સકતી. '**તેને એમ થાય કે હજી અંદરમાં કરવાનું બાકી છે,...**' ઉસકો ઐસા હોતા હૈ કિ વર્તમાન મેં કરને કા બાકી હૈ. '**હજી અંતરમાંથી શાંતિનો પલટો આવવો જોઈએ તે આવ્યો જ નથી.**' જો અશાંતિ થી વહ મંદ હુઈ હૈ.

મેરી અશાંતિ મિટી નહીં. '**ભલે મંદ કષાય હોય, પણ અંદર કાંઈ ભાસતું જ નથી. શાંતિ લાગે છે, પણ આત્માનું કોઈ જુદું સ્વરૂપ ભાસ્યું નથી. આમ સાચો આત્માર્થી હોય તે સંતોષ માને જ નહિ.**' પૂર્ણતા કા લક્ષવાલા સંતોષ માનેગા નહીં. વહ તો આત્મશાંતિ પ્રગટ હોગી તો ભી નહીં માનેગા. સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા? વહ ઐસે લેગા. અભી તો મુનિપના કા બહુત પુરુષાર્થ બાકી હૈ. મુનિપણા આ ગયા. તો કહતે હૈં, યે તો ધીમીધાર સે અમૃત મિલતા હૈ. અંદર મેં સમુદ્ર પડા હૈ. યહ છોટી સી ધાર આયે વહ કૈસે ચલે? યે નહીં ચલેગા. હમકો તો પુરા સમુદ્ર ચાહિયે. ઐસે પૂર્ણતાકા જો લક્ષવાલા હૈ વહ તો કહીં સંતોષ લેનેવાલા હૈ નહિ. જબ મુનિદશા તક સંતોષ નહીં આતા તો આત્મદશા પ્રગટ નહીં હુઈ હૈ ઐસે મુમુક્ષુકો સંતોષ આના વહ બાત તો બિલકુલ સમજદારી કી હૈ હી નહીં. ઉસમેં ક્યા સમજદારી રહી? કોઈ સમજદારી નહીં હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ત્યાં તો એક જિજ્ઞાસા ઉઠે કે માનસિક ઓલામાં આટલી શાંતિ છે તો પછી આત્માનો અનુભવ છે એમાં તો કેટલી શાંતિ હશે? એને જિજ્ઞાસા ઉઠે એ પ્રાપ્ત કરવાની.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠીક છે, ઠીક છે. ભાવના રહે, જિજ્ઞાસા રહે. પહેલેથી એવું છે કે જાત પલટે નહિ, શાંતિની જાત પલટે નહિ ત્યાં સુધી એને અટકવાનો પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :- મુખ્ય વાત જાત બદલવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આખી જાત જ પલટાઈ છે.

ઔર પ્રશ્ન ઉઠાયા હૈ કિ '**જેને અનુભવ થયો તે ભેદ પાડી શકે;...**' યાની જિસકો આત્મશાંતિ પ્રગટ હુઈ વહ માનસિક શાંતિ ઔર આત્મશાંતિ કા અંતર ઉસકો માલુમ પડે. '**પણ જેને અનુભવ થયો નથી તે છેતરાઈ ન જાય?**' વહ તો ધોખા ખા જાયે. એ તો છેતરાઈ જાય. '**તેને તો એમ થાય કે સાક્ષાત્ અનુભવ થયો છે.**'

અમારે આ એક એવી ચર્ચા થઈ હતી. (એમ મુમુક્ષુ) હતાને? અંધ હતા. ગુરુદેવની પાસે... એ દમોહના હતા? દમોહના હતા. પચાસેક વર્ષ આસપાસની ઉંમરના ચાલીસ-પીસ્તાલીસ-પચાસ વર્ષની ઉંમરના ભાઈ હતા. બેય આંખે તદ્દન આંધળા. ગુરુદેવનું પ્રવચન સાંભળ્યા પછી એ પોતે સમજાવવા બેસે તો સોનગઢવાળા-ગુરુદેવને સાંભળવાવાળાને આકર્ષણ થાય. એવું સરસ બોલે. ગુરુદેવનો ચાલતો વિષય એવો સરસ સમજાવે. બેય આંખે સાવ આંધળા. એક વખત જમે. તો બહારમાં પણ ત્યાગ

આમ ગરીબ માણસ હતા સાધારણ, દેખાવ બહુ સાધારણ. પછી તો લોકો પૈસા આપતા એટલે બેંક બેલેન્સ થોડુંક થઈ ગયું. પણ શરૂઆતમાં તો સાવ એવી જ રીતે હતા. અને એની ચર્ચા ચાલે તો ૨૫-૩૦ જણા ભાઈઓ-બહેનોનું ટોળું થઈ જાય ત્યાં. એકવાર મારે પણ કુદરતી એવો યોગાનુયોગ થઈ ગયો. (એક મુમુક્ષુના) મકાનમાં હું આરામ કરતો હતો બપોરે. એ લોકોની ચર્ચા ત્યાં ચાલતી હતી. પછી બધા આવવા મંડ્યા એટલે હું તો જાગી ગયો. મેં કીધું, કેમ? તો કહે અહીંયાં ચર્ચા ચાલે છે.

મુમુક્ષુ :- મુંબઈ?

પૂજ્ય ભાઈશ્રી :- સોનગઢમાં, સોનગઢમાં જ. (એક મુમુક્ષુનું) પાછળ મકાન છેને? અત્યારે આણે લઈ લીધું આપણે આ બોરીવલીવાળા (એક મુમુક્ષુના) દીકરાએ. એમણે લઈ લીધું. ચાર-પાંચ લાખમાં એ બંગલો લઈ લીધો. હું તો એકાદ દિવસ માટે આવેલો એટલે મારી રૂમ નહિ ખોલેલી. (બીજા એક મુમુક્ષુ હતા) એ ચર્ચામાં જતા હતા. એણે પ્લાનિંગ કરેલો એ મને ખબર નહિ. મને કહે, ચાલો તમે જમ્યા છો તો આરામ કરવાની સગવડ કરી દઉં. એમના બંગલાની ચાવી એની પાસે હશે. તો રૂમ ખોલી દીધો એણે. ગાદીઓ તો પાથરેલી હતી. મેં તો આરામ કર્યો ત્યાં ટાઈમ થઈ ગયો બપોરનો. ગુરુદેવના પ્રવચન પહેલાનો ટાઈમ.

ચર્ચા ચાલતી હતી. મને કહે તમે કાંઈક પ્રશ્ન કરો. મેં કીધું ભાઈ, હું તો કાંઈ પ્રશ્ન કરવા આવ્યો નથી. તમારા બધાની ચર્ચા ચાલે છે તો સાંભળું છું. ના ના કાંઈક પ્રશ્ન કરો. અમને કાંઈક સમજાય એવો પ્રશ્ન કરો એવો આગ્રહ રાખ્યો. (એક મુમુક્ષુના) મધર-ફાધર આવતા હતા એણે આગ્રહ રાખ્યો. એ લોકો ત્યાં જ રહે છેને. ના, ના કાંઈક પ્રશ્ન કરો. એટલે મેં કીધું, એ આત્માના આનંદની પણ વાત કરતા હતા. એટલે બધા એને અનુભવી માનતા હતા. પછી તો પાંચમા ગુણસ્થાને માનવા મંડ્યા હતા. કેમકે એક વખત જ જમતા હતા. બપોરે એક ટાઈમ જમે ચોવીસ કલાકે. મેં કહ્યું, આત્માનો અનુભવ અને માનસિક શાંતિ એ બે વચ્ચેનો તફાવત શું? હિન્દીમાં બોલતા હતા એ તો. હમને વહ બાત સોચી નહીં. થઈ રહ્યું. વાત તો પૂરી થઈ ગઈ સીધી જ તે. મેં વિચાર જ નથી કર્યો એ બાબતમાં કે આત્મશાંતિ અને માનસિક શાંતિ જેવું કાઈ બે જુદું-જુદું હોય. ઠીક! પછી તો બધા લાગી પડ્યા કે ભાઈ તમે સમજાવો. મેં કીધું, એમાં ભિન્ન પડે છે. આત્મશાંતિ પ્રગટે છે એમાં ભેદજ્ઞાનપૂર્વક પ્રગટતી હોવાથી પહેલા કષાયથી, મલિન ભાવથી, દુઃખભાવથી ભિન્ન પડવાનો પ્રયત્ન ચાલે છે.

માનસિક શાંતિમાં ભિન્ન નથી પડ્યો. જેણે માનસિક શાંતિમાં આત્માની શાંતિ માની છે એ ભિન્ન નથી પડ્યો એટલે એને ભિન્નતાનો અનુભવ નથી. આકુળતાના અનુભવમાં ધોખો ખાય. કારણ કે એ કષાયની મંદતા છે એટલે. આ ઓલી શાંતિ છે કે ઓલી શાંતિ છે એ તો અનુભવ વગર ખબર ન પડે. પણ અનુભવ ન થયો હોય એને કેમ ખબર પડે? એ પહેલાં ભિન્ન પડીને અનુભવ કરે છે. ભિન્નતા કરતાં-કરતાં અનુભવ થાય છે આત્મશાંતિનો. જ્યારે આત્મશાંતિ આવે ત્યારે સાવ એક મગની બે ફાડની જેમ સાવ જુદો પડી જાય. એમ ચોખ્ખી વાત છે એ.

મુમુક્ષુ :- નિર્વિકલ્પતા ઉન્હોંને દેખી હી નહીં. નિર્વિકલ્પતા દેખી હોતી તો આપકો બતાતે.

પૂજ્ય ભાઈશ્રી :- વહ બાત સોચી હી નહીં થી. દેખી તો નહીં થી, સોચી ભી નહી થી.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીને ચરણ સ્પર્શ પણ નહોતા કરતા.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો સોનગઢથી દૂર કરવામાં બધાને પરિશ્રમ પડ્યો હતો. ત્યાં તો આખું ગૃપીઝમ થઈ ગયું. ગુરુદેવ કહે એ સાંભળે નહિ કોઈ. પરિસ્થિતિ એક એવી ઊભી થઈ કે ગુરુદેવ કહે એ સાંભળે નહિ કોઈ. હવે તો મોટું એવું ટોળું થઈ ગયું ભાઈઓ-બહેનોનું. એનો આહારદાન ચાલે ને અને એનું એવું બધું ચાલવા માંડ્યું.

મુમુક્ષુ :- આહારદાન ચાલતું હતું. મુંબઈમાં પણ એ પ્રથા બનેલી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગુરુદેવ કહે એની વિરુદ્ધતા કોઈ સાંભળવા તૈયાર નહિ. ભડકી ગયા બધા. આ તો શું કહેવાય! પછી કહે, આને અહીંથી રવાના કરી દો. ઓલો કહે હું જાવ નહિ.

મુમુક્ષુ :- એ ઉપવાસ પર ઉતરી ગયો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- એણે અનશન લઈ લીધો. ઉપર નેમિનાથ ભગવાનના મંદિરમાં અગાસીમાં જઈને બેસી ગયો. હું હવે ભગવાનની સામેથી ઉઠીશ નહિ. મારે ખાવું પણ નથી અને પીવું પણ નથી. મોટી ધમાલ થઈ ગઈ.

મુમુક્ષુ :- ગુરુદેવનું પ્રવચન સાંભળવા નિયમિત આવે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રવચન સાંભળવા નિયમિત આવે. પછી અંતે મોકલી દીધો. પછી કાંઈક નરમ પડ્યો, પછી પાછા આવવાનું શરૂ કર્યું. પણ પછી કાંઈ એને માથું કાઢ્યું નથી કે એને અનુસરવાવાળાએ માથું કાઢ્યું નથી. ગુરુદેવ તો એકવાર ત્યાં સુધી બોલી ગયા કે જેને અમારું ન માનવું હોય એ અહીંથી ચાલ્યા જાય.

એને વ્યાખ્યાન સાંભળવાની જરૂર નથી. રવાના થઈ જાય સોનગઢ છોડી દે. ત્યાં સુધી ઓર્ડર કર્યો હતો.

મુમુક્ષુ :- દાદર જન્મ જયંતિમાં પછી બધાની સાથે માફી માંગી હતી એણે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી નરમ થઈ ગયા. પછી એણે માફી માંગી. પછી સાંભળવા બેસતા હતા.

મુમુક્ષુ :- એ વખતે જે પ્રશ્ન થયો આપની હાજરીમાં, આત્મશાંતિ અને માનસિક શાંતિનો...

પૂજ્ય ભાઈશ્રી :- આ જ પ્રશ્ન થયો હતો.

મુમુક્ષુ :- તો એ વખતે ત્યાં આગળ જે લોકો ચર્ચામાં ત્યાં બેઠેલા હતા તેમને એટલો distinguish ન થયું એ વખતે?

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું થાય છે? જ્યારે અમુક ગ્રૂપ થાય, કોઈ એકને મુખ્ય કરે, પછી એના મુખિયા હોય. અને એ મુખિયા થવામાં દેખાદેખી હોય. એ બીજું સાંભળે જ નહિ. જેનો ક્રેઝ ઉભો થઈ ગયો. એના પ્રમાણમાં મુખ્ય માણસો પણ અમુક હોય, બાકી બીજા ગૌણ હોય. એ પછી મુખ્ય થવા માટેની સ્પર્ધા ચાલતી હોય, દેખા-દેખી ચાલતી હોય. બીજું કાંઈ દેખાય જ નહિ પછી.

મુમુક્ષુ :- એટલે એનો અર્થ એમ થયો કે જિજ્ઞાસાવૃત્તિ એની બંધ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- જિજ્ઞાસાવૃત્તિ હોયને તો આવી ભૂલ થાય જ નહિ કે એ ગુરુદેવને છોડીને બીજે બાજે. ગુરુદેવ તો એક કોહીનૂર હીરા જેવા હતાં. અને આ પણ બે શબ્દ બોલતા શીખ્યા હોય તો એ ગુરુદેવને સાંભળ્યા પછી બોલતા શીખ્યા છે. એ પહેલાં કાંઈ હતું નહિ. ત્યારે માણસ એટલું તો સમજે ને કે આ ગુરુદેવ પાસેથી લીધેલું જ્ઞાન, એમાં ગુરુદેવને ગૌણ કરવાની વાત કેવી રીતે હોઈ શકે? પણ એક આવ્યો, બે આવ્યા, પાંચ આવ્યા, પચ્ચીસ આવ્યા, પચાસ આવ્યા પછી ગ્રુપ થઈ ગયું. પછી તો ગ્રુપીઝમ ચાલે. આ સમાજમાં આ દુઃખ છે મોટું. ગ્રુપીઝમ ચાલે એટલે પછી બધું બંધ થઈ જાય. આંખ, કાન બધું બંધ થઈ જાય.

(અહીંયા) શું કહે છે? **'સાચો જિજ્ઞાસુ હોય તેને મંદ કષાયની શાંતિ હોય તો પણ અંદર સંતોષ ન આવે.'** સંતોષ આતા હૈ વહ ભૂલ ખાતા હૈ. પહલી બાત તો હૈ કિ ઉસકો સંતોષ આતા હી નહીં. **'અંદરમાંથી જે આકુળતા છૂટવી જોઈએ તે છૂટી નથી ને અંદરમાં કાંઈ ભાસતું નથી.'** ઉનકો ઐસા લગતા હૈ કિ જો આકુળતા કા અભાવ હોના ચાહિયે વહ નહીં હુઆ હૈ. મંદ કષાય કી શાંતિ મેં ભી આકુળતા કા અભાવ નહીં હુઆ હૈ, આકુળતા મંદ હુઈ હૈ. ઈસલિયે ઉસકી

ભૂલ મિટી નહીં, ભૂલ ચાલુ હૈ.

'મુક્તિના માર્ગની જે વાત આચાર્યો, મહાપુરુષો, જ્ઞાનીઓ, તથા ગુરુદેવ કરે છે અને શાસ્ત્રમાં આવે છે એવી જાતનું અંદરમાં લાગતું નથી.' જાતિ નથી જોઈ તોપણ એ જાતિનું અંદરમાં નથી લાગતું. **'તેથી તેને સંતોષ ન આવે.'** યહ સંતોષ જો હૈ વહ દર્શનમોહ કી પર્યાય કી આધાર સે જો સંતોષ હોતા હૈ, કીસી ભી પર્યાય કે આધાર સે, યહ દર્શનમોહ કો તીવ્ર કરને કા પરિણામ હૈ. દર્શનમોહ તો વહાં હૈ હી, લેકિન દર્શનમોહ વહાં તીવ્ર હોતા હૈ. દ્રવ્યલિંગી મુનિકો ભી યહી ભૂલ હોતી હૈ (કિ) સંતોષ આતા હૈ. ઔર જો મોક્ષમાર્ગ મેં આગે બઢનેવાલા હૈ ઉસકા વહી સિમ્પટમ હૈ કિ ઉસકો સંતોષ નહીં આતા. યહ મેઈન બાત હૈ.

મુમુક્ષુ :- સંતોષ થઈ જાય તો દર્શનમોહની તીવ્રતા થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહ બાત અમૃતચંદ્રાચાર્યને સમયસાર કી ૧૫૫ ગાથા મેં લિયા હૈ. પુણ્ય-પાપ અધિકાર. વહાં દ્રવ્યલિંગી કા દૃષ્ટાંત લિયા હૈ કિ દ્રવ્યલિંગી ઈતના ઈતના કરતા હૈ, ઈતના શાસ્ત્ર પઢતા હૈ, મહાવ્રત આદિ ઈતના વ્રત-તપ કરતા હૈ. ઔર કષાય કી મંદતા મેં સંતુષ્ટ હૈ. વહ બાત (લી હૈ), વહ સિમ્પટમ લિયા હૈ વહાં. ઉસકો કષાય કી તીવ્રતા-મંદતા કા હી અનુભવ હૈ. આત્મા કા અનુભવ નહીં હૈ ઔર કષાય કી મંદતા મેં વહ સંતુષ્ટ હૈ વહ બાત લિયા હૈ. ઈસલિયે ઈતના કરને કે બાવજૂદ ભી વહ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કો પ્રાપ્ત નહીં કરતા. યાની આત્માનુભવ કો પ્રાપ્ત નહીં કરતા, સંતુષ્ટ હોને કી વજહ સે.

'તેથી તેને સંતોષ ન આવે. પોતાને અનુભવ નથી,...' સ્વયંકો અનુભવ નહીં (હૈ) પરંતુ **'પણ શાસ્ત્રમાં વાંચ્યું હોય ને ગુરુ પાસે સ્વાનુભૂતિની અને ભેદજ્ઞાનની બધી વાતો સાંભળી હોય તે ઉપરથી અંતરમાંથી તેવી જાતનો ઉલ્લાસ કે શાંતિ નથી અથવા તો માર્ગ આ જ છે તેવી જાતનો જોરદાર નિર્ણય આવવો જોઈએ તે આવતો નથી માટે મારી કાંઈક ભૂલ છે એમ ભેદ પાડી શકે છે.'** ઐસા અંતર સમજ મેં આ સકતા હૈ. **'સાચો જિજ્ઞાસુ-આત્માર્થી હોય તે થોડા પુરુષાર્થમાં અટકી ન જાય.'** સંતોષવાલા અટક જાતા હૈ. જો સંતુષ્ટ નહીં હૈ વહ અટકેગા નહીં. વહ તો અપના પુરુષાર્થ ચાલુ રખેગા. ઔર દૂસરી બાત સરાઉન્ડીંગ લિયા હૈ કિ જો શાસ્ત્ર મેં આયા હૈ, પઢા હૈ ઔર ગુરુદેવ કે પાસ સુના હૈ, ઉસસે ભલે હી શાંતિ નહિ અનુભવ કિયા ફિર ભી ઐસા ભેદ કર સકતા હૈ કિ મુજે જો નિઃશંક નિર્ણય આના ચાહિયે વહ નિર્ણય નહીં આતા હૈ. યહ દૂસરા સિમ્પટમ લિયા હૈ. ઊંડે ઊંડે ઉનકો કોઈ અનુભવ હૈ યા નહીં હૈ ઉસકી શંકા બની રહતી હૈ. ઊંડે-ઊંડે. વહ કહીં

ન કહીં પૂછેગા કિ ઐસા અનુભવ હૈ વહ વાસ્તવિક આત્મા કી શાંતિ હૈ યા ઔર કુછ હૈ જરા હમકો સ્પષ્ટ કર દિજીયે. ઉસકો વહ પ્રશ્ન-સમસ્યા ચાલુ રહેગી, ખડી રહેગી.

દૂસરી બાત વહ હૈ. હમને વહાં સ્પષ્ટીકરણ ચર્ચા મેં એકબાર દિયા થા કિ જો આત્માનંદ આતા હૈ, આત્મા કા અનુભવકા આનંદ હૈ વહ હર પ્રદેશ સે આતા હૈ ઔર માનસિક શાંતિ હર પ્રદેશ મેં નહીં આતી. યહ મન મેં લગતી હૈ કિ મુજે શાંતિ હુઈ, મન મેં લગતા હૈ કિ મુજે શાંતિ હો ગઈ. દષ્ટાંત ભી દિયા થા કિ જૈસે યહ બલ્બ હૈ ઉસમેં લાઈટ ફિલામેન્ટ મેં હૈ, ઉસકે જો તાર હૈ અંદર મેં વહાં લાઈટ હૈ. પુરા બલ્બ મેં યે ટયૂબ કી તરહ નહીં હૈ. ટયૂબ મેં કહીં ખાલી જગહ નહીં હૈ ઔર યહા બલ્બ મેં ખાલી જગહ હૈ. એક હી જગહ લાઈટ હૈ. ઐસે માનસિક શાંતિ કુછએક જગહ માલૂમ પડતી હૈ, પૂરા ક્ષેત્ર મેં નહીં માલૂમ પડતી. ઔર અનુભવ કા આનંદ આતા હૈ શાંતિ આતી હૈ (વહ) પ્રદેશ-પ્રદેશ મેં અનુભવ હોતા હૈ. તો ક્યા હૈ કિ વ્યાપ્ય-વ્યાપકભાવ, આનંદ ઔર શાંતિ કા જો વ્યાપ્ય-વ્યાપક ભાવ હૈ વહ પૂરે આત્મા મેં પ્રદેશ-પ્રદેશ મેં ફૈલ ગયા, વ્યાપક હો ગયા. હર પ્રદેશ મેં યહ ચીજ ભરી હૈ યહ અનુભવ સે પ્રતીત આતી હૈ. માનસિક શાંતિ મેં ઐસા હોતા હી નહીં. બહુત બડા અંતર હૈ. વહ ભી એક ક્ષેત્ર અપેક્ષા સે ભી વહ બાત અલગ પડ જાતી હૈ.

જો વેદાંતવાલા ધ્યાન કરતે હૈ. વહ ક્યા કરતે હૈ? યહાં સે ચક્કર ઉઠાતે હૈ નાભી મેં સે. ફિર સાતવાં ચક્કર ઈધર આતા હૈ ઉસકા. ઐસે ઐસે જાતા હૈ યહાં તક. ફિર વહ બોલતા હૈ કિ હમકો આનંદ આયા. બ્રહ્માનંદ આયા. ક્યા બોલતે હૈ વહ? બ્રહ્માનંદ હુઆ. ઉસકો પૂછો કિ કહા બ્રહ્માનંદ હોતા હૈ? તો (કહેગા) બ્રહ્મરંધ્રમેં હોતા હૈ. ઉસ સ્થાનકો વહ બ્રહ્મરંધ્ર બોલતે હૈં. વેદાંત કી પરિભાષા હૈ. યહાં આનંદ હમકો આયા. વહ ભી આત્માનંદ નહીં હૈ, વહ ભી આત્મા કી શાંતિ નહીં હૈ. વહ કલ્પના હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જબ ભય લગતા હૈ તો સારે ઐસે...

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો ભય તો હોતા હૈ મનમેં, ઉસકા ઈફેક્ટ આતા હૈ. રોંગટોં મેં, રોંગટોં મેં ઉસકા ઈફેક્ટ આતા હૈ તો રોંગટા ખડા હો જાતા હૈ. ખુશી મેં ભી હોતા હૈ ઔર કભી ભય મેં ભી હોતા હૈ. દોનોં મેં હોતા હૈ.

મુમુક્ષુ :- ઉસકા આત્માકે સાથ સંબંધ હૈ ક્યા? નહીં હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- વહ ભી માનસિક હૈ.

મુમુક્ષુ :- વહ ભી માનસિક હૈ? શરીર સે સંબંધ હૈ બસ?

પૂજ્ય ભાઈશ્રી :- શરીર સે સંબંધ હૈ.

મુમુક્ષુ :- માનસિક શાંતિ ઔર ભય, દોનોં કી જાતિ એક હી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- જાતિ એક હૈ, જાતિ મેં ફરક નહીં. લેકિન ભય મેં દુઃખ જ્યાદા હૈ, ઉસમેં દુઃખ કમ હૈ. જાતિ તો દુઃખ કી હૈ.

'સાચો જિજ્ઞાસુ-આત્માર્થી હોય તે થોડા પુરુષાર્થમાં અટકી ન જાય. તેને એમ થાય કે મંદ કષાયમાં અટકી જવાથી મારી ભૂલ થાય છે, તેને ખટક રહ્યા જ કરે છે, એટલે તે અટકે જ નહીં,...' જિસકો ખટક રહતી હૈ ઉસકો અટક નહીં આતી. વહ તો અનુભવ કે પહલે કહીં ભી અટકેગા નહીં. ઉસકી ખટક ચાલુ રહેગી. **'બાકી જેને થોડામાં માની લેવું હોય અથવા મેં ઝટ કરી લીધું ને હવે મને થઈ ગયું એવી કલ્પના કરવી હોય તે સંતોષાઈ જાય છે.'** એ થોડામાં સંતોષ (માની લ્યે છે). એ કરી લીધું તને આવ્યું ક્યાંથી પણ? મેં ઝટ કરી લીધું એ તને આવ્યું ક્યાંથી? કે તારા સંતોષમાંથી આવ્યું. એ સંતોષ દર્શનમોહની ઉગ્રતા દેખાડે છે. શું દેખાડે છે? દર્શનમોહની ઉગ્રતા દેખાડે છે. આવ્યું ક્યાંથી ઝટ? તારું લક્ષ પૂર્ણતા ઉપર છે. પહેલાં એ જો. કરી લીધું... કરી લીધું... ક્યાંથી આવ્યું? મૈંને જલ્દી કર લિયા, હો ગયા ઐસી કલ્પના કરલી હો. વહ કલ્પના બોલે. ક્યા? કલ્પના હો ગઈ. કલ્પના કર લી હો વહ સંતુષ્ટ હો જાતા હૈ, તે સંતુષ્ટ થઈ જાય છે. ઉસકો સંતુષ્ટપણા આ હી જાતા હૈ. દર્શનમોહ ઉસકા તીવ્ર હો હી જાતા હૈ. વિધિ કી ભૂલ હો ગઈ. ક્યા ભૂલ હો ગઈ? વિધિ કી ભૂલ હો ગઈ. ગૃહીત મિથ્યાત્વ હો ગયા.

'જે ખરો શોધક છે કે મારે આત્માનું જ કરવું છે, આત્માનું જ પ્રયોજન છે તે કોઈને દેખાડવા માટે કે કોઈને ખોટી રીતે મનાવવા માટે કરતો નથી.' વહ દિખાવ નહીં કરેગા, બોલેગા નહિ કિ મેરા કામ હો ગયા હૈ, મૈંને મેરા કામ કર લિયા. ફિર ભી ઉસકો નહીં માનેગા તો ઉસકો બુરા લગેગા. મૈંને બોલા કિ મુજે તો હો ગયા હૈ, આપ માનતે નહીં હો. આપ બરાબર હૈ. તુમ બરાબર નહીં હો, તુમ સમજતે નહીં હો. યહ બાત આયે બિના રહેગી નહીં. ઉસકો દ્વેષ હો જાયેગા. ક્યોંકિ અપને કો મનાને કા રાગ હૈ ઉસ રાગ કા પોસાણ નહીં હોતા. દ્વેષ આયે બિના નહીં રહેગા.

મુમુક્ષુ :- રાગ કે પીછે દ્વેષ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો એક સિક્કે કી દો બાજુ હૈ હી. જો ચીજ પર રાગ હોતા હૈ ઉસકી વિરુદ્ધ ચીજ પર દ્વેષ આયે બિના રહેગા નહીં.

મુમુક્ષુ :- તો ભાઈશ્રી ઉસકો પર્યાયદૃષ્ટિમેં પ્રીતિ હો ગઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, પર્યાયદૃષ્ટિ.

મુમુક્ષુ :- સુપિરીયારીટી ઑફ કોમ્પલેક્સમાં આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવી જાય.

'જે ખરો શોધક છે કે મારે આત્માનું જ કરવું છે, આત્માનું જ પ્રયોજન છે તે કોઈને દેખાડવા માટે કોઈને ખોટી રીતે મનાવવા માટે કરતો નથી.' મનાને કે લિયે કરતા નહીં હૈં. ક્યોંકિ ઉસકા પ્રયોજન દૂસરે કો દિખાને કા, મનાને કા હૈ હી નહીં. વહ તો આત્મલક્ષી પ્રયોજન હૈ. ઉસકો તો આત્માકા કાર્ય કરના હૈ. મેરે કો મેરે આત્મા કે લિયે કરના હૈ, દૂસરે કે લિયે થોડી કરના હૈ? કોઈ સમજે, નહિ સમજે મેરે કો ક્યા લેના-દેના? કોઈ માને, નહીં માને મેરે કો ક્યા લેના દેના? ઔર નહીં માને વહી અચ્છા હૈ. માનને સે તો માન-પાન કા પ્રસંગ આ જાયેગા, જો હમકો પસંદ નહીં હૈ, જો બાત હમ કો પસંદ નહીં હૈ. સોગાનીજીને લિયા હૈ કિ કોઈ હમ કો માન-સમ્માન દેવે વહ હમકો પસંદ પડતા નહીં હૈ. ક્યા જરૂરત હૈ? ઐસી બાતોં કી, ઐસી ચીજોં કી કોઈ જરૂરત હૈ હી નહીં.

મુમુક્ષુ :- ફૂલ જંગલ મેં હો યા શહર મેં ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ફૂલ કી જો સુગંધ હૈ ઔર જો ફૂલ કી જો સુંદરતા હૈ વહ અપને કારણ સે હૈ, દૂસરે સે ક્યા મતલબ? કોઈ કિંમત કરે, હાર પે લગાવે માથા પે લગાવે. ઠીક હૈ. કોઈ પૈર સે કુચલેંગે લેકિન જો વહ હૈ સો હૈ, ઉસમેં કોઈ ફરક નહીં હૈ. **'મારે મારા આત્માને ખાતર કરવાનું છે,...'** મુજે કિસ લિયે કરના હૈ? મેરે આત્મા કે લિયે કરના હૈ. કિસીકે કારણ સે નહીં કરના હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યહાં સે માન નહીં પનપેગા.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં.

ઔર **'આ અનંતકાળનું પરિભ્રમણ કેમ ટળે?'** પ્રયોજન તો વહ હૈ. મેરા પરિભ્રમણ મિટાને કે લિયે મૈં મેરા કામ કરતા હૂં. મેરા પરિભ્રમણ સે મેરા વાસ્તા હૈ મેરે કામ કા. દૂસરોં સે મુજે કોઈ વાસ્તા નહીં. મૈં દૂસરોં કે સામને ક્યોં દેખું? મૈં ગુપચુપ અંદરમેં કામ કરલું. મેરા કામ કરકે મેં ચલા જાઉં. દૂસરોં સે ક્યા લેના-દેના હૈ?

'અનંતકાળનું પરિભ્રમણ કેમ ટળે? અંદરમાંથી સુખ કેમ આવે અને આ દુઃખ કેમ ટળે? અનુપમ આત્મા કેમ મળે?' મિલે માને અનુભવ હો. **'તેમ ખરી ખટક લાગી હોય તે સંતોષાતો નથી.'** મેઈન બાત આતી હૈ સંતોષ કી. ઉસકો સંતોષ હોગા નહીં. વહ દેખ લેગા. કહીં ભી, કભી ભી સંતોષ આયા, યહ ગલતી હો

ગઈ સમજ લેના. બડી ગલતી હો ગઈ. દર્શનમોહ તીવ્ર હો જાયેગા.

જિસકો અંતરમેં સે આત્મવીર્ય કી સ્ફુરણા હુઈ વહ તો પૂર્ણ દશા હોને કે પહલે થંભને કી બાત નહીં હૈ. વહ વીર્ય થંભેગા નહીં. ઉછલતા હી રહેગા, ઉછલતા હી રહેગા. અભી બાકી હૈ, અભી ભી બાકી હૈ, અભી ભી બાકી હૈ, યહ બાત રહેગી. ઔર વહી આગે બઢ સકતા હૈ. જો સંતુષ્ટ હોતા હૈ વહ કભી આગે બઢતા નહીં હૈ. ઉસકે તો પીછે જાને કી શુરૂઆત હો જાયેગી.

જો સંતુષ્ટ હોતા નહીં, **'પરંતુ જેને મારે બહારમાં કાંઈક કરી બતાવવું છે એવો હેતુ અંદર હોય તે સંતોષાઈ જાય છે.'** એ સંતોષાઈ ગયો. ભૂલથી પણ સંતોષાઈ જશે. દિખાને સે ક્યા મતલબ હૈ? કિસી કો દિખાયા (તો) તેરે આત્મા મેં ક્યા આયા? ક્યા મિલા? ઔર અનંત સિદ્ધોંને તો જાના, અગર તુમ સહી દશા પ્રગટ કરતે હો તો અનંત સિદ્ધોંને જાના કિ અભી આગે જા કરકે વહ હમારી પંક્તિમેં આનેવાલા હૈ. તો ઈસસે બડા જાનનેવાલા, જ્યાદા જાનનેવાલા કોન હૈ? યહ તો દો-ચાર કો તુમ, પાંચ-પચ્ચીસ કો, સો-પચાસ, પચાસ-પાંચસો, હજાર કો તુમ દિખાયેગા. કિતને કો દિખાયેગા? યહ તો અનંત સિદ્ધોંને જાના. અનંત સિદ્ધોને જાના ઔર માન્ય કિયા. ઔર યે પાંચસો હજારને જાના, લેકિન સિદ્ધોંને તો માન્ય કિયા નહીં.

'આકુળતા હોય ને જલદી પુરુષાર્થ કરી લઉં એવી બધી અધીરજ હોય તે સંતોષાઈ જાય છે.' અપૂર્વ પર્યાય લીધી. કોણ સંતોષાય જાય? કોને સંતોષ આવી જાય? આકુળતા કરીને જલદી પુરુષાર્થ કરી લઉં... આકુળતા કરીને જલદી પુરુષાર્થ કરી લઉં, અધીરજ હોય, સાવધાની અંદરમાં હોય નહિ, બહારમાં જ અધીરજ કરે એને થોડીક માનસિક શાંતિ પ્રગટે એટલે સંતોષાઈ જવાનો. એને સંતોષ આવી જશે એમ કહે છે. કેમકે યથાર્થ નથી. એની કાર્યપદ્ધતિ યથાર્થ નથી.

મુમુક્ષુ :- અધીરજનો પોઈન્ટ ઘણો મહત્ત્વનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આગળ એ પ્રશ્ન ઉઠાવ્યો છે એમણે. ધીરજ નથી રહેતી. ઉતાવળ કરી જાય છે, ખોટી ઉતાવળ કરી જાય છે. એ વાત ચર્ચી લીધી છે. શું છે કે સાવધાની ન હોય અંદર. ધીરજવાળાને સાવધાની હોય. પુરુષાર્થની ઉગ્રતા હોય તો એને અંદર સાવધાની હોય. એ ધીરજથી ચાલે છે.

એમાં શું છે કે અંદરમાં રાગ છે એ ઘણો મંદ થઈ ગયો. કષાય છે એ ઘણો મંદ થઈ ગયો, પાતળો પડી ગયો. જ્ઞાનસ્વભાવ છે એ પણ સૂક્ષ્મ છે. હવે બે સૂક્ષ્મ થઈ ગયા. એક સ્થૂળ હોય અને એક સૂક્ષ્મ હોય, તરત દેખાય. કાળું ને ધોળું બાજુમાં દેખાય એમ. પણ આછું પીળું, એટલે આપણે જેને કેવું કહીએ છીએ? ઓફ વાઈટ.

ઓફ વાઈટ કહીએ છીએ. વાઈટ અને ઓફ વાઈટ વચ્ચે મિંઢવણી ન થાય તો ખબર ન પડે. બેય વાઈટ જ દેખાય જુદું-જુદું. ઓફ વાઈટને જોવો ત્યારે વાઈટ દેખાય અને વાઈટને જુઓ ત્યારે વાઈટ દેખાય. બેયને બાજુમાં રાખો (તો ખબર પડશે કે) થોડા પીલાપન હૈ ઈસમેં. એમ કષાય અંદરમાં સૂક્ષ્મ થઈ જાય, જ્ઞાનસ્વભાવ પણ સૂક્ષ્મ હોય અને એ બે સૂક્ષ્મ પરિણામો વચ્ચે ભેદ પાડવો એમાં ધીરજનું કામ છે. ધૈર્ય સે, સાવધાની સે, અંદર મેં અલગ-અલગ, ભિન્ન-ભિન્ન કરના હૈ. બગલ-બગલ મેં હૈ, દોનોં સૂક્ષ્મ હૈં. ઉસકો અંતર પ્રયત્નમેં ભિન્ન-ભિન્ન કરના હૈ. વહ ધીરજ કા કામ હૈ, અંતરંગ મેં વહ ધીરજ કા કામ હૈ.

મુમુક્ષુ :- ઘૂંચ ઉકેલવાની છે. ઘૂંચ પડી જાય, એ ઘૂંચ ઉકેલવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમા ખેંચા-ખેંચી કરે તો ટાઈટ થઈ જાય. સુતર ઘૂંચવાણું હોય, ઉતાવળથી ખેંચવા જાય તો ગાંઠ ટાઈટ થઈ જાય. એને ધીરેથી ખોલવું પડે, ઉકેલવું પડે.

મુમુક્ષુ :- સોયમાં દોરો પોરવવો તોપણ ધીરજથી પોરવવો પડે.

પૂજ્ય ભાઈશ્રી :- સોયમાં દોરો પોરવવો હોય તો એ ધીરજથી પોરવવો પડે. એનું નાકુ છે એ સૂક્ષ્મ છે. એમાં સ્થૂળ ઉપયોગથી જલ્દી-જલ્દી કરવા જાય આમ... આમ... એમ... દોરો ન પોરવાય. શાંતિથી (પરોવે). એમ છે.

મુમુક્ષુ :- કોઈક વાર દોરો પોરવાઈ પણ જાય છે. ઉતાવળ, ઉતાવળમાં દોરો પોરવાઈ પણ જાય છે. કોઈક વાર એવું બની જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પરોવાઈ જાય છે એમ?

મુમુક્ષુ :- મોટી સોય હશે, સુયો હશે.

પૂજ્ય ભાઈશ્રી :- સુયો હશે એમ કહે. સોય નહિ હોય. સુયો હશે.

મુમુક્ષુ :- હાથમાં દોરો નહિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- દોરો નહિ હોય, સુતળી હશે.

આ તો બધું બારીક કામકાજ છે. ઝીણી નકશી કરવી હોય ત્યાં હથોડાનું કામ ન હોય. એનું ટાંકણું પણ ઝીણું હોય અને એની હથોડી પણ નાની હોય. ટક... ટક... ટક... ટક... ટક... કરેને. હથોડો કામ ન આવે અને મોટી છીણી કામ ન આવે. એવું છે. ગુરુદેવ કહેતા હતા એરુના સાણસાથી મોતી ન પકડાય. એરુ પકડવાના સાણસાથી મોતી ન પકડાય. મોતીને, હીરાને પકડવા માટે બારીક સવાણી જોઈએ. ચિમ્ટા. ફાઈવ પોઈન્ટેડ ચિમ્ટા ચાહિયે. એમ છે. એમ અહીંયાં અંદર શાંતિનું, ધીરજનું કામ છે.

મુમુક્ષુ :- બહેનશ્રીએ અબરખના પડનું દૃષ્ટાંત આપ્યું છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહેનશ્રીએ અબરખના પડનું દૃષ્ટાંત આપ્યું છે. બારીક છે. ચોંટેલા છે, બારીક છે એને ખોલવાના છે. ભેદજ્ઞાનનો વિષય એવો સૂક્ષ્મ છે. ભેદજ્ઞાનનો વિષય સ્થૂળ નથી. અંદરમાં સૂક્ષ્મ પરિણમવાનો પ્રયોગ ચાલે છે.

'છેતરાઈ જવાના ઘણા રસ્તા છે.' ધોખા ખાને કા બહુત રાસ્તા હૈ. ભૂલને કા બહુત સ્થાન હૈ, ધોખા ખાને કા સ્થાન બહુત હૈ. ઈસલિયે વહ સત્સંગ મેં સબ પ્રકારકી છાનબીન હોતી હૈ, સબ પ્રકારકા સબ પડખે સે ઉસકી સ્પષ્ટતા હોતી હૈ. તો જિસકો વહ કામ કરના હૈ વહ પહેલે સે સાવધાન હો જાતા હૈ કિ કહીં મૈં ધોખે મેં ન આ જાઉં, કહીં મૈં ધોખે મેં નહીં આ જાઉં. ઉસકી સાવધાની વહ રખેગા, શુરૂસે હી રખેગા. **'જિજ્ઞાસા થયા પછી...'** માને ભાવના હોને કે બાદ **'કેમેય કરીને થતું ન હોય.'** કેમેય કરીને માને? એનું હિન્દી કેમ કરશો? કેમેય કરીને.

મુમુક્ષુ :- જેસે કૈસે ભી.

પૂજ્ય ભાઈશ્રી :- જેસે કૈસે ભી નહીં હોતા હો.

જિજ્ઞાસા થયા પછી પણ જલ્દી થતું નથી બહુ પુરુષાર્થ માંગે છે એમ કહે છે. **'કેમેય કરીને થતું નથી અને થોડો પુરુષાર્થ કરીને મને થઈ ગયું એવી કલ્પના કરે તો તે કાંઈ માર્ગ નથી.'** કેટલા વખત પહેલાં ચર્ચા થઈ હશે, પણ બધી ચોખવટ કરી છે કે નહિ? ચર્ચા તો ઘણા વખતથી (ચાલતી હતી). એવું નથી થતું. આ તો પ્રતિબંધ તોડવામાં જ પરસેવા ઉતરે એવું છે હજી. નાસ્તિના પુરુષાર્થમાં. અસ્તિનો પુરુષાર્થ તો પછી જાત જ જુદી છે. નાસ્તિના પુરુષાર્થમાં પરસેવા ઉતરે એવા છે. આ ઘર મારું નહિ, આ સંપત્તિ મારી નહિ, આ કુટુંબ મારું નહિ, આ દેહ મારો નહિ.

મુમુક્ષુ :- નાસ્તિનો પુરુષાર્થ.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો હજી નાસ્તિનો પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- પછી અસ્તિનો પુરુષાર્થ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી અસ્તિનો પુરુષાર્થ છે. એમાં પરસેવા ઉતરી જાય એવું છે હજી તો.

મુમુક્ષુ :- મૈં ઈસકો ભોગ હી નહીં સકતા. મૈંને ઉસકો ભોગા હી નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, મેરાપના હૈ હી નહીં ઉસમેં, મેરી ચીજ હી નહી વહ. ચાહે કુછ હો જાયે મેરે કો ક્યા? કુછ ભી હો જાયે મેરે કો ક્યા? પસીના ઉતર જાવે ઐસી બાત હૈ. હજી તો કો'ક વાંકું બોલે તો સહન ન કરી શકે. જ્યાં પ્રતિબંધ

હોય કુટુંબનો, પરિવારનો, સમાજનો એને કો'ક બરાબર બોલે નહિ તો એને સહન ન થાય. એ ખબર હોય ન હોય પણ એ એનો બચાવ કરવા માંડે. એમ ન હોય, એને એમ ન હોય. છૂટે કે દિ'? એવી વાત છે. નીકળવું બહુ મુશ્કેલ છે, સંસારમાંથી નીકળવું બહુ મુશ્કેલ છે.

મુમુક્ષુ :- પ્રકૃતિ અને પ્રતિબંધ જીતી લીધા એ તરી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- સંસાર પરિભ્રમણના મુખ્ય કારણ પ્રતિબંધ છે. સ્વચ્છંદ અને પ્રતિબંધ. એ તો કૃપાળુદેવે લીધું છે, સંસાર પરિભ્રમણમાં મુખ્ય બે કારણો—સ્વચ્છંદ અને પ્રતિબંધ. સ્વચ્છંદ ગયો અને પ્રતિબંધ ગયો, તરી ગયો સંસાર. પછી એને અટકવાનું સ્થાન શું છે? કાંઈ અટકવાનું સ્થાન નથી પછી તો.

મુમુક્ષુ :- અહીંયાં આગળ સ્વચ્છંદમાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વચ્છંદમાં જ્ઞાનીપુરુષની આજ્ઞા વિના મોક્ષમાર્ગ પકડવાનો પ્રયત્ન કરવો. આજ્ઞામાં રહીને નહિ. એ ધર્મના ક્ષેત્રનો સ્વચ્છંદ થયો. બાકી તો તીવ્ર નિરર્ગળ વિષય-કષાયના પરિણામો હોય એ પણ સ્વછંદ છે. પણ એ તો બધા સંસારીઓને હોય છે. પણ ધર્મના ક્ષેત્રમાં આવ્યા પછી જીવ જે સ્વચ્છંદે પ્રવૃત્તિ કરે છે એટલે આજ્ઞામાં રહીને નથી કરતો, આજ્ઞા બહાર જઈને કરે છે એ સંસાર પરિભ્રમણનું જ કારણ છે, બીજું કાંઈ કારણ નથી. ધર્મ પ્રવૃત્તિ પણ સંસાર પરિભ્રમણનું કારણ છે. મુક્ત થવાનું નહિ બની શકે.

કૃપાળુદેવ સત્પુરુષની અત્યંત ભક્તિ સ્થાપે છે એનું કારણ એ છે કે કેટલાક તો પરિણામ એને સ્વચ્છંદના અને પ્રતિબંધના ઓટોમેટિક જાય. એક બાજુનો ઝુકાવ તીવ્ર થાયને? બીજી સાઈડના પરિણામ ઊભા જ ન થાય. એ સુગમ રસ્તો એમણે ચીંધ્યો છે. પણ એ તો કો'ક ભાગ્યવાનને જ પ્રાપ્ત હોય છે, બધાને એવું નથી આવતું. એવા પરિણામ થતા નથી. એવા અત્યંત ભક્તિના પરિણામ કોઈકને જ થાય છે, બધાને નથી થતાં.

મુમુક્ષુ :- એટલે સત્પુરુષની ઓળખાણમાં જ મોટામાં મોટું...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મોટું રહસ્ય છે, બહુ મોટું રહસ્ય છે.

મુમુક્ષુ :- પોઈન્ટ એ આવીને ઊભો રહે છે. બધી ચર્ચાનો મુખ્ય સાર તો એ આવીને ઊભો રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છેને, સમકિતની લાઈન જ ત્યાંથી ચાલુ થાય છે. એટલે એને પહેલું સમકિત કીધું છે. કોઈપણ જીવના પરિણામ સમ્યગ્દર્શનની દિશામાં ગતિમાન થાય ત્યારથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળી ગયા, તમે શાસ્ત્ર વાંચવા મંડ્યા, પૂજા ભક્તિ

કરવા માંડ્યા, દયા-દાન કરવા માંડ્યા, જાત્રા કરવા માંડ્યા, બધું કરવા તો મંડ્યા એ કોઈ પરિણામ સમ્યગ્દર્શન પ્રત્યેની ગતિવાળા નથી. શાસ્ત્ર વાંચીને તમે તત્ત્વજ્ઞાનનો ક્ષયોપશમ કરી લીધો. એ તો અંગ પૂર્વનું જ્ઞાન પહેલાં પણ કરી ચૂક્યા છો. વ્રત-તપ ધારણ કરી લીધા, નિયમ કરી લીધા. આટલો તો નિયમ હોય. પણ એ કોઈ સમ્યગ્દર્શન પ્રત્યેની ગતિ નથી પરિણામની. સત્પુરુષ મળ્યા અને એની ઓળખાણ થઈ. બસ, અહીંથી સમ્યગ્દર્શનની લાઈન જુદી પડે છે. ગાડીનો પાટો બદલાય છે. એનું ડેસ્ટીનેશન જુદું આવશે. ત્યાં સુધી બધું સંસાર. પૂર્વાનુપૂર્વ સંસાર, સંસાર અને સંસાર જ છે એમ છે.

મુમુક્ષુ :- ગુરુદેવના બાબતમાં જે પ્રકાર બન્યો. જાહેર પ્રકાર બન્યો ગુરુદેવના બાબતમાં. એના લીધે ઓળખાણ, જીવોને એનો પરિચય થયો પછી કોઈને ઓળખાણ થઈ, કોઈને બરોબર ન થઈ, એને કેવી રીતે ખતવવા?

પૂજ્ય ભાઈશ્રી :- જેને ઓળખાણ થઈ એ તરી જશે. એ કોઈક જ જીવને થઈ હોય. બાકી બધું એમને એમ ચાલ્યું લોલમાં લોલ. લોલમાં લોલ સમજો છો? માતાજીના ગરબા ગાયને? એમાં લોલવાળા ગરબા બહુ આવે. પાછળ લોલ આવે. ગરબો બોલતા ન આવડે, વાંહે લોલ બોલે. માજી બહુચરાજી ફલાણા પર્વતથી ઉતર્યા રે લોલ. તો કહે લોલ. પાવા તે ગઢથી ઉતર્યા રે લોલ. પાવા તે ગઢથી ન આવડે તો કાંઈ નહિ, લોલ તો કરે પાછળ. એના જેવું છે. એ લોલમાં લોલ કહેવાય. એમ જ ચાલતું હોય છે. ઓળખાણ કો'ક જીવને થાય, બાકી લોલમાં લોલ બધું ચાલતું હોય. ગુરુદેવની જય હો. જય હો... જય હો... બધું એમ જ ચાલે. કો'ક જીવ ભાગ્યશાળી જીવને ઓળખાણ થાય એ તરી જાય. એવું છે. એમાં પોતે પોતાનો નંબર જોડી દેવો જોઈએ. ઈ કો'કમાં પોતાનો નંબર જોડી દેવો જોઈએ.

મુમુક્ષુ :- લોલમાં લોલનું હિન્દી પૂછે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હમારે યહાં વહ માતાજી ગરબી લેતે હૈં. ઉસકે ફરતે ઘૂમતે હૈ ન ગરબા લે કરકે. તો ઉસમેં લોલ વાલે ભજન બહુત આતે હૈં. ભજન તો સુને નહીં, આતે નહીં હૈ, પીછે લોલ આતા હૈ તો વહ લોલ બોલે. ઐસા. છોટે-છોટે જો બચ્ચે હોતે હૈં ન? ઉનકો તો આતા નહીં હૈ, સ્મરણ ભી નહીં રહતા હૈ. તો એ પાછળ લોલ આવે ઈ લોલ બોલી લે પતી ગયું. એમ. ઐસે દેખાદેખી સે સબ જય જયકાર કરતે હૈં, માનતે હૈં. સમવસરણમેં તો ભગવાનકે પુણ્ય બહુત હોતે હૈં તીર્થંકરદેવ કે. સબ લોગ પૂજા કરતે હૈં. વહાં તો કોઈ વિરોધ કરનેવાલે હોતે હી નહીં સમવસરણમેં તો. સબ પૂજા કરતે હૈં, ભક્તિ કરતે હૈં. ઔર દેવ-

દેવાંગના નૃત્ય કરતે હૈં તો જુડ જાતે હૈં ઉસમેં. વો લોગ નૃત્ય કરતે હૈં, અપન ભી કરો. તો ભગવાન કે સામને નાચતે ભી હૈ, લેકિન વહ લોલ મેં લોલ કિયા સબ. અભી તક લોલ મેં લોલ હી કિયા. હમ લોગોંને ભી ઐસા હી કિયા, લોલ મેં લોલ કિયા હૈ અભી તક. ઐસે કામ નહીં હોતા. ઐસે નહીં હોતા. વહ બાત હૈ. અહીં સુધી રાખીએ.

તા. ૧૯-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૫૮, ૫૯
પ્રવચન નં. ૩૭

સ્વાનુભૂતિદર્શન, પાનું-૫૬. વિષય એ ચાલે છે કે મુમુક્ષુજીવ મોક્ષમાર્ગ પ્રત્યે આગળ વધવા જાય છે ત્યારે ક્યાંક ક્યાંક ભૂલ કરે છે. એ ભૂલ થવામાં મુખ્યપણે તો કષાયની મંદતા નિમિત્ત પડે છે અને કોઈને કષાયની મંદતા સાથે જ્ઞાનનો ક્ષયોપશમ પણ નિમિત્ત પડે છે. જ્ઞાનના ક્ષયોપશમ સાથે કષાયની મંદતા હોય તો એને એવી કલ્પના થાય કે જ્ઞાનને લઈને શાંતિ થઈ. એમને એમ શાંતિ નથી થઈ પણ મને જ્ઞાન પ્રાપ્ત થયું છે તેથી શાંતિ થઈ છે. બહુભાગે મંદ કષાયમાં છેતરાય છે એવું બને છે એટલે એની ચર્ચા કરે છે અહીંયાં, એ વિષય ઉપર.

'**મંદ કષાયમાં તેને શાંતિ-શાંતિ લાગે,...**' '**મંદ કષાયમાં તેને શાંતિ-શાંતિ લાગે, પણ એકત્વબુદ્ધિ તૂટી નથી,...**' રાગ સાથે એકપણાનો અને સંયોગ સાથે અપનાપના કા અભિપ્રાય તો મિટા નહીં હૈ. બુદ્ધિ માને અભિપ્રાય. '**અંદરમાંથી જે જુદું ભાસ્યમાન થવું જોઈએ તે થતું નથી,...**' અપના સ્વરૂપ, અપના તત્ત્વ જો ભિન્ન ભાસ્યમાન હોના ચાહિયે, વહ તો નહીં હો રહા હૈ. '**ને જ્ઞાયક હાથમાં આવ્યો નથી.**' ઔર જ્ઞાયક કા અનુભવ તો, સ્વરૂપ કા અનુભવ તો હુઆ નહીં. '**તો તેના તરફ...**' માને સ્વરૂપ કી તરફ '**જવા માટે યથાર્થ રસ્તો મળ્યો નથી.**' યથાર્થ ઉપાય નહીં મિલા

है, भले ही शांति लगे उसको. वह शांति कोई काम की चीज नहीं है और उसमें धोखा नहीं खाना चाहिये. ऐसी शांति में धोखा नहीं खाना चाहिये. यही कहना चाहते हैं.

કયા મુદ્દા લિયા? '**એકત્વબુદ્ધિ તૂટી નથી, અંદરમાંથી જે જુદું ભાસ્યમાન થવું જોઈએ તે થતું નથી,...**' ભિન્નતા લગતી નહીં, ज्ञान और राग की भिन्नता लगती नहीं. स्वरूप की पकड़ आयी नहीं. हाथमें नहीं आया माने स्वरूप की पकड़ आयी नहीं है. ये तीन बात लिया है. ये तीन बात पर से निश्चय करना चाहिये कि स्वरूप की ओर जाने का यथार्थ मार्ग मिला नहीं, यथार्थ उपाय नहीं मिला है. उपाय में अयथार्थता है. '**વિકલ્પ મંદ થઈ જાય એટલે જાણે વિકલ્પ છૂટી ગયા તેવું લાગે...**' विकल्प अधिक मंद हो जाये और ईसलिये ऐसा लगे कि विकल्प छूट गया है मेरा, मिट गया है, '**પણ અંદર સૂક્ષ્મતાથી જુએ તો વિકલ્પ મંદ પડ્યા હોય છે, તેનાથી છૂટેલો હોતો નથી.**' तीव्र विकल्प के साथ, स्थूल विकल्प के साथ एकत्व रहे, या मंद विकल्प के साथ एकत्व रहे, राग का एकत्व तो उतना ही उतना बना रहा है.

कभी-कभी मुमुक्षु को ऐसा लगता है कि मेरे उदय में कोई तीव्र परिणाम तो है ही नहीं. फिर भी मेरा काम क्यों नहीं होता है? मेरे विषय कषाय के उतने परिणाम तीव्र हो नहीं रहे हैं और में स्वाध्याय आदि तो नियमित करता हूं, सत्संग भी नियमित करता हूं, मेरा काम क्यों नहीं हो रहा है? तो ज्ञानी यह कहते हैं कि विषय कषायरूप तीव्र परिणाम के साथ भी एकत्व हो, या स्वाध्याय आदि के सत्संग के मंद कषाय के परिणाम में राग है उसके साथ एकत्व हो, एकत्व तो यूं का यूं, उतना का उतना बना रहा है. उसमें कोई फरक नहीं हुआ है. और फिर ऐसा सोचे कि मेरा काम क्यों नहीं हो रहा है? मैं क्युं आगे नहीं बढ रहा हूं? वह बात खुद की समजदारी की नहीं है.

મુમુક્ષુ :- એનો અભિપ્રાય નથી બદલાણો?

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય વૈસા કા વૈસા હૈ, પરિણતિ વૈસી કી વૈસી હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! શુભ રાગ કી પકડ હો જાતી હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, જો ભી મંદ કષાય હૈ, યા જો ભી થોડા વિકલ્પ હૈ ઉસકે સાથ ભી એકત્વ તો ઉતના કા ઉતના હૈ. ભિન્ન હુઆ હી નહીં.

राग से भिन्न होने का जो प्रयास है यह मूलमें होना चाहिये. अंतरंग में राग से, विकल्प से भिन्न होने का प्रयास होना चाहिये. ज्ञान लक्षण से ज्ञान

ભિન્ન હૈ, રાગાદિ સે. રાગાદિ મેં જ્ઞાનલક્ષણ નહીં હૈ. યહ ભિન્નતા કા પ્રયાસ હોના ચાહિયે. ઔર વહ મોક્ષાર્થી હોકર કે. ૧૮ ગાથામેં લિયા '**मोक्खकामेण**'. મોક્ષ કી કામના મેં આકર કે. વરના ઉસ પ્રકાર કા ફોર્સ નહીં બનેગા. અંદર મેં ભેદ કરને કી સૂક્ષ્મતા નહીં આયેગી, નિર્મળતા નહીં આયેગી ઔર ઉતના બલ ભી નહીં હોગા કિ વહ કામ કર સકે. ક્યોંકિ અનાદિ કા એકત્વ હૈ વહ ચાલુ હૈ, ઉસકા બલ બહુત હૈ.

મુમુક્ષુ :- જાતિભેદની પરખ આવવી જોઈએ. જાતિભેદ એટલે મંદ અને તીવ્રમાં જાતિ તો એક છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. '**વિકલ્પ મંદ થઈ જાય એટલે જાણે વિકલ્પ છૂટી ગયા તેવું લાગે...**' એને. હમકો લગતા હૈ, '**પણ અંદર સૂક્ષ્મતાથી જુએ તો વિકલ્પ મંદ પડ્યા હોય છે,...**' છૂટા નહીં. વિકલ્પ મંદ પડેલો છે, છૂટ્યો નથી એને, ભિન્ન નથી પડ્યો. ભિન્ન પડે છે, જહાં ભિન્નતા કા પ્રયાસ હૈ, વહાં દિશા બદલને કા પ્રયાસ હૈ. ઈસકે પહલે જિતને ભી ધર્મસાધન કિયે હૈં, વહ બહિર્મુખ પરિણામ સે કિયે હૈં, દિશા નહીં બદલી. દિશા બદલને કા પુરુષાર્થ હોને સે દશા બદલતી હૈ. દિશા બદલે બિના દશા નહીં બદલતી. ભિન્ન પડના. રાગ કા મુખ ઉધર હૈ. જ્ઞાન ઉસમેં જુડ જાતા હૈ, એકત્વ કરકે. રાગ હંમેશા બહિર્મુખ હોતા હૈ. ચાહે આત્મા કા વિકલ્પ હો કિ મૈં સહજ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ (હૂં). ઐસા આત્મા કા વિકલ્પ હો, ઉસકા મુખ ભી બાહર હૈ. ઔર જ્ઞાન ઉસકે સાથ એકત્વ કરતા હૈ તો જ્ઞાન ભી બહિર્મુખ હોતા હૈ. અબ જો જ્ઞાન ભિન્ન પડને કા પ્રયાસ કરતા હૈ તો દિશા બદલને કા પુરુષાર્થ હૈ ઉસમેં. જો દિશા બદલેગા ઉસકી દશા બદલેગી. દિશા નહીં બદલેગી તો દશા નહીં બદલેગી. જો જીવ મોક્ષાર્થી હુઆ કિ મુજે એક મોક્ષ કે લિયે હી પ્રયાસ કરના હૈ. ઉસકો યે રાગ ઔર જ્ઞાન સે ભિન્નતા કા પુરુષાર્થ અવલોકન કી પ્રેક્ટિસપૂર્વક હોના ચાહિયે. યહ સ્પષ્ટ માર્ગદર્શન હૈ ઈસ વિષય મેં.

'**આત્માના અસ્તિત્વના ગ્રહણપૂર્વક શાંતિ પ્રગટ થાય, તે તો પ્રગટી નથી અને તેની સાથે જે વિકલ્પ છૂટવા જોઈએ તે તો કાંઈ છૂટ્યા નથી, તેથી તેના હાથમાં માર્ગ આવ્યો નથી.**' ઉસકો માર્ગ કા પતા લગા નહીં હૈ, ઉપાય કા પતા નહીં લગા હૈ. એકદમ ક્લિયર બાત કર દી હૈ. ભેદજ્ઞાન કે વિષયમેં જ્ઞાની બહુત સ્પષ્ટ હોતે હૈં યહ દિખતા હૈ ઈધરસે કિ કિતની સ્પષ્ટ બાત હૈ. '**આત્માના અસ્તિત્વના ગ્રહણપૂર્વક...**' અસ્તિત્વ ગ્રહણ કૈસે હોતા હૈ? કિ જો જ્ઞાનવેદન હૈ, વો વેદન સે અસ્તિત્વ કા ગ્રહણ હોતા હૈ. 'મૈં હૂં' વહ વિકલ્પવાલી બાત નહીં હૈ, વેદનવાલી બાત હૈ. અંદરમેં જો જ્ઞાનવેદન હૈ વહાં સે અસ્તિત્વ માલૂમ પડતા હૈ. ગ્રહણ હોતા

હૈ માને માલૂમ પડતા હૈ કિ મૈં જ્ઞાનસ્વરૂપ હૂં. ઐસે અસ્તિત્વ ગ્રહણપૂર્વક શાંતિ પ્રગટ હોવે તો યથાર્થ હૈ. યહ તો પ્રગટ ઐસા તો હોગા નહીં, ઐસી શાંતિ તો પ્રગટી નહીં હૈ ઈસ પ્રકાર સે ઔર જો વિકલ્પ છૂટના ચાહિયે વહ ભી છૂટા નહીં. ભિન્નત્વ હોના ચાહિયે વહ ભિન્નત્વ હુઆ નહીં. વો ભિન્નત્વ નહીં હુઆ, તો વહાં ઉપાય જો હૈ વહ યથાર્થ નહીં હૈ. વહાં તક અનુભવ કા ઉપાય યથાર્થ નહીં હૈ. યહાં સે અનુભવ કા ઉપાય હોતા હૈ.

મુમુક્ષુ :- વિકલ્પ સે ભી ભિન્ન, વિચાર સે ભી ભિન્ન. ઔર માત્ર જ્ઞાન?

પૂજ્ય ભાઈશ્રી :- માત્ર, અકેલા જ્ઞાન. અકેલા જ્ઞાન કો વેદન સે ભિન્ન કરના ચાહિયે. અકેલા જ્ઞાન ભિન્ન વેદન સે ભિન્ન હોતા હૈ, ઈસકે પહલે ભિન્ન હોતા નહીં હૈ. ઈસકે પહલે ભિન્નતા કા વિકલ્પ ચલે વહ ભિન્નતા નહીં હૈ. ભિન્નતા કા વિકલ્પ ચલે વહ ભિન્નતા નહીં હૈ.

મુમુક્ષુ :- વહ પ્રયાસ ભી નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહ પ્રયાસ નહીં હૈ. વહ વિકલ્પ વિકલ્પ હૈ.

મુમુક્ષુ :- જબ વિકલ્પ ચલતા હૈ ઉસ સમય કુછ શાંતિ લગે...

પૂજ્ય ભાઈશ્રી :- હોવે તો ભી વહ ધોખા ખાને કી બાત હૈ. કદાચ હોવે તો ભી ધોખા ખાને કી બાત હૈ. વિકલ્પ મંદ હોતા હૈ તો શાંતિ લગે. ક્યા હો ગયા ઉસમેં?

ફિર સે લેતે હૈં કિ, '**સાચો આત્માર્થી હોય તે સંતોષાઈ જાય નહીં.**' સંતોષાઈ જાય નહિ. સાચો આત્માર્થી છે એ વિકલ્પની મંદ કષાયની શાંતિમાં સંતોષાઈ જાય નહિ.

મુમુક્ષુ :- પૂર્ણતા કા લક્ષ હી લેકર બૈઠા હૈ, તો ફિર સંતોષ આયેગા હી નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતા કા લક્ષવાલા હી સચ્ચા હૈ. જો સચ્ચા હૈ વહ સંતુષ્ટતા મેં આયેગા નહીં. જિસકો પહલે સે માલૂમ પડ ગયા કિ મુજે તો બહુત બાકી હૈ, વહ થોડે મેં કૈસે સંતુષ્ટ હોગા? વહ સંતુષ્ટ હોગા નહીં.

'**સાચો આત્માર્થી હોય તે સંતોષાઈ જાય નહીં. કેમકે અંદર આત્મા ભાસ્યમાન થઈને આ આત્મા અને આ મારું સ્વરૂપ એમ આવવું જોઈએ તે આવતું નથી માટે તે સંતોષ પામે નહીં, અટકે નહીં.**' સંતોષ હુઆ વહ અટક ગયા. સંતોષ હોને સે અટક ગયા. સચ્ચા આત્માર્થી ક્યોં સંતુષ્ટ નહીં હોતા? કારણ બતાયા કિ '**અંદર આત્મા ભાસ્યમાન થઈને...**' ભાવભાસન હો કરકે, જ્ઞાન સ્વરૂપી આત્મા કા ભાવભાસન હો કરકે '**આ મારું સ્વરૂપ છે,...**' મૈં ઐસા હું. આવો હું છું... આવો

હું છું... એમ અંદરથી આવતું નથી. તો સંતોષ નહીં હોતા, ઉસકો સંતોષ નહીં હોતા. ઔર વહ અટકતા નહીં. **'આ કોઈને દેખાડવાનો માર્ગ નથી એમ તેને અંતરમાંથી આવવું જોઈએ.'** મુજે કિસી કો દિખાના નહિ હૈ કિ મૈં આગે બઢા હૂં, મુજે ઐસા હોતા હૈ, વહ કિસી કો મુજે દિખાના નહીં હૈ. દિખાના તો નહીં હૈ લેકિન ગુપ્ત રહના હૈ. દિખાના તો નહીં હૈ લેકિન ગુપ્ત રહના હૈ. મેરા કામ મુજે ગુપચુપ કરના હૈ. અગર મૈં મેરા કામ દિખાને કો જાઉંગા, યે કામ બિગડ જાયેગા, નિયમ સે બિગડ જાએગા.

મુમુક્ષુ :- અગર વહ સત્પુરુષ સે માર્ગદર્શન લેવે તો વહ તો દિખાના નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ના, માર્ગદર્શન લેના હૈ વહ તો અપના કામ કે લિયે આગે બઢને કી જિજ્ઞાસા હૈ. દૂસરે મુમુક્ષુ કો દિખાવે, નીચેવાલે કો દિખાવે તો કામ બિગડેગા. કહીં ભી પ્રસિદ્ધિ કા તો વિકલ્પ આના હી નહીં ચાહિયે. પ્રસિદ્ધિ સે દૂર ભગને કા વિકલ્પ આના ચાહિયે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રેરણા દેને કે લિયે દિખાવે તો?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રેરણા દેને કા અભી બહુત દૂર હૈ. વહ અપના કામ નહીં હૈ, વહ અપના કામ નહીં હૈ.

મુમુક્ષુ :- પ્રેરણા લેને કા હૈ, દેને કા નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રેરણા અભી દેને કા સ્ટેજ નહીં હૈ. 'પ્રથમ લેહી ઉપદેશકો.' યહ બાત હૈ. ઈસસે પહલે ઉપદેશ દેને લગ જાયે. વહ નહીં હૈ. અપના કામ બાકી હૈ, અપના કામ બાકી હૈ. ઉસકી દરકાર, ઉસકી ચિંતા, ઉસકી વેદના, યહ સ્ટેજ હૈ.

'આ કોઈને દેખાડવાનો માર્ગ નથી એમ તેને અંતરમાંથી આવવું જોઈએ.' વો બાત અંદરમેં સે આની ચાહિયે. અગર મૈં ગુપચુપ મેરા કામ નહીં કરુંગા તો મેરા કામ બિગડેગા. હમકો કામ બિગાડના નહીં હૈ. યહ સાવધાની કા વિષય હૈ, યહ સાવધાની કા વિષય હોતા હૈ. એ તો પ્રયોજનની દષ્ટિ હોય એને એમ જ આવે.

મુમુક્ષુ :- એમ આવવું જોઈએ એના બદલે અંતરમાંથી આવવું જોઈએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંદરથી, અંદરથી. અંતરમેં સે ઐસા લગના ચાહિયે. મેરા કામ નહીં બિગાડના હૈ, મેરા કામ મુજે બિગાડના નહીં હૈ. સાવધાની રહતી હૈ. વેપારી થે, જો વ્યાપાર કરતે થે, તો કહીં સે ભી પડતા લગતા હો કોઈ માલ કા. અલગ-અલગ જગહ સે ભાવ દેખતે હૈં, ઉસમેં લગે કિ યહાં સે પડતા લગતા હૈ. તો યહાં સે માલ મંગાતે હૈં કિસિકો પતા નહીં લગને દેતે.

મુમુક્ષુ :- બિઝનેસ સિક્રેટ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ બિઝનેસ સિક્રેટ હૈ કિ હમારા માલ યહાં કમ ભાવ મેં મિલતા હૈ, વહ દૂસરે કો નહીં બતાના હૈ કિ હમ કહાં સે માલ લાતે હૈં. ઔર હમારા માલ ઊંચે ભાવ મેં બિકતા હૈ વહ ભિ નહીં બતાયેંગે હમ કિ ઈધર કી જગહ ઈધર ઊંચા ભાવ મિલતા હૈ, વહ ભી નહીં બતાયેંગે. વહ બિઝનેસ સિક્રેટ હૈ. દેખો, હમકો બહુત પૈસા મિલ રહા હૈ ઈસ તરહસે ઐસા કોઈ બતાને કો જાએગા? ઔર કમાઈ હોગી, સંપત્તિ બઢેગી વહ ભી કિસી કો નહીં બતાયેગા કિ મેરી ઈતની પુંજી હૈ, મેરી ઈતની મૂડી હૈ.

મુમુક્ષુ :- ગુપ્ત રખતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ગુપ્ત રખતા હૈ.

મુમુક્ષુ :- વહાં કિતના સતર્ક રહતા હૈ!

પૂજ્ય ભાઈશ્રી :- વહાં તો સતર્ક રહતા હૈ, હોંશીયાર રહતા હૈ. બિઝનેસ મેં તો સબ પ્રકાર કી હોંશીયારી કરતા હૈ કિ નહીં કરતા હૈ? વહાં તો જૂઠ બોલકે ભી પૈસા કમા લેતા હૈ. જૂઠ બોલના માને ગુપ્ત રખતા હૈ. કુછ ચીજ ગુપ્ત રખતા હૈ. તો અપની કમાઈ કે લિયે કિતની સાવધાની હૈ! યહાં ભી ઐસી સાવધાની આની ચાહિયે. યહ દિખાને કી ચીજ નહીં હૈ, દિખાને કા ભાવ આયેગા તો કામ બિગડેગા, કમાઈ ચલી જાયેગી. યે બાત અપને દિમાગ મેં આની ચાહિયે.

'આત્માર્થીની દૃષ્ટિ અંદર જ ફર્યા કરે છે, આ તો મારા માટે છે, આ ક્યાં કોઈને માટે છે?' ઉસકી દૃષ્ટિ અંદર હી અંદર ઘૂમતી હૈ કિ મેરે લિયે મૈં મેરા કામ કરતા હૂં, કિસીકે લિયે વહ કામ નહીં હૈ. સબ અપની-અપની જાને. મુજે મેરા કામ કરને દો ગુપચુપ. મેરે કો બાહર આને કી કોઈ ફુરસત નહીં હૈ. ઔર બાહર આકર કે મેરા કામ મુજે બિગાડના નહીં હૈ. યે વૃત્તિ યથાર્થતા મેં સહજ આતી હૈ, આયે બિના રહતી નહીં હૈ. **'અને જો હું રોકાઈ જાઉં તો જન્મ-મરણ ઊભાં જ છે-** જન્મ-મરણ ઊભા જ છે. **'આમ તે ભવભીરુ છે.'** ભીરુ માને ડર લગે ઉસકો ભીરુ કહતે હૈં. ભીરુ આતા હૈ હિન્દી મેં? ભવભીરુ. ભવભીરુ માને ભવ સે ડરનેવાલા. ભવસે ડરનેવાલે કો ભવભીરુ કહેતે હૈં.

મુમુક્ષુ :- ભયભીત.

પૂજ્ય ભાઈશ્રી :- હા ભયભીત છે, ભવભીરુ એક જ વાત છે.

હું જો રોકાઈ જાઈશ તો મારા જન્મ-મરણ ઊભા છે. જન્મ-મરણની મોટી ખાઈ, ઉસમેં મૈં ગિર જાઉંગા. ઉસકા ડર હૈ ઉસકો. મુજે અટકના નહીં હૈ. મુજે રુકના નહીં હૈ, કિસી કિંમત મેં ભી મુજે રુકના નહીં હૈ. યહ આત્માર્થી કો ઐસા ભવભય

લગતા હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એક સવાલનો કેટલો વિસ્તારપૂર્વક અને...

પૂજ્ય ભાઈશ્રી :- ચોખવટ કેટલી આપી છે! બહુ સરસ ચોખવટ કરી છે. કુદરતી આપણે એ પ્રશ્ન ચર્ચા ઉપર હતો અને અહીં બરાબર ૫૮મો આવ્યો. ૫૮ થયો.

પ્રશ્ન-૫૯

પ્રશ્ન :-હંમેશાં કહેવામાં આવે છે કે રુચિ ખૂબ વધારવી, જ્ઞાનના ઉઘાડની બહુ જરૂર નથી. તો રુચિ વૃદ્ધિગત કેમ કરવી?

સમાધાન :- પોતે પુરુષાર્થ કરીને કરે તો રુચિ વૃદ્ધિગત થાય. પોતાને કરવાનું રહે છે. તેને બીજે ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ તો આત્મા તરફ વળ્યા વિના રહે નહિ. અશુભ ભાવમાં તો વિશ્રાંતિ નથી, પણ શુભભાવોમાં પણ વિશ્રાંતિ નથી, તે આકુળતારૂપ છે એમ ક્યાંય વિશ્રાંતિ ન લાગે તો વિશ્રામસ્થાન આત્મા છે તેના તરફ વળ્યા વગર રહે નહિ. પણ તે ચારેકોર બહારમાં અટકી જાય છે, એટલે અંદર જતાં તેને મુશ્કેલી પડે છે.

મુમુક્ષુ :- અનુભવ પહેલાં અંતરમાં બલાત્કારે જવાતું હશે કે સહજપણે જવાય છે?

બહેનશ્રી :- અંતરમાં બલાત્કારે જવાતું નથી. જ્ઞાનની સહજદશા છે તેની વાત તો જુદી છે, છતાં જિજ્ઞાસુ પણ કાંઈ પરાણે અંતરમાં જતો નથી. અંદર પોતાને રુચે છે-ગમે છે એટલે જાય છે, તેને પરાણે નથી કરવું પડતું. જિજ્ઞાસુને બહારમાં ક્યાંય રુચતું નથી એટલે પોતે પોતાના ચૈતન્યને શોધ્યા વગર રહેતો જ નથી અર્થાત્ એના આશ્રયભૂત જે ચૈતન્યની ભૂમિ છે તેને ગોત્યા વગર રહેતો જ નથી. ચૈતન્યની ભૂમિમાં જાઉં તો શાંતિ મળશે એવો વિશ્વાસ છે એટલે પરાણે-પરાણે કરવું પડે તેમ નથી, પરંતુ પોતાની રુચિ જ પોતાને તે તરફ લઈ જાય છે. ૫૯.

પ્રશ્ન ૫૯ ઉપર પ્રવચન

૫૯. પ્રશ્ન છે. '**હંમેશાં કહેવામાં આવે છે કે રુચિ ખૂબ વધારવી, જ્ઞાનના ઉઘાડની બહુ જરૂર નથી. તો રુચિ વૃદ્ધિગત કેમ કરવી?**' ક્યા પ્રશ્ન હૈ? આત્મરુચિ બઢાના. આપ હંમેશા કહતે હૈં કિ આત્મરુચિ કો બઢાના. જ્ઞાન કા ઉઘાડ માને જ્ઞાન કે ક્ષયોપશમ કી જ્યાદા જરૂરત નહીં હૈ. ઐસા આપ કહતે હૈં તો રુચિ કૈસે વૃદ્ધિગત કરના? કૈસે બઢાના? યહ પ્રશ્ન હૈ. આત્મરુચિ કે વિષય મેં પ્રશ્ન કિયા હૈ.

'**સમાધાન :- પોતે પુરુષાર્થ કરીને કરે તો રુચિ વૃદ્ધિગત થાય.**' પુરુષાર્થ કરે માને અમલીકરણ, યહાં પુરુષાર્થ માને અમલીકરણ. અમલીકરણ કૌન કરેગા? જરૂરત લગેગી વહ. જૈસે પહલે માલૂમ પડા કિ પ્યાસ લગી હૈ. તો માલૂમ પડા ઉસ વક્ત વિકલ્પ આયા. લેકિન થોડી દેર મેં પ્યાસ તો બઢેગી. તો પ્રયાસ હોગા. પાની લેને કા પ્રયાસ હોગા. ઉઠકરકે પાની પીને કો જાયેગા. જહાં પાની રખા હૈ, વહાં પાની પીને કો જાયેગા. તો પહલે તો માલૂમ પડા, ફિર પ્રયાસ હુઆ. માલૂમ પડને કે બાદ પ્રયાસ હોતા હૈ, તો જો માલૂમ પડા ઉસકા અમલીકરણ હૈ. જરૂરત લગે તો અમલીકરણ કરેગા. લોગ ભી ઈતની બાત તો સમજતે હૈં. ભલે હી વિષયપ્રવેશ નહીં હુઆ હો ઈસ વિષય મેં, લેકિન ખાલી જો બાતેં કરતા હૈ ન? (તો કહેંગે), વહ તો બાત કરતે હૈં, કુછ નહીં હૈ. જિસકા પ્રયાસ નહીં દિખતા હૈ, ઉસકે લિયે ક્યા બોલતે હૈં? બાત કરતા હૈ, પ્રયાસ નહીં હૈ ઉસકા. ઔર બાત સે કામ હોનેવાલા નહીં હૈ.

મુમુક્ષુ :- કોઈ અભ્યાસી હોગા વહી કહ સકેગા.

પૂજ્ય ભાઈશ્રી :- આપણા લોકોની છાપ છે, બીજા જે લોકો આપણામાં નથી પણ સંપ્રદાયમાં છે, આ લોકો વાતો કરે છે. કેમકે મોટા ભાગના એવા જોવામાં આવે છે. સો એ નવ્વાણું એવા જોવામાં આવે છે. વાતો કરે છે.

મુમુક્ષુ :- એમાં સત્પુરુષ પણ ખતવાઈ ગયા. સત્પુરુષની ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સૂકા ભેગું લીલું બળે હંમેશા. સૂકા ભેગું લીલુ બળવાનું એ તો. પણ એ લોકોની વાતમાં તથ્ય છે. જાડી બુદ્ધિમાં એટલું સમજે છે કે આ વાતો કરે છે. અને મોટા ભાગનું એમ જ છે. તથ્ય છે એ વાત, સત્ય છે. સાવ

એવું નથી. એ લોકો શું કહે છે? તમે આચરણ લાવો... તમે આચરણ લાવો.

અમલીકરણ છે ઈ આચરણનું પ્રથમ ચરણ છે. પહેલું પગલું, પ્રથમ-પ્રથમ ચરણ. તો જ્ઞાન છે, સમજણ છે એની સાથે અમલીકરણની વાત ઊભી થવી જોઈએ. પાયામાં જ એ વાત છે આપણે ત્યાં. આચરણની વાત છોડીને એકલી વાતો નથી આપણે ત્યાં. અમલીકરણની વાત પાયામાં છે. સાચો આત્માર્થી એને કહેવાય છે કે જે વાત એ પોતા માટે સમજે એને અમલ કરે, અમલીકરણ કરવાનો પ્રયત્ન કરે, અંગીકાર કરવાનો પ્રયત્ન કરે ઈ જ સાચો આત્માર્થી છે. સાંભળીને બેસી રહે એ નહિ. એમ છે ખરેખર. આચરણની વાત આપણે ત્યાં નથી એવું નથી કાંઈ.

આત્મકલ્યાણની ભાવના થાય છે, ત્યારે જીવ ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરે છેને? એ ભાવના ઉગ્ર થાય ત્યારે અમલીકરણનું સ્ટેજ આવ્યા વિના રહે નહિ. પ્રથમ ભવભ્રમણની ચિંતા છે. તો એનું રિફરકેશન ક્યા આવ્યું? ઉદાસીનતામાં. આ ઉદાસીનતા આચરણ નથી તો શું છે? જો વૈરાગ્ય ન આવે, એ ભૂમિકાની ઉદાસીનતા ન આવે તો એની ચિંતા થઈ જ નથી.

મુમુક્ષુ :- એ અંતર આચરણ છે, બાહ્ય આચરણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આચરણ એ આચરણ છે. અંદર-બાહરના વ્યવહાર પછી.

એને ખાવામાં રસ ન રહે. મારા ભવભ્રમણનું શું? ખાવામાં રસ ન રહે. એમ કહે છે કે મારે નથી જોઈતું. તો એ બહારમાં આવ્યો કે ન આવ્યો? આવ્યો કે ન આવ્યો? ભવભ્રમણની ચિંતાવાળો ઉદયમાં ઘૂસી જાય તો ભવભ્રમણની ચિંતા ક્યાં રહી? એને ભવભ્રમણની ચિંતા ક્યાં રહી? એને તો ઉદાસીનતા આવવી જોઈતી હતી ઉદયમાં.

મુમુક્ષુ :- ઉદય છે એમ કરીને બેસી રહે અને ઉદયમાં ઘૂસી જાય, તો એનામાં કંટ્રોલ ક્યાં આવ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- એને ભવભ્રમણની ચિંતા યથાર્થ આવી જ નથી. એ તો બે આંકડા જોડાયેલા છે. સાંકળ જ છે આખી. જે ઉન્નતિના ક્રમનું પરિણમન છે એ બધી સાંકળ જેવી વાત છે. એકની સાથે બીજું જોડાયેલું છે. જ્યાં યથાર્થ વેદના આવી, ત્યાં ઉદાસીનતા ઊભી થઈ. બેય પરિપક્વ બરાબર થયા ત્યાં એને કોઈપણ ભોગે પૂર્ણ શુદ્ધ થવું છે એવો નિર્ધાર આવ્યા વિના રહે જ નહિ. આ બે યથાર્થ થાય તો ત્રીજું યથાર્થ થયા વિના રહે નહિ. જેવું પૂર્ણ થવું છે એમ થાય ત્યારે એની જાગૃતિ અંદર આવીને અવલોકન ચાલુ થયા વિના રહે નહિ, તીવ્ર ભાવના ઉત્પન્ન થયા વિના રહે નહિ.

અવલોકન ચાલુ થયું એટલે અંતર જિજ્ઞાસા સ્વરૂપની શોધ ને ખોજ ચાલુ થયા વિના રહે નહિ. એ બધી લીંક છે એની. સાંકળ છે આખી. એક અંકોડામાં પહેલા અંકોડા સાથે પાંચમો અંકોડો નથી ભલે પરોવાયેલો, પણ પહેલા સાથે બીજો તો જોડાયેલો છે કે નહિ સાંકળમાં? બીજા સાથે ત્રીજો તો જોડાયેલો છે કે નહિ? ત્રીજા સાથે ચોથો તો જોડાયેલો છે કે નહિ? આખી સાંકળ છે આ તો.

મુમુક્ષુ :- આચરણની ડેફિનેશન...

પૂજ્ય ભાઈશ્રી :- અમલીકરણ છે. આચરણની ડેફિનેશન છે એ અમલીકરણ છે. પ્રયોગમાં વાત જ એ છેને? આ પહેલી પ્રયોગાત્મક લાઈન કેમ છે? કે અમલીકરણ પહેલેથી જ શરૂ થાય છે. પુરુષાર્થ, પ્રયોગ, પ્રયાસ એ બધી અમલીકરણ માટેની વાત છે. જે સમજણ થઈ એનું એપ્લીકેશન ચાલુ કર્યું.

સોગાનીજી ઉત્કૃષ્ટ આત્માર્થી થઈને આવ્યા હતા. એનો અર્થ શું? કે એ પોતે જે કાંઈ સમજશે એને તરત અમલમાં મૂકવાના પુરુષાર્થની ભૂમિકામાં એ ઊભા હતા. જેવું એમણે સાંભળ્યું કે રાગ અને જ્ઞાન જુદાં છે. તો અને ને છે એ ગુજરાતી શબ્દ છે. હિન્દીમાં રાગ-રાગ છે અને જ્ઞાન-જ્ઞાન છે, જુદાં-જુદાં છે. ત્રણ શબ્દ તો એમ જ છે. રાગ અને જ્ઞાન જુદાં છે. એક વાક્ય મળ્યું એમને. એ તો પોતે હિન્દીભાષી હતા, ગુજરાતી નહોતા સમજતાં.

રાગ ઔર જ્ઞાન જુદાં છે. જુદાં તો જુદાં છે. હિન્દીમાં જુદાં શબ્દ આતા હૈ. અલગ આતા હૈ. જુદે-જુદે કરમાની આતા હૈ કિ નહીં સ્તુતિ મેં? જિનવાણી સ્તુતિ મેં. જુદે-જુદે કરમાની ... જિનવાણી. એ જુદો શબ્દ છે હિન્દીમાં. જુદાંમાં ન સમજે હિન્દીભાષી એવું નથી. રાગમાં સમજે, જ્ઞાનમાં સમજે અને જુદામાં સમજે. અનેમાં અનેની જગ્યાએ ઔર અને છેની જગ્યાએ હૈ છે. એ બે વાત ભલે ન પકડાય. ભાવથી બાકીનું અનુસંધાન કરી લે છે કે શું કહેવા માગે છે? પછી અમલીકરણમાં પડી ગયા. અંદરમાં જ્ઞાન પણ જોયું, રાગ પણ જોયો. બે જુદાં છે એવી આજ્ઞા થઈ કે જુદાં પાડ. જુદાંને જુદાં અનુભવ કર, જુદાંને એક નહિ કર. બસ, કામમાં લાગી ગયા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાન અને રાગ જુદાં છે, એ શબ્દ ન સાંભળે અને માત્ર મુદ્રા જ જોવે સત્પુરુષની તો?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ વાંધો નથી આવતો, અંદર પરિણમન પકડાવું જોઈએ. પણ થોડો પરિચય હોવો જોઈએ. ઓળખાણ હોયને પછીની વાત છે. ઓળખાણ ન હોય તો એકલી મુદ્રા તો બધા જ્ઞાનીની મુદ્રા તો જોવે છે, હજારો માણસો જોવે

જોવે છે. ઓળખાણ વગર તો એને... પરિણમનથી તો ઓળખાણ થઈ છે. ઓળખાણ વગર અંદરનું પરિણમન જ્યાં સુધી એની નજરમાં ન આવે ત્યાં સુધી મુદ્રા જોઈને કામ ન થાય. મુદ્રાથી સ્વરૂપ સ્થિરતા આવે છે. મુદ્રા જોઈને પણ સ્વરૂપ સ્થિરતા આવી શકે છે, પણ ઓળખાણ વિના નહિ. એટલી વાત અપેક્ષિત છે ત્યાં, અધ્યાહાર છે. દરેકને ન આવે. એ તો બધા જોતા જ હતાને ગુરુદેવનું મોઢું બધા સભામાં રોજ જોતા હતાં. એ કાંઈ ... થોડું છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, જોવા-જોવાની રીત છે.

મુમુક્ષુ :- પરિણમનપૂર્વક ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણમનના દર્શન થયા હોય તો એને મુદ્રામાંથી પરિણમન દેખાય, નહિતર દેખાય નહિ.

'**સમાધાન :- પોતે પુરુષાર્થ કરીને કરે તો રુચિ વૃદ્ધિગત થાય.**' એમાંથી એ વાત મૂકી. પુરુષાર્થ એટલે અમલીકરણ કરવું અહીંયાં. જે સ્ટેજમાં હોય એ સ્ટેજનો. '**પોતાને કરવાનું રહે છે.**' કામ તો સ્વયં કો કરને કા હૈ. કોઈ કર દેગા વહ બાત નહીં હૈ. '**તેને બીજે ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ તો આત્મા તરફ વળ્યા વિના રહે નહિ.**' શું કહે છે? ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ, ક્યાંય ગમે નહિ. નીરસ લગે. મેરે કામ કી કોઈ ચીજ નહીં હૈ. કહીં ભી ઉસકો રુચતા નહીં. રુચિ ક્યાંય ગમે એવી હોય તો આત્મામાં ક્યાંથી આવવાનો? આત્મરુચિવાળાને બહારમાં ક્યાંય ગમે નહિ. '**બીજે ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ...**' ક્યાંય ગમે નહિ. અત્યાર સુધી જે બધાં પ્રસંગોમાં હરખપદુડો થઈને ફરતો હતો. હરખપદુડો થઈને. બહુ હરખાય. કાંઈક પ્રસંગ આવે ત્યાં મોઢાઆગળ થઈ જાય. હરખાય. હરખ-હરખ થાય. હરખ માને રાજી-રાજી હો. અમારે ગુજરાતીમાં કહેવત છે, જાનમાં કોઈ જાણે નહિ ને વરની ફઈ હું. જાનમાં કોઈ જાણે નહિ. જાન માને બારાત. બારાત મેં તો કોઈ પહેચાને નહીં. બારાત મેં તો સો-પચાસ આદમી હોતે હૈં, કોઈ પહેચાને નહીં. ઔર કોઈ બાઈ હોતી હૈ વહ કહે, મૈં તો વહ દુલ્હે કી ફુઈ હૂં. ફુફી. મૈં તો દુલ્હે કી ફુફી... મૈં તો દુલ્હે કી ફુફી... મૈં તો દુલ્હે કી ફુફી... માને દુલ્હે કા બાપ હૈ, ઉસકી મૈં બહન હૂં. બહેન હોવે નહીં હોવે. સ્ત્રીકો તો બહેન હી કહેગા ન? દૂર કી હો તો ભી બહેન હી બોલેગા. કહે મૈં તો ફુફી હૂં... મૈં તો દુલ્હે કી ફુફી હૂં... મૈં તો દુલ્હા કી ફુફી હૂં. ઐસે હર પ્રસંગમેં ખુશ... ખુશ... ખુશ... હોકર ફિરતા હૈ વહ સબ છૂટ જાતા હૈ. હમ કો કહીં આના નહીં, જાના નહીં. હમ કો

કોઈ વ્યવહાર-સબંધ નિભાના નહીં હૈ. કોઈ સબંધ નિભાના નહીં હૈ. હમકો તો હમારા ગુપચુપ કામ કરના હૈ. વ્યવહાર રહે, નહીં રહે. સંબંધ રહે, નહીં રહે. હમ સંબંધ કે લિયે નહીં આયે હૈ, હમ હમારે કામ કે લિયે આયે હૈં. એક હી લગન. ઔર જિસકો પચાસ સાલ હો ગયા હો, ઉસકો તો બોલ દેના ચાહિયે અપને સગે-સબંધી-પરિવાર કો, હમને તો ક્ષેત્રસંન્યાસ લે લિયા હૈ. વ્યવહાર કા જો ક્ષેત્ર હૈ ઉસકા હમને ત્યાગ કર દિયા હૈ. લડકે, ભાઈ જિસકો નિભાના હો વહ નિભાયે. આના-જાના પડે. હમારે સે નહીં હોગા. નહીં હોગા. હમને કપડે નહીં બદલે. કોઈ સંન્યાસી હોતે તો કપડે બદલ લેતે હૈં. ભગવા પહન લે. હમને બદલે નહીં ઈસકા મતલબ વહ નહીં હમ સંન્યાસી નહીં હૈ. હમને ક્ષેત્રસંન્યાસ લે લિયા હૈ.

મુમુક્ષુ :- એમને ૪૦ થયા છે.... તો ત્યારે શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- કર લેના ચાહિયે, ૪૦ સાલ સે કર લેના ચાહિયે. બાત તો સહી હૈ. હમકો તો ૩૦ સાલ સે વિકલ્પ આતા હૈ.

મુમુક્ષુ :- હમારે લિયે છૂટ હૈ ક્યા?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, છૂટ કા સવાલ નહીં હૈ. આઠ સાલ કા બચ્ચા ભી કેવલજ્ઞાન લે સકતા હૈ. તો વહ બાત નહીં હૈ. આયુષ્ય કા કોઈ ભરોસા નહીં કિસી કા ભી. કામ તો આજ હોતા હૈ ઉસકો કલ કરને કા સવાલ હી નહીં હૈ. લેકિન જિસને આયુષ્ય ભોગ લિયા ઉસકો તો ચેતાવની મિલ ગઈ. ઉસકો તો ચેતાવની મિલ ગઈ કિ અબ લંબી દેર નહીં હૈ.

'તેને બીજે ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ તો આત્મા તરફ વળ્યા વિના રહે નહિ.' વળવાને એ જ કહે છે ને? તમારે શું કહે છે?

મુમુક્ષુ :- મુડના.

પૂજ્ય ભાઈશ્રી :- મુડના. આત્મા કી ઓર ગયે બિના રહે નહીં. અને બીજે ગમે, સ્ચે તો આત્મા બાજુ આવી શકે નહિ.

'અશુભ ભાવમાં તો વિશ્રાંતિ નથી, પણ શુભભાવોમાં પણ વિશ્રાંતિ નથી, તે આકુળતારૂપ છે એમ ક્યાંય વિશ્રાંતિ ન લાગે તો વિશ્રામસ્થાન આત્મા છે તેના તરફ વળ્યા વગર રહે નહિ.' અશુભ મેં તો વિશ્રાંતિ હૈ હી નહીં. લેકિન શુભ હુઆ તો ભી ઉસકો ખાલી-ખાલી લગેગા. ક્યા હુઆ? મુજે જો હોના ચાહિયે વહ તો કુછ હુઆ હૈ નહીં. અસંતોષ હો જાયે. ઔર કહીં ભી રુકને કા.. વિશ્રાંતિ માને ઠરીને ઠામ થવું. ક્યાંય ઠરીને ઠામ થાય નહિ. આત્માર્થીનો જીવ ક્યાંય ઠરીને ઠામ થાય નહિ. પહેલા જગતના જે-જે પ્રસંગોની કિંમત લાગતી હતી એની કિંમત જ

વઈ ગઈ હોય છે. એની કિંમત જ વઈ જાય. મારે કામનું નથી. મને એમાં કાંઈ ગમે એવું નથી. '**પણ તે ચારેકોર બહારમાં અટકી જાય છે, એટલે અંદર જતાં તેને મુશ્કેલી પડે છે.**' ખુદ પ્રતિબંધ મેં હૈ, ચારોં ઔર સે ખુદ પ્રતિબંધ મેં હૈ. ફિર અંદર મેં કહાં સે આયેગા? ઔર રુચતા હૈ વહ ઠીક લગતા હૈ, અચ્છા લગતા હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પૂરેપૂરો પકડાયેલો છે. એકમાં પકડાયેલો છે એ ચારે બાજુથી પકડાયેલો છે. એક પરમાણુ જેને રુચે છે એને આખું જગત રુચે છે. એક રાગનો કણ જેને રુચે છે એને ઢગલાબંધ રાગ રુચે છે.

મુમુક્ષુ :- સમયસારમાં તો ગાથા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે ને. સમયસારમાં મૂળ ગાથા. 'અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને, તે હોય આગમધર ભલે પણ જાણતો નહિ આત્માને.'

યહ પ્રશ્ન ઉઠા હૈ ઉસકે સામને. '**અનુભવ પહેલાં અંતરમાં બલાત્કારે જવાતું હશે કે સહજપણે જવાય છે?**' મુમુક્ષુની ભૂમિકામાં બળાત્કાર એટલે કુત્રિમ પ્રયત્ન કરવો પડતો હશે કે સહજ જ અંદર અંતર્મુખ હોને કા હોતા હૈ? યા કુત્રિમતા સે હોતા હૈ? કુત્રિમતા સે તો કોઈ મેલ હૈ નહીં હૈ. કૃત્રિમતા કા ઈસ માર્ગ મેં કોઈ મેલ હૈ હી નહીં..

'**ઉતર :- અંતરમાં બલાત્કારે જવાતું નથી.**' બલાત્કાર સે કોઈ કામ નહીં હોગા. આપણે નથી કહેતા કે પરાણે પ્રીત થાય નહિ. પરાણે પ્રીતિ થાય નહિ. કોઈ એમ કહે કે મારા ઉપર તમે પ્રેમ કરો. કેમ નથી કરતા? કેમ મારા ઉપર પ્રેમ કરતા નથી? પરાણે પ્રીતિ થાય નહિ. જો આત્મહિત કરવું છે એને આત્માનો પ્રેમ હોવો જોઈએ. અને આત્માનો પ્રેમ હોય એને અનાત્માનો પ્રેમ ન હોય. બેય એક સાથે, એક મ્યાનમાં બે તલવાર ન રહે. આ તો કામ એનું છે.

'**અંતરમાં બલાત્કારે જવાતું નથી. જ્ઞાનીની સહજદશા છે તેની વાત તો જુદી છે, છતાં જિજ્ઞાસુ...**' માને આત્માર્થી '**પણ કાંઈ પરાણે અંતરમાં જતો નથી.**' આત્માર્થી પણ પરાણે અંદરમાં જતો નથી. ખેંચી-ખેંચીને લાવે એનો શું અર્થ? સહજ એને પોતાને આકર્ષણ હોવું જોઈએ અંદરમાં આવવાનું. કામ તો એ રીતે થવાનું. '**અંદર પોતાને રુચે છે—ગમે છે એટલે જાય છે, તેને પરાણે નથી કરવું પડતું.**' જબરન. પરાણે માને જબરન. જબરદસ્તી સે નહીં કરના, બલાત્કાર સે નહીં કરના. અપને કો ભાવ હો, અપને કો જરૂરત લગી હો, અપની રુચિ હો, અપના કર્તવ્ય લગા હૈ તો કામ કરતા હૈ. જબરદસ્તી સે કામ હોનેવાલા નહીં હૈ.

'જિજ્ઞાસુને બહારમાં ક્યાંય રુચતું નથી...' આ વૈરાગ્યનો વિષય છે. બહારમાં ક્યાંય ગમે નહિ. માણસ કપડા-દાગીના પહેરેને બહુ? એમ લાગે કે આ વેષ કેમ કાઢતા હશે? વેષ કાઢવા જેવું લાગે. આ જેમ વેષ કાઢે છેને માણસ? ભવાયા લોકો ભવાઈ કરે ત્યારે. બે .. વધારે મૂકે. એના જેવું લાગે. એ તો વેષ કાઢવા જેવું છે. **'જિજ્ઞાસુને બહારમાં ક્યાંય રુચતું નથી એટલે પોતે પોતાના ચૈતન્યને શોધ્યા વગર રહેતો જ નથી...'** શોધે માને ખોજ કરના. બહારમાં કુછ ગમે નહીં તો અંદર મેં ચૈતન્ય કી, સ્વરૂપ કી ખોજ કિયે બિના રહતા નહીં હૈ. બાહર મેં તો ગમતા નહીં. કોઈ ગમે ઐસી ચીજ બાહર મેં હૈ નહીં. તો અંતરખોજ કરેગા. ઉસકો ફૂરસત હો ગઈ, અંતરખોજ કરને કા ટાઈમ મિલતા હૈ.

'એના આશ્રયભૂત જે ચૈતન્યની ભૂમિ છે તેને ગોત્યા વગર રહેતો જ નથી.' પૂર્ણતા કે લક્ષમેં સે અંતરખોજ કી ભૂમિકા પૈદા હોતી હૈ. 'નિર્ભ્રાંત દર્શન કી પગડંડી' મેં વહ બાત લી હૈ કિ જિસકો પૂર્ણ શુદ્ધિ ચાહિયે ઉનકો અનુભવ કે પ્રારંભ સે લેકરકે પૂર્ણતા તક કી જીતની ભી દશા હૈ વહ સહજ ચાહિયે. જબરદસ્તી કર-કરકે કહાં તક કામ કરોગે? ઔર કિસીકો જબરદસ્તી સે કામ કરાઓ તો વહ કહાં તક કરેગા? કૈદી કો જબરન જેલ મેં લાયા જાતા હૈ. ઉસકી દૃષ્ટિ કહાં રહેગી? મૈં કહાં સે ભાગુ? મૈં કહાં સે છૂટુ?

મુમુક્ષુ :- વેઠ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વેઠ કરે. ઉસકા મન નહીં લગેગા, કામ મેં કહી મન નહીં લગેગા. ઐસે જિસકો પૂર્ણતા કા લક્ષ હુઆ ઉસકો સહજ મેરી દશા ઐસી હો જાયે, ઐસા આલંબન મુજકો મિલના ચાહિયે. વહ આલંબન કી ખોજ મેં અંદર મેં જાતા હૈ. જ્ઞાની કહતે હૈં કિ તેરા સ્વરૂપ હી તુજે આલંબન દેતા હૈ. ઔર સમ્યગ્દર્શન સે લેકર કે કેવલજ્ઞાન તક સહજ ઉસકા હી આલંબન રહતા હૈ. વહ તત્ત્વ કૈસા? વહ મેરા સ્વરૂપ કૈસા? ઈસકી અંતરખોજ મેં વહ ગયે બિના રહતા નહીં હૈ. વહ સહજ હૈ. અપૂર્વ જિજ્ઞાસા બિના અંતરખોજ ચલતી નહીં ઔર અપૂર્વ જિજ્ઞાસાપૂર્વક અંતરખોજ કે બિના ભાવભાસન હોતા નહીં. ભાવભાસન ઐસે હોતા હૈ.

મુમુક્ષુ :- ઉદયભાવ સે સબ નિકમ્મા લગતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયભાવ મેં સબ નિકમ્મા-નિકમ્મા લગતા હૈ. કહીં આત્મા કો વિશ્રાંતિ મિલે ઐસા કોઈ સ્થાન દિખાતા નહીં હૈ.

'ચૈતન્યની ભૂમિમાં જાઉં તો શાંતિ મળશે એવો વિશ્વાસ છે એટલે પરાણે-પરાણે કરવું પડે તેમ નથી,...' જબરદસ્તીથી, જબરન-જબરન કરના પડે, બલાત્કાર

સે કરના પડે. ઐસા નહીં હૈ. ક્યા હૈ? **'ચૈતન્યની ભૂમિમાં જાઉં તો શાંતિ મળશે...'** મેરે આત્મા મેં મુજે સુખ-શાંતિ મિલેગી, અંદર સ્થિર હુએ બિના વિશ્રાંતિ નહીં હૈ. ઐસા વિશ્વાસ કે કારણ સે કોઈ જબરદસ્તી નહીં કરની પડતી હૈ. ઉસકા વિશ્વાસ ઉસકો વહાં સહજ પરિણામ મેં લે જાતા હૈ. **'પરંતુ પોતાની રુચિ જ પોતાને તે તરફ લઈ જાય છે.'** અપની રુચિ હી અપનેકો ઉસ ઓર લે જાતી હૈ. રુચિ કૈસે બઢાના? પ્રશ્ન તો વહ ઉઠા હૈ. તો કહા કિ, તુમકો બહાર રુચતા હૈ વહાં તક તો કામ હોનેવાલા નહીં હૈ. બાહર કી રુચિ છોડની હોગી ઔર અપને કો વિશ્વાસ ઔર જરૂરત મહસૂસ હોવે તો અંદર કી રુચિ આયેગી ઔર બઢેગી.

પ્રશ્ન-૬૦

પ્રશ્ન :- શુભમાં પણ આકુળતા છે. છતાં જીવને શુભની અંદર શાંતિ જણાય છે. તેમાં રોકાઈ જવાય છે તો શું કરવું?

સમાધાન :- શુભભાવમાં અજ્ઞાનીને શાંતિ લાગે એટલે તેમાં રોકાઈ જાય છે, પણ તે વાસ્તવિક શાંતિ છે જ નહિ. અંદર સૂક્ષ્મતાથી વિચાર કરે તો એક પછી એક વિકલ્પની ઘટમાળ ચાલે છે તેમાં અશાંતિ છે, સુખ નથી. સુખ તેનું નામ કે જે સહજપણે અંતરમાંથી પ્રગટ્યા જ કરે. તે કાંઈ કૃત્રિમપણે લાવવું ન પડે, પણ અંદર સહજ તત્વમાં છે તેમાંથી આવ્યા જ કરે. જેમ બરફમાંથી ઠંડક તેની મેળાએ આવ્યા જ કરે છે તેમ પોતામાંથી શાંતિ-આનંદ આવ્યા જ કરે છે, લાવવા પડતા નથી.

મુમુક્ષુ :- બરફને અડીએ તો ઠંડક અનુભવમાં આવી જાય છે. આમાં આનંદ ભર્યો છે તે આનંદની ચખણી અનુભવ પહેલાં કઈ રીતે આવે?

બહેનશ્રી :- જ્ઞાન દ્વારા પહેલાં નક્કી કરે. પહેલાં સ્વાનુભવ હોતો નથી. પહેલાં આગમ, યુકિત અને પરીક્ષા કરી લક્ષણ ઓળખીને નક્કી કરે. પોતે લક્ષણ-યુકિતથી નક્કી કરી આગળ જાય છે. પહેલાં અનુભવમાં ક્યાંથી આવે?

(ન આવે).

મુમુક્ષુ :– અનુભવ પહેલાં પણ પાકો નિર્ણય થઈ જાય કે આ જ મારું ઉપાદેય તત્વ છે?

બહેનશ્રી :– આ જ મારું ઉપાદેય તત્વ છે. તેમાં આનંદ છે, અનંત શકિત ભરેલી છે અર્થાત્ તેમાં વિભૂતિ ભરેલી છે–તેમ પહેલાં પાકો નિર્ણય થઈ જાય. ભલે અનુભવ નથી તો પણ પ્રથમ નિર્ણય થાય છે. ૬૦.

તા. ૨૦-૧૧-૧૯૯૬, પ્રશ્ન- ૬૦
પ્રવચન નં. ૩૮

સ્વાનુભૂતિદર્શન પાનું-૫૭, ૬૦મો પ્રશ્ન છે. '**શુભમાં પણ આકુળતા છે. છતાં જીવને શુભની અંદર શાંતિ જણાય છે. તેમાં રોકાઈ જવાય છે...**' શાંતિ જણાય છે એટલે એમાં રોકાઈ જવાય છે. '**તો શું કરવું?**' આવી સ્થિતિમાં મુમુક્ષુએ શું કરવું જોઈએ? એ પ્રશ્ન છે.

'**સમાધાન :– શુભભાવમાં અજ્ઞાનીને શાંતિ લાગે એટલે તેમાં રોકાઈ જાય છે, પણ તે વાસ્તવિક શાંતિ છે જ નહિ.**' તીવ્ર કષાયમાં અશાંતિ વધારે છે, મંદ કષાયમાં અશાંતિ ઓછી છે. પણ વાસ્તવિકપણે તે અશાંતિ જ છે, શાંતિ છે જ નહિ. પણ અશાંતિ હોવા છતાં ભ્રમથી શાંતિ લાગે છે. છે અશાંતિ, ભ્રમને લઈને શાંતિ લાગે છે અથવા મોહને લઈને શાંતિ લાગે છે.

દર્શનમોહ છે એ પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ સમજવા દેતું નથી. દર્શનમોહને લઈને મતિમાં ભ્રમ થાય છે, મતિ ભ્રમાય છે. એટલે પદાર્થ જેવો છે એવો અનુભવમાં ન આવે, અન્યથા અનુભવમાં આવે. અહીંયાં મંદ કષાયરૂપ પદાર્થ છે એમાં અશાંતિ હોવા છતાં એમાં અશાંતિને બદલે શાંતિ લાગે છે એ ભ્રમથી છે, મોહથી છે. અને અશાંતિ, શાંતિ લાગે એનું નામ અજ્ઞાન. અજ્ઞાન કહો કે વિપરીત જ્ઞાન કહો. અશાંતિ છે એ શાંતિ લાગે એ વિપરીત જ્ઞાન છે.

ભેદજ્ઞાનનો પ્રયોગ જ્ઞાનમાં જરાપણ વિપરીતપણું થાય એને રોકે છે. શું ચાલ્યું આપણે સમયસારમાં? ભાવાર્થમાં જયચંદ્રજીએ એ વાત કરી, કે ભેદજ્ઞાન છે એ જ્ઞાનને

જરા પણ વિપરીતતા પમાડવા દેતું નથી. આ ભેદજ્ઞાનનું મુખ્ય કાર્ય છે. જ્ઞાન ક્યાં વિપરીત થતું હતું? કે જ્યાં અશાંતિ હતી ત્યાં શાંતિ એને લાગતી હતી. એ ભેદજ્ઞાનથી દૂર થાય.

પ્રશ્ન શું આવ્યો? નિરાકુળતા આકુળતાના અભાવને કહે છે. આકુળતાની મંદતાને નિરાકુળતા નથી કહેતા. હવે ત્યાં ભ્રાંતિ થાય એનું શું કરવું? ત્યાંથી જો વિચારવા જાય અને ત્યાં જ ભ્રાંતિ થાય તો શું કરવું? તો ભેદજ્ઞાન એક એવી પ્રક્રિયા છે કે જે અહીંયાં પણ ભ્રમ થવા દે નહિ. આ છેલ્લા પ્રકારનો વિપર્યાસ છે. અત્યંત કષાયની મંદતામાં ઘણી શાતા ઊપજે, ત્યાં પણ શાંતિ નથી અને અશાંતિ છે, એ ભેદવિજ્ઞાની વગર કોઈને ખબર ન પડે.

જગતમાં સર્વ ધર્મના મતો આ જગ્યાએ ભૂલ્યા છે. જે-જે આસ્તિક્ય દર્શનો છે, જ્યાં-જ્યાં મોક્ષ, આત્મા અને ધ્યાનની પ્રક્રિયાના પ્રકરણો ચાલ્યા છે ત્યાં આ જગ્યાએ ભૂલ થઈ છે. અત્યારે પણ જે જે ધર્મ મતો ચાલે છે એમાં આ જગ્યાએ ભૂલ છે. અને એ ભૂલ રહેવાનું કારણ એ છે કે ભેદવિજ્ઞાનનું પ્રકરણ ક્યાંય નથી. ભેદવિજ્ઞાનની સ્પષ્ટતા, ચોખવટ ક્યાંય નથી. અન્ય ધર્મ મતમાં તો નથી પણ શ્વેતાબંરના શાસ્ત્રોમાં પણ નથી. નહિતર શ્વેતાંબર શાસ્ત્રોમાં જે પૂર્વના મુનિઓ જુદાં પડ્યા દિગંબરમાંથી એમણે ઘણી વાત ધારી અને મૂળ સૂત્રો અને મૂળ સિદ્ધાંતોની ઘણી વાતો એમના શાસ્ત્રમાં રાખી છે એમણે. જેમે કે 'જો એગં જાણહી સો સવ્વં જાણહી'. આચારંગનું પહેલું સૂત્ર છે. બારેય અંગમાં પહેલું આચારંગ છે. સૌથી પહેલું આચારંગ છે. પછી સૂત્રકૃતાંગ છે, પછી ઠાણાંગ છે. ઠાણાંગ પાંચમું છે. તો એ બધી વાતો છે કે જેણે એક આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. ભગવાનની વાત છે, તિર્થંકરદેવનું વચન છે. એમાં કાંઈ ફેર નથી. પણ વિધિમાં ભૂલેલા હોવાથી, કેમકે માર્ગમાં ફેર પડયોને, માર્ગ છે એ ઉપાય છે, ઉપાય છે એ વિધિ છે એટલે ભેદજ્ઞાનનો વિષય ગયો હાથમાંથી. દિગંબર શાસ્ત્રો સિવાય ભેદજ્ઞાનનો વિષય ક્યાંય નથી. અને અહીંયાં દિગંબરમાં આવ્યા પછી પણ આ જગ્યાએ ભૂલવાની સંભાવના છે. એમાં પણ લોકો ધ્યાનમાં બેસે છે. ધ્યાનનું સ્ટેજ આવ્યા પહેલા એમને એમ ધ્યાન કરવા બેસે છે લોકો. અને ઘણી સંસ્થાઓમાં, ઘણાં ધર્મસ્થાનોમાં, ઘણાં આશ્રમોમાં ધ્યાન ચાલે છે.

મુમુક્ષુ :- એને માટે વ્યવસ્થા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અલાયદી વ્યવસ્થા હોય છે. આપણે ત્યાં બોરીવલી શિબિરમાં ધ્યાનનું ચાલ્યું હતું, (ત્યારે) ટકોર કરી હતી. બ્રહ્મચારીજી આવ્યા હતાને? સવારમાં ધ્યાન કરાવતા હતા. એ બધી શિબિરમાં જાય અને બધી શિબિરમાં સવારમાં એ

ધ્યાન કરાવે. વચમાં આપણા વિદ્વાનો પણ ધ્યાન કરાવતા હતા. એ ભૂલવાનો રસ્તો છે. કષાયની મંદતામાં શાંતિ માને લે છે, કોઈક તો માની જ લે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સસ્તામાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાની આ ધ્યાન જ વિધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ તો જે વિધિએ થાય એ વિધિએ થાય એવું છે, બીજી વિધિએ થાય એવું નથી અને એમાં ભેદજ્ઞાન સિવાય બીજી વિધી નથી. એ જે વિધિ છે એ વિધિમાં ભેદજ્ઞાન સિવાય બીજી કોઈ વિધિ નથી. એ ધ્યાન કરાવનારને પૂછો કે તમે ભેદજ્ઞાનની વિધિ તો પહેલા બતાવો. એ પ્રયોગ તો કરાવો, પછી ધ્યાન કરાવો. પણ એને જ ખબર ન હોય શું કરે? ભેદજ્ઞાન થયા વિના, ભેદજ્ઞાન કર્યા વિના સીધી ધ્યાનની વાત આવે ત્યારે સમજવું કે આ પગથિયું ચુક્યા છે.

મુમુક્ષુ :- આ બહુ ધ્યાન ખેંચવા જેવી બાબત છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ જગ્યાએ ભૂલ થાય જ છે. અને એનું કારણ એ વિષયનું અજ્ઞાન છે અથવા વિપરીત જ્ઞાન છે. અજ્ઞાન છે અથવા વિપરીત જ્ઞાન છે.

મુમુક્ષુ :- એવી વાત થઈ કે કોઈ જગ્યાએ આ નથી. કોઈ શાસ્ત્રો કે કોઈ જગ્યાએ. અહીં છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ જગ્યાએ છે.

મુમુક્ષુ :- એટલે એનો અર્થ એમ થયો કે આ એની સ્પેશ્યાલિટી છે. હવે એ સ્પેશ્યાલિટી ઉપર જ્યાં સુધી એનું જે કેન્દ્ર બિંદુ છે સ્પેશ્યાલિટી...

પૂજ્ય ભાઈશ્રી :- એનું મહત્વ ન સમજાય, એ સ્થાનમાં એનું મહત્ત્વ ન સમજાય તો એ મૂળ રસ્તે સન્માર્ગે, મૂળ માર્ગે નહિ ચડતા ઉન્માર્ગે ચડશે. વિધિની ભૂલ થતાં ગૃહીત મિથ્યાત્વમાં સીધો આવશે. ક્યાં આવશે? સીધો ગૃહીતમાં જાશે. અગૃહીત છૂટી જશે. જોખમ છે.

'અંદર સૂક્ષ્મતાથી વિચાર કરે તો એક પછી એક વિકલ્પની ઘટમાળ ચાલે છે તેમાં અશાંતિ છે, સુખ નથી.' અવલોકન કરે તો. અંદર સૂક્ષ્મતાથી વિચાર કરે એટલે અહીંયાં અવલોકન કરવાની વાત છે. જો સૂક્ષ્મ અવલોકન કરે તો એક પછી એક વિકલ્પોની ઘટમાળ ચાલે છે અને એ બધાયમાં અશાંતિ છે, ક્યાંય સુખ નથી. કેમ? કે એ વિકલ્પ છે એ પોતે ઉપાધિ સ્વરૂપે છે. વિકલ્પ પોતે ઉપાધિ સ્વરૂપે છે અને જ્ઞાન પોતે નિરૂપાધિ સ્વરૂપે છે. બે વચ્ચે જુદાંપણું છે, અંતર છે, એ બેનું જુદાંપણુ જ્ઞાનમાં ન આવે તો ભેદજ્ઞાન નથી. એ બેનું જુદાંપણું જ્ઞાનમાં ન આવે તો ભેદજ્ઞાનનો અભાવ છે. ભેદજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી સ્વાનુભવ થવાનો કોઈ અવકાશ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં અંદર સૂક્ષ્મતાથી વિચાર કરે તો, એટલે વિચાર..

જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે વિચાર કરે એટલે અવલોકન કરે એમ લેવું. સૂક્ષ્મતાથી અવલોકન કરે તો વિકલ્પમાં અશાંતિ છે એમ માલૂમ પડ્યા વગર રહે નહિ. જ્યાં સુધી વિકલ્પમાં અશાંતિ અથવા દુઃખ માલૂમ પડતું નથી ત્યાં સુધી જ્ઞાન ચોખ્ખું થયું નથી. જ્ઞાનનો વિપર્યાસ છે એ ઘણો ઊભો છે, જ્ઞાનનો વિપર્યાસ ઘણો ઊભો છે. આમ છે.

મુમુક્ષુ :- ગુરુદેવે કીધુંને કે એમણે આત્માની શાંતિ જોઈ નથી, દુઃખ નથી લાગતું તો એમણે આત્માની શાંતિ જોઈ નથી. તરત માપી લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- જોઈ નથી. ચર્ચા ચાલી હતી. સોગાનીજીએ લખ્યું કે દેવાદિ પ્રત્યેનો જે ભાવ જાય છે, વિકલ્પ જાય છે, દેવ-ગુરુ અને શાસ્ત્ર આદિક એટલે, તેમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. કેવું? ભઠ્ઠી જેવું. ઘણું દુઃખ લાગવું જોઈએ. કેમકે એકત્વબુદ્ધિ થઈ ગઈ છે ને? તો કહે એ તો અજ્ઞાનીને હોય, જ્ઞાનીને ન હોય. એમણે જ્ઞાનીની વાત લીધી છે કે અમને લાગે છે, ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે. તો કહે કે તો પછી અજ્ઞાની હોવા જોઈએ.

મુમુક્ષુ :- શુભભાવ ભઠ્ઠી જૈસા લગતા થા ઉન્હેં તો અશુભભાવ કૈસે લગતા હોગા?

પૂજ્ય ભાઈશ્રી :- બહુત જ્યાદા લગે. ગુરુદેવે સીધું કીધું કે આત્માની શાંતિ જોઈ નથી. આત્માની શાંતિ જોઈ હોય એને ભઠ્ઠી જેવું દુઃખ લાગ્યા વગર રહે નહિ.

શું કહે છે? '**સુખ તેનું નામ કે જે સહજપણે અંતરમાંથી પ્રગટ્યા જ કરે. તે કાંઈ કૃત્રિમપણે લાવવું ન પડે, પણ અંદર સહજ તત્વમાં છે તેમાંથી આવ્યા જ કરે.**' આત્મા સુખનો પિંડ છે. અનંત શાંતિનો અને અનંત સુખનો પિંડ છે એમાંથી સહેજે-સહેજે મિથ્યાત્વ અને અજ્ઞાનનું પડ તૂટે અને સરવાણી ફૂટે. જેમ પથ્થરનું પડ તુટે નીચે, નીચે પાણી ભર્યું હોય તો એમાંથી સરવાણી ચાલુ થઈ જાય. ભલે તિરાડ પડી હોય, પણ પાણી માર્ગ કરે, તિરાડ પડી હોય તો અંદરથી સરવાણી ચાલું થઈ જાય, પ્રવાહ ચાલુ થઈ જાય. ધીમું... ધીમું... ધીમું... ધીમું... પાણી આવવા જ માંડે, રોકાય નહિ પાણી. એમ અંદરમાં અનંત સુખ અને અનંત શાંતિ પડી છે, અજ્ઞાન અને મિથ્યાત્વનું પડ તુટે એટલે એની સરવાણી ચાલુ થઈ જાય. એ સુખ છે. શું કીધું?

'**સુખ તેનું નામ કે જે સહજપણે અંતરમાંથી પ્રગટ્યા જ કરે. તે કાંઈ કૃત્રિમપણે લાવવું ન પડે,...**' અંદર સુખનો સમુદ્ર, અમાપ સુખ. કેટલું? માપી જ ન શકાય

એને. અંચિત્ય સુખ છે, ચીંતવી જ ન શકાય. એટલું ભર્યું છે કે અંતર્મુખ થતાં ચાલુ થઈ જાય છે. એ '**સહજપણે અંતરમાંથી પ્રગટ્યા જ કરે. તે કાંઈ કૃત્રિમપણે લાવવું ન પડે,...**' વિકલ્પ કરી કરીને એને લાવવું પડે નહિ. '**પણ અંદર સહજ તત્ત્વમાં છે તેમાંથી આવ્યા જ કરે.**' આવ્યા જ કરે... આવ્યા જ કરે.... આવ્યા જ કરે. બેહદ ભરેલું છે એમાંથી આવ્યા જ કરે પછી.

મુમુક્ષુ :- આકુળતામાં અશાંતિ કેવી રીતે વર્તાય? આકુળતામાં અશાંતિ આપે કીધુંને? અશાંતિને શાંતિ માની લે. એ કેવી રીતે વર્તાય કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન કરે તો વર્તાય. એની ચાવી ઈ છે. ભેદજ્ઞાન જો જીવ કરે તો જ એને શાંતિ-અશાંતિ ડિસ્ટીંગ્યુઈશ થાય. નહિતર કષાયની મંદતામાં અનાકુળતા લાગે, શાંતિ લાગે અને રોકાઈ જવાય. આમ થાય. ખરેખર શું કરવું જોઈએ? કે ભેદજ્ઞાનનાં પ્રયોગે ચડીને એ વિષયને સમજવો જોઈએ. પ્રયોગનો વિષય પ્રયોગ વિના યથાતથ્ય ન સમજાય, જેમ છે એમ ન સમજાય.

દષ્ટાંત આપ્યો છે. '**જેમ બરફમાંથી ઠંડક તેની મેળાએ આવ્યા જ કરે છે...**' બરફમાંથી ઠંડક છે એ સહેજે સહેજે આવ્યા જ કરે છે. કારણકે એ પોતે જ ઠંડીનો ગાંગડો છે. એમ આત્મા સુખનો ગાંગડો છે. અનંત સુખનો ગાંગડો છે એમાંથી સુખ આવ્યા જ કરે. એમ લ્યે છે. ગુરુદેવ બહુ ભાવ કાઢતા.

મુમુક્ષુ :- બરફની શીલા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જેમ બરફની પાટ હોય એમ આ સુખની-આનંદની પાટ છે આત્મા. પછી આ જેમ શેરડી છે એમાં બે ગાંઠ વચ્ચેના ભાગને કાતળી કહે છે. બે ગાંઠ વચ્ચેના ભાગને કાતળી કહે છે. એમાં રસ ભરેલો હોય છે મીઠો. તો કહે આત્મા શાંતિની કાતળી છે. અંદર શાંતરસ ભર્યો છે. અનંત શાંતરસથી ભરેલું ચૈતન્ય છે. અવલોકે એને એટલે એમાંથી શાંતિનો પ્રવાહ ચાલુ થઈ જાય છે.

મુમુક્ષુ :- ગોળની ભેલી એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગોળની ભેલી કહે. ગાંસડી કહે છે. જ્ઞાનની ગાંસડી છે.

'**જેમ બરફમાંથી ઠંડક તેની મેળાએ આવ્યા જ કરે છે તેમ પોતામાંથી શાંતિ-આનંદ આવ્યા જ કરે છે, લાવવા પડતા નથી.**' એની સામું જુઓ એટલું જ કરવાનું છે. શું કરવાનું છે? ખાલી અવલોકવાનું છે. બીજું કાંઈ નથી. બાકી તો વસ્તુ છે જ. અને વસ્તુમાંથી પ્રવાહ આવવાનો પણ, પરિણમવાનો પણ એનો સ્વભાવ એવો જ છે કે આત્મામાંથી શાંતિ જ પરિણમે. અશાંતિ પરિણમે એ સ્વભાવ નથી. પણ જોવે તો. બીજે જોવે, ત્યાં ન જોવે અને બીજે જોવે તો અશાંતિ થાય, શાંતિ

ન થાય. આટલું જ છે. અનુભવપ્રકાશમાં લીધું છે દીપચંદજીએ, કાર્ય તો માત્ર તેને જોવાનું જ છે. બીજું કાંઈ કરવાનું નથી. અને તે એટલા માટે કહીએ છીએ કે તું બીજે જોવે છે, ત્યાં જોતો નથી માટે તેને જો એમ કહીએ છીએ.

પ્રશ્ન કર્યો છે એમાં કે '**બરફને અડીએ તો ઠંડક અનુભવમાં આવી જાય છે. આમાં આનંદ ભર્યો છે તે આનંદની ચખણી અનુભવ પહેલાં કઈ રીતે આવે?**' બરફને અડીએ એટલે ઠંડું લાગે. આનંદ ભર્યો છે તો અનુભવમાં આનંદ આવે. અનુભવ પહેલાં કાંઈ સેમ્પલ-બેમ્પલ ચાખવા મળે કે ન મળે? એમ કહે છે. એટલો પ્રશ્ન કર્યો છે. કેમકે અનુભવ પહેલાં કોઈ પ્રક્રિયા છે કે નહિ? આ આનંદને બહાર લાવવાની કોઈ પ્રક્રિયા છે કે નહિ? કહે છે, છે, પ્રક્રિયા નથી એવું કાંઈ નથી. એનો પ્રોસેસ છે. ચર્ચા તો બહુ સારી ચાલતી, ચર્ચાઓ બહુ સારી ચાલતી.

'**જ્ઞાન દ્વારા પહેલાં નક્કી કરે.**' પહેલાં નિશ્ચય કરે. હવે જ્ઞાન દ્વારા નક્કી કરે એટલે શું? નક્કી તો જ્ઞાન સિવાય બીજો કોઈ પર્યાય કરતો નથી. એક વાત તો એ છે. બીજી વાત એ છે કે જ્ઞાન પોતે જ આનંદ સ્વભાવે, સુખ સ્વભાવે, શાંતિ સ્વભાવે છે. એ જ્ઞાન જ્ઞાનથી પોતાથી પોતાને નક્કી કરે. એક જ્ઞાનની પર્યાય બીજી જ્ઞાનની પર્યાયને નક્કી કરે એમ નહિ. નક્કી કરનાર જ્ઞાનની પર્યાય પોતામાં, પોતા વડે નકકી કરે.

મુમુક્ષુ :- છએ કારક એમાં.

પૂજ્ય ભાઈશ્રી :- છએ કારક એમાં.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અનુભવજ્ઞાનથી નકકી કરે?

પૂજ્ય ભાઈશ્રી :- વેદનજ્ઞાનથી, વેદનજ્ઞાનથી નક્કી કરે. અને વેદન છે એ કાંઈ સમ્યગ્દર્શન પહેલાં નથી એમ નથી. આબાળગોપાળ બધાને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે. જ્ઞાનવેદન સહુને છે. મૂંઝવણ ક્યાં છે મુમુક્ષુને? કે અનુભવ પહેલાં સુખ, શાંતિ, આનંદનો અનુભવ નથી. સ્વાનુભવ પહેલાં ચતુર્થ ગુણસ્થાનમાં સ્વાનુભૂતિ પ્રગટ થાય એ પહેલાં તો અમને કાંઈ છે નહિ. અમારે શું કરવું? જ્ઞાનીને આમ હોય. અજ્ઞાનીને શું કરવું? આ મૂંઝવણ થાય છે. જો ભાઈ! જ્ઞાનવેદન તો તને પણ છે, જ્ઞાનવેદન તો તને પણ છે.

મુમુક્ષુ :- એમ કહીને તો ઘણું બધું કાઢી નાખ્યું. જ્ઞાનવેદન તને છે કહીને ઘણો બોજો હળવો કરી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનવેદન તને છે. તું તારા જ્ઞાનવેદનને સમજી શકે, પકડી શકે, વેદી શકે, ગ્રહણ કરી શકે એવી તૈયારી કર તું. જે તિરોભૂત છે, તને માલૂમ

પડતું નથી કે છે, એ માલૂમ પડે એવી તૈયારી કર. તો કહે પણ માલૂમ પડતું નથી એવી જે સ્થિતિ છે, એ સ્થિતિ કયા પ્રકારે છે? તો કહે છે, પરપ્રવેશભાવની સ્થિતિ છે. પરપ્રવેશભાવ જ્ઞાનનાં જ્ઞાનવેદનને માલૂમ પડવાં દેતું નથી. તો પરપ્રવેશભાવનો ત્યાગ કર, છોડી દે. મારામાં પર આવ્યું છે કે હું પરમાં ગયો છું એવી જે વ્યાપકતાનો ભ્રમ છે, એ જ્ઞાનની વ્યાપકતાનું અવલોકન કરીને છોડી દે. અવલોકનના સ્ટેજમાં વ્યાપકતા સમજાય છે. જ્ઞાનની વ્યાપકતા સમજાય છે કે જ્ઞાન-જ્ઞાનમાં વ્યાપેલું છે. એ અવલોકનથી સમજાય છે. પછી વેદકતાથી સમજાય છે. અવલોકન પકડાય તો વેદકતા પકડાય. વેદકતા પકડાય તો પરપ્રવેશભાવ છે એનો ભ્રમ છૂટે, એનો ભ્રમ છૂટે, એ વિપર્યાસ મટે. એમ જ્ઞાન દ્વારા પહેલા નક્કી કરે. એટલે જ્ઞાન નક્કી કરે એટલું જ નહિ જ્ઞાન પોતાની વ્યાપકતા દ્વારા નક્કી કરે. એમ નકકી કરે.

'**પહેલાં સ્વાનુભવ હોતો નથી.**' સીધે-સીધો કાંઈ અનુભવ થતો નથી. ચોખ્ખી વાત અનુભવ પહેલાની લ્યે છે. ચર્ચા શેની કરે છે? અનુભવ પહેલાંની ચર્ચા ચાલે છે. તમે (સેમ્પલ) ચખાડો. તો આ ચખાડવાની વાત ચાલે છે. ચખાડવાની માગણી કરીને? એ વાત ચાલે છે. '**પહેલાં આગમ, યુકિત અને પરીક્ષા કરી લક્ષણ ઓળખીને નક્કી કરે.**' આગમ, યુક્તિ અને પરીક્ષા કરે તર્કથી ચારે બાજુથી. આ સમજણની ભૂમિકા થઈ. શાસ્ત્ર વાંચે વિશ્વાસ રાખીને. જે કહેનાર છે અનુભવી છે, આગમના કહેનાર છે તે અનુભવી છે. એ કહે છે તે સત્ય છે. મને ન સમજાય ત્યાં સુધી મારી અણસમજણ છે. કહેનાર છે તે સત્ય જ કહે છે.પછી યુક્તિથી કોઈને કોઈ ચાલતા પરિણમનમાં તર્ક લગાડે કે પશ્ચાત દુઃખ તે સુખ નહિ. મને જ્યાં-જ્યાં ભ્રમથી સુખ લાગ્યું છે એ ખરું સુખ નથી, એ યુક્તિથી નક્કી થઈ ગયું. અને પરીક્ષા કરે, તર્ક કરે ચારે બાજુથી. સમજણ ચોખ્ખી કરે. પછી લક્ષણથી ઓળખે. જ્ઞાન લક્ષણથી એને જુદું પાડે.

ઓળખવા માટે પરિચય થવો જોઈએ. ઓળખવાનો એક જ પ્રોસેસ છે-પરિચય. અને જ્ઞાનનો પરિચય કરવો એટલે જ્ઞાનમાં શું અનુભવાય છે? એ વારંવાર અવલોકનમાં લેવું. એ જ્ઞાનમાં સિવાય જ્ઞાન વેદન બીજું કાંઈ અનુભવ થઈ શકે એવું નથી. એમ પકડાય છે. જ્ઞાન દ્વારા નકકી કરે એમાં આમ વાત છે. લક્ષણથી. ચોખવટ કરી છે. જ્ઞાન દ્વારા નકકી કરે એમાં પહેલા સમજણ કરે, આગમ, યુક્તિ, પરીક્ષા વગેરેથી. આગમ, યુક્તિ, તર્ક અને અનુમાન અને ન્યાય. ન્યાયથી પણ પરીક્ષા કરે, તર્કથી પણ પરીક્ષા કરે, અનુમાનથી પણ પરીક્ષા કરે. પરીક્ષા કરવાના બધા પાસા છે આ બધા. એ પરીક્ષા કર્યા પછી લક્ષણથી ઓળખીને નકકી કરે. એનું સીમ્પટમ પકડે.

વેદનભૂત લક્ષણ છે, જ્ઞાનમા ઓળખવાનું લક્ષણ વેદનભૂત છે. '**લક્ષણ ઓળખીને નક્કી કરે.**' એટલે એ લક્ષણમાં ચખણી છે. વેદનમાં એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન અકષાયરૂપે, અકષાયસ્વરૂપે હોવાથી એમાં સુખ અભેદ છે. નિરાકુળતાનો ભાવ એમાં અભેદ છે.

મુમુક્ષુ :- એકલું જ્ઞાન છે એ જાણવાનું નથી કરતું? માત્ર જ્ઞાન જે છે વેદનરૂપ, સામાન્ય એ જાણવાનું કામ નથી કરતું?

પૂજ્ય ભાઈશ્રી :- જાણવાનું કામ એનું નથી. વેદવાનું કામ છે એનું.

મુમુક્ષુ :- જ્યાં સુધી જાણવું તે જ્ઞાન હું છું એવું લઈએ ત્યાં સુધી ઉપર ઉપર છે, ત્યાં સુધી અંદર નથી જતો.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનવિશેષના વિભાગમાં જાય છે. જાણવું છે એ જ્ઞાનવિશેષ છે, વેદવું છે તે જ્ઞાનસામાન્ય છે. એટલે સામાન્ય છે એ લક્ષણ છે. જ્ઞાનસામાન્ય તે લક્ષણ. .... બીજી રીતે હોવું ઘટે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બીજે ઠેકાણે આપે લીધું છે કે જ્ઞાનવિશેષ છે એ લક્ષણ શા માટે ન હોઈ શકે? જે જ્ઞાનવિશેષમાં જ્ઞેયજ્ઞાયક સંકરદોષ વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞેયજ્ઞાયક સંકરદોષ ચાલુ છે. અનાદિથી જ્ઞાનવિશેષમાં તો જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ ઊભો છે. એટલે એ જ્ઞાન નિર્મળ નથી, નિર્દોષ નથી. જ્ઞાન નિર્દોષ નથી અને આત્મા તો સ્વરૂપે નિર્દોષ છે. તો નિર્દોષ સ્વરૂપનું લક્ષણ નિર્દોષ હોય કે દોષિત હોય? એમ છે.

બીજું, કે મૂળ વસ્તુ હોય એવું જ સેમ્પલ હોય તો ઓળખાયને મૂળ વસ્તુ? વસ્તુની જાત જુદી અને સેમ્પલની જાત જુદી હોય તો સેમ્પલ ઉપરથી વસ્તુ ક્યાંથી પકડાય? કાપડમાં શું કરે છે? કે તાકામાંથી જ એનો કટકો કાપીને સેમ્પલ બનાવવામાં આવે છે. સેમ્પલને જુદો વણીને નથી સેમ્પલમાં મૂકવામાં આવતો. જે આખો તાકો હોય એમાંથી એક ટૂકડો કાઢીને એને સેમ્પલ તરીકે ગોઠવવામાં આવે છે.

મુમુક્ષુ :- એને સેમ્પલ કહેવાય નહિતર સેમ્પલ કહેવાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર તેને સેમ્પલ ન કહેવાય. તો વસ્તુ સામાન્ય છે, વસ્તુ નિર્દોષ છે તો એનું સેમ્પલ પણ એવું જ હોવું જોઈએ. સામાન્ય. તો જ વસ્તુ ઓળખાય નહિતર વસ્તુ ઓળખાય નહિ.

'**લક્ષણ ઓળખીને નક્કી કરે. પોતે લક્ષણ-યુકિતથી નક્કી કરી આગળ જાય છે.**' પહેલાં લક્ષણરૂપ યુક્તિ. વચ્ચે હાયફન કર્યો છેને? લક્ષણથી નક્કી કરીને આગળ જાય છે અથવા લક્ષણવાળી યુક્તિથી નક્કી કરીને આગળ જાય છે. '**પહેલાં અનુભવમાં ક્યાંથી આવે? (ન આવે).**' પહેલાં અનુભવમાં ન આવે. પછી સ્વાનુભવ છે ચોથા

ગુણસ્થાને એ પહેલો આવે એમ નહિ, પહેલાં આવી રીતે નિર્ણય થાય. ઓળખાણ થાય. એ ઓળખાણને સમકિત કહેવામાં આવ્યું છે. સમકિતનું કારણ હોવાથી એને સમકિત કહેવામાં આવ્યું છે. સમકિતનું અંગ પણ કહ્યું છે, કારણ પણ કહ્યું છે. અથવા એને બીજજ્ઞાન કહીને એને સમકિત પણ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુએ પ્રશ્ન કર્યો છે. '**અનુભવ પહેલાં પણ પાકો નિર્ણય થઈ જાય કે આ જ મારું ઉપાદેય તત્ત્વ છે?**' થઈ જાય. શું કરવા ન થાય? બરાબર નક્કી થઈ જાય. મારું તત્ત્વ છે અને મને આ જ ઉપાદેય છે—બેય વાત નક્કી થઈ જાય. ચોકકસ નક્કી થઈ જાય. નક્કી થયા વિના, નિર્ણયબળ વિના સમ્યક્સન્મુખતાનો પુરુષાર્થ ઉપડે નહિ કે ચાલુ થાય નહિ. આ નિયમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભાવભાસન પહેલાં પણ નક્કી થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસન તે જ નક્કી. ભાવભાસન પહેલા નક્કી થવાની વાત નથી. સમજણથી નક્કી થયું એ ઓઘે થયું છે. ભાવભાસન પહેલાં જે સમજણ કરીને નક્કી કર્યું તે ઓઘસંજ્ઞા છે, એ ઓળખાણ નથી. અહીંયાં નક્કી થયું એટલે ઓળખાણ થઈ એમ વાત લેવી છે. ઓળખાણ થઈ એટલે ભાવભાસન થયું એમ લેવું છે. ભાવભાસન, ઓળખાણ, નિશ્ચય, નિર્ણય, પ્રતિભાસ, અવભાસન, અસ્તિત્વ ગ્રહણ આ બધાં એક જ ભાવના જુદાં-જુદાં શબ્દો છે. ઓળખાણ થઈ એના બધા શબ્દો છે. અને લક્ષ થયું. એને લક્ષ થયું એમ પણ કહેવામાં આવે છે. કેમકે પછી જે સ્વરૂપ લક્ષગોચર થયું એ લક્ષમાંથી છૂટતું નથી અથવા એને સ્મરણની અપેક્ષા નથી રહેતી. સ્વરૂપનું સ્મરણ કરવું એવી અપેક્ષા નથી રહેતી માટે એને લક્ષ થઈ ગયું એમ પણ કહેવામાં આવે છે.

તો કહે પહેલાં નિર્ણય થઈ જાય કે આ મારું ઉપાદેય તત્વ છે? હા. '**આ જ મારું ઉપાદેય તત્ત્વ છે. તેમાં આનંદ છે, અનંત શકિત ભરેલી છે અર્થાત્ તેમાં વિભૂતિ ભરેલી છે-તેમ પહેલાં પાકો નિર્ણય થઈ જાય.**' પાકો નિર્ણય કહો કે યથાર્થ નિર્ણય કહો બેય એક જ વાત છે. નિર્ણય કહો, ઓળખાણ કહો. અનુભવાંશે પ્રતીતિ કહો, બીજજ્ઞાન કહો અને ભાવભાસન કહો. બધું એક જ છે. લક્ષ કહો. બધું એક છે. '**આ જ મારું ઉપાદેય તત્વ છે. તેમાં આનંદ છે...**' ભલે આનંદ અનુભવ્યો નહિ ચોથા ગુણસ્થાનનો, પણ આનંદનો પત્તો લાગી ગયો, એડ્રેસ મળી ગયું. હવે પહોંચી જશે. સરનામું મળ્યા પછી પહોંચવામાં વાંધો આવતો નથી. સરનામું બરાબર હોવું જોઈએ.

મુમુક્ષુ :- માતાજીને પૂછવામાં આવ્યું કે આત્મા.. એટલો. એટલે ભાવભાસન?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવભાસન થઈ ગયેલું અને સન્મુખતાનો પુરુષાર્થ ચાલતો હતો અને પોતે સમીપ જઈ રહ્યા હતા. સમ્યક્ત્વની સમીપ પોતે જઈ રહ્યા હતા. એટલી વાત છે. આ તો પૂછે એટલે જવાબ દે. બાકી સમ્યક્સન્મુખ જે જીવના પરિણામ ચાલે છે એ દશા ઉપર બહુ વજન દેતો નથી. એને લક્ષમાં જે પોતાનું સ્વરૂપ આવ્યું છે એના ઉપર એટલું વજન છે કે વર્તમાન ચાલતી દશા એને અત્યંત ગૌણ વર્તે છે, એની મુખ્યતા કરતા નથી.

મુમુક્ષુ :- મુખ્યતા કરવા જાય તો પાછો પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુખ્યતા કરવા જાય તો વાર લાગે. જરાક પણ મુખ્યતા થાય, જેટલા અંશે મુખ્યતા થાય એટલી વાર વધારે લાગે. કેમકે એને તો પૂરેપૂરી મુખ્યતા સ્વરૂપમાં દેવાની જરૂર છે. અથવા સ્વરૂપ એવું છે કે પૂરી મુખ્યતા ત્યાં જ લાગી જાય.

મુમુક્ષુ :- વાત તો એવી કીધી છે. પૂછે તો જવાબ આપ્યો, નહિતર એને એ...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ પડી નથી. કેટલું દૂર રહ્યું ને કેટલું આઘું રહ્યું એ કાંઈ પડી નથી. પછી એ સ્વરૂપની ધૂન ચડે. શું ચડે? સ્વરૂપની ધૂન ચડે. એ ધૂનમાં આવી જાય. દશા બાજુ ખ્યાલ આવે, દશા તો ઉપલી સપાટી હોવાથી એનો ખ્યાલ આવી જાય. પૂછે તો જવાબ દ્યે. નહિતર ખ્યાલ આવે પણ એને ગૌણ રાખે. ધૂન ચડે છે સ્વરૂપની.

શું છે? '**તેમાં આનંદ છે, અનંત શક્તિ ભરેલી છે...**' એટલે અનંતુ સામર્થ્ય છે. એ સામર્થ્ય એટલું બધું, બેહદ સામર્થ્ય માલૂમ પડે છે કે એ સામર્થ્યના મહિમામાં ખોવાઈ જાય છે. આટલું બધું સામર્થ્ય! આટલું બધું સામર્થ્ય! આટલું બધું એ! એ આટલા બધામાં ખોવાઈ જાય છે. એટલું છે. એટલો એનો મહિમા છે. 'ઘટ અંતર ન સમાયે.' ભાગચંદજી લખે છે એક સ્તુતિમાં. અંતરમાં સમાતો નથી અને મહિમા બહાર નીકળીને ઢોળાઈ જાય છે. અંદરમાં સમાતો નથી. એટલે ભાષામાં આવી જાય છે. બહાર નીકળીને ઢોળાઈ જાય છે એટલે ભાષામાં આવે છે.

લીધુંને આમણે, ગોપીઓ (કહે છે), હાંરે કોઈ માધવ લ્યો... માધવ લ્યો. એ એનો મહિમા છે. માખણ ભૂલી ગઈ. માધવ લ્યો... માધવ લ્યો થઈ ગયું, માખણ લ્યો એનાં બદલે માધવ લ્યો. તેમાં અનંત સામર્થ્ય ભરેલું છે, તેમાં અનંત વિભૂતિ ભરેલી છે, અનંત ચૈતન્યનો વૈભવ ભરેલો છે. ભગવાન આત્મા જે છે પરમાત્મા, એ પરમાત્માના દરબારમાં અનંત વૈભવ ભરેલો છે. જેમ રાજાના વૈભવમાં દબ-દબા ભરેલો દરબાર હોય. ઠાઠ બહુ હોયને? એકે એક ચીજ ઊંચામાં-ઊંચી વાપરી હોય.

એમ આત્મામાં અનંત ગુણોનો વૈભવ, ચૈતન્યના અનંત ચમત્કારનો વૈભવ, જેની આગળ આખું જગત સડેલાં તરણાં જેવું છે. એ ચૈતન્યના વૈભવ આગળ આખું જગત સડેલાં તરણાં જેવું છે. સડેલાં તરણાની કિંમત કેટલી? એમ આખા જગતની કિંમત એટલી. આમ છે. આમ તો મનુષ્યપણામાં માનમાં જ માણસ ફસાય છે. અહીંયાં કહે છે કે પણ હવે આખું જગત તારી સ્તુતિ કરેને, તો એ આખું જગત સડેલું તરણું છે. એના સામું જોવા જેવું નથી. આત્મા સામું જો. આત્મા એવો છે, સ્તુતિ કરવા યોગ્ય તો પોતાનો આત્મા છે, સ્તવન કરવા યોગ્ય પોતાનો આત્મા છે.

એવી '**તેમાં વિભૂતિ ભરેલી છે-તેમ પહેલાં પાકો...**' એટલે યથાર્થ, પાકો એટલે? યથાર્થ. નહિતર અહીંયાં શું ઘણાં (કહે છે)? અમને દઢ નિર્ણય છે. ઘણાં વખત પહેલાં એક મુમુક્ષુ સાથે ચર્ચા થઈ હતી. (ઈ કહેતા), અમને અમારા સ્વરૂપનો નિર્ણય એટલો બધો દઢ છે. એ સ્વરૂપ નિર્ણય ઉપર બહુ વજન દેતા હતા. અને પોતાને પણ સ્વરૂપ નિર્ણય થયો છે એમ કહે વાત-વાતમાં. અમારો અમારા સ્વરૂપનો નિર્ણય એવો છે કે હું સિદ્ધ સમાન છું... હું સિદ્ધ સમાન છું. ઉપરથી સિદ્ધ આવીને ના પાડેને તોપણ હવે અમારો નિર્ણય ફરે એમ નથી. એવો અમારો દઢ નિર્ણય છે. મેં કીધું હવે કોઈ સરખાઈનો તર્ક ફેંકશેને ત્યાં આની વિકેટ ઊડી જાય એવું છે. ખ્યાલ હતો. કહેવામાં તો એમ માને, એટલો અમારો દઢ નિર્ણય છે, એટલી મક્કમતા છે કે ઉપરથી સિદ્ધ ભગવાન આવેને હવે અમારો નિર્ણય ન ફરે. ઈ એમ કહે કે તને નિર્ણય નથી.

મુમુક્ષુ :- ઉદય આવે ત્યારે ફેંકાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ના ના પછી તો ચર્ચા ચાલી. એને એમ કીધું... પછી બહેનશ્રી સાથે ચર્ચા ચાલી હતી. એ વખતે બેય બહેનો સાથે હતા. એમણે કીધું આ નિર્ણય-બિર્ણયનું બરાબર નથી તમારું. ખલાસ. એ તો ઓથોરિટી હતા એમણે ના પાડી. તમારા નિર્ણયની વાત બરાબર નથી. તો કહે, નિર્ણય થઈ ગયો છે. નહિ, નથી નિર્ણય. પછી પૂછ્યું કાં જઈ આવ્યા? નક્કી કરી આવ્યા? તો કે હા, અમે ગોળને ખાંડ માનતા હતા. નિર્ણય નહોતો એને નિર્ણય માનતા હતા. એટલે સિદ્ધ ભગવાનને કાંઈ આવવાની જરૂર પડી નહિ.

મુમુક્ષુ :- હા, હાલતા-ચાલતા સિદ્ધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે.

મુમુક્ષુ :- ગળે વાત ઉતરી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાકો નિર્ણય મિન્સ યથાર્થ નિર્ણય. નહિતર મક્કમતામાં આમ છેતરાય છે. કહેવાનો આશય એટલો છે કે અમારી બહુ મક્કમતા છે, અમને ઘણી મક્કમતા છે. એમ ન ચાલે. યથાર્થ અનુભંવાશે પ્રતીતિ આવવી જોઈએ. અંશ પકડીને, રાગનો અંશે અભાવ કરીને નિર્ણય થવો જોઈએ.

૧૪૪ (ગાથાના પ્રવચનમાં) કહ્યુંને રાગનો અંશે અભાવ કરીને નિર્ણય થવો જોઈએ. એટલે શું છે કે જ્ઞાનનો, જ્ઞાનના આધારે નિર્ણય થાય. જ્ઞાન વડે લીધું છેને? જ્ઞાન દ્વારા એટલે જ્ઞાનના આધારે, જ્ઞાન લક્ષણનાં આધારે જ્ઞાનનો નિર્ણય થાય અને જ્ઞાનના આધારે થાય ત્યારે રાગનો આધાર એ વખતે છૂટે. ત્યાં આધાર-આધેય સંબંધનો મુદ્દો આવ્યો. જ્ઞાનસ્વરૂપી આત્માનો જ્ઞાન લક્ષણના આધારે નિર્ણય થાય ત્યારે અનાદિથી રાગના આધારે પરિણમન ચાલતું હતું એ બદલાઈ ગયું ત્યારે નિર્ણય થયો. એમાં ફેર પડ્યો ત્યારે નિર્ણય થયો. એટલે ગુરુદેવે કહ્યું કે રાગનો અંશે અભાવ કરીને. હજી તો એકત્વબુદ્ધિ છૂટી નથી છતાં અંશે આધાર જ્ઞાનનો લીધો એટલાં અંશે રાગનો આધાર ગયો. જે અંશે, જેટલાં અંશે જ્ઞાનના આધારે નિર્ણય થયો એટલા અંશે રાગનો આધાર મટ્યો ત્યારે આ આધાર આવ્યો. એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પેલાં ભાઈએ માતાજીને પ્રશ્ન કર્યો. શબ્દ તો વ્યવસ્થિત બોલી રહ્યા હતા પણ માતાજી છેને એની મુદ્રા કહો, એના ભાવ જોઈને કહી દે કે નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો, તરત જ પકડી લે. ઉપરવાળાને તો નીચે ક્યાં ઊભો હોય એ ન ખબર પડે? ઉપર બેઠા છે એને તો નીચેવાળાની ખબર પડે જ ને. સહજ સ્વભાવ છે.

'ભલે અનુભવ નથી તો પણ પ્રથમ નિર્ણય થાય છે.' એ નિર્ણયની ભૂમિકા દરેક જ્ઞાનીઓએ સ્થાપી છે. એટલું જ નહિ નિર્ણયની ભૂમિકા એ બહુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. કેમકે એના વગર જ્ઞાનદશા નથી, એના વિના જ્ઞાનદશા નથી. અને જે સામાન્યનો આવિર્ભાવ થઈને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આવે છે એમાં લક્ષમાં આત્મા નિર્ણય વખતે આવી ગયો છે એટલે એ અનુભૂતિનો પ્રકાર બને છે. અને જે નિર્ણય પછી ભેદજ્ઞાન ચાલે છે એ સ્વરૂપલક્ષે ભેદજ્ઞાન ચાલે છે. જ્ઞાન તે હું અને રાગ તે હું નહિ એમાં જ્ઞાનમાં સ્વરૂપ લક્ષમાં હોય છે. તો સ્વરૂપલક્ષે જે ભેદજ્ઞાન ચાલે છે અને સ્વરૂપ લક્ષમાં રહીને જે સામાન્યનો આવિર્ભાવ થાય તે નિર્વિકલ્પ સ્વાનુભવનું સાક્ષાત્ કારણ છે. આ બે જ વસ્તુને લઈને સ્વાનુભવ આવે છે. એટલે નિર્ણય છે એનું મહત્ત્વ ઘણું છે.

અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવામાં નિર્ણય થવો એ સબ્જેક્ટ

ટુ કંડિશન છે. જેમ કેવળજ્ઞાન ભાવલિંગી મુનિદશા આવ્યા વિના સંભવ નથી. સબ્જેકટ ટુ કંડીશન. ભાવલિંગી મુનિ થાય એને જ અંતરમુર્હૂતની સ્વરૂપસ્થિરતા રહે અને એને જ કેવળજ્ઞાન થાય. ચોથે-પાંચમે ગુણસ્થાને સ્વરૂપધ્યાન લાગે તો પણ અંતરમુર્હૂત, દીર્ઘ અંતર્મુહૂર્ત સુધી સ્વરૂપસ્થિરતા રહી શકે નહિ. કેમકે બીજા કષાયો ઊભા છે. આને ત્રણ કષાયનો અભાવ થયો છે. અહીંયાં બે કે એક કષાયની ચોકડીનો અભાવ થયો હોય ત્યાં સુધી સ્વરૂપ સ્થિરતા અંતર્મુહૂર્ત રહે નહિ. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય તોપણ ન રહે. એટલે છઠ્ઠું-સાતમું ગુણસ્થાન ભાવલિંગી મુનિદશા, સબ્જેકટ ટુ કંડિશન કેવળજ્ઞાનની ઉત્પત્તિ છે. એમ સ્વરૂપ નિર્ણય સબ્જેકટ ટુ કંડિશન સમ્યગ્દર્શનની ઉત્પત્તિ છે. નિર્ણય ન થાય તો સમ્યગ્દર્શન અને સ્વાનુભવ થાય નહિ. એટલું મહત્ત્વ છે એનું. એવી રીતે જ છે. મુનિદશામાં પણ એવી રીતે છે કે સમ્યગ્દર્શન વગર મુનિદશા ન હોય. ભલે દીક્ષા લઈ લ્યે, નગ્ન દિગંબર થઈને પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ નિરતિચાર પાળે. અને શાસ્ત્રોમાં અંગ પૂર્વનું જ્ઞાન હોય. કેટલું? થોડું નહિ. અગિયાર અને નવ પૂર્વ સુધી. સમ્યગ્દર્શન ન હોય તો મુનિદશા ન હોય. આમ છે. દ્રવ્યલિંગી કીધા છે એને. અને દ્રવ્યલિંગી તે સંસારતત્ત્વ છે. તત્ત્વદષ્ટિએ મોક્ષતત્ત્વ શરૂ નથી થયું. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં કૃપાળુદેવ કહે કે એ સાક્ષાત્ મોક્ષ છે.

મુમુક્ષુ :- મૂર્તિમાન મોક્ષ.

પૂજ્ય ભાઈશ્રી :- મૂર્તિમાન મોક્ષ. સત્પુરુષ છે તે મૂર્તિમાન મોક્ષસ્વરૂપ છે. આમ લીધું છે. નિર્ણય છે એ મુમુક્ષુદશાનું અંતિમ સ્ટેજ છે અને જ્ઞાનદશાનું ત્યાંથી મૂળિયું ઊભું થયું. એટલે ૨૫૪ (પત્રમાં કૃપાળુદેવે) પદાર્થ નિર્ણય સુધી વાત લીધી. પૂર્ણતાના લક્ષથી માંડીને પદાર્થ નિર્ણય સુધીની વાત લઈ ગયા છે કૃપાળુદેવ. પછી તો અનુભવ સહજ છે. પછીનો પ્રશ્ન તો મુનિદશા સબંધી છે. અહીં સુધી રાખીએ.

મુમુક્ષુ :- પહેલો, બીજો, ત્રણ છે એમાં બીજા નંબરનું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બીજું સમકિત.

પ્રશ્ન-૬૧

પ્રશ્ન :- મુનિરાજની અલૌકિક દશા સંબંધી થોડું ફરમાવવા કૃપા કરશો.

સમાધાન :- મુનિરાજ વારંવાર અંદર સ્વરૂપમાં આનંદ કરતા હોય છે. તેઓ જંગલમાં વસતા હોય છે છતાં જંગલ સંબંધી કાંઈ લક્ષ હોતું નથી, એક આત્માને જ દેખે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલનારા અને અંતર્મુહૂર્તે અંદર સ્વરૂપમાં જનારા મુનિરાજ એકલા ચૈતન્યમય જ છે. ચૈતન્યમાં જ નિવાસ કરનારા એવા તેમને આહારનું કે બહારનું કાંઈ લક્ષ જ નથી. તેમ જ શરીર તરફનું પણ કાંઈ લક્ષ નથી. એક ચૈતન્યમય જ તેઓ બની ગયા છે. એક કેવળજ્ઞાન નથી થયું એટલું જ છે, બાકી ચૈતન્યમય જ થઈ ગયા છે. નિદ્રા પણ અલ્પ થઈ ગઈ છે. તેમનું જીવન નિરંતર ચૈતન્યમય જ થઈ ગયું છે. જેમ ભગવાન સદા જાગૃત છે તેમ મુનિરાજને જાગૃતમય દશા થઈ ગઈ છે. જાગૃત રહેતાં રહેતાં, અર્થાત્ ચૈતન્યમય રહેતાં રહેતાં શ્રેણી માંડીને શાશ્વત એવી કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કરે છે. પછી ચૈતન્યમાંથી બહાર આવતા જ નથી. મુનિદશામાં બહાર આવે અને અંદર જાય, છતાં જીવન ચૈતન્યમય જ છે, તેમનો ચૈતન્યમાં જ નિવાસ છે, તે જ રહેઠાણ છે. આસન પણ તે છે ને ભોજન પણ તે છે.-બધું એક આત્મામય જ છે. તેમને બહારના ભોજનની પણ પડી નથી, અને તેથી કેટલા નિયમ સહિત બહાર ભોજન લેવા જાય છે! કે આવી રીતે ભોજન મળે તો લેવું, નહિ તો ભોજન ન લેવું. આમ ભોજન તરફ લક્ષ નથી. તથા ઉપસર્ગ-પરીષહ આવતાં શરીરને ગમે તે થાય તો પણ તેનું ધ્યાન જ નથી. આવી મુનિરાજની અલૌકિક દશા છે. બહારની ક્રિયાનો વિકલ્પ-શુભભાવ આવે, બાકી એકલું આત્મામય જ જીવન છે. ૬૧.

તા. ૨૧-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૬૧, પ્રવચન નં. ૩૯

સ્વાનુભૂતિદર્શન પાનું-૫૭, ૬૧મો પ્રશ્ન છે.

'**પ્રશ્ન :- મુનિરાજની અલૌકિક દશા સંબંધી થોડું ફરમાવવા કૃપા કરશો.**' મુનિરાજની દશા કેવી હોય? વર્તમાનમાં ભાવલિંગી મુનિ પ્રત્યક્ષ વિદ્યમાન નહિ મળ્યા

હોવા છતાં જ્ઞાનીના જ્ઞાનમાં મુનિદશા આવી જાય છે. પૂજ્ય બહેનશ્રી મુનિદશાનું વર્ણન એવું કરતાં કે જાણે મુનિરાજ સાક્ષાત્ સામે ઊભા હોય અને તેમને જોતાં-જોતાં બોલતા હોય. નહિતર અત્યારે તો મુનિ કોઈ પ્રત્યક્ષ જોવા મળતા નથી. છતાં પણ આબેહૂબ વર્ણન કર્યું છે. જેવા મુનિ હોય એવું જ વર્ણન કર્યું છે. એ ક્યાંથી આવે છે? અનુભવમાંથી આવે છે. પોતાને જે મુનિદશાની ભાવના હોય છે, દરેક જ્ઞાનીને મુનિદશાની ભાવના આવે છે. જ્ઞાન થયું એટલે સંતોષ નથી થતો પણ મુનિદશાની ભાવના આવે છે ત્યારે કેવો મુનિ હું થાઉં? એવો જે પોતાનો આદર્શ છે, એ આદર્શને સામે રાખીને મુનિનું વર્ણન ચાલે છે. કૃપાળુદેવે અપૂર્વ અવસરમાં એ શબ્દચિત્ર દોર્યું છે. એ માત્ર શબ્દોનું ચિત્ર નથી એમના ભાવોનું ચિત્ર છે કે આવા મુનિ હોય. વીતરાગ માર્ગમાં કેવળજ્ઞાન લેનારા, કેવળજ્ઞાનના પુરુષાર્થમાં પડેલા મુનિઓની આવી દશા હોય. આજે મુનિદશાની વાત ચાલશે.

'મુનિરાજ વારંવાર અંદર સ્વરૂપમાં આનંદ કરતા હોય છે.' પહેલી વાત શું લીધી એમની? કે જેમનું સ્વસંવેદન આનંદની મુખ્યતાવાળું હોય છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ બહારમાં ત્રણ પદ છે. અંદરમાં એક જ પદ છે—સ્વસંવેદન પ્રચુર સ્વસંવેદન. હવે એ પ્રચુર સ્વસંવેદન કેવું હોય છે? કે એની સાથે એકલો આનંદ હોય છે એવું હોય છે. **'મુનિરાજ વારંવાર અંદર સ્વરૂપમાં આનંદ કરતા હોય છે.'** એટલે નિર્વિકલ્પ ઉપયોગનો આનંદ છે. વારંવાર જે આનંદ કરે છે એ નિર્વિકલ્પ ઉપયોગનો આનંદ છે સાતમા ગુણસ્થાનનો અને છઠ્ઠા ગુણસ્થાને તો આનંદની પરિણતિ અને સ્વસંવેદનની પરિણતિ ચાલુ જ હોય છે. એ તો પરિણતિ થઈ જ ગઈ છે. એટલે છઠ્ઠા ગુણસ્થાને બહાર આવે તો પણ એ પરિણતિ હોય છે. અને વારંવાર શુદ્ધ ઉપયોગમાં સાતમા ગુણસ્થાને વિશેષ આનંદ લ્યે છે એ વખતે.

'તેઓ જંગલમાં વસતા હોય છે છતાં જંગલ સંબંધી કાંઈ લક્ષ હોતું નથી,...' જંગલમાં વસતા હોય છે એટલે વસ્તીમાં તો રહેતા નથી. કેમકે વસ્તીમાં રહેવું એ એમની સાધનાને અનુકૂળ નથી. ડિસ્ટર્બન્સ ઊભો થાય. વસ્તીમાં રહે તો એમની સાધનામાં અંતરાય પડે. વસ્તીમાં શું કુટુંબમાં નથી રહી શકતા તો વસ્તીમાં રહેવાનો તો સવાલ જ નથી. જેણે કુટુંબનાં બે-ચાર-પાંચ સભ્યોને છોડી દીધા એ સમાજનાં અનેક સભ્યોની વચમાં શું કરવા રહે? તો પછી કુટુંબ શું ખોટું હતું? એ તો જંગલમાં જ વસે છે. જંગલમાં વસતા હોવા છતાં 'હું જંગલમાં છું' એ સબંધી એમનું લક્ષ નથી. ત્યાં ગયા પછી બીજી વાત નહિ. અહીંયાં ઘરમાં કે વસ્તીમાં કે ગામમાં રહેવું નથી, જંગલમાં રહેવું છે. ઘર અને ગામની અપેક્ષાએ જંગલમાં રહેવું છે અને જંગલમાં

ગયા પછી જંગલનું લક્ષ રહેવું નથી. આમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ તો મુમુક્ષુપણામાંથી શરૂ થઈ ગયું હતુંને? એકાંતવાસને વખાણનાર. મુમુક્ષુપણામાંથી જ એને લાઈન શરૂ થઈ ગઈ કે એકાંતને વખાણનાર.

પૂજ્ય ભાઈશ્રી :- એકાંતપ્રિયતા.

મુમુક્ષુ :- ત્યાંથી પછી આગળ ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, પહેલેથી એકાંત પ્રિય છે.

'તેઓ જંગલમાં વસતા હોય છે...' હવે એ એમનો ઉદય હોય છે. વસ્તીમાં ન રહેવું અને જંગલમાં રહેવું. એટલે વિકલ્પ એવો જ આવે ઉદય અનુસાર. પણ જંગલમાં જાય ત્યારે જંગલનું લક્ષ નથી એટલે ઉદય ઉપર લક્ષ નથી. અનુદયભાવમાં છેને. તો ઉદય ઉપર લક્ષ નથી. **'એક આત્માને....'**

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં એક પોઈન્ટ એ પણ આવી શકે કે એને દેહાત્મબુદ્ધિ બધું વયું ગયેલું છેને? તો ભય તો એને છે જ નહિ કોઈ વસ્તુનો? ભય તો છે જ નહિ દેહાત્મબુદ્ધિ બધું વઈ ગયેલું છે. એટલે આ જીવ ભયને કારણે જ સ્થાનો સારા ગોતા છેને? એટલે આ સ્થાનમાં છું... આ સ્થાનમાં છું... ભયને કારણે?

પૂજ્ય ભાઈશ્રી :- ભય ગયો છે.

મુમુક્ષુ :- ભય વયો ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિઃશંકતા એટલી છે કે નિઃસંગતામાં એ રહી શકે છે. નિઃસંગતામાં એટલા માટે રહી શકે છે નિઃસંગતામાં કે નિર્ભયતા હોય છે માટે. કૃપાળુદેવે ૨૫૪ (પત્રનું) આ મથાળું બાંધ્યું છે. એમણે તો વિષય લીધો છે પદાર્થ નિર્ણય સુધીનો. પણ જ્યાં પદાર્થ નિર્ણય થાય ત્યાં નિઃશંકતા આવે. નિઃશંકતા આવે ત્યાં નિઃસંગતામાં રહેવાની યોગ્યતા આવે. નિઃસંગતામાં ત્યારે જ રહી શકે કે નિર્ભયતા હોય તો. મુનિરાજને તો, સમ્યગ્દૃષ્ટિ અને નિર્ણય થનાર મુમુક્ષુને તો ચારિત્રમોહનો ભય હોય છે, મુનિરાજને ચારિત્રમોહનો ભય પણ ચાલ્યો ગયો છે. ભયપ્રકૃતિ ખલાસ થઈ ગઈ છે, ક્ષય થઈ ગઈ છે.

કાળોતરો નાગ ફુંફાડા મારતો આવતો હોય. જંગલમાં ધ્યાન કરવા બેઠા હોય અને સડસડાટ ફુંફાડા મારતો ચાલ્યો આવતો હોય. ખાંઉ-ખાંઉ થતો. હલે એ બીજા. ખસે નહિ. સીધો ચાલ્યો આવતો હોય એટલે એના રસ્તામાંથી ખસી જાઉં નહિતર મને ડંસશે, એ નથી. સ્થિર રહી જાય છે. હલે એ બીજા. ગમે તે હો. શરીરને ડંખ મારશે, આત્માને નહિ. અને જ્યારે શરીરને ડંખ મારશે ત્યારે મારો પુરુષાર્થ ઉગ્ર થઈને કેવળજ્ઞાન લેવાની તૈયારી થાશે. એટલી એમને ખાતરી છે. એટલી એમને

ખાતરી છે. કાંઈ વાંધો નહિ, કેવળજ્ઞાન લેવાનું નજીક થશે. એટલે એ સર્પમાં સર્પને નથી જોતા, સર્પનાં આગમનમાં કેવળજ્ઞાનનું આગમન બીજી બાજુના બારણે દેખાય છે એમને. આની કોરથી સર્પ આવે છે તો આની કોરથી કેવળજ્ઞાન આવવા મંડ્યું છે. કોના સામું જોવે? સર્પ સામું જોવે કે કેવળજ્ઞાન સામું જોવે? એક સાથે બે દરવાજા દેખાય એને.

મુમુક્ષુ :- પરમ મિત્રનો જાણે પામ્યા...

પૂજ્ય ભાઈશ્રી :- 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' એટલે ભયની કલ્પના છે એ દેહાત્મબુદ્ધિવાળાને છે. દેહાત્મબુદ્ધિ નથી એને ભયની કલ્પના નથી. પછી તો ચારિત્રમાં તો અભિપ્રાય વિરુદ્ધ થાય. મુનિને તો ચારિત્રમાં પણ નથી. મુનિને તો ચારિત્રમાં પણ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કૃપાળુદેવમાં એમ આવતું કે ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એ પ્રયોગ કરતા હતા પોતે. મુનિદશાનો પ્રયોગ કરતા હતા. પણ મુનિદશામાં તો અંદર પુરુષાર્થની રમઝટ ચાલે છે. અને કેવળજ્ઞાન લેવાના પુરુષાર્થમાં પડ્યા છે એટલે ઉદય દેખાતા નથી. જંગલમાં છે તો જંગલનું લક્ષ નથી, જંગલમાં છે તો જંગલનું લક્ષ નથી. તો કોને (દેખે છે)? '**એક આત્માને જ દેખે છે.**' એક આત્માને જ દેખે છે.

'**છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલનારા અને અંતર્મુહૂર્તે અંદર સ્વરૂપમાં જનારા...**' અંતર્મુહૂર્ત એ લઘુ અંતર્મુહૂર્ત છે. એટલે ક્ષણે-ક્ષણે. છઠ્ઠા-સાતમા. જેમ ઝૂલો-ઝૂલે, છઠ્ઠે આવે... સાતમે... છઠ્ઠે... સાતમે... ઝૂલે છે. એક બાજુ જેમ ઝૂલો સ્થિર ન રહે, એમ આ ગુણસ્થાન પણ સ્થિર રહેતું નથી. છ-સાત... છ-સાત... છ-સાત ચાલે જ છે. ક્ષણે-ક્ષણે '**અંદર સ્વરૂપમાં જનારા મુનિરાજ એકલા ચૈતન્યમય જ છે.**' બેય ગુણસ્થાનમાં ચૈતન્યમય છે એમ કહેવું છે. આમ છ-સાત ગુણસ્થાનની ઝૂલતી દશા છે, પણ કોમન ફેક્ટર લ્યો તો ચૈતન્યમય પરિણતિ છે. ઉપયોગ ઘડીક બહાર અને અંદર આવે છે. ઉપયોગ અપેક્ષાએ ઝૂલે છે, પરિણતિ અપેક્ષાએ ઝૂલતા નથી. પરિણતિ તો ચૈતન્યમય થઈ ગઈ છે.

'**ચૈતન્યમાં જ નિવાસ કરનારા એવા તેમને આહારનું કે બહારનું કાંઈ લક્ષ જ નથી.**' નથી જંગલનું લક્ષ, નથી એમને આહારનું લક્ષ. એક દિવસમાં મધ્યાહ્ન સમયે એકવાર ઊભા-ઊભા આહાર લેવો એ તો મેક્સીમમ વાત છે. બાકી તો ચૈતન્યમય દશામાં આહારનો વિકલ્પ ન ઊઠે. એ ગમે તેટલા દિવસ ન ખાય એ કાંઈ ગણવા ન બેસે. આજે બીજો ઉપવાસ છે, હવે કાલ ત્રીજો થાશે. કાંઈ નહિ, પડ્યા છે

ચૈતન્યમાં. મસ્ત થઈને પડ્યા છે. ગમે એટલા દિવસ જાય, ગણવા નથી બેસતા કાંઈ. અહીં તો ગણે. ત્રણ દિવસ થયા તો આઠ ગણે સીધા. કેટલા ગણે છે? છઠ કહે છે, અઠ્ઠમ કહે છે? શું કહે છે?

મુમુક્ષુ :- અઠ્ઠમ, ત્રણ દિવસને અઠ્ઠમ.

પૂજ્ય ભાઈશ્રી :- અઠ્ઠમ કહે છે. દિવસ ત્રણ છે તો અઠ્ઠમ શું કરવા કહે છે?

મુમુક્ષુ :- બે દિવસને છઠ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બે દિવસેને છઠ કહે છે. ત્રણ ગણું ગણે છે. આ તો એક ગણું ગણતા નથી.

મુમુક્ષુ :- દર્શન ખોખલાં હોય ત્યાં પ્રદર્શન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ બુદ્ધિમાંથી કાઢ્યું છે એમણે (હસ્તિમલજી). દર્શન ખોખલાં હોતા હૈ તો પ્રદર્શન હોતા હૈ. તારે પ્રદર્શનની શું જરૂર છે? કોના માટે કરે છો? કોઈને દેખાડવા માટે કરે છો? કે તારા આત્માના કલ્યાણ માટે કરે છો? હું મારા આત્માના કલ્યાણ માટે કરું એમાં કોઈને આમ દેખાય તો ઠીક ઈ વાત વચ્ચે આવી ક્યાંથી? ઈ વચ્ચે આવી તો એને આત્માનું કલ્યાણ નથી કરવું.

મુમુક્ષુ :- આ તો ભાઈશ્રી ગણતરી કરે છે એ એમ બતાવે છે કે બીજા માટે કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પારકું કરે છે. ઘરનું કામ નથી કરતો, પારકાનું કામ કરે છે.

મુમુક્ષુ :- પારકાનું સારું કરે છે કે ખરાબ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ખરાબ કરે છે. સારું કરવાનો ક્યાં સવાલ છે.

'છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલનારા અને અંતર્મુહૂર્તે અંદર સ્વરૂપમાં જનારા મુનિરાજ એકલા ચૈતન્યમય જ છે.' તેમને કાંઈ અંદરનું કે બહારનું 'આહારનું કે બહારનું' એમ લીધું છે. આહારનું કે બહારનું કોઈ લક્ષ (નથી). બેય બહારની જ વાત છે. આહાર પણ બહાર છે અને જંગલ પણ બહાર છે. એકેય લક્ષ નથી. આહારનો ઉદય એના ઉપર લક્ષ નથી. **'કાંઈ લક્ષ જ નથી. તેમ જ શરીર તરફનું પણ કાંઈ લક્ષ નથી.'** હવે શરીર પણ બહાર છે. અંદરમાં ચૈતન્યમય સ્વસંવેદન અને આનંદની પરિણતિનો કરંટ એટલો તીવ્ર છે કે શરીરનું લક્ષ નથી રહેતું. ઉપયોગ શરીરમાં પ્રસરતો નથી, ચૈતન્યમાં પ્રસરે છે. જ્ઞાનવેદન આત્માના પ્રદેશ પ્રદેશમાં પ્રસરે છે, શરીરમાં પ્રસરતું નથી. એટલે ખબર નથી પડતી કે ઠંડી-ગરમી છે કે શું છે? ઠંડી-ગરમીનું લક્ષ જતું નથી. એવા જામી ગયા છે, પરિણતિમાં એવાં જામી ગયા

છે. કે બહારનું દિન-દશાનું કાંઈ ભાન નથી. '**તેમ જ શરીર તરફનું પણ કાંઈ લક્ષ નથી. એક ચૈતન્યમય જ તેઓ બની ગયા છે.**' એટલી દશા કેળવાઈ ગઈ છે. ચૈતન્યમય રહી જાય છે, બસ! '**એક ચૈતન્યમય જ તેઓ બની ગયા છે. એક કેવળજ્ઞાન નથી થયું એટલું જ છે,...**' બાકી. કેવળજ્ઞાન હાથવેંતમાં છે એમને. બહુ સમીપ છે. કેવળજ્ઞાનની બહુ સમીપ છે. ગમે ત્યારે સાતમે ઉત્કૃષ્ટ આવે અને શ્રેણી માંડી કે અંતરર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ફાટશે, વાર લાગશે નહિ.

મુમુક્ષુ :- અંતરર્મુહૂર્ત કિતને ટાઈમ કો કહતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- વહ દીર્ઘ અંતરર્મુહૂર્ત હૈ. દો ઘડી કા અંદરકા થોડા પિરિયડ હૈ, દો ઘડી. બૃહદ્ અંતર્મુહૂર્ત કહે છે-બડા. પાંચમા આરામાં, પંચમ આરામાં જે આચાર્યો, મુનિઓ થયા કુંદકુંદાચાર્યો જેવા (એમને) એવો વિકલ્પ નથી આવતો કે આ કાળમાં કેવળજ્ઞાન નથી થતું માટે મુનિદશા લેવાનો શું અર્થ? મુનિદશા તો કેવળજ્ઞાન માટે લ્યે છે. એમને ખબર છે કે આ કાળમાં કેવળજ્ઞાન થતું નથી. છતાં એવો વિકલ્પ ન આવે.

મુમુક્ષુ :- આવે જ નહિ એવો વિકલ્પ.

પૂજ્ય ભાઈશ્રી :- આવે જ નહિ.

મુમુક્ષુ :- કૃપાળુદેવ કો ભી નહીં આયા થા?

પૂજ્ય ભાઈશ્રી :- એમને તો ગૃહસ્થદશામાં એમ આવ્યું કે શું કરવા આ કાળમાં ન થાય? એવો પ્રતિબંધ શું કરવા અમને કે આ કાળમાં ન થાય? અમે સ્વરૂપમાં સ્થિર રહેનારા છીએ અને સ્વરૂપમાં સ્થિર રહી જઈએ, શું કરવા ન રહી જઈએ? એમ આવે અંદરથી જોર એમ આવે.

મુમુક્ષુ :- વિચારદશાએ કેવળજ્ઞાન વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાન નજર સામે તરવરે છે. અમારા પુરુષાર્થમાં અમે જામીએ છીએ તો અમને તો કેવળજ્ઞાન નજર સામે તરવરે છે. ફાટ્યું કે ફાટશે, ફાટ્યું કે ફાટશે એમ છે. એને ઈ વિકલ્પ નથી કે અત્યારે પંચમકાળ છેને. પંચમકાળ એના ઘરે રહ્યો. ભૂલી જાય છે, પંચમકાળને ભૂલી જાય છે. એવી ઉગ્ર ભાવનામાં આવે છે.

એક દાખલો લઈએ. તમને તમારા ઘરે જાવ, ઘરમાં દાખલ થાવ ત્યારે કોઈ એમ કહે કે કેમ આવ્યા ભાઈ? તમે શું કહો? કેમ મારા ઘરમાં આવવા માટે મારે કોઈની રજા લેવાની છે? મારે કોઈને પૂછવાનું છે? આવો પ્રશ્ન કેમ થાય છે તમને? એમ કેવળજ્ઞાન લેવું એ તો પોતાના ઘરમાં રહેવાની વાત છે, એમાં પ્રશ્ન શું? એમાં

પ્રશ્ન હોય શકે નહિ. મારા ઘરમાં મારે રહેવું. સો વાર તો આવ્યો છું હવે એકસો એકમી વાર તમે પૂછો શું કરવા કેમ આવ્યો? એમ અંતર્મુહૂર્તમાં અંદર જાઉં છું. હવે અંદર સ્થિર રહેવામાં પૂછવાનું શું? એમ કહે છે. એટલે એ પંચમકાળ-ફંચમકાળને યાદ કરતાં નથી. આત્મામાં કોઈ કાળ નથી. ચોથો-પાંચમો કોઈ કાળ આત્મામાં છે જ નહિ. એ તો લાગેલા જ રહે છે. માણસ નથી કહેતા? જેટલું કમાણા એટલું આપણું. તો એ તો સમયે-સમયે ગુણ શ્રેણી નિર્જરા કરે છે. ઈ એની કમાણી છે. અને સમયે-સમયે શુદ્ધિની વૃદ્ધિ કરે છે. એ કમાણીને શું કરવા છોડે? એમ દરેક સમયે માણસને, રોજની ખૂબ આવક થતી હોય તો કાંઈ મૂકી દે છે? આને સમયે-સમયે છે લાભ. આત્મલાભ પ્રતિ સમયે છે. એને શું કરવાં મૂકી દે? અને એ આત્મલાભને છોડીને ક્યાં જાવું છે? બીજું કોઈ ઠેકાણું તો છે નહિ જવાનું. બધે ક્લેશ, ક્લેશ અને ક્લેશ છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવને લિખા હૈ ન ઈસ કાલમેં ભી મોક્ષ હો સકતા હૈ. હમ તો ઐસા માનતે હૈં કિ ઈસ કાલ મેં ભી મોક્ષ હો સકતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હમ તો ઐસા માનતે હૈં, ઈસ કાલ મેં ભી મોક્ષ હો સકતા હૈ. હે સર્વજ્ઞ જિનેન્દ્ર! તારા જ્ઞાનમાં એમ આવ્યું હોય, તુકારો કર્યો છે કે તારા જ્ઞાનમાં એમ આવ્યું હોય કે આ કાળે મોક્ષ ન હોય તો તું આ ક્ષેત્ર પૂરતી રાખ એ વાત. અમે મહાવિદેહમાં વયા જાશું આ જ સદેહે. આ કાળમાં એટલો પુરુષાર્થ ઉપાડશું કે અહીંથી મહાવિદેહમાં જઈને ત્યાંથી મોક્ષ વયા જાશું. આ દેહ લઈને મહાવિદેહમાં જાશું અને ત્યાંથી મોક્ષ વયા જાશું. પણ અત્યારે મોક્ષ ન થાય એ વાત રહેવા દે. પિસ્તોલ તાકી છે. એ વાત તો રહેવા દેજે. થાય, અત્યારે શું કરવા ન થાય? વયા જાશું. એનું નામ ભાવના કહેવાય. ભાવના કોઈને જોતી નથી. તીર્થંકર થયા એ ક્યાં જોવે છે? કે અભવિ છે બધા ઘણા. અનંતા અભવિ છે. અનંતા ભવિ પણ અભવિને ડોકે બાંધે એવાં છે. એ ક્યાં જોવે છે? એને તો ભાવના જ એમ છે કે બધા જીવોને મોક્ષ થઈ જાવ. બધાને સન્માર્ગની પ્રાપ્તિ થઈ જાય. એ કાંઈ શક્યતા, અશક્યતાને ભાવના જોતી નથી.

ભાવનાનું સ્વરૂપ બેહદ છે. વસ્તુનું સ્વરૂપ એને બાંધી શકતું નથી. ભાવનાને બંધાય નહિ. એ ભાવનાનો ફૂદકો એવડો મોટો છે. એને કોઈ બાંધી ન શકે. નહિતર વસ્તુ સ્વરૂપનું ઉલ્લંઘન થવું અશક્ય છે. કેમકે એ ભાવના આગળ નહિ કાંઈ. એ વાત ભાવના આગળ નહિ. એમ છે. ભાવના કાંઈ જોતી નથી, ભાવના કાંઈ જોતી નથી. એટલે એમાં શું છે? કે ભાવના આડે કાંઈ દેખાતું નથી. જોતી નથી એનો

અર્થ શું? ભાવના આડે કાંઈ દેખાતું નથી. કેવળજ્ઞાન લેનારા મુનિરાજને પંચમકાળ દેખાતો નથી અને તીર્થંકરને ભવિ અને અભવિ દેખાતા નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમના કેવળજ્ઞાનમાં તો ખબર પડે કે આ બધાં બેઠા છે કે આ અભવિ છે, આ આત્મા ભવિ છે છતાં એ એની કરુણા વરસાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો છદ્મસ્થ અવસ્થામાં ભાવના થઈ છે. કેવળજ્ઞાનમાં તો વિકલ્પ ક્યાં છે? કેવળજ્ઞાનમાં તો ઢીમ થઈ ગયા. અને આત્મકલ્યાણકારી દિવ્યધ્વનિ છૂટે છે. બાકી એ તો ઢીમ થઈ ગયા. પછી વિકલ્પ નથી.

'એક કેવળજ્ઞાન નથી થયું એટલું જ છે, બાકી ચૈતન્યમય જ થઈ ગયા છે.' જેમ કેવળજ્ઞાનમાં ચૈતન્યમય દશા રહે છે, એમ અહીંયાં એની જાતની કેવળજ્ઞાનની જાતની દશા થઈ ગઈ છે. કેવળજ્ઞાન નથી થયું એટલું જ બાકી છે. '**નિદ્રા પણ અલ્પ થઈ ગઈ છે.**' ઊંઘ પણ થોડી. એકાદ પહોરમાં કાગાવીટા જેવી. કાગાવીટા એટલે શું? બહુ જ આછી. કેમકે અંદર નિંદ્રામાં પણ કરંટ ચાલે છે. ધરસેનાચાર્યને સ્વપ્નું આવ્યું હતું. મુનિઓને પણ સ્વપ્ના આવે. ધરસેનાચાર્યદેવને સ્વપ્નું આવ્યું કે બે સફેદ બળદ ચાલ્યા આવે છે, મારી પાસે આવે છે.

મુમુક્ષુ :- સફેદ બળદ માને?

પૂજ્ય ભાઈશ્રી :- બળદ માને બૈલ. સફેદ કલરકે બૈલ મેરે સામને આ રહે હૈં. ઉતના સપના આયા. વહ એક શાસનકા શુભચિહ્ન થા. નિદ્રા ખુલ ગઈ. સુબહ હુઈ તો કુછ દેરમેં દો મુનિરાજ, દો બડે આચાર્ય (પધારે). વહ ભી આચાર્ય થે. ભૂતબલી, પુષ્પદંત દો મહામુનિ પૈદલ વિહાર કરતે-કરતે ઉનકે સમીપ આ રહે થે. અનુસંધાન હો ગયા. રાત્રિકો જો સપના આયા ઉસકા સંકેત થા. ઔર ખુદકો એક વિકલ્પ ચલતા થા કિ મેરે મેં જો જ્ઞાન હૈ વહ જ્ઞાન કિસીકો મુજે દેના હૈ. આયુષ્ય પુરા હો જાયેગા. ઔર અભી જો મુનિરાજ પીછે હોએંગે ઉતના સમર્થ નહીં રહેંગે. સ્મરણશક્તિ ઉતની તેજ નહીં રહેગી. વંદન કિયા દોનોંને. આજ્ઞા હો તો ફરમાવો. ઉસકો જ્ઞાન દે દિયા. આજ્ઞા કિયા કિ તુમ ઉસકો લિખકરકે ગ્રંથારૂઢ કરો. લેકિન નિંદ્રા હોતી હૈ વહ બહુત અલ્પ હોતી હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હમારા નિદ્રાકા જો અભિપ્રાય હૈ, કિ સહી વક્ત પર નિંદ્રા તો હોની હિ ચાહિયે નહીં તો (શરીર) સહી નહિ ચલે. તો વહ અભિપ્રાય ખોટા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ખોટા હૈ. શરીર ન ચલે ઐસી બાત હે હી નહીં. હમ કભી બહુત દેર રાત તક ચર્ચા કરતે થે. દિનમેં માલૂમ હી નહી પડતા થા કિ રાત મેં

ઈતની ચર્ચા કિયા હૈ. ખાસ કરકે સોગાનીજી આતે થે તો રાતકો કરીબ એક બજે તક તો ચર્ચા ચલતી રહતી થી. એક બજના સામાન્ય હો ગયા થા. એક ડેઢ, એક ડેઢ, દો બજ જાયે. આઠ-દસ-બારહ દિન જિતના દિન રહે ઉતના દિન બરાબર ચર્ચા ચલતી થી.

મુમુક્ષુ :- સુબહ કિતને બજે ઉઠતે થે આપ?

પૂજ્ય ભાઈશ્રી :- વહી ટાઈમ પર ઉઠ જાતે થે. નિંદ ઉતની આતી નહીં થી. તો ટાઈમપર, વો ટાઈમપર (ઉઠ જાતે થે). ઐસે કભી ભી રાત કો દેરી સે સોતે તો, ઉઠનેમેં દેરી નહીં હોતી. ઉઠનેમેં તો વહી ટાઈમ પર નિંદ ખુલ જાતી હૈ. લેકિન દિનમેં ભી થકાન નહીં લગે, થકાન મહસૂસ નહીં હોવે. વો જરૂરી નહીં હૈ.

મુમુક્ષુ :- ઐસા અભિપ્રાય કર લે ન તો થકાન લગતી હૈ કિ ટાઈમ પર સોયે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- વો તો ક્યા હૈ વહ અભિપ્રાય ગલત હૈ. ચૈતન્ય આત્મા મેં શરીર નહીં. .... શરીર કી ન દરકાર હૈ, ન પરવાહ હૈ...

મુમુક્ષુ :- યહ કહનેકા હૈ ન કિ સોયે યા નહીં સોયે ઉસકા મતલબ નહીં હૈ, ઉસકા અભિપ્રાય છોડ દેના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકી નિંદ્રા ભી અલ્પ હો ગઈ હૈ. ... મારી પરિણતિ સ્વરૂપ મેં .. ક્યા હોતા હૈ કે મારી પરિણતિ સ્વરૂપ મેં ... હૈ. અભિપ્રાય ... ઐસા હોતા નહીં હો તો ઐસા હો. શરીર કો ઐસા નહીં રખા જાયે તો ઐસા હો, યે સબ ... દેના. વહ કલ્પના કભી નહીં કરના. ... જૈસે રજ કો જાડ દિયા ઐસે અભિપ્રાય કો જાડ દેના.

'**નિદ્રા પણ અલ્પ થઈ ગઈ છે. તેમનું જીવન નિરંતર ચૈતન્યમય જ થઈ ગયું છે.**' ... અંતર જાગૃત હૈ. '**જૈસે ભગવાન સદા જાગૃત હૈ, ઐસે મુનિરાજ કો જાગૃતમય દશા હો ગઈ હૈ.**' વહ તો ભગવાન હોને કી તૈયારી મેં આ ગયે હૈં. કેવળજ્ઞાન આંગન મેં પડા હૈ. ... દરવાજે પર આ ગયા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુનિરાજ સામે હોય. ઉસકો દેખકરકે બાત કરતે હૉં ઐસી બાત કરતે હૈં.

'**જાગૃત રહેતાં રહેતાં,...**' જાગૃત રહતે-રહતે. '**અર્થાત્ ચૈતન્યમય રહેતાં રહેતાં...**' '**શ્રેણી માંડીને શાશ્વત એવી કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કરે છે.**' માંડીને—માંડકરકે ઐસા લિખા હૈ. લગાકર કે, શ્રેણી લગાકર કે. ઉસ જાગૃતિ મેં શ્રેણી લગા દેંગે ઔર

કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કર લેંગે. '**ફિર ચૈતન્યમેંસે બાહર આતે હી નહીં...**' કેવળજ્ઞાન હો ગયા. ચૈતન્યમેં સે બાહર આયે હી નહીં. અલ્પકાલ મેં બહુત કામ હોતા હૈ. અંતર્મુહૂર્ત લીન રહે, ફલ કયા આયા? સાદિઅનંત કાલ ચૈતન્ય મેં સાદિઅનંત કાલ કા ...

'**ઉસકા ચૈતન્ય મેં હી નિવાસ હૈ.**' યહી ઉસકા રહેઠાણ હૈ. વહીં નિવાસ કરતે હૈં, વહી અપના સ્વઘર હૈ. સ્વગૃહ. વહીં રહતે હૈં. '**આસન ભી વહ હૈ ઔર ભોજન ભી વહ હૈ.**' બૈઠને કા ભી વહી સ્થાન ઔર આહાર 'આનંદામૃત નિત્ય ભોજી' આનંદઅમૃતનું નિત્ય ભોજન કરે છે. '**આસન ભી વહ હૈ ઔર ભોજન ભી વહ હૈ. સભી એક આત્મામય હી હૈ.**' ઉપરછલ્લો ઉપયોગ જરાક રહે. વિહાર કરવાનો કે ભોજન લેવાનો. અંદર તો આત્મામયપણે છે. '**ઉસકો બાહરકે ભોજનકી કુછ પરવાહ નહીં હૈ.**' કુછ પડી નહીં. '**ઔર ઈસલિયે કિતને નિયમ લેકર બાહર, નિયમ લેકરકે બાહર ભોજન લેને કો જાતે હૈં!**' અભિગ્રહ ધારણ કરતે હૈંન? સંસારિયોં કો પૂર્વગ્રહ હોતા હૈ, મુનિઓં કો અભિગ્રહ હોતા હૈ.

મુમુક્ષુ :- અભિગ્રહ માને?

પૂજ્ય ભાઈશ્રી :- અભિગ્રહ. અભિ માને આત્મસન્મુખ હોના. આત્મસન્મુખ ઉતના રહતા હૈ, કિ બહારમેં નિયમ લે લેતે હૈં કિ ઐસા હોગા તો ભોજન કરેંગે, યાની હોયેગા, ઐસા નહીં હોગા તો ભોજન નહીં હોગા. જાઓ. છોટે-છોટે બચ્ચે હોતે હૈંન? યે કટોરી મેં હમ તો દાલ લેંગે, વો કટોરી નહીં ચાહિયે, થાલી ઐસી નહીં ચાહિયે. આપણે નથી કહેતા કે એ બહુ ચાળા કરે છે. વેન કર્યા કરે ખોટે-ખોટા. એટલે એની માને ખબર પડે કે આને ભૂખ નથી, આને ખાવાના લક્ષણ નથી. એટલે ટાયલા કરે છે. રોટલી, આવી કેમ રોટલી બનાવી? આ બરાબર નથી રોટલી, સરખી નથી. ખબર ન પડતી હોય, પણ એને ભૂખ નથી. એમ મુનિરાજને ખાવાની ભૂખ નથી. એવું નથી કે ચોવીસ કલાકે ખાવાની રાહ જોવે છે. ઊલટાનો અભિગ્રહ ધારણ કરે છે. એટલે એમ કે આહારનો પ્રસંગ ન થાય તોપણ ભૂલી જાય છે કે આજે આહાર નથી લીધો. ઉપવાસ થયો એ યાદ નથી રહેતું, એ પણ ભૂલી જાય. કેટલા દિ'ના ઉપવાસ થયા છે એ પણ ભૂલી જાય. દિવસોના દિવસો સુધી આહાર ન લ્યે. એવા કેટલાય મુનિઓ હોય કે દિવસોના દિવસો સુધી આહાર ન લ્યે.

મુમુક્ષુ :- એમનું શરીર તો આહારથી ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, ઉસકા આત્મા તો ચૈતન્ય મેં ચલતા હૈ. શરીર-બરીર સે નહીં. કભી તો શરીર હૈ કિ નહીં હૈ વહ ભી ભૂલ જાતે હૈં. .. બગલ મેં શરીર

है कि नहीं है वह बहुत कोशीश करने से ख्याल में आता है. માંડ માંડ સંભારીએ ત્યારે (યાદ આવે). ચૈતન્યમય દશા છે.

જૈસે ખાના ખાને કે બાદ ભોજન કા વિકલ્પ નહીં હૈ, વૈસે હી ખાના નહીં ખાને કે બાદ ભોજન કા વિકલ્પ નહીં હૈ. જૈસે કોઈ ખાના ખાકર કે ઓહયા.. કરે, તો ઉસકો ખાને કા વિકલ્પ નહીં આતા. પૂરી દુનિયાને ખા લિયા. મૈંને ખા લિયા તો પૂરી દુનિયાને ખા લિયા. ઐસે મુનિરાજ કો ખાના નહીં ખાયા, વિકલ્પ છૂટ ગયા. ભરપેટ હો ગયા હો ઔર વિકલ્પ છૂટ જાય ઐસે છૂટ જાતા હૈ. ઉસકા વેદન નહીં રહતા. વેદન ભી છૂટ જાતા હૈ. ઉસકો ભૂખ કા-અશાતા કા વેદન ભી છૂટ જાતા હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઔર હોવે તો ઉસકા પુરુષાર્થ ઉગ્ર હો જાયે. કભી હોવે તો પુરુષાર્થ ઉગ્ર હોકર કે ચૈતન્ય મેં ઘુસ જાતે હૈં. એકદમ દૌડ લગાતે હૈં ઔર સ્વરૂપ મેં ઘુસ જાતે હૈં, ઐસે ભોજન કે પ્રતિ લક્ષ નહીં હૈ. બિલકુલ ભોજન કે પ્રતિ લક્ષ નહીં હૈ.

'તથા ઉપસર્ગ-પરીષહ આને પર શરીર કો કુછ ભી હો જાયે તો ભી ઉસકા ધ્યાન હી નહીં હૈ.' ઉપસર્ગ-પરીષહ કુછ ભી આવે, વો તો અચ્છા મૌકા આયા હૈ. વાસ્તવ મેં ઈસ લાઈન મેં આનેવાલે કો પ્રતિકૂલતા પ્રતિકૂલતા નહીં હૈ. પ્રતિકૂલતા વહી ઈસકી અનુકૂલતા હૈ. ભગવાન કી ઈશ્વર કી પ્રસાદી હૈ. અનાદર કૈસે કરતે હો? આપકો તો ઈશ્વર કી પ્રસાદી આયી, ઈશ્વર ને પ્રસાદ ભેજા. અનાદર કરતે હો? અનાદર મત કરો, ઉસકા આદર કરો. અનાદર તો મત કરો, ઉસકા આદર કરો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મતલબ સાધના જ્યાદા કરતે હૈં તો પ્રતિકૂલતા અનુકૂલતા મેં પરિવર્તિત હો ગઈ ઉસકો તો. પ્રતિકૂલતા વહી અનુકૂલતા હો ગઈ અંદર મેં તો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે કીધુંને કે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવી રાજલક્ષ્મી મને સ્વપ્ને પણ ન હો.

મુમુક્ષુ :- ભગવાન દિંગ થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- દિંગ થઈને ભાગી ગયા. દિંગ થયા નહિ, દિંગ થઈને છુમંતર થઈ ગયા. તથાસ્તુ કહીને ભાગી ગયા. હું ક્યાં અહીંયાં આવી ગયો? આને તો કાંઈ પડી નથી. સામું જોતો નથી. વધારે ચડિયાતા હોય કે ઓછા હોય? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. યાચનાબુદ્ધિ ન હોયને એટલે માંગે નહિ. ત્યાં શું આવે છે? એવા જે ભક્તો હોય છે ભગવાનના એને તો થોડાક દરિદ્રતા, આયુષ્યનો થોડો કાળ બાકી હોય એટલા પુરતો એ દરિદ્રતાનો ઉદય હોય છે પછી બહુ મોટા ઋદ્ધિધારી દેવ થાય. અત્યારે જે એણે સંપત્તિની ઉપેક્ષા કરી હોય, એના ફળમાં દેવલોકની અંદર બહુ મોટા ઋદ્ધિધારી દેવ થાય. પણ જો જ્ઞાની હોય તો એ ઋદ્ધિની સામે જોતા નથી. અજ્ઞાની હોય તો લપટાય ઋદ્ધિમાં.

મુમુક્ષુ :- આવે છે ને કે ભગવાને પરચા પૂર્યા...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'**ઉપસર્ગ-પરીષહ આને સે શરીર કો કુછ ભી હો જાયે મુનિ કો ઉસકા ધ્યાન હૈ નહીં.**' ધ્યાન હી નહીં હૈ, લક્ષ હી નહીં દેતે, કુછ ભી હો જાયે. શરીર મૈં નહીં, શરીર કો કુછ હો જાયે તો મુજે ક્યા હો ગયા? '**ઐસી મુનિરાજ કી અલૌકિક દશા હૈ.**' વીતરાગ મુનિરાજ કી ઐસી અલૌકિક દશા હૈ. લોકોથી બધું ઊંધું હોય. '**બહારકી ક્રિયાકા વિકલ્પ-શુભભાવ આવે, બાકી એકલું આત્મામય જ જીવન છે.**' છઠ્ઠે ગુણસ્થાને બહારની ક્રિયાનો વિકલ્પ અને શુભરાગ આવે. એના બે પાસા છે. એ શુભરાગ એથી નીચેનો ન આવે અને એ શુભરાગની અંતરંગ મર્યાદા બહુ સૂક્ષ્મ છે. અંતરંગ મર્યાદા શુભરાગની એવી છે કે એ વીતરાગતાને .. કરે છે. જે મુનિદશાની વીતરાગતા છે એને એ .. રાખે છે, જાળવી રાખે છે. ... એટલે અઠ્યાવીશ મૂળગુણની જે ક્રિયા છે એની બહાર જાય નહિ, જાય તો મુનિદશા ન રહે. ... એનું સંરક્ષણ કરે છે, વીતરાગતાનું સંરક્ષણ (કરે છે). એ તો બહારના પાસા છે. અંદરમાં એકલું આત્મામય જ જીવન છે. મુનિનું જીવન આત્મામય, ... પરિણમન છે એ આત્માની સાથે તન્મય છે. બહારની વાત તો લોકોને સમજાવવા માટે છે. અંતરંગનું માપ કાંઈ લોકો કાઢી શકે એવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમના પગના તળિયા ચાટીએ, એની પાછળ ચાલી નીકળીએ. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૬૨

પ્રશ્ન :– અશુદ્ધતા પોતાથી થાય છે, પણ દ્રવ્ય તો શુદ્ધ છે તો શુદ્ધતામાંથી અશુદ્ધતા કેવી રીતે આવે?

સમાધાન :– શુદ્ધતામાંથી અશુદ્ધતા નથી આવી, પણ પર્યાયમાં અશુદ્ધતા થવાની તેની યોગ્યતા છે તેથી અશુદ્ધતા થઇ છે. તેમાં પરદ્રવ્ય નિમિત્ત છે ને પોતાનું ઉપાદાન છે. જીવની અશુદ્ધતારૂપે પરિણમવાની યોગ્યતા છે અને તેની દૃષ્ટિ પર તરફ જાય છે એટલે વિભાવ થાય છે. દ્રવ્યમાં શુદ્ધતા હોવાં છતાં પણ તેનામાં (પર્યાયમાં) અશુદ્ધતા થવાની યોગ્યતા છે એટલે થાય છે. ૬૨.

તા. ૨૧-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૬૧-૬૨, પ્રવચન નં. ૪૦

સ્વાનુભૂતિદર્શન પાનું-૫૮, પ્રશ્ન-૬૨મો. ૬૧ માં મુનિદશાનું વર્ણન આવ્યું અને એ વર્ણનમાં મુનિરાજ પ્રત્યેની ભક્તિ પણ આવી. ૬૨મો પ્રશ્ન. બીજો જ વિષય ચાલે છે. કે '**અશુદ્ધતા પોતાથી થાય છે,...**' દ્રવ્યાનુયોગનો વિષય છે. '**અશુદ્ધતા પોતાથી થાય છે, પણ દ્રવ્ય તો શુદ્ધ છે તો શુદ્ધતામાંથી અશુદ્ધતા કેવી રીતે આવે?**' અશુદ્ધતા થઈ એમાં જીવ પરિણમ્યો. હવે જીવ દ્રવ્યે તો શુદ્ધ છે તો પછી એ અશુદ્ધતા આત્મામાંથી કેવી રીતે આવી? બહારથી તો કોઈને અશુદ્ધતા આવતી નથી. કોઈ અન્ય દ્રવ્ય ભાવ તો મિશ્રણ થતાં નથી, ભળતાં નથી. આત્મામાંથી કેવી રીતે આવી? આત્મામાં તો છે નહિ. આ પ્રશ્ન કર્યો છે.

'**સમાધાન :– શુદ્ધતામાંથી અશુદ્ધતા નથી આવી,...**' જે દ્રવ્યની શુદ્ધતા છે એમાંથી કોઈ અશુદ્ધતા આવી નથી, એમાંથી આવવાનો સવાલ પણ નથી. છે નહિને ક્યાંથી આવે? હોય તો આવેને. છે જ નહિ પછી આવવાનો સવાલ રહેતો નથી. '**પણ પર્યાયમાં અશુદ્ધતા થવાની તેની યોગ્યતા છે...**' અથવા જીવની પર્યાયમાં અશુદ્ધતા થવાની યોગ્યતા છે. '**તેથી અશુદ્ધતા થઈ છે.**' આ યોગ્યતા છે એ ધર્મરૂપે છે, શક્તિરૂપે નથી. જે શુદ્ધતા છે દ્રવ્યની એ શક્તિરૂપે છે. તો એ શક્તિમાંથી કોઈ

અશુદ્ધતા નથી કે જેથી અશુદ્ધતા આવે. પણ શક્તિમાંથી વ્યક્તિ થાય, એ વ્યક્તિમાં અશુદ્ધતા થવાની યોગ્યતા છે.

દૃષ્ટાંત લઈએ આપણે. પરમાણુમાં વર્ણ નામનો ગુણ છે, કેવો ગુણ છે? વર્ણ નામનો ગુણ છે પરમાણુમાં. એ વર્ણમાં કોઈ વર્ણ નથી. ગુણમાં કોઈ (વર્ણ નથી), વર્ણશક્તિ છે એને કોઈ વર્ણ નથી. છે? કેમકે એ તો સામર્થ્યરૂપે છે, શક્તિરૂપે છે. જે વ્યકિત થાય એમાં અનેક વર્ણ થવાની યોગ્યતા છે. એટલે વ્યક્તિના ધર્મ જુદાં, શક્તિના ધર્મ જુદાં એમ લેવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વર્ણ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- વર્ણ એટલે રંગ. વર્ણ માને રંગ. કલર કો ક્યા કહતે હૈં આપ? રંગ હી કહતે હૈ ન? તો (પુદ્ગલ મેં) રંગ ગુણ હૈ. વર્ણ ગુણ હૈ માને રંગ ગુણ હૈ. વો ગુણ કા વર્ણ કૈસા હૈ? ગુણ કા રંગ કૈસા હૈ? ગુણ કો કોઈ રંગ નહિ હૈ. વહ તો શક્તિરૂપ હૈ. ઔર ઉસકી જો અવસ્થા હોતી હૈ, ઉસમેં અનેક વર્ણ હોતે હૈં, અનેક રંગ હોતે હૈં. તો શક્તિ તો કોઈ રંગરૂપ નહિ થી ઔર વ્યક્તિ અનેક રંગરૂપ હોતી હૈ.

ઐસે ચારિત્રગુણ હૈ ઉસમેં રાગ, ચારિત્રગુણ મેં રાગ નહીં હૈ. ચારિત્રગુણ મેં કોઈ રાગ નહીં હૈ. વહ તો જૈસા હૈ વૈસા હૈ. ફિર ઉસકો વીતરાગ બોલ સકતે હૈ. લેકિન વીતરાગ ભી કબ બોલ સકતે હૈં? કિ રાગ કા વ્યય હોવે તો વીતરાગ. તો ચારિત્ર ગુણ વીતરાગ સ્વરૂપી હૈ? કિ નહીં. ક્યોંકિ રાગ હુઆ નહીં. ઈસલીયે વીતરાગતા કા નામ ભી લાગૂ નહીં હોતા. ખરેખર નહીં લાગૂ હોતા.

મુમુક્ષુ :- ઉત્પન્ન હી નહીં હુઆ તો વ્યય કા પ્રશ્ન કહાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉત્પન્ન નહીં હુઆ તો વ્યય કા પ્રશ્ન નહીં હૈ. તો ચારિત્રગુણ જૈસા હૈ વૈસા હૈ. ફિર ભી ચારિત્ર ગુણ કી પર્યાય દો પ્રકાર કી હો સકતી હૈ- રાગરૂપ ભી ઔર રાગ કે અભાવરૂપ ભી. માને વીતરાગરૂપ ભી. વહ પર્યાય કી યોગ્યતા હૈ. જૈસે દિયાસલાઈ હૈ. દિયાસલાઈ મેં કૌન સે કલર કી ફ્લેમ હૈ? કિ વહાં તો શક્તિરૂપ અગ્નિ હૈ, ઈસલિયે વહાં તો કોઈ ફ્લેમ હી નહીં હૈ, તો કલર કા સવાલ કહાં રહા? દિયાસલાઈ મેં કોઈ પ્રગટ અગ્નિ તો હૈ નહીં, તો પ્રગટ અગ્નિ નહીં હૈ તો ઉસકા કલર કા કહાં સવાલ પૈદા હોતા હૈ કિ કિસ કલર કી અગ્નિ હૈ? લેકિન જબ વહ અવસ્થા હોતી હૈ અગ્નિ કી તો ઉસમેં બ્લુપના ભી આતા હૈ, પીલાપના ભી આતા હૈ, કેસરીપના ભી આતા હૈ. એક અવસ્થા મેં તીન કલર હો જાયેગા. કભી બ્લુ હો જાયેગા, કભી પીલા હો જાયેગા, કભી કેસરી હો જાયેગા. વહ પર્યાય

કી યોગ્યતા હૈ, પર્યાય કા ધર્મ હૈ. ઐસે શુદ્ધિ-અશુદ્ધિ પર્યાય કા ધર્મ હૈ. શુદ્ધિ-અશુદ્ધિ વસ્તુ કા ગુણ નહીં હૈ. વહ સમયસાર કી ૩૪ ગાથા મેં લિયા હૈ કિ આત્મા કો પરદ્રવ્ય કા ત્યાગ કા નામ ભી લાગૂ નહિ પડતા.

મુમુક્ષુ :- ત્યાં તો રાગ લઈ લીધો છે. રાગના ત્યાગનું કર્તાપણું.

પૂજ્ય ભાઈશ્રી :- રાગ કા ત્યાગ વહ ભી વહાં ઉસકો લાગૂ નહીં પડતા. ક્યોંકિ સ્વરૂપ મેં તો કુછ ગ્રહણ હુઆ નહીં, ત્યાગ કિસકા કરે?

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાનગુણમાં કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનગુણ ભી શક્તિરૂપ હૈ. વ્યક્તિરૂપ અનેક પ્રકાર, અનેક અનેક જ્ઞેય કા પ્રતિબિંબ ઝેલતા હૈ. શક્તિ મેં તો કુછ ઝેલતા નહીં. વ્યક્તિ મેં ઝેલતા હૈ. ઔર વ્યક્તિ કી યોગ્યતા હૈ, પર્યાય કી યોગ્યતા હૈ.

ઐસે '**પર્યાયમેં અશુદ્ધતા હોને કી યોગ્યતા હૈ, ઈસલિયે અશુદ્ધતા હુઈ હૈ. ઉસમેં પરદ્રવ્ય નિમિત્ત હૈ.**' ઉસમેં પરદ્રવ્ય નિમિત્ત હૈ. જૈસે જ્ઞાનમેં જ્ઞેય નિમિત્ત હૈ, ઐસે રાગાદિ મેં પરદ્રવ્ય નિમિત્ત હૈ, '**ઔર ઉપાદાન અપના હૈ.**' ઐસા હોને કા ઉપાદાન, યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાન અપના હૈ ઔર નિમિત્ત પરદ્રવ્ય હૈ. '**જીવકી અશુદ્ધતારૂપસે પરિણમિત હોનેકી યોગ્યતા હૈ ઔર ઉસકી દૃષ્ટિ પરકે પ્રતિ જાતી હૈ, ઈસલિયે વિભાવ હોતા હૈ.**' જીવ કી અશુદ્ધતારૂપ સે પરિણમન કરને કી યોગ્યતા હૈ પર્યાય મેં ઔર શક્તિરૂપ ભી યોગ્યતા હૈ. વહ ત્રિકાલી શક્તિરૂપ નહીં હૈ, વહ ધર્મરૂપ હૈ. તો અશુદ્ધતારૂપ સે પરિણમન કરને કી યોગ્યતા હૈ. ઔર યોગ્યતા હૈ ઔર પરિણમન મેં દૃષ્ટિ પર તરફ, પર કી ઔર જાતી હૈ તો વિભાવ હો જાતા હૈ. વ્યકિતરૂપ યોગ્યતા તો સમજ મેં આયી. શક્તિરૂપ યોગ્યતા સમજને કી બાત થોડી સૂક્ષ્મ હૈ.

જૈસે ચારિત્રગુણ હૈ ઉસમેં શક્તિ તો શુદ્ધ પરિણમન કી હૈ ઔર યોગ્યતા અશુદ્ધ પરિણમન કી હૈ. દોનોં એકસાથ હૈ. દૃષ્ટાંત સે લેવે તો. અભી જિતને ભી તીર્થંકર સિદ્ધાલય મેં બિરાજમાન હૈ, હો ગયે વો અનંતી ચોવિસી કા, કિસી ભી એક કો લે લો. અંતિમ તીર્થંકર મહાવીરસ્વામી કો લે લો. તો મહાવીરસ્વામી કા આત્મા સિદ્ધાલય મેં બિરાજમાન હૈ, સિદ્ધસ્વરૂપ હૈ. અભી ઐસે ઉનકો બોલ સકતે હૈં ભૂતનૈગમનય સે કિ અંતિમ ભવ મેં ભગવાન જન્મે થે, તબ સિદ્ધાર્થ રાજા ઔર ત્રિશલાદેવી કે પુત્ર હોકર જન્મ લિયા થા. તો અભી તો વો બાત તો રહી નહીં. વહ ભવ ભી પૂરા હો ગયા. ભવ પૂરા હો ગયા નહીં, ભવ કી યોગ્યતા ભી પૂરી હો ગયી, મોક્ષ હો ગયા તો અવસ્થા ભી નહીં રહી. ઔર ૨૫૦૦ સાલ સે સિદ્ધાલય મેં

બિરાજમાન હૈ. અઢી હજાર વર્ષથી તો સિદ્ધાલય મેં બિરાજમાન હૈ. ફિર ભી આજ કહ સકે કિ વે સિદ્ધાર્થ રાજા કે પુત્ર થે. તો ઉસ દ્રવ્ય કી ઐસી યોગ્યતા હૈ તો બોલ સકતે હૈં ન?

મુમુક્ષુ :- એને શક્તિરૂપ યોગ્યતા કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- વહ શક્તિરૂપ યોગ્યતા હૈ. શક્તિરૂપ યોગ્યતા દો પ્રકાર કી- જો પર્યાય પ્રગટ નહીં હુઈ હૈ ઉસકી ઔર જો પર્યાય પ્રગટ હો ગઈ ઉસકી, દોનોં કી. ઉસકી 'ધવલ' મેં બહુત સૂક્ષ્મતા સે ચર્ચા કિયા હૈ. ધવલ ગ્રંથોં મેં વીરસેનસ્વામી ને ઈસકી ચર્ચા બહુત કી હૈ. જો પર્યાય નહીં હુઈ ઉસકો કારણયોગ્યતા કહતે હૈં ઔર જો પર્યાય હો ગઈ ઉસકો કાર્યયોગ્યતા કહતે હૈં. ઔર દોનોં શક્તિરૂપ હૈ વ્યક્તિરૂપ નહીં હૈ. દોનોં શક્તિરૂપ હૈ, વ્યક્તિરૂપ નહીં હૈ. લેકિન વહ ત્રિકાલી શક્તિ કી બાત નહિ હૈ. ઐસે કહીં કહીં પ્રકાર, અનેક પ્રકાર દ્રવ્યાનુયોગ મેં સૂક્ષ્મરૂપ સે પ્રતિપાદિત હુએ હૈં. વહ વિજ્ઞાન હૈ. પદાર્થ કા વિજ્ઞાન હૈ—સાયન્સ હૈ વહ. આવે છે સમજણમાં? ન સમજાય તો પ્રશ્ન પૂછજો.

મુમુક્ષુ :- ધર્મરૂપ યોગ્યતા એ જુદી વસ્તુ થઈ ગઈ?

પૂજ્ય ભાઈશ્રી :- આ ધર્મ જ છે, ધર્મ જ છે આ. દ્રવ્ય, ગુણ, પર્યાય, અને ધર્મ ચાર ફેક્ટર છે. પછી ધર્મ, દ્રવ્યને લાગુ પડે એ દ્રવ્યના ધર્મો. કેટલા? અનંતા. ગુણના ધર્મો કેટલા? અનંતા. પર્યાયના ધર્મો કેટલા? અનંતા. ધર્મનો વિષય દ્રવ્ય-ગુણ-પર્યાયથી વિશાળ છે. જગતમાં જેટલાં દ્રવ્યો છે, જેટલાં દ્રવ્યોના ગુણો છે અને જેટલી દ્રવ્યની પર્યાયો છે, એનાથી અનંતાઅનંત એના ધર્મો છે. ધર્મનો વિષય એટલો બધો બહોળો છે.

પ્રયોજનભૂત સમજવાનું. પ્રયોજનમાં એમ પ્રયોજન આવે કે આ જીવમાં અશુદ્ધતાની યોગ્યતા નહોતી અથવા આ જીવમાં દુઃખ થવાની શક્તિ નહોતી. અશુદ્ધતાની શક્તિ નહોતી ગુણરૂપે, દુઃખ થવાની શક્તિ નહોતી ગુણરૂપે. સુખશક્તિ છે, પણ દુઃખશક્તિ નથી. હવે દુઃખ છે એ સુખગુણની વિપરીત પર્યાય છે. તો એમાં શક્તિ તો સુખરૂપે પરિણમવાની છે અને યોગ્યતા દુઃખરૂપે પરિણમવાની પણ છે. હવે જે દુઃખ નથી પ્રગટ થયું એને પ્રગટ થવાની કારણરૂપ યોગ્યતા છે. જે પ્રગટ થઈ ગયું એની કાર્યરૂપ યોગ્યતા છે એમાં. એમ છે. શુદ્ધિ-અશુદ્ધિનું અને સુખ-દુઃખનું આપણે પ્રયોજન છે.

'**તેમાં પરદ્રવ્ય નિમિત છે ને પોતાનું ઉપાદાન છે.**' પરદ્રવ્ય નિમિત છે, અશુદ્ધતા થઈ, રાગાદિ થયા તેમાં અને ઉપાદાન એટલે યોગ્યતા પોતાની છે. ઉપાદાન માને

અહીંયાં યોગ્યતા. યોગ્યતા પોતાની છે. '**જીવની અશુદ્ધતારૂપે પરિણમવાની યોગ્યતા છે અને તેની દૃષ્ટિ પર તરફ જાય છે એટલે વિભાવ થાય છે.**' યોગ્યતા પોતાની છે અને પોતે પર તરફના પરિણામ કરે છે ત્યારે અહીંયાં વિભાવ થાય છે. આ એનું વિજ્ઞાન છે.

મુમુક્ષુ :- જેમ એકપણું અને અનેકપણું એ પણ ધર્મ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ ધર્મ છે.

મુમુક્ષુ :- તેમ શુદ્ધપણું અને અશુદ્ધપણું એ પણ ધર્મ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ ધર્મ છે. અસ્તિ અને નાસ્તિ ધર્મ છે. એ ચાર ધર્મ લીધા છે. અસ્તિ-નાસ્તિ, શુદ્ધિ-અશુદ્ધિ, એક-અનેક અને ચોથું છે અને ચાર દુ આઠ થયાને? આઠ ધર્મ થઈ ગયા. તો એક દ્રવ્યનો ધર્મ છે એક છે એ ગુણ અને દ્રવ્યનો ધર્મ છે અને અનેક છે એ પર્યાયનો ધર્મ છે. ગુણનો પણ અનેકપણાનો ધર્મ છે. ગુણ પર્યાયનો અનેકપણાનો ધર્મ છે, દ્રવ્ય અને ગુણનો એકપણાનો ધર્મ છે. એમ. શુદ્ધિ-અશુદ્ધિ બે પર્યાયના ધર્મો છે.

યે સમસ્યા ભી હૈ લોગોં કી. કઈ લોગ ઈસ લાઈન મેં બૈઠે હૈં, ઉપદેશ દેનેવાલે કિ લાઈન મેં ભી બહુત લોગ બૈઠે હૈં. એક વ્યકિત નહીં હૈ. કૌન સહી હૈ, કૌન સહી નહીં હૈ, હમ કૈસે જાને? હમારા તો સબ્જેકટ નહીં હૈ. ઉસમેં હમ કોઈ ગલત વ્યક્તિ કે ઉસમેં આ જાયે, અંડર ઈમ્પ્રેશન મેં આ જાયે તો કયા હોગા? હમારા તો ભલા હોગા હી નહીં. એક સમસ્યા હોતી હૈ. લેકિન ઈસકા ભી સમાધાન હૈ કિ જો ભી કુછ કહતે હૈં વો માન લેને કી બાત નહીં હૈ, પ્રયોગ સિદ્ધ કરકે માન લેને કી બાત હૈ. બસ! પતા ચલ જાયેગા.

ઔર ઐસે કઈ જગહ ભટક-ભટકર કે ભી કોઈ ઠિકાને આ જાતે હૈં. ઐસા નહીં કે ફર્સ્ટ ટાઈમ કિસીકો રાઈટ પર્સન મિલ જાતા હૈ. ઐસા કોઈ જરૂરી નહીં હૈ ઔર ઐસા બન ભી નહીં સકતા. લેકિન ઈસલિયે કોઈ ભટકતા હૈ, કોઈ ઉધર જાતા હૈ, ઉધર જાતા હૈ, ઉધર જાતા હૈ, ગહરાઈ મેં જાને કા કોશિશ કરતા હૈ, પતા ચલ જાતા હૈ કિ યહાં આગે રાસ્તા મિલતા નહીં હૈ. તો છોડ દેતા હૈ.

હમ નહીં જાનતે કિ કૌન સે ડૉક્ટર એક્સપર્ટ હૈ. પર ડિગ્રી તો સબ કે પાસ હૈ. જૈસે હાર્ટ ડિસીજ હુઆ. કાર્ડિયોલોજિસ્ટ બહુત સે હૈં. દુનિયાભર મેં કાર્ડિયોલોજિસ્ટ તો હજારો હોંગે. અબ કૌન સબ સે એક્સપર્ટ હૈ, હમ તો નહીં જાનતે ઔર હમારા ઈલાજ હમ સબ સે એક્સપર્ટ સે કરાના ચાહતે હૈં, ક્યા કરે? વહાં તો ઈતની સુવિધા નહીં હૈ કિ હમ એક સે ઓપરેશન કરાકે ફિર દૂસરે સે કરા લે. લેકિન યહાં તો ઐસા હો સકતા હૈ, યહાં યે સુવિધા હૈ કિ આગે કા રાસ્તા નહીં મિલતા હૈ, પ્રેક્ટિકલી આગે નહીં બઢ સકતે હૈં તો ડૉકટર કો બદલ દેના ચાહિયે, દવાઈ કો બદલ દેના ચાહિયે. અગર હમકો ઠીક નહીં હોતા હૈ તો ખાને કી દવાઈ મેં તો હમ ઐસા હી કરતે હૈ કિ દવાઈ ખાલી. ઓપરેશન મેં ઐસા નહીં હો સકતા, લેકિન ખાને કી દવા મેં ઐસા હો હી સકતા હૈ. ક્યોંકિ આઠ-પંદરહ દિન દવાઈ ખાયી ઔર હમકો હમારા દર્દ ઉતના હી ઉતના રહા તો હમ દવા બદલેંગે યા ડૉક્ટર બદલેંગે. બસ! ઈસમેં ભી ઐસા હી હૈ.

'ઈન્દ્રિયસુખવાલે આકુલતામેં પડે હૈં.' યે જ્ઞાની કહતે હૈં. ઉન લોગોં કો આકુલતા હૈ, બહુત હૈ ઔર આકુલતા મેં પડે હૈં વો જ્ઞાની જાનતે હૈ. ક્યોંકિ વો સુખ-શાંતિ મેં હૈ ઈસલિયે દૂસરે કે દુઃખ કો ભી અચ્છી તરહ જાનતે હૈં. **'ઉસમેં આકુલતા હૈ,...'** વહી દુઃખ હૈ. **'લેકિન બુદ્ધિકા ભ્રમ હૈ. ઈસસે કલ્પનાસે સબ પદાર્થમેં સુખ માન લિયા હૈ.'** બહુત સે પદાર્થ મેં સુખ માન લિયા હૈ. **'ભીતર મેં વિચાર કરે**

તો વહ દુઃખરૂપ, આકુલતારૂપ હૈ.' ભીતર મેં માને ન્યૂટ્રલ હો કરકે અવલોકન કરે, ઓબ્ઝર્વેશન કરે તો માલૂમ પડેગા કિ ઉસમેં આકુલતા હોતી હૈ, દુઃખ હોતા હૈ.

આકુલતા કૈસૈ હોતી હૈ? યાની આકુલતા કા જન્મ કૈસે હોતા હૈ? કિ પરિણામ બાહ્ય પદાર્થ મેં જિસ અનુપાત મેં ખિંચાવ હો કરકે જાતા હૈ, ઉતની આકુલતા હૈ. મંદ ખિંચાવ હૈ તો મંદ આકુલતા હૈ, તીવ્ર ખિંચાવ હૈ તો તીવ્ર આકુલતા હૈ. વો તો સબ કે અનુભવ કી બાત હૈ. ઉસમેં તો કોઈ સીખાને કી જરૂરત, સમજાને કી જરૂરત નહીં હૈ. લેકિન હૈ આકુલતા.

પરિણામ જિતને અંદરમેં સમાતે હૈં ઉતના સુખ લગતા હૈ. દેખો! નિંદ્રા મેં સુખ ક્યોં લગતા હૈ? કિ નિંદ્રા મેં વિચાર બંદ હો જાતે હૈં. તો બાહ્ય પદાર્થ કે પ્રતિ કે જો ખિંચાવવાલે જો સ્થૂલ પરિણામ હૈ વો બંદ હો જાતા હૈ. તો સુખ લગતા હૈ કિ નહીં લગતા હૈ? લેકિન વો ઈસકા પરમેનેન્ટ સોલ્યૂશન નહીં હૈ. કોઈ નિંદ લે નહીં સકતા. પરમેનેન્ટ કોઈ નિંદ લે સકતા હૈ ક્યા? ચાર ઘંટા, છે ઘંટા, આઠ ઘંટા, બાત ખતમ. ફિર જગના પડેગા. ઔર યે વિચાર કા ચકકર ચાલુ હો જાયેગા. યે ડોકટર લોગ એલોપથી ટ્રીટમેન્ટ મેં સબસે જ્યાદા ટ્રીટમેન્ટ ક્યા કરતે હૈં માલૂમ હૈ મરીજ કો? નિંદ મેં લે જાતે હૈં. ક્યા કરતે હૈં? નિંદ મેં લે જાતે હૈં. વહી પ્રિંસિપલ હૈ ઈસકા કિ જિતના વિચારોં મેં ખિંચાવ હૈ ઉતના દુઃખ હૈ ઔર પીડા હૈ તો પીડા કે પ્રતિ ખિંચાવ હૈ. ઔર દૂસરે તરહ કા રોગ હૈ તો દૂસરે તરહ કા ખીંચાવ હૈ. શરીર પ્રતિ કા ખિંચાવ હૈ. રોગ હૈ, રોગ કા જો દુઃખ હૈ, વો તો શરીર પ્રતિ કા ખીંચાવ હૈ. વો ખિંચાવ ઈન્ટેલીજન્ટલી બંદ કર દેતે હૈં. વાસ્તવ મેં બંદ નહીં હોતા હૈ. પરિણતિ ચાલુ રહતી હૈ. લેકિન વો સાયન્સ ઉન લોગોં કે પાસ નહીં હૈ. તો જૈસે હી વો બાહર આતા હૈ ઉસકા ચાલૂ, ઔર જોર સે ચાલૂ હોતા હૈ. ક્યોં? ઉન્હોંને આર્ટીફિશયલી બંદ કિયા હૈ. વહ કોઈ નેચરલ વે નહીં હૈ ઉસકા. ઈસલિયે નુકસાન ડબલ હોતા હૈ, એક તો ખિંચાવ બઢ જાતા હૈ, દૂસરા નિંદ કી ગોલી સે કુછ જ્ઞાનતંતુ, કુછ ટીસ્યુસ હૈ વો ખરાબ હો જાતે હૈં. વો નયા રોગ પૈદા હોને કા એક કારણ બન જાતા હૈ. તો જો કૃત્રિમ પ્રયાસ હૈ વો તો સહી નહીં હૈ. વો તો વો લોગ ભી જાનતે હૈં ઔર હમ લોગ ભી જાનતે હૈ. લેકિન દૂસરા કોઈ ઈલાજ નહીં મિલતા હૈ તો ફિર જાના પડતા હૈ વહાં ભી. યહાં તો સહી ઈલાજ કી બાત હૈ.

'ભીતરમેં વિચાર કરે તો વહ દુઃખરૂપ, આકુલતારૂપ હૈ. સ્વભાવસે વિપરીત સબ વિભાવદશા દુઃખરૂપ હૈ,...' યહ સિદ્ધાંત હુઆ કિ આત્મસ્વભાવ સુખ-શાંતિ

ઔર આનંદ કા હૈ. ઈસકે વિપરીત જિતના ભી વિભાવભાવ હૈ યે સભી દુઃખરૂપ હૈ. સોગાનીજી લિખતે હૈં કિ ઉપયોગ બહાર નિકલા, જમકા દૂત સમજો. ક્યા લિખા હૈ? ઉપયોગ બાહર નિકલા, પરિણામ બાહર ગયા કિ ભાવમરણ હો ગયા. યે આકુલતા કો પૈદા કરનેવાલા હૈ. ઈસલિયે હમારે જિનેન્દ્ર પરમાત્મા ધ્યાનસ્થ અવસ્થા મેં બિરાજમાન હૈ. ઉસકે સબ પરિણામ ભીતર મેં જો અનંતશાંતિ કા પિંડ હૈ આત્મા, ઉસમેં લગે રહતે હૈં ઔર વો અનંતશાંતિ કો ભોગતે હૈં. ઉનકે પરિણામ ઈધર ઉધર નહીં જાતે. વરના ઈસકે જ્ઞાનમેં તો લોકાલોક જલકતે હૈં. તીનકાલ તીનલોક કા ઉસકો જ્ઞાન-કેવળજ્ઞાન હોને પર ભી ઉપયોગ બાહર નહીં જાતા. તીનકાલ તીનલોક કા જ્ઞાન નિરવશેષ અંતર્મુખ દશામેં હૈ. નિરવશેષ માને પરિપૂર્ણ અંતર્મુખ જો દશા હૈ, ઉસમેં વો જલકતે હૈં. ઈસલિયે ઉનકા ઉપયોગ બાહર નહીં જાતા તો દુઃખ નહીં હૈ, ઉપયોગ બાહર ગયા તો દુઃખ, આકુલતા કો પૈદા કરેગા, કરેગા ઔર કરેગા હી.

'સ્વભાવસે વિપરીત સબ વિભાવદશા દુઃખરૂપ હૈ, ઉસમેં આકુલતાકા વેદન હૈ, કલ્પનાસે ઉસમેં સુખ હૈ ઐસા લગતા હૈ,...' સુખ કી એક કલ્પના બના લી હૈ. **'લેકિન વિચાર કરે તો દુઃખ (હી) હૈ.'** એક ચાર સાલ કા છોટા સા બચ્ચા હોતા હૈ. અપને પિતાજી કે સાથ વહ ભી બાજાર મેં ઉંગલી પકડ કરકે ચલતા હૈ. કોઈ એક-દો કિલો, દો કિલો, એક-દેઢ-દો કિલો કોઈ છોટી-સી કોઈ ચીજ ખરીદી. થૈલી મેં વજન થા. લડકા ને બોલા કે પપ્પા હમકો પકડને દો, હમ ઉઠાયેંગે. તો કહા, બેટા યે વજન હૈ, તુમ છોટે હો, નહીં ઉઠા સકોગે. અરે.. નહીં, નહીં, નહીં, મૈં ઉઠાઉંગા, મેરે કો ઉઠાને કા શોખ હૈ, મેરે કો ઉઠાનેકા હોંશ હૈ. ઉત્સાહ દિખાતા હૈ, ઉમંગ દિખાતા હૈ. હમ કો દો. હમ તો ઉઠાયેંગે. વો લે લેતા હૈ. પાંચ-દસ મિનટ ચલતા હૈ, ઉસકો પતા ચલ જાતા હૈ કિ જો પાપા કહતે થે વો ઠીક હૈ. વજન જ્યાદા લગતા હૈ ઔર મેરા બુતા નહીં હૈ ઉઠાને કા. તો બોલતા હૈ પાપા આપ લે લો. ક્યોં ભાઈ? બહુત જ્યાદા વજન લગતા હૈ હમકો. હમ તો બતાતે થે. લેકિન ઉનકી કલ્પના મેં વહ બાતથી કિ નહીં હમ ઉઠા સકેગેં ઔર ઉઠાને મેં હમકો આનંદ હૈ. ક્યા? યે બોજા ઉઠાને મેં હમકો આનંદ હૈ ઉસકા ઉમંગ મેં ઉસકો દુઃખ નહીં દિખાઈ દિયા. લેકિન પ્રેક્ટિકલી વો બાત થી નહીં, તો પરિસ્થિતી આકર કે રહ ગયી. બસ! યહી હમ લોગોં કી હાલત હૈ કિ ઉમંગ સે, ઉત્સાહ સે, બાહ્ય પદાર્થ કે પ્રતિ દૌડ લગાતે હૈં. પતા ચલ જાતા હૈ કિ ઈસમેં તો સુખ નહીં હૈ, દુઃખ હૈ. તો હમકો ઉસ બોજા કો હટાના પડતા હૈ. ચાહે ખાને કી અચ્છી સે અચ્છી ચીજ હો, નહીં ખા સકતે. ઈસલિયે કલ્પના સે ઉસમેં સુખ હૈ ઐસા લગતા

હૈ. લેકિન વિચાર કરે અનુભવ કરે, અનુભવ કો દેખે તો દુઃખ હૈ ઐસા અવશ્ય-અવશ્ય માલૂમ પડેગા. ઈસ તરહ સે સુખ-દુઃખ કે વિષય મેં ઔર ભી ચર્ચા કી હૈ એક પૈરેગ્રાફ મેં. આગે લેંગે, યહાં તક રખતે હૈં.

તા. ૨૪-૧૧-૧૯૯૭, પ્રશ્ન-૬૬
પ્રવચન નં. ૪૦-E

સ્વાનુભૂતિદર્શન, ૬૬વાં પ્રશ્ન ચલતા હૈ. ઈન્દ્રિયસુખ દુઃખરૂપ હૈ, ફિર ભી સુખરૂપ લગતા હૈ, જીવ કી યહ ભ્રાંતિ હૈ, કલ્પના હૈ, વિપર્યાસ હૈ. મધ્યસ્થ હોકર કે અવલોકન કરે તો પતા ચલતા હૈ કિ ઉસમેં દુઃખ હૈ, આકુલતા હૈ. એક પૈરાગ્રાફ ચલા હૈ. દૂસરા પૈરાગ્રાફ હૈ.

'કભી ઐસા લગતા હૈ કિ ઈસમેં સુખ હૈ કિન્તુ સહીમેં વહ સબ દુઃખરૂપ હૈ.' લગતા હૈ, લગને કા કારણ હૈ કિ ઈચ્છા હોતી હૈ ઔર પ્રિ-કોન્સેપ્ટ ઐસા હોતા હૈ કિ ઈસમેં સુખ હૈ. ઈચ્છા કે અનુકૂલ પદાર્થ મિલતા હૈ, આકુલતા કુછ કમ હોતી હૈ. તીવ્ર આકુલતામેં સે મંદ આકુલતા મેં સુખ કી ભ્રાંતિ હોતી હૈ. વાસ્તવ મેં મંદ આકુલતા વો ભી આકુલતારૂપ દુઃખ હૈ. તો ઐસા લગતા હૈ, કિન્તુ સહી મેં વહ સબ દુઃખરૂપ હી હૈ. આકુલતા તો આકુલતા હી હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખરૂપ હૈ.

મુમુક્ષુ :- વિપરીતતા જે છે, વિભાવમાં જે વિપરીતતાનો મુદ્દો છે, સ્વભાવમાં જે નિરાકુળતા છે અને વિભાવમાં આકુળતા છે ઈ એની વિપરીતતા છે વિભાવની? સ્વભાવથી વિરુદ્ધ જાત છે એની. વિપરીતતાનો મુદ્દો જે આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિરુદ્ધતા છે અને જ્યારે જ્યારે વિપરીતતા થાય છે,

ત્યારે ત્યારે અવિનાભાવીરૂપે દુઃખ ઉત્પન્ન થાય છે. જૈસે જ્ઞાન કા વિપર્યાસ હુઆ, કિ ભ્રાંતિ હુઈ. જ્ઞાન મેં ક્યા હુઆ? ભ્રાંતિ હુઈ. યહ મેરા મકાન હૈ, યહ મેરા પરિવાર હૈ, મેરા શરીર હૈ. તો ઐસા જ્ઞાન હોતે હી સાથ સાથ આકુલતા ઉત્પન્ન હો હી જાતી હૈ અનિવાર્યરૂપસે.

દૂસરી વિપરીતતા લેવેં કિ જ્ઞાની કા ઉપયોગ ભી બાહર જાતા હૈ. બાહર જાના, ઉપયોગ કા બાહર જાના વો સ્વભાવ નહીં હૈ. ઉપયોગ કા બાહર જાના વો જ્ઞાન કા વિભાવ હૈ. ચાહે જ્ઞાની કા હો તો ભી. તો ઉસ વક્ત ઉસકો ભી આકુલતા ઉત્પન્ન હોતી હૈ. તો વિપરીતતા કે સાથ આકુલતા જુડી હુઇ રહતી હૈ. ઐસા હૈ. ઈસલિયે 'વિભાવ' શબ્દ લિયા હૈ. રાગ નહીં લિયા. સિર્ફ રાગ નહીં લિયા હૈ, દ્વેષ નહીં લિયા, વિભાવ લિયા. વિભાવ કા કારણ વો હૈ. જ્ઞાન કા ભી વિભાવ હોતા હૈ. ચારિત્ર કે વિભાવ મેં કષાય હૈ, જ્ઞાન કે વિભાવ મેં કષાય નહીં હૈ. ફિર ભી ચાહે જ્ઞાન કા વિભાવ હો, શ્રદ્ધા કા વિભાવ હો, ચારિત્ર કા વિભાવ હો, પુરુષાર્થ કા વિભાવ હો, સભી વિભાવ દુઃખ કા કારણ હૈ ઔર સ્વભાવ સે વો વિપરીત હૈ.

મુમુક્ષુ :- સમયસારમાં જે વાત આવે છેને અશુચિપણું વિપરીતા. એ વિપરીતતા અને આ વિપરીતતા એક જ?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે.

મુમુક્ષુ :- એક જ છે. જ્ઞાનમાં જાણપણારૂપ સ્વભાવ છે, વિભાવમાં સ્વભાવ નથી એટલે એ સ્વભાવ વિપરીત છે. તો વિપરીતતાનું જે પાસુ છે વિભાવની અંદર એ આ પ્રકારે છે?

પૂજ્ય ભાઈશ્રી :- બધા પ્રકારથી વિપરીત જ છે. બધા પ્રકારમાં વિપરીત છે. નહિ જાણવામાં પણ વિપરીત છે, દુઃખમાં પણ વિપરીત છે, મલિનતામાં પણ વિપરીતતા છે. એટલે પૂરે-પૂરો વિપરીત છે વિભાવ. વિભાવ છે એ સર્વાંગ વિપરીત છે.

મુમુક્ષુ :- નરકમાં અને દેવગતિમાં બતાવ્યું છે. એમાં રસ ફેક્ટર તો સરખું જ છે. નરકમાં તીવ્રતા રસ ફેક્ટરની છે અને દેવમાં પણ રસ ફેક્ટરની તીવ્રતા છે. એટલે રસ ફેક્ટરની અપેક્ષાએ બેયમાં આકુળતા તીવ્રતા થાય છે. એમ કહેવા માંગો છો?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એ વિષય નથી. અહીંયાં તો સ્વભાવ-વિભાવની વિપરીતતા છે. ઉસમેં આકુલતા કા વેદન હૈ.

'દેવલોકમેં સુખ હૈ ઔર નરકમેં દુઃખ હૈ ઐસા દિખનેમેં આતા હૈ.' દિખને મેં ક્યા આતા હૈ? કિ દેવલોક મેં સુખ હૈ. દેવ કો બિમારી નહીં, બચપન નહીં, વૃદ્ધાવસ્થા નહીં ઔર નિર્ધનતા નહીં. ઐસે મુખ્ય મુખ્યરૂપ સે બહુત અનુકૂલતા હૈ

રહેન-સહેનકી સબ પ્રકાર કી. ફિર ભી ઉસમેં દુઃખ હૈ, સુખ નહીં હૈ. કૈસે? કિ યે સબ મેરે હૈં, ઐસી અનુકૂલતા મુજે હૈ, યહ સંપત્તિ મેરી હૈ. વહાં ભી અલગ અલગ અપની અપની સંપત્તિ હૈ, વહાં ભી અપના અપના પરિવાર હૈ નીચે કે દેવલોક મેં. કિ યે સબ દેવિયાં મેરી હૈ. ઐસા હૈ, વૈસા હૈ. તો મેરાપન જો આતા હૈ વહ આકુલતા કા કારણ બનતા હૈ. ઔર જિતના રસ તીવ્ર ઉતની આકુલતા તીવ્ર. તો મિથ્યાત્વ અવસ્થા મેં રસ ભી વહાં તીવ્ર હોતા હૈ. રસ તીવ્ર હોતા હૈ તો દુઃખ ભી તીવ્ર હી હોતા હૈ. બાહ્ય દષ્ટિ સે ઐસા દિખને મેં આતા હૈ કિ દેવલોક મેં સુખ હૈ. વો બાહ્ય દષ્ટિ સે દેખને મેં આતા હૈ. અંતર મેં તો અંતરદાહ ઉનકો ભી બહુત હૈ.

મુમુક્ષુ :- વહ ભી એક પ્રકાર કા ટેન્શન હૈ? વહ ભી ટેન્શન હોતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ટેન્શન કા દુઃખ.

જીવ અપને સે કોઈ આગે હોતા હૈ સંપત્તિ મેં, જ્ઞાન મેં કહીં ભી કિસી ભી પ્રકાર સે, દૂસરે કા આગેપના દેખ નહીં સકતા. સંસાર મેં ઈર્ષ્યા, શાસ્ત્રભાષામેં ઉસકો કહતે હૈં માત્સર્ય બહુત ભયંકર દુઃખદાયક પરિણામ હૈ. કૈસા હૈ? બહુત ભયંકર દુઃખદાયક પરિણામ હૈ. યે વોર ક્યું હોતી હૈ? યે તો સબ રાજા-મહારાજા લડતે હૈ. તો ક્યા ઉસકે પાસ પૈસે કી કમી હૈ? કોઈ ખાને-પીને કી કમી હૈ? ઉસકો કોઈ ઈચ્છિત પદાર્થ નહીં મિલતા હૈ? દૂધ ચાહિયે તો દૂધ નહીં મિલતા હૈ, ખીર ચાહિયે તો ખીર નહીં મિલતી, મિઠાઈ નહીં મિલતી ક્યા? ઉસકો અચ્છે-અચ્છે ભોગ-ઉપભોગ નહીં મિલતે ક્યા? લડાઈ ક્યોં હોતી હૈ? કિ હમકો દૂસરે સે આગે નિકલના હૈ. મહાસત્તા હોતી હૈ તો ભી હમારી ચલની ચાહિયે. હમ સબ સે આગે હૈ. ઔર ઉસકી ઈર્ષ્યા સબ નીચેવાલે કરેગેં. જો નીચે કી સત્તાવાલે હૈં વો ઈસકી ઈર્ષ્યા કરેંગે. હમકો ઈસસે આગે નિકલના હૈ. હમારે સે જો આગે હૈ ઉસસે આગે નિકલના હૈ.

મુમુક્ષુ :- એનો જે ઊર્ધ્વ રહેવાનો સ્વભાવ છે એનું આ વિભાવિક પરિણમન છે?

પૂજ્ય ભાઈશ્રી :- આ એનો વિભાવિક પરિણામ છે. હમકો આગે રહના હૈ.

મુમુક્ષુ :- ઉસકો કૈસે તોડના, ઈર્ષ્યા કા ભાવ કભી કિસી કે પ્રતિ આ જાયે તો?

પૂજ્ય ભાઈશ્રી :- એક તો તોડને મેં ઉસકા નુકસાન બહુત ભયંકર હૈ યે લેના. બહુત ભયંકર હૈ.

મુમુક્ષુ :- કિસ તરીકે સે?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકા કોઈ અપરાધ હોને કા લિમિટ હી નહીં રહેગા. વો કિતને હદ તક નીચે જાયેગા ઈસકા કોઈ હિસાબ નહીં રહેગા. હમ ગુરુદેવ કા ઈલાજ કરતે થે ઔર ગુરુદેવ કા તબિયત ઠીક ભી હોતા થા. હમ કરતે થે તો કુછ લોગોં કો ઐસા લગા કિ ઐસા ક્યોં? તો ગુરુદેવ કી તબિયત કી પરવાહ કિયે બિના ઉસમેં બાધા ડાલને કા ભી પ્રયાસ હોતા થા. અબ દેખિયે ગુરુદેવ કે ભક્ત હો ઔર ગુરુદેવ કી તબિયત મેં બાધા હોના, ઈતની બડી બાત દિખને મેં નહીં આતી થી. બુદ્ધિમાન લોગોં કો દિખને મેં નહીં આતી થી. કિતને હદ તક? યહ તો દષ્ટાંત હૈ. લેકિન કિતને હદ તક પરિણામ ગયે.

મુમુક્ષુ :- સંસારી જીવ પ્રત્યે પણ ન થવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- કિસીકે પ્રતિ નહીં હોના ચાહિયે. યહ તો સમર્થ દષ્ટાંત દિયા કિ કિતને હદ તક પરિણામ જાતે હૈં. વર્લ્ડ વોર સે લેકર કે, ધર્મ કે ક્ષેત્ર મેં લેકર કે ઈર્ષ્યા ઈતની ખતરનાક હૈ કિ ઉસકા બહુત બડા નુકસાન દેખકર કે હટ જાના ચાહિયે. ઔર દૂસરા ઈસકા તરીકા વહ હૈ કિ હમકો વિશ્વ કે સભી પ્રાણી પર વાત્સલ્ય હૈ, પ્રેમ હૈ, સભી હમારે સાધર્મી હૈં. સમાન ધર્મવાલે હોને સે સાધર્મી હૈ. તો પ્રેમ હૈ વહ ઈર્ષ્યા પર વિજય પા સકતા હૈ.

મુમુક્ષુ :- સાધર્મી કેવી રીતના?

પૂજ્ય ભાઈશ્રી :- સાધર્મી (માને) સબ સમાન ધર્મવાલે હૈ. જિતને ગુણ હમારે મેં હૈ, ઉતને ગુણ ઉસમેં હૈ. ઔર હમારે મન-વચન-કાયા સે કૃત-કારિત-અનુમોદના સે નવ કોટિ સે, તીન મલ્ટીપ્લાય બાય તીન, કોઈ કારણ કિસી કો દુઃખ કા નહીં હોવે, કિસી કો કોઈ કારણ દુઃખ કા નહીં હોવે ઈતના હમારા સભી કે પ્રતિ પ્રેમ હોના ચાહિયે. એકેન્દ્રિય સે લેકર કે પંચેન્દ્રિય તક. જહાં તક યે ભાવના નહી આતી વહાં તક આત્મધર્મ પ્રગટ હોને કી યોગ્યતા મૂલ મેં પૈદા નહીં હોતી. યહ ભાવ આ હી જાતા હૈ. ક્યોંકિ હમકો સુખ ચાહિયે ન? તો કિસી કો ક્યોં દુઃખ હોના ઔર વો ભી હમારે કારણ સે. બસ! યહ વિશ્વ કે સભી પ્રાણી પર વાત્સલ્ય આ ગયા. વહ ઈર્ષ્યા કો જન્મ નહીં દે સકતા ફિર.

મુમુક્ષુ :- નવ કોટિમેં?

પૂજ્ય ભાઈશ્રી :- મન-વચન-કાયા, કૃત-કારિત-અનુમોદના. તીન કો તીન સે ગુણાકાર કરતે હૈં તો (ક્યા) હોતા હૈ? નૌ. હુઆ કિ નહીં હુઆ? એક એક સાથ દો દો કો લગા દો, એક એક સાથ દો કો લગા દો. હો ગયા ન નૌ?

ઈસ તરહ સે દેવલોક મેં દુઃખ હોને કા યહી કારણ હૈ. મુદ્દા તો વહ હૈ કિ

વહાં કોઈ સંપત્તિ કી કમી નહીં હૈ. યહાં કે મિલિયોનર્સ, બિલિયોનર્સ સબ ભિખારી હૈ ઈસકે આગે. ઉતની સંપત્તિ હોને કે બાવજૂદ ભી ઉપર કે પુણ્યવાલે જો હૈ, વહાં ભી કમ અધિક પુણ્ય કા ફલ હોતા હૈ, જૈસે ઈધર હોતા હૈ. મનુષ્ય તો સબ મનુષ્ય હૈ. લેકિન સબ કા રૂપ એક સા નહીં હૈ, પુણ્ય અનુસાર હૈ. મકાન તો મકાન હૈ સબ કા મકાન એક સા નહીં હૈ. કપડે તો કપડે હૈ, સબકે એક સે નહીં હૈ. હીનાધિક હોતા હૈ. વહાં ભી હીનાધિક પુણ્ય કા ફલ હૈ. બહુત અસંખ્ય પ્રકાર હૈ. પુણ્ય કે ફલ કા ઔર પાપ કે ફલ કા પ્રકાર કિતના? ક્યોંકિ પુણ્ય અસંખ્ય પ્રકાર કા, પાપ ભી અસંખ્ય પ્રકાર કા.

ઉપરવાલે કી ઈર્ષ્યા દેવલોક મેં બહુત હૈ. કિતની હૈ? બહુત હૈ. ક્યોંકિ વહાં દૂસરા ધંધા નહીં હૈ. વહાં કિસી કો નૌકરી પર જાના નહીં, દુકાન લગાના નહીં, ફેકટરી લગાના નહીં. કમાને કે લિયે કોઈ પરિશ્રમ નહીં કરના પડતા. જન્મ સે સબ સંપત્તિ હોતી હૈ. નીચે કે દેવ ઉસકે અનુચર હોતે હૈં, દેવ હી દેવ કી નૌકરી કરતા હૈ. નૌકરી માને સેવા કરતા હૈ. કોઈ પારિશ્રમિક લેતા હૈ વહ બાત નહીં હૈ કિ ઈતના તન્ખ્વાહ લેના, સૈલરી હૈ વહ બાત નહીં હૈ વહાં. લેકિન ઉસકી આજ્ઞા મેં રહના પડતા હૈ ઉસકો. ઉસકી સેવા કરતે હૈં હમ. લેકિન ઈર્ષ્યા હોતી હૈ કિ દેખો! હમારે સે ઉપર હૈ તો હમકો ઉસકા માનના પડતા હૈ.

મુમુક્ષુ :- કામ કરના પડતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- કામ ઉસકા કરના પડતા હૈ. હમ ભી ઉસકે બોસ હોતે તો અચ્છા રહતા. જૈસે પ્યૂન હૈ. વહ અપને બોસ કી સર્વિસ કરતા હૈ. ઘંટી મારતા હૈ તો ઉસકો આના પડતા હૈ. કાગજ લે જાવ, ઈધર દે દો. દેના પડતા હૈ. લેકિન ઉસકે બોસ કો, ઉસકે બોસ કી સેવા કરની પડતી હૈ. હૈ કિ નહીં? પુણ્ય ઉપર નીચે કા દરજ્જા હોતા હૈ કિ નહીં હોતા હૈ. વહાં બહુત હૈ. બહુત દુઃખ હોતા હૈ.

'કિંતુ દેવલોકમેં ભી અંતરમેં તો આકુલતા હૈ,...' બાહર મેં નહીં દિખતી. લોગોં કો ઐસા લગતા હૈ કિ સુખી હૈ. જૈસે યહાં કે સેઠિયા લોગ. કિતને અચ્છે કપડે પહનતે હૈં, કિતના અચ્છે મકાન મેં રહતે હૈં, કિતની અચ્છી ગાડી મેં બૈઠતે હૈં, અચ્છી ખાન-પીન મેં રહતે હૈ. ઈસકે કપ-સોસર પાંચ હજાર રૂપયે કે આધા ડઝન હૈ. કિતના? પાંચ હજાર નહીં. અમે તો ફોરેનમાં જોયું ક્રોકરી એટલી બધી લકઝરીયસ હતી, એક ટી સેટના દસ હજાર, પચ્ચીસ હજાર, ત્રીસ હજાર. છ કપ-રકાબી અને એક જગ ને એવું હોય અને ચા બનાવવાની કિટલી ને એવું હોય. અને એમાં ડિઝાઈન ને કલર ને પેઈન્ટીંગ ને શેપ પાર વગરનું. વાપરે તો લોકોને લાગે, કિતને

સુખી હૈ! તીસ હજાર કા તો ચાય-પાની કા સેટ લે આયે. તો અતંર મેં ઉસકા યે બહુત અચ્છા હૈ, મેરે હૈં, બહુત બઢિયા હૈ. હમકો ઐસા હૈ... હમકો ઐસા હૈ... હમકો ઐસા હૈ... હમકો ઐસા હૈ, ઉસમેં ઉસકી શાંતિ કા ખૂન હોતા હૈ. આત્મશાંતિ કા ખૂન હોતા હૈ. બાકી તો ઈસ કાલ મેં લફરે ભી બહુત હૈં પૈસેવાલે કો. ગવર્મેન્ટ કે દૂસરે, દૂસરે, તીસરે. કહીં પ્રકાર કે ટેરરિસ્ટ સે લેકર કે ઉતને લફડે હૈ કિ ઉસકા સીર મેં કોઈ ઠીકાના નહીં હૈ.

મુમુક્ષુ :- બહુત ટેન્શન મેં રહતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- બહુત ટેન્શન મેં હોતે હૈં. ગુરુદેવ કહેતે થે કિ લમ્બી-લમ્બી વૈભવી લકઝરીયસ કાર મેં બૈઠતે હૈં. વાસ્તવ મેં વહ કાર મેં નહીં બૈઠતે હૈં, વહ કાર ઈસકી છાતીપે બૈઠી હૈ. વો કાર મેં નહીં બૈઠા હૈ, વો ગાડી ઈસકી છાતીપે બૈઠી હૈ. ક્યોંકિ ઉસકો નિભાના હૈ ઉસકો. ઈસકા ખર્ચા ઉસકો નિભાના હૈ. ઔર ઈસમેં કુછ હોતે, ખુદ કો કુછ હોને લગેગા. આકુલતા બહુત હૈ. પુણ્યોદય મેં ભી આકુલતા બહુત હૈ. સમ્યગ્જ્ઞાન નહીં હોતા તો શાંતિ નહીં મિલતી.

મુમુક્ષુ :- ગાડી બહાર જાતી હૈ, તો અંદર હી અંદર... બડા ભારી આકુલતા, વ્યાકુલતા...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, મૂલ દુઃખ તો આકુલતા કા હૈ. યે ટેન્શન કા દુઃખ સબ સે બડા હૈ. પીડા કા દુઃખ ઈતના બડા નહીં હૈ. ક્યોં? કિ યે તો અશાતા કા ઉદય આતા હૈ, કુછ ટાઈમ મેં શાતા હો જાતી હૈ. લેકિન યે ટેન્શન લગાતાર, સતત રહતા હૈ.

'**દેવોંકો જો ભીતરમેં સંકલ્પ-વિકલ્પ હૈ વહ સબ આકુલતા-દુઃખ હૈ,...**' સબ દુઃખ હી દુઃખ હૈ. '**સ્વાધીન સુખ ઈસકા નામ હૈ કિ જિસમેં પર પદાર્થકિ આશ્રયકી જરૂરત ન પડે.**' પરિણામ અંદર મેં સમા જાયે. સ્વરૂપ કા આશ્રય લેકર કે પરિણામ અંદર મેં સમા જાયે ઉસમેં શાંતિ હૈ, સુખ હૈ—નિરાકુલ સુખ હૈ. ઔર વહ સ્વાધીન હૈ, ઉસમેં કિસી પદાર્થ કી જરૂરત નહીં હૈ. કહીં ભી દેખો! મુનિરાજ જંગલ મેં નગ્ન અવસ્થામેં હૈ. 'એગંત સુહી મુનિ વીતરાગી.' જગત મેં-સંસાર મેં કોઈ સુખી હૈ તો કૌન હૈ? વીતરાગી મુનિ. બાકી કોઈ સુખી નહીં હૈ. સબ સંસાર મેં દુઃખ મેં પડે હૈં. કોઈ પરાધીનતા નહીં હૈ વહાં. યે ચાહિયે ઔર વો ચાહિયે વો બાત ખતમ હો ગયી ઉનકી. ચાહિયે-ચાહિયે મેં દુઃખ થા. અબ સ્વાધીન હો ગયે. ચૌબીસ ઘંટા જ્ઞાન, ધ્યાન મેં નિકલતા હૈ. ઔર જંગલ મેં મસ્ત રહકર કે અપને ધ્યાન મેં લગે રહતે હૈં.

અંદર में શાંતિ કે ફુવારે પ્રદેશ-પ્રદેશમેં સે છૂટતે હૈં. અમૃતમયી શાંતિ મેં ડૂબતે રહતે હૈં, ડૂબ જાતે હૈં ઔર દુનિયા કી કોઈ પરવાહ નહીં હૈ. ઉપર સે ઈન્દ્ર દર્શન કરને કો આતા હૈ. કભી ઉનકો ભાવના હોતી હૈ કિ મુજે ભી ઐસા હોના હૈ. દર્શન કરું મૈં, સજીવનમૂર્તિ કા દર્શન કરું. વો તો ઉપર સે આતા હૈ. વહ સામને ભી નહીં દેખતે. કૌન આયા, કૌન નહીં આયા. હમકો ક્યા? ઐસે અંદર હૈં. ઔર બાહર મેં અપેક્ષા રખે (કિ) અરે! ઈન્દ્ર મેરે કો નમન કરતા હૈ! હો ગયા દુખી. ઈન્દ્રને પ્રણામ કિયા, વંદન કિયા તો મુનિ કે આત્મા મેં ક્યા હો ગયા? આત્મા મેં કુછ આયા ક્યા? કુછ વૃદ્ધિ હુઈ ક્યા? કુછ નહીં. કોઈ લેના-દેના હૈ નહીં. વો દ્રવ્ય ઉસમેં પરિણમન કરતા હૈ. ઈન્દ્ર કા આત્મા ઉસકે-અપને આત્મા મેં પરિણમન કરતા હૈ. મુનિરાજ કા આત્મા અપને મેં પરિણમન કરતા હૈ. ભિન્ન ભિન્ન હૈ.

મુમુક્ષુ :- કેવી રીતે રહેતા હશે જંગલમાં!

પૂજ્ય ભાઈશ્રી :- મસ્ત રહકર કે. અપને સિદ્ધ પરમાત્મા કે સાથ બાતેં કરતે હૈં. કૈસે રહતે હૈં? અપને સિદ્ધ પરમાત્મા કે સાથ બાતેં કરતે હૈં. ઔર વો ડાયલોગ ઈતના ચલતા હૈ, ઈતના ચલતા હૈ, કિ ફિર ઉસકા ધ્યાન ઔર જગહ જાતા નહીં. ક્યા કરતે હૈં? ઐસા સિદ્ધપદ કા અવલંબન હૈ. સિદ્ધપદ કા અંતર અવલંબન હૈ, તો બાહ્ય અવલંબન કી આવશ્યકતા નહીં લગતી.

'સ્વાધીન સુખ ઈસકા નામ હૈ કિ જિસમેં પર પદાર્થકે આશ્રયકી જરૂરત ન પડે. જો સ્વકે-ચૈતન્યકે આશ્રયસે પ્રગટ હોવે ઔર જો સ્વતઃસિદ્ધ પ્રગટ હોવે, વહ સચ્ચા સુખ હૈ.' યહ સુખ સચ્ચા. બાકી નામ સુખ હૈ, અનંત દુઃખ હૈ. 'અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા' વિચિત્ર માને ઊલ્ટી બાત મેં પ્રેમ હૈ. વિચિત્ર બાત હો ગઈ. **'સુખ તો આત્માકા સ્વભાવ હૈ.'** સુખ હૈ વહ તો આત્મા કા સ્વભાવ હૈ, વહ તો સ્વરૂપ હૈ. હમારે પ્રદેશ પ્રદેશ મેં અનંત સુખ કા નિધાન ભરા હૈ. સબ સે પહલે ઈસકા વિશ્વાસ ચાહિયે. ક્યા ચાહિયે? વિશ્વાસ ચાહિયે. જૈસે હમારે બેંક અકાઉન્ટ મેં લાખો રૂપિયોં કી બૈલેન્સ હો. જેબ મેં તો નહીં હૈ. હમારી તિજોરી મેં ભી નહીં હૈ. બેન્ક કી તિજોરી મેં પડા હૈ. વિશ્વાસ કયા હૈ? મેરે પાસ હૈ. ઈતની કેશ—લિક્વિડ કેશ મેરે પાસ હૈ. કિતને હૈ? કરોડોં પડે હૈં. કિતને હૈં? કરોડોં કી તાદાદ મેં હૈ. લેકિન જેબ મેં થોડી રખા જાતા હૈ કરોડ રૂપયે? ઘર મેં ભી નહીં રખતે. ડકૈતી હો જાયે. બેન્ક મેં રખતે હૈં. લેકિન વિશ્વાસ હૈ. દિખતા હૈ ક્યા વહ? લેકિન ઉસકા ભાવભાસન કૈસા હૈ? વહ રૂપયે કી થપ્પી દિખતી નહીં હૈ. ઔર હમને જો કરન્સી દિયા થા સ્લીપ કરકે બેન્ક મેં કેશિયર કો બાર-બાર ભર કે, વો

કરન્સી તો દૂસરે કો વો દેતે હૈં. ઐસા નહીં હૈ કિ હમારી વહાં જમા રખ દેતે હૈ. વો તો ઉસકો યુટીલાઈઝ કરતે હૈં. લોન દેતે હૈં, વો કરતે હૈં, વો કરતે હૈં. હમકો તો વિશ્વાસ હૈ ઔર ક્યા હૈ? હમારે પાસ ક્યા હૈ? વિશ્વાસ કે અલાવા ક્યા હૈ? યહાં તો હમારે સુખ કી સંપત્તિ ઉતની દૂર નહીં હૈ. હમારે જેબ મેં સાથ મેં લેકરકે ચૌબીસ ઘંટા હમ ફિરતે હૈં. હમારે પ્રદેશ મેં અનંત... અનંત... અનંત... સુખ કા નિધાન, અનંત સુખધામ ચૌબીસ ઘંટા સાથ મેં રહતા હૈ. જિસકો વિશ્વાસ હૈ વહ સુખી હૈ, જિસકો વિશ્વાસ નહીં હૈ, વહ હોને પર ભી દુઃખી હૈ. સુખ હોને પર ભી દુઃખી હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ વિશ્વાસ ભાવભાસન પછી આવેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવભાસન પછી. ભલે હી ભાવભાસન નહીં હો, લેકિન હમારે જિનેન્દ્ર પરમાત્મા સર્વજ્ઞદેવને બોલા હૈ, કહા હૈ, ઉસ પર તો હમકો વિશ્વાસ હોના ચાહિયેન?

મુમુક્ષુ :- બેંકવાળા ઉપર વિશ્વાસ જ મૂકીએ છીએને.

પૂજ્ય ભાઈશ્રી :- વહાં ભી વિશ્વાસ રખ કરકે દે દેતે હૈં. યહાં તો લેને-દેને કા સવાલ હી નહીં. વહાં તો દે દેતે હૈં, અપને હાથ સે દે દેતે હૈં.

મુમુક્ષુ :- વહાં કી પ્રમાણિકતા કા ભી પતા નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વો તો કભી દિવાલા નિકલેગા કિસ બેન્ક કા કૌન જાને વો ક્યા કરતા હૈ બેન્ક કા ચેરમેન કૌન જાને? અભી હર્ષદ મહેતા કે બાદ કઈ બેન્કોં કા દિવાલા, દો-તીન કા નિકલ ગયા. દો-તીન કા નિકલ ગયા. ક્યા ભરોસા? પહલે કે જમાને મેં ગઢ્ઢા મેં ખોદ કરકે સોના વગેરે લે કરકે, સોના ઉસમેં દાટતે થે. વિશ્વાસ હૈ કિ જમીન મેં મેરી સંપત્તિ પડી હૈ. હો સકતા હૈ, કિ ઉસકી મિટ્ટી ભી હો જાયે. પુણ્ય બદલતા હૈ તો જો દાટતે હૈં, હમારે દાટતે હૈં, આપકો ક્યા બોલતે હૈ હિન્દીમેં?

મુમુક્ષુ :- ગાઢતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- ગાઢતે હૈં વહ મિટ્ટી હો જાતી હૈ.

મુમુક્ષુ :- મિટ્ટી થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુણ્ય બદલે તો દાટ્યા કોયલા થાય, કોલસો થઈ જાય. પુણ્ય ફરે તો બધું થઈ જાય.

મુમુક્ષુ :- પરમાણુ ફરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરમાણુ ફરી જાય. મિટ્ટી નિકલે. નહીં સોના નિકલે.

રખે થે ન? રખે થે વો ગયે. યહાં તો કુછ હોનેવાલા હૈ નહીં. યા તો ભગવાન પર વિશ્વાસ રખો, યા તો અપને સ્વરૂપ કો દેખકર કે અપને ભગવાન પર વિશ્વાસ રખો. દોનોં જગહ ભગવાન હી ભગવાન હૈ. અવિશ્વાસ કા કોઈ કારણ વહાં મિલેગા નહીં. ફિર ભી અગર હમ વિશ્વાસ નહીં કરતે તો હમારે જૈસે કમીને કૌન? મીરાંબાઈ કા એક પદ હૈ ન? હમ કમીને હૈં, ઐસા કરકે લિયા હૈ ઉન્હોંને.

મુમુક્ષુ :- નમક હરામી લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્યોંકિ માનતે નહીં ભગવાન કી ઈસલિયે. ભગવાન જૈસે ભગવાન કી નહીં માનતે, વીતરાગ જૈસે વીતરાગ કી નહીં માનતે, ઈસલિયે વહ બાત લિયા હૈ. વહ અપની નિંદા-ગર્હા હૈ. દર્શનમોહ કો ગાલતા હૈ. ઈસલિયે બાત તો વહ કહની થી કિ જબ જબ દુઃખ હોવે... ક્યા? જબ-જબ દુઃખ હોવે, અપને સુખધામ કો સંભાલો કિ અરે..! મેરે મેં અનંત સુખ ભરા હૈ. ભગવાન બોલતે હૈં. ભલે હી હમને નહીં દેખા હો, લેકિન ભગવાન ને બોલા હૈ, હમારે મેં અનંતસુખ ભરા હૈ, ફિર હમ દુઃખી ક્યોં હોતે હૈં? જબ સુખ ભરા હૈ તો હમ દુઃખી ક્યોં હોવે? કિસ કારણ સે હોવે? ક્યા કારણ હૈ હમકો દુઃખી હોને કા?

મુમુક્ષુ :- મુમુક્ષુનું સુખધામ તો શ્રીગુરુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ઠીક હૈ. વહ તો લિયા હૈ. જ્ઞાનધામ ભી વહી હૈ, સુખધામ ભી વહી હૈ. વો તો પહચાન આવે તબ માલૂમ પડે. બિના પહચાન માલૂમ નહીં પડે. ફિર દુઃખી હોને કા કોઈ કારણ નહીં હૈ. પરલોક કે ભય સે દુઃખ હોતા હૈ, કિ હમારી કૌનસી ગતિ હોગી? તો મીરાંબાઈને વહ ગાયા હૈ કિ સંસાર હી સુખ ગયા. મેરે તો ભવભ્રમણ કા સંસાર સુખ ગયા હૈ. અબ ભય કિસ બાત કા? ફિકર કિસ બાત કી? અંદર સે વિશ્વાસ આ ગયા. દેખો! મુમુક્ષુ નહીં હોને પર ભી, માર્ગાનુસારી હોતે હૈં તો અંદર સે વિશ્વાસ આ જાતા હૈ કિ મેરા ભવભ્રમણ અબ હોનેવાલા હૈ નહીં. 'ભવસાગર તો સુખ ગયો હૈ, ફિકર ગયી મોહે તરનન કી.' અબ તિરને કા પરિશ્રમ હી મેરે કો ચલા ગયા. વો બડા સાગર થા વો ક્રિકેટ કા મૈદાન હો ગયા, હમ તો ચલ જાયેંગે.

મુમુક્ષુ :- એને ભવભ્રમણ થાય એવા પરિણામ જ નહિ થતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિષ્કામબુદ્ધિ થઈ ગઈ. સંસાર કી કોઈ ચીજ નહીં ચાહિયે. બહિનશ્રી ને પાત્રતા મેં ક્યા લિયા હૈ? મુજે કુછ નહીં ચાહિયે. ઈસ જગતમેં સે મુજે કુછ નહીં ચાહિયે. બસ! વહી માર્ગાનુસારી બોલતે હૈં કિ હમકો કુછ નહીં ચાહિયે. જિસકો ચાહિયે જગતમેં સે વો દુખી, નહીં ચાહિયે વો સુખી. ક્યોંકિ સુખ તો અંતરમેં

સે આયેગા.

'સુખ તો આત્માકા સ્વભાવ હૈ. જિસમેં પર પદાર્થકી, ઈન્દ્રિયોંકી જરૂરત પડે ઔર પરકે આશ્રયકી જરૂરત પડે વહ સુખ હી નહીં.' વહ તો સુખ હી નહીં. જિસમેં જરૂરત પડે કિ યે હોવે તો સુખ... યે હોવે તો સુખ... યે હોવે તો સુખ... વહ તો સુખ હૈ હી નહીં.

મુમુક્ષુ :- વ્યાખ્યા કરી છે ને બહેનશ્રીએ? દ્રવ્ય તો તેને કહીએ એમ કરીને એક વ્યાખ્યા કરી છેને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્ય તો તેને કહીએ કે જેના કાર્ય માટે કોઈની જરૂરત ન પડે. એનું નામ દ્રવ્ય. સૂત્ર છે એ બહેનશ્રીનું. 'જાગતો જીવ ઊભો છે ક્યાં જાય?' એ પણ સૂત્ર છે. દ્રવ્ય તો તેને કહિયે કે જેનાં કાર્ય માટે જરૂર પડે નહિ. અને કાર્ય માટે જરૂર પડે તો એ દ્રવ્ય શેનું? એ તો અદ્રવ્ય થઈ ગયું. એ તો પોતાનો નાશ થયો એની અંદર, પોતાનો નાશ કલ્પ્યો એણે. એ ભાવમરણ, પોતાનો નાશ કલ્પ્યો એ (ભાવમરણ). મરણમાં શું કલ્પે છે? નાશ જ કલ્પે છેને. આત્મા થોડો નાશ પામે છે? મરણમાં કાંઈ આત્મા મરે છે? નાશને કલ્પે છે. એમ આમાં પણ નાશને કલ્પે છે. બીજું શું છે? મારા કાર્ય માટે બીજાની જરૂર પડે એટલે હું દ્રવ્ય ન રહ્યો. બસ! એ જ પોતાનું ભાવમરણ છે. ઓલાપણે તો શરીર બદલાય છે એટલે દ્રવ્યમરણ કહેવાય છે. વાસ્તવમાં ત્યાં પણ ભાવમરણ તો છે જ. કેમકે ભાવે તો હું મરી જઈશ... હું મરી જઈશ... હું મરી ગયો... હું મરી ગયો એ જ ચાલે છે એને.

'જો પરાધીનતા હૈ વહ સુખ નહીં, દુઃખ હૈ. ''પરાધીન સ્વપ્ને સુખ નહીં''' પરાધીનતામાં સ્વપ્ને પણ સુખ નથી. ગુજરાતીમાં કહેવત છે. 'પરાધીન સ્વપ્નેય સુખી નહિ.' સંસાર મેં ગૃહકલેશ હોતા હૈ ન? તો ક્યા હૈ કિ કુછ વ્યક્તિ ઐસી હૈ કિ જો દૂસરે કો દબાતા હૈ, પરાધીન કરતા હૈ. તુમકો ઐસા રહેના પડે, ઐસા ખાના પડેગા... ઐસા કરના પડેગા... ઐસા કરના પડેગા. ઉસકી સ્વતંત્રતા કા જોર આતા હૈ, વો કયું દબાતા હૈ? કિ હમ તુમકો અનુકૂલતા દેતે હૈ ઉતની. ઈસલિયે તુમકો ઐસા રહના પડેગા. ફિર ઉસકી સ્વતંત્રતા કા જોર આતા હૈ તો વહ ક્યા કરતા હૈ? કિ હમકો યે અનુકૂલતા સગવડતા નહીં ચાહિયે. હમકો સ્વતંત્ર રહના હૈ. તો અમારા જમાનામાં એમ કહેવાતું, ભાયું, ભાયુંમાં ઝઘડો થાય, દેરાણી-જેઠાણી એકબીજાને દબાવતાં હોય. કે જુઓ ભાઈ રોટલો ને મીઠું ખાઈ લેશું. શું કહે? મરચું નહિ, મીઠું. કારણકે મીઠું મફત મળે છે. મફતના ભાવમાં તો મીઠા જેટલું સસ્તુ

કાંઈ નથી, કોઈ ચીજ. મરચું તો એથી મોંઘું છે. રોટલો ને મીઠું ખાઈ લેશું પણ અમારે કોઈની ઓશિયાળી ન જોઈએ. તમે અમને દબાવો ને તમે અમને સગવડતા આપો ત્યારે અમે લઈએ અને તમે ન આપો ત્યારે અમે ન લઈએ. અમારે નથી એવી રીતે રહેવું. અમારે એવી અનુકૂળતા નથી જોઈતી. એના કરતાં રોટલો ને મીઠું સારાં. સ્વતંત્ર તો ખરા. આ સ્વતંત્રતામાં સુખ લોકો પસંદ કરે છે. ગરીબી પસંદ કરે છે. શ્રીમંતાઈ છોડવા તૈયાર થાય છે. પરાધીનતાનું દુઃખ કોઈને નથી જોઈતું. જીવ સ્વભાવ છે એ.

મુમુક્ષુ :- નિરાલંબ નિરપેક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિરાલંબ નિરપેક્ષ છે. કોઈનું આલંબન જોઈએ નહિ.

મુમુક્ષુ :- ભાડે મકાનના બદલે ઘરનું ઘર કરવા કેમ .. કટકટાક ન જોઈએ. ઘરનું ભલે નાનું એવું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- નાનું હોય અથવા ઘરના ઘરમાં પૈસા વધારે લાગે. ઓલામાં તો ભાડાના જ લાગે. વ્યાજ ગણો તો ડબલ મળતું હોય. ઘરના ઘરમાં એટલું કાંઈ આજે...

મુમુક્ષુ :- પચ્ચીસ હજારનું ભાડું થાય, વ્યાજ ગણીએ તો પચ્ચીસ હજારનું-ત્રીસ હજારનું ભાડું થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ભાડું થાય. કોઈ પચ્ચીસ હજાર-ત્રીસ હજાર થોડા લાગે છે ભાડાનાં? જેનું મકાન પચાસ લાખનું હોય, જમીન-મકાન થઈને પચાસ લાખ થતાં હોય, પચાસ લાખનું વ્યાજ કેટલું થાય દોઢ ટકો મૂકો તો?

મુમુક્ષુ :- પંચોતેર હજાર.

પૂજ્ય ભાઈશ્રી :- પંચોતેર હજાર મહિને ભાડું તમે કોઈ મકાનમાં રહેવા જાવ ખરા? પંચોતેર હજાર ભાડાવાળું મકાન કેવું, કેટલું સરસ હોય લ્યો. સારામાં સારું હોય કે ન હોય? તમારા મકાનથી ત્રણ ગણું, દસ ગણું સારું હોય. તો પંચોતેર હજાર તમે ભાડું દયો તો. આ હોટેલો, આ ફાઈવસ્ટાર હોટેલ છે કે નહિ? એમાં એવાં જ ભાડાં છે. રોજના ભાડાં ગણો તો એવા જ થાય. મહિને પંચોતેર હજારના જ ભાડા થાય. કેટલી ટીપ-ટોપ સુવિધા હોય. નોકર-ચાકર સીખે ભાડે મળે છે. એકલું ભાડે નથી મળતું, નોકર-ચાકર સીખે ભાડે મળે છે. તમારું સંડાસેય સાફ કરી જાય અને બધું કરી જાય. એકદમ ક્લીન રાખે. નિટ એન્ટ કલીન. રહો છો તમે ભાડે ફાઈવ સ્ટારમાં જઈને? નથી રહેતા. પણ આ પચાસ લાખના બંગલામાં રહેશો તમે. એથી ગંદુ રાખશો તોપણ. છે શું એમાં? ફેર શું ચાલો? ઓલું તો વધારે સારું

છે રહેવાની દષ્ટિએ. અહીંયાં તો કામવાળી આવી ન આવી, સાફ થયું ન થયું. ત્યાં તો નિટ એન્ડ કલીન જ રહેવાનું છે. ઘણાં કામવાળાં છે ત્યાં તો. (આપણું) સ્વતંત્ર, ઓલું પરતંત્ર. (ત્યાં) ગમે ત્યારે કાઢી મૂકે. પણ ભાડું દઉં છું. તો કહે, મારે નથી જોઈતું ભાડું, તું નીકળ અહીંથી એમ જ કહે. પરાધીન એ પરાધીન.

'ગુરુદેવ કહતે હૈં કિ જો ચૈતન્યકે આશ્રયસે પ્રગટ હોતા હૈ વહ સ્વાધીન સુખ હી યર્થાથ સુખ હૈ.' વાત ક્યાં લઈ ગયાં પ્રશ્નમાંથી? કે ઈન્દ્રિય સુખ પરાધીન છે, એ પણ દુઃખનું કારણ છે. આકુળતા ઉત્પન્ન કરે છે એ પણ દુઃખનું કારણ છે. ટેન્શન આવે છે એ પણ દુઃખનું કારણ છે. સુખની કલ્પના અને ભ્રમ કરે છે જીવ એ સંસાર પરિભ્રમણનું કારણ છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૭૦

પ્રશ્ન :- આત્માની શોધમાં ઘણા જપ-તપ-ધ્યાન-વાંચન કર્યાં, પણ સમયસાર વાંચીને તો એમ થયું કે આ માર્ગ જુદો છે?

સમાધાનઃ- કુંદકુંદાચાર્યદેવ જાગ્યા અને આ સમયસારની રચના કરી. તેમનું આ એક સમયસાર બસ છે. તેમાં એક આત્મા-આત્માની જ વાત આવે છે. ગુરુદેવે તેના ભાવો સ્પષ્ટ કરીને મુકિતના માર્ગને થંભાવી રાખ્યો. આ પંચમકાળના જીવો સમજે નહિ અને બીજા ધર્મમાં ખેંચાઇ જાય છે. પણ જૈનમાં બધું છે, જૈનમાં આખી યથાર્થ સ્વાનુભૂતિ ભરેલી છે.

કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં કહ્યું કે બદ્ધસ્પૃષ્ટ ભાવો ઉપર તરે છે, તારી અંદર પ્રવેશ કરતા નથી. એક શાશ્વત આત્મા છે એ જ ભૂતાર્થ છે. સમયસારમાં સ્વાનુભૂતિની કેટલી મહિમા આવે છે ! પણ તેનો મર્મ ગુરુદેવે બહાર કાઢ્યો. સમયસારની અંદર હીરા પડયા છે, પણ તે હીરાને ઓળખાવનાર ગુરુદેવ હતા.

આત્મામાં અનંત ભાવ ભર્યા છે, તેની ચર્ચા કરતાં પાર ન પમાય. આત્મા એક,પણ તેના ભાવો અનંત, મુકિતમાર્ગ પણ એક છે. ટૂંકમાં કહીએ તો એકમાં બધું આવી જાય છે ને વિસ્તાર કરો તો અનંત-અનંત-અનંત જેનો પાર ન

આવે તેટલા ભાવો છે. શબ્દ સંખ્યાતા છે, પણ આત્માના ભાવો અનંત છે. શબ્દ અનંત થાય નહિ પણ ભાવો અનંત હોય.

દેવો સાગરોપમકાળ સુધી ચર્ચા કરે તેમાં અનંત ભાવો નીકળ્યા જ કરે. ચર્ચા કરતાં કરતાં તેમને તૃપ્તિ થતી નથી. સાગરોપમકાળ સુધી ચર્ચા કર્યા કરે તો પણ આત્માના અનંત ભાવો ખૂટતા જ નથી. ગુરુદેવ જ્યારે બોલે ત્યારે જુદા જ ભાવો કહેતા હોય એવું લાગે છે, તો ભગવાનની વાણીનું તો શું કહેવું!! આ ચૈતન્યદેવ અનંત ગુણરત્નાકરથી ભરેલો છે. જેના અનંત ગુણનો પાર ન આવે, તેવા ચૈતન્ય રત્નાકરદેવની તો શું વાત કરવી! તે જગતથી જુદો છે, ને સ્વાનુભૂતિ થાય ત્યારે અનુભવમાં આવે. ૭૦.

તા. ૨૫-૧૧-૧૯૯૭, પ્રશ્ન-૭૦
પ્રવચન નં. ૪૦-F

સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન-૭૦મો, પાનું-૬૩. '**પ્રશ્ન :- આત્માની શોધમાં ઘણા જપ-તપ-ધ્યાન-વાંચન કર્યાં, પણ સમયસાર વાંચીને તો એમ થયું કે આ માર્ગ જુદો છે?**' પોતાની મતિ કલ્પનાએ કોઈએ પ્રયત્ન કર્યો હોય જપ-તપ-ધ્યાન-વાંચન વગેરે, પણ સમયસાર વાંચતા એમ લાગ્યું કે આ વસ્તુ કાંઈક જુદી છે. ત્યારે એનું સમાધાન આપે છે. કેમકે પ્રશ્ન છે એ તો કાંઈ પ્રશ્નના રૂપમાં નથી. પ્રશ્ન તો ખરેખર એમ છે કે માર્ગ જુદો છે એમ સમજાણું છે. જુદો એટલે કેવો? હવે એ સ્પષ્ટીકરણ બહેનશ્રી આપશે.

'**સમાધાન :- કુંદકુંદાચાર્યદેવ જાગ્યા અને આ સમયસારની રચના કરી.**' ૨૦૦૦ વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યદેવનો આ ભરતક્ષેત્રમાં જન્મ થયો. બહુ સમર્થ આચાર્ય થયા અને એમણે અનેક શાસ્ત્રોની સાથે સાથે આ સમયસારની પણ રચના કરી છે. '**તેમનું આ એક સમયસાર બસ છે.**' ઉત્કૃષ્ટ મુમુક્ષુ માટે. હવે શું છે? કે જે જીવ મોક્ષમાર્ગ પામવા માટે આવ્યો છે એને મોક્ષમાર્ગ પામવાની ઘણી તાલાવેલી હોય ઈ મોક્ષમાર્ગ પામવા માટે આવ્યો ગણાય. મોક્ષમાર્ગની પ્રાપ્તી માટે જેની તૈયારી હોય એ તો એને ઉચિત જ હોયને તૈયારી? એટલે સમયસાર શાસ્ત્ર છે એ મોક્ષમાર્ગની સારી એવી

તૈયારીવાળો જીવ સમયસાર હાથમાં લ્યે છે. અત્યારે જે કોટીના મુમુક્ષુ છે એ એટલી તૈયારીવાળા જોવામાં આવતા નથી. આપણે જે અભ્યાસ કરીએ છીએ, મુમુક્ષુની ભૂમિકાની જે ચર્ચા કરીએ છીએ એ ઉપરથી એમ લાગે કે સમયસાર તો મોક્ષમાર્ગ પામવા માટેનું શાસ્ત્ર છે અને સારી એવી તૈયારી કરીને જીવ જો સમયસાર હાથમાં લ્યે તો પામી જાય. એના જીવંત દૃષ્ટાંત એ છે કે શ્રીમદ્ રાજચંદ્રજી કૃપાળુદેવ પામી ગયા અને ગુરુદેવશ્રી પણ પામી ગયા. તો એટલી તૈયારીપૂર્વક એમણે એ શાસ્ત્ર હાથમાં લીધેલું. બીજા હજારો માણસો સમયસાર વાંચે છે, પણ જે એટલી તૈયારીમાં હોય એ પામે છે, બાકીના નથી પામતા. વાંચે છે તો હજારો માણસો પણ હજારો કાંઈ પામતાં નથી. એટલે એ આપો આપ સાબિત કરે છે, કે એને લગતી તૈયારી હોવી જરૂરી છે. એટલે એમણે જે આ વચન લખ્યું છે... છેને શાસ્ત્ર? ભાઈને શાસ્ત્ર આપજો.

'તેમનું આ એક સમયસાર બસ છે.' કુંદકુંદાચાર્યનું એક સમયસાર બસ છે. કોના માટે બસ છે? તૈયારી કરી હોય એનાં માટે. જેણે તૈયારી કરી હોય એવા જીવ માટે સમયસાર એક બસ છે. કૃપાળુદેવનો ઈતિહાસ તો આપણે, સો વર્ષ પહેલા થઈ ગયા એટલે એટલું જાણતા નથી. સો નહિ અત્યારે તો સવા સો વર્ષ ગણવા જોઈએ આપણે એમને પામ્યાને તો. ૧૩૦ વર્ષ. ૧૯૨૪માં પામ્યા અને ૨૦૫૪ એટલે ૧૩૦ વર્ષ થયા. એ પહેલા એમને કેવી તૈયારીમાં સમયસાર હાથમાં આવ્યું હશે એ આપણી પાસે ઈતિહાસ નથી. પણ ગુરુદેવનો જીવંત ઈતિહાસ છે આપણી પાસે. એમને નાનપણથી જ આત્મકલ્યાણ કરવાની ભાવના ઘણી હતી. એ ભાવનાને વશ એમણે તે વખતે એ ઉંમરમાં પોતાની ઈચ્છા અનુસાર, પોતાના વિચાર અનુસાર એમ નક્કી કર્યું કે સંસારમાં ન પડવું પણ દીક્ષા લઈ લેવી. એટલે સગપણની ના પાડી દીધી, લગ્ન કર્યા નહિ અને એકવીસ વર્ષની ઉંમરે એમણે દીક્ષા લીધી. છેલ્લા ચાર-પાંચ વર્ષ યોગ્ય ગુરુને શોધવામાં ગયા એમને. એ તો શું છે કે સંપ્રદાયમાં તો જે ગુરુ હોય એમાં જ તપાસ કરે. એટલે જે-જે સાધુઓ આવે એનો સમાગમ કરે. પાલેજમાં તો બહુ સાધુઓ ન આવે. એ તો ભરૂચ જતા હતા, અવાર-નવાર ભરૂચ નજીક પડે એટલે. અને ભરૂચના ઉપાશ્રયમા જે સાધુ ઉતર્યા હોય એનો સમાગમ કરતા હતા. પણ પરીક્ષા દૃષ્ટિથી કરતા હતા કે આમની પાસે મારે દીક્ષા લેવી કે નહિ? આમની પાસે દીક્ષા લેવી જોઈએ કે નહિ? લેવી જોઈએ કે નહિ?

એમાં હીરાજી મહારાજને એમણે પસંદ કર્યા. બહુ ભદ્રિક અને શાંત પ્રકૃતિના હતાં. બીજી તો પોતાનેય ખબર નહોતી અને મહારાજનેય ખબર નહોતી, ગુરુનેય ખબર નહોતી, પણ એમણે જે જોયું એ એટલું જોયું કે આ શાંત છે, ભદ્રિક છે

અને બીજા કરતાં આમાં ફેર છે. અને એમની પ્રેસ્ટીજ પણ સંપ્રદાયમાં હીરાજી મહારાજની બહુ સારી હતી. એમની પાસે દીક્ષા લઈ લીધી.

દીક્ષા લીધાં પછી માર્ગની શોધમાં હતા એ. આ એમની તૈયારી. શું તૈયારી હતી? માર્ગની શોધમાં હતા. એટલે બીજી બધી તો એમને કાંઈ લપ્પન-છપ્પન હતી નહિ સંસારની. હવે એક જ કામ હાથમાં રાખ્યું હતું, કે માર્ગ પામવો છે... માર્ગ પામવો છે... કોઈ રીતે તીર્થંકરદેવનો માર્ગ પામવો છે. હવે જોયું કે મારા ગુરુ પાસે તો કોઈ આત્મજ્ઞાન છે નહિ. ત્યારે શું કરવું? કે શાસ્ત્રો જોવા. તો શાસ્ત્રો એમણે વાંચ્યાં. શાસ્ત્રો વાંચવામાંથી એક નવો ફણગો ફૂટ્યો કે સ્થાનકવાસીના ૩૩ આગમ વાંચ્યા તો એમાં પ્રતિમાની સ્થાપનાનો વિષય એમણે જોયો. એટલે એ વિચારક હતા, સ્વતંત્ર વિચારક હતાં એટલે એમણે વિચાર્યું કે તો પછી આપણા સંપ્રદાયમાં આગમ અનુસાર માન્યતા નથી એનું શું?

એટલે એક વૃદ્ધ બીજા સાધુ પાસે ગયા. પોતે યુવાન ઉંમરમાં હતાં. બાવીસ-ત્રેવીસ વર્ષની. વૃદ્ધ સાધુ પાસે ગયા. પુરુષોત્તમલાલજી કરીને હતા. વાત કરતા હતા. પોતે જ વાત કરી છે એમણે કે પુરુષોત્તમલાલજી પાસે હું ગયો, વાત કરી કે મહારાજ! આપણા શાસ્ત્રમાં તો પ્રતિમાજીની સ્થાપનાનું વિધાન છે અને આપણે તો માનતા નથી. એટલે પહેલા તો એમને મિસગાઈડ કરવાનો પ્રયત્ન કર્યો કે એ તો યક્ષની પ્રતિમાની સ્થાપનાની વાત ચાલી છે. તો કહે ના, ના, આ જગ્યાએ વાત છે અને ત્યાં તીર્થંકરદેવની પ્રતિમાની વાત ચાલી છે એમ સ્પષ્ટ નીકળે છે. કહો તો હું આપને કાઢીને બરાબર કહી શકું એમ છું.

ત્યારે ઓલા મહારાજ તો સમજી ગયા કે આ વ્યક્તિ મિસગાઈડ થઈ શકે એવી નથી. એટલે એમણે કબુલ કરી લીધું. એમણે જે પોતાની ભાષામાં વાત કરી એવી રીતે વાત કરી, કે પુરુષોત્તમલાલજીએ મને એમ કીધું, કે જો ભાઈ કાનજી! વાત તો તારી સાચી છે, મારે બીજી દલીલ કરવાની રહેતી નથી. પણ આપણા સંપ્રદાયમાં પ્રતિમાનું નામ લઈએ તો આપણે માર ખાવો પડે, મારીને કાઢી મૂકે અને કાલથી આપણે રોટલા-પાણી વ્હોરાવાનું બંધ થઈ જાય. એટલે આપણે બોલી શકાય એવી જગ્યા નથી સંપ્રદાયમાં.

પોતે વિચારમાં પડી ગયા કે મેં તો કાંઈ રોટલા-પાણી માટે તો દીક્ષા લીધી નથી, મેં તો આત્મકલ્યાણ માટે લીધી છે. મારા ઘરે તો રોટલા હતાં. પોતે દુકાને બેસતા હતા. વીસ વર્ષની ઉંમર સુધી દુકાને બેઠા છે. પણ એમાં વાંચન વધારે કરતા એ. પુસ્તકો વાંચતા અને વાંચન કરતાં. એટલે એમને એમ થયું કે ચાલો, આ સંપ્રદાયમાં

તો જાણે પોલ છે. એ એવો શબ્દ બોલ્યા, મને એવો વિચાર આવ્યો કે આ સંપ્રદાયમાં કોઈ આત્માર્થી નથી. સાધુ તો નથી, સમ્યગ્દૃષ્ટિ તો નથી પણ કોઈ આત્માર્થી નથી. આત્માર્થી હોય તો શાસ્ત્ર વિરુદ્ધ સિદ્ધાંત સ્થાપે નહિ. આ શાસ્ત્ર વિરુદ્ધ સિદ્ધાંત સ્થાપ્યા છે અને આ લોકો ખોટે માર્ગે ચાલે છે. ભગવાનની પ્રતિમાને ઉડાડ્યા છે. એટલે અંદર તો તિરાડ પડી ગઈ. પછી બત્રીસ આગમ દેરાવાસીના વાંચ્યા એટલે પિસ્તાલીસે પિસ્તાલીસ પૂરા કર્યાં. તેત્રીસ અને બાર પિસ્તાલીસ. બાર આગમ જે બાકી હતા એ પણ વાંચ્યા. માર્ગ ન મળ્યો, માર્ગ ન મળ્યો. પછી દિગંબરનાં શાસ્ત્ર વાંચવાનું શરૂ કર્યું. એમાં મોક્ષમાર્ગ પ્રકાશક હાથમાં આવ્યું. જ્યાં સમયસાર હાથમાં આવ્યું, પછી માર્ગ મળ્યો એમને. એ માર્ગ મળવાના બે કારણ હતાં. પૂર્વ સંસ્કાર લઈને આવેલા સીમંધર ભગવાનની વાણી સાંભળી ત્યારે અને અહીંયાં માર્ગની શોધ ઉપડી એમની. એટલે પાત્રતાની તૈયારી થઈ ગઈ.

એટલે સમયસાર વાંચનાર, આપણે ટુ ધી પોઈન્ટ વાત એટલી છે. સમયસાર વાંચનાર અંતર્મુખના માર્ગની શોધમાં હોય, એકદમ માર્ગની શોધમાં હોય તો પામી જાય. પણ સંસ્કારી હોય તો. નહિતર એ સમયસાર સમજાવનાર સમયજ્ઞાની સત્‌પુરુષ, જ્ઞાનીપુરુષ જોઈએ. નહિતર સમયસાર વાંચીને પણ તૈયારી હોય તોય ન પામે. એનો બીજો દૃષ્ટાંત સોગાનીજી પોતે છે. સોગાનીજી તો દિગંબર સંપ્રદાયમાં હતાં. તૈયારી ઘણી હતી. સમયસાર આદિ વાંચ્યા હતા. સમજવા માટે વિદ્વાનને રોકીને પણ વાંચ્યા હતાં. પીઢ વિદ્વાન રાખેલા. આર્થિક પરિસ્થિતિ નબળી હતી તો પણ વિદ્વાનને પસંદ કરીને એને પગાર આપીને એની પાસે સમજવા બેસતા હતા. ન પામી શક્યા. ગુરુદેવ પાસે આવ્યા તો એક જ દિવસમાં પામ્યા. કેમકે તૈયારી પૂરતી હતી. એટલે આમાં કેટલાં ફેકટર કામ કરે છે!

સમયસાર જેવી વાણી, સમયસાર જેવી ગ્રંથ રચના જોઈએ. કેમકે એ શાસ્ત્ર જ એવું છે કે તૈયારીવાળો જીવ આવે તો પામી જાય. અને ઈ લેવલનું, ઈ કક્ષાનું, ઈ ટોપીકનું, એ શાસ્ત્ર લખાયેલું છે. એટલે એમ લખ્યું છે, તેમનું આ એક સમયસાર બસ છે. એમાં એટલી વાત છે. પણ સબ્જેકટ ટુ કંડિશન, કાં તો સંસ્કારી જીવ જોઈએ, તો પામી જાય, તો બસ છે અને કાં તો એ શાસ્ત્ર સમજાવનાર કોઈ જ્ઞાનીપુરુષ જોઈએ. તો સમયસાર બસ છે.

'તેમાં એક આત્મા-આત્માની જ વાત આવે છે.' તેમાં આત્મા આત્મા પામી જાય એ જ વાત આવે છે. આત્મા પોતાના સ્વરૂપને પામી જાય. બે આત્મા લીધા. એક તૈયારીવાળો આત્મા અને એક સ્વરૂપભૂત આત્મા. એમાં આત્મા-આત્માની જ

વાત આવે છે. તૈયારીવાળો જીવ આવો હોય. એને પ્રાપ્ત થવામાં એને સમજાવ્યું છે કે આ કર્તાબુદ્ધિ છૂટવી જોઈએ, ભોક્તાબુદ્ધિ છૂટવી જોઈએ. આધારબુદ્ધિ છૂટવી જોઈએ, સુખબુદ્ધિ છૂટવી જોઈએ અને પોતાપણાની બુદ્ધિ—એકત્વબુદ્ધિ છૂટવી જોઈએ.

'ગુરુદેવે તેના ભાવો સ્પષ્ટ કરીને મુક્તિના માર્ગને થંભાવી રાખ્યો.' શું કીધું? મુક્તિનો માર્ગ ચાલ્યો જતો હતો. ગુરુદેવ જેવા કદાચ ન થયા હોત તો માર્ગ ચાલ્યો ગયો હોત. એમ. એટલે એમણે રોકી રાખ્યો માર્ગને. અમે છીએ, ઘરાક છીએ, હજી આ માર્ગના ઘરાક છીએ. એમણે એ માર્ગને થંભાવ્યો છે. આમ તો ભગવાન મહાવીરસ્વામી પછી એકદમ જૈનદર્શનનો ડાઉનફોલ શરૂ થયો, એકદમ ડાઉનફોલ શરૂ થયો. જો કે દરેક તીર્થંકર પછી અને દરેક યુગપુરુષ પછી, તીર્થંકર પણ યુગપુરુષ છે અને ગુરુદેવ જેવા સમર્થ પુરુષ થાય તો એ પણ યુગપુરુષ જ છે. દરેક યુગપુરુષ જ્યારે અહીંથી ચાલ્યા જાય, નિર્વાણને પામે ત્યારપછી એકદમ ડાઉનફોલ આવે છે. કેમકે એમની જગ્યા પૂરી શકે એવા કોઈ સમર્થ પુરુષ પાછળ હોતા નથી કે એમના પેગડામાં પગ રાખી શકે. એટલી કેપેસિટી હોતી નથી નીચેવાળામાં.

બીજું, કેવળજ્ઞાન અનુસાર આ ઉતરતો કાળ છે. હુંડાવસર્પીણી કાળ છે. એક તો હુંડાવસર્પીણી એટલે ખરાબ છે અને અવસર્પીણી એટલે ઉતરતો છે. બેય વાત છે. એટલે પણ નીચી કોટીના જે જીવો હોય છે એના તોફાન બધા શરૂ થઈ જાય છે. એટલે એ રીતે પણ માર્ગનું જે દર્શન છે, સંપ્રદાય છે, એનું પિક્ચર આખું ખરાબ થઈ જાય છે. ભગવાન મહાવીરસ્વામી પછી ઈતિહાસ જોઈએ તો લગભગ ત્રણસો વર્ષે બાર દુકાળ પડ્યા અને એ વખતે જે સમર્થ આચાર્યો હતા એમણે આજ્ઞા કરી કે મુનિદશા અહીંયાં સ્થિર રહી શકે એવા ઉત્તર હિંદુસ્તાનમાં, મધ્ય હિંદુસ્તાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રહ્યા નથી એટલે એ ત્રણસો-સવા ત્રણસો વર્ષનાં ગાળામાં મોટા ભાગના દિગબંર મુનિઓ દક્ષિણમાં ચાલ્યા ગયા, કર્ણાટક અને તામિલનાડુમાં. કેટલાંક આજ્ઞામા ન રહ્યાં એ અહીંયાં રોકાઈ ગયાં. અહીંયાં દિગંબર અવસ્થામાં એ રહી શકે અને મુનિદશા ટકી શકે એ પરિસ્થિતિ રહી નહિ. એટલે શિથિલ થઈને પણ એમણે પોતાનું મુનિપણું ચાલુ રાખ્યું. અને એવા શિથિલપણામાં પણ મુનિપણું ચાલુ રહી શકે છે એ વાત એમણે સ્થાપવાની શરૂ કરી. નહિતર પોતે એ સ્થિતિમાં રહી ન શકે. પછી એમાંથી શિથિલાચાર વધતાં... વધતાં... વધતાં... અત્યારની જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિ પરિગ્રહયુક્ત મુનિપણું ચાલુ થઈ ગયું.

કહેવાનો મતલબ શું છે? કે એ જે ડાઉનફોલ આવ્યો સંપ્રદાયનો, જૈન સંપ્રદાયનો એમાં કુંદકુંદાચાર્ય લગભગ પાંચસો વર્ષે થયા. શ્વેતાંબર સંપ્રદાય નીકળી ગયાને બસો

વર્ષ થઈ ગયા હતા. એટલે એમણે અધ્યાત્મનો વિષય ઉપાડ્યો. એ પહેલાં થોડાક ટાઈમે ધરસેનાચાર્ય વગેરે સમર્થ આચાર્ય થયેલા, પણ એમણે કરણાનુયોગનો વિષય લીધેલો અને એના શાસ્ત્રો બનાવ્યા. એને દિગંબર સંપ્રદાયનું પ્રથમ શ્રુતસ્કંધ કહ્યું છે અને દ્વિતીય શ્રુતસ્કંધમાં અધ્યાત્મ શાસ્ત્રની રચના કુંદકુંદાચાર્યદેવે કરી. એટલે તેમાં આત્માની જ વાત આવે છે. અને સમયસારમાં તો ખાસ આત્મપ્રાપ્તિ થાય એવી જ વાત આવે છે.

'ગુરુદેવે તેના ભાવો સ્પષ્ટ કરીને મુક્તિના માર્ગને થંભાવી રાખ્યો.' ૨૦૦૦ વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યદેવે થંભાવી રાખ્યો. તેમની પણ આગળ અને પાછળ ઘણાં સમંતભદ્રસ્વામી, અકલંકસ્વામી વગેરે સમર્થ આચાર્ય થઈ ગયા. એ દિગબંર આચાર્યોએ જંગલમાં રહીને પણ જેમ આકાશને કોઈ ટેકા આપે, આભના થોભની જેમ એમણે મૂળ માર્ગને થંભાવી રાખ્યો.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગના પ્રણેતા આ અમે ઉભા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અમૃતચંદ્રાચાર્ય થયા એ ૯૦૦ વર્ષ પહેલાં થયાં. કુંદકુંદાચાર્ય પછી ૧૧૦૦ વર્ષે થયા. એ પણ બહુ સમર્થ આચાર્ય થયા. એમણે પણ કુંદકુંદાચાર્યદેવના શાસ્ત્રોની ટીકા કરીને પોતે પણ પુરુષાર્થસિદ્ધિ ઉપાય વગેરે કેટલીક સ્વતંત્ર રચના કરી છે. પંચાધ્યાયી કદાચ એમનું માનવામાં આવે છે-અમૃતચંદ્રાચાર્યનું. કોઈ અમૃતચંદ્રાચાર્યનું માને છે, કોઈ રાજમલજીનું માને છે. એ બધા મહાપુરુષોએ, જ્ઞાનીપુરુષોએ માર્ગને થંભાવી રાખ્યો.

'આ પંચમકાળના જીવો સમજે નહિ અને બીજા ધર્મમાં ખેંચાઈ જાય છે.' મૂળ માર્ગને સમજતા નથી અને બીજા ધર્મમાં ખેંચાય જાય છે. મોટા ભાગના સામાન્ય જે જીવો હોય છે સમાજમાં એ દેખાદેખીથી ધર્મ પાળે છે અને દેખા-દેખીમાં કયારે કોઈ કયા સંપ્રદાયમાં ચાલ્યું જાય એનું કોઈ ઠેકાણું રહેતું નથી. ૨૦૦ વર્ષ પહેલાં સહજાનંદસ્વામી થયા. નીકળ્યા હતા તો છપૈયામાંથી. છપૈયા આવ્યું કાનપુર પાસે, કનૌજ કાનપુર છેને? કનૌજ પાસે છપૈયા કરીને ગામ છે. મૂળ ત્યાંના છે. હિન્દીભાષી છે. પણ આવ્યા આ બાજુ. આ બાજુ આવ્યા પછી કોઈ પુણ્યના ઉદયે ઘણા લોકો એમને અનુસરવા લાગ્યા. એમાં ખાસ કરીને ગઢડામાં એક દાદાખાચર કરીને કાઠી દરબાર હતા. આ કાઠિયાવાડ એટલા માટે કહેવાણું કે અહીંયાં કાઠી દરબારો ઘણા હતાં. નાના-નાના રાજ રજવાડા અને બધા કાઠી દરબારો ઘણાં હતાં. અને એ એમનાં અનુયાયી હતાં. આજે જુઓ તો ગઢડા આજુબાજુના પચાસ-સો ગામમાં, પચાસ-સો ગામડામાં આખા-આખા ગામડા સ્વામિનારાયણ સંપ્રદાય પાળતા થઈ ગયાં છે.

આખે-આખા ગામડા.

કારતક સુદ અગિયારસે સમૈયો ભરાય છે. સમૈયો એટલે મેળો ભરાય છે ધાર્મિક મેળો. હજારો માણસો આવે. પણ ક્યાંથી આવે? નજીકના ગામડાઓમાંથી. દૂરથી થોડાં આવે. બાકી હજારો માણસો ક્યાંથી થઈ ગયા? કે આજુબાજુના ગામડામાં બધાય સ્વામિનારાયણ ધર્મ પાળે છે. મને તો ક્યાંથી ખબર પડી? અમારે ખાતરનો ધંધો હતો. જીપ લઈને એ ગામડામાં, બધા ગામડામાં, ભાવનગર જીલ્લાના ગામડામાં ફર્યા છીએ. તો મોટા-મોટા ખેડૂતો હોય, મોટા ડેલા હોય, મોટા મકાન હોય, શ્રી સ્વામિનારાયણ વિજયતેતરામ. ઉપર સૂત્ર લખ્યું હોય. શ્રી સ્વામિનારાયણ વિજયતેતરામ એવા શબ્દો લખે. મોટી કમાન હોય, મોટા ડેલા હોય, પણ આખા ગામડાના ગામડા. હવે એમ થવાનું કારણ શું? કે આવી રીતે મેળા ભરાય, ધાર્મિક મેળા ભરાય, એની અંદર જમવાનું, કરવાનું, બધું ફ્રી હોય. અને લોકો દેખાદેખીથી એની અંદર ભક્તિ કરે, પૂજા કરે, ભજન કરે અને ગાડરિયા પ્રવાહની જેમ લોકો તણાઈ જાય. એમ અને જેમ લેવલ નીચું, ધર્મનું જેમ લેવલ નીચું, તત્ત્વજ્ઞાન અને આચારનું એટલે આચાર અને વિચાર સાદી ભાષામાં કહીએ તો, આચાર-વિચારનું જેટલું લેવલ નીચું એટલી સંખ્યા વધારે. તમે (જોજો) ટોપ લેવલના તત્ત્વજ્ઞાન વક્તા આવે તો એને સાંભળવાવાળા ઓછા આવે.

ગુરુદેવ અહીંયાં આવતાં તો ટાઉનહોલમાં આપણે (વ્યાખ્યાન) રાખતા તો એ હજાર-પંદરસો માણસ સાંભળવામાં ભેગા થતા. કેટલાં? હજાર-પંદરસો માણસ. આમ ટાઉનહોલ ભરાય પણ બધાં છુટા-છુટા બેઠા હોય. મોરારીદાસ આવે તો એક લાખ માણસ સાંભળવા ભેગું થાય. કેમ? કે મુલ્લા નસરુદીનની જોક ઈ ફેંકે. ગુરુદેવ કાંઈ મુલ્લા નસરુદીનની જોક ફેંકવાના નથી. લોકોને મનોરંજનથી આકર્ષણ થાય છે. તત્વજ્ઞાનમાં મનોરંજન એટલું નથી, શુષ્ક લાગે. લૌકિક દૃષ્ટિએ શુષ્ક લાગે. આધ્યાત્મિક દૃષ્ટિએ રસવાળું લાગે, પણ અધ્યાત્મની સમજણ ન હોય એને શુષ્ક લાગે. એટલે એટલા બધાં માણસો ન ભેગા થાય. અને એ તો ચાર દાડા હોય એટલે પંદરસો માણસ આવે. જો ગુરુદેવ કાયમ અહીંયાં નિવાસ કરે તો એ ત્રણસો-ચારસો જ રહે પાછા, કાંઈ પંદરસો ન ટકી શકે. એટલે જેમ લેવલ ઊંચું એમ (સંખ્યા ઓછી). કેમકે ઊંચી સમજણ શક્તિ અથવા એ જાતની ક્વોલિટી બહુ ઓછા જીવોમાં હોય છે.

આજે પણ દિગંબર સંપ્રદાય કરતા શ્વેતાંબર સંપ્રદાય ફાલ્યો, ફૂલ્યો છે. શ્વેતાંબર સંપ્રદાય કરતાં પણ વૈષ્ણવ સંપ્રદાય જેની અંદર શ્રૃંગાર અને ભોગપ્રધાન ધર્મ છે, ભોગ હેતુ ધર્મ છે. ઉપવાસ કરો (અને) બરફી ખાવ, પેંડા ખાવ, બદામ ખાવ,

કાજુ ખાવ, મેવો ખાવ, માવો ખાવ. અનાજ ન ખાય પણ મેવો, માવો એ બધું ખાય શકાય. શ્રીખંડ ખાવ, સાદી પુરી નહિ તો રાજગરાના લોટની પુરી (ખાય).

જૈનમાં ઉપવાસ કરવો હોય તો નકોડો ઉપવાસ કરવો પડે. અને ત્યાં (વૈષ્ણવ) રોજ ખાતા હોય એથી સવાયું-ડોઢું ખાવાનું થાય ઉપવાસના દિવસે. પછી આરામથી ઊંઘી જવાનું. કેમકે આજે ઉપવાસ છે એટલે દુકાને જવાનું ન હોય. દોઢું-બમણું ખાયને સૂઈ જાય. તહેવારનો દિવસ છે. આજે તો રામનવમી છે, કૃષ્ણાષ્ટમી છે. આજે કાંઈ દુકાન ન હોય. એટલે બજારમાં પણ જાહેર તહેવારને હિસાબે બજારો બંધ હોય. સંખ્યા ત્યાં એથી વધારે છે. જૈનો કરતાં પણ હિન્દુઓની સંખ્યા એથી વધારે છે. મુસલમાનોની સંખ્યા એથી વિશ્વમાં વધારે છે. ક્રિશ્ચનોની સંખ્યા એથી વધારે છે. જેમ લેવલ નીચું આચાર-વિચારનું (તેમ સંખ્યા વધારે). કેમકે એ લોકોને તો માંસ-મટન ખાવામાં એમનાં ધર્મમાં વાંધો નથી. એમનાં ધર્માચાર્યો પણ ખાય. બૌદ્ધ ધર્મનો ફેલાવો વધારે થયો. કેમકે એના સાધુઓ પણ માંસ ખાય છે. આમ તો એ અહિંસા પ્રધાન છે, છતાં પણ ત્યાં એ વાત નથી. તો જેમ લેવલ આચાર-વિચારનું નીચું એમ સંખ્યા વધે. આ એક આજની લોકોના સમાજની, ધાર્મિક સમાજની આ જનરલ ટેન્ડેન્સી આ છે. એટલે અહીંયાં એમ કહે છે કે, '**આ પંચમકાળના જીવો સમજે નહિ અને બીજા ધર્મમાં ખેંચાઈ જાય છે...**'

'**પણ જૈનમાં બધું છે,...**' જૈન સંપ્રદાયમાં આત્મકલ્યાણ કરવું હોય તો બધું છે. ખાવું-પીવું, ને જલસા કરવાં હોય તો બધું નથી. બધું છે એનો અર્થ આ છે કે તમારે આત્માનો આનંદ જોતો હોય, આત્માની સુખ-શાંતિ જોઈતી હોય તો બધું છે. '**જૈનમાં આખી યથાર્થ સ્વાનુભૂતિ ભરેલી છે.**' સ્વાનુભૂતિનો વિષય જૈનદર્શન સિવાય નથી અને એમાં પણ તે દિગંબર દર્શન સિવાય, દિગંબર શાસ્ત્રો સિવાય નથી. '**જૈનમાં આખી યથાર્થ સ્વાનુભૂતિ ભરેલી છે.**'

'**કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં કહ્યું કે બદ્ધસ્પૃષ્ટ ભાવો ઉપર તરે છે,**' હવે એક જનરલ વાત કર્યા પછી એમ કહે છે કે સમયસારની અંદર અબદ્ધસ્પૃષ્ટ આત્માની વાત કરી છે અને '**બદ્ધસ્પૃષ્ટ ભાવો ઉપર તરે છે, તારી અંદર પ્રવેશ કરતા નથી.**' તું એટલે અબદ્ધસ્પૃષ્ટ આત્મા—કર્મથી અને રાગાદિ ભાવોથી નહિ બંધાયેલો, નહિ સ્પર્શાયેલો એવો. જે કર્મની સાથે સબંધ ધરાવતા વિભાવ ભાવો છે એ બધાં બદ્ધસ્પૃષ્ટ ભાવો છે, બંધાયેલા ભાવો છે. નવો બંધ કરે છે અને એને રાગનો સંયોગ છે. એ બધા ભાવો મૂળ સ્વરૂપની ઉપર તરે છે, મૂળ સ્વરૂપની અંદર એનો પ્રવેશ નથી થયો.

'એક શાશ્વત આત્મા છે એ જ ભૂતાર્થ છે.' એક શાશ્વત આત્મા છે એ એક જ ભૂતાર્થ એટલે શાશ્વત ટકતું તત્ત્વ છે. સત્ય સ્વરૂપ એ છે. આત્માનું સત્ય સ્વરૂપ એ છે. અર્થ એટલે પદાર્થ. ભૂતાર્થને આપણે સ્પષ્ટ કરીએ તો અર્થ એટલે પદાર્થ. અને ભૂત એટલે હોવાપણે રહેલો પદાર્થ. ભૂત એટલે આ ભૂતપ્રેત નહિ. ભૂ-ભવ ટુ બી. મૂળ ધાતુ સંસ્કૃતમાં ભૂ ધાતું છે. ભૂ ભવ, ભવ એટલે હોવું, થવું. ભૂનો અર્થ હોવું એટલે થવું. ભૂત એટલે રહેલો, થયેલો, રહેલો. શાશ્વતપણે રહેલો જે આત્મા છે, અર્થ એટલે પદાર્થ છે એને ભૂતાર્થ પદાર્થ કહે છે, એને સત્યાર્થ પણ કહે છે. સત્ય એટલે સત્તા. સતા નામનો ગુણ છે એને સત્ય કહેવામાં આવે છે. સત્ય એટલે સાચું બોલવું એ વાત નથી અહીંયાં. સત્તા છે એ એક પર્યાય છે. હયાતી ધરાવતી પર્યાયને સત્તા કહે છે અને એના ગુણને સત્ય કહે છે. એ ગુણવાચક નામ છે, ઓલુ પર્યાયવાચક નામ છે. સત્તા છે એ પર્યાયવાચક નામ છે અને સત્તાનો ગુણ છે એને સત્ય કહે છે. એ ગુણવાચક નામ છે. એટલે આત્મા સત્યાર્થ છે. સત્તા ધરાવતો પદાર્થ છે. ભૂતાર્થ પણ છે અને સત્યાર્થ પણ છે. બંને એકાર્થમાં જાય છે.

'એક શાશ્વત આત્મા છે એ જ ભૂતાર્થ છે.' એ જ સત્યાર્થ છે. **'સમયસારમાં સ્વાનુભૂતિની કેટલી મહિમા આવે છે!'** હવે જે આત્માને અનુભવ થાય એ અનુભવની મહિમા ગ્રંથ-ગ્રંથોમાં તો છે જ, બધા ગ્રંથોમાં છે પણ સમયસારમાં તો વિશેષે કરીને છે. કેમકે એ ગ્રંથ જ એ મુદ્દા ઉપર લખાયેલો છે. કોઈપણ સંસારમાં પરિભ્રમણ કરતો જીવ યોગ્યતા અથવા પાત્રતા પામીને સ્વાનુભવને પ્રાપ્ત કરે, મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે, ઈ એક જ વ્યૂ પોઈન્ટ ઉપર આખા શાસ્ત્રની રચના છે. એટલે એમાં સ્વાનુભૂતિની ઘણી મહિમા કરી છે. ઘણી મહિમા કરી છે એટલે? પંદરમી ગાથામાં એમણે એમ કહ્યું કે **'अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं'**. જે આત્મા સ્વાનુભૂતિને પ્રાપ્ત થાય છે એ સ્વાનુભૂતિ છે તે સકળ જૈનશાસન છે. કેવું છે? સકળ જૈનશાસન છે. જૈનશાસન અધૂરું નહિ, ખંડિત નહિ, પૂરેપૂરું. સંપૂર્ણ જૈનશાસન ક્યાં સમાય છે? સ્વાનુભવમાં સમાય છે. એ એમણે પંદરમી ગાથામાં વાત કરી છે. એટલો મહિમા એમણે સ્વાનુભૂતિની દશાનો કર્યો છે.

'સમયસારમાં સ્વાનુભૂતિની કેટલી મહિમા આવે છે! પણ તેનો મર્મ ગુરુદેવે બહાર કાઢ્યો.' શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, સમયસારમાં માર્ગ કહ્યો છે એટલે પોતે પામ્યા પણ મર્મ તો જ્ઞાનીઓના હૃદયમાં રહે છે. મર્મ શાસ્ત્રમાં નથી. મર્મ એટલે શું? કે એનું રહસ્ય, એની સિક્રેટ અથવા એનો પરમાર્થ. શબ્દાર્થ તમે શબ્દોથી સમજી શકો, ભાવાર્થ પણ તમે શબ્દોથી સમજી શકો, નયવિવિક્ષા આવડતી હોય તો નયાર્થ પણ તમે સમજી

શકો. દર્શનોનું, અન્ય-અન્ય દર્શનોનું અને જૈન દર્શનનું કમ્પેરેટિવ નોલેજ હોય તો તમે એનો દર્શનાર્થ પણ સમજી શકો.

શબ્દાર્થ, ભાવાર્થ, દર્શનાર્થને મતાર્થ કહે છે આમ તો. જૈનમત આમ કહે છે, તીર્થંકરદેવનો મત આવો છે, અન્યનો મત આવો છે. એને મતાર્થ કહે છે. શબ્દાર્થ, ભાવાર્થ, મતાર્થ, નયાર્થ એ બધાં અર્થ સમજાય. પરમાર્થ સમજાવો મુશ્કેલ છે. પરમાર્થમાં જે રહસ્ય છે એ રહસ્યાર્થ જ્ઞાની જ સમજાવી શકે. એમ કેમ છે? આવા કુંદકુંદાચાર્ય જેવા સમર્થ આચાર્ય છે, એ રહસ્યને અને પરમાર્થને કલમમાં ન ઉતારી શકયા? તો કહે કોઈ ન ઉતારી શકે. કેમ? કે એ વિષય પ્રેક્ટિલ સાઈડનો છે અને શાસ્ત્ર છે એ વ્યાખ્યાન છે. વ્યાખ્યા છે એમાં ડેફીનેશન આવે. ડેફીનેશન એક જુદી વાત છે, પ્રેક્ટિકલ એક જુદી વાત છે.

સાયન્સના વિદ્યાર્થી હોય એ આ વાત સારી રીતે સમજી શકે. સાયન્સના વિદ્યાર્થીઓ પુસ્તકો વાંચીને સાયન્સ ન સમજી શકે અથવા એને જે કાંઈ સમજવું છે એ ન સમજી શકે. એને પ્રેક્ટિકલ કરવા જ પડે. ખુદ ડૉક્ટર પ્રેક્ટિકલ કરતાં-કરતાં ડૉક્ટર થાય તોપણ એને ઈન્ટર્નશીપ કરવી પડે. અને વકીલ, જજ થાય તોપણ એને બે વર્ષ પ્રક્ટિસ મીનીમમ કરવી પડે. પછી એને જજની પરીક્ષા આપીને જજની ખુરશી ઉપર બેસાડે. એટલે જે અમુક પ્રેક્ટિકલ નોલેજ છે, આત્મજ્ઞાન છે, એ પ્રેક્ટિકલ નોલેજમાંથી ઉત્પન્ન થયેલું પ્રેક્ટિકલ જ્ઞાન છે. એ માત્ર વ્યાખ્યાથી ન સમજાય.

સંસ્કારી જીવને તો પહેલાં થોડી પ્રેક્ટિસ, પ્રેક્ટિકલ જ્ઞાનની અને પ્રેક્ટિસની પરિસ્થિતિ પૂર્વ ભવમાં પણ થઈ ગયેલી છે એટલે શાસ્ત્રથી પામે છે. બાકી અનાદિનો અજ્ઞાની જીવ કોઈ શાસ્ત્રથી ન પામી શકે. પ્રેક્ટિકલ નોલેજ માટે પ્રત્યક્ષ જ્ઞાની જોઈએ અને એની પાસેથી એને પ્રેક્ટિકલ નોલેજ એ પોતે જે અંદરમાં પ્રેક્ટિસ કરતા હોય છે, એના ઉપરથી એ સમજાવી શકે છે, બતાવી શકે છે, દર્શાવી શકે છે. અને યોગ્યતાવાળો જોઈ શકે છે. બધાય જોઈ શકતા નથી. એટલે બધાને જ્ઞાની મળે છે અને બધા પામે છે એમ નથી. એમાં પણ એ શરત છે કે પોતાની અમુક કક્ષાની પાત્રતા હોવી ઘટે છે.

'પણ તેનો મર્મ ગુરુદેવે બહાર કાઢ્યો. સમયસારની અંદર હીરા પડ્યા છે, પણ તે હીરાને ઓળખાવનાર ગુરુદેવ હતા.' જુઓ! કેવી સરસ વાત લીધી છે! હીરાને આખી દુનિયા હીરા કહે છે પણ ઓળખે છે ઝવેરી. બધા ઓળખે છે? ન ઓળખે. શ્રીમંત માણસ હીરાના દાગીના પહેરતા હોય અને એની પાસે એની વીંટીમાં હીરો હોય બહુ મોટો સરસ પણ એની કિમંત કેટલી એ પોતે ન આંકી શકે. એને ઝવેરીને

આપવો પડે કે ભાઈ, આની કિંમત અત્યારે બજારભાવે શું ગણવી? એ ઝવેરીનું કામ છે, એ પહેરનારનું કામ નથી. એમ સમયસાર વાંચે, સમયસારનો મહિમા બધા કરે, પણ એનો મર્મ જ્ઞાનીઓ સમજે છે. અને એને ઓળખાવનાર સમયસારમાં કેવા-કેવા હીરા પડ્યા છે એ ઓળખાવનાર ગુરુદેવ હતા. આ ચર્ચા ગુરુદેવના સ્વર્ગવાસ પછી થઈ છે. કેટલીક ચર્ચા ગુરુદેવની ઉપસ્થિતિમાં થઈ હોય, કેટલીક ચર્ચા પછી થઈ હોય. એટલે 'છે' આવે ત્યાં સમજવું કે આ ઉપસ્થિતિમાં (થઈ છે) કે ગુરુદેવ અત્યારે આપણને આમ સમજાવી રહ્યા છે, તો હયાત છે અને ચર્ચા થયેલી છે. આ પાછળથી થયેલી છે.

'આત્મામાં અનંત ભાવ ભર્યા છે, તેની ચર્ચા કરતાં પાર ન પમાય.' એક એક શક્તિની વાત પૂરી ન પડે. અનંત શક્તિની તો ક્યાંથી પૂરી પડે? **'આત્મા એક, પણ તેના ભાવો અનંત, મુક્તિમાર્ગ પણ એક છે.'** મુક્તિનો માર્ગ પણ એક જ પ્રકારે છે. 'એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ.' જેટલાં સંપ્રદાય વિભિન્ન થયા એટલા મુક્તિનાં માર્ગ નથી. જૈન કે જૈનેતર જેટલા સંપ્રદાય થયા એ કોઈ મુક્તિનો માર્ગ નથી. મુક્તિનો માર્ગ તો એક જ છે. **'ટૂંકમાં કહીએ તો એકમાં બધું આવી જાય છે ને વિસ્તાર કરો તો અનંત-અનંત-અનંત જેનો પાર ન આવે તેટલા ભાવો છે.'**

'શબ્દ સંખ્યાતા છે,' હવે જુઓ! કેમ શાસ્ત્રમાં બધું નથી આવતું? શબ્દ સંખ્યતા છે, ભાવો અનંતા છે. એટલે કેટલાક ભાવોને કહેવા માટે શબ્દો નથી. એટલે એને અનિર્વચનીય, વચન અગોચર ભાવો કહેવા પડે છે, ગુણો કહેવા પડે છે, સ્વભાવો કહેવા પડે છે. અને કેટલાકને કહેવા માટેના શબ્દો છે. **'શબ્દ સંખ્યાતા છે, પણ આત્માના ભાવો અનંત છે. શબ્દ અનંત થાય નહિ પણ ભાવો અનંત હોય.'** ભાવો અનંત હોય. શબ્દ અસંખ્યાત નથી, સંખ્યાત છે શબ્દો. એ તો લૌકિકમાં પણ અક્ષરી અને અનક્ષરી વાણી છેજ ને. તિર્યંચોની વાણી અનક્ષરી છે. વાણી તો અવાજ છે. માણસ ઉધરસ ખાય છે, બગાસુ ખાય છે, છીંક ખાય છે એ બધા અનક્ષરી અવાજ છે. એને તમે લખવામાં માંગો તો એકઝેટ કાંઈ લખી શકાય નહિ. એટલે શબ્દો તો સંખ્યાતા છે. હજી તો શબ્દોના પ્રકારમાં પણ શબ્દમાં ન આવે એવું છે તો આત્માના ભાવોની તો ક્યાં વાત કરવી? એટલા બધા ભાવો હોય છે.

'દેવો સાગરોપમકાળ સુધી ચર્ચા કરે તેમાં અનંત ભાવો નીકળ્યા જ કરે. ચર્ચા કરતાં કરતાં તેમને તૃપ્તિ થતી નથી.'

મુમુક્ષુ :- અત્યારે કરતા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વર્ગમાં ત્રણેય કાળ ચાલે છે. ત્રણેય કાળ ત્યાં જ્ઞાનીઓ હોય છે અને ત્રણેય કાળ ત્યાં ચર્ચાઓ ચાલતી હોય છે.

'તો પણ આત્માના અનંત ભાવો ખૂટતા જ નથી. સાગરોપમકાળ સુધી ચર્ચા કર્યા કરે તો પણ...' એ ચર્ચા પૂરી થતી નથી. **'ગુરુદેવ જ્યારે બોલે ત્યારે જુદા જ ભાવો કહેતા હોય એવું લાગે છે,...'** એમને અપૂર્વ અપૂર્વ લાગ્યા કરતું હતું. ગુરુદેવની વાણી અપૂર્વ છે, એમના ભાવો અપૂર્વ છે. બધું અપૂર્વ-અપૂર્વ જ લાગ્યા કરતું હતું. કેમ? કે પોતાને અહીંયાં અપૂર્વ-અપૂર્વ આત્મભાવોની ઉત્પત્તિ થયા કરતી હતી. અને એ ઉત્પત્તિમાં ગુરુદેવ નિમિત પડતા હતા. એટલે અહીંથી નહોતા લેતા. મને અપૂર્વ ભાવ થાય છે એમ નહોતા કહેતાં. ગુરુદેવ અપૂર્વ ભાવો સમજાવે છે એમ કહેતા હતા અને એમની કૃપાથી અહીંયાં પરિણમન ચાલે છે. એમ લેતા હતા.

મુમુક્ષુ :- આમાં એમની ભક્તિ કરતા જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભક્તિ તો કરે છે. એ તો કોઈપણ જ્ઞાની પોતાના ગુરુની, જિનેન્દ્રની ભક્તિ કરતાં કરતાં જ વ્યાખ્યાન કરતા હોય છે. એટલે વ્યાખ્યાનનો એક પાર્ટ છે. ભક્તિ છે એ વ્યાખ્યાનનો એક ભાગ છે, વિભાગ છે. એ આવ્યા વગર રહે નહિ.

'ગુરુદેવ જ્યારે બોલે ત્યારે જુદા જ ભાવો કહેતા હોય એવું લાગે છે, તો ભગવાનની વાણીનું તો શું કહેવું!!' એ તો દિવ્યધ્વનિ છે. એક સાથે બધું પીરસે છે. છદ્મસ્થની વાણી તો વારાફરતી એક-એક પડખા સમજાવે. આ તો ચારે પડખા એકસાથે આવે દિવ્યધ્વનિમાં તો. **'આ ચૈતન્યદેવ અનંત ગુણરત્નાકરથી ભરેલો છે.'** આકર એટલે સમુદ્ર. ગુણરત્નોના સમુદ્રથી ભરેલો છે ચૈતન્યદેવ આત્મા. **'જેના અનંત ગુણનો પાર ન આવે, તેવા ચૈતન્ય રત્નાકરદેવની તો શું વાત કરવી!'** એની તો વાત કોઈ પૂરી પડે એવું નથી. એવો મહિમાવંત પદાર્થ છે, એવો મહિમાવંત પદાર્થ છે કે અનુભવ કરનારને એનો મહિમા ફાટ-ફાટ મહિમા આવે છે. લખે છેને દોલતરામજી? કે 'ઘટ અંતર ન સમાય.' અમારા અંદરના ઘટમાં ઘડા જેવી અમારી પર્યાય છે અને મહિમા તો બહુ મોટો છે, ક્યાંથી સમાય? ઘડામાં સમુદ્ર ક્યાંથી સમાય? સમુદ્ર જેટલો મહિમા છે અને અમારો પર્યાય અંતર ઘડા જેટલી છે. એ ઘડામાં સમુદ્ર કેવી રીતે ભરી લેવો?

'તેવા ચૈતન્ય રત્નાકરદેવની તો શું વાત કરવી! તે જગતથી જુદો છે, ને સ્વાનુભૂતિ થાય ત્યારે અનુભવમાં આવે.' એ અખંડ આત્મા જેવો કેવળજ્ઞાનમાં અનુભવમાં આવે છે એવો જ અહીંયાં નીચે ચોથા ગુણસ્થાને પણ અનુભવમાં આવે છે. એટલે સમયસારની

વાત છે. પ્રશ્ન તો એમાંથી ચાલ્યો છેને? કે બીજા જપ-તપ-ધ્યાન-વાંચન બધાં કર્યા પણ સમયસાર વાંચ્યા પછી એમ લાગ્યું કે એ બધા અમે ખોટે રસ્તે હતા. જપ, તપ, ધ્યાન, વાંચન, જ્ઞાનીઓ, મુનિઓ કરે છે, પણ એની નકલ કરે કાંઇ આવડે નહિ. અંદરથી મર્મ પકડીને જે ક્રમથી અને જે વિધિથી માર્ગ પ્રાપ્ત કરવો જોઇએ એ સિવાય એનો બીજો પ્રકાર છે એમ બની શકે નહિ. અહીં સુધી રાખીએ.

આશય :- જીવ પોતાની મતિકલ્પનાથી જપ, તપ, ધ્યાન અને શાસ્ત્ર વાંચન કરે તો તેથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી. પૂર્વ કાળમાં ઉક્ત પ્રકારના ધર્મસાધન જીવે અનંત વાર કર્યા છે. પરંતુ મોક્ષમાર્ગ પામવા માટે જ્ઞાની ગુરુ જોઈએ, તે સિવાય સ્વાનુભૂતિ પ્રધાન અને જેનું રહસ્ય સંસારમાં અત્યંત ગુપ્ત છે એવો મોક્ષમાર્ગ પ્રાપ્ત થઈ શકે નહિ. શાસ્ત્રમાં વ્યાખ્યા છે માર્ગની પરંતુ....

પ્રશ્ન-૬૯

પ્રશ્ન :- આત્માની નિર્વિકલ્પદશા પ્રગટ કરવા માટે શું જરૂરી છે અને તે કેવી હોય તે કૃપા કરીને કહેશો.

સમાધાન :- નિર્વિકલ્પદશા માટે ઉગ્ર પુરુષાર્થની જરૂર છે. એક જ માર્ગ છે-તું સ્વભાવ તરફ જા. વારંવાર ભેદજ્ઞાન કરવાથી સહજદશા થાય છે ત્યારે વિકલ્પ તૂટીને ઉપયોગ અંતરમાં જામી જાય છે. તે એવો જામે છે કે બહારનું બધું જ ભૂલી જાય છે. આ શરીર છે કે નહિ, વિકલ્પ છે કે નહિ તે કાંઇ રહેતું નથી. તે તો જુદી જ દુનિયામાં પ્રવેશી ગયો, આત્માની કોઇ જુદી જ દુનિયામાં આવી ગયો. તેવી દશાને અનુભૂતિ કહેવાય છે. આત્માનું સ્વરૂપ કોઇ જુદું જ છે, કોઇની સાથે તેની તુલના ન થાય. આવો જે મૂળ ટકતો ભાવ છે તેમાંથી પ્રગટ થતા આનંદ, જ્ઞાન આદિ સહજ ભાવોનો અનુભવ કોઇ જુદો જ થાય છે. અનુભવ થતાં આવું કોઇ દિવસ નહોતું થયું એવું તેને લાગે છે. અપૂર્વતા

એવી લાગે કે અહો! આત્માનું સ્વરૂપ કોઇ જુદું જ છે. અનુભૂતિ અંતરમાં પ્રગટે ત્યારે આત્મામાં શ્રદ્ધાનું બળ કોઇ જુદું જ આવી જાય છે. આખી દિશા જ બદલી જાય છે. ૬૯.

તા. ૨૬-૧૧-૧૯૯૭, પ્રશ્ન-૬૯
પ્રવચન નં. ૪૦-G

સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન-૬૯મો. એક વચ્ચે બાકી રહી ગયો છે. '**પ્રશ્ન :- આત્માની નિર્વિકલ્પદશા પ્રગટ કરવા માટે શું જરૂરી છે અને તે કેવી હોય તે કૃપા કરીને કહેશો.**' નિર્વિકલ્પદશા એટલે સ્વાનુભૂતિ, એ દશા પ્રગટ કરવા માટે શું કરવું જરૂરી છે? એ દશા કેવી હોય? એવો પ્રશ્ન છે.

'**સમાધાન :- નિર્વિકલ્પદશા માટે ઉગ્ર પુરુષાર્થની જરૂર છે.**' શું કહે છે? છેલ્લે શું હોય છે? આમ તો એ પહેલાં પાત્રતાના ઘણાં સ્ટેજ છે એ બધા સ્ટેજ આવી જાય છે. એ વાત આની અંદર અધ્યાહાર છે. છેલ્લે હવે શું થાય છે એ વાત છે. મુમુક્ષુતા આરોહણ ક્રમ છે એ બધા ક્રમનો લઈ લેવો વિષય. ડૉક્ટર સાહેબ પાસે પુસ્તક ન આવ્યું હોય તો આપી દેજો. આવી ગયું છે? આ આવી ગયું છે? એમાં તો મુમુક્ષુતાના પહેલાં સ્ટેજથી માંડીને છેલ્લું સ્ટેજ ભાવભાસનનું લીધું છે. મુમુક્ષુતા આરોહણ ક્રમમાં. એ ભાવભાસન થયા પછી પુરુષાર્થ ઉગ્ર થવો જરૂરી છે. જોકે પુરુષાર્થ ઉગ્ર થાય જ પણ છેલ્લે શું હોય? કે ઉગ્ર પુરુષાર્થ હોય.

'**એક જ માર્ગ છે.**' પુરુષાર્થ આધીન એક જ માર્ગ છે. પુરુષાર્થ એટલે શું? કે આત્માના વીર્ય ગુણનો ઉછાળો. પોતાના આશ્ચર્યકારી સ્વરૂપને ભાવભાસનમાં લેતા, પ્રતિભાસમાં આવતા પુરુષાર્થ ઉછળવા લાગે છે. એ પુરુષાર્થની ડિગ્રી ઉછળીને આગળ વધીને અમુક હદે પહોંચે ત્યારે નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય છે અથવા તો વિકલ્પ ઉત્પન્ન થતો બંધ થઈ જાય છે. પહેલા વિકલ્પનો અનુભવ હતો. એ વિકલ્પની જગ્યાએ વિકલ્પ બંધ થઈ ગયો એટલે નિર્વિકલ્પ દશાનો અનુભવ થયો. વિકલ્પ મટીને નિર્વિકલ્પ દશા થઈ એનો અનુભવ થયો. પણ એના માટે ઉગ્ર પુરુષાર્થની જ જરૂર છે.

'એક જ માર્ગ છે–તું સ્વભાવ તરફ જા.' એક જ માર્ગ છે એટલે દિશા પણ એક જ છે. સ્વભાવ તરફની દિશા છે તે એક જ દિશા છે કે તું સ્વભાવ તરફ જા. **'વારંવાર ભેદજ્ઞાન કરવાથી સહજદશા થાય છે...'** એ ભાવભાસન પછી જે સ્વરૂપના મહિમાપૂર્વક ભેદજ્ઞાનની દશા ચાલે છે, વારંવાર ભેદજ્ઞાન, સતત ભેદજ્ઞાન થાય છે **'ત્યારે વિકલ્પ તૂટીને ઉપયોગ અંતરમાં જામી જાય છે.'** આ તો એ હદે પહોંચ્યા એની વાત છે. નીચેની ભૂમિકાવાળા મુમુક્ષુને એની ભાવનાનું પ્રયોજન છે. વર્તમાનમાં એની ભૂમિકા નથી એટલે સીધું પ્રયોજન નથી પણ એવી દશા પોતાને પ્રગટ થાય એવી ભાવના કર્તવ્ય છે અને એ ભાવનાનું પ્રયોજન જરૂર છે.

શું કહ્યું? **'ભેદજ્ઞાન કરવાથી સહજદશા થાય છે ત્યારે વિકલ્પ તૂટીને ઉપયોગ અંતરમાં જામી જાય છે. તે એવો જામે છે કે બહારનું બધું જ ભૂલી જાય છે.'** બધું એટલે શરીરસુદ્ધાં સાથેના ઉપયોગનું જોડાણ રહેતું નથી. શરીર સમીપમાં સમીપ છે ક્ષેત્રથી અને ભાવથી. ભાવમાં રાગ છે વધારે સમીપ. પણ રાગ તો અભાવ પામી ગયો. બુદ્ધિપૂર્વકનો રાગ તો અભાવ પામી ગયો એટલે એનો સબંધ તો છૂટી ગયો. હવે જે શરીર છે એ શરીરને પણ ભૂલી જાય છે. ભૂલી જાય છે એટલે ઉપયોગ જ નથી હોતો. એટલે એ વખતે શરીરમાં અશાતા હોય તો અશાતાનો અનુભવ ન થાય. કોઈ અશાતા ઊપજાવે મારીને કે કાપીને તો પણ તેને અશાતાનો અનુભવ ન થાય. કેમ? કે ઉપયોગ આત્મામાં લીન છે. શરીરમાં શું થાય છે એની ખબર રહેતી નથી.

'આ શરીર છે કે નહિ, વિકલ્પ છે કે નહિ તે કાંઈ રહેતું નથી.' છે કે નહિ એનો અર્થ શું છે? કે હોય કે ન હોય એની સાથે કાંઈ નિસ્બત નથી રહેતી. શરીર મારામાં નથી એમ વાત લેવાની નથી રહેતી પછી. એ છે કે નથી એની સાથે કાંઈ સબંધ રહેતો નથી. **'તે તો જુદી જ દુનિયામાં પ્રવેશી ગયો,...'** સ્વરૂપમાં લીન થયો ત્યારે અંદરની એક નવી દુનિયામાં એનો પ્રવેશ થઈ ગયો. **'આત્માની કોઈ જુદી જ દુનિયામાં આવી ગયો.'** એ નવી દુનિયામાં આવી ગયો. **'તેવી દશાને અનુભૂતિ કહેવાય છે.'** પૂછ્યું છેને કેવી દશા હોય? એ દશા પ્રગટ કરવા માટે શું કરવું? અને એ દશા કેવી હોય? કે પ્રગટ કરવા માટે પુરુષાર્થ (કરવો). કેવો પુરુષાર્થ? કે સ્વરૂપ સન્મુખતાનો પુરુષાર્થ. ઊલ્ટો પુરુષાર્થ, પરસન્મુખતાનો પુરુષાર્થ તો બધા જીવોને ચાલી જ રહ્યો છે. એ પુરુષાર્થ નહિ. અંતર્મુખનો પુરુષાર્થ છે એ એક જ ઉપાય છે અને જ્યારે સ્વરૂપમાં લીનતા, નિર્વિકલ્પ દશા થાય છે ત્યારે દેહ સુદ્ધાંને ભૂલી જાય છે, વિકલ્પ તો ઉત્પન્ન જ હોતો નથી. **'તેવી દશાને અનુભૂતિ કહેવાય છે.'** અથવા સ્વાનુભૂતિ

કહેવામાં આવે છે.

એ સ્વાનુભૂતિના કાળમાં મિથ્યા શ્રદ્ધા મટીને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. પછી સ્વાનુભૂતિનો ઉપયોગ પલટીને સવિકલ્પ ઉપયોગમાં જ્ઞાની આવે છે પણ સમ્યગ્દર્શન ચાલુ રહે છે. એટલે નિર્વિકલ્પ ઉપયોગને અને સમ્યગ્દર્શનને સમવ્યાપ્તિ પણ છે અને વિષમવ્યાપ્તિ પણ છે. સમવ્યાપ્તિ એટલે નિર્વિકલ્પ દશા વખતે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય, એ વગર તો ઉત્પત્તિ થાય નહિ પણ નિર્વિકલ્પદશા મટી જાય ત્યારે સમ્યગ્દર્શન મટી જાય એમ બનતું નથી. સમ્યગ્દર્શન ચાલુ રહે છે. **'તેવી દશાને અનુભૂતિ કહેવાય છે.'**

'આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે, કોઈની સાથે તેની તુલના ન થાય.' આત્માનું સ્વરૂપ એવું છે, અતુલ સ્વરૂપ છે. તોળી ન શકાય કોઈની સાથે. ઉપમા આપી ન શકાય માટે એને અનુપમ પણ કહેવામાં આવે છે. જગતમાં એવો કોઈ પદાર્થ નથી કે જેની સાથે એની કોઈ ઓછા-વત્તા પ્રમાણમાં પણ સરખામણી કરી શકાય. ઘણાં નથી સમજતા એ એમ કહે કે સ્વર્ગમાં ઈન્દ્રના સુખ કરતાં પણ આત્માનું સુખ સ્વાનુભવમાં પ્રગટ થાય તે વધારે હોય છે. એ વાત બરાબર નથી. કેમકે ઈન્દ્રને જે સુખ છે એ શાતાનું અને બહારની અનુકૂળતાનું સુખ છે. એ સુખ સાથે આત્માના નિરાકુળ સુખને સરખાવી શકાય નહિ. સરખામણી તો કોઈ અંશે બરાબરી થઈ શકે એવું હોય એની હોય પણ વિપરીતતા સાથે સરખામણી હોય નહિ. આ બંગલા કરતાં આ બંગલો સારો છે, પણ મંદિર કરતાં બંગલો સારો છે કે બંગલા કરતાં મંદિર સારું છે એની સરખામણી ન થાય. કેમકે ભગવાનનું મંદિર શિખરબંધી હોય. એનો ઘાટ કાંઈ બંગલા જેવો ન હોય. એની સરખામણી ન થાય. એક મંદિરની બીજા મંદિર સાથે સરખામણી થાય પણ મંદિરની મસ્જિદ સાથે સરખામણી ન થાય. એમ બહારના સુખોની આત્માના સુખ સાથે સરખામણી ન થાય. કેટલું વધારે અને કેટલું બધું વધારે? એવી કાંઈ સરખામણી ન થાય. એટલા માટે એને અતુલ કહેવામાં આવે છે. એને ક્યાંય તોળી શકાય એવું નથી. તેમ એની ઉપમા પણ આપી શકાય એવું નહિ હોવાથી એને અનુપમ પણ કહેવામાં આવે છે.

'આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે, કોઈની સાથે તેની તુલના ન થાય. આવો જે મૂળ ટકતો ભાવ છે તેમાંથી પ્રગટ થતા આનંદ, જ્ઞાન આદિ સહજ ભાવોનો અનુભવ કોઈ જુદો જ થાય છે.' મૂળ એટલે ટકતો એટલે કાયમ રહેતો ભાવ એટલે સ્વભાવ છે. ભાવ એટલે સ્વભાવ છે. એ સ્વભાવમાંથી આનંદ પ્રગટે છે, જ્ઞાન પ્રગટે છે, શાંતિ પ્રગટે છે, સુખ પ્રગટે છે. પ્રભુત્વ, સ્વતંત્રતા આદિ બધું એમાંથી ઘણું-

ઘણું એમાંથી પ્રગટે છે. અનંત ગુણ છે આત્માના. એ બધાનો એકસાથે અનુભવ, બધાં ભાવોનો એકસાથે અનુભવ જે થાય છે એ કોઈ જુદો જ થાય છે એટલે એને કહી શકાય એવું પણ નથી.

એમ કીધું કે એ કેવી દશા હોય? તો કહે છે, એ કહી શકાય એવી દશા નથી. કહી શકાય એવી નથી એટલું જ કહી શકાય છે એમ કહે છે. કે કહી શકાય એવી નથી. એટલે એને વચન અગોચર પણ કહે છે. શું કહે છે? વચન અગોચર પણ કહે છે. અથવા વચન અગોચર છે એવું જે કહ્યું એવો એક સંકેત કર્યો માટે એ સંકેતમાત્ર છે. આનંદસ્વરૂપ છે આત્મા. તો કેવો આનંદ? કે એ અનુભવને યોગ્ય છે, એ કથનને કે વિચારને યોગ્ય નથી. કેમકે વિચારમાં એ સમજાય નહિ અને વાણીમાં પણ એ સમજાય નહિ. એટલે સંકેતમાત્ર એને કહી શકાય છે, નામમાત્ર. એટલે એ અનુભવ કોઈ જુદો જ થાય છે.

'અનુભવ થતાં આવું કોઈ દિવસ નહોતું થયું એવું તેને લાગે છે.' અપૂર્વતા. પાછળ શબ્દ લીધો છે અપૂર્વતા. જુઓ! પૂર્વના અનંતકાળનું જ્ઞાન નથી થયું કેવળજ્ઞાનની જેમ તોપણ અનુભવ થતાં એમ ખબર પડે, પ્રથમ અનુભવ થતા કે આ આત્માને, પોતાના આત્માને આવો અનુભવ અનંતકાળમાં પૂર્વે ક્યારેય થયો નથી. એવી ખબર પડી જાય. તિર્યંચ હોય તોપણ. પૂર્વ ભવોનું જાતિસ્મરણજ્ઞાન નથી, પૂર્વમાં શું થયું ને શું ન થયું એનું સ્મરણ આવી શકે એવી કોઈ સ્મરણ શક્તિ નથી છતાં પણ એ શ્રુતજ્ઞાનમાં એવી શક્તિ છે.

હરિભદ્રાચાર્યે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં એ વાત લીધી છે કે શ્રુતજ્ઞાનમાં કેટલીક આશ્ચર્યકારી વાતો પ્રગટ થાય છે. એટલે જે મતિ શ્રુતજ્ઞાન છે સામાન્ય મનુષ્યને અને જ્ઞાનીને જે મતિ શ્રુતજ્ઞાન છે એમાં ઘણો ફેર છે. જ્ઞાનીનું જે શ્રુતજ્ઞાન છે તે દિવ્ય શ્રુતજ્ઞાન છે. કેવું છે? દિવ્ય શ્રુતજ્ઞાન છે, દિવ્ય મતિજ્ઞાન છે. કેવળજ્ઞાનીની જાત એમાં આવી ગઈ. જાત્યાંતર થયું. મતિશ્રુત તો મતિશ્રુત છે પણ એ જાત્યાંતર થઈને કેવળજ્ઞાનની જાતિ જેવું થઈ ગયું. જાતિ જોકે બે જ છે જ્ઞાનની—એક સમ્યક્ અને એક મિથ્યા. મિથ્યા જાતિ મટીને સમ્યક્ જાતિ થઈ. મતિશ્રુત પણ સમ્યક્ થયું અને કેવળજ્ઞાન પણ સમ્યકજ્ઞાનનો જ એક પ્રકાર છે, બીજો કોઈ એક પ્રકાર નથી. એટલે જાતિ બંનેની એક છે—સમ્યક્.

નહિતર ઘણા બહુ જ વાંચેલું, વિચારેલું એવા વિદ્વાનો આ વિષયમાં કોઈ વાર ભૂલ કરે છે. મતિ શ્રુતજ્ઞાન છે એ તો મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમપૂર્વક ઉત્પન્ન થાય છે. અને નીચે મતિજ્ઞાન છે. અવધિ, મનઃપર્યય અને

કેવળ ન પ્રગટ્યા હોય એ બધાયને મતિ શ્રુતજ્ઞાન જ છે. સમ્યગ્દૃષ્ટિને મતિ શ્રુતજ્ઞાન છે અને મિથ્યાદૃષ્ટિને પણ મતિ શ્રુતજ્ઞાન છે. એમને ક્ષયોપશમ છે અને અમને પણ ક્ષયોપશમ છે. મતિશ્રુત તો છે જ. પછી આમાં શું બીજી મોથ મારી?

મુમુક્ષુ :- જ્ઞાની વડલાને વડલો જાણે, હું પણ વડલાને વડલો જાણું છું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઝાડને એ ઝાડ જાણે છે, અમે પણ ઝાડને ઝાડ જાણીએ છીએ. માણસને માણસ જાણીએ છીએ, કાળા રંગને કાળો રંગ, પીળા રંગને પીળો રંગ. સરખું જ દેખાય છે. તો કે નહિ, જાત ફેર છે.

કૃપાળુદેવે તો એવી પણ વાત કરી કે જે મતિ શ્રુતજ્ઞાન ભવ હેતુરૂપ થતું હતું તે જ મતિ શ્રુતજ્ઞાન સમ્યગ્દર્શન થતાં ભવનિવૃત્તિરૂપ પરિણમવા લાગ્યું જાત્યાંતર થઈને. જાત્યાંતર થઈને ભવનિવૃત્તિરૂપ પરિણમવા લાગ્યું. જેના નિમિતે એવી મતિ શ્રુતની જાતિ બદલાણી એવા હે સમ્યગ્દર્શન! હે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન! સમ્યગ્દર્શન ન કીધું. હે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન! તને અમે નમસ્કાર કરીએ છીએ!! એમ કરીને સમ્યગ્દર્શનને નમસ્કાર કર્યા. એટલે સમ્યગ્દર્શન ધારક એવા બધાં જ આત્માઓને નમસ્કાર પહોંચી ગયા. એટલે ફેર છે એમાં.

બીજું, અનેક પ્રકારની જે એમાં વિશેષતાઓ હોય છે એ વિશેષતાઓની અંદર કેટલીક ચમત્કારિક વાતો હોય છે. એમાં આ પણ એક વાત છે, કે આવો અનુભવ કોઈ દિવસ નહોતો થયો, પૂર્વનાં અનંતકાળમાં પણ આવો અનુભવ નહોતો થયો, એવું ભૂતકાળના અનંતકાળનું પણ જ્ઞાન થઈ જાય છે, સ્મરણ વગર. એમાં સ્મરણની અપેક્ષા નથી કે વિસ્મરણની પણ અપેક્ષા નથી. એવું જ્ઞાન થઈ જાય છે.

એ સિવાય પણ કોઈ-કોઈ શ્રુતજ્ઞાનીઓને કોઈ કોઈ વાત ભાસી જાય છે. એટલે કોઈને કોઈ કોઈની બાબતમાં કાંઈને કાંઈ આમ થશે, આમ થવાનું, આ જીવ આવો, આ આવો એમ ભાસી જાય છે. જેમકે કોઈની ગર્ભિત પાત્રતા ભાસી જાય છે. તો વર્તમાનમાં તે પાત્ર ન હોય, વર્તમાનમાં પાત્રતા ન હોય. પાત્રતાના કોઈ ચિહ્ન દેખાતાં ન હોય, તો જ્ઞાનીના શ્રુતજ્ઞાનમાં એવી પહોંચ છે કે એની ગર્ભિત પાત્રતા એને જ્ઞાનમાં આવી જાય. તો કાળે કરીને એ જીવ પાત્રતા પ્રગટ કરે છે. અત્યારે પ્રગટ નથી થઈ, યોગ્યતા હોય છે. એ ગર્ભિત યોગ્યતા પકડે છે. એવા અનેક પ્રકાર છે એની અંદર. ઘણા પ્રકારો છે. કોઈને કાંઈ, કોઈને કાંઈ, ક્યારે શું આવે કાંઈ કહેવાય નહિ. એવું એ જ્ઞાન છે. કેમકે આત્મા પોતે ચમત્કારિક પદાર્થ છેને. અને એ સ્વાનુભવ સર્વજ્ઞ સ્વભાવને અવલંબીને, સર્વજ્ઞ સ્વભાવને સ્પર્શીને પ્રગટ થયેલો છે. એટલે આજે નહિ ને કાલે એ સર્વજ્ઞદશા પ્રગટ કરશે, કરશે ને કરશે. તો એ

તો એક સર્વોત્કૃષ્ટ ચમત્કારિક દશા છે. એના કેટલાક ચમકારા મતિશ્રુતમાં ઉત્પન્ન થઈ જાય છે. કોઈ જ્ઞાનીઓને લબ્ધિ પણ થાય છે. કૃપાળુદેવને લબ્ધિ હતી, બહેનશ્રીને લબ્ધિ હતી. એ તો વળી વિશેષતા વાત છે. એ લબ્ધિ સિવાય પણ કયારેક કોઈક વાત, ક્યારે કેવી જ્ઞાનમાં કોને આવે એનો કોઈ હિસાબ-કિતાબ કાઢી શકાય એવું નથી. એવું શ્રુતજ્ઞાન છે. એની રીદ્ધિ-સિદ્ધિ પણ એવી જ છે કોઈ.

'અપૂર્વતા એવી લાગે કે અહો! આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે.' એવી અપૂર્વતા લાગે કે આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે, જુદું જ છે એમ કહીને બંધ રહેવું પડે છે. અનુભવમાં પણ આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે. આ બીજી વખત લીધું એમણે.

મુમુક્ષુ :- કહી નથી શકતા એ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કહી શકાતું નથી.

કૃપાળુદેવે જરા ખોલીને વાત કરી કે જે અનુભવ થયો છે, એવું જે જ્ઞાન પ્રગટ થયું છે, એ જ્ઞાનને મન જાણતું નથી. કેમકે મન છે એ બાહ્ય જ્ઞાન છે. અંતર અનુભવ થયો એ આત્મા જાણે છે પણ બાહ્ય જે મન છે એ એને જાણતું નથી. મન જેટલું જાણે છે એટલે વિચારમાં જેટલું આવે છે એટલું ભાષામાં આવતું નથી અને ભાષામાં આવે છે એટલું કલમમાં, લેખનીમાં લખવામાં આવતું નથી. એટલે શાસ્ત્ર છે એમાં જે લખાણ છે એ કેટલું મિનિમાઈઝ થઈને આવે છે, અધ્યાત્મનાં વિષયમાં કેટલું મિનિમાઈઝ થઈને બહાર આવે છે એ આના ઉપરથી સમજી શકાય એવી વાત છે. એટલે કોઈ શાસ્ત્ર વાંચીને એમને એમ પામી જાય એવું બનતું નથી. કેમકે એની અંદર જે લખાણ આવ્યું છે એથી ઘણું... ઘણું... ઘણું... જાણવાનું બાકી રહી જાય છે અને એ પ્રત્યક્ષ અનુભવી પુરુષના યોગ વિના એ વિષય જાણવા મળતો કે સમજવા મળતો નથી.

એટલે જ આત્મસિદ્ધિમાં ગાથા લીધીને? 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર.' કેમકે જિનવાણી છે એ પરોક્ષ છે. જિનવાણી ઉપકારી જરૂર છે, પણ એ એની બરાબર નથી. એટલે ઘણાં એની અંદર ગણતરી કરવાવાળાં ગણીતબાજો ભૂલ કરે છે કે જ્ઞાનીપુરુષ ચોથા ગુણસ્થાને હોય અને મુનિ છઠ્ઠા ગુણસ્થાને શાસ્ત્ર લખે અને સર્વજ્ઞની વાણી તેરમા ગુણસ્થાને પ્રગટ થઈ. તો પછી જ્ઞાનીની વાણી સાંભળવા કરતાં ઉપરના ગુણસ્થાનવાળાની વાણી ભલે શાસ્ત્રમાં હોય તો એ વધારે લાભ કરેને. ત્યારે એમણે એ વિષય ખોલી નાખ્યો કે નહિ 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ પરોક્ષ જિન ઉપકાર.' છતાં કોઈ સમજણની વિપરીતતાથી અથવા અણસમજણથી એવું વિચારે તો એને અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ છે એમ એમણે એક પત્રમાં

કહ્યું. એટલે શાસ્ત્રની મુખ્યતા કરવામાં અપ્રશસ્તપણું છે એટલે અશુભપણું છે. શાસ્ત્રની પ્રશંસા કરી એમાં અશુભપણું શું આવે? કોઈ પોતાના મકાનની પ્રશંસા કરે, પોતાની ગાડીની પ્રશંસા કરે, કપડાની પ્રશંસા કરે, શરીરના રૂપની પ્રશંસા કરે, તો તો અપ્રશસ્ત કહીએ આપણે. અપ્રશસ્ત એટલે અશુભ, પ્રશસ્ત એટલે શુભ. આમાં શાસ્ત્રની મુખ્યતા કરી એમાં અપ્રશસ્તપણું શું આવ્યું? તો કહે, એણે પ્રત્યક્ષની ગૌણતા કરી એ એક ભૂલ કરી. તો કહે, એ તો એને ખબર નહોતી, પણ શાસ્ત્રની તો મુખ્યતા કરીને? તો કહે, પ્રત્યક્ષ કોઈ સત્પુરુષ વિદ્યમાન હોય અને એને ગૌણ કરીને કોઈ શાસ્ત્ર વાંચવા બેસે કે ભાઈ, આજે આપણે ગુરુદેવના વ્યાખ્યાનમાં નથી જાવું. કેમકે આજની ગાથા ખાસ નથી, કાંઈ ઈમ્પોર્ટન્ટ નથી. અને આપણે ઘરે બેસીને આજે શાસ્ત્રની ઈમ્પોર્ટન્ટ ગાથા ઉપર સ્વાધ્યાય કરીએ. આ બધું બનેલું છે હોં! જુદી-જુદી યોગ્યતામાં, જુદાં-જુદાં વિકલ્પો ઉત્પન્ન થાયને. તો એને અપ્રશસ્ત એટલા માટે કીધો કે એમાં એને પોતાના ક્ષયોપશમ ભાવનો અહમ્ આવ્યો. શું આવ્યું? એને પોતાનાં ક્ષયોપશમ ભાવનો અહમ્ આવી ગયો છે. એ વાત નાડી વૈદની જેમ પકડી એમણે, કૃપાળુદેવે. એ બીજાને ન ખબર પડે પણ જ્ઞાની પકડી લે કે આને આ ભાવ આવ્યો કયાંથી? કે એના ક્ષયોપશમના અહંભાવથી આ આવ્યો છે. માટે તે શાસ્ત્રની મુખ્યતા પણ અપ્રશસ્તપણે કરે છે, પ્રશસ્તપણે કરતો નથી. એવું ઊંડું જ્ઞાન છે. એ એમનું શ્રુતજ્ઞાન એવું ઊંડું જ્ઞાન છે કે પકડી લ્યે છે એને. બહુ ઊંડેથી ઘણી વાતો કરી છે એમણે.

'અપૂર્વતા એવી લાગે કે અહો! આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે. અનુભૂતિ અંતરમાં પ્રગટે ત્યારે આત્મામાં શ્રદ્ધાનું બળ કોઈ જુદું જ આવી જાય છે.' અપૂર્વતા એવી લાગે કે અહો! આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે. અનુભૂતિ અંતરમાં પ્રગટે ત્યારે આત્મામાં શ્રદ્ધાનું બળ કોઈ જુદું જ આવી જાય છે. એટલે અંદરથી શ્રદ્ધા પોતાની અનંત શક્તિથી પરિણમન કરવા લાગે છે અને એનું બળવાનપણું એટલું બધું હોય છે કે સાતમી નારકીના દુઃખને એ ભુલાવે છે. સૌથી વધારે પીડા ક્યાં છે? સાતમી નારકીમાં. અહીંયાં શરીરના રોગ થાય અને ગમે એટલી વધુમાં વધુ પીડા થાય, ઉત્કૃષ્ટ ડિગ્રીની પ્રાણ છૂટી જાય એવી તો પણ એ સાતમી નારકીની પીડાને બરાબર નથી. એના અનંતમાં ભાગે છે. બરાબર તો નથી પણ એના અનંતમાં ભાગે છે. એવી જબરદસ્ત વેદનાને પણ ઉલ્લંઘન કરીને શુદ્ધોપયોગમાં સુખ માણે છે, સુખ અનુભવે છે. એવી સમ્યગ્દર્શનની સુખ પ્રગટ કરવાની શક્તિ છે. એટલું બળ છે એનામાં. કેટલું? એટલું બળ છે એનું કે કોઈ જુદું જ બળ આવી જાય છે એમ કીધું.

અને આમાં તો લીધું છે નિર્જરા અધિકારમાં, સમયસારમાં. એમ કે વિશ્વની અંદર, જગતની અંદર કોઈ વજ્રપાત થાય અને વજ્રપાત થઈને આખી દુનિયા હચમચી જાય. આ બોમ્બ બાર્ડિંગ થાય ત્યારે બધું હલતું નથી. ધરતીકંપ થાય ત્યારે હલે છે લ્યોને. વજ્રપાતમાં એથી મોટા આંચકા હોય. ધરતીકંપ કરતા મોટા આંચકા હોય. એવો જગતને ખળભળાવી મૂકે એવો વજ્રપાત થાય તો(પણ) સમ્યગ્દૃષ્ટિને ભય થતો નથી. જ્ઞાન અક્ષેપકવંત છે. કેવું છે? યશોવિજયજીની ગાથા છેને, 'મન મહિલાનું વ્હાલા ઉપરે બીજા કામ કરંત રે. તેમ શ્રુતધર્મે મન દઢ રહે, જ્ઞાનાક્ષેપકવંત રે.' છે કે નહિ? ક્ષેપ એટલે ડિસ્ટર્બ થવું, ખળભળાટ થવો, વિક્ષેપ થવો. ક્ષેપ શબ્દ ઉપરથી વિક્ષેપ એટલે વધારે ખળભળાટ થવો. અને અક્ષેપ એટલે ખળભળાટ ન થવો. મૂળ શબ્દ તો ક્ષેપ છે, પછી અનુસ્વાર લાગીને વિશેષતા બતાવી છે. 'જ્ઞાન અક્ષેપકવંત રે' એમ લીધું છે એમણે. સંધિ કરેને પછી જ્ઞાનાક્ષેપકવંતરે એમ લખ્યું છે. 'ન' ની જગ્યાએ 'ના' કર્યો છે અ જોડીને.

મુમુક્ષુ :- એમાં ભય ન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દૃષ્ટિને ભય થતો નથી. એટલે એમ કહેવાય કે સમ્યગ્દૃષ્ટિની ડિક્શનરીમાં, શબ્દકોષમાં ભય નામનો શબ્દ છે એ ભુંસાય ગયો. નો ડેન્જર. કોઈ ભય નથી ત્યાં. ભય નામનો શબ્દ કેન્સલ થઈ ગયો ત્યાં. એને ભય થાતો નથી. ચારિત્રમોહનો ભય ગણતા નથી પછી. મૂળમાં ભય થતો નથી. તો કેમ ભય થતો નથી? કે શાશ્વત અવ્યાબાધ એવું પોતાનું જે સ્વરૂપ છે એનો પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો. સાક્ષાત્કાર થઈ ગયો કે હું શાશ્વત છું એટલે ક્યારેય મારો નાશ થવાનો નથી. એ ઉપરાંત હું અવ્યાબાધ છું એટલે મને કોઈ આંચ અડે, ઊની આંચ અડે એવું પણ થઈ શકે એવું નથી. જરાય બાધા કોઈ પહોંચાડી શકે એવું નથી. એવો મારા ચૈતન્યનો અભેદ કિલ્લો છે, અભેદ્ય—ભેદી ન શકાય એવો અભેદ કિલ્લો છે. કોઈ એની અંદર આવી શકે એવું કે એને અડી શકે એવું નથી.

આત્માને કોઈ પકડી શકે? કોઈ એરટાઈટ ચેમ્બર બનાવી અને એમાં કોઈ પ્રાણીને પુરી દે. ઓક્સિજન એમાંથી ખેંચી લ્યે, એ ત્યાં મરી જાય. પછી આત્માને ત્યાં અંદર પકડી રાખી શકે કોઈ? કેમકે એને સ્પર્શી શકાય એવું કોઈ એનામાં પરિસ્થિતિ (નથી). અસ્પર્શ સ્વભાવી છે. કેવો છે? '**अरसमरूवमगंधं**' ૪૯ ગાથા. એ પાંચેય શાસ્ત્રમાં ગાથા છે અને છઠ્ઠી ધવલમાં એ જ ગાથા છે. એને સ્પર્શી નથી શકાતું, પકડવાની વાત તો ઘેર ગઈ. બાધા પહોંચાડવાની વાત પણ દૂર રહી. અડી શકાય નહિ.

મુમુક્ષુ :- કેવું તત્ત્વ છે!

પૂજ્ય ભાઈશ્રી :- એવું તત્ત્વ છે.

એકવાર વાત કરી હતી આપણે સ્વાધ્યાયમાં. અંગૂઠાને આંગળીનો સ્પર્શ કરો એટલે અહીંયાં રેખાઓ હોવાથી આ બંન્ને ભાગ ખરબચડાં છે એમ ખબર પડે. જ્ઞાનમાં ખબર પડે. સ્પર્શનું જ્ઞાન થાય, પણ જ્ઞાનને સ્પર્શ ન થાય કે જ્ઞાન સ્પર્શ ન કરે. જ્ઞાન આ આંગળીઓને સ્પર્શ ન કરે, આંગળીઓ જ્ઞાનને સ્પર્શ ન કરે. સ્પર્શનું જ્ઞાન થાય સ્પર્શ્યા વિના પણ. જ્ઞાન સ્પર્શ્યા વિના પણ સ્પર્શનું જ્ઞાન કરે, ગંધનું જ્ઞાન કરે, વર્ણનું જ્ઞાન કરે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં રહીને?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જ્ઞાનમાં રહીને અન્યનું જ્ઞાન કરે. સ્પર્શવાની જરૂર નથી.

હવે આપણે ત્યાં ધ્યાન શું ખેંચ્યું હતું? કે અહીંયાં જે ખરબચડાપણું છે એવું સ્પર્શનું જે જ્ઞાન થયું. સુંવાળું, ખરબચડું એ સ્પર્શની પર્યાય છે. હલકી ભારે, સુંવાળી, ખરબચડી, ઠંડી, ગરમ વગેરે આઠ પ્રકાર છે એમાં. ચાર જોડકાં છે એટલે. તો હવે તમે જ્ઞાનને જુઓ કે સ્પર્શ અને જ્ઞાન ભિન્ન છે કે અભિન્ન છે? જ્ઞાન સ્પર્શે છે? નહિ. સ્પર્શ થાય છે એવું જ્ઞાન થાય છે, જ્ઞાન સ્પર્શતું નથી. જ્ઞાનથી જ્ઞાનને જોવાની દૃષ્ટિ સાધ્ય કરીને (જોવે) તો જ્ઞાન જાણવા સિવાય કાંઈ કરતું નથી. આમ છે. સ્પર્શ સબંધીનું જ્ઞાન થાય છે, જ્ઞાન સ્પર્શતું નથી. આમ છે. કેમકે એનામાં ગુણ નથી, સ્પર્શ નામનો એનામાં ગુણ નથી. આ શરીરથી ભિન્ન અવલોકવાની દૃષ્ટિ છે. ભેદજ્ઞાન છે એ ભિન્ન અવલોકે છે, રાગથી ભિન્ન અને શરીરથી ભિન્ન. જ્ઞાન શરીરમાં વ્યાપતું નથી, જ્ઞાન રાગમાં વ્યાપતું નથી.

'**આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે.**' એમ કહે છે. આવી તો કંઈક વાતો છે કે જે પુરી પડે એવું નથી. '**અનુભૂતિ અંતરમાં પ્રગટે ત્યારે આત્મામાં શ્રદ્ધાનું બળ કોઈ જુદું જ આવી જાય છે. આખી દિશા જ બદલી જાય છે.**' અને પરિણામોની દિશા છે એનો પ્રવાહ એક ઊભો થાય છે એ પ્રવાહ અંતર્મુખ વહેતો હોય છે. ક્યાં વહેતો હોય છે? (અંતર્મુખ). અનંત ગુણોનો, સર્વગુણાંશ તે સમ્યક્ત્વ, અનંત ગુણોનો પ્રવાહ આત્મામાં કેન્દ્રિત થતો જાય છે. એવી અનંતગુણસંપન્ન પરિણતિ એને જ્ઞાનધારા અથવા આત્મદશા કહેવામાં આવે છે. એવી જ્ઞાનીની દશા હોય છે. જેમાં આખી દિશા જ બદલી જાય છે. એટલે અંતર્મુખની દિશા હોય છે બધાં પરિણામોની. અલ્પ અંશ બહાર જાય છે એને અહીંયાં ગણતા નથી.

એમ બે વાત કરી. એક દિશા બદલાય છે અને એક ઉગ્ર પુરુષાર્થ હોય છે

ત્યારે એ પ્રકાર આવે છે. સમ્યગ્દર્શન થવામાં, સ્વાનુભવ થવામાં પણ ઉગ્ર પુરુષાર્થ છે અને સ્વાનુભવ વખતે પણ ઉગ્ર પુરુષાર્થ છે અને સમ્યગ્દર્શન ટકે છે એમાં પણ ઉગ્ર પુરુષાર્થ છે. પુરુષાર્થનું પરિણમન ચાલુ છે. આખો મોક્ષમાર્ગ પુરુષાર્થ આધીન જ છે. અહીં સુધી રાખીએ. ૬૯ થયો પૂરો.

મુમુક્ષુ :- સાદી ભાષામાં કેટલું બધું ભરી દીધું છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પોતાના અનુભવને લક્ષમાં લઈને, જ્ઞાનમાં લઈને કહે છે. જેટલું કહેવાય છે એટલું કહે છે બહેનશ્રી.

મુમુક્ષુ :- પેલું હરિભદ્રાચાર્ય મહારાજનું યોગદષ્ટિ સમુચ્ચય?

પૂજ્ય ભાઈશ્રી :- યોગદષ્ટિ સમુચ્ચય.

મુમુક્ષુ :- અને ગાથા અક્ષેપકપણું એ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આઠ દષ્ટિની સઝ્ઝાય એના ઉપરથી રચી છે.

મુમુક્ષુ :- એટલે યશોવિજયજીની?

પૂજ્ય ભાઈશ્રી :- યશોવિજયજીની. એમાં આ છઠ્ઠી કાંતા નામની દષ્ટિ છે એમાં આ પદ લીધું છે. કાંતા દષ્ટિમાં છઠ્ઠી દષ્ટિમાં. ચાર દષ્ટિ સુધી મુમુક્ષુતા લીધી છે હરિભદ્રચાર્યે અને પાંચમી દષ્ટિમાં જ્ઞાન દશા પ્રગટ છે એમ લીધું છે. પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી એમાં જ્ઞાનદશા લીધી છે.

આશય :- શુદ્ધોપયોગની નિર્વિકલ્પદશા નિજ પરમ તત્ત્વના ઉગ્ર અવલબંનના પુરુષાર્થથી ઉત્પન્ન થાય છે. તેથી સ્વરૂપની ઓળખાણપૂર્વક એવી પવિત્ર દશા ઉત્પન્ન થવાની અને તદ્યોગ્ય ઉગ્ર પુરુષાર્થની ભાવના નીચેની ભૂમિકાવાળા મુમુક્ષુ જીવને થવી અપેક્ષિત છે. આત્મસ્વરૂપ આશ્ચર્યકારી છે તેમજ એ સ્વરૂપનો અનુભવ પણ આશ્ચર્યકારી છે, અનુપમ છે અને અતુલ છે. સંકેતમાત્ર વચનગોચર છે તેથી તે દશા વચન અગોચર કહેવાય છે. આ પરિણમનની દિશા પહેલાં જે બહિર્મુખ હતી તે પલટીને અંતર્મુખ થાય છે અને તેનો મહિમા અનુભવથી જ સમજાય છે. કહ્યું છે કે 'आत्मानुभवगम्य एक महिमा' અમૃતચંદ્રાચાર્યે કળશમાં આટલા શબ્દો વાપર્યા છે. 'आत्मानुभवगम्य एक महिमा' એવા સ્વરૂપ પ્રાપ્તિની અપૂર્વ ભાવના પ્રગટ કરવાનો પરમાર્થ અહીં સમજવા યોગ્ય છે.

પ્રશ્ન-૬૭

પ્રશ્ન :- કષાય અને જ્ઞાનની ભિન્નતા કેવી રીતે થાય તે કૃપા કરી સમજાવશો.

સમાધાન :- કષાય અને જ્ઞાનની ભિન્નતા તે બંનેનો સ્વભાવ ઓળખતા થાય. કષાયનો અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે. કષાય છે તે આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, કલેશરૂપ છે, તે શાંતિરૂપ નથી પણ અશાંતિરૂપ છે. જ્યારે જ્ઞાન છે તે શાંતિરૂપ છે, નિરાકુળ છે, જાણનાર છે. આમ બંનેનાં લક્ષણ ભિન્ન જાણવાથી કષાયથી જુદા પડાય છે. આત્મા જાણનારો જ્ઞાયક છે અને કષાય અશાંતિ, કલેશરૂપ છે. આ રીતે બંનેના સ્વભાવ જુદા છે. તેમાં જે જ્ઞાનસ્વભાવ છે તે હું છું, આ કષાયો હું નથી. તે મારો સ્વભાવ નથી, એમ જાણીને જ્ઞાયકને ગ્રહણ કરવો અને કષાયથી જુદાં પડવું એટલે કે ભેદજ્ઞાન કરીને જ્ઞાયકને ગ્રહણ કરવો અને જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરી, તેનું જ્ઞાન કરી કષાયથી જુદા પડવું. તે ન થાય ત્યાં સુધી વારંવાર ન્યારો થવાનો પ્રયત્ન કરે, કષાયથી પાછો વળે, જ્ઞાનની મહિમા આવે ને જ્ઞાનને ઓળખે તો ભેદજ્ઞાન થાય, જ્ઞાનસ્વભાવ ઓળખ્યા વિના ભેદજ્ઞાન થઈ શકતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાન અને કષાય એકમેક થઈ ગયા હોય તેવું લાગે છે?

બહેનશ્રી :- તેઓ એકમેક લાગે છે પણ તેમના સ્વભાવ જુદા છે. અનાદિની એકત્વબુદ્ધિ છે. એટલે કષાય એકરૂપ લાગે છે, પરંતુ જ્ઞાનસ્વભાવ તેનાથી જુદો છે. જ્ઞાન જાણનાર છે અને કષાય દુઃખરૂપ છે, કાંઈ જાણતો નથી, કષાયને જ્ઞાન નથી માટે કષાયથી જાણનાર જુદો છે. આકુળતા થઈ, રાગ થયો, દ્વેષ થયો, વિકલ્પ થયો તેનો જાણનારો જુદો છે. વિકલ્પ-વિકલ્પને જાણતો નથી, રાગ-રાગને જાણતો નથી, પણ તેનો જાણનારો છે તે જુદું તત્વ છે. આ રીતે જાણનારો જુદો છે અને કષાયભાવો કે જે જાણતા નથી તે જુદા છે. ૬૭.

તા. ૨૬-૧૧-૧૯૯૬, પ્રશ્ન-૬૭
પ્રવચન નં. ૪૧

પાનું-૬૦. ૬૭મો પ્રશ્ન છે. '**કષાય અને જ્ઞાનની ભિન્નતા કેવી રીતે થાય તે કૃપા કરી સમજાવશો.**' ભેદજ્ઞાન ઉપરનો પ્રશ્ન છે. કષાય કહો કે રાગાદિ વિભાવ કહો.

'**સમાધાન :- કષાય અને જ્ઞાનની ભિન્નતા તે બંનેનો સ્વભાવ ઓળખતા થાય.**' ઓળખાણનો વિષય છે. પરિચયપૂર્વક બંને ભાવોના અનુભવના પરિચયપૂર્વક ઓળખાણ થાય તો ભિન્નતા થાય. નહિતર અનાદિથી બંનેનું એકત્વ એટલું પ્રગાઢ થઈ ગયું છે કે એને ભિન્નપણે અનુભવવા, એટલે પાડવા, ભિન્ન પાડવા કહો કે ભિન્ન અનુભવવા કહો એ કઠણ છે. સૂક્ષ્મ પણ છે અને કઠણ પણ છે.

'**કષાયનો અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે.**' એ ઓળખાણ છે એ બંનેની સ્વભાવની ઓળખાણ કરવાની છે. સ્વભાવ કહો કે જાતિ કહો, એક જ વાત છે. '**કષાયનો અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે.**' સ્વભાવ તો બંનેનાં તદ્દન જુદાં-જુદાં છે. '**કષાય છે તે આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, કલેશરૂપ છે, તે શાંતિરૂપ નથી પણ અશાંતિરૂપ છે. જ્યારે જ્ઞાન છે તે શાંતિરૂપ છે, નિરાકુળ છે, જાણનાર છે.**' ઓલામાં (—કષાયમાં) નથી જાણનાર એવું નથી લીધું. પણ આ જાણનાર છે, કષાય જાણનાર નથી. જ્ઞાન જાણનાર છે. '**આમ બંનેનાં લક્ષણ ભિન્ન જાણવાથી કષાયથી જુદા પડાય છે.**' પણ આકુળતા, દુઃખ, ક્લેશ, અશાંતિ એ વેદનનો વિષય છે. એટલે વિચારથી જાણવાનો સવાલ નથી રહેતો. જાણવાથી ભિન્ન જણાય, જુદાં પડાય છે. પણ જાણવાનું કેવી રીતે બને? વિચારથી નહિ. નહિતર દુઃખ છે એ આકુળતારૂપ છે. કષાય છે એ દુઃખરૂપ છે, દુઃખ છે એ આકુળતારૂપ છે. એમ ન્યાયથી, વિચારથી, તર્ક, અનુમાનથી સમજી શકાય છે. પણ દુઃખ છે એ અનુભવવાનો વિષય છે. સમજવાનો કેવળ વિષય નથી. અનુભવીને સમજવાનો વિષય છે. એમને એમ સમજવાનો વિષય નથી અનુભવ્યા વગર.

'**આત્મા જાણનારો જ્ઞાયક છે અને કષાય અશાંતિ, કલેશરૂપ છે. આ રીતે બંનેના સ્વભાવ જુદા છે.**' અને જાણવાથી જુદો પડે છે, જાણવાથી જુદો પડે છે. અને જાણવામાં કષાયનો અભાવ હોવાથી કષાયની શાંતિ અને જાણવાની શાંતિ જુદી પડે છે. કષાય મંદ થાય ત્યારે શાંતિ લાગે અને જ્ઞાનની શાંતિ, બેય શાંતિ છે. પણ

એક અભાવરૂપ છે, એકમાં કષાયનો સદ્‌ભાવ છે. એટલે એ રીતે જુદો પડે છે. જ્ઞાન એ રીતે જુદું પડે છે.

મુમુક્ષુ :- એકલા જ્ઞાનને જુદું પાડીને જોવે તો ભ્રાંતિ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો ભ્રાંતિ ન થાય. એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન જુદું અનુભવમાં લેવું. એ પ્રકારનો અનાદિનો અનઅભ્યાસ હોવાથી જીવ જલ્દી કરી શકતો નથી. એટલા માટે પ્રોસેસ એનો એની ક્યુ આગળ શરૂ થાય છે—વેદનાથી શરૂ થાય છે.

ભેદજ્ઞાનના ચાહક, ભેદજ્ઞાનના ઈચ્છક, ભેદજ્ઞાનના વિચારક, ચિંતક જુદાં પાડવાના પ્રોસેસને સમજ્યા વિના જુદાં પાડવાનો પ્રયત્ન કરે, ઈચ્છા રાખે (પણ) થઈ ન શકે. લગભગ અંધારું એ વાતનું છે. જે લોકો અધ્યાત્મ શાસ્ત્રો વાંચે છે, એને એ વાત બુદ્ધિગમ્ય થાય છે કે ભેદજ્ઞાન જરૂરી છે, થવું જોઈએ, કરવું જોઈએ. અને એટલે પ્રયત્ન પણ કરે, થઈ ન શકે.

મુમુક્ષુ :- વિકલ્પ કરે એને પ્રયત્ન સમજી લે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી વિકલ્પે ચડે. વિકલ્પે ચડે એટલે ગૃહીતમાં આવે. વિધિની ભૂલ થાય.

મુમુક્ષુ :- બુદ્ધિપૂર્વકનો વિપર્યાસ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- બુદ્ધિપૂર્વકનો વિપર્યાસ વિધિનો થઈ જાય.

ભેદજ્ઞાનનો પ્રયોગ, આપણે આવી ગયો એવો વિષય. સમયસારમાંથી આવી ગયો. સંવર અધિકારમાંથી, કે ભેદજ્ઞાનનો પ્રયોગ એક એવો પ્રયોગ છે કે જે જ્ઞાનને કોઈપણ પ્રકારની વિપરીતતા પમાડતું રોકી દ્યે છે.

મુમુક્ષુ :- ભાવાર્થમાં.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવાર્થમાં. ૧૮૬ના ભાવાર્થમાં આવે છે. એ જ વિષયમાં વિપરીતતા થાય તો કેટલી મુશ્કેલી થાય? જો જીવ સંશોધક હોય તો પ્રયત્ન કરતાં છતાં સફળ ન થાય તો એને ખ્યાલ આવવો જોઈએ કે ક્યાંક ભૂલું છું. નહિતર કલ્પનાએ ચડી જાય. અને કષાયની મંદતાની શાંતિમાં અનુભવ માની લે. ભેદજ્ઞાન થયું જ ન હોય, ભેદજ્ઞાનનો વિકલ્પ ચાલ્યો હોય.

૧૭-૧૮ ગાથામાં પણ એક શબ્દ લીધો છે એમણે. એ શબ્દ આગળ પણ ક્યાંક-ક્યાંક લ્યે છે—ભેદજ્ઞાનની પ્રવિણતાથી. કુશળતા ક્યારે આવે? પ્રેક્ટિસ વગર (કુશળતા આવે નહિ). કુશળતાને અહીંયાં પરફેક્શન કહે છે, કોઈ પણ કામ પરફેક્ટ થાય. એ પરફેક્શન ક્યારે આવે? પ્રેક્ટિસ હોય તો જ આવે. એટલે ત્યાં એટલો શબ્દ લીધો છે ભેદજ્ઞાનમાં પ્રવિણતાથી. અંદરમાં અનુભવ છે એ જ્ઞાનનો છે. કેમકે

જ્ઞાન વેદન છે. એકલું જ્ઞાન જુદું ન પડે ત્યાં સુધી જ્ઞાન વેદન પકડાય નહિ. અને ભેદજ્ઞાનનો વિષય યથાર્થ વિધિએ પ્રાપ્ત થાય તો તો કામ કરી લ્યે. નહિતર એ વિષય કોઈ રીતે પતો લાગે એવો નથી. બીજી કોઈ રીતે પતો લાગે એવો નથી.

આ ચોખવટમાં પણ કષાયની વાત આવે છે ત્યાં અશાંતિ, કલેશ, દુઃખ (લ્યે છે). કેમકે એ તો બરાબર એના લક્ષણ છે. પણ મંદ કષાયમાં તો એવું લાગે નહિ, એનું શું કરવું? ભૂલ તો ત્યાં ખાય છે. ત્યારે ભેદજ્ઞાન કરવું કેવી રીતે? વેદનભૂત લક્ષણ જ્યાં સુધી વેદનથી પકડાય નહિ ત્યાં સુધી જ્ઞાનની શાંતિ અને મંદ કષાયની શાંતિને ડિસ્ટીંગ્યુશ કરી શકે નહિ અને ભૂલ ખાવાના પૂરા ચાન્સિસ છે.

કૃપાળુદેવે ૯૧૩માં પણ એ વાત લીધી. જ્ઞાન લક્ષણથી સનાતન સ્ફુરિત. લક્ષણ જ્ઞાન લીધું. જુદો પાડવા માટે જ્ઞાન લક્ષણ એ આત્માનું લક્ષણ, નહિ જાણવું એવું જડત્વ લક્ષણ એ કષાય અને રાગનું લક્ષણ, અનાત્માનું લક્ષણ. અનાત્મા જેને કહી દ્યોને. એટલે સંવર અધિકારમાં રાગાદિને જડત્વ લીધું છે. ત્યાં અશાંતિ નથી લીધી આચાર્યદેવે. ત્યાં અશાંતિ ન લીધી, જડત્વ લીધું. જડત્વ એટલે જડ જાણતું નથી. એમ રાગાદિ જાણતા નથી, ક્રોધાદિ જાણતા નથી એમ લીધું છે. જાણવું ચૈતન્યમાં, નહિ જાણવું જડમાં. જાણવું આત્મામાં, નહિ જાણવું અનાત્મામાં. આત્મા અને અનાત્મા કરી નાખ્યું, બસ.

મુમુક્ષુ :- જાનને મેં સિર્ફ જાનના નહીં હૈ, ફિલીંગ જરૂરી હૈ વહાં પર.

પૂજ્ય ભાઈશ્રી :- વેદન હૈ, જ્ઞાન વેદન હૈ. ઈસલિયે શુરૂ સે હી, આગે સે વો ક્યુ મેં બાત લે લિયા હૈ કિ આપ વેદના કે ફિલીંગ મેં આઈયે. યહાં સે ફિલીંગ સ્ટાઈલ, ફિલીંગ પદ્ધતિ ચાલુ હોતી હૈ. ઔર ફિર અવલોકન મેં ભી દોનોં કી ફિલીંગ કા અવલોકન હોતા હૈ. રાગ ઔર જ્ઞાન કી ફિલીંગ કા અવલોકન બાર-બાર હોને સે ઉસકે સ્વભાવ કી પહચાન આતી હૈ, ફિર ભેદજ્ઞાન હોતા હૈ.

'બંનેના સ્વભાવ જુદા છે. તેમાં જે જ્ઞાનસ્વભાવ છે તે હું છું, આ કષાયો હું નથી.' શું થયું? કે જ્ઞાન હુંપણે વેદનમાં આવે, કષાયો પરપણે જણાય એમ ભેદજ્ઞાન થાય છે. વેદનથી 'જ્ઞાન તે હું' એમ છે પરિણમનમાં. વેદનથી 'જ્ઞાન તે હું' એમ પરિણમનમાં છે. ઐસે ભેદજ્ઞાન હોતા હૈ. ભેદજ્ઞાનનો આખો વિષય શ્વેતાંબરના આગમોમાં ચુકાઈ ગયો એનું કારણ આ છે કે એ ધારણાનો વિષય નથી. વિધિનો વિષય ધારણાનો વિષય નથી, પ્રયોગનો વિષય ધારણાનો વિષય નથી. બાકી બધો વિષય ધારણાનો છે. આત્મા જ્ઞાયક છે, એ ધારણાનો વિષય થઈ શકે, આત્મા પૂર્ણ છે, શુદ્ધ છે, આનંદસ્વરૂપ છે, ભિન્ન છે, કૂટસ્થ છે, ધ્રુવ છે, અપરિણામી છે, આ

બધું ધારણાના વિષયમાં થઈ શકે. વિધિનો વિષય ધારણામાં ન આવે. એટલા માટે એ વિષય રહી ગયો ત્યાં. વેદાંતે સ્થાપ્યો છે. જેવો સમ્યગ્દર્શનનો વિષય છે એ સાંખ્યદર્શને એકઝેટ સ્થાપ્યો છે. કેમકે એ લોકો પણ ધારણામાં લઈ શક્યા. એના મુનિઓ, ઋષિઓ, આચાર્યો હતા એને એ ધારણામાં લઈ શક્યા. ભેદજ્ઞાનનો વિષય ધારણામાં ન આવે. એટલે ૧૫૦૦ વર્ષ પહેલાં જે શાસ્ત્રો એમણે લખ્યા, ત્યારે તો જે દિગંબરમાં અને દિગંબરમાં જુદાં પડ્યાં હતાં એ મુનિઓ તો રહ્યા ન હતા. એને તો ૫૦૦ વર્ષમાં ઘણી પેઢીઓ ચાલી ગઈ. એટલે આખો એ વિષય ભેદજ્ઞાનનો લોપાયમાન થઈ ગયો. પછી બીજા જે સૂત્રો ને એ બધા પરંપરાએ રહ્યા હતા ધારણામાં, ધારણાનો વિષય ઘણો આવ્યો. 'એગં જાણ હી સો સવ્વં જાણ હી' એકને જાણ્યું તો એને સર્વ જાણ્યો. એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. નિર્ગ્રંથ પ્રવચન કરેક્ટ. બાર અંગમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોઈ વિષય હોય તો આ છે. ત્યાં જેની પહોંચ થઈ એની બાર અંગમાં પહોંચ થઈ ગઈ. આમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે જે કીધુંને કે વિધિનો વિષય જ્યારે આવતો હોય અને ઓલો આમ ટાંપીને બેઠો હોય ત્યારે એને જ્ઞાની ઓળખાય જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેમકે એ બીજાનું બુતું નથી. ત્યાં કોઈની બીજાની પહોંચ નથી.

શું કહે છે? કે '**તેમાં જે જ્ઞાનસ્વભાવ છે તે હું છું, આ કષાયો હું નથી. તે મારો સ્વભાવ નથી, એમ જાણીને જ્ઞાયકને ગ્રહણ કરવો...**' ગ્રહણ કરવો એટલે હુંપણે અનુભવવો એનું નામ ગ્રહણ કરવો. જ્ઞાયકને ગ્રહણ કરવો એટલે ગ્રહણ કરનાર હું અને જ્ઞાયક ગ્રહણ થનાર એમ નહિ. જ્ઞાયકને ગ્રહણ કરવો એમાં વચન રચના એવી છે કે જ્ઞાયક ઓબ્જેક્ટમાં જાય છે અને ગ્રહણ કરનાર સબ્જેક્ટમાં જાય છે. પણ એમ નથી આમાં. જ્ઞાયકને હું પણે અનુભવવો એ જ્ઞાયક સબ્જેકટ થઈ જવો જોઈએ, ઓબ્જેકટ નહિ. એમ કહેવાનો આશય છે.

મુમુક્ષુ :- બુદ્ધિમાં સ્થાપીને આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બુદ્ધિમાં સ્થાપીને—હુંપણે સ્થાપીને.

'**અને જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરી, તેનું જ્ઞાન કરી કષાયથી જુદા પડવું.**' દૃષ્ટિ કરવામાં પણ હુંપણાની શ્રદ્ધા છે અને એમાં અભેદતા છે એકદમ. શ્રદ્ધામાં અભેદતા છે, કેમકે શ્રદ્ધા નિર્વિકલ્પ છે. શ્રદ્ધા છે એ નિર્વિકલ્પ છે. એ શ્રદ્ધામાં અભેદતા છે. '**તે ન થાય ત્યાં સુધી વારંવાર ન્યારો થવાનો પ્રયત્ન કરે,...**' જ્યાં સુધી ભિન્ન અનુભવ ન થાય ત્યાં સુધી ઓળખીને જુદાં પડવાનો પ્રયત્ન કરે અથવા જુદાં અનુભવવાનો

પ્રયત્ન કરે. અનુભવના પ્રયત્નથી અનુભવ થાય. વિચારના પ્રયત્નથી, વિકલ્પના પ્રયત્નથી અનુભવ ન થાય. વાંચનથી તો ન થાય, શ્રવણથી તો ન થાય પણ વિચારથી પણ ન થાય, વિકલ્પ ચિંતવનથી પણ ન થાય. અનુભવથી અનુભવ આવે.

'**તે ન થાય ત્યાં સુધી વારંવાર ન્યારો થવાનો પ્રયત્ન કરે, કષાયથી પાછો વળે, જ્ઞાનની મહિમા આવે ને જ્ઞાનને ઓળખે તો ભેદજ્ઞાન થાય,...**' ઓળખીને મહિમા આવે. મહિમા આવીને ઓળખે એમ નહિ, પણ ઓળખીને મહિમા આવે તો ભેદજ્ઞાન થાય. '**જ્ઞાનસ્વભાવ ઓળખ્યા વિના ભેદજ્ઞાન થઈ શકતું નથી.**' આ સિદ્ધાંત. જ્ઞાનસ્વભાવની ઓળખાણ થયા વિના કોઈને ભેદજ્ઞાન થાય એવું બને નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનસ્વભાવ કેવો? કે જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી. માત્ર જ્ઞાન, એકલું જ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- માત્ર જ્ઞાન, વેદનભૂત જ્ઞાન તે જ આત્મા, તે જ ભગવાન આત્મા છે.

મુમુક્ષુએ પ્રશ્ન કર્યો છે કે '**જ્ઞાન અને કષાય એકમેક થઈ ગયા હોય તેવું લાગે છે?**' જુદાં તો દેખાતા જ નથી ને, લાગતાં જ નથી ને. મને રાગ થયો, મને ક્રોધ થયો એમ જ લાગે છે. એનું શું કરવું? ઉત્તર આપ્યો છે બહેનશ્રીએ.

'**બહેનશ્રી :- તેઓ એકમેક લાગે છે પણ તેમના સ્વભાવ જુદા છે.**' ભલે તને એકમેક લાગે, પણ અમે કહીએ છીએ કે એ બંનેના સ્વભાવ જુદાં છે. તારો અનુભવ ધોખો ખાય છે. તને એકમેક અનુભવાય છે એ ધોખો ખાય છે. અને અનાદિની એ તારી પરિસ્થિતિ છે એકમેક અનુભવવાની. જુઓ! લખ્યું છે. '**અનાદિની એકત્વબુદ્ધિ છે.**' અવલોકનથી અવલોકનના કાળમાં જુદાંપણાનો અભિપ્રાય કેળવાય છે. એટલે એકત્વબુદ્ધિની સામે ભિન્નત્વબુદ્ધિ ઊભી થાય છે. અભિપ્રાયનો પલ્ટો. વિપરીત અભિપ્રાયો મટતાં જાય, અવિપરીત અભિપ્રાયો કેળવાતા જાય ફિલીંગ સાથે અને પ્રયોગ સાથે એ મુમુક્ષુની ભૂમિકાનું યથાર્થ કર્તવ્ય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ફરીને. બહુ સરસ. હિન્દી મેં.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુકી ભૂમિકા કા યથાર્થ કર્તવ્ય ક્યા? કે વિપરીત અભિપ્રાય મિટતા જાય ઔર યથાર્થ અભિપ્રાય કો, મૂર્તિ કો ક્યા કહતે હૈં? જૈસે ગઢતે હૈં, ઐસે યથાર્થ અભિપ્રાય કો ગઢકરકે પ્રાપ્ત કરલે. ગઢ-ગઢ કરકે. હમારે ગુજરાતી મેં બહુત અચ્છા શબ્દ હૈ કેળવાય. યથાર્થ અભિપ્રાય કેળવાય.

મુમુક્ષુ :- અનુભવ સે ગઢતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ સે ગઢતે જાયે. યહ મુમુક્ષુ કી ભૂમિકા કા યથાર્થ

કાર્ય હૈ, માને યહ મુમુક્ષુ કી ભૂમિકા કા સમ્યક્ કાર્ય હૈ. એટલે મુમુક્ષુની ભૂમિકાનું સમ્યક્ એક લખી લ્યો. ઓલા બધાં જ્ઞાનદશાના સમ્યક્ લખાવ્યા છે તમને. જહાં-જહાં સમ્યક્ત્વ આતા હૈ ઉસકો પોઈન્ટ આઉટ કરકે ઉસકો એક નયા આર્ટિકલ મેં લેના હૈ. સમ્યક્ત્વ પર એક આર્ટિકલ ભવિષ્ય મેં આયેગા કિ સમ્યક્ત્વ કયા ચીજ હૈ? ક્યોંકિ સર્વજ્ઞ કો ભી સમ્યગ્દૃષ્ટિપણે પહચાનને સે હી સજીવનમૂર્તિ કી પહચાન હોતી હૈ. ઈસકે પહલે સર્વજ્ઞ કો સર્વજ્ઞ કે રૂપ મેં પૂજના યા માનના, ઈસકા કોઈ આત્મપ્રત્યયી ફલ નહીં હૈ. પૂજને કા ભી ફલ નહીં હૈ, માનને કા કોઈ ફલ નહીં હૈ બિના પહચાન. ઔર પહચાન સમ્યક્ત્વ સે હોગી. કેવલજ્ઞાન સે પહચાન નહીં હોતી, વીતરાગતા સે પહચાન નહીં હોતી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કેળવાય છે આપે જે કીધું હતું. કેવી રીતે કેળવાય? પ્રયોગમાં કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકનનો પ્રયોગ કરો. અવલોકનમાં જ અભિપ્રાય સુધી પહોંચાય છેને. અનુભવ મેં આનેવાલે પરિણામ વહ કિસ અભિપ્રાય સે હુએ? યહ અવલોકન કે કાલ મેં અભિપ્રાય તક જ્ઞાન કી પહોંચ હોતી હૈ. ઈસકે પહલે અભિપ્રાય તક પહોંચ હો પાતી નહીં.

મુમુક્ષુ :- અભિપ્રાય જોવાનાં દૃષ્ટિકોણથી અવલોકન ચાલતા પરિણામમાં કરવું.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલતા પરિણામનું અવલોકન કરતાં અભિપ્રાય સુધી પહોંચવું કિ કિસ અભિપ્રાય સે યે હુઆ? વહ અવલોકન કે કાલ મેં અભિપ્રાય તક જ્ઞાન પહુંચતા હૈ ઔર વિપરીત અભિપ્રાય માલૂમ પડતા હૈ. ઔર ફિર વો મંદ પડતા હૈ ઔર બદલતા ભી હૈ.

મુમુક્ષુ :- જેમકે આ ક્રોધ થયો. દાખલા તરીકે, તો ત્યારે જોવામાં આવ્યું કે ક્રોધ થયો, અણગમો થયો. તો તરત ચેક કરીએ કે કેમ અણગમો થયો? તો તરત ઊંડા ઉતરીને જોઈએ તો એમ કે મને માનહાનિ થઈ કે મારી ઉપેક્ષા થઈ, મારું આમ થયું તો એ આપણે માનનો જે અભિપ્રાય અંદર છે એમ પકડવું? એવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- માનહાનિ થઈ એ અભિપ્રાય નથી પકડ્યો.

મુમુક્ષુ :- તો કઈ રીતે? શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- મેં મને અમુક રીતે કલ્પ્યો હતો એ મારો અભિપ્રાય હતો. જેમકે તમે ઘરમાં ગુસ્સે થાવ છો. તો આ ઘરનો સૌથી મોટો હું છું. પછી ક્રોધ થયો તમને. કેમકે બધાય તમારાથી નાના છે. તો ઈ જે અભિપ્રાય હતો, એ અભિપ્રાયના કારણે ક્રોધ થયો છે.

મુમુક્ષુ :- મૂળ પકડ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાય મૂળ સુધી જાય છે. કષાયના મૂળ સુધી જાવું એનું નામ અભિપ્રાય છે. તો આ ઘરમાં હું સર્વોપરી છું, ત્યાં બેઠો છે અભિપ્રાયમાં. પછી એ ક્રોધના અનેક પ્રસંગ બનશે.

મુમુક્ષુ :- ચાલુ જ રહેવાના.

પૂજ્ય ભાઈશ્રી :- પછી જ ચાલુ જ રહેવાના.

મુમુક્ષુ :- અભિપ્રાય કો પકડના યહ જ્ઞાની કે મુનિરાજ કે ઔર ભગવાન કે ઈસ મેં બહુત ડિફિક્લ્ટ હૈ. યે સમ્યગ્દૃષ્ટિ કે ઈસમેં પકડના ઈઝી હો સકતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો સમ્યગ્દૃષ્ટિ કી હી પહચાન હોતી હૈ. દૂસરે દો કી પહચાન કરને કી ક્ષમતા મુમુક્ષુ મેં હોતી હી નહીં, હો હી નહીં સકતી. બાહ્ય દૃષ્ટિ સે-ત્યાગસે પહચાને તો ઉસકા તો કોઈ (અર્થ નહીં હૈ), યે તો નિરર્થક હૈ, વ્યર્થ હૈ વહ તો. બહુત ત્યાગ હૈ, બહુત શાંતિ દિખતી હૈ. લેકિન વહ કોઈ પહચાનને કી ચીજ નહીં હૈ.

મુમુક્ષુ :- સૂક્ષ્મ દૃષ્ટિ હો જાતી હૈ, તભી પહચાન મેં આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, સૂક્ષ્મ દૃષ્ટિમેં સમ્યક્ત્વ પહચાનને મેં આતા હૈ. યે બાત હોતી હૈ.

મુમુક્ષુ :- તો જો સમ્યગ્દૃષ્ટિ હૈ પહચાનમેં આયેગા પીછે. આગે કી દશા તો પહચાન મેં આ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દૃષ્ટિ કો પહચાનેગા તો તીનો કોં પહચાનેગા.

મુમુક્ષુ :- સત્પુરુષ મેં જો પહચાન હો સકતા હૈ, તો ઉસમેં ખાસ કિસ કારણસે હો સકતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા હૈ કિ પહચાન કા પ્રોસેસ તો પરિચય હૈ. તથારૂપ સત્સંગ પ્રાપ્ત થયે, માને પરિચયવાલા સત્સંગ પ્રાપ્ત હોનેપર ઔર દૃઢ મુમુક્ષુતા હોનેપર માને પૂર્ણતા કા લક્ષ હોને કે બાદ ઔર સત્સંગ મેં પ્રાપ્ત ઉપદેશ કો અવધારણ કરનેપર માને અમલીકરણવાલા સ્ટેજ મેં આયા. મુમુક્ષુતા પૂર્ણતા કા લક્ષ કે બાદ ભાવના કી તીવ્રતા કે વશાત અમલીકરણ મેં આયા. ઔર આગે બઢકર કે અંતરાત્મવૃત્તિ હુઈ, ઔર અંતર્મુખ કૈસો હુઆ જાયે ઈસકી ખોજ ચલી. ઔર વો ખોજ મેં પડા હૈ, ખડા હૈ, ઉસ વક્ત ઉસકો યહ અંતર્મુખ કૈસે હુઆ જાયે વહ ચીજ મિલતી હૈ. ક્યોંકિ સમ્યક્ત્વ હૈ વહ સ્વાભિમુખતા, પરિણામોં કી સ્વાભિમુખતા હૈ. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. સભી ગુણ અંતર્મુખ હો ગયે, સ્વાભિમુખ હો ગયે.

મુમુક્ષુ :- બહારકી પરિણતિ પૂરીપૂરી છૂટ ગઈ?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, બહાર કી પરિણતિ સબ ગુણોં કી તો નહીં (છૂટતી), સબ ગુણોં કી યથાસંભવ છૂટતી હૈ, કુછ-કુછ અંશમેં. અંતર પરિણતિ હોવે તો બહાર કી તો ઉસકે અનુપાત મેં છૂટે તભી તો અંતર હોવે. બહાર કી પૂરીપૂરી રહે ઔર અંતર્મુખ ભી હોવે, દો બાત કહાં સે બનેગી? લેકિન અંશરૂપ હોતી હૈ.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકામાં...

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકનના પ્રયોગ દ્વારા વિપરીત અભિપ્રાયો મટતા જાય અને અવિપરીત અભિપ્રાય કેળવાતા જાય તે યથાર્થ એટલે કે આ ભૂમિકાનું સમ્યક્ પરિણમન છે. કેમકે ઓલા બધા સમ્યક્... સમ્યક્... સમ્યક્... સમય જતા એ પ્રશ્ન ઉઠવાનો કે ભાઈ આ તો બધી જ્ઞાનદશાની વાત થઈ. મુમુક્ષુને શું? એ પ્રશ્ન ઉઠવાનો એ આ આવી ગયો ઑટોમેટિક આજે.

મુમુક્ષુ :- સાંજે લખતો હતો હમણાં, આ ભાઈ આવ્યા ઈ પહેલા. ત્યારે જ આવ્યું હતું મગજમાં. ત્યાં એ વાત આવી ગઈ અત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- શું આવ્યું? લખ્યું છે?

મુમુક્ષુ :- કાલ સવારે લખાવેલુંને આપે? સમ્યક્ત્વ છે તે બે કામ કરે છે. સમ્યક્ત્વ છે તે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને પુરુષાર્થમાં વિપરીતતા આવવા દેતું નથી. નવા કર્મને આવતા રોકે છે, તો મુમુક્ષુની ભૂમિકામાં એવું કેવું પરિણમન થાય છે કે જેથી કરીને એનામાં પણ સવળાઈ આવતી જાય છે પરિણમનમાં? એ આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- એ આવી ગયું.

'અનાદિની એકત્વબુદ્ધિ છે. એટલે કષાય એકરૂપ લાગે છે,' વિચાર ત્યાંથી આવ્યો કે બુદ્ધિ એટલે અભિપ્રાય. તો કષાય સાથે હું એકમેક છું, તન્મય છું, મારામાં થાય છે, મને થાય છે એ તો નિશ્ચય પડ્યો છે. નિશ્ચય કહો કે અભિપ્રાય કહો. તો પહેલા તો અભિપ્રાયમાં ફેર થવો ઘટે છે. જ્યાં સુધી એકત્વબુદ્ધિ ભિન્નત્વબુદ્ધિમાં ન ફેરવાય ત્યાં સુધી ઓળખાણ થઈને ભિન્ન પડી શકાય નહિ. એનાલિસિસ કરો તો એમ છે. પરિણમનનું પૃથક્કરણ કરવું જોઈએ.

મુમુક્ષુ :- ભિન્ન છે, પહેલા એવો અભિપ્રાય કેળવાય, ઘડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્નત્વબુદ્ધિ આવ્યા વિના એકત્વબુદ્ધિ જાય કેવી રીતે? વાંચે પણ શું કરે કામ કરે લ્યો આમાં? વાંચીને શું કાઢે? અનાદિની એકત્વબુદ્ધિ. હા બરાબર છે... બરાબર છે. પણ શું બરાબર છે? તારે શું એમાં આવ્યું? તેં સ્વીકારી લીધું એકત્વબુદ્ધિ થઈ, પણ હવે શું? ભિન્નત્વબુદ્ધિ થવી જોઈએ. અને એ ભિન્નત્વબુદ્ધિ

કેમ થાય? કઈ ભૂમિકામાં થાય? એ પહેલા સમજણમાં લે અને પછી પરિણમનમાં લે ત્યારે વારો આવે. હજી તો સમજણમાં આવતું ન હોય પ્રયોગમાં આવે ક્યે દિવસે?

'એટલે કષાય એકરૂપ લાગે છે,...' એકત્વબુદ્ધિ છે એટલે કષાય એકરૂપ લાગે છે. **'પરંતુ જ્ઞાનસ્વભાવ તેનાથી જુદો છે.'** પરંતુ જ્ઞાનસ્વભાવ છે એ એનાથી જુદો જ છે. કષાયથી સાવ જુદો છે. જેને ભિન્ન પડે છે, એ તો એમ કહે છે, કે અંધારા અને અજવાળા જેટલો ફેર છે. જ્ઞાનમાં અને કષાયમાં કેટલો ફેર છે? દિવસમાં અજવાળું હોય સૂર્યનું અને અંધારી રાત હોય, બે વચ્ચે કેટલો મોટો ફેર છે? એટલો જ્ઞાન અને રાગમાં ફેર છે. એટલું બધું એકત્વ થઈ ગયું છે કે જ્ઞાનનું અજવાળું દેખાતું નથી અને અંધારામાં આંટા મારે છે, ભૂલો પડે છે.

'જ્ઞાન જાણનાર છે...' જ્ઞાન છે તે જાણનાર છે. **'અને કષાય દુઃખરૂપ છે,...'** કાંઈ જાણતો નથી. જ્ઞાન જાણનાર છે. એ પ્રાઈમાફેસી કહે છે. કેમકે જાણવાના ભાવને એકત્વબુદ્ધિમાં પણ પકડી શકે છે. વેદનભૂત લક્ષણને એકત્વબુદ્ધિમાં પકડી શકતો નથી. એટલે જાણનાર લક્ષણથી પહેલાં જ્ઞાનને પકડાવે છે. પછી એમ કહે છે કે તું હવે તારા જ્ઞાનથી જ્ઞાનને, ચાલતા જ્ઞાનથી ચાલતા જ્ઞાનને અવલોકનમાં લે, અવલોકન કરવાનો પ્રયત્ન કર. તને જ્ઞાનવેદન માલૂમ પડશે ત્યારે જુદો પડશે, ત્યાં સુધી નહિ પડે. કેમકે જાણનાર છે એ કષાયને જાણતાં એકમેક થઈ જાય છે. રાગને જાણતા જ્ઞાન ચુકી જાય છે પોતાને, જાણનાર જુદો નથી રહેતો.

મુમુક્ષુ :- જ્ઞાન દૂષિત છે એમ થયુંને?

પૂજ્ય ભાઈ :- હા, ત્યાં જ્ઞાન દૂષિત થાય છે એકત્વબુદ્ધિએ.

મુમુક્ષુ :- ભિન્ન નહીં રહકર સ્લીપ કર જાતા હૈ યહ અભિપ્રાય કા દોષ હૈ?

પૂજ્ય ભાઈ :- નહીં. ઉસમેં ક્યા હૈ કિ વેદન તો જ્ઞાનસામાન્ય મેં હૈ ઔર જાનને કા જો હોતા હૈ વહ જ્ઞાનવિશેષ મેં હોતા હૈ. ઔર જ્ઞાનવિશેષ કા આર્વિભાવ રહા તો જ્ઞેય મેં સ્લીપ હો હી જાયેગા. જબ જ્ઞાનસામાન્ય કા આર્વિભાવ હોગા, તબ જ્ઞાનવિશેષ તિરોભૂત હો જાયેગા. તો સ્લીપ નહીં હોગા. તબ યહાં સ્લીપ હોકર કે ત્રિકાલી દ્રવ્ય પર આ જાયેગા. સામાન્ય સે સામાન્ય દ્રવ્ય પર આ જાયેગા. જૈસે વહાં પરદ્રવ્ય પર સ્લીપ હો કરકે ચલા જાતા થા, યહાં સ્લીપ હોકર કે સ્વદ્રવ્ય પ્રતિ ચલા જાયેગા. લેકિન કબ? કિ નિશ્ચય બદલે ઔર પહચાન હોવે ઔર ભેદજ્ઞાન કા પ્રયોગ ચલે તબ. યહ ગહરાઈ હૈ ઈસ વિષય કી.

મુમુક્ષુ :- જ્ઞાનવિશેષમાં એકલું જ્ઞાન નથી રહેતું. પરની સાથે જાણપણાનું...

પૂજ્ય ભાઈશ્રી :- એકત્વબુદ્ધિ છે અને સંપર્ક છે અને એકત્વબુદ્ધિ છે. ક્યાંથી

જુદું રહે?

મુમુક્ષુ :- અને અહીંયાં તો જ્ઞાનસ્વભાવથી જુદું પડવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે શું કર્યું? રાજમલજીએ કળશટીકામાં જ્ઞાનાનુભવને જ્ઞાનવેદનને જ્ઞાનગુણ કીધો છે. જાણવાને જ્ઞાન ગુણ નથી કીધો. '**ज्ञानं ज्ञानगुणम् विना प्राप्तुम् क्षमन्ते न हि**'. જ્ઞાનગુણ એટલે જ્ઞાનવેદન. જો વેદનથી વાત કરે તો સમજી શકે નહિ. વેદન પકડી શકતો નથી એટલે જાણવાથી વાત કરે છે.

મુમુક્ષુ :- જાનને કા બાત સિર્ફ પ્રેઝેન્સ કા ઈમ્પોર્ટન્સ વહાં એસ્ટાબ્લીશ કરતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, જ્ઞાન કા પ્રેઝન્સ હૈ વહાં ઉતના લેતે હૈં. ફિર ઉસકો અલગ કરના વહ પ્રોસેસ અલગ હૈ. વહ રહસ્યભૂત હૈ.

મુમુક્ષુ :- સંવર અધિકારમાં પણ આવ્યું હતુંને, જાણનક્રિયાના આધારે જ્ઞાન..

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ પકડાય છે. જાણવાની જે ક્રિયા છે, ઉપયોગ છે ત્યાં જ જ્ઞાન સામાન્ય છે, ત્યાં જ જ્ઞાનવેદન છે. એક જ પર્યાયનું બીજું અંગ છે એ અતરંગ છે. એટલે સૂક્ષ્મ અતરંગ અનુભવ દૃષ્ટિથી જોવે તો પકડાય, નહિતર ન પકડાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ છે એ શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ એકત્વબુદ્ધિ કહો કે સંકરદોષ કહો, એકત્વ કહો કે સંકરદોષ કહો. સંકર એટલે ભેળસેળ, ભેળસેળ એટલે એકત્વ.

'**જ્ઞાન જાણનાર છે અને કષાય દુઃખરૂપ છે, કાંઈ જાણતો નથી,...**' દુઃખરૂપ છે અને કાંઈ જાણતો નથી. આ જાણનાર છે અને આ કાંઈ જાણતો નથી. આમ જુદું પાડવું છે. પછી દુઃખ, સુખ પછીની વાત છે. એ ઉપલક્ષણમાં જાય છે.

મુમુક્ષુ :- શાંતિ-અશાંતિ બધું ઉપલક્ષણ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપલક્ષણમાં જાય છે. મૂળ લક્ષણ જાણવું અને નહિ જાણવું એ છે. એટલે આચાર્યશ્રી રાગને જડત્વમાં લઈ ગયા છે ૧૨૬માં કળશમાં. '**चैद्रूप्यं जडरूपतां च दधतोः ज्ञानस्य रागस्य च**'.

મુમુક્ષુ :- નહિતર કષાયની શાંતિમાં ફસાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અને લગભગ એ સ્થિતિ થઈ છે. ભૂલ ખાનારની યથાર્થ ભેદજ્ઞાને નથી ચડ્યા એ સીધા ધ્યાને ચડી જાય છે. યથાર્થ ભેદજ્ઞાને ચડ્યા પહેલાં ધ્યાને ચડી જાય છે અને કષાયની મંદતામાં છેતરાય છે, સંતુષ્ટ થાય છે.

મુમુક્ષુ :- આપે પ્રવચનમાં કીધેલું કે જ્યાંથી જુદાં પડવાનું હતું મંદ કષાયથી, એની જગ્યાએ મંદ કષાયમાં અભેદતા સાધી લિધી.

પૂજ્ય ભાઈશ્રી :- અભેદતા સાધીને ગાઢ કરી. એટલે ખરેખર એણે શું કર્યું? આત્માને સાધવાને બદલે કષાયને સાધ્યો, કષાયની સાધના કરી. આમ થયું.

મુમુક્ષુ :- મહેનત કરીને કષાયને સાધ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાધના કરી કષાયની.

મુમુક્ષુ :- દર્શનમોહ તીવ્ર થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- થાય જ, સીધી વાત છે. એ તો જ્યાં વિધિની ભૂલ થઈ ત્યાં ગૃહીત મિથ્યાત્વ થયું. ગૃહીત મિથ્યાત્વ એટલે? મિથ્યાત્વ કરતાં ગૃહીત મિથ્યાત્વ એ તીવ્ર દર્શનમોહની સ્થિતિ છે.

'જ્ઞાન જાણનાર છે અને કષાય દુઃખરૂપ છે, કાંઈ જાણતો નથી, કષાયને જ્ઞાન નથી માટે કષાયથી જાણનાર જુદો છે.' કષાયને જ્ઞાન નથી માટે કષાયથી જાણનાર જુદો છે. આ કારણ છે, લૉજિક એનું આ છે. શાંતિ-અશાંતિ એ લૉજિક નથી. લૉજિક આ છે. **'કષાયને જ્ઞાન નથી માટે કષાયથી જાણનાર જુદો છે. આકુળતા થઈ, રાગ થયો, દ્વેષ થયો, વિકલ્પ થયો તેનો જાણનારો જુદો છે.'** કોની સત્તામાં જણાણું આ સવાલ છે. આકુળતા થઈ, રાગ કે દ્વેષ થયો, કોની સત્તામાં જણાણું? જેની સત્તામાં જણાયું તે જણાનારથી જુદો છે, તે જણાનારથી જુદો છે.

સત્તા એટલે હયાતી. હયાતી પકડવી એ વેદન સિવાય હયાતી પકડાય નહિ. જ્ઞાનવેદન સિવાય જ્ઞાનની હયાતી પકડાય નહિ. જાણનાર છું માટે જ્ઞાન છું, એ વિચારનો વિષય છે, હયાતી નથી પકડાતી એમાં. મેં ક્રોધને જાણ્યો, મેં રાગને જાણ્યો, મેં આ બધું જાણ્યું માટે હું જાણનાર છું, મારું જ્ઞાન જાણે છે, કે જ્ઞાયક છું, (આ) બધો વિચારનો વિષય થાય છે. હયાતી ન પકડાય. અસ્તિત્વ ગ્રહણ ન થાય. વેદન સિવાય અસ્તિત્વ ગ્રહણ થાય નહિ. વેદનમાં તો અસ્તિત્વ વેદાય છે. એટલે અસ્તિત્વ અનુભવાય છે. અરૂપી એવો આત્મા જાણવાનો વિષય નથી પણ અરૂપી એવો આત્મા અનુભવવાનો વિષય છે. ઈન્દ્રિયજ્ઞાનથી જણાય ક્યાં? અરૂપી છે એ તો. જણાય કેવી રીતે? ઈન્દ્રિયજ્ઞાનથી જણાય નહિ. પોતે જ અતિન્દ્રિયસ્વરૂપ છે અને અરૂપી છે એટલે વિચારમાં આવે નહિ. વેદનથી જ એની હયાતી પકડાય.

'આકુળતા થઈ, રાગ થયો, દ્વેષ થયો, વિકલ્પ થયો તેનો જાણનારો જુદો છે. વિકલ્પ-વિકલ્પને જાણતો નથી,...' કષાય કાંઈ જાણતો નથી એટલે વિકલ્પ-વિકલ્પને જાણતો નથી. **'રાગ-રાગને જાણતો નથી, પણ તેનો જાણનારો છે તે જુદું તત્ત્વ છે. આ રીતે જાણનારો જુદો છે અને કષાયભાવો કે જે જાણતા નથી તે જુદા છે.'** બધું વજન જાણવા ઉપર લીધું. એમ જાણનાર અને નહિ જાણનાર એવી

રીતે જુદાં પાડવાની વાત છે. ઓલા તો ઉપલક્ષણોમાં જાય છે શાંતિ-અશાંતિ. મૂળ લક્ષણ જાણવું અને નહિ જાણવું તે છે.

એ ભેદજ્ઞાનનો વિષય ૬૭માં બોલમાં બહુ સારી રીતે ચર્ચાણો છે. ભેદજ્ઞાનના પ્રયોગે ચડ્યા હોય, પછી ભેદજ્ઞાનની ચર્ચા સરખી ચાલે. કેમકે ત્યાં પછી એના બધાં પાસા છે એ ખ્યાલમાં આવે અને ચર્ચા ચાલે. નહિતર એને ધારણાનો વિષય બનાવી નાખે પાછો. એ વળી નવી આપત્તિ. એટલે જ્યાં સુધી ઈ ભૂમિકાએ ન પહોંચાય ત્યાં સુધી ઈ વિષયની અંદર જાણીને નિર્ધાર કરવો, એમ નહિ કરતાં જિજ્ઞાસુ રહેવું, જિજ્ઞાસામાં રહેવું કે આ વિષય પ્રયોગનો છે અને પ્રયોગથી જ યથાર્થ સમજાય, ધારણાથી યથાર્થ ન સમજાય. ધારણામાં ન આવી જવું. એ ભૂલ ન કરવી. ભૂમિકાથી ઉપરની વાત ચાલતી હોય, ચાલતી ભૂમિકાથી પોતાની, ત્યારે એને ધારણામાં એકદમ ન લેવી. આઉટલાઈન તો એટલા માટે સમજી લેવી કે પોતે બીજી વિધિએ ન ચડી જાય અને બીજે રસ્તે ન વયો જાય.

મુમુક્ષુ :- યે હર ભૂમિકા મેં મુમુક્ષુ કો યાદ રખના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, યહ ખ્યાલ મેં રખને કી ચીજ હૈ. જૈસે હમ કોઈ રાસ્તે સે જાના ચાહતે હૈં, અનજાના રાસ્તા હૈ. લેકિન હમને નોટ કર લિયા કિ દો-તીન બાર ચલને કે બાદ એક બાવડી આતી હૈ. વહાં સે હમકો દો રસ્તા મિલેગા તો, હમકો લેફ્ટ ટર્ન લેના હૈ. ફિર આગે જાયેંગે તો ચાર રસ્તા ઔર આયેગા, ઉસમેં સે રાઈટ ટર્ન લેને કા હૈ. તો વહ આઉટલાઈન પકડ લિયા. લેકિન બાવડી પહોંચે તબ પતા ચલા કિ ઠીક હૈ, હમારી ધારણા કે અનુસાર હમ પહોંચ ગયે. ફિર ચાર રસ્તા દિખા તો હમ વહાં પહુંચે. તો આઉટલાઈન પકડની હૈ. જૈસે મેપ મેં પકડતે હૈં, નકશામેં પકડતે હૈં.

મુમુક્ષુ :- આઉટ લાઈન હી પકડના. ઔર સબ કામ અનુભવ કે હિસાબ સે હી કરના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- બાકી અનુભવ સે કામ કરના હૈ. આઉટલાઈન તો અનુભવ કો ટેલી કરને મેં કામ મેં લેના હૈ. તો યહાં તો (ઐસા માન લેતે હૈં કિ) આઉટલાઈન મિલ ગયા તો જ્ઞાન હો ગયા ઈસ વિષય કા. યહ ગડબડી હોતી હૈ. ઔર જ્ઞાન હો ગયા તો મૈં સમજતા હૂં. યહાં આ ગયા. મૈં સબ સમજતા હૂં. અરે..! ભાઈ! પહુંચને કા બાકી હૈ.

મુમુક્ષુ :- નક્શો મળ્યો તો કહે પહોંચી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મકાનનો નકશો મળે અને એની અંદર બેડરૂમમાં પલંગ

ચીતર્યો હોય તો કાંઈ સૂવાના કામમાં આવે? એનું લેટ્રીન કાંઈ લેટ્રીન જવાના કામમાં આવે? ઔર ઉસકા ડાઈનિંગ ટેબલ કોઈ ખાને કે કામ મેં આતા હૈ? ઔર નકશે કે કિચન મેં રસોઈ હોતી હૈ ક્યા? યે તો ઐસા હો ગયા. કલ્પના મેં ઐસા હોતા હૈ. કલ્પના મેં જબ જીવ ચડ જાતા હૈ, તબ યહ હોતા હૈ. વહ નકશા મેં સબ કરને લગતા હૈ.

મુમુક્ષુ :- કલ્પના મેં કરને કા...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહ તો અન્યમત હો ગયા. ગૃહીત મિથ્યાત્વ હુઆ માને અન્યમત હો ગયા. અન્યમતિ તો મુસલમાન ભી હોતે હૈં, મુસલમાન હો ગયા. મુસલમાન બોલે તો ઉસકો કઠીન લગે. અરે..! મૈં મુસલમાન! અરે ભાઈ! તુમ સાત બાર મુસલમાન, એક બાર નહીં.

એકવાર આપણે મંદિરમાં સ્વાધ્યાય થતો હતો. (એક મુમુક્ષુ) સાંભળવા આવ્યા. આવે ઓછા. એકવાર આવેલા અને સાંભળવા બેઠેલાં. પહેલાં તો એ વાંચતા હતા. મેડીએ તો એ વાંચતા હતા પહેલા. પછી એકવાર આવી રીતે ગૃહીત મિથ્યાત્વ થાય એટલે એ મુસલમાન થઈ ગયો એમ લીધું. એવું કહેવાય? સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને અને તમે કહો મુસલમાન થઈ ગયો. મેં કીધું લાગશે આકરું. પણ વર્ગ તો એક જ છે. અન્યમતિનો વર્ગ એક જ છે. જૈનમતિ અને અન્યમતિ. બે જ વર્ગ છે. એ બીજા વર્ગમાં પછી જૈનાભાસી પણ આવી જાય છે. કઠિન લગે. લેકિન કઠિન લગે તો ભયંકરતા સમજ મેં આયેગી કિ યહ ભૂલ હૈ વહ મુસલમાન હોને કી ભૂલ હૈ. પ્રયોજનભૂત કી ભૂલ હૈ ઉસમેં વહ બાત હૈ.

મુમુક્ષુ :- સુનના મુશ્કેલ પડેગા કોઈ બોલ ભી દેગા તો.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. વહાં તો ચોંટ લગતી હૈ. લેકિન મિથ્યાત્વ હોતા હૈ ઉસમેં ચોંટ નહીં લગતી હૈ. યે બાત હો ગઈ. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન :– સમ્યગ્દર્શનનો વિષય શું છે? અને તે કેમ પ્રગટે? તથા મુક્તિનો ઉપાય શું છે?

સમાધાન :– સમ્યગ્દર્શનનો વિષય શાશ્વત આત્મા, ટકતો ભાવ ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે. પર્યાયો તો બધી પલટાયા કરે છે. અંદર આત્માને ઓળખવો. શાશ્વત આત્માને ઓળખી; ભેદજ્ઞાનની ધારા એમ ને એમ ટકાવી; હું આ ચૈતન્ય છું, વિભાવ મારાથી જુદા છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, ક્ષયોપશમભાવ પણ અધૂરી પર્યાય છે, એમ નિર્ણય કરી એક પૂર્ણ શાશ્વત આત્મા–કે જે કાયમ ટકનારો છે–તેને ગ્રહણ કરવો. જ્ઞાન બધાનું થાય કે આ સ્વભાવ છે, આ વિભાવ છે પણ દૃષ્ટિ તો એક આત્મા ઉપર કરવી. ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે અંતરમાં પ્રગટ થાય અને જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે. સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે. અંતરમાં આત્માનો કોઈ અનુપમ સ્વભાવ છે. તેનું વેદન આવે અને સ્વાનુભૂતિ વધતી જાય, લીનતા વધતી જાય, તો ભૂમિકા પણ વધતી જાય છે. ખરું કરવાનું તો તે છે; પણ તે પહેલાં તત્ત્વવિચાર, શાસ્ત્ર–અભ્યાસ, દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા વગેરે આવે છે અને તે એક આત્માને ઓળખવા માટે છે. આત્મા કેમ ગ્રહણ થાય? એમ વારંવાર વારંવાર ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી જોઈએ. પહેલાં તે ભેદજ્ઞાન ભાવનારૂપ હોય, પછી તેની સહજ ધારા પ્રગટ થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા પ્રગટ થવાનો પ્રસંગ આવે છે. જે ટકતો શાશ્વતો ભાવ છે તે જ હું છું. આમ અંતરમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી તે જ મુક્તિનો માર્ગ છે.

જીવે ઘણીવાર ક્રિયાઓ કરી છે, શુભભાવો કર્યા છે. તેનાથી પુણ્યબંધ થાય છે, દેવલોક મળે છે, પણ ભવનો અભાવ થતો નથી. વિકલ્પ તૂટીને અંતરમાં સ્વાનુભૂતિ થાય તો ભવનો અભાવ થાય અને તે મુક્તિનો માર્ગ છે. તેના માટે વર્તમાનમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય તો સ્વાનુભૂતિનો પ્રસંગ આવે છે. જ્ઞાન આત્મામાંથી પ્રગટે, દર્શન આત્મામાંથી પ્રગટે અને ચારિત્ર પણ આત્મામાંથી પ્રગટ થાય છે માટે તેઓ આત્મસ્વભાવ છે; પણ શુભભાવ આત્માનો મૂળ સ્વભાવ નથી. તેથી દૃષ્ટિ તેને હેય માને છે. જ્યારે જ્ઞાન બધાને જાણે છે. વચ્ચે અધૂરી પર્યાય આવે, શુભભાવ આવે તેને જ્ઞાન જાણે છે.અને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે.

સ્વાનુભૂતિ વધી જાય તો તેને મુનિદશા આવે છે. મુનિદશામાં વારંવાર આત્મામાં લીનતા થાય છે. તેમ કરતાં કરતાં એટલી સ્થિરતા વધી જાય કે પૂર્ણ

વીતરાગદશા અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અનાદિકાળથી હું પરનું કરી શકું છું એવી ભ્રમબુદ્ધિ છે,પરંતુ બીજાનું કરી શકતો નથી. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેમાં દ્રવ્ય-ગુણ તો શાશ્વત છે ને પર્યાય પલટે છે. તો તે પોતાની પર્યાયને પલટાવી શકે છે. અર્થાત્ વિભાવ પર્યાયમાંથી સ્વભાવ પર્યાય પ્રગટ કરી શકે છે, પણ બીજાનું તો કાંઇ પલટાવી શકતો નથી. માત્ર કર્તાબુદ્ધિ અજ્ઞાનતાથી કરે છે કે આ હું કરું છું. વિકલ્પ પણ પોતાનો સ્વભાવ નથી, છતાં અજ્ઞાનદશામાં તેમાં જોડાયા કરે છે. જો ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો સ્વસન્મુખ થાય અને સ્વાનુભૂતિ પ્રગટ થાય. ખરું તો એ કરવાનું છે. ગુરુદેવે માર્ગ બહુ સ્પષ્ટ કરી ને બતાવ્યો છે. શાસ્ત્રોના બધા ઉકેલ ગુરુદેવે કરી દીધા છે. ૬૮.

તા. ૨૭-૧૧-૧૯૯૬, પ્રશ્ન- ૬૮, પ્રવચન નં. ૪૨

સ્વાનુભૂતિદર્શન પાનું-૬૧, પ્રશ્ન-૬૮મો. '**સમ્યગ્દર્શનનો વિષય શું છે? અને તે કેમ પ્રગટે? તથા મુક્તિનો ઉપાય શું છે?**' સમ્યગ્દર્શનનો વિષયભૂત પદાર્થ કેવો છે? સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટે? મુકિતનો ઉપાય તો સમ્યગ્દર્શન આદિ ભાવ જ છે. એટલે એ તો પ્રશ્ન એનો એ જ છે.

'**સમાધાન :- સમ્યગ્દર્શનનો વિષય શાશ્વત આત્મા, ટકતો ભાવ ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે.**' એક વાક્યમાં આખો જવાબ આવી ગયો. સમ્યગ્દર્શનનો વિષય તો આત્મા છે કે જે શાશ્વત પદાર્થ છે. એમને એમ ટકી રહેલો ભાવ છે એટલે ધ્રુવભાવ છે. અને તેને ગ્રહણ કરવો એટલે અનુભવ કરવો, એનું અવલંબન લેવું. એનાથી તે પ્રગટે છે અથવા અનુભવમાં આવે છે. '**પર્યાયો તો બધી પલટાયા કરે છે.**' હવે ક્યાં ભેદ પાડયો? ટકતા ભાવ અને પલટતા ભાવ વચ્ચે. પર્યાયો તો બધી પલટાયા કરે છે. '**અંદર આત્માને ઓળખવો.**' હવે એ ક્યારે પ્રગટે? કે સ્વાનુભવમાં આવે કે ઓળખાણ થઈ હોય તો. અનુભવમાં એકાગ્રતા છે અને એકાગ્રતા ઓળખ્યા વિના થાય નહિ. ઓળખાણ એ કારણ છે, એકાગ્રતા એ કાર્ય છે.

'**અંદર આત્માને ઓળખવો.**' બહેનશ્રી કાયમ લ્યે છે એ વિષય. ઓળખવાની વાત હંમેશા એ લ્યે જ છે. '**શાશ્વત આત્માને ઓળખી; ભેદજ્ઞાનની ધારા એમ ને**

એમ ટકાવી;...' ઓળખીને એમ કહો. ભાવભાસનમાં લાવીને એમ કહો. એટલે શાશ્વત આત્માના ભાવભાસનપૂર્વક ભેદજ્ઞાનની ધારા એમ ને એમ ટકાવી. ભેદજ્ઞાનની ધારા સતત રાખીને. ટકાવવી એટલે? સતત રાખીને. '**હું આ ચૈતન્ય છું,**' ભેદજ્ઞાનમાં શું પરિણમન છે? કે હું, આ એટલે પ્રત્યક્ષ ચૈતન્ય છું. હું પ્રત્યક્ષ ચૈતન્ય છું. આ એટલે પ્રત્યક્ષ વિદ્યમાન ચૈતન્ય છું. '**વિભાવ મારાથી જુદા છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી,...**' મારું અસલ સ્વરૂપ નથી. આત્માનું એટલે મારું. એ મારું અસલ સ્વરૂપ નથી. જેમ કોઈ માણસ વેશ ધારણ કરે નાટકનો તો એ એનું અસલ સ્વરૂપ નથી.

'**ક્ષયોપશમભાવ પણ અધૂરી પર્યાય છે,...**' જ્ઞાનનો ક્ષયોપશમ છે, ચારિત્રનો ક્ષયોપશમ છે. ભલે શુદ્ધભાવ હોય તોપણ તે અધૂરી પર્યાય છે. '**એમ નિર્ણય કરી એક પૂર્ણ શાશ્વત આત્મા...**' એટલે પર્યાય ઉપરનું વજન ઘટી જશે. એવો નિર્ણય કરતાં પર્યાય ઉપરનું વજન ઘટી જશે. અથવા પર્યાયદૃષ્ટિમાં જે પર્યાયનું આલબંન છે એ આલબંન છૂટી જશે. હું '**એક પૂર્ણ શાશ્વત આત્મા-કે જે કાયમ ટકનારો છે-તેને ગ્રહણ કરવો.**' પોતા સ્વરૂપે એનો નિર્ણય કરીને એનું અવલંબન લેવું અથવા એને ગ્રહણ કરવો. અવલંબન લેવું એટલે હુંપણે અવલંબન (લેવું). '**જ્ઞાન બધાનું થાય કે આ સ્વભાવ છે,...**' જ્ઞાન બધાનું થાય કે આ સ્વભાવ છે. '**આ વિભાવ છે...**' જ્ઞાન થવામાં કાંઈ આપત્તિ નથી. સ્વપર બધાનું જ્ઞાન થાય. સ્વભાવનું, વિભાવનું બધાનું જ્ઞાન થાય. '**પણ દૃષ્ટિ તો એક આત્મા ઉપર કરવી.**' એટલે હુંપણું. દૃષ્ટિ કરવી એટલે હુંપણું તો એક આત્મા ઉપર જ કરવું.

'**ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે અંતરમાં પ્રગટ થાય અને જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે.**' શું છે કે ભેદજ્ઞાનની ધારાનું પરિણમન છે એમાં ઉગ્રતા આવે ત્યારે વિકલ્પનો અભાવ થઈને (નિર્વિકલ્પ દશા થાય). નહિતર ભેદજ્ઞાન તો સવિકલ્પ દશામાં પણ ચાલે છે, પણ જ્યાં ઉગ્રતા થાય—જ્ઞાતાપણાની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટી અને નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે. એટલે વિકલ્પ ઉત્પન્ન થતો બંધ થાય છે. અને એમાં શું છે? આલંબનની ઉગ્રતા આવે છે. આત્મા જે મૂળ સ્વરૂપે છે એ નિર્વિકલ્પ છે. સામર્થ્યરૂપ હોવાથી નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ સ્વરૂપનું બળવાન આલંબન આવે ત્યારે ઉપયોગ તદાકાર થાય. ઉપયોગ છે એ એકાકાર થાય છે, તદાકાર થાય છે અને ઉપયોગ તદાકાર થતાં ચારિત્રગુણમાં જે રાગનો અંશ ઉત્પન્ન થતો હતો એ બંધ થઈ જાય છે. એકલો વીતરાગભાવ રહી જાય છે. વીતરાગ ભાવ છે એ સ્વરૂપ સદશ છે. જ્ઞાન પણ સ્વરૂપાકાર થયું, શ્રદ્ધા પણ સ્વરૂપાકાર થઈ.

એ સ્વરૂપનાં દર્શન-જ્ઞાન-ચારિત્ર થઈ ગયા. એને સ્વાનુભવ કહે છે, એને સ્વાનુભૂતિ કહે છે.

મુમુક્ષુ :- સ્વરૂપાકાર પરિણમન થયું આ જ સમ્યક્ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વરૂપાકાર પરિણમન થયું. સર્વ ગુણોનું પછી થઈ ગયું. એટલે 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' કહેવામાં આવે છે. એમ લઈ શકાય કે આત્માના સર્વ ગુણોનો સ્વરૂપાકાર પરિણમતો અંશ તે સમ્યક્ત્વને લીધે છે અથવા તે જ સમ્યક્ત્વ છે. તે જ પરિણમનનું સમ્યક્ત્વ છે અથવા પરિણામનું એ સમ્યક્ત્વ છે.

મુમુક્ષુ :- આત્માનો સર્વ ગુણોનો સ્વરૂપાકાર પરિણમતો અંશ તે જ પરિણામનું સમ્યક્ત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનો...

મુમુક્ષુ :- સર્વ ગુણોનો સ્વરૂપાકાર પરિણમતો અંશ તે જ પરિણામનું સમ્યક્ત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માના લેવું જોઈએ. આત્માના સર્વ ગુણોનો બસ. સર્વ ગુણોનો સ્વરૂપાકાર પરિણમતો અંશ તે જ પરિણમનનું... પરિણમનનું.... પરિણમનનું સમ્યક્ત્વ છે. અને એ જે '**સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે.**' મુક્તિનો ઉપાય શું? સ્વાનુભૂતિ. સમ્યગ્દર્શન સ્વાનુભૂતિ સમકાળે છે અને સ્વાનુભૂતિ છે એમાં સમ્યગ્દર્શન સમાઈ જાય છે. એ સ્વાનુભૂતિ છે એ મુક્તિનો માર્ગ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જહાં એક ગુણ હોતા હૈ વહાં સારે ગુણ હોતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- એક ગુણ નહીં, સમ્યક્ત્વ હોને મેં સભી ગુણ કા પરિણમન આત્માભિમુખ હો જાતા હૈ, અંતર્મુખ હો જાતા હૈ. ઐસા હૈ. એક ગુણ નહીં હોતા હૈ, સભી ગુણ હોતા હી હૈ.

'**સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે. અંતરમાં આત્માનો કોઈ અનુપમ સ્વભાવ છે.**' અંતરમાં આત્માનો કોઈ અનુપમ સ્વભાવ છે. '**તેનું વેદન આવે અને સ્વાનુભૂતિ વધતી જાય, લીનતા વધતી જાય,...**' તો મોક્ષમાર્ગની '**ભૂમિકા પણ વધતી જાય છે.**' એ પ્રકારે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઉપર જે ભેદજ્ઞાનની ધારા અને જ્ઞાતાધારા, બેય એક જ વાત કરી છે?

પૂજ્ય ભાઈશ્રી :- બેય એક જ છે. જ્ઞાતાધારા કેમ શબ્દ લીધો? કે જ્ઞાતાધારામાં જ્ઞાન જ્ઞાતાભાવે સ્વરૂપનું અવલંબન લ્યે છે. ભેદજ્ઞાનમાં રાગથી ભિન્નતા, જ્ઞાતામાં સ્વરૂપજ્ઞાન એ પડખું લીધું. રાગની વાત કહેવાની છોડી દીધી. ભિન્નતા તો છે જ.

પણ એ વાત કહેવાની છોડી દીધી. પોઝિટિવ સાઈડ એકલી લીધી. કેમકે અહીંયાં અવલંબન લેવું છેને એટલે એકલી પોઝિટીવ સાઈડ લિધી.

મુમુક્ષુ :- એટલે જ્ઞાતાધારા દ્વારા દ્રવ્યના અવલંબનમાં આવી જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાતાધારા સ્વસ્વરૂપનું અવલંબન લ્યે છે અને અવલંબન-અવલંબનમાં પણ ડિગ્રી ઘણી છે. એટલે ઉગ્રતા આવે ત્યારે નિર્વિકલ્પતા થાય. ઉગ્રતા પુરુષાર્થ સૂચક છે. એટલે ચોથો ગુણ પુરુષાર્થનો ભળ્યો. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્પુરુષાર્થ. પુરુષાર્થ તીવ્ર થવાથી નિર્વિકલ્પદશા થાય અને પુરુષાર્થ મંદ રહેવાથી સવિકલ્પ દશા થાય. એમ છે. અને સવિકલ્પદશા થાય તોપણ ભેદજ્ઞાન ચાલુ રહે, ભેદજ્ઞાન તો ચાલુ રહે. એ ભેદજ્ઞાનની અંદર પુરુષાર્થની ઉગ્રતા થાય ત્યારે ત્યારે નિર્વિકલ્પ દશા થઈ જાય.

'સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે. અંતરમાં આત્માનો કોઈ અનુપમ સ્વભાવ છે.' એની કોઈ ઉપમા આપી શકાય, સ્વભાવની કોઈ ઉપમા આપી શકાય એવું નથી. અનુપમ સ્વભાવ છે અને સર્વોત્કૃષ્ટ સ્વભાવ છે. અનુપમ છે અને એથી ઉત્કૃષ્ટ પણ કોઈ નથી અને એની બરાબરમાં પણ કોઈ નથી. **'તેનું વેદન આવે અને સ્વાનુભૂતિ વધતી જાય, લીનતા વધતી જાય,...'** નિર્વિકલ્પ દશામાં. લીનતા વધતી જાય તો **'તો ભૂમિકા પણ વધતી જાય છે.'** તે ને તે ગુણસ્થાનમાં પણ ભૂમિકા વધતી જાય અને ચરમસીમા આવે પછી ઉપરના ગુણસ્થાનમાં આવી જાય.

'ખરું કરવાનું તો તે છે;...' આ એક જ કરવાનું છે. ખરું એટલે આ એક જ કરવાનું છે. આ એક જ સારભૂત છે. આ એક જ ખરું કરવાનું છે, આ એક જ સારભૂત છે, આ એક જ શરણભૂત છે અને આ એક જ સુખમય છે. સારમાં સુખ ગર્ભિત છે. સાર કહેતાં સુખરૂપ અને અસાર કહેતાં દુઃખરૂપ. એ વ્યાખ્યા રાજમલજીએ બાંધી કળશટીકાની અંદર. પહેલા (કળશ) નમઃ સમયસારાયમાં એ અર્થ કરે છે. સાર કહેતાં સુખરૂપ, અસાર કહેતાં દુઃખરૂપ. અધ્યાત્મ પ્રધાન છેને એટલે સારમાંથી સુખ કાઢ્યું છે.

નિયમસારમાં પદ્મપ્રમલધારીદેવે બીજો અર્થ કાઢ્યો સારમાંથી. 'વિપરીતના પરિહાર અર્થે સાર પદ યોજેલ છે'. નિયમસાર. નિયમથી કરવા યોગ્ય શું? કે આત્માનું શ્રદ્ધાન, આત્માનું જ્ઞાન અને આત્માનું આચરણ. આ નિયમથી કરવાયોગ્ય છે અને એ જ સારભૂત છે. એટલે નિયમસાર કીધો. તો કહે સારમાંથી શું લેવું? તો કહે, વિપરીતનો અભાવ, વિપરીતતાનો અભાવ. આમાં ક્યાંય વિપરીતતા નથી રહેતી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર થાય એટલે ક્યાંય વિપરીતતા નથી રહેતી. માટે નિયમ છે

એ વિપરીતતા રહિત સારભૂત છે. નિયમથી કર્તવ્ય એવા આ પરિણામો એ વિપરીતતા રહિત છે. અને એ વિપરીતતાનો અભાવ દર્શાવવા માટે સમ્યક્ શબ્દ પણ આગળ યોજવામાં આવે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એ પણ વિપરીતતાનાં અભાવને દર્શાવે છે. અને સાર શબ્દ પણ વિપરીતતાનાં અભાવને દર્શાવે છે. સારના જુદાં-જુદાં અર્થ છે.

'**ખરું કરવાનું તો તે છે; પણ તે પહેલાં...**' એટલે મુમુક્ષુની ભૂમિકામાં '**શાસ્ત્ર-અભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે આવે છે અને તે એક આત્માને ઓળખવા માટે છે.**' શેના માટે છે? તે આત્માને ઓળખવા માટે છે. શાસ્ત્ર અભ્યાસ આત્માને ઓળખવા માટે છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા પણ આત્માને ઓળખવા માટે છે. રાગ માટે નથી લીધું. શું કીધું? દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા રાગ માટે નથી કાંઈ. '**આત્મા કેમ ગ્રહણ થાય?**' એટલે કેમ અનુભવમાં આવે? '**એમ વારંવાર વારંવાર ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી જોઈએ.**' કેમ પ્રગટ થાય એટલે કેમ અનુભવમાં આવે? જેમ અનુભવમાં આવે એમ એને માટે ભેદજ્ઞાનની ધારા વારંવાર પ્રગટ કરવી જોઈએ. મુમુક્ષુની ભૂમિકામાં. જ્ઞાનદશામાં તો સતત છે. મુમુક્ષુની ભૂમિકામાં વારંવાર એની પ્રગટતા કરવી જોઈએ. કાલે આપણે દ૭માં આવી ગયું એ ઓળખીને જુદાં પાડે.

'**પહેલાં તે ભેદજ્ઞાન ભાવનારૂપ હોય,...**' એટલે વારંવાર કરવાનું હોય. ભાવનાથી વારંવાર કરવાનું હોય. '**પછી તેની સહજ ધારા પ્રગટ થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા પ્રગટ થવાનો પ્રસંગ આવે છે.**' પહેલાં ભાવનાથી વારંવાર ભેદજ્ઞાન કરે પછી એમાં સહજતા આવે તો વિકલ્પ તૂટી અને નિર્વિકલ્પદશા પ્રગટ થાય. અથવા એ અવસર આવે છે. '**જે ટકતો શાશ્વતો ભાવ છે તે જ હું છું. આમ અંતરમાં દ્રવ્ય ઉપર દષ્ટિ થવી તે જ મુકિતનો માર્ગ છે.**' જે ટકતો શાશ્વતો ભાવ છે તે જ હું છું અને દષ્ટિ છે એ અસ્તિત્વને ગ્રહે છે. હું છું. દષ્ટિનું કાર્ય શું છે? સત્તા ગ્રહણ કરવી તે. આ નથી આવતા? પ્રધાનમંડળમાં શપથ લેવરાવે છે ત્યારથી એણે શું કર્યું? સત્તા ગ્રહણ કરી. એ બધી પરસત્તાની વાતો છે. પરસત્તા ગ્રહણ કરવી તે અધોગતિનું કારણ છે. પ્રધાનો ત્યાં રાજમાં સત્તા ગ્રહણ કરે, ઓફિસર થઈને ઓફિસરો ઑફિસમાં સત્તા ગ્રહણ કરે અને ઘરમાં મોટા હોય એ મોટાપણાની સત્તા ગ્રહણ કરે. હું મોટો. મારી સતા ચાલવી જોઈએ. સત્તા ગ્રહણ કરવાવાળા નીચે વયા જાય.

મુમુક્ષુ :- જાત તો બધી એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે. ઉદય છે. ત્રણેને ઉદય છે. ઓલાને ઘરમાં ઉદય છે, ઓલાને ઑફિસમાં ઉદય છે, ઓલાને મંત્રાલયમાં ઉદય છે.

નિજસત્તાને ગ્રહણ કરવી તે સમ્યગ્દર્શનનું કાર્ય છે, તે આત્મશ્રદ્ધાનનું કાર્ય છે. આત્મશ્રદ્ધાન સત્તા જ ગ્રહણ કરે છે. અને તારે સત્તા ગ્રહણ કરવી હોય તો તારી સત્તા ગ્રહણ કરને. પારકી સત્તા ગ્રહણ કરવા શું કરવા જાય છે? સત્તા ગ્રહણ કરવાનો શોખ છે અને મજા આવે છેને? તો લે, કર સત્તા ગ્રહણ કર. કોણ ના પાડે છે?

મુમુક્ષુ :- તારે ખજાને ક્યાં ખોટ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તારે ખજાને ક્યાં ખોટ છે તો પારકે ભીખ માંગવા જાય છે? કે મને આ ખુરશી આપો અને મને આ આપો, મને આ આપો. એમ છે લ્યો. ત્યાં સત્તા ગ્રહણ કરે એટલે પાવરે ચડે. હું ફલાણો, ફલાણો. નીચપદમાં ઉચ્ચપદ માનીને રાજી થાય છે, રાચે છે. અહીં કહે છે, ચૌદ લોકનો નાથ તું છો. અને સત્તા એટલે તારા અસ્તિત્વનો અનુભવ કર. સત્તા ગ્રહણ કરવી એટલે? તારા અસ્તિત્વનો અનુભવ કર.

મુમુક્ષુ :- કેમ ભૂલી જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- ભ્રમ થાય એટલે એવું થાય. ભ્રમ થાય એટલે એવું થાય.

મુમુક્ષુ :- ઉદય આવે ત્યારે ભૂલી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા ઉદયમાં, પરમાં પોતાપણું કરે એટલે પોતાને ભૂલે એમ. એવું ન બની શકે કે પરમાં પણ પોતાપણું કરે અને પોતામાં પણ પોતાપણું કરે. એવું ન બની શકે. બેમાંથી એક ઠેકાણે થાય. પરમાં પોતાપણું કરતાં ઉપાધિ છે, દુઃખ છે. પોતામાં પોતાપણું કરતાં સમાધિ અને સુખ છે. ઓલી ઉપાધિ અને દુઃખ છે, આ સમાધિ અને સુખ છે. આમ છે લ્યો.

મુમુક્ષુ :- કૃપાળુદેવે કહ્યું છેને, નિજમાં નિજનું ગ્રહણ મુક્તિનું કારણ છે. ગુરુદેવે કહ્યું, સ્વપણે વેદાતું જ્ઞાન તે જ આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- તે જ આત્મા છે એ ગુરુદેવે કહ્યું. નિજમાં નિજબુદ્ધિ કરવાથી પરિભ્રમણદશા ટળે છે અને પરમાં નિજબુદ્ધિ કરવાથી પરિભ્રમણદશા ઉત્પન્ન થાય છે. હવે જેને પરિભ્રમણ ટાળવું હોય એણે એવું જ્ઞાન જેના આત્મામાં ઉત્પન્ન પહેલાં થઈ ગયું હોય, પ્રકાશિત થયું હોય તેની દાસાનુદાસપણે ભકિત કરવી. ભક્તિ કરે તો જ્ઞાન નિર્મળ થાય, જ્ઞાન નિર્મળ થાય તો સ્વરૂપ ઓળખાય. જો જ્ઞાન નિર્મળ નથી થતું તો જીવ નિષ્કામ ભક્તિ નથી કરતો, સકામ ભક્તિ કરે છે. કોઈ એમ કહે કે ભક્તિ તો હું કરું છું પણ જ્ઞાન નિર્મળ નથી થતું, હવે શું કરવું? તો કહે સકામતા છે. સકામતા છે ત્યાં મલિનતા છે. મલિનતા હોય ત્યાં નિર્મળતા ક્યાંથી થાય? એમ કહેવું છે.

મુમુક્ષુ :- નિષ્કામ ભક્તિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- નિષ્કામ એટલે મારે કાંઈ જોઈતું નથી. જ્યાં ભક્તિ મળી ગઈ પછી મારે શું જોઈએ છે? એ નિષ્કામતા.

મુમુક્ષુ :- સર્વસ્વ મળી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વસ્વ મળી ગયું. જ્ઞાન નિર્મળ થયા વગર રહે જ નહિ. એ તો રસાયણ છે, નિષ્કામ ભક્તિ છે એ રસાયણ છે, કેમિકલ પાવડર છે. મલિનતાને કાઢે, કાઢે ને કાઢે જ. ડિટર્જન્ટ વાપરે છે કે નહિ? મેલ કાઢવા માટે ડિટર્જન્ટ વાપરે છે કે નહિ? અમારું ડિટર્જન્ટ વાપરશો તો તમારે ધોકા મારવાની કે ચોળવાની જરૂર પડશે નહિ. એ મેલને કાપી નાખશે. ડિટર્જન્ટ પોતે જ મેલને કાપી નાખશે. એમાં એવું કેમિકલ છે. એમ ભક્તિ છે એ પોતે જ રસાયણ છે. નિષ્કામ ભક્તિ છે એ પોતે રસાયણ છે, મેલને કાપે છે. જ્ઞાન નિર્મળ થાય એટલે પોતાનો સ્વભાવ ઓળખાય. એમ છે.

મુમુક્ષુ :- બાહર મેં આશા-અપેક્ષા જિતની કમ હોતી જાયેગી ઉતની જ્ઞાન કી નિર્મલતા બઢતી જાયેગી.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, આશા-અપેક્ષા નહીં કરે વહી નિષ્કામતા હૈ ઔર રખે વહી સકામતા હૈ.

મુમુક્ષુ :- નિષ્કામ ભક્તિ એ પણ સમ્યક્ત્વ થયું મુમુક્ષુ ભૂમિકાનું?

પૂજ્ય ભાઈ :- હા, એ નિષ્કામ ભક્તિમાં ઓળખાણ થાય ત્યારે. ઓળખાણ ન થાય ત્યાં સુધી નહિ. ઓળખાણ થાય એ નિષ્કામ ભક્તિથી, નિર્મળતા આવીને ઓળખાણ થાય સત્પુરુષની.

મુમુક્ષુ :- ઓળખાણ પહેલાં નિષ્કામ ભક્તિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઓળખાણ પહેલાં નિષ્કામ ભક્તિ ઓળખવાનું કારણ છે. એ સમકિત નહિ, પહેલાં સમકિતનું કારણ થાય એ.

શું કહે છે? કે '**પહેલાં તે ભેદજ્ઞાન ભાવનારૂપ હોય, પછી તેની સહજ ધારા પ્રગટ થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા પ્રગટ થવાનો પ્રસંગ આવે છે.**' એટલે અવસર આવે છે. આપણે ત્યારપછી જે ચાલ્યું એના ઉપર ચાલે છે. '**જે ટકતો શાશ્વતો ભાવ છે તે જ હું છું.**' 'આ હું છું' એ દૃષ્ટિનું કાર્ય છે. ધ્રુવ હું... હું ધ્રુવ છું એવું જે પોતાના ધ્રુવ અસ્તિત્વનું ગ્રહણ, એ સત્તાનું ગ્રહણ, અસ્તિત્ત્વ કહો કે સત્તા કહો એક જ વાત છે, એ સત્તાનું ગ્રહણ છે. એ દૃષ્ટિનું કાર્ય છે. એ રીતે '**અંતરમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી તે જ મુકિતનો માર્ગ છે.**' મુકિતનો ઉપાય આ છે.

સ્વરૂપને ગ્રહણ કરવું.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનની પ્રક્રિયામાં ટકતો શાશ્વત ભાવ ગ્રહણ થયો. આપે જે કીધુંને ભેદજ્ઞાન દ્વારા...

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન દ્વારા પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ પ્રગટવાની પ્રક્રિયા ચાલે છે. દૃષ્ટિ પ્રગટશે. ભેદજ્ઞાન ચાલશે સહજ તો દૃષ્ટિ પ્રગટશે. કેમકે ભેદજ્ઞાનમાં રાગ તે હું નહિ અને જ્ઞાન તે હું, એવું સતત પરિણમનનો મહાવરો, પ્રેક્ટિસ ચાલે છે.

મુમુક્ષુ :- જ્યાં-જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પોઝિટિવ સાઈડથી એકલું લીધું.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન છે એ સ્વયં એક વેદનપ્રધાન પ્રક્રિયા છે? એટલા માટે કાલે જે આપણે વાત કરીને કે અસ્તિત્વ ગ્રહણ છે એ વેદનથી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વેદનપ્રધાન અને એ પ્રયત્ન દશા છે.

...પુણ્ય બંધાવે છે એ વાત નથી અહીંયાં. દેવલોકનું પુણ્ય મળે છે એવી વાત નથી અહીંયાં. એટલે એ બધું કર્યું અત્યાર સુધી એમાં દેવલોકના ભવો મળ્યા. ભવનો અભાવ ન થયો.

'વિકલ્પ તૂટીને અંતરમાં સ્વાનુભૂતિ થાય તો ભવનો અભાવ થાય.' એ સ્વાનુભૂતિ છે એ ભવનો અભાવ કરાવે છે. ભવરહિત એવો જે પોતાનો આત્મા, ભવરહિત અને ભવના કારણ રહિત, બંનેથી રહિત છે. ભવ પણ નથી અને ભવનું કારણ પણ એના સ્વરૂપમાં નથી. એમાં શ્રદ્ધા જ્ઞાનની લીનતા થતાં જે સ્વાનુભવ થયો એ અવસ્થામાં ભવ થતાં એનો નાશ કરી નાખે છે, થવા નહિ દ્યે.

ભવ મળે છે એમાં શું થાય છે? આપણે વિચારીએ કે ભવ મળે છે એમાં શું થાય છે? નવા-નવા દેહ મળે છે. શું મળે છે? જુદાં-જુદાં ભવમાં નવા-નવા દેહ મળે છે. દેહ શું કરવા મળે છે? દેહાત્મબુદ્ધિ છે માટે. શરીરને આમ રાખું, શરીરને ઠીક રાખું, શરીરને તંદુરસ્ત રાખું, શરીરનું પોષણ કરું, શરીરને નબળું ન પડવા દઉં, શરીરનો સારો દેખાવ રાખું. એક દેહને કેન્દ્રસ્થાનમાં રાખીને બધાં પરિણામો ચાલે છે. ફળ સ્વરૂપે નવો દેહ મળ્યા કરે છે.

આ તમે ભુંડણા જોવો છો. ભૂંડ આખો દી' ખાધાં કરે છેને? ખાતાં જ રહે. શું છે એની અંદર? ભાવમાં શું છે? પેટ ભરવું. દેહનું પોષણ. મનુષ્ય ભલે ખાધા કરતો નથી પણ દેહની અનુકૂળતા, દેહનું પોષણ, દેહની પુષ્ટી, દેહને ઠીક રાખવાની બુદ્ધિ છે. એટલે ચોવીસે કલાક એ જ પરિણમન છે. તો એના ફળમાં શું મળે? દેહ જ મળે ને. બીજું શું મળે? જેવું ભાવે, જેવી ભાવના ભાવે એવું ફળ મળે.

જેવી ભાવના ભાવે એવું ફળ મળે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે ૫૨૨માં કહ્યુંને, જ્યાં જ્યાં આ જીવે...

પૂજ્ય ભાઈશ્રી :- દેહનું અભિમાન એટલે શું? કે જે દેહ સ્વરૂપે એ જન્મ્યો તે હું, તેવો હું. એમ. તે હું અને તેવો હું.

મુમુક્ષુ :- એ જ પર્યાયબુદ્ધિ?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ પર્યાયબુદ્ધિ કહો.

'વિકલ્પ તૂટીને અંતરમાં સ્વાનુભૂતિ થાય તો ભવનો અભાવ થાય...' તો નવા નવા દેહ મળવાનું મટે. **'અને તે મુક્તિનો માર્ગ છે.'** ભવથી મુક્ત થવું, જન્મ-મરણથી મુક્ત થવું તે મુક્તિનો માર્ગ છે. **'તેના માટે વર્તમાનમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય તો સ્વાનુભૂતિનો પ્રસંગ આવે છે.'** એ ભેદજ્ઞાન, ધારાવાહી ભેદજ્ઞાન તે એક જ સ્વાનુભવનું કારણ છે. એનો બીજો કોઈ ઓલ્ટરનેટિવ નથી. ભેદજ્ઞાન સુધી પહોંચે તો અનુભવ આવે, અનુભવનો અવસર આવે. ભેદજ્ઞાન સુધી ન પહોંચે મુમુક્ષુ તો અનુભવનો અવસર ન આવે. બસ! બહુ સ્પષ્ટ—ક્લિયરકટ વાત છે.

'જ્ઞાન આત્મામાંથી પ્રગટે, દર્શન આત્મામાંથી પ્રગટે અને ચારિત્ર પણ આત્મામાંથી પ્રગટ થાય છે માટે તેઓ આત્મસ્વભાવ છે;...' સ્વભાવમાંથી તે પ્રગટ થાય છે અને પ્રગટ થાય છે સ્વભાવમાંથી માટે એને પણ સ્વભાવ કહેવામાં આવે છે. એ પણ સ્વભાવ છે. કોની અપેક્ષા લેવી છે? **'પણ શુભભાવ આત્માનો મૂળ સ્વભાવ નથી.'** શુભભાવ મૂળ સ્વભાવ નથી અને સ્વભાવમાંથી શુભભાવ પ્રગટ થતો નથી. એ વિભાવ છે. એટલા માટે શુભભાવ છે તે વિભાવ છે. તો કહે, આત્માની અવસ્થા છેને? તો કહે, રોગિષ્ટ અવસ્થા છે. શરીરે સોજો ચડ્યો એ રોગ છે, એ કાંઈ શરીરનો સ્વભાવ નથી. તંદુરસ્ત રહેવું એ શરીરનો સ્વભાવ છે, રોગિષ્ટ રહેવું એ શરીરનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- શરીરનું હમણાં જે લીધુંને એ ફરીવાર લ્યો ને.

પૂજ્ય ભાઈશ્રી :- શેનું?

મુમુક્ષુ :- હમણાં શરીરના રોગિષ્ટ ભાવની વાત કરીને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા. શરીર મેં સુજન આતા હૈ તો શરીર કી અવસ્થા હૈ ન. જો સુજન હૈ વહ તો શરીર કી અવસ્થા હૈ ન? ઐસે વિભાવ આત્મા કી અવસ્થા હૈ વહ સુજન જૈસી બાત હૈ. જો શરીરકા સુજન હૈ વહ શરીર કા રોગ હૈ. ઐસે શુભભાવ આદિ જો વિભાવ હૈ, વહ આત્મા કા રોગ હૈ, વહ સ્વભાવ નહીં હૈ, રોગ હૈ. ઐસા કહને કા અભિપ્રાય હૈ.

'મૂળ સ્વભાવ નથી. તેથી દૃષ્ટિ તેને હેય માને છે.' તેથી દૃષ્ટિ એને હેય માને છે. હેય એટલે ત્યાગવા યોગ્ય માને છે. સ્વભાવ નથી માટે દૃષ્ટિમાં એનો નિષેધ વર્તે છે. જ્યારે જ્ઞાન બધાને જાણે છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ તેને હેય માને છે. આમ તો દૃષ્ટિ તો એકલા અસ્તિત્વને જ સ્વીકારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આવી જાય છે એ વાત. એને ન સ્વીકારવું એવું. એકલા પોતાના અસ્તિત્વને સ્વીકારવું, એટલે કે વિભાવને ન સ્વીકારવું, એમાં એનું હેયપણું આવી ગયું કે ન આવી ગયું? એમ.

મુમુક્ષુ :- એને જ્ઞાનપ્રધાન કથન કહેવાય? હેય-ઉપાદેયની મુખ્યતાથી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનપ્રધાન. કેમકે વિભાવ છે એ જ્ઞાનનો વિષય છે, દૃષ્ટિનો વિષય નથી.

'જ્યારે જ્ઞાન બધાને જાણે છે. વચ્ચે અધૂરી પર્યાય આવે, શુભભાવ આવે તેને જ્ઞાન જાણે છે.' જે તે ભૂમિકામાં, જે જે અધૂરી પર્યાય હોય, જેવી જેવી અધૂરી પર્યાય હોય, એ અધૂરી પર્યાયને કારણે જેવા-જેવા શુભભાવ સાથે-સાથે હોય, એ બધું જ્ઞાન જાણે કે અહીંયાં આવું જ હોય... અહીંયાં આવું જ હોય... અહીંયાં આવું જ હોય... અહીંયાં આવો જ ભાવ થાય... અહીંયાં આવો જ ભાવ થાય... એમ. એવું બધું જ્ઞાન જાણે. જ્યારે દૃષ્ટિ નિષેધ કરી દ્યે છે, દૃષ્ટિ છે એ નિષેધ કરી દ્યે છે.

'શુભભાવ આવે તેને જ્ઞાન જાણે છે. અને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે.' જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આગળ વધવાની પ્રક્રિયા ભેદજ્ઞાનથી થાય. સ્વાનુભૂતિ પ્રાપ્ત થવાની પ્રક્રિયા પણ ભેદજ્ઞાનથી અને આગળ વધવાની પ્રક્રિયા પણ ભેદજ્ઞાનથી. ઠેઠ કેવળજ્ઞાન સુધી. એટલે ક્યાંય રીત બદલવી છે, એ વાત નથી આવતી. એ એક મોક્ષમાર્ગની વિશેષતા છે કે ક્યાંય રીત બદલવાની નથી. **'સ્વાનુભૂતિ વધી જાય તો તેને મુનિદશા આવે છે.'** ચોથા ગુણસ્થાનથી પછી નિર્વિકલ્પદશા વધતી જાય અને જેમ જેમ વધારે વધે ત્યારે મુનિદશાની સમીપતા થઈને મુનિદશા આવે છે. **'મુનિદશામાં વારંવાર આત્મામાં લીનતા થાય છે.'** ક્ષણે-ક્ષણે આત્મલીનતા થાય છે. **'તેમ કરતાં કરતાં એટલી સ્થિરતા વધી જાય કે પૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે.'** પંચમ આરામાં શું કરવા આ વાત કરતા હશે કેવળજ્ઞાન સુધીની? કે પહેલેથી લક્ષ જ ઇ છે પણ. પૂર્ણતાનું લક્ષ બાંધ્યું છે કે નહિ? પંચમઆરામાં પૂર્ણતાનું લક્ષ બાંધી શકાય? કે કોઈ પણ આરામાં પૂર્ણતાનું

લક્ષ બાંધવાની વાત છે. લક્ષ તો એ જ હોયને, પણ લક્ષ કાંઈ અધૂરું થોડું હોય છે? એ દરેક જ્ઞાની જ્યાં સાધક દશાની વાત લ્યે ત્યાં પછી પૂર્ણતાની વાત સાથે સાથે લઈ જ લ્યે છે. તમે દ્રવ્યદૃષ્ટિ પ્રકાશના પત્રો વાંચો કે કોઈ પણ જ્ઞાનીના વચનો વાંચો, સીધા વયા જશે પૂર્ણતા સુધી.

'અનાદિકાળથી હું પરનું કરી શકું છું એવી ભ્રમબુદ્ધિ છે,' હવે આ મુમુક્ષુતાની વાત લીધી. અનાદિકાળથી જીવને પરપદાર્થના કાર્ય હું કરી શકું છું એવી ભ્રમબુદ્ધિ છે. ગમે ત્યાં એ જન્મે છે. પરપદાર્થના કાર્ય કરવાની ભ્રમબુદ્ધિ તો ચાલુ જ છે. આ કરું... પછી આ કરું... પછી આમ કરું... પછી આમ કરું... પછી આમ કરું... ઘટમાળ એ જ ચાલશે એને. કરવું, કરવું ને કરવું. એ અભિપ્રાયની ભૂલ છે. ભ્રમબુદ્ધિ. બુદ્ધિ શબ્દ અભિપ્રાયને સૂચવે છે. એ અભિપ્રાયમાં ભ્રમ છે.

'પરંતુ બીજાનું કરી શકતો નથી.' આત્મા કોઈનું કાંઇ કરી શકતો નથી. અશક્ય અને અસંભવિત છે. બની જ ન શકે એમ કહે છે. કરી જ ન શકે. **'પરંતુ બીજાનું કરી શકતો નથી. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેમાં દ્રવ્ય-ગુણ તો શાશ્વત છે ને પર્યાય પલટે છે.'** પોતાના જે દ્રવ્ય, ગુણ અને પર્યાય એવું જે પોતાનું સ્વરૂપ છે તેમાં દ્રવ્ય-ગુણ છે એ ત્રિકાળ છે. શાશ્વત છે એટલે ત્રિકાળ છે. પર્યાય ક્ષણિક છે, સમયે-સમયે પલટો મારી જાય છે, આપોઆપ—ઑટોમેટિક. પલટાવવા માટે કાંઇ કરવાની જરૂર નથી, કોઈની જરૂર નથી અને કાંઈ કરવાની પણ જરૂર નથી. **'તો તે પોતાની પર્યાયને પલટાવી શકે છે.'** પર્યાય પલટતી હોવાથી એ શક્ય છે કે પર્યાય પલટાવવી. પણ તે ઑટોમેટિક પલટે જ છે. ત્યાં એમાંથી શું કાઢ્યું? તાત્પર્ય શું કાઢ્યું? કે પર્યાય પલટી શકે છે તો વિભાવપર્યાયમાંથી સ્વભાવપર્યાય પ્રગટ કરી શકે છે. એ તાત્પર્ય કાઢ્યું કે અનાદિથી વિભાવ પર્યાય છે, એ જોઈતી નથી પણ એ તો પલટતી ચીજ છે. તું સ્વભાવપર્યાય પ્રગટ કર. એ તો પલટતી ચીજ છે, પલટાવી શકાશે, મટાડી શકાશે.

'વિભાવ પર્યાયમાંથી સ્વભાવ પર્યાય પ્રગટ કરી શકે છે, પણ બીજાનું તો કાંઈ પલટાવી શકતો નથી.' ઈ છોડ. ભ્રમથી જે આ કરું ને તે કરું, એ છોડ. કોઈ પરમાણુની પર્યાય પણ પલટાવી ન શકે અને બીજા જીવની પણ પર્યાય પલટાવી ન શકે. તમામ ચિંતા, સમસ્ત ચિંતા અને ઉપાધિ આ કારણથી છે. બીજા જીવ અને બીજા અજીવની પર્યાય પલટાવાની ઉપાધિ છે અને ચિંતા છે. ચિંતા કરીને બેઠો છે, ચિંતા લઈને બેઠો છે. પણ તું કાંઈ કરી શકતો નથી એનું શું? તું કાંઈ કરી શકતો નથી. પહેલેથી એ જો કે તું કાંઈ કરી શકતો જ નથી ને.

મુમુક્ષુ :- એ જ કર્તાબુદ્ધિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ કર્તાબુદ્ધિ છે. છેને એ તો લીધું છે કે '**બીજાનું તો કાંઈ પલટાવી શકતો નથી. માત્ર કર્તાબુદ્ધિ અજ્ઞાનથી કરે છે,...**' '**કે આ હું કરું છું.**' એ અજ્ઞાન છે, એ મિથ્યાત્વ છે અને એ પરિભ્રમણનું કારણ છે. કર્તાપણે થતાં પરિભ્રમણમાં, પરિભ્રમણ દેખાવું જોઈએ. તો પરિભ્રમણથી હટે, કર્તાપણાથી હટે.

મુમુક્ષુ :- કર્તાપણાના પરિણામમાં પરિભ્રમણ દેખાવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિભ્રમણની વેદનામાં કર્તાપણાનો જોરથી નિષેધ છે. એમ છે ખરેખર તો. અને જ્ઞાતાભાવનો સત્કાર અને આદર છે ગર્ભમાં. વ્યક્તપણે નથી પણ ગર્ભમાં એ વાત છે.

'**વિકલ્પ પણ પોતાનો સ્વભાવ નથી, છતાં અજ્ઞાનદશામાં તેમાં જોડાયા કરે છે.**' પોતાપણું કરીને. વિકલ્પમાં અભેદબુદ્ધિ કરે છે. મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... જ્યાં કર્તાબુદ્ધિ થાય ત્યાં અભિન્નતા, એકત્વતા ઑટોમેટિક સાથે સાથે થઈ જ જાય. જ્યાં એકત્વ થાય ત્યાં કર્તાપણું આવ્યા વિના રહે નહિ. ઈ બેય સાથે જ રહે. એક સિક્કાની બે બાજુ જેવા છે. એટલે વિકલ્પ પોતાનો સ્વભાવ નહિ હોવા છતાં પણ જીવ એમાં જોડાય છે. જોડાય છે એટલે એકત્વ કરે છે, અભિન્નત્વ કરે છે.

'**જો ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો...**' એ એકત્વ, અભેદપણું તોડવા માટે ભેદજ્ઞાન કરવું. અભેદતા જીવ સાધી રહ્યો છે, ફિઝિકલી દ્રવ્યે કે ભાવે અભેદ નહિ થઈ શકતો હોવા છતાં પણ ભ્રમથી અભેદતાનો અનુભવ કરી રહ્યો છે. એ ભેદજ્ઞાનથી છોડે. અભેદતામાં ભેદ પાડવો, અભેદતાની સામે ભેદ કરવો, ભેદજ્ઞાન. '**જો ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો સ્વસન્મુખ થાય...**' તો આત્મસન્મુખ થાય. પરથી છૂટીને પરથી સન્મુખતા છૂટે અને સ્વસન્મુખ થાય. '**અને સ્વાનુભૂતિ પ્રગટ થાય.**' તો નિર્વિકલ્પ સ્વાનુભવદશા પ્રગટ થઈ જાય. ધારાવાહી ભેદજ્ઞાન થવું જોઈએ. '**ખરું તો એ કરવાનું છે.**' ખરું તો એ જ કરવાનું છે. ખરું કહો, કર્તવ્ય કહો અથવા આ એક જ કરવાનું છે. પણ આ એક જ કરીએ તો પછી બીજું બધું અમારે કરવું ક્યારે? તું પણ કરી શકતો નથી. કરવું ક્યારે ક્યાં પ્રશ્ન છે તારો? તું કરી શકતો નથી. મૂળ વાત તો એ છે કે તું કરી શકતો નથી. કરી શકું છું એવું ક્યારે આવે છે? પોતાનું જરાય અવલોકન નથી ત્યારે. અવલોકન કરે તો પહોંચ ક્યાં છે? પર પદાર્થમાં પહોંચે છે? કોઈ આત્મા પ્રસરીને પહોંચે છે? વિચાર આવ્યો કે ચાલો બારણું બંધ કરો. પણ આત્મા ત્યાં પહોંચે છે? અવલોકનના અભાવમાં એને એમ લાગે છે કે મેં બંધ કર્યું.

એ અવલોકનનો અભાવ બતાવે છે.

મુમુક્ષુ :- એવી ક્રિયા તો દિવસમાં કેટલીય થાય છે. નિર્વિકલ્પરૂપે થાય છે એવી ક્રિયા તો. કાંઈ ખબર જ નથી પડતી.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ ટેવાઈ ગયો... એકદમ ટેવાઈ ગયો... ખૂબ દૃઢપણે ટેવાઈ ગયો. ઘણું ગાઢ પરિણમન થઈ ગયું. પછી એવું જ થાય.

આમાં શું છે? સાયકોલોજી જે છે એ એક એવી ચીજ છે કે માણસ પાગલ સુધી ક્યારે પહોંચે છે? સાયકોલોજી ડિસ્ટર્બ થાય છે ત્યારે જ ને? એવી વસ્તુ છે. પરિણમન તો એવું છે. સવળું પડે (તો) કેવળજ્ઞાન લે, અવળું પડે (તો) નિગોદમાં જાય. બે ડેસ્ટિનેશન છે, એક્સ્ટ્રીમ પોઈન્ટ બે છે. ભેદજ્ઞાન પ્રગટ કરીને સ્વાનુભવ પ્રગટ કરવો એ જ ખરું કરવાનું કર્તવ્ય છે.

'ગુરુદેવે માર્ગ બહુ સ્પષ્ટ કરીને બતાવ્યો છે.' આવો જે ઉપાય, માર્ગ એ ગુરુદેવે ઘણો સ્પષ્ટ કર્યો છે. પેંથીએ, પેંથીએ તેલ નથી નાખ્યું, વાળે વાળે તેલ નાખ્યું છે. એટલો પરિશ્રમ લીધો. ૪૫-૪૫ વર્ષ સુધી જે વ્યાખ્યાનો આપ્યા, એક સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? મિથ્યાત્વ-અજ્ઞાન કેવું હોય અને કેમ જાય? એક જ વિષય લેતા. ગુરુદેવ તો સ્તોત્ર વાંચે ને પદ્મનંદીમાંથી કે બીજું કોઈ પણ, એમાં તો તીર્થંકરદેવની સ્તુતિ હોય પણ કાઢે એમાંથી આ, સમ્યગ્દર્શનની વાતો કાઢે, ભેદજ્ઞાનની વાત કાઢે, અજ્ઞાન અને મિથ્યાત્વ શું છે એ કાઢે.

'ગુરુદેવે માર્ગ બહુ સ્પષ્ટ કરીને બતાવ્યો છે. શાસ્ત્રોના બધા ઉકેલ ગુરુદેવે કરી દીધા છે.' નહિતર એકલા શાસ્ત્ર વાંચે, કાંઈ સમજે એવું નથી. ગુરુદેવે બધા ઉકેલ કાઢીને દીધાં છે. એને અંદરથી સૂઝ હતી ને? એટલે વાંચતા તો અંદરથી ઉકેલ આવતો. કારણશુદ્ધપર્યાયનો વિષય આવ્યો તો ઠેઠ પોતે કારણશુદ્ધપર્યાયમાં પોતે જે અનુભવથી પહોંચ્યા છે, એ વિષય ખોલીને મૂકી દીધો. આવી રીતે કારણશુદ્ધ છે અને કાર્યશુદ્ધ આવી રીતે છે. એમ અંદરથી સ્વાનુભવથી પોતે ઘણો ઉકેલ આપેલો છે ગુરુદેવે.

મુમુક્ષુ :- શ્રુતનો દરિયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ બહેનશ્રી કહેતા કે ગુરુદેવને અત્યારે ભાવશ્રુતના દરિયા ઉછળ્યા છે. એટલે દ્રવ્યશ્રુતમાંથી ખોલીને ખોલીને બધો ઉકેલ અંદરથી આવી જાય છે. એવો અંદરથી શ્રુતજ્ઞાનનો દરિયો ડોલે છે. એમ કહેતા. ગુરુદેવના ગુણ બહુ ગાયા છે.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ પર્યાય ગુરુદેવશ્રીએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્રમબદ્ધપર્યાયની ઘણી વાતો કાઢી, ઘણાં ન્યાયો કાઢ્યા. અંદરથી ઉખળી, ઉખળીને આવવા મંડ્યાં. આ બધા ન્યાયો ઉખળી, ઉખળીને આવવા

મંડ્યા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણી વાતો કાઢી છે, કેટલીય વાતો કાઢી છે. અધ્યાત્મની, આગમની, ઘણું કાઢ્યું. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૭૧

પ્રશ્ન :- જ્ઞાનીકી અંતરંગ દૃષ્ટિપૂર્વક બહિરંગ સ્થિતિ કૈસી હોતી હૈ?

સમાધાન :-જ્ઞાનીકી અંતરંગ પરિણતિમેં ઐસા હોતા હૈ કિ જો જો પરિણામ આતેં હૈં ઉસકા વહ જ્ઞાતા રહતા હૈ. ક્ષણ ક્ષણમેં જ્ઞાયકકો યાદ કરના નહિ પડતા. મગર મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં ઐસા સહજ હી રહતા હૈ. જૈસે અજ્ઞાનીકો સંકલ્પ-વિકલ્પ સહજ હોતા હૈ ઐસે જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ હો ગઈ હૈ. અજ્ઞાનદશામેં સંકલ્પ-વિકલ્પ, સંકલ્પ-વિકલ્પ આયા બિના રહતા નહીં, ઉસી તરહ જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ હો ગઈ હૈ કિ મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં. ઉસકો અંશરૂપ સમાધિ, શાંતિ, જ્ઞાતાધારા ચાલુ હૈ, ઈસલિયે કર્તાબુદ્ધિ છૂટ ગઈ હૈ. જો જો કાર્ય હોતા હૈ ઉસકા કરનેવાલા મૈં નહીં હૂં, મૈં તો જાનનેવાલા જ્ઞાતા હૂં. ઐસા સહજ પરિણમન જ્ઞાનીકો રહતા હૈ.

જો શરીરકી ક્રિયા હોતી હૈ વો પરદ્રવ્યકી હૈ, મેરી નહીં હૈ ઔર અસ્થિરતાસે અર્થાત્ પુરુષાર્થકી કમજોરીસે જો વિકલ્પ આતે હૈં, વહ મેરા સ્વભાવ નહીં હૈ, ઐસી જ્ઞાયકકી ધારા જ્ઞાનીકો સહજ રહતી હૈ. ક્ષણ-ક્ષણમેં ખાતે,પીતે,ચલતે, ફિરતે-સબ ક્રિયામેં જ્ઞાતાધારા ચાલુ હૈ. જ્ઞાયક...જ્ઞાયક...ઐસા સહજ વેદન રહતા હૈ. અજ્ઞાનીકો સંકલ્પ-વિકલ્પ સહજ રહતા હૈ, ઐસે જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ રહતી હૈ ઔર કભી કભી નિર્વિકલ્પદશા આ જાતી હૈ.

જ્ઞાનીકા ઉપયોગ નિરંતર સ્વાનુભૂતિમેં નહીં રહતા. જબ ઉપયોગ બાહર આતા હૈ તો દેવ-શાસ્ત્ર-ગુરુકી મહિમા, શાસ્ત્ર-સ્વાધ્યાય, પૂજા, ભકિત, શ્રુતકા ચિંતવન ઐસા શુભ વિકલ્પ આતા હૈ. જ્ઞાની જાનતા હૈ કિ જો યહ વિકલ્પ હૈ વો શુભભાવ હૈ, વો મૈં નહીં હૂં. મૈં તો ઉનકા જાનનેવાલા હૂં, ઐસા સહજ

રહતા હૈ. જિનેન્દ્રદેવકી ભકિત આતી હૈ ઉસી સમય જ્ઞાતાધારા સહજ રહતી હૈ. ઈસલિયે ઉસમેં તન્મય–એકત્વ હોકર વહ ક્રિયા નહીં હોતી, સબ કાર્યોમેં ન્યારાપન રહતા હૈ.

શ્રી પદ્મનંદી આચાર્યને ભક્તિ અધિકારમેં કિતને શ્લોક રચે હૈં? તો ભી પરિણતિ તો ન્યારી ન્યારી રહતી હૈ. ગુરુકી ભકિત,સેવા હોતી હૈ, લેકિન પરિણતિ તો ઉસસે ભી ન્યારી હી હોતી હૈ. કયોંકિ ભીતરમેં જ્ઞાયકકી ધારા રહતી હૈ. ગૃહસ્થદશામેં લીનતા ઉગ્ર નહીં રહતી, પીછે લીનતા ઉગ્ર હો જાવે તો મુનિદશા આ જાતી હૈ. પુરુષાર્થ કમ હોતા હૈ તો લીનતા ભી કમ હોતી હૈ. લેકિન જ્ઞાયકકી ધારા તો ચાલુ હી હૈ. સમ્યગ્દર્શન હોતે હી સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હુઆ, ઓર અનંતાનુબંધી કષાય છૂટ ગયા. સ્વરૂપાચરણ ચારિત્ર હુઆ તો અંશે શાંતિ,જ્ઞાતાધારા ઓર મુકિતકા માર્ગ પ્રગટ હો ગયા. ૭૧.

તા. ૨૯-૧૧-૧૯૯૬, પ્રશ્ન- ૭૧-૭૨
પ્રવચન નં. ૪૪

સ્વાનુભૂતિદર્શન પાનું-૬૪, પ્રશ્ન-૭૧મો. હિન્દીમાં કોઈએ પૂછયું છે. **'જ્ઞાનીકી અંતરંગ દષ્ટિપૂર્વક બહિરંગ સ્થિતિ કૈસી હોતી હૈ?'** જ્ઞાનીની દશાનો પ્રશ્ન છે, જ્ઞાનદશાનો.

'સમાધાન :- જ્ઞાનીકી અંતરંગ પરિણતિમેં ઐસા હોતા હૈ કિ જો જો પરિણામ આતેં હૈં ઉસકા વહ જ્ઞાતા રહતા હૈ.' આ પહેલા અંતરંગ પરિણામની વાત કરી છે. જે-જે પરિણામ આવે છે એનો એને જ્ઞાતાભાવ રહે છે. જ્ઞાતાભાવ રહે છે એટલે માત્ર જાણવું. આ પરિણામ સારા આવ્યા એમ પણ નહિ, આ પરિણામ ખરાબ આવ્યા એમ પણ નહિ. જ્ઞાતાભાવમાં રાગ-દ્વેષરહિતપણું છે, એનું નામ જ્ઞાતાભાવપણું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિણામ ભી નહીં લંબાતા હોગા? વિકલ્પ લંબાતા નહીં હોગા?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. વિકલ્પકા કહાં સવાલ હૈ? જ્ઞાતાભાવ કી બાત ચલતી હૈ ન. જ્ઞાતાભાવ મેં રહતે હૈં. જો પરિણામ આતે હૈ ઉસકે માત્ર જ્ઞાયક રહ જાતે હૈં.

'**ક્ષણ ક્ષણમેં જ્ઞાયકકો યાદ કરના નહિ પડતા.**' મૈં જ્ઞાયક હૂં, એવું પ્રતિક્ષણ સ્મરણ કરવું પડતું નથી. '**મગર મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં ઐસા સહજ હી રહતા હૈ.**' પણ હું જ્ઞાયક છું એનું ભાન રહે છે. '**જૈસે અજ્ઞાનીકો સંકલ્પ-વિકલ્પ સહજ હોતા હૈ ઐસે જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ હો ગઈ હૈ.**' સંકલ્પ-વિકલ્પ કરવા પડતા નથી, થયા જ કરે છે, એમ જ્ઞાતાધારા પણ ચાલ્યા જ કરે છે એમ કહેવું છે. '**અજ્ઞાનદશામેં સંકલ્પ-વિકલ્પ, સંકલ્પ-વિકલ્પ આયે બિના રહતા નહીં,...**' એક પછી એક, એક પછી એક, સંકલ્પ-વિકલ્પ... સંકલ્પ-વિકલ્પ ચાલુ જ રહે છે. '**ઉસી તરહ જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ હો ગઈ હૈ કિ મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં.**' એ સહજ થઈ ગયું છે. પરિણતિ છે, જ્ઞાયકની પરિણતિ છે એમ કહેવા માગે છે. પરિણિતિ સહજ હોય છે.

'**ઉસકો અંશરૂપ સમાધિ, શાંતિ, જ્ઞાતાધારા ચાલુ હૈ,...**' અંશરૂપ. કેમકે સંપૂર્ણ હોય તો મોક્ષદશા હોય. પણ અહીંયાં સાધકદશાની વાત છે, મોક્ષદશાની વાત નથી. '**ઉસકો અંશરૂપ સમાધિ, શાંતિ, જ્ઞાતાધારા ચાલુ હૈ, ઈસલિયે કર્તાબુદ્ધિ છૂટ ગઈ હૈ.**' કર્તાપણું અભિપ્રાયમાં નથી. થાય છે તે થાય છે, પણ કર્તાબુદ્ધિએ થતું નથી. '**જો જો કાર્ય હોતા હૈ ઉસકા કરનેવાલા મૈં નહીં હૂં,...**' બહારનું જે કાર્ય થાય છે, ઉસકા કરનેવાલા મૈં નહીં હૂં, '**મૈં તો જાનનેવાલા જ્ઞાતા હૂં. ઐસા સહજ પરિણમન જ્ઞાનીકો રહતા હૈ.**' એવું સહજ પરિણમન કરવું પડતું નથી પણ રહ્યા કરે છે. આ વાત કરી અંતર પરિણતિની.

'**જો શરીરકી ક્રિયા હોતી હૈ વો પરદ્રવ્યકી હૈ,...**' જ્ઞાનીને સંયોગમાં શરીર છે, એ શરીરની ક્રિયા પણ ઉદય અનુસાર થાય છે. ખાવું-પીવું, હાલવું-ચાલવું, બેસવું, સૂવું, ઊઠવું, એ જે કાંઈ ક્રિયા થાય છે એ તો પરદ્રવ્યની પરમાણુની ક્રિયા છે. '**મેરી નહીં હૈ ઔર અસ્થિરતાસે અર્થાત્ પુરુષાર્થકી કમજોરીસે જો વિકલ્પ આતે હૈં, વહ મેરા સ્વભાવ નહીં હૈ,...**' મેરા સ્વરૂપ નહીં હૈ. એ અસ્થિરતાને લઈને આવી જાય છે. મારું એવું સ્વરૂપ નથી. એટલે એનો નિષેધ થઈ ગયો. '**ઐસી જ્ઞાયકકી ધારા જ્ઞાનીકો સહજ રહતી હૈ. ક્ષણ-ક્ષણમેં ખાતે, પીતે, ચલતે, ફિરતે-સબ ક્રિયામેં જ્ઞાતાધારા ચાલુ હૈ.**' એ બધી ક્રિયા શરીરની થયા કરે છે. આત્માની જ્ઞાતાધારા ચાલુ છે. '**જ્ઞાયક...જ્ઞાયક...ઐસા સહજ વેદન રહતા હૈ.**' વેદન કહો કે અનુભવ કહો. જ્ઞાયકપણાનો, જ્ઞાતાપણાનો અનુભવ રહે છે.

મુમુક્ષુ :- જ્ઞાતાપણાનો અનુભવ કહો કે સ્વસંવેદન ચાલુ છે.

પૂજ્ય ભાઈ :- સ્વસંવેદન પરિણતિરૂપ છે, ઉપયોગરૂપ નથી.

'અજ્ઞાનીકો સંકલ્પ-વિકલ્પ સહજ હૈ, ઐસે જ્ઞાનીકો જ્ઞાતાધારા સહજ રહતી હૈ...' પરિણતિરૂપ. **'ઔર કભી કભી નિર્વિકલ્પદશા આ જાતી હૈ.'** એ ઉપયોગરૂપ. ક્યારેક-ક્યારેક જે નિર્વિકલ્પદશા આવે છે એ ઉપયોગાત્મક છે, બાકી પરિણતિ તો નિરંતર રહે છે. એ શરીરની ક્રિયા સાથેની વાત લીધી. અને વિકલ્પ પણ લઈ લીધા.

ત્રીજું, **'જ્ઞાનીકા ઉપયોગ નિરંતર સ્વાનુભૂતિમેં નહીં રહતા.'** હવે ઉપયોગની વાત કરે છે, તો એ કાંઈ નિરંતર ઉપયોગ રહે નહિ. નિરંતર તો શું પણ સેકન્ડના પણ અમુક ભાગ પૂરતો જ રહે. મિનિટો ચાલે નહિ, કલાકનો તો સવાલ જ નથી. અને નિરંતરનો પણ સવાલ નથી. મુનિદશામાં એક ઘડી ચાલે તો કેવળજ્ઞાન થઈ જાય. મુનિદશા પહેલા એટલો તો કોઈને ચાલે નહિ. મુનિદશામાં પણ છઠ્ઠું-સાતમું ક્ષણે-ક્ષણે આવે પણ જો કન્ટીન્યુ રહે એક ઘડી તો કેવળજ્ઞાન થઈ જાય. ગૃહસ્થદશામાં ચોથે-પાંચમે ગુણસ્થાને તો લાંબું ટકી શકે નહિ, સવાલ જ નથી એ તો. **'જ્ઞાનીકા ઉપયોગ નિરંતર સ્વાનુભૂતિમેં નહીં રહતા.'**

'જબ ઉપયોગ બાહર આતા હૈ તો દેવ-શાસ્ત્ર-ગુરુકી મહિમા, શાસ્ત્ર-સ્વાધ્યાય, પૂજા, ભકિત, શ્રુતકા ચિંતવન ઐસા શુભ વિકલ્પ આતા હૈ.' મુખ્યપણે આ છે. ગૌણપણે બીજો ઉદય હોય તે જુદી વાત છે. ખાવું, પીવું કે બીજો કોઈ ઉદય હોય એ ગૌણ વાત છે. આ તો વ્યવહારની વાત કરે છે કે વ્યવહારના પરિણામ કેવા હોય? કે દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા કરે, ક્યારેક શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, ક્યારેક પૂજા-ભક્તિ કરે, ક્યારેક ચિંતવન કરે, ધ્યાન કરે એવા બધા પ્રકાર ચાલતા હોય છે. એ શુભ વિકલ્પ છે. **'જ્ઞાની જાનતા હૈ કિ જો યહ વિકલ્પ હૈ વો શુભભાવ હૈ, વો મૈં નહીં હૂં.'** અને એ વખતે પણ એ જાણે છે કે આ જે વિકલ્પો આવે છે એ કાંઈ મારું સ્વરૂપ નથી. ભલે શાસ્ત્ર-સ્વાધ્યાયનો હોય, કે ચિંતવનનો હોય, કે દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમાનો હોય તો મારું સ્વરૂપ એ નથી. **'મૈં તો ઉનકા જાનનેવાલા હૂં,'** એનો પણ જ્ઞાયક છું. **'ઐસા સહજ રહતા હૈ.'** એવો વિકલ્પ નથી કરવો પડતો એનો જાણવાવાળો છું, એ પણ સહજ રહે છે.

મુમુક્ષુ :- ભિન્નતા થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભિન્નતા થઈ ગઈ છે એટલે એક બાજુ જ્ઞાતાધારા ચાલે છે, બીજી બાજુ રાગમાં વિકલ્પાદિની ધારા બીજી, કર્મધારા જેને કહેવાય છે એ ચાલે છે.

'જિનેન્દ્રદેવકી ભકિત આતી હૈ ઉસી સમય જ્ઞાતાધારા સહજ રહતી હૈ.' ભગવાનની ભક્તિ ટાણે પણ જ્ઞાતાધારા તો અંદરમાં ચાલુ જ છે. **'ઈસલિયે ઉસમેં તન્મય-એકત્વ**

હોકર વહ ક્રિયા નહીં હોતી,...' ખાવા-પીવામાં તો એકત્વ થઈને થતું નથી. પણ જિનેન્દ્ર ભગવાનની ભક્તિ કરે અને કોઈ વખત જ્ઞાની ભક્તિ ઘણા ઉત્સાહથી કરે છે એવો પણ દેખાવ બહારમાં હોય તોપણ તન્મય-લીન થઈને, એકત્વ થઈને ભકિત કરતાં નથી અથવા એ ક્રિયા નથી થતી. ભિન્નતા થઈ ગઈ છે, ભિન્નતા ચાલુ રહે છે.

'સબ કાર્યોમેં ન્યારાપન રહતા હૈ.' ન્યારાપન એટલે જુદાંપણું. ભક્તિનો રાગ ખાસ એટલા માટે લીધું કે પોતે પણ ભક્તિ કરાવતા હતાં. કોઈવાર ઘણા ભાવથી ભક્તિ કરતા હોય. ભકિતભાવમાં પણ વિશેષતા હોય જ્ઞાનીને. અજ્ઞાનીને પણ હોય, જ્ઞાનીને પણ હોય. ઉત્સાહ હોય, રસ હોય એવું લાગે. પણ જ્ઞાની ભિન્ન રહીને કરે છે, જ્ઞાતાપણે રહીને કરે છે. અજ્ઞાની એમાં એકાકાર થઈ જાય છે. જ્ઞાની એકાકાર થઈને કરતા નથી. આમ છે લ્યો.

મુમુક્ષુ :- ઘૂઘરા બાંધીને નાચે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘૂઘરા બાંધીને નાચે તોપણ. ઈન્દ્ર નાચે જ છે ને. તીર્થંકરનો જન્મોત્સવ કરે ત્યારે ઈન્દ્રો ઘૂઘરા બાંધીને નાચે. તોપણ સમ્યગ્દૃષ્ટિ હોય છે એ ભિન્ન રહે છે અંદરમાં.

મુમુક્ષુ :- હજાર આંખ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, હજાર આંખ કરીને રૂપ જોવે. વૈક્રિયક શરીર છે ને એટલે હજાર આંખ કરીને જોવે.

મુમુક્ષુ :- બહેનશ્રી તો હાથ ઊંચા કરી કરીને ભક્તિ કરાવતા ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનાં કરતાં નાચે ને. ઉમરાળા જતા હતા. ત્યાં ઓલું કમળ છેને? તો ફરતા ગોળ-ગોળ ફરીને પણ રાસ લે એવી રીતે ભક્તિ કરતા હતા ગુરુદેવની જન્મભૂમિમાં. મેં જોયેલા. તોપણ એકાકાર કે તન્મયપણું થતું નથી. એ તો જ્ઞાનનો વિષય જ એવો છે.

મુમુક્ષુ :- છતાંય એની ભક્તિ ઉત્કૃષ્ટ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાતફેર છે ને, જાતફેર છે. એ શુભભાવની જાતિ જુદી જ જાતની છે. એમ ફેર છે. ક્વોલિટી ફેર છે. પણ તન્મયતા હોતી નથી. પણ જુઓને કોઈ નોકર છે, મેનેજર પ્રમાણિક છે. ખૂબ જ રસથી માલિકનું કામ પોતાનું જાણી કરે. તોપણ એને પોતાપણું થાય? કેમકે એને જ્ઞાન છે કે મારું નથી-એ જ્ઞાન છે. એવી જ રીતે આ રાજકુંવરને ઉછેરનારી બાઈ રાખે છે, ધાવમાતા કહે છે. રાજકુમારને ખૂબ જ સાચવે. એની મા પણ ન સાચવી શકે એવું સાચવે. અને એની સગી મા હોય એ તો કદાચ થોલથપાટ પણ મારી દે. મારે છે ત્યારે એને એકત્વ છે

કે મારો દીકરો છે. આ સાચવે છે ત્યારે (પણ) એને એકત્વ થતું નથી કે મારો દીકરો છે. થાય? કેમકે ખબર છે, મારો દીકરો નથી ઈ ખબર છે. એ ખબર ભુલાય કેવી રીતે? જ્ઞાન કાંઈ ભુંસાય જાય? એનું લાલન-પાલન કરે તો એનું કાંઈ જ્ઞાન થોડું ભુંસાય જાય? એનો અર્થ સીધો એ થયો કે તે પ્રકારનો રાગભાવ કરવો ઈ ચારિત્રગુણનું કામ છે અને વસ્તુસ્થિતિ ભિન્ન છે, વસ્તુસ્થિતિએ ભિન્ન છે, એ ભિન્નપણાનું પરિણમન છે એ જ્ઞાનનું કાર્ય છે. એ ભુંસાય થોડું જાય કાંઈ? ભુંસાય ન જાય.

'શ્રી પદ્મનંદી આચાર્યને ભક્તિ અધિકારમેં કિતને શ્લોક રચે હૈં?' એ તો જ્ઞાની નહિ મુનિ હતા. એણે ભકિતનાં ઘણાં શ્લોક રચ્યાં છે. **'તો ભી પરિણતિ તો ન્યારી ન્યારી રહતી હૈ.'** એવા શ્લોક રચે (કે) અન્યમત જેવી વાત કરે. આપ તો અમારા દુઃખના દૂર કરનારા છો, આપ તો અમારા મનોરથને પાર પાડનારા છો. એવું બધું કહે. અમને પ્રતિકૂળતા હોય ત્યારે આપ જ સહાય કરો છો, અમારા ઉપસર્ગને આપે દૂર કર્યા છે. એમ કહે. અમારી ઈચ્છિત વસ્તુની આપ પ્રાપ્તિ કરાવો છો. એવું બધું કહે. અન્યમતિ જેવું જ કહે. જાણે ભગવાન કોઈ કર્તા-હર્તા ન હોય! એવી સ્તુતિ કરે. તોપણ કર્તાબુદ્ધિ થતી નથી અને રાગમાં એકત્વબુદ્ધિ થતી નથી. જ્ઞાનીઓએ એવી રીતે સ્તુતિ કરીને તો અજ્ઞાનીઓએ એવી સાચી માની લીધી. એ પકડી લીધું કે આ ભગવાન બધું કરે આપણું. એ તો સમજે છે કે આ ન કરે છતાં આ તો એક બહુમાન કરીએ છીએ. ન સમજે પછી માની લ્યે. એમાંથી ચાલ્યું બધું. ઈશ્વરકર્તૃત્વ એમાંથી નીકળ્યું છે, ન સમજ્યા એમાંથી. **'ગુરુકી ભકિત,...'** ભગવાનની ભક્તિ લીધી હવે **'ગુરુકી ભક્તિ, સેવા હોતી હૈ,...'** ભક્તિ કરે, સેવા કરે, **'લેકિન પરિણતિ તો ઉસસે ભી ન્યારી હી હોતી હૈ. કયોંકિ ભીતરમેં જ્ઞાયકકી ધારા રહતી હૈ.'**

મુમુક્ષુ :- પરિણતિ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાતાધારાની પરિણતિ જુદી અને કર્મધારાની પરિણતિ જુદી. બે ભાગ જુદાં છે પરિણતિમાં પણ.

'ગૃહસ્થદશામેં લીનતા ઉગ્ર નહીં રહતી, પીછે લીનતા ઉગ્ર હો જાવે તો મુનિદશા આ જાતી હૈ.' મુનિદશામાં ઘણી ઉગ્રતા છે. ગૃહસ્થદશા, જ્ઞાનીની દશા અને મુનિની દશામાં ફરક ઘણો છે. ઘણી ઉગ્રતા હોય છે. સાધારણ ફેર નથી પણ ઘણો ફરક છે. **'પુરુષાર્થ કમ હોતા હૈ તો લીનતા ભી કમ હોતી હૈ.'** એકાગ્રતા, લીનતા છે એ પુરુષાર્થના પ્રમાણમાં છે. **'લેકિન જ્ઞાયકકી ધારા તો ચાલુ હી હૈ.'** એટલો પુરુષાર્થ તો હોય જ છે કે જ્ઞાયકની ધારા, જ્ઞાનધારા ચાલુ રહે. પછી ઉગ્ર થાય, પછી ચડ-ઉતર થાય એ બીજી વાત છે. જ્ઞાનધારા ચાલુ રહે એટલો તો હોય, હોય ને હોય જ.

'સમ્યગ્દર્શન હોતે હી સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હુઆ, ઔર અનંતાનુબંધી કષાય છૂટ ગયા.' સમ્યગ્દર્શન થતાં ચારિત્રગુણની અંદર પણ ચારિત્રના પરિણમનમાં એક અંશે વીતરાગતા પ્રગટ થઈ ગઈ અને સ્વરૂપાચરણ ચારિત્ર એ જાતિ પ્રગટ થઈ. બારમા ગુણસ્થાને પૂરેપૂરું ચારિત્ર થઈ જાય, પૂર્ણ વીતરાગદશા, બારમા ગુણસ્થાને પૂરી થાય. એને પણ સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય. મુનિદશાના ચારિત્રને પણ સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય અને ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન પ્રગટ થાય એને પણ સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય. એની જાતિ એક થઈ ગઈ. એવી રીતે જ્ઞાનમાં છે કે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ચોથા ગુણસ્થાને, મુનિમાં પણ સમ્યગ્જ્ઞાન જ કહેવાય અને કેવળજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન જ છે. જાતિ તો સમ્યગ્જ્ઞાનની છે કેવળજ્ઞાનની જાતિ છે એ પણ, અને ચોથા ગુણસ્થાને પણ જાતિ તો સમ્યગ્જ્ઞાનની છે. એટલે જાતિ એક છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સ્વરૂપાચરણ ચારિત્ર એટલે નિશ્ચયચારિત્ર થયુંને? બાહ્ય में જો ફેરફાર હુઆ વહ તો...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહ તો રાગ હૈ, વહ ચારિત્ર નહીં હૈ. ઉસકો અચારિત્ર કહતે હૈ. ચારિત્ર નહીં કહતે હૈં. અધ્યાત્મ કી ભાષા में ઉસકો અચારિત્ર કહતે હૈં. આગમ में ઉસકો ચારિત્ર બોલતે હૈં, શુભભાવ હૈ ઉસકો. અશુભભાવ કો નહીં. વહ ભી શુભભાવ કો ચારિત્ર બોલતે હૈં. અશુભભાવ કો ચારિત્ર નહીં બોલા જાતા. અધ્યાત્મ में ઉસકો અચારિત્ર કહતે હૈં, લેકિન મિથ્યાચારિત્ર નહીં કહતે હૈં. દોનોં में ફરક હૈ. અચારિત્ર ઔર મિથ્યાચારિત્ર દોનોં में ફરક હૈ.

શું કીધું? **'સમ્યગ્દર્શન હોતે હી સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હુઆ, ઔર અનંતાનુબંધી કષાય છૂટ ગયા.'** ચોથે ગુણસ્થાને. પછી ઉપર-ઉપરના ગુણસ્થાને બીજા કષાયોની જાતિ છૂટતી જાય છે, પણ સ્વરૂપાચરણની જાતિ એકસરખી રહે છે, તારતમ્યતા વધે છે. **'સ્વરૂપાચરણ ચારિત્ર હુઆ તો અંશે શાંતિ, જ્ઞાતાધારા ઔર મુકિતકા માર્ગ પ્રગટ હો ગયા.'** એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ એ ત્રણે થઈને મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગ ચાલુ થઈ ગયો.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનની વાત કીધીને એટલે કેવળજ્ઞાન છે એ એની જાતની સમ્યગ્જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્જ્ઞાનની જાતિ છે. હા.

મુમુક્ષુ :- એટલા માટે વીતરાગ છે એ પણ સમકિતપણે ઓળખાય છે. અને જ્ઞાનીપુરુષ છે એ પણ સમકિતપણે ઓળખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુનિ પણ સમકિતપણે જ ઓળખાય છે.

મુમુક્ષુ :- કારણ એની જાત એક છે.

પૂજ્ય ભાઈશ્રી :- જાત એક જ છે. એ કોમન થઈ ગયું ને? કોમન થઈ ગયું. સમકિત છે એ કોમન ફેક્ટર. જ્ઞાનની જાતિ બે જ હોય સમ્યક્ અને મિથ્યા. ચોથા ગુણસ્થાન પહેલા (મિથ્યા) અને ચોથા ગુણસ્થાનથી ઉપરના બધા ગુણસ્થાને સમ્યક્.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જૈસે ધાઈમા જબ બચ્ચે કો પાલન કરતી હૈ. અપના નહીં હૈ માનતી હૈ. પૂરા સ્નેહ કરતી હૈ, ફિર ભી ઉસકા જ્ઞાન તો વિપરીત હૈ. ઐસે જ્ઞાન મેં તો વિપરીતતા ચાલુ હી હૈ અજ્ઞાન અવસ્થા મેં. તો ઈસકા જ્ઞાનીકા જો જ્ઞાનધારા ચાલુ રહેતા હૈ, ઉસકા જ્ઞાન ઉસ તરહ સે નહીં સમજા સકતા.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, ઉસમેં ક્યા હૈ કિ દૃષ્ટાંત હૈ, વહ તો એક વ્યૂ પોઈન્ટ કો મિલાને કે લિયે હૈ. પૂરા દૃષ્ટાંત નહીં મિલતા. અગર પૂરા દૃષ્ટાંત મિલે તો ઉસકો દૃષ્ટાંત નહીં કહતે, સિદ્ધાંત કહતે. દૃષ્ટાંત તો એક પોઈન્ટ કો મિલાન કરને કા હૈ, ઉસમેં વહ પોઈન્ટ ક્યા હૈ? કિ ઉસકા સ્નેહ દિખતા હુઆ ભી ભિન્નતા ઉસકો રહતી હૈ. ઉતના પોઈન્ટ લેના હૈ કિ જ્ઞાનીકો માલૂમ પડ ગયા કે મેરે આત્મા સે ઔર સબકુછ ભિન્ન હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર હો, યા પરિવાર હો, કુછ ભી હો, મૈં ભિન્ન હી ભિન્ન હૂં. વહ બાત ઉસકો છૂટતી નહીં હૈ. ચાહે ઉદય મેં શુભ-અશુભ હો, વહ બાત છૂટતી નહીં હૈ.

મુમુક્ષુ :- બહુત પ્રોમિનેન્ટલી રહતી હૈ. જૈસે અજ્ઞાની કો યહ બાત બિલકુલ ભી હૈ નહીં. ઉદય મેં નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ મુખ્ય પરિણતિ હૈ, ઉદય હૈ વહ ગૌણ હૈ ઔર જ્ઞાતાધારા હૈ વહ મુખ્ય પરિણતિ હૈ.

મુમુક્ષુ :- ફિર ભી વહ ઉપયોગરૂપ નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, તો ભી. તો ભી મુખ્ય હૈ. રસ ઈસમેં હૈ. ઉપયોગ બાહર જાતા હૈ, ઉસમેં રસ નહીં હૈ, ઉદાસીનતા હૈ. યહ બાત હૈ. યહ હોતા હૈ. ઈસકા ભી દૃષ્ટાંત હૈ. જૈસે કિસી કા યુવાન પુત્ર મર ગયા. તો વો બારહવે-તેરહવે દિન સબ લોગ આતે હૈં, ખીલાતે-પીલાતે હૈં મિઠાઈ વગેરે. તો ભી ઉસકો અંદર જો ઘાવ પડ ગયા હૈ, મિઠાઈ ખાતે-ખાતે કોઈ ભૂલ જાતા હૈ ક્યા? કિ મેરા દીકરા મર ગયા હૈ વહ ભૂલ જાતા હૈ ક્યા? ભૂલેગા નહીં. મુંહ મેં લડુ ખાયેગા ઔર આંખમેં સે આંસુ ગિરેગા. કિ નહીં? લોગ ક્યા બોલતે હૈં માલૂમ હૈ? કિ યહ મિઠાઈ ઈસલિયે બનાતે હૈં કિ અબ સે મિઠાઈ ખાનેકી છૂટ. બારહ-તેરહ દિનકે બાદ સબ મિઠાઈ ખાનેકી છૂટ ઘરવાલે કો. વરના ક્યા હૈ કિ ઘરમેં કોઈ મરણ હો ગયા હૈ

તો મિઠાઈ-બિઠાઈ નહીં બનાતે. લેકિન યહાં સે શરૂ કરતે હૈં. ઈસકે ઘરમેં બનાના ચાલુ કર દેતે હૈ. વો છૂટ હો ગઈ. યે સંસાર હૈ. વરના કિસીકે મૃત્યુ કે બાદ મિઠાઈ ખાના યહ વિરુદ્ધ નહીં હૈ ક્યા? ફિર ભી લોકવ્યવહાર ઐસા ચલતા હૈ, લોકવ્યવહાર ઐસા હી ચલતા હૈ. ઈસલિયે સંસાર કો જૂઠા બોલા હૈ. ક્યા? વ્યવહાર કો ભી જૂઠા બોલા હૈ ઔર સંસાર કો ભી જૂઠા બોલા હૈ.

મુમુક્ષુ :- સબ ઊલ્ટા-સૂલ્ટા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઊલ્ટા હી હૈ ઔર ક્યા હૈ? સંસાર મેં સબ ઊલ્ટા હી હૈ. યહ મુક્તિ કા માર્ગ પ્રગટ હો ગયા. ૭૧ હુઆ.

પ્રશ્ન-૭૨

પ્રશ્ન :-સમ્યગ્દર્શનકી ભૂમિકામેં શ્રદ્ધારૂપ અનુભવ હોતા હૈ કિ વેદનરૂપ અનુભવ હોતા હૈ?

સમાધાન :-સમ્યગ્દર્શનકી ભૂમિકામેં માત્ર શ્રદ્ધારૂપ અનુભવ હોતા હૈ ઐસા નહીં. જ્ઞાયકકી જો ધારા ચલતી હૈ વહ શ્રદ્ધારૂપસે હી રહતી હૈ ઐસા નહીં, લેકિન અંશરૂપ વેદન આતા હૈ. જૈસા રાગ-દ્વેષકા વેદન સબ અજ્ઞાનીકો રહતા હૈ ઉસી પ્રકાર જ્ઞાયક ચૈતન્યકા વેદન જ્ઞાનીકો આતા હૈ. જૈનધર્મ સચ્ચા હૈ ઐસી વિકલ્પમેં શ્રદ્ધા કર લી ઐસા જ્ઞાનીકો નહીં હોતા, મૈં ચૈતન્ય હૂં ઐસા અંશરૂપસે વેદન આતા હૈ. જ્ઞાયકકો વહ ભૂલ નહીં જાતા,ચૈતન્ય જ્ઞાયકકા વેદન ઉનકો રહતા હૈ, પીછે કભી કભી વિકલ્પ તૂટ જાતા હૈ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ. જ્ઞાનીકો ચૈતન્યકા પ્રત્યક્ષ વેદન હૈ. સમગ્ચજ્ઞાન વેદનકી અપેક્ષાસે પ્રત્યક્ષ હૈ લેકિન પૂર્ણ કેવલજ્ઞાનકી અપેક્ષાસે પરોક્ષ હૈ. કેવલજ્ઞાનીકા જ્ઞાન પ્રત્યક્ષ હૈ, સમ્યગ્દૃષ્ટિકા જ્ઞાન પરોક્ષ હૈ; તો ભી વેદન તો પ્રત્યક્ષ હૈ. ચૈતન્યકા જૈસા સ્વરૂપ હૈ વૈસા અનંતગુણકી સબ શુદ્ધપર્યાયકા અપૂર્વ વેદન હોતા હૈ. જો અનંતકાલમેં આજ તક નહીં હુઆ ઐસા અનુપમ વેદન ચૈતન્યકા-આનંદકા હોતા હૈ. યહ આનંદકા જગતકે કોઈ પદાર્થકિ સાથ મિલાન નહીં હો સકતા. ઐસા ચૈતન્યકા આનંદકા અનુપમ સ્વાદ આતા હૈ. આત્મામેંસે પ્રગટ હુઆ જ્ઞાન,શુદ્ધરૂપ અનંત પર્યાય-પરિણતિ યહ સબ વેદનમેં આતા હૈ ઔર જબ વિકલ્પ આતા હૈ તબ

ભેદજ્ઞાનકી ધારા, જ્ઞાયકકી ધારા તો હોતી હી હૈ.

જ્ઞાયકકી અંશરૂપ સમાધિ, સુખ ઔર અંશરૂપસે વેદન વિકલ્પકે સાથમેં ભી રહતા હૈ. ઔર સ્વાનુભૂતિમેં અનુપમ આનંદ આદિ પર્યાયકા વેદન હોતા હૈ.જૈસા સિદ્ધભગવાનકા આનંદ હૈ ઐસા આંશિક આનંદ સમ્યગ્દૃષ્ટિકો પ્રગટ હોતા હૈ ઔર સાથમેં વિકલ્પ ભી હોતા હૈ. અંશે આનંદ ગૃહસ્થાશ્રમમેં ભી રહતા હૈ. જ્ઞાનીને શ્રદ્ધા કર લિયા, ઐસે માત્ર શ્રદ્ધારૂપ વેદન નહિ હોતા, લેકિન પરિણમનરૂપ વેદન ભી હોતા હૈ. ૭૨.

પ્રશ્ન ૭૨ ઉપર પ્રવચન

૭૨. '**પ્રશ્ન :- સમ્યગ્દર્શનકી ભૂમિકામેં શ્રદ્ધારૂપ અનુભવ હોતા હૈ કિ વેદનરૂપ અનુભવ હોતા હૈ?**' ઠીક! ખાલી શ્રદ્ધા જ થઈ જાય છે કે અનુભવ પણ થઈ જાય છે? એમ પ્રશ્ન છે. કારણ શું છે? ઘણા એમ માની લે છે. નવ તત્ત્વની અમને બરાબર શ્રદ્ધા છે, નવ તત્ત્વની અમને બરાબર શ્રદ્ધા છે. અને નવેય તત્ત્વની વ્યાખ્યા એકદમ શાસ્ત્ર સંમત કરે. બંધ આને કહેવાય, સંવર આને કહેવાય, નિર્જરા આને કહેવાય, આસ્રવને રોકે તે સંવર, શુદ્ધિની વૃદ્ધિ થાય તે નિર્જરા. બરાબર અમને શ્રદ્ધા છે. એને શ્રદ્ધા કહેવી—સમ્યગ્દર્શન કહેવું? કે વેદન પણ હોય છે? આમ પ્રશ્ન કર્યો છે.

'**સમાધાન :- સમ્યગ્દર્શનકી ભૂમિકામેં માત્ર શ્રદ્ધારૂપ અનુભવ હોતા હૈ ઐસા નહીં.**' ઐસા નહીં હૈ, ઈ જો ન હોય તો શું લાગે? ઊલ્ટું થઈ જાય ને? ખરેખર તો એમ લેવું જોઈએ કે સમ્યગ્દર્શનકી ભૂમિકામેં માત્ર શ્રદ્ધારૂપ અનુભવ નહીં હોતા હૈ. નહીં ને વચમાં નાખી દેવો જોઈએ. એના બદલે ઐસા નહીં એમ લીધું છે. '**જ્ઞાયકકી જો ધારા ચલતી હૈ વહ શ્રદ્ધારૂપસે હી રહતી હૈ ઐસા નહીં, લેકિન અંશરૂપ વેદન આતા હૈ.**' પૂરું આવે તો તો કેવળજ્ઞાનદશા હોય પણ અંશરૂપ વેદન આવે છે. એટલે એમ કહે કે શ્રદ્ધા થઈ ગઈ એમ વિકલ્પવાળી શ્રદ્ધા એમ નહિ. અનુભવ ન હોય એમ નહિ, અનુભવ છે એની અંદર. અહીંયાં ડિફરન્સ શું લેવો છે? શ્રદ્ધા થઈ ગઈ બસ. હું માનું છું, મારી માન્યતા એમ જ છે. એમ નહિ. સાથે-સાથે વેદન હોવું જોઈએ એમ કહેવું છે. આ ભૂલ કરે છે. અમારી માન્યતા સાચી છે

માટે અમને સમકિત છે. એમ ન ચાલે. વેદન સાથે હોવું જોઈએ, વેદનની ધારા ચાલવી જોઈએ.

'જૈસા રાગ-દ્વેષકા વેદન સબ અજ્ઞાનીકો રહતા હૈ ઉસી પ્રકાર જ્ઞાયક ચૈતન્યકા વેદન જ્ઞાનીકો આતા હૈ.' સ્વરૂપનો આશ્રય ન હોય તો પછી એકાંત પરાશ્રય થઈ ગયો. **'ઉસી પ્રકાર જ્ઞાયક ચૈતન્યકા વેદન જ્ઞાનીકો આતા હૈ. જૈનધર્મ સચ્ચા હૈ ઐસી વિકલ્પમેં શ્રદ્ધા કર લી ઐસા જ્ઞાનીકો નહીં હોતા,...'** જૈન ધર્મ સાચો છે, વીતરાગદેવ સાચા છે એમ ન ચાલે, એવું ન ચાલે. શ્રદ્ધામાં એકલી શ્રદ્ધા કાંઈ પર્યાપ્ત શ્રદ્ધા નથી.

મુમુક્ષુ :- વિશ્વાસ આવી ગયો એમ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ કહેવાય પણ એ વિશ્વાસનું એટલું કોઈ મૂલ્ય નથી. કેમકે ઈ વિશ્વાસમાં ક્યારે ડગી જાય એનો કાંઈ ભરોસો નથી. કેમકે રાગનો આધાર છે એમાં, શું છે? રાગનો આધાર છે. આત્માના આધારે વિશ્વાસ આવવો જોઈએ. રાગના આધારે વિશ્વાસ (આવે તો) રાગ ખસી ગયો એટલે એ ખસી ગયો. એમ થાય. એવું ન ચાલે. ઠીક છે, જેને અવિશ્વાસ હોય એના કરતા જે ફેર છે એ વાત જુદી છે. પણ આપણે એનાથી સંતોષ લેવાનો નથી. કેમકે આપણને વિશ્વાસ છે, તો સારુંને? એમ લેવાનું નથી.

'મૈં ચૈતન્ય હૂં ઐસા અંશરૂપસે વેદન આતા હૈ.' જેને સાચી શ્રદ્ધા થાય છે એને હું ચૈતન્ય છું એવા અંશરૂપે વેદન આવે છે. **'જ્ઞાયકકો વહ ભૂલ નહીં જાતા,...'** યાદ કરવું પડે એમ પણ નહિ. **'ચૈતન્ય જ્ઞાયકકા વેદન ઉનકો રહતા હૈ, પીછે કભી કભી વિકલ્પ તૂટ જાતા હૈ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ.'** આગળ એ જવાબ આપ્યો છે એ વાત એમણે આમાં પણ આ પ્રશ્નમાં પણ લીધી છે. કેમકે ત્યાં જ્ઞાનીની દશાની વાત હતી, અહીંયાં સમ્યગ્દર્શનની ભૂમિકાની (છે) એટલે વાત તો એક જ છે.

મુમુક્ષુ :- બેયમાં વેદનની મુખ્યતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બંનેમાં વેદનની મુખ્યતા લીધી છે. શું કીધું?

'જ્ઞાયકકો વહ ભૂલ નહીં જાતા, ચૈતન્ય જ્ઞાયકકા વેદન ઉનકો રહતા હૈ,...' ઉનકો માને જ્ઞાની કો, સમ્યગ્દષ્ટિ કો રહતા હૈ.. **'પીછે કભી કભી વિકલ્પ તૂટ જાતા હૈ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ.'** ઈ ઉપયોગ. **'જ્ઞાનીકો ચૈતન્યકા પ્રત્યક્ષ વેદન હૈ.'** જે વેદન છે એમાં વેદનાર અને વેદાનાર પોતે છે માટે પ્રત્યક્ષપણું છે. વેદનાર અને વેદાનારની વચ્ચે કોઈ નિમિત્ત નથી. ઈન્દ્રિયોના પુદ્ગલોનું નિમિત્ત નથી. આપણે એમ કહીએ, મેં પ્રત્યક્ષ જોયું હોય, નજરોનજર જોયું હોય પ્રત્યક્ષ. ખરેખર એ પરોક્ષ

છે. કેમકે વચમાં ચક્ષુ ઈન્દ્રિય નિમિત્ત છે. એટલે એ પ્રત્યક્ષને વ્યવહારે પ્રત્યક્ષ કહે છે. પરમાર્થે તે પ્રત્યક્ષ નથી.

મુમુક્ષુ :- ઉપયોગ રૂપ હૈ તબ તો પ્રત્યક્ષ હૈ. જો પરિણતિરૂપ હૈ તબ ભી પ્રત્યક્ષ હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, પરિણતિ મેં ભી કોઈ નિમિત્ત નહીં, પરિણતિ મેં ભી ઈન્દ્રિયોં કા નિમિત્ત નહીં, મન કા નિમિત્ત નહીં, ઈસલિયે. વેદ્યવેદકભાવ એક હી અવસ્થા મેં અભેદરૂપ સે હૈ ઈસલિયે પ્રત્યક્ષ હૈ. આત્મા જો સ્વભાવપ્રત્યક્ષ હૈ ઉસકા તો અંશ હૈ વહ. સ્વભાવ પરિણતિ હોને સે વહ સ્વભાવ કા અંશ હૈ ઔર સ્વભાવ સહજ પ્રત્યક્ષ, નિરંતર પ્રત્યક્ષ, સદા પ્રત્યક્ષ, પરિપૂર્ણ પ્રત્યક્ષ હૈ. સ્વભાવ તો પૂરા પ્રત્યક્ષ હૈ. યહ સાયન્સ હૈ. ઈસલિયે વહ પરોક્ષ નહીં હો સકતા. ઐસે.

'જ્ઞાનીકો ચૈતન્યકા પ્રત્યક્ષ વેદન હૈ. સમ્યગ્જ્ઞાન વેદનકી અપેક્ષાસે પ્રત્યક્ષ હૈ લેકિન પૂર્ણ કેવલજ્ઞાનકી અપેક્ષાસે પરોક્ષ હૈ.' મતિ શ્રુતજ્ઞાન વેદન પ્રત્યક્ષ છે. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે અને જાણવાની અપેક્ષાએ મનનું નિમિત્ત પડતું હોવાથી એને પરોક્ષ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એ આગમ વિવિક્ષા કહેવાય? અને આ અધ્યાત્મની?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અધ્યાત્મમાં છે. આગમમાં એને ક્ષયોપશમ જ્ઞાન કહે છે. કેમકે કર્મના ક્ષયોપશમથી પ્રગટ (થયું છે). અધ્યાત્મમાં ક્ષયોપશમ-ક્ષયોક્ષમ નથી, આત્માના આધારે સીધું પરિણમે છે. કોઈ કર્મની અપેક્ષા નથી, જાવ! એવી રીતે.

'કેવલજ્ઞાનીકા જ્ઞાન પ્રત્યક્ષ હૈ, સમ્યગ્દૃષ્ટિકા જ્ઞાન પરોક્ષ હૈ; તો ભી વેદન તો પ્રત્યક્ષ હૈ. ચૈતન્યકા જૈસા સ્વરૂપ હૈ વૈસા અનંતગુણકી સબ શુદ્ધપર્યાયિકા અપૂર્વ વેદન હોતા હૈ.' ચૈતન્ય કા જૈસા સ્વરૂપ હૈ, વૈસા અનંત ગુણ કી સબ શ્રુતપર્યાય કા અપૂર્વ વેદન હોતા હૈ. બધા. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. અંશરૂપે બધા ગુણો શુદ્ધ પરિણમવા લાગે છે. **'જો અનંતકાલમેં આજ તક નહીં હુઆ ઐસા અનુપમ વેદન ચૈતન્યકા-આનંદકા હોતા હૈ. યહ આનંદકા જગત કે કોઈ પદાર્થ કે સાથ મિલાન નહીં હો સકતા.'** એ આનંદનો કોઈની સાથે, કોઈના આનંદ સાથે એનો મેળ નથી. દેવલોકના દેવોના આનંદ સાથે પણ એનો મેળ નથી. કેમકે જાત ફેર છે. ઓલું દુઃખ છે, ઓલું દેવલોકમાં દુઃખ છે, આનંદ નથી એટલે.

મુમુક્ષુ :- સડેલા મીંદડાના જેવા લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આખું જગત એવું જ લાગે છે. ઉપેક્ષાનો વિષય. એ ઘણાને ખબર ન હોય ને એ એવી રીતે મેળવે. દેવો કરતા અનંતગણું, અનંતગણું

સુખ અનુભવમાં હોય છે. શું કહે? દેવલોકના દેવનું સુખ હોય એના કરતા, એમ કે ત્યાં બહુ દિવ્ય સુખ હોય છે એટલે એના કરતા અનંતગણું સુખ આત્માના આનંદમાં હોય છે અનુભવીને. એ એમ ને એમ અનુમાન કરીને ગપ્પા મારે. એ સુખની અને એ સુખની સરખામણી હોય નહિ. એક વિદ્વાનનો એવો લેખ હતો. સમજ્યા? ત્યારે હોંશથી (દેખાડ્યો કે) જુઓ! મારો લેખ કેવો સરસ છપાઈને આવ્યો છે! આવું અંદર ગપ્પુ મારેલું. મેં કીધું, આ ફેર છે તમારો. આને ને આને ક્યાં મેળવ્યું તમે? ત્યાં સુખ શબ્દ લીધો હતો કે દેવોના સુખ કરતા આત્માનું સુખ અનુભવમાં અનંતગણું છે. એમ મેળવણી હોય નહિ એની કાંઈ. દુઃખને સુખ સાથે મેળવાય નહિ. એ દુઃખ છે. ખબર કાંઈ હોય નહિ અને મોટા મોટા લેખ લખે. ગપ મારવા જેવી વાત છે.

મુમુક્ષુ :- વહાં પર અનુકૂલતા રહતી હૈ તો ઔર જ્યાદા આકુલતા રહતી હોગી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આકુળતા વધારે છે. ઉપાધિ હોતી હૈ ન? મુજે અનુકૂલતા બહુત હૈ. તો ઉપાધિ ભી બહુત હોગી. પરપદાર્થ કી દશા હૈ અનુકૂલતા તો. ઉસકી ઉપાધિ લિયા. જ્યાદા દુઃખી હૈ. હમારે ઘર મેં દસ નૌકર હૈ તો દસ કી ઉપાધિ આયેગી. ઉસકો યહ કરના, ઉસકો વહ કરના, ઈસકા યહ કરના, ઉસકો વો...

મુમુક્ષુ :- સબકી દેખભાલ કરની પડતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. દેખભાલ કરનેવાલા નૌકર...? હુઆ કે નહીં નૌકર? તો. વહ શેઠ કહાં કા? વહ શેઠ કહાં કા? શેઠ કી ઉપાધિ હૈ. શેઠ નહીં હૈ શેઠ કી ઉપાધિ હૈ.

'યહ આનંદકા જગતકે કોઈ પદાર્થકે સાથ મિલાન નહીં હો સકતા. ઐસા ચૈતન્યકા આનંદકા અનુપમ સ્વાદ આતા હૈ.' ઈસકી ઉપમા કિસી કે સાથ નહીં કર સકતે. **'આત્મામેંસે પ્રગટ હુઆ જ્ઞાન, શુદ્ધરૂપ અનંત પર્યાય-પરિણતિ યહ સબ વેદનમેં આતા હૈ'** આત્મામેં સે પ્રગટ હુઆ જ્ઞાન. એક. ઔર શુદ્ધરૂપ અનંત પર્યાય-પરિણતિ બધા ગુણોની યહ સબ વેદન મેં આતા હૈ. જેમ કોઈ મિઠાઈમાં ઘણી ચીજ નાખી હોય તો એકસાથે બધાનો સ્વાદ આવે ને? એવી રીતે. ભિન્ન ભિન્ન સ્વાદ ભલે ન આવે પણ એકસાથે સ્વાદ તો બધાનો આવે ને? કેસરનો પણ સ્વાદ આવે, એલચીનો પણ આવે. બદામ-પિસ્તાનો પણ આવે અને બધાયનો આવે કે ન આવે? એમ.

'ઔર જબ વિકલ્પ આતા હૈ તબ ભેદજ્ઞાનકી ધારા, જ્ઞાયકકી ધારા તો હોતી હી હૈ.' વિકલ્પ આવે ત્યારે એનાથી ભિન્ન જ્ઞાનમય છું એની ધારા ચાલતી રહે જ છે, એ જ્ઞાયકની ધારા બંધ થતી નથી.

'જ્ઞાયકકી અંશરૂપ સમાધિ, સુખ ઔર અંશરૂપસે વેદન વિકલ્પકે સાથમેં ભી રહતા

है.' સમાધિ કહો એટલે શાંતિ. શાંતિ, સુખ અંશે એનું વેદન વિકલ્પથી જુદું, વિકલ્પની સાથે સાથે રહ્યા જ કરે છે. **'और स्वानुभूतिमें अनुपम आनंद आदि पर्यायका वेदन होता है.'** એ સ્વાનુભૂતિ એટલે નિર્વિકલ્પ ઉપયોગ લેવો ત્યાં. જ્યાં જ્યાં સ્વાનુભૂતિ લીધી છે ત્યાં નિર્વિકલ્પ ઉપયોગ લેવો. ત્યારે વિશેષ આનંદ હોય છે. નિર્વિકલ્પ ઉપયોગમાં વિશેષ એટલા માટે હોય છે કે રાગનો અંશ જે હતો કર્મધારાનો, એ ત્યાં તૂટી ગયો. એટલે એ અવરોધ ચાલ્યો ગયો. આનંદને અવરોધ હતો એ ચાલ્યો ગયો.

'જૈસા સિદ્ધભગવાનકા આનંદ હૈ ઐસા આંશિક આનંદ સમ્યગ્દૃષ્ટિકો પ્રગટ હોતા હૈ' જુઓ! આ નમુનો એ છે. ક્યો છે? સિદ્ધ ભગવાન સાથેનો. જેવો સિદ્ધ દશામાં પરમાનંદ હોય છે એની જાતનો સેમ્પલ અહીંયાં ચોથા ગુણસ્થાને ચારેય ગતિના સમ્યગ્દૃષ્ટિને પ્રગટ થાય. તિર્યંચ હોય તો એને પણ. સેમ્પલ આવે છે આનંદનું. બોલો. એટલે સિદ્ધ ભગવાનને આવો અનંત આનંદ છે એનું જ્ઞાન સિદ્ધ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, દશાનું જ્ઞાન એમને થઈ જાય છે. અરિહંત, સિદ્ધને સરખું જ છે. આનંદનું વેદન તો સરખું જ છે. એટલે મોક્ષનું જ્ઞાન થઈ ગયું, મોક્ષદશાનું જ્ઞાન થઈ ગયું. એવી રીતે મોક્ષતત્ત્વની શ્રદ્ધા છે. મોક્ષ પ્રગટ નથી થયો તોપણ મોક્ષતત્ત્વની શ્રદ્ધા બરાબર છે. કેમકે એનો અંશ, **'જૈસા સિદ્ધભગવાનકા આનંદ હૈ ઐસા આંશિક આનંદ...'** એવા આનંદનો અંશ અહીંયાં પ્રગટ થયો છે. એવો જ આનંદ પણ અંશે. જેમ ગોળની ભેલીમાંથી થોડુંક સેમ્પલ કાઢીને ચખાડે, આખી ભેલીનું જ્ઞાન થયું કે ન થયું? ચખાડ્યો ભલે નમુનો, પણ ગળપણ કેટલું છે? આ ભેલીમાં ગોળનું ગળપણ કેટલું છે એનું જ્ઞાન થયું કે ન થયું?

મુમુક્ષુ :- ભગવાન કી જાતિ હો ગઈ ન વહ? ધર્માત્મા કી ભગવાન કી જાતિ હો ગઈ ન?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ભગવાન કી જાતિ કા આનંદ હૈ, ભગવાન કી જાતિ કા જ્ઞાન હૈ, ભગવાન કી જાતિ કા ચારિત્ર હૈ.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન જાત્યાંતર થઈ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાત્યાંતર થઈ જાય ને. જિનેશ્વરના લઘુનંદન કીધાને બનારસીદાસે.

મુમુક્ષુ :- જાત્યાંતર શું કહેવું? ભગવાન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એ અપેક્ષાએ પોતાને લાભ થાય છે, એ અપેક્ષાએ એમ પણ કહે છે. એમાં કાંઈ એને દોષ લાગતો નથી.

મુમુક્ષુ :- ૧૭-૧૮ ગાથામાં એને જ ભગવાન આત્મા કીધો.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૭-૧૮ ગાથામાં. એ તો બધાયને કીધા, એમાં તો કોઈને બાકી નથી રાખ્યા. એ તો ૭૨ ગાથામાં બધાને ભગવાન કીધાં છે. અહીંયાં તો લોકો શું કહે? કે ભાઈ એ તો દ્રવ્ય અપેક્ષાએ છે. અહીંયાં તો ઉપકારી છે. ભગવાન જેટલો જ ઉપકાર થાય છે માટે ભગવાન કહે છે. એટલે એની દશા નિમિત્ત છે અહીંયાં. દ્રવ્યની વાત નથી, દશાની વાત છે, દશાની વાત છે.

મુમુક્ષુ :- મૂર્તિમાન મોક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મૂર્તિમાન મોક્ષ છે. લીધું જ છે.

'જૈસા સિદ્ધભગવાનકા આનંદ હૈ ઐસા આંશિક આનંદ સમ્યગ્દૃષ્ટિકો પ્રગટ હોતા હૈ ઔર સાથમેં વિકલ્પ ભી હોતા હૈ.' આનંદ હોય છે અને સવિકલ્પ દશામાં વિકલ્પ પણ હોય છે. **'અંશે આનંદ ગૃહસ્થાશ્રમમેં ભી રહતા હૈ.'** મુનિદશામાં રહે એમ નહિ. ગૃહસ્થાશ્રમમાં પણ આનંદ રહે છે. **'જ્ઞાનીને શ્રદ્ધા કર લિયા, ઐસે માત્ર શ્રદ્ધારૂપ વેદન નહિ હોતા, લેકિન પરિણમનરૂપ વેદન ભી હોતા હૈ.'** એવું માની લીધું નહિ કે ઠીક ચાલો, શ્રદ્ધા થઈ ગઈ, અમને તો શ્રદ્ધાનું વેદન છે. એમ નહિ. અનંત ગુણની પરિણતિનું વેદન હોય છે. એમાં આનંદ પણ હોય છે. આનંદ છે એ એક એવું પરિણમન છે કે જેની બધાને ઓછા ઉઘાડવાળાને પણ ખબર પડે છે. બીજા ગુણ હજી ન સમજાય પણ આનંદ સમજાયા વિના રહે નહિ. એટલે એમ કહે છે કે જ્ઞાનદશા છે એ આનંદની મહોરછાપવાળી દશા છે. એને આનંદની મહોર લાગેલી છે. એ તો ખબર પડે, પડે ને પડે જ.

એ વાત લીધી એમણે સમ્યગ્જ્ઞાનની દશાના બેય પ્રશ્ન ચાલ્યા છે. ૭૧ અને ૭૨ છે એ બેય જ્ઞાનદશાના ચાલ્યા છે. ઘણી વાતો એકસરખી આવી છે. મુમુક્ષુને કઈ દૃષ્ટિથી આ દશાને જોવી એ વાત બીજી છે. દશાને સમજવી એક વાત છે. અહીંયાં સમજાવ્યું છે એમણે. એટલે ઓલી વાત બહુમાનની નથી લીધી કે મુમુક્ષુ માટે ભગવાન છે. દશાની સમજણ આપી છે કે આવું જ્ઞાનનું પરિણમન, આવું ચારિત્રનું પરિણમન, આવી વિકલ્પની ધારા, આવી જ્ઞાતાધારા, આ આમ... આ આમ (હોય). ઓલી અપેક્ષા નથી લીધી. ઓલી અપેક્ષા જુદી છે. મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનીને કઈ દૃષ્ટિથી જોવે છે એ અહીંયાં પ્રશ્ન નથી એટલે એનો ઉત્તર એ રીતે નથી.

કૃપાળુદેવ જે મહિમા કરે છે એની પાછળ એક દૃષ્ટિકોણ છે કે મુમુક્ષુ આ દૃષ્ટિકોણથી જોવે તો એનો દર્શનમોહ કપાય અને એ ક્રમે કરીને જ્ઞાનદશાને પામે. એવો હેતુ છે ત્યાં. એટલે ઈ લાઈનથી, એ વ્યૂ પોઈન્ટથી એમનું નિરૂપણ આવે છે. બેય જુદાં પડે છે એવું નથી. પોતે પણ ગુરુદેવને તો ભગવાનની દૃષ્ટિએ જોવે

જ છેને!

મુમુક્ષુ :- દશાની જે વાત કરી એ સ્વરૂપથી તો અભેદ જ છે ને? સ્વરૂપથી જુદી ક્યાં છે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપથી અભેદ છે અને સ્વરૂપાકાર છે. એવી દશા છે. તો સ્વરૂપ ભગવાન છે, તો દશા પણ ભગવાન થઈ. એમ જ છે. એ તો કહ્યું ને ૬૮૦માં કૃપાળુદેવે કે અમે પરમાત્મા થયા છીએ. કેમકે અમે અમને પોતાને પરમાત્મ સ્વરૂપે, પરમાત્મારૂપે જ અનુભવ કરીએ છીએ. માટે અમે પરમાત્મા થયા છીએ.

મુમુક્ષુ :- ... કેમ લેવા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી વાત છે. એટલે જે ગુણસ્થાન અનુસાર પરિણમન છે એ તો બધો જાણવાનો વિષય છે, એ તો જાણવાનો વિષય છે. મુમુક્ષુએ આદરવાની વાત બીજી રીતે છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- આ અપેક્ષાથી આમ છે અને ઓલી અપેક્ષાથી તેમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ અપેક્ષા જ્ઞાન જાણવાનું છું. હવે કરવું શું? એ કહેને. આદરવું શું એ વાત કરને. એમ છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૭૩

પ્રશ્ન :- ઉદય આવે ત્યારે શું કરવું?

સમાધાનઃ-ઉદય આગળ કોઈ ઉપાય નથી.(ઉદયને કોઈ ટાળી શકતું નથી.) માટે શાંતિ રાખવી, સમાધાન કરવું.

મુનિને રોગ થયો. દેવે કહ્યું, તમારો રોગ મટાડી દઉં. તો મુનિરાજ કહે કે જે ઉદય આવવાનો હોય તે ભલે આવે. સનતકુમાર ચક્રવર્તી મુનિદશામાં આત્માની

સાધના કરતા હતા ત્યારે તેમની જેવાને પણ રોગ આવ્યો હતો. તો, આ પંચમકાળના જીવો તો શું હિસાબમાં? ઉદય આવે તેનો કોઈ ઉપાય નથી. એક જ ભાવના રાખવી કે એક આત્મા જ જોઈએ છે. જન્મ-મરણ કરતાં કરતાં અનંત ભવ કર્યા. હવે ભવનો અભાવ થાય એવી ભાવના કરવી. ચોથા કાળમાં પણ રોગ આવતા હતા. માટે ઉદય સામું જોવાનું છોડી દઈને પોતાના આત્માની સાધના કરી લેવી. ૭૩.

તા. ૩-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૭૩, ૭૪
પ્રવચન નં. ૪૫

... અંદર પ્રકૃતિનો ઉદય આવે, બહાર બધા સોગઠા એવા જ ગોઠવાણા હોય. જેવો ઉદય હોય એવા જ પ્રસંગો ગોઠવાણા હોય. ગડબડ થઈ જાય પરિણામની અંદર અથવા તન્મય થઈ જાય, એકાકાર થઈ જાય. સમાધાન આપ્યું છે.

'**સમાધાન :- ઉદય આગળ કોઈ ઉપાય નથી. (ઉદયને કોઈ ટાળી શકતું નથી.)**' એ શું કરવા કીધું? કે બધાયનો અભિપ્રાય ઉદયને ફેરવવાનો છે. કોઈને ઉદયમાં સમાધાન નથી. પ્રતિકૂળતામાં તો સમાધાન ન હોય, પણ અનુકૂળતામાં એમ થાય કે આથી જરાક આમ થયું હોત તો સારું હતું. અનુકૂળતા હોય તો વધારે સારું થાય. વધારે સારું હોય તો સૌથી સારું થાય. એ સૌથી સારું કોને કહેવું એનો કોઈ નિયમ નથી. એ સૌથી સારું કરવા જાય એમાં ક્યાંક પાછું પંક્ચર પડે એટલે થઈ રહ્યું. એટલે પરિણામોમાં પંક્ચર પડવા મંડી જાય. એમ છે. એ ઉદયમાં કોઈ કાંઈ કરી શકતું નથી, ઉદયને કોઈ ટાળી શકતું નથી. '**માટે શાંતિ રાખવી, સમાધાન કરવું.**' જ્ઞાનદૃષ્ટિએ.

જ્ઞાનદૃષ્ટિએ સમાધાન કરવું જોઈએ. તો શાંતિ બરાબર યથાર્થ રહે. સાચી શાંતિ તો સ્વરૂપના અવલંબને છે. મુમુક્ષુને સ્વરૂપનું અવલંબન ન હોય તો એને સમાધાન તો કરવું જ જોઈએ. સમાધાન તો બે પ્રકારે છે. કાં તો સત્સંગના જ્ઞાનીપુરુષના અવલંબને સમાધાન કરે અને કાં એની સમજણના આધારે સમાધાન કરે કાં ત્રીજું આત્મભાવના ઉગ્ર કરીને સમાધાન કરે કે હું આ મનુષ્યભવમાં આત્મકલ્યાણ માટે આવ્યો છું. બીજું શું કરવા કાંઈ કરું? ઉદય તો પ્રારબ્ધ પ્રમાણે શુભાશુભ આવવાના

જ. બે જ જાતના ઉદય છે—એક શુભ અને એક અશુભ. પછી એના પ્રકાર ભલે અસંખ્ય હોય. ઉદયની જાત તો બે પ્રકારની છે.

એટલે પહેલેથી એક અભિપ્રાય તૈયાર કરી લેવો જોઈએ, સુવિચારણાનું અંગ છે એ કે ઉદય શુભ આવો કે ઉદય અશુભ આવો, મારો માર્ગ તો એનાથી ઉપરનો છે, પર છે. મારે તો એનાથી પર રહેવાનું છે. એટલે ઉદયને મારે ગણવાનો જ નથી, ઉદયને ગૌણ કરવાનો છે, નગણ્ય કરી નાખવાનો છે. એ અભિપ્રાય પહેલેથી બાંધી લેવો જોઈએ. પછી ગમે એ આવે નહિ. આમ કેમ થયું ને આમ થવું જોઈતું હતું એ કાંઈ વાત ન રહી. એ આવ્યું છે એ એના સ્વકાળે, યથાયોગ્ય કાળે એમ જ આવ્યું છે.

ઓલા બહેન આવ્યા હતા ત્યારે ચર્ચા થઈ હતી. જેના ધણીનું ખૂન થઈ ગયું હતું ને રાત્રે બે વાગ્યે? ત્યાર પછી (બે મુમુક્ષુને) બોલાવ્યા હતાં. આપણે (એક મુમુક્ષુબહેનના ઘરે) નીચે રોકાણા હતા ને ત્યારે. સમજવા આવ્યા હતા. મેં કીધું, જુઓ આ બે બહેનો છે કીધું. જે દિ' થયું હશે તે દિ' આકરું લાગ્યું હશે. આમને તો એક જ દિ' સાથે રહ્યા છે. આ એક વર્ષ સાથે રહ્યા છે. બે નમુના છે તમારી સામે. અને આને છૂટ્યું તે દિ' ટેન્શન એટલું આવ્યું હતું, પાર વગરનું. એક વર્ષ પછી એને બહુ મોટું ટેન્શન આવ્યું હતું. હવે પૂછો એને અત્યારે કેમ છે તમને? તો કહે જે થયું એ સારું થયું. જો એમ ન થયું હોત તો અત્યારે આ લાઈનમાં ન હોત. એમાં શું છે કે આને બેય બાજુ પૈસાવાળા હતા. એટલે વૈભવમાં આળોટતા હોત. અહીંયાં જાવું છે ને ત્યાં જાવું છે, આ પહેરવું છે ને આ ઓઢવું છે ને આ ખાવું છે ને આ પીવું છે. એ જ હોત. અને એમાં કોઈની સાથે ક્યાં તડાફડી થાય, કોઈની સાથે કયાં તડાફડી થાય એનો કાંઈ પ્રકૃતિનો કોઈને મેળ ન પડે.

એને હું પૂછું છું કે તારા ત્રણ ભાઈઓ અને તારા ડેડી ક્યારેય સાથે બેસીને ચા-પાણી, નાસ્તો કે જમે છે ખરાં? તો કે નહિ. બિલકુલ નહિ હોં! કોઈ સાથે બેસે નહિ. અને બેસે તો તડાફડી જ થાય બીજું કાંઈ ન થાય. બધાના મગજ એટલા જુદાં-જુદાં ચાલે છે ને, એટલા સ્વતંત્ર, સ્વતંત્ર ન કહેવાય, સ્વચ્છંદ કહેવાય. બધાયને પાવર ચડેલા છે. સંપત્તિ હોય એટલી હોય પણ એ બધાને એમ લાગે કે બધાના માલિક ઈ. દરેક એમ કહે કે અમે આટલા કરોડપતિ, અમે આટલા કરોડપતિ. એક કોથળીના માલિક બધાય અને બધાને એટલો જ પાવર ચડેલો રહે.

મુમુક્ષુ :- આખી કોથળીનો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર તો વહેંચે તો એના ભાગે આવે એટલું જ આવે.

પણ પાવર પૂરેપૂરો ચડેલો રહે. કલ્પના એ હોય. કોઈ સાથે બેસી ન શકે. સાથે વાત ન કરે. સાથે જમવાની વાત તો એક બાજુ રહી, કોઈ ભેગા થઈને, દિવાનખાનામાં ભેગા થઈને વાત કરવા નથી બેસતા. ડિસ્કશન કરવા નથી બેસતા. પોતપોતાનો ધંધો સહુ કરે છે. કોણ શું કરે છે એ કોઈ કોઈને કહેતું નથી. કોણ શું કમાય છે એ કોઈ કોઈને કહેતું નથી. એ તો એક ભાઈએ બહુ પૈસા ખોયા ત્યારે બજારમાંથી વાત આવી કે ભાઈ બજારમાંથી મોટા વ્યાજે પૈસા લ્યે છે. ત્યારે ઘરમાં ખબર પડી. એ તો કહી શકે નહિ. એ એવી ખરાબ પરિસ્થિતિ લોકો જેને પુણ્યશાળી ગણે છે એની છે. કેમકે બહાર સારી-સારી મોટરું પડી હોય, મોટો સરસ બંગલો હોય. બધાને બહારથી દેખાય આહાહા..! કેવું છે આ લોકોને! પણ અંદર શું સળગે છે એ તો કોઈને ખબર જ ન હોય.

મુમુક્ષુ :- ભલે કોથલીમેં સે કુછ ભી નહીં મિલે, લેકિન નશા તો હર સમય પૂરા રહતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નશો પૂરો રહે. મગજ તો આમ ફાટેલા ફાટેલા બધાના રહે, ફાટમ-ફાટ., કોઈને વતાવાય નહિ, નામ લેવાય નહિ. સૌ સમજતા હોય કે અહીંયાં કોઈને અડવા જેવું નથી, નકામું બ્લાસ્ટીંગ જ થાશે. એ હાલત છે. એવું છે. એટલે ક્યાંય સમાધાન થાય એવું નથી. ઓલું કાલે ગાયુ હતુંને ભાઈએ? એમ કે નિર્ધન છે એ આર્તધ્યાનને લઈને દુઃખી છે કે મારી પાસે કાંઈ છે નહિ. અરેરેરે...! લોકોની પાસે કેટલું બધું છે અને મારી પાસે કાંઈ છે નહિ. અને તૃષ્ણાથી ધનવાન દુઃખી છે. એને હજી વધારે જોઈએ છે. સૌથી વધારે એને જોઈએ છે અને સૌથી ઝાઝું જોવે છે. એને તૃષ્ણા લંબાઈ જાય. તૃષ્ણાથી દુઃખી ધનવાન.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી કહેતાને મોટો માગણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- રાત-દિન ગિનતી કરતા રહતાં હૈ કિ મેરે પાસ ઈતને હૈ. મેરે પાસ ઈતને હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- પછી ઊંઘ આવે નહિ. ઊંઘ આવે નહિ એટલે દારૂ પીવે.

'**મુનિને રોગ થયો. દેવે કહ્યું, તમારો રોગ મટાડી દઉં.**' આવે છે ને કૃપાળુદેવના ઓલામાં? સનતકુમાર ચક્રવર્તી. એકત્વ ભાવનામાં. અશરણ ભાવના છે બનતા સુધી. '**મુનિરાજ કહે, કે જે ઉદય આવવાનો હોય એ ભલે આવે.**' એને આવવા દ્યોને, એ ઉપકાર કરવા આવ્યા છે. કોઈપણ પ્રતિકૂળ ઉદય વધારે ઉપકાર કરવા આવ્યો છે. કેટલા માટે? કે ત્યારે સમભાવમાં રહેવાનો મોકો હોય છે. નિર્જરા ત્યારે વધારે

થાય. તો વધારે કમાણી કરાવી દીધી કે નહિ એણે? પ્રતિકૂળ ઉદયે તો વધારે કમાણી કરાવી દીધી. એટલે વધારે ઉપકારી થઈને ગયો. એટલે ઉદયને તો જરા પણ ધક્કો મારવાની જરૂર નથી કે આમ શું કરવા?

'**ઉદય આવવાનો હોય તે ભલે આવે.**' એ જ લખ્યું છે. સનતકુમાર ચક્રવર્તી એનું નામ લીધું છે. '**સનતકુમાર ચક્રવર્તી મુનિદશામાં આત્માની સાધના કરતા હતા ત્યારે તેમની જેવાને પણ રોગ આવ્યો હતો.**' મોટો રોગ હતો. ગળતકોઢ જેને કહે. હાથ-પગના આંગળા ઘસાય, ગળતા જાય, ટૂંકા થતા જાય. એક વેઢો વયો જાય, બીજો વેઢો વયો જાય. અને એ જે ગળે એની અંદર ખૂબ વેદના હોય. ચળ ને બળતરા ને એ બધું બહુ હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બળતરા બહુ થાય.

મુમુક્ષુ :- આ રક્તપિત્ત કહે છે ઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, રક્તપિત્ત કહે છે એ. આ રક્તપિત્ત કહો કે ગળતકોઢ કહો. એક જ છે. સનતકુમાર ચક્રવર્તી ચક્રવર્તીનું પુણ્ય લઈને આવ્યા હતા. એમાંથી પાપના ઉદયમાં પલટો માર્યો. માંદગી આવી. જ્ઞાની હતા, નક્કી કરી નાખ્યું, પથારીવશ હતા, કે આ રોગ જો પૂરો થાય તો (મારે) મુનિદીક્ષા લઈ લેવી છે. પછી આ રાજકાજમાં રહેવું નથી. દીક્ષા લઈ લીધી ત્યાં ગળતકોઢ થયો. મુનિદશામાં હતા એટલે કાંઈ સવાલ નથી. દેવોને થયું કે લાવો ને કાંઈક ટેસ્ટ કરીએ એટલે આવ્યા હતા. પરીક્ષા કરવા આવ્યા હતા. અમે દેવોના વૈદ્ય છીએ, ધન્વંતરી છીએ અમે. દેવોના વૈદ્યને ધન્વંતરી કહે છે અને દેવોના કોષાધ્યક્ષને કુબેર કહે છે. એ પદવી છે ત્યાં દેવલોકમાં. જેની પાસે ભંડારો હોય ધનનો એને કુબેર કહે છે.

મુમુક્ષુ :- દેવલોકમાં વૈદ્યની જરૂર પડે?

પૂજ્ય ભાઈશ્રી :- એ જાતના પુણ્ય લઈને ગયા હોય. ત્યાં કાંઈ જરૂર ન પડે. એની પાસે વિદ્યા હોય. (વૈદ્યને કીધું) તું વયો જા. અમે તો ભવરોગ મટાડવા નીકળ્યા છીએ. શરીરના રોગ તો અનંત વાર આવ્યા અને અનંત વાર ગયા. અમને તો લબ્ધિ છે કહે. થૂંક ચોપડીએ ત્યાં રોગ મટી જાય એવું છે. આંગળી આમ મોઢામાંથી આમ કરીને આમ કરીએ તો મટી જાય એવું છે. સામું જોતા નથી. લબ્ધિની સામું જોતા નથી. તું જા તારું કામ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી સાતસો વર્ષ તક કોઢ રહાં.

પૂજ્ય ભાઈશ્રી :- ખતમ કર્યું બધું. સાતસો વર્ષમાં દેવું બધું ચૂકવી દીધું.

'તેમની જેવાને પણ રોગ આવ્યો હતો, તો, આ પંચમકાળના જીવો તો શું હિસાબમાં?' અહીંયાં તો બધા મોટા ભાગના પાપનો ઉદય લઈને આવેલા. અહીંયાં તો સરખાઈ હોય ક્યાંથી? **'ઉદય આવે તેનો કોઈ ઉપાય નથી.'** એટલે? ઉદયને ફેરવવાનો કોઈ ઉપાય નથી. કેમકે કર્મનો પણ એવો જ નિયમ છે, સિદ્ધાંત કે જે કર્મો ઉદયાવલીમાં આવી ગયા એમાં ફેરફાર ન થાય. ઉદયમાં આવે તો ફેરફાર ન થાય, પણ ઉદયમાં આવ્યા પહેલાં થોડોક ટાઈમ એને ઉદયાવલીનો ગણાય છે. આવલી એટલે કાળનો સમૂહ. દીપાવલી, આવલી શબ્દ છે ને? આપણે વાપરે છે ગુજરાતીમાં આવલી શબ્દ. ઉદયની આવલીમાં આવી જાય પછી ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર એમાં કોઈ ફેરફાર કરવા સમર્થ નથી. એનો પુરુષાર્થ પણ ફેરફાર ન કરી શકે. એનો પુરુષાર્થ ક્યાં સુધી ફેરફાર કરે? ઉદયાવલીમાં આવ્યા પહેલાં. અપકર્ષણ, ઉપકર્ષણ અને ઉત્કર્ષણ ત્રણ જાતના ફેરફાર થાય. કાં સ્થિતિ ટુંકાય, કાં લંબાય. કાં પ્રકૃતિ પલટો મારે. શુભમાંથી અશુભ થાય, અશુભમાંથી શુભ થાય. એટલે **'તેનો કોઈ ઉપાય નથી.'**

'એક જ ભાવના રાખવી કે એક આત્મા જ જોઈએ છે.' બીજું કાંઈ હવે જોઈતું નથી. એક જ ભાવના રાખવી. ખતમ. માસ્ટર કી, આ મુમુક્ષુની માસ્ટર કી. જ્ઞાની પાસે તો જ્ઞાયક છે. મુમુક્ષુ પાસે હજી પોતાનું સ્વરૂપ નથી એટલે ભાવનાનું આલંબન છે અને ગુરુ હોય તો ગુરુનું આલંબન છે. બસ. **'એક જ ભાવના રાખવી કે એક આત્મા જ જોઈએ છે. જન્મ-મરણ કરતાં કરતાં અનંત ભવ કર્યા.'** અનંત પ્રકારના હીનાધિક સંયોગો આવ્યા અને ગયા, આવ્યા અને ગયા. વર્તમાન ઉદય આવે છે, એનાથી હીણા પણ અનંતા આવી ગયા, એથી સારા પણ અનંતા આવી ગયા. હવે એનો શું હિસાબ છે? પાપીમાં પાપી મનુષ્ય હોય એને સારામાં સારો ઉદય હોય તો શું કરો? એ ઉદયની વેલ્યું શું? એની કોઈ વેલ્યું નથી.

'હવે ભવનો અભાવ થાય એવી ભાવના કરવી.' હવે ભવનો અભાવ થાય, અનંત ભવ કર્યા, હવે ભવ જ ન જોઈએ. **'ચોથા કાળમાં પણ રોગ આવતા હતા.'** ગુરુદેવ હતા જ ને. એમને રોગ આવ્યો પછી શરીર છૂટ્યું છે. **'ચોથા કાળમાં પણ રોગ આવતા હતા. માટે ઉદય સામું જોવાનું છોડી દઈને પોતાના આત્માની સાધના કરી લેવી.'** જોવાનું જ છોડી દે, એ આંખ બંધ કરી દે, શટર પાડી દે. ઉદય કેવો છે? ગમે એવો હોય નહિ, મારે શું છે? જેનાથી હું ભિન્ન થઈ ગયો, એ પછી કેવો છે ને કેવો નહિ એ શું? સામું જોવાનું છોડી દે. તો જ પોતાની સાધના કરી શકે, નહિતર કરી ન શકે. ઉદયમાં પણ સાવધાની રાખે (એને) આત્મામાં સાવધાની આવે નહિ. આત્મામાં સાવધાન થાય તો ઉદયની સાવધાની રહેવાની નથી. ૭૩ થયો એ.

પ્રશ્ન-૭૪

પ્રશ્ન :- આવો યોગ મળવા છતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ અને દેહ છૂટી ગયો તો જીવ ખોવાઈ જાય એવું બને ખરું?

સમાધાન :- સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઇ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઇએ છે તો જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે. ૭૪.

પ્રશ્ન ૭૪ ઉપર પ્રવચન

૭૪. પ્રશ્ન કર્યો છે કે '**આવો યોગ મળવા છતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ અને દેહ છૂટી ગયો તો જીવ ખોવાઈ જાય એવું બને ખરું?**' શું કહે છે? આવો સરસ યોગ મળ્યો, છતાં જીવ પોતાની ખામીને લઈને, બીજા કોઈ કારણે નહિ, પોતાની ખામીને લઈને સમ્યગ્દર્શનની પ્રપ્તિ ન કરી અને એ છૂટી ગયો તો પછી આ પરિભ્રમણમાં ખોવાઈ જાય એવું બને?

'**સમાધાન :- સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે.**' સંસ્કારીની તો વાત જુદી છે. એ તો એણે ઘણી રુચીથી સંસ્કાર લીધા છે. સંસ્કાર ન લીધા હોય, પણ ઊંડાણથી ભાવના આવી હોય, લગની લાગી હોય, કરી જ લેવું છે, ગમે એમ કરીને કરી લેવું છે અને એમાં છૂટી જાય કોઈ વખત દેહ ઓચિંતો, તો એને બીજા ભવમાં પુરુષાર્થનો અવકાશ રહે છે. એમ વાત છે કે સંસ્કાર પહેલાં જો ભાવના લઈને ગયો હોય તો ભાવનાનું અનુસંધાન થાય છે. પછી ત્યાં અનુસંધાનમાં જો સીરીયસ ન રહે અને આગળ વધવાનો પુરુષાર્થ ન ચાલે, પછી ખોવાઇ જાય તો જુદી વાત છે.

મુમુક્ષુ :- એક ચાન્સ આપે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એ થોડીક મૂડી લઈને ગયો હતો એ વપરાઈ ગઈ, ભાવનાની મૂડી વપરાઈ ગઈ. ભૂમિકા કાચી છે, પણ એકવાર એને અવકાશ થઈ જાય, ચાન્સ મળી જાય. એ વખતે પાછો જાગૃત થઈ જાય, આગળ ચાલ્યો તો ચાલ્યો. એ દરમિયાનમાં બેદરકારી હોય તો ગયો પાછો. એટલી એવી તીવ્ર ભાવના નથી હોતી કે એના બહુ મૂળ ઊંડા જાય. પણ એકવાર એને અહીંયાં ઠીક-ઠીક પ્રયત્ન કર્યો હોય ગંભીર થઈને અને ભાવના ઘણી લગનીથી થઈ હોય અને એમાં ઓચિંતું આવું બની પણ જાય. બધાય દાખલા બને છે. સમ્યક્ સન્મુખમાં પણ કોઈ ગુજરી જાય છે, જ્ઞાનદશામાં પણ દેહ છોડે છે, સમ્યક્ સન્મુખમાં પણ દેહ છોડે છે, સંસ્કાર લઈને દેહ છોડે, સંસ્કાર લીધા પહેલા પણ દેહ છોડે, ભાવનાવાળો પણ દેહ છોડે અને ભાવના વગરનો (દેહ છોડે). બધાયના પ્રકાર, આયુષ્યના તો બધા જ પ્રકાર બનવાના.

અહીંયાં બહેનશ્રીએ આટલું લીધું છે કે જ્ઞાનીઓએ કેટલી હદ સુધી જીવને આશ્વાસન આપ્યું છે! જો કાં તો તું સોયમાં દોરો પરોવી લે, તો તારી સોય ખોવાશે નહિ, ગુરુદેવ દાખલો દેતા હતા. લાલ રંગનો દોરો હોય, રંગીન દોરો હોય, એમાં પરોવેલો હોય. અને ઓલા ચકલા હોયને. પહેલાં તો શું છે બહાર ઓસરીમાં કે ફળિયામાં બેસીને સાંધતા હોય કપડાં. એમાં એકાદું ચકલું આવે ને એ સીધો દોરો લઈને ઊડી જાય, સોય એની સાથે વઈ જાય. હમણાં અહીંયાં મૂકી હતી મેં સોય. દોરો પરોવેલો હતો. અહીંયાં કાંઈ દેખાતું નથી, ગયુ ક્યાં? ગયુ ક્યાં? પહેલાં તો એક સોય ખોવાઈ તોપણ ગોતા-ગોત કરે. સામાન્ય માણસ હતા ને, એટલે સોય ખોવાય ને તો આખો દિવસ ગોતે. જડે નહિ. કારણકે ચકલું લઈને ઊડી ગયું હોય. હવે એ જ્યાં બેસે ત્યાં મૂકી દીધું હોય પાછું. કોઈ નેવે મૂક્યું હોય કે ઘરમાં કાંઈ ઝાડવું-બાડવું હોય ત્યાં બેઠું હોય થોડીવાર, ત્યાં મૂકી દીધું હોય.

મુમુક્ષુ :- માળામાં મૂકી દીધું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- માળામાં મૂકી દે. એ દોરો દેખાય તો કહે આ અહીંયાં લાલ દોરો લટકે છે, સોય તો નથી. ત્યાંથી સોય જડે. દોરાવાળી સોય જડે.

એમ તું આત્મામાં સમ્યગ્દર્શનનો દોરો પરોવી લીધો હોય તો તારો આત્મા ખોવાશે નહિ. સોયમાં દોરો ન પરોવ્યો હોય તો? તો કહે સંસ્કાર પાડી લે. સંસ્કાર ન પાડ્યા હોય તો? તો કહે ભાવના કરી લે તું. જો તને અત્યારે ભાવના ન હોય તો જ્ઞાની કહે છે કે હવે તો પછી કાંઈ આશા રાખવી નકામી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાનીપુરુષ તો કહે છે, પણ મુમુક્ષુએ ન લેવું જોઈએ. મુમુક્ષુને તો એ અભિપ્રાય ન થવો જોઈએ, તો કે ના ના હું ભાવના કરીશ તો મારે...

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુએ પૂર્ણતાનું લક્ષ બાંધવું પહેલું.

મુમુક્ષુ :- એને પાછું ઈ અભિપ્રાય ન થઈ જવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એને તો સમ્યગ્દર્શનનું પણ ધ્યેય નથી. એને તો પૂર્ણ થવાનું ધ્યેય છે. એને તો એમ લેવાની વાત છે. આ તો જ્ઞાનીઓએ ક્યાં સુધી આશ્વાસન આપ્યું છે. પુરુષાર્થ મંદ પાડવા માટે નથી. આ તો એક વસ્તુસ્થિતિ બતાવી છે, જ્ઞાન કરાવ્યું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અત્યારે જે તમે લીધું ને કે આવું કરેલું હોય તો પછી એક ચાન્સ મળે. તો અત્યારે અમારા બધાયને આવો એક ચાન્સ મળ્યો છે. તો હવે જો આમાં છોડી દઈએ તો પછી પતી ગયું. અને એ પકડી લે તો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, માનવું કે અત્યારે ચાન્સ મળ્યો છે. કોઈ પૂર્વે કાંઈક ભાવના થોડી-ઘણી કરી હશે, તો ચાન્સ મળ્યો છે. હવે જો બેદરકાર રહીશ,... બેદરકાર તો ઉદયમાં જ રહેવાનો છે. કાં શરીરનો ઉદય, કાં કુટુંબનો ઉદય, કાં સમાજનો ઉદય. આ ત્રણ છે ત્યાં રોકાણો, ત્યાં ઓલું ખર્ચાય જશે. આવેલી તક વઈ જાશે. એટલે એમ સમજવું કે થોડીક જરાક મૂડી લઈને આવ્યા હતા ઈ અત્યારે વાપરીએ છીએ. હવે વાપરીને વયા જાશું તો ગયું. હવે અહીંથી બરાબર ઠેકડો મારી લ્યો, જોર કરી લ્યો અહીંયાં. અહીંયાં એવાં મધ્યમ પ્રકારના સંયોગો છે. કોઈ તીવ્ર પ્રતિકૂળતા નથી કે બહુ આકુળતા થાય. તીવ્ર પુણ્યનો ઉદય નથી કે ફસાઈ જાય. બહુ મધ્યમ પ્રકારનો છે. અત્યારે કરવા ધારે તો બહુ સહેલાઈથી થઈ શકે એવું છે. પોતાને તકનો ખ્યાલ આવવો જોઈએ કે આ તક મને મળી છે અને હવે જાવા દેવી નથી. ન જાવા દઉં એટલે ન જ જાવા દઉં, એમ અંદરથી આવવું જોઈએ એવી રીતે. હવે આ તક જાવા ન દઉં.

એટલે એવું છે કે જરાક જોર કરે ને તો અનંતકાળનું સાજું કરીને જાય અહીંથી. જેવી તેવી વાત નથી. અનંતકાળનું સાજું કરીને જાય. એટલે ગંભીરતાથી સમયનો સદ્ઉપયોગ કરી લેવો જોઈએ. ડૉક્ટરને એ જ લખ્યું હતું ને? (એક મુમુક્ષુનો) કાગળ હતો. એ અહીંથી જાય ત્યારે એમ કહે છે, આ વખતે એમ કહેતા ગયા. મને ક્યારેક કાગળ લખતા રહ્યો. મારી બેટરી ડાઉન થઈ જાય છે ત્યાં ગયા પછી. મેં કીધું, ભાઈ! મને તો કાંઈ વિકલ્પ આવે તો લખું. કાં તો તમે લખો તો લખું. મને કાગળ આવે એનો હું જવાબ અવશ્ય આપું છું. ત્યાં સુધી કાગળનો હું નાશ નથી કરતો.

પછી વેસ્ટપેપર બાસ્કેટમાં નાખી દઉં. પણ જવાબ આપ્યો. પછી બે દાડે આપું કે બાર દાડે આપું એ પછીની વાત છે. પણ જવાબ આપું. વહેલો-મોડો પણ જવાબ આપું.

આત્માર્થીભાઈ એની ઝેરોક્ષ કરાવી લીધી છે. એને પોસ્ટ કરવા આપ્યું હતું ને પોસ્ટકાર્ડ. પત્ર મળ્યો, વિગત જાણી. વારંવાર, મનુષ્યભવ, મળેલી તક,.. વારંવાર એટલે વારંવાર આ ખ્યાલમાં લેવું એમ. વારંવાર મનુષ્યભવ, મળેલી તક આ વગેરેનો સદ્ઉપયોગ કરવામાં આવે તો અનંતકાળના પરમસુખની કમાણી થઈ શકે. તેવા સમયને ક્ષુદ્ર ઉદય પ્રસંગોમાં ખર્ચી નાખવા... આ બધા કેવા છે અત્યારના ઉદય? સાધારણ વાત છે. હવે ડૉકટર હોય ને દર્દી આવે એને તપાસવું ને એ દસ રૂપિયા આપી જાય અને વીસ રૂપિયા આપી જાય ને એમાં અડધો કલાક વયો જાય. દસ-વીસ રૂપિયામાં ટાઈમનો ઉપયોગ છે ને? ટાઈમનો દુરુપયોગ તો દસ-વીસ રૂપિયામાં જ થઈ ગયો ને, બીજું શું છે? ક્ષુદ્ર ઉદય પ્રસંગોમાં ખર્ચી નાખવો તે મહા અનર્થ છે. આમ લાગે કે એમાં શું? એ તો સાધારણ લાગે. મારે તો રોજની પ્રેક્ટિસ છે. નહિ, મહા અનર્થ છે એમ અંદર ગંભીરતા આવવી જોઈએ. આ મારા મનુષ્યભવનો એક-એક ક્ષણ જાય છે. બહુ કિંમતી જાય છે. મોટો અનર્થ કરી રહ્યો છું. સમય ગુમાવું છું ઈ (મહા અનર્થ કરી રહ્યો છું). ઉપયોગથી એક પળ પણ ભરનાર. લીધું કે નહિ દસ વચનોમાં? ૧૦૫માં પાત્રતામાં. મહા અનર્થ છે. પોતાના નહિ એવાં પદાર્થોમાં પોતાપણું થાય છે તે મહા અપરાધ છે. કોના માટે કરે છે? આ બાયડી મારી, આ છોકરાઓ મારા, આ બધાનું શું થાય? ઘણાય વખતથી કહે છે કે તમને બધું બતાવી દેવું છે. પછી માર્ગદર્શન (આપજો). હું ક્યારેક ક્યારેક કહું કે ૬૫ થવા આવ્યા નિવૃત્તિ લઈ લેવી જોઈએ. ૬૦-૬૫ થઈ ગયા હોય એને નિવૃત્તિ લઈ લેવી જોઈએ. આમ તો ૪૦-૪૫થી લઈ લેવી જોઈએ. પણ હવે ૬૦-૬૫ થયા પછી તો આંખ ઉઘડવી જોઈએ કે નહિ? ઉપર તો સિલીંગ છે. ઉપર કાંઈ અનંતકાળ નથી મનુષ્યપણાનો. બહુ થોડો સમય હોય છે પછી તો. નિવૃત્તિ લઈ લેવી. એકવાર તમને બધું કહી દેવું છે. મારી પાસે આટલું ભેગું થયું છે. હવે મારે નિવૃત્તિ લેવી કે ન લેવી? મેં કીધું કે ગણવા બેસે એનું કામ નથી આમાં. લેવી એ ગમે એ પરિસ્થિતિમાં લેવી એટલે લેવી. લાગી એને લાગી અને લાગી. ઈ ગણવા બેસે કાંઈ? પછી એ હજી કહીશ... કહીશ... કહીશમાં વર્ષ નીકળી ગયું. બે વર્ષ નીકળી ગયા માર્ગદર્શન લેવામાં.

પોતાના નહિ એવા અન્ય પદાર્થોમાં પોતાપણું થાય છે તે મહાઅપરાધ છે.

એમ વારંવાર ચિંતવી. વારંવાર શબ્દ ત્યાં લેવાનો છે. વારંવાર એમ ચિંતવી ભયંકર પરિભ્રમણથી બચવાની લાગણી થવી જરૂરી છે. ફિલીંગ થવી જરૂરી છે. અહીંયાં છૂટ્યો, વંટોળમાં ચડી ગયું તણખલું. તણખલું ચડ્યું વંટોળે. ક્યાં ગયું ભગવાન જાણે. નહિ તો કરેલી ઉપેક્ષાનો દંડ ભોગવવો જ રહ્યો. ભોગવવો જ પડશે. કેમકે ઉપેક્ષા કરી, દરકાર ન કરી.

આ ક્ષણથી જ આત્મકલ્યાણના કાર્યમાં પૂરી શક્તિથી લાગી જવા જેવું છે. આ ક્ષણથી, વર્તમાન ક્ષણથી. કાલ કરીશ એ વાત છોડી દેજે, પછી કરીશ એ વાત છોડી દેજે. સૌ એના નસીબ લઈને આવ્યા છે. આ અમથો અમથો કુટુંબને ચોંટે છે. સૌ એના નસીબ લઈને આવ્યા છે. અને કોઈને કાંઈ થાય તો તું શું કરી શકવાનો હતો? કોઈને કાંઈ થયું ઘરમાંથી, તારી પહોંચ કેટલી ઈ કહેને? કોઈને તાવ આવ્યો તો તું ઉતારી દે? ઠેસ વાગી હોય એને એમ કહીશ કે તને ઠેસ ન વાગે એવું કરી દઉં? ત્યાંથી માંડીને ગમે ઈ થાય. એવો નિશ્ચય કરવા યોગ્ય છે. હાલ એ જ.

મુમુક્ષુ :- રાત-દિન અનુકૂલતા જુટાને મેં લગે રહતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- ઔર અનુકૂલતામેં સે સુખ મિલતા નહીં. કોઈ અનુકૂલતા મેં સુખ મિલા હો તો બતા દો. કિસકો મિલા? કિતના મિલા?

અંદરમાં જાગતી જ્યોત બધાને ઝળહળે છે પણ આંખે પાટા બાંધીને ચાલે શું થાય? ક્યાંથી દેખાય? નહિતર દીવો ન દેખાય એમ કેમ બને? આ દીવો જે દેખાય કે ન દેખાય, કેમકે એ તો હજી બહારનો છે. આ તો અંદર સળગે છે. જળહળતી જ્યોત છે જ્ઞાનની. એવું છે. એટલે અવકાશ રહે છે.

'પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે.' ભાવનાના સંસ્કાર ઊંડા ન હોય. આવી એકાદ તક મળે એમાં વળી ન જાગે, બેદરકાર રહ્યો, ભૂંસાઈ જશે. અત્યારે મુમુક્ષુ થયો તો જો હવે આ ભૂંસાઈ ન જાય એ તારી જવાબદારી છે. હવે આ મૂડી મળી છે એ વધારવાની છે. ખર્ચી નાખી તો ખલાસ થઈ ગઈ. વધારી, ખર્ચતા ખર્ચતા વધારી તો ગમે એટલી વધી શકે એમ છે. ખર્ચાઈ ગઈ તો ગયું. **'પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે.'** ઈ એને અવકાશ મળી જાય છે. સમય પણ મળે, સંયોગો પણ મળે, વિચારશક્તિ પણ મળે, બધું મળે. અત્યારે જે મળ્યું છે એ બધું મળ્યા બરાબર છે. અત્યારે જે મળ્યું છે એ બધું મળી ગયું છે.

કૃપાળુદેવે લખ્યું એક જણને કે કહેવત અગંભીર છે, પણ પ્રયોજન ગંભીર હોવાથી

લખું છું. કે રાંડી રુએ, માંડી રુવે, પણ સાત ભવેરથારવાળી રુવે છે. જેનો ધણી મરી જાય ત્યારે રોવે કે અરેરે.. મારો આધાર વયો ગયો. હું શું કરીશ? પહેલાં ક્યાં બૈરા ભણતા નહોતા કાંઈ. ધણીને આધારે જ જીવતા હતા. માંડી એટલે કોઈએ ઘર માંડ્યું તો એ પણ રોવા મંડી કે અરેરે..! મારો ધણી સાવ નમાલો છે કાંઈ કમાતો નથી, મારે શું કરવું? તમારે હિન્દી મેં ક્યા બોલતે હૈં? નમાલા કો ક્યા બોલતા હૈ?

મુમુક્ષુ :- નિકમ્મા.

પૂજ્ય ભાઈશ્રી :- નિકમ્મા. એને કાંઈ કમાતા આવડતું નથી, ધમાતા આવડતું નથી, સાવ ... વગરનો છે, કરવું શું? ઈ રોવા માંડે. અરેરે..! પરણી પણ આવો ક્યાં મળ્યો? કહેવતમાં તો આવ્યું હતું કે સાત-સાત ધણી મિલા ફિર (ભી) રોતી હૈ. એટલે કે તને સાતે પ્રકારે, સર્વ પ્રકારે તારું આત્મકલ્યાણ કરવું હોય એવી પરિસ્થિતિ મળી તો કહે કે હવે મારો પુરુષાર્થ ઉપડતો નથી. અરેરે..! મારો પુરુષાર્થ ઉપડતો નથી. ક્ષુદ્ર સંયોગોમાં રોકાય છે. ક્ષુદ્ર ઉદય તો કન્ટીન્યુ છે બધાયને. આઠેય કર્મનો ઉદય કન્ટીન્યુ છે. સાધારણ ઉદય હોય તો એમાં રોકાઈ જાય. સાધારણ ઉદય...

મુમુક્ષુ :- ભાઈશ્રી! ક્ષુદ્ર એટલે શું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષુદ્ર એટલે કિંમત વગરનો તુચ્છ, તુચ્છ. ક્ષુદ્ર એટલે તુચ્છ. તુચ્છ ઉદયમાં રોકાય છે અહીંયાં. આમાં શું રોકાય છો? આપણે ન કહીએ? હવે સહેજ છોલાય ગયું, સહેજ ચામડી છોલાય એમાં શું? અરેરે..! અરેરે..! મને વાગ્યું, વાગ્યું. શું તને હવે થાય છે? એના જેવું એમ. તુચ્છ-સાધારણ છે. એમ ઉદય બધા અત્યારે સાધારણ છે. આપણા લોકોના જે ઉદય છે એ બધાં સામાન્ય ઉદય આવે. ક્યારેક થોડોક પુણ્યનો ઉદય હોય, ક્યારેક થોડો પાપનો ઉદય હોય. કાંઈ એમાં ગણતરી કરવા જેવા હોતા નથી. એમાં આખે-આખો ડૂબી જાય. તુચ્છ ઉદયમાં આખે-આખો રોકાઈ જાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! નહિ કમાતા હૈ તો ભી રોતી હૈ, અગર પતિ નહિ કમાતા હૈ તો ભી સ્ત્રી રોતી હૈ, ઔર જ્યાદા કમાતા હૈ, તો ભી રોતી હૈ કિ મેરી તરફ નહિ દેખતા હૈ, મેરે તરફ ધ્યાન નહિ દેતાં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઐસા હૈ કિ જો રોને કા દિન હૈ વહ રોએગી હી રોએગી.

મુમુક્ષુ :- રોનેકી હેબીટ પડ ગઈ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઔર ક્યા હૈ?

મુમુક્ષુ :- કલકત્તામાં આપે કીધેલું ને આટલા લોટ માટે થઈને સિદ્ધપદ વહેંચાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, રોટલી બે-ચાર ખાવા જોઈએ, એમાં લોટ કેટલો જોઈએ? અને લુવો કેટલો થાય? એટલા માટે આખા સિદ્ધપદને વેચી નાખવું? પોતાનું અંદરનું સિદ્ધપદ છે પ્રગટ કરેલું. મૂર્ખામી છે બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- સોભાગભાઈએ લખ્યું છે, જ્ઞાનના અનંત આનંદ આગળ ...

પૂજ્ય ભાઈશ્રી :- માગી ખાઈને ગુજરાન ચલાવશું પણ દીનતા નહિ લાવીએ. તો કૃપાળુદેવે કીધું કે તમારા આ વચનને અમારા નમસ્કાર છે. કેટલા ગુણ પ્રમોદવાળા છે! આ ગુણપ્રમોદનો દાખલો છે. એ ગુણપ્રમોદનું બહુ સારું ચાલ્યું. કૃપાળુદેવને ગુણપ્રમોદ બહુ હતો. બનતા સુધી એમાં જ છે, એક જ કેસેટમાં છે. વાત્સલ્ય અને ગુણ પ્રમોદ એક જ કેસેટમાં છે. તમને મોકલ્યું હતું. બહુ સારો ચાલ્યો હતો સ્વાધ્યાય. ગુણ પ્રમોદ થાય, બીજાના અલ્પ ગુણનો પણ જો પ્રમોદ કરવામાં આવે તો અહીંયાં અંદર આત્મગુણ પ્રગટવાનો અવકાશ થાય. એને અનુસંધાન એમ છે. અને એ અવકાશમાં જો એ પછી આગળ વધે તો એ અંતર્મુખ થઈ શકે. એટલે એમણે એક કડી નાખી, કે

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ.
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે જિનદર્શન અનુયોગ.

આ ત્રણ વાના ભેગા થાય—ગુણ પ્રમોદ થાય અને સદ્‌ગુરુ મળે, જિનદર્શન મળે. જૈનમાર્ગ મળે. જિનદર્શન એટલે જૈન અધ્યાત્મ. અંતર્મુખનો યોગ થઈ જશે. એટલે બીજાના દોષ તો દેખવા નહિ, કેમકે એ તો ગુણપ્રમોદને મારે છે. બીજાના દોષ દેખો તો તમારા ગુણપ્રમોદનો જે પ્રકાર છે ઈ હણાય જાય. એટલે અતિશય ગુણપ્રમોદ રહેવો જોઈએ. અલ્પ પણ થોડો ગુણ જોઈને પ્રમોદ આવવો જોઈએ. સોભાગભાઈને નબળી આર્થિક સ્થિતિમાં એવો વિચાર આવ્યો, માગી ખાઈને ગુજરાન ચલાવશું પણ દીનતા નહિ લાવવા દઈએ. માગે એટલે દીનતામાં માગવાની વાત નથી. ઉછીનું લઈ લે થોડોક ટાઈમ માટે. પછી આપી દેવાની વૃત્તિ.

મુમુક્ષુ :- ત્યારપછી એમ વાક્ય છે કે માગી ખાઈને ગુજરાન ચલાવશું પણ જ્ઞાનના અનંતા અનંત આગળ ખેદ નહિ પામીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખેદ નહિ પામીએ. બરાબર છે. જ્ઞાની હોય, માગવાનો વારો આવે. માગવાનો વારો એટલે? થોડો ટાઈમ.

મુમુક્ષુ :- બનારસીદાસ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બનારસીદાસ ખાતા જ હતા ને ભજીયા ખાતા હતા. છ મહિના ભજીયા ખાધા. એનો એક મિત્ર હતો સંસારી. એને ભજીયાની દુકાન

હતી. હવે આમની નબળી પરિસ્થિતિ. એ તો ઓલા પાઘડી વેચતા ને? પાઘડી વેચતાં. બનારસી પાઘડી. એને પહેલેથી જ પરિગ્રહ નહોતો કરવો એટલે આઠ પાઘડી વેચે. દુકાન બંધ કરી દે. એક પાઘડીએ બે આનાનો નફો લે. આઠ પાઘડી વેચે એટલે એક રૂપિયાનો નફો થાય. એક રૂપિયો રળે એટલે દુકાન બંધ કરીને રવાના. મસ્તરામ હતા.

મુમુક્ષુ :- સવારના વેચાય જાય તો સવારના બંધ.

પૂજ્ય ભાઈશ્રી :- સવારના વેચાય જાય દુકાન ઉઘાડી હોય તો. કેટલાક જાણી જોઈને આવે. તો કહે નહિ, એમ નહિ કરવાનું તમારે. મારો ઉદય જે પ્રમાણે હોય એ પ્રમાણે. રવાના.

મુમુક્ષુ :- આપે કીધું હતું કે, પહેલી કલાકમાં આઠ વેચાય જાય, તો એમ નહિ કે કાલની વેંચી નાખી હોય તો, કાલનો આખો દિ' નિવૃત્તિ મળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ પણ નહિ. આજે દુકાન ખોલી અને એક અડધી કલાકમાં આઠ પાઘડી વેચાય ગઈ. તો કહે હવે કાલની આઠ વેંચી નાખીએ એટલે કાલે આખો દિવસ પછી દુકાન ન ઉઘાડવી. એમ નહિ. આજનું આજ કમાઈ લ્યો અને ખાઈ લ્યો. કાલ કોણે દીઠી છે?

મુમુક્ષુ :- કલ કે લિયે આજ કો નહીં બિગાડતે થે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કલકી નિવૃત્તિ કે લિયે, આજ કી નિવૃત્તિ નહિ બિગાડના.

મુમુક્ષુ :- સમયકી કિંમત.

પૂજ્ય ભાઈશ્રી :- એટલી સમયની કિંમત. પછી એ કાંઈ નહોતું હાલતું એવું. એટલે પછી છ મહિના ભજીયા ખાધાં એણે ઓલાના. આવે એટલે એને ખબર કે આ મસ્તરામ છે ભલે ને ખાય. મને ક્યાંથી આવો લાભ મળવાનો હતો. ઓલો હોંશથી ખવડાવે. અને છ મહિના ભજીયા ઉધાર ખાધા. પછી કાંઈક પૈસા-બૈસા આવી ગયા, કાંઈક કામ કર્યું એમાં, તો દેવા ગયા. લે ભાઈ તારા છ મહિનાના ભજીયા. તો કહે, હવે તારા પૈસા લેવાના હોય? તું તો ભાઈબંધ છો. એટલે એવી રીતે વૃત્તિ હોય. લઈ લેવાની વૃત્તિ ન હોય. પાછા દેવાની વૃત્તિ હોય જ તે. એ વખતે મનમાં રાખ્યું હોય. નહિતર ઓલો...

મુમુક્ષુ :- એ કન્ડીશને જ શરૂ કર્યું હોય કે મારી આગળ વ્યવસ્થા થશે એટલે તને આપી દઈશ.

પૂજ્ય ભાઈશ્રી :- કંડિશન ઓલો કદાચ ન પણ જાળવે. કહે નહિ... નહિ... તો-તો નથી મારે ખવડાવવા એમ કહે. એ વખતે ન કહે. પાછળથી રાખે. એમ.

માથાકૂટ ન થાય એટલે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સોગાની સાહેબે એમ કીધું ને હમકો પંગુ સમજકે દો રોટી ખીલા દો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ઘરવાળાને કહ્યું. ગુરુદેવને બહુ પ્રમોદ આવ્યો હતો. પંગુ એટલે હાથ-પગ વગરનો માણસ. એટલે કે હું હવે નકામો થઈ ગયો છું. મારી વૃત્તિ અને મારો ઉપયોગ ધંધામાં ચાલતો નથી. જાતા હતાં. કોઈવાર એક વાગે જાય, બે વાગે જાય. સવારના પરોઢિયાના ઊઠ્યા હોય, રાતના ધ્યાન ધરતા હોય એ એમ ને એમ લાગેલા જ રહે. એટલે ક્યારે જાય બજારમાં એનું ઠેકાણું નહિ. પછી ઘરે તો કચ-કચ કરે. ભાઈના મધર તો બહુ જ કચ-કચ કરતા હતા. બહુ ઝઘડા કરતા હતા. એ કહેતા હતા, પોતે જ કહેતા હતા. અમે તો પાર વગરના એને દુઃખી કર્યા છે અને પાર વગરના હેરાન કર્યા છે. બહુ જ ઝઘડા કર્યા છે. કહેતા હતા હોં! પસ્તાવો કરતાં કરતાં કહેતા હતાં. બહુ મેં ઝઘડા કર્યા છે. એટલે પછી આણે કોઈવાર કીધું હશે, કે ભાઈસાહેબ હવે હું પંગુ થઈ ગયો છું. એટલે મારા હાથ-પગ ભાંગી ગયા છે. મને બે રોટલી ખવડાવી દેજો ને બે ટાઈમ. દો ટાઈમ મુજે રોટી ખીલા દેના. મૈં તો પંગુ હો ગયા હૂં. ગુરુદેવ કાંઈ પ્રમોદ કરતાં! જુઓ આનો ગૃહસ્થીમાં વૈરાગ્ય એમ કહે. વૈરાગ્યની બહુ પ્રશંસા કરતાં.

મુમુક્ષુ :- ઉનકા ઉપયોગ હી નહીં ચલતા થા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે. ટાઈમ થયો.

પ્રશ્ન-૭૫

પ્રશ્ન :- ઊંડા સંસ્કાર કોને કહીએ?

સમાધાન :- એક જ્ઞાયક જ મારે જોઇએ છે, બીજું કાંઇ મારે જોઇતું નથી એવી તીવ્ર ભાવના રહ્યા કરતી હોય તે ઊંડા સંસ્કાર છે. આનંદનું ધામ, એવો એક જ્ઞાયક આત્મા જ જોઇએ છે, વિકલ્પ આદિ કાંઈ જોઇતું નથી. એવી ઊંડી રુચિ જો અંતરમાં હોય, એટલે કે જ્ઞાયક વગર ચેન ન પડતું હોય તો ગમે ત્યાં સંસ્કાર સ્ફુર્યા વગર રહેતા નથી. એવા જીવને બહારનાં સાધનો મળી આવે છે, અને તેનો પુરુષાર્થ પોતાથી જાગી ઊઠે છે. ૭૫.

તા. ૪-૧૨-૧૯૯૬, પ્રશ્ન- ૭૫ થી ૭૭
પ્રવચન નં. ૪૬

૬૬મું પાનું છે. પ્રશ્ન-૭૫મો. '**પ્રશ્ન :- ઊંડા સંસ્કાર કોને કહીએ?**' કાલે વાત આવીને? કે કાં ઊંડા સંસ્કાર હોય અને કાં તીવ્ર ભાવના હોય તો બીજા ભવમાં અવકાશ રહે છે. દેહ છૂટી ગયો હોય, તો બીજો દેહ મળે ત્યારે પણ જાગૃતિ આવે. ભાવનાનું હજી બળ એટલું નથી હોતું, સંસ્કારનું બળ ઘણું છે. કારણ કે એ તો ઘણી ભાવના અને ઘણી રુચિ પછી પ્રગટ થાય છે સંસ્કાર તો. એટલે સંસ્કારનો પ્રશ્ન લીધો કે ઊંડા સંસ્કાર કોને કહેવા?

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઊંડા સંસ્કારમાં એક તો ઉત્તમ મુમુક્ષુ હોય, એક ભાવભાસન થયું હોય. ઉત્તમ મુમુક્ષુ અને ભાવભાસન થયું હોય. તો કોને લેવા?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસનવાળાને સંસ્કાર ગણાય. બાકી હજી ઉત્તમ મુમુક્ષુતામાં હજી સંસ્કાર નથી પડતા. ઉત્તમ મુમુક્ષુમાં એમ સમજો કે સત્પુરુષની ઓળખાણ થઈ હોય. સંસ્કાર નથી પડ્યા હજી. સંસ્કાર ભાવભાસનમાં પડે. એમ છે. પણ ઓળખાણ થઈ હોય તો સંસ્કાર પડવાની યોગ્યતા આવી ગઈ. પડ્યા નથી, પડવાની યોગ્યતા આવી ગઈ એટલે પડશે ખરા, પડ્યાં વિના નહિ રહે. પણ પડ્યાં અને

નથી પડ્યા એમાં ફેર છે, એટલો ફેર છે. એમ. એ વાત કૃપાળુદેવે તો વજનથી લીધી છે. કે એકવાર સત્પુરુષની ઓળખાણ થાય એ નિર્વાણપદનો અધિકારી છે. એટલે પહેલું સમકિત થયું, બીજા સમકિતને યોગ્ય થયો. ભાવભાસનમાં તો બીજું થઈ ગયું. એ ત્રીજાને યોગ્ય થયો.

'સમાધાન :- એક જ્ઞાયક જ મારે જોઈએ છે, બીજું કાંઈ મારે જોઈતું નથી એવી તીવ્ર ભાવના રહ્યા કરતી હોય તે ઊંડા સંસ્કાર છે.' સંસ્કારને પણ અહીંયાં જોડ્યું જોયું! કેમકે સ્વરૂપના સંસ્કાર છે ને? તો એ સ્વરૂપને માંગે છે, સ્વરૂપના સંસ્કાર સ્વરૂપને માંગે છે. સંસ્કાર છે, આ તો સવળા સંસ્કાર છે, અવળા સંસ્કારમાં પણ એવું જ છે. જેમકે અવળા સંસ્કારથી કોઈ જીવ સર્પ થાય છે. તો એ ક્રોધના સંસ્કારથી એ સર્પ થયો છે. અમથો-અમથો કો'કને કરડશે. સાપ કરડે એટલે એને કાંઈ ખોરાક ન મળે. એ ખાવા માટે કાંઈ કરડતો નથી કે એમાંથી થોડુંક લોહી કે માંસ મળી જાય છે એમ નથી. ખાલી એને ગુસ્સો આવે એટલે ગુસ્સાનો વળ ઉતારવાને બે દાઢ બેસાડી દે. ત્યારે એને ગુસ્સાનો વળ ઉતરે. એ પ્રકૃતિ છે એની ગુસ્સાની. એ પ્રકૃતિનો અંદરમાં ઉદયમાં આવે અને સામે કોઈ પણ હોય એને સીધો ફડાક કરતો ડંખશે. ડંખશે એટલે ક્રોધમાં ને ક્રોધમાં મોઢું બિડીને ભાગે. પાછી એને ખબર છે કે હું કોઈને કરડીશ એટલે મને મારશે. એટલે એવો ભાગવા માંડે કે વાત મૂકી દ્યો. ઘોડો પાછળ રહી જાય. સાપની ઝડપ એવી (કે) ઘોડો પાછળ રહે દોડમાં. એ ખાલી દાઢ બીડે ત્યારે એની દાઢ પોલી હોય છે. એની કોથળી ગળામાં કોથળી ઝેરની હોય એમાંથી ઝેર ઈન્જેક્ટ થઈ જાય સામાને. બીજું કાઈ નહિ. એના લોહી સાથે આ ઝેર ભળી જાય. હવે એને ખાલી ગુસ્સો ઉતારવો છે અને ઓલાનો પ્રાણ જાય છે. આટલું બધું નુકસાન સામાને થાય. ઊંધા સંસ્કાર પણ એને એમ કરાવી દે.

મુમુક્ષુ :- સમજ મેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- સર્પ હોતા હૈ ન? ઉસકો ક્રોધ કી પ્રકૃતિ હૈ. તો જબ ઉસકો અંદર મેં ઉદય આતા હૈ પ્રકૃતિ કા, કોઈ ભી જીવ સામને હોતા હૈ, જાન-પહચાનવાલા તો કોઈ હોતા નહીં, ઉસકો વહ કાટતા હૈ. કાટતા હૈ તો ઉસકા મુંહ મેં કુછ આતા નહીં, કોઈ ખુરાક નહીં મિલતા ઉસકો. લેકિન ઉસકા ક્રોધ તભી ખતમ હોતા હૈ જબ વો કાટ લેતા હૈ તો. ઉસકા ક્રોધ પૂરા હોતા હૈ. ઔર વહ ક્રોધ કે ઉદય કો સહન નહીં કર સકતા ઈસલિયે કાટ લેતા હૈ.

મુમુક્ષુ :- ક્રોધ કે કારણ સે હી તો સર્પ કી ગતિ મેં જાના પડતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ક્રોધ કે કારણ સે સર્પ કી ગતિ મેં ગયા.

મુમુક્ષુ :- ઉસકી પ્રકૃતિ ઐસી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ઔર ક્રોધ ચાલુ રખા હૈ તો ઔર અધોગતિ મેં જાયેગા. અભી તો સંજ્ઞી પંચેન્દ્રિય હૈ. ફિર દુર્ગતિ મેં ચલા જાયેગા. તો વહ ઊલ્ટા સંસ્કાર ભી ઐસા કામ કર લેતા હૈ. તો જો તીવ્ર ભાવના કે વશ ઊંડા સંસ્કાર ગયા, ભાવભાસન હુઆ, વહ તો કામ કરેગા હી કરેગા.

જેને સંસ્કાર હોય છે એને શું ભાવો આવે છે? કે મારે મારો આત્મા જોઈએ છે, હવે મારે કાંઈ બીજું જોઈતું નથી. જેવી એને આ લાઈન અનુસંધાન થાય છે... અનુસંધાનમાં તો શું થાય છે સંસ્કારમાં? કે એક સમજણ થાય છે યથાર્થ કે અનંત સંસારના સર્વ દુઃખો છૂટવાનું કારણ આત્મજ્ઞાન છે અને અનંત-અનંત સુખનું કારણ પણ આત્મજ્ઞાન છે. એનું વેલ્યુએશન—મૂલ્યાંકન બરાબર યથાર્થ થાય છે.

જીવનો એવો સ્વભાવ છે કે જેટલો લાભ એને દેખાય એટલા પ્રમાણમાં એને એ કાર્યનો ઉત્સાહ ચડ્યા વિના રહે નહિ. ઘણા મુમુક્ષુ આ પ્રશ્ન પૂછે છે કે આ બધું સમજાય છે, પણ ઉદયમાં તો પાછું એનું એ અમારે રહે છે, કાંઈ ફેર પડતો નથી. પછી નવરા પડીએ ત્યારે વિચાર આવે કે, આપણે તો કાંઈ કામ જ કરતાં નથી. આ બધું સાંભળ્યું પણ, બધું સમજાણું પણ શું કામનું? ઉદય આવે ત્યારે આપણે એમને એમ વર્તીએ છીએ. એ સમજાણું એનું મૂલ્યાંકન નથી આવ્યું. સમજવું એક વાત છે અને મૂલ્યાંકન થવું ઈ બીજી વાત છે. એની કિંમત અંકાઈ તો જીવનો એવો સ્વભાવ છે (કે) ધોડ્યા વગર રહે નહિ. મોટો નફો દેખાય અને ધોડે નહિ એમ કેમ બને? અને નથી દોડ્યો અત્યાર સુધીમાં? અને હજી નથી દોડતો? મોટો લાભ ભાળે છે ત્યારે દોડે છે કે નથી દોડતો? ખાધા વિના, પીધા વિના, ઊંઘ્યા વિના, થાક જોયા વિના, માંદગી જોયા વિના ધોડે છે કે નથી ધોડતો?

અમારે આમાં એક જણા આવ્યા હતા. ૭૨ વર્ષની ઉંમર હતી. ઝાઝા વખતે જોયા. બહુ ઢીલાં દેખાવ છો. તો કહે હવે ૭૨ થયાને. મને એમકે મારા જેટલી ઉંમર હશે, બે-ત્રણ વર્ષ મોટા હશે, ૬૫ જેવું હશે. મને ૭૨ થઈ ગયા કહે. કામ હજી એટલું જ કરું છું હોં! કામ બધું કરું છું. કેમ? કે કામ કરતાં-કરતાં પૈસા મળ્યા એનો રસ છે. અત્યારે બે પૈસા સારા છે. એ શું કરવા મળ્યા? કે મેં આટલું ધ્યાન આપ્યું, આટલી બુદ્ધિ ચલાવી, આટલી મારી કાર્યક્ષમતા, આટલી હું ડ્યુટી પરફોર્મ કરું છું ત્યારે આ બધું મળે છે મને. મારી કાર્યકુશળતાને લઈને આ બધું આવ્યું. હજી હું બરાબર કરું છું. કામ હજી બધા બરાબર કરું છું. એ રસ ચડ્યા વગર રહે જ નહિ. એની કિંમત આવી ચીજની સામે કે શું મળ્યું? એટલે રસ ચડ્યા

વગર રહે નહિ. મોટા ભાગના ધંધાવાળા રાત્રે બાર-એક વાગ્યા પહેલાં સૂતા નથી. રાત્રે તો હજી નવ વાગે-દસ વાગે આવે. જમે કરે ત્યાં અગિયાર વાગે. પછી બીજું કાંઈક આમ-તેમ હિસાબ-કિતાબ, ફલાણું-ઢીંકણું કરે ત્યાં બાર-એક વાગે. કાંઈ એને થાક લાગતો નથી, કાંઈ એને થતું નથી. કેમ? લાભ દેખાય છે.

મુમુક્ષુ :- રાત મેં ટેલિફોન આયે તો ભી જાગતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. અમે ટેલિફોન બાજુમાં રાખીને સૂતા હતા. ધંધાનું વોલ્યુમ મોટું હતું. પલંગની બાજુમાં ટીપાઈ ઉપર ટેલીફોન અને બોલપેન ને કાગળ, કંઈક લખવું પડે. તો અડધી રાત્રે ફોન આવે એ ટપકાવી લઈએ. પણ બીજી મિનિટે સૂઈ ગયા હોય. ચાલે નહિ. ફોન આવે રાત્રે. કેમકે પહેલા તો લોકો શું માગે નંબર ત્યારે મળે. ત્યારે એસ.ટી.ડી. ન્હોતા ને? ગમે ત્યારે લાગે. ઑપરેટર આપે ત્યારે વાત કરવી પડે સામાને કે આપણે પણ.

મુમુક્ષુ :- ભૂખ-પ્યાસ, બિમારી સબ ભૂલ જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- બધું ભૂલી જાય. તો આટલો મોટો લાભ દેખાય. સાદિઅનંત કાળનું સમાધિ સુખ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતપુરુષાર્થ. ત્યારે કહે ટચ જ થતું નથી. સમજાય છે અને દેખાતું નથી એનું કારણ દર્શનમોહ છે. સમજાય છે અને દેખાતું નથી એનું કારણ દર્શનમોહ છે. એ બહુ લખે છે દિપચંદજી. દર્શનગુણ છે એ બહુ મોટું કામ કરે છે. દર્શનગુણ દેખતો ન હોત તો જ્ઞાન જાણત શું એમ કહે છે. દેખાય તો જુદી વાત થઈ જાય. એટલે જેને સંસ્કાર હોય એને આ રહ્યા કરે છે, એને મૂલ્યાંકન આવે છે. મૂલ્યાંકન આવે એટલે પુરુષાર્થનો કંપો ઊપડે એનો. એ પછી ક્યાંય થોભે, થંભે એ નહિ બને.

'આનંદનું ધામ, એવો એક જ્ઞાયક આત્મા જ જોઈએ છે, વિકલ્પ આદિ જોઈતું નથી.' આનંદનું ધામ એવો એક આત્મા જ જોઈએ છે અને વિકલ્પ આદિ કાંઈ જોઈતું નથી. મારે આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. સંતોષ પામે નહિ. ક્ષયોપશમજ્ઞાનમાં પણ સંતોષ પામે નહિ, કષાયની મંદતામાંય સંતોષ પામે નહિ. **'એવી ઊંડી રુચિ જો અંતરમાં હોય, એટલે કે જ્ઞાયક વગર ચેન ન પડતું હોય તો ગમે ત્યાં સંસ્કાર સ્ફુર્યા વગર રહેતા નથી.'** એ સંસ્કાર જાગી જાય છે એને. **'એવા જીવને બહારનાં સાધનો મળી આવે છે,...'** એને સત્પુરુષનો યોગ, બીજું, ત્રીજું બધું મળી જાય છે. સત્શાસ્ત્ર મળી જાય, સત્સંગ મળી જાય, બધું એને એની રુચિ પ્રમાણે મળી આવે છે. **'અને તેનો પુરુષાર્થ પોતાથી જાગી ઊઠે છે.'** સાધનોથી નહિ. પુરુષાર્થ તો પોતાથી જાગી જાય છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ જાગે એને માર્ગ ન મળે એવું બને જ નહિ. કુદરત બંધાયેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ આધીન જ છે. આત્મહિત તો ચોખ્ખું પુરુષાર્થ આધીન જ છે. પછી ક્યાં સવાલ છે? પુરુષાર્થ આધીન છે વસ્તુ તો.

રુચિને લઈને સંસ્કાર પડ્યા છે એ ફરીને આત્મરુચિ અને પુરુષાર્થ સાથે એનું અનુસંધાન થઈ જાય છે. ઊંધા સંસ્કાર કામ કરે તો સવળા તો કરે જ ને. એમાં ક્યાં પ્રશ્ન છે? આ તો બળવાન ચીજ છે. પ્રકૃતિ કરતા સ્વભાવનો વિષય છે એ તો વધારે બળવાન છે, પ્રકૃતિ કરતાં તો સ્વભાવ બળવાન જ છે.

એક દાખલો ગુરુદેવ આપતા. એમ કે પાણી ગમે એટલું ગરમ હોય એનો સ્વભાવ શીતળ છે. ઉકળતું પાણી હોય, ફદફદીયા મારતું પાણી હોય. અગ્નિ ઉપર નાખો એટલે અગ્નિને ઠારે. અગ્નિને વધારે નહિ, અગ્નિનો ગારો કરી નાખે. એ પાણીનો સ્વભાવ ઠંડો છે. પ્રકૃતિથી ગરમ થયું છે એ તો. સ્વભાવથી ગરમ નથી. ગમે એવું ગરમ હોય તો અગ્નિને ઠારે. એમ જીવનો સ્વભાવ છે એ શાંત છે. કષાય એનો સ્વભાવ નથી. સ્વભાવના બળ આગળ પ્રકૃતિનું બળ કાંઈ નથી. અને ગમે એવું ગરમ પાણી હોય તો ગામ બળે નહિ એનાથી. ગમે એવું ગરમ પાણી હોય તો તેનાથી ગામ ન બળે અને અગ્નિનો એક તિખારો હોય કે ચિનગારી હોય તો ગામને બાળે. એમ છે. એમ પ્રકૃતિ આત્માનો નાશ ન કરી શકે. દબાવે આત્માને. અને અનંતકાળથી દબાવ્યો છે એ વાત બરાબર છે, પણ એનો નાશ ન કરી શકે. સ્વભાવ જાગે તો પ્રકૃતિનો ક્ષય કરે, પ્રકૃતિનો નાશ કરી નાખે. એમ બળમાં ફેર છે.

મુમુક્ષુ :- જ્ઞાનત્વ ન છોડાવી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જ્ઞાનનું જ્ઞાનત્વ મટાડી ન શકે. ૭૫ થયો.

પ્રશ્ન-૭૬

પ્રશ્નન :- એવા સંસ્કાર લઈને જીવ બીજી ગતિમાં જાય તો નિમિત્તો મળે ખરાં?

સમાધાન :- નિમિત્તો મળી જાય. પોતાની ભાવના પ્રમાણે જગત તૈયાર જ હોય છે. ભાવના ઊંડી ન હોય તો વાત જુદી છે, પણ પોતાની ભાવના ઊંડી હોય તો નિમિત્તો તૈયાર હોય જ છે. ૭૬.

પ્રશ્ન ૭૬ ઉપર પ્રવચન

૭૬. '**પ્રશ્ન :- એવા સંસ્કાર લઈને જીવ બીજી ગતિમાં જાય તો નિમિત્તો મળે ખરાં?**' ઉપર તો કીધું કે બધા સાધન મળી આવે છે. તોય એણે પૂછ્યું. પ્રશ્ન તો ઉઠાવ્યા છે, સંકલનમાં પ્રશ્નો ઉઠાવ્યાં છે. પ્રશ્નમાં રસ પડે. પ્રશ્નોત્તરરૂપે હોય ને તો રસ પડે. જિજ્ઞાસા નો વિષય થયો ને?

'**સમાધાન :- નિમિત્તો મળી જાય.**' શું કીધું? નિમિત્તો મળી જાય. એ તો કુદરત બંધાયેલી છે એની સાથે. '**પોતાની ભાવના પ્રમાણે જગત તૈયાર જ હોય છે.**' મગ ભાવે તો મટકુ થાય છે મગનું. ચણા ભાવે તો ચણાનું ભૂંડડું થાય છો. જુદાં-જુદાં જીવના નામ છે. ઘઉં ભાવે તો ઘઉંનું ધનેડું થા છો. એને ધનેડું કહે. અને ચોખા ભાવે તો ચોખાની ઈયળ થાય સફેદ. રંગેય એનો એવો જ થાય ચોખા જેવો. ઈયળ પડે એમાં. ઘઉંમાં ધનેડા પડે, મગમાં મટકા પડે. જગત તૈયાર જ છે તારી ભાવના પ્રમાણે એમ કહે છે. જેવી તારી ભાવના એ પ્રમાણે જગત તૈયાર જ છે.

મુમુક્ષુ :- એનો મતલબ એમ કે ભાવના કર તો તું પરિભ્રમણની વેદનામાં આવી જઈશ. ભાવના કરતો જ નથી આત્મકલ્યાણની.

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ છે. ભાવના તીવ્ર થાય અને ભાવના પ્રમાણે ન મળે તો વેદના આવ્યા વગર રહે? કેવી રીતે રહે? ભાવના તીવ્ર છે અને મળે નહિ તો શું થાય? વેદના જ આવે ને. બીજું શું થાય? બીજું શું થાય? પણ વેદના આવતી નથી એ બતાવે છે કે ભાવના છે નહિ. ભાવનાની ઉણપ છે.

મુમુક્ષુ :- અમેય ભાઈશ્રી! પાંચ-પાંચ વર્ષ સત્સંગ કર્યો પણ ભાવના નહોતી એટલે કાંઈ ન થયું. અને અમને શું લાગે કે અમને તો ઘણી ભાવના છે અમે અમસ્તા બેસીએ છે કાંઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અને ધોડા-ધોડી આટલી બધી કરતા હોય તો ભાવના વગર કરતાં હશું? ઠેઠ પાવાપુરી સુધી ભાગીએ. ભગવાનનાં નિર્વાણદિન દિવાળીએ પાવાપુરી ધોડે. ઓલું છત્ર હલાવે એ જોવા માટે જાગે આખી રાત. એમ માને કે આહાહા..! આ જીવે કેટલું બધું કર્યું! કેટલી મહેનત કરી! ઠેઠ મુંબઈથી પાવાપુરી. પૂર્વ-પશ્ચિમ.

મુમુક્ષુ :- અને પછી બહારના પણ કહે ને કે ઓહોહો! આ લોકો તો જુઓ!

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ભાઈ આ તો, બહુ ભાઈ ધોડે છે. ઘણી ભાવનાવાળા લાગે છે. ત્યાં અહીંયાં પાવર ચડે. પોરો ખાઈ જાય. વખાણ કરે પાછા બીજા. ન વખાણ કરે તો કહેતો ફરે પાછો. અમે ગયા હતા હોં અમે ગયા હતા.

મુમુક્ષુ :- અમે દર વર્ષે જાઈએ છીએ એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- અમે દર વર્ષે જઈએ, અમે ચૂકીએ જ નહિ ને.

મુમુક્ષુ :- ત્યાં એક પ્રકારનું એવું થાય કે મારી ભાવના છે જ, વગર ભાવનાએ ક્યાં થાય છે આ બધું?

પૂજ્ય ભાઈશ્રી :- આટલું આટલું કરીએ છીએ, ભાવના વગર કાંઈ થોડું કરીએ છીએ? અહમ્ થાય. પર્યાયબુદ્ધિમાં અહમ્ થાય. જે કાંઈ કરે એનો અહમ્ થાય. દર્શનમોહ ઊભો છે ને? જે કાંઈ કરે એનો અહમ્ થાય.

મુમુક્ષુ :- ત્યાં થાય પાછું એવું કે જો કાંઈ આડું-અવળું થાય એટલે ક્રોધ તો એટલો જ ચડી ગયો હોય એ ઠેકાણે પણ.

મુમુક્ષુ :- પરિણામના કોઈ ઠેકાણાં ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ પરિણામના ઠેકાણાં હોય જ નહિ.

મુમુક્ષુ :- આડું-અવળું થયું કાંઈ...

પૂજ્ય ભાઈશ્રી :- ખલાસ. મગજ ઠેકાણે ન રહે..

મુમુક્ષુ :- ન રહે, રહેતો જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ઓલા જેવું છે. ઉપવાસ કરે એટલે ખાય નહિ. એમાં કોઈક જરાક બોલ્યો, ભાન નથી મને ઉપવાસ છે. તું મને ગુસ્સો આવે એવું બધું કરે છો? ઉપવાસ કર્યો એટલે જાણે ગુસ્સો કરવાનો અધિકાર મળ્યો. આવું બધું છે.

મુમુક્ષુ :- બહુ જ જોરદાર અણસમજ.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ હોય. આવું જ બધું જીવે કર્યું છે.

મુમુક્ષુ :- અમે તો એમાંથી બધા પસાર થયેલા છે. અમને તો પૂરો અનુભવ છે આ વાતનો. કાંઈ લેવા-દેવા વગર બાખડી પડતા. ઓલા ગાડીવાળા સાથે બાઘી પડતા, ઓલા સાથે બાઘી પડતા. બસ એ જ અકબંધ બધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ચાર આના વધારે માંગે. પતી ગયું. પરિણામ ક્યાં ગયા?

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિણામને કેમ પકડવા એ તો તમારી પાસેથી શીખ્યા. પરિણામ પકડવાની ખબર જ નહોતી આટલો સત્સંગ કરીએ બધું કરીએ, કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ લાઈન જુદી જ છે આખી.

મુમુક્ષુ :- એ ન પકડાય તો બધું ઝીરો.

પૂજ્ય ભાઈશ્રી :- એ લાઈન જુદી છે, લાઈન જુદી છે.

શું કહે છે? '**પોતાની ભાવના પ્રમાણે જગત તૈયાર જ હોય છે. ભાવના ઊંડી ન હોય તો વાત જુદી છે, પણ પોતાની ભાવના ઊંડી હોય તો નિમિત્તો તૈયાર હોય જ છે.**' એનું કારણ છે. હજી જગતમાં સત્પુરુષો રહેલાં છે, દેવ-ગુરુ-શાસ્ત્ર રહેલાં છે. પોતાની યોગ્યતા હોય તો નજર પડે. જો પોતાની યોગ્યતા ન હોય તો સંયોગ થાય તોય નજર ન પડે. આ સીધી વાત છે. નજર ક્યારે પડે? કે એટલી નિર્મળતા આવે દર્શનમોહ ઘટીને ત્યારે. એટલે પોતાને ભાવનાથી ગરજ થઈ હોય ત્યારે.

પ્રશ્ન-૭૭

પ્રશ્ન :- અમુક અપેક્ષાએ દ્રવ્યથી પર્યાયની ભિન્નતા બતાવે છે એટલે સમજવામાં મૂંઝવણ થાય છે!

સમાધાન :- અપેક્ષા સમજી લેવી, તેમાં કાંઇ મૂંઝવણ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી મૂકિતનો માર્ગ શરૂ થાય છે. ભેદજ્ઞાન થવાથી અર્થાત્ સ્વમાં એકત્વ અને પરથી વિભક્ત તેવી ચૈતન્ય પરિણતિની ધારા પ્રગટ કરવાથી મૂકિતનો માર્ગ પ્રગટ થાય છે. શુભાશુભ વિકલ્પ તે હું નથી, હું તેનાથી જુદો છું, હું તો ચૈતન્ય તત્વ છું, એક ક્ષણ પૂરતો હું નથી, હું શાશ્વત દ્રવ્ય છું-આવી દ્રવ્યદૃષ્ટિમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ પણ આવતા નથી. જ્ઞાન બધું જાણે છે અને દૃષ્ટિ દ્રવ્યને વિષય કરે છે ત્યારે પરિણતિ સ્વ તરફ ઢળે છે. વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ થાય- નિર્વિકલ્પ દશા થાય-તે મુકિતનો માર્ગ છે. તેમાં મૂંઝવણનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી.

આ કઇ અપેક્ષાએ કહે છે તે જ્ઞાનમાં સમજી, દૃષ્ટિને મુખ્ય કરી, પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી તે જ મુકિતનો માર્ગ છે. ૭૭.

પ્રશ્ન ૭૭ ઉપર પ્રવચન

૭૭મો પ્રશ્ન. '**પ્રશ્ન :- અમુક અપેક્ષાએ દ્રવ્યથી પર્યાયની ભિન્નતા બતાવે છે એટલે સમજવામાં મૂંઝવણ થાય છે!**' દ્રવ્ય અને પર્યાય ભિન્ન-ભિન્ન છે એવી વાત આવે છે એટલે સમજવામાં મૂંઝવણ થાય છે. દ્રવ્ય અને પર્યાય તો એક સત્તામાં છે. વળી આ ભિન્ન-ભિન્નપણું, સર્વથા ભિન્નપણું, એકદમ ભિન્નપણું, અત્યંત ભિન્નપણું, આ બધું આવે છે ને?

'**સમાધાન :- અપેક્ષા સમજી લેવી,...**' અપેક્ષા એટલે શું? મર્યાદા સમજી લેવી. એની કહેવાની મર્યાદા કેટલી છે? એટલું સમજી લેવું. અથવા વ્યૂ પોઈન્ટ શું છે એ સમજી લેવું. '**તેમાં કાંઈ મૂંઝવણ નથી.**' એમાં મૂંઝવણ શું? એમ કહે છે. કાંઈ મૂંઝવણ નથી. '**દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી મુકિતનો માર્ગ શરૂ થાય છે.**' દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે. એટલે દૃષ્ટિ પર્યાયને જોતી નથી, દ્રવ્યને જ જોવે છે. કેમકે એ એકને જ જોઈ શકે છે. કાં પર્યાયને જોવે અને કાં દ્રવ્યને જોવે. '**ભેદજ્ઞાન થવાથી અર્થાત્ સ્વમાં એકત્વ અને પરથી વિભક્ત...**' વિભક્ત એટલે ભિન્નત્વ. '**તેવી ચૈતન્ય પરિણતિની ધારા પ્રગટ કરવાથી મુકિતનો માર્ગ પ્રગટ થાય છે.**' મુક્તિનો માર્ગ પ્રગટ થવામાં જ્ઞાન અપેક્ષાએ ભેદજ્ઞાન અને દૃષ્ટિ અપેક્ષાએ દૃષ્ટિ. બેય સમકાળે પ્રગટ થાય છે અનુભવમાં. એટલે મોક્ષમાર્ગ શરૂ થાય છે. કહેવામાં બે રીતે કીધું પણ બેય સમકાળે હોય છે.

ભેદજ્ઞાન કેવું છે? કે '**શુભાશુભ વિકલ્પ તે હું નથી,...**' છે ખરાં શુભાશુભ વિકલ્પ, પણ તે હું નથી. વીતરાગ નથી કે છે જ નહિ એને શુભઅશુભ વિકલ્પ. છે પણ, એ હું નથી. '**હું તેનાથી જુદો છું, હું તો ચૈતન્ય તત્ત્વ છું, એક ક્ષણ પૂરતો હું નથી, હું શાશ્વત દ્રવ્ય છું...**' તત્ત્વથી બે જુદાં તત્ત્વ છે, શુભ-અશુભ વિકલ્પ અને ચૈતન્યતત્ત્વ આત્મા—બે જાત જુદી, બે તત્ત્વો જુદાં છે. એકમાં બીજાનો હંમેશા અભાવ છે. વળી વિકલ્પ છે, પર્યાય છે, ક્ષણિક છે, હું શાશ્વત દ્રવ્ય છું. '**આવી દ્રવ્યદૃષ્ટિમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ પણ આવતા નથી.**' દૃષ્ટિની અંદર ગુણભેદ કે પર્યાયભેદ નથી. દૃષ્ટિ ભેદને સ્વીકારતી નથી. ભેદને જોઈ શકતી પણ નથી. એટલે એ દૃષ્ટિમાં ભેદ આવતા નથી. જ્ઞાન ભલે ભેદને જાણે. દૃષ્ટિનું કામ નથી એ. એને પરિણમવામાં એ ગુણ જ નથી કે એને ભેદ દેખાય. બહારમાં પણ નથી દેખાતા અને અંદરમાં

પણ નથી દેખાતા. ઊંધી પડે તો પણ ન દેખાય અને સવળી પડે તોપણ ન દેખાય. એનું કામ જ એવું છે. **'આવી દ્રવ્યદૃષ્ટિમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ પણ આવતા નથી. જ્ઞાન બધું જાણે છે અને દૃષ્ટિ દ્રવ્યને વિષય કરે છે ત્યારે પરિણતિ...'** બધા ગુણોની પરિણતિ **'સ્વ તરફ ઢળે છે.'** ઢળી જાય છે બધાય ગુણ પછી. જ્ઞાન-દર્શન મુખ્ય છે, શ્રદ્ધા મુખ્ય છે. બે વળ્યા એટલે બધા વળી જવાના.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં પહેલાં જ્ઞાન વળ્યું એટલે દૃષ્ટિ વળી કે..?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કારણમાં જ્ઞાન છે. જ્ઞાન જ કારણ છે. જ્ઞાનં એકમ કારણં. જ્ઞાન જ કારણ છે. કહેવાય કોઈવાર શ્રદ્ધાની પ્રધાનતાથી, તો કોઈવાર કહેવાય જ્ઞાનની પ્રધાનતાથી. ખરેખર તો જ્ઞાન, મૂળમાં જ્ઞાન કારણ છે. એનું કારણ શું? કે મુમુક્ષુને દૃષ્ટિ હજી ઊંધી પડી છે. ઊંધી દૃષ્ટિ કારણ થાય? જ્ઞાનમાં વિવેક પ્રગટે છે. કેમકે જ્ઞાનમાં સ્વભાવ પ્રગટ છે. જ્ઞાનમાં સ્વભાવ પ્રગટ છે. જ્ઞાને પોતાનું જ્ઞાનત્વ સર્વથા છોડ્યું નથી. અજ્ઞાનત્વ થયું ત્યારે પણ સર્વથા છોડ્યું નથી. એમ છે. એટલે જ્ઞાન સાધન થાય છે. બીજા કોઈ ગુણ સાધન નથી થતાં કેમકે બધાયનું પરિણમન ઊલ્ટું છે. પુરુષાર્થ ઊંધો ચાલે, સુખની જગ્યાએ દુઃખ છે. એ પાંચ ગુણમાં એક જ્ઞાન જ સવળું છે. એ અંશે સવળું છે, અંશે અવળું છે. એ અંશે સવળું છે એ પડખે ચડે ત્યારે બધું સવળું થવા માંડે. અવળા પડખે ચડ્યો ત્યારે બધું અવળું ચાલે. આમ છે.

નુકસાનમાં પણ જ્ઞાન જ કારણ છે અને નફામાં પણ જ્ઞાન જ (કારણ છે). જેમ વેપારમાં વેપાર જ નુકસાન-નફાનુ સાધન છે. વેપાર કરતાં-કરતાં નુકસાન થાય, ને વેપાર કરતાં-કરતાં નફો થાય. નુકસાન થાય તો માણસ વેપાર નથી છોડતો. કેમકે સાધન તો એ જ છે. એમ જ્ઞાનનો વેપાર છે, ઊલ્ટો ચાલે તો નુકસાન કરે છે, સૂલટો ચાલે તો નફો કરે છે. વેપાર તો વેપાર છે.

મુમુક્ષુ :- જે જ્ઞાન પરિભ્રમણ કરાવતું હતું, એ જ જ્ઞાન....

પૂજ્ય ભાઈશ્રી :- લીધું ને કૃપાળુદેવે. જે મતિ શ્રુતજ્ઞાન ભવના હેતુરૂપ થતું હતું, તે જ મતિશ્રુત જ્ઞાન ભવનિવૃત્તિનું કારણ થવા લાગ્યું. દિશા બદલી, જ્ઞાને દિશા બદલી.

મુમુક્ષુ :- જાત્યાંતર શબ્દ વાપર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- જાત્યાંતર થઈને. તે જ જ્ઞાન જાત્યાંતર થઈને. મતિશ્રુત છે એ જાત્યાંતર થયું. છે મતિશ્રુત પણ જાત્યાંતર થઈ ગયું.

(એક વિદ્વાને) કહેલું એકવાર. જ્ઞાની-જ્ઞાનીનો શું આટલો બધો મહિમા કરે છે?

જ્ઞાની પાસે મતિશ્રુત છે અને અમારી પાસે મતિશ્રુત છે. અમારી પાસે મતિશ્રુત કાંઈ ઓછું નથી. ભાઈ! તારી જાત ફેર છે અને એની જાત ફેર છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઓલામાં કુ લાગેલું છે, આમાં સુ લાગેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ કુમતિ છે અને આ સુમતિ છે. એટલો બધો ફેર છે. અહમ્ ચડે ત્યારે એવું ચડે. જ્ઞાનીનો મહિમા થાય ને ગમે નહિ, મારો મહિમા કેમ થતો નથી? પાછો બીજાને એમ કહે, વ્યક્તિગત મહિમા કરવો નહિ. પણ જો એનો કરે... એનો કરે (એમ) નહિ, ઈ એ જ કામ કરતો હોય પાછો. એનું અને એના વાળાનું. કેમકે વ્યક્તિગત મહિમા થાય એ તો એનો મેઈન ધંધો હોય. પણ જો જ્ઞાનીનો મહિમા થાય તો કહે વ્યક્તિગત મહિમા નહિ કરો, વ્યક્તિ-પૂજા નહિ કરો. એવું છે.

મુમુક્ષુ :- ... જ્ઞાનીનું આત્માનું જ્ઞાન આ બાજુ વળેલું છે, ઓલા લોકોનું જ્ઞાન આ બાજુ વળેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'આવી દ્રવ્યદૃષ્ટિમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ પણ આવતા નથી. જ્ઞાન બધું જાણે છે અને દૃષ્ટિ દ્રવ્યને વિષય કરે છે ત્યારે પરિણતિ સ્વ તરફ ઢળે છે. વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ થાય-નિર્વિકલ્પ દશા થાય-તે મુક્તિનો માર્ગ છે.' ત્યાંથી શરૂઆત થઈ પહેલી-વહેલી. એ વખતે સમ્યગ્દર્શન પણ થયું અને સમ્યગ્જ્ઞાન પણ થયું, સ્વાનુભવ જ્ઞાન પણ થયું અને મુક્તિનો માર્ગ પણ ત્યારથી શરૂ થયો. મુક્તિના માર્ગને જુદી-જુદી રીતે કહેવાય છે, હોય છે બધું સાથે. દર્શન-જ્ઞાન બધું સાથે જ હોય છે. **'તેમાં મૂંઝવણનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.'** એમાં મૂંઝવણ શું થાય છે? એમ કહે છે. એમાં મૂંઝવણ શેની? પર્યાયને ભિન્ન કીધી એ તો મર્યાદિત રીતે ભિન્ન કીધી છે. દૃષ્ટિ અપેક્ષાએ. જ્ઞાન અપેક્ષાએ નથી કહેતા ક્યારેય. એટલું જાણે જ્ઞાન કે દ્રવ્ય અને પર્યાયમાં ભેદ શું છે? ઈ જ્ઞાનનું કામ છે ભેદ જાણવાનું. અને છતાં પણ એનું અભેદપણું છે એ જાણવાનું કામ પણ જ્ઞાનનું છે. એટલે જ્ઞાન ભેદાભેદ સ્વરૂપ બેયને જાણે છે. ભેદના સ્વરૂપને પણ જાણે છે અને અભેદના સ્વરૂપને જાણે છે. એમ જ્ઞાન બેયને જાણે છે. એમાં કાંઈ મુંઝાવા જેવું છે નહિ.

આમ નથી કહેતા? અમારે ધંધો ભેગો છે. સગા બે ભાઈયું છીએ. ધંધો ભેગો છે. તો કહે મુડી? તો કહે મુડી જુદી છે. સરખી મુડી છે? તો કહે ના મૂડી સરખી ન હોય. કેમકે કોકને ખર્ચ વધારે હોય, કોઈનો ખર્ચ કરવાની ટેવ વધારે હોય. સરખા ભાગ પાડ્યા હોય તો મુડી સરખી રહે એવું થોડું છે કાયમ માટે? કેમકે દરેકને આવક-

જાવકની પરિસ્થિતિ જુદી હોય છે. કોઈનો પરિવાર મોટો હોય, કોઈનો પરિવાર નાનો હોય. મોટા ભાગની વસ્તુ એક સરખી લાવતા હોય, ધંધો ભેગો હોય એટલે. ટીવી લાવો તો બે લાવો, ચૂલો લાવો તો બે લાવો, કપડા ખરીદો તો સરખા લ્યો, તો મુડી સરખી રહે કાંઈ? ઓલા પાંચ-સાત જણ ખાતા હોય અને આ બે જણ ખાતા હોય તો સાતવાળા બે જણ જેટલું રાંધે? મૂડી સરખી રહે એના માટે? એ તો ફેર પડવાનો જ છે. તો કે અમે ભેગા છીએ? કે હા. ધંધામાં ભેગા છીએ. જુદાં છીએ કહે હા મુડીમાં જુદાં છીએ.

મુમુક્ષુ :- રસોડા જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- રસોડા? તો કહે એ જુદાં છે. ભલે રસોડા જુદાં પણ અમારા મન જુદાં નથી એમ કહે. મન જુદાં હોય કે ન હોય પણ હવે જુદાં ઈ જુદાં. એના માટે કહેવત છે આપણે. આંગળીથી નખ વેગળા એટલા વેગળા. શરીરમાંથી એ અવયવ બહાર નીકળે છે. એને કાપો તો લોહી ન નીકળે. નખને કાપો તો લોહી ન નીકળે. શરીરનું અવયવ હોવાં છતાં એ જુદું ઈ જુદું એમ કહે છે.

મુમુક્ષુ :- જેના અન્ન જુદાં એના મન જુદાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કહે છે. મોટા ભાગે એવું બને એટલે. બાકી હોય કોઈ એવા અપવાદ પણ હોય, લાગણીવાળા હોય બહુ. તેમ દ્રવ્ય પર્યાય જુદાં તે જુદાં, ભેગા તો કહે ભેગા. ભેગા પણ છે અને જુદાં પણ છે. અપેક્ષા છે, બેયની મર્યાદા જુદી-જદી છે.

એનું કારણ શું છે? કે દ્રવ્યનો ધર્મ ત્રિકાળ રહેવાનો છે, પર્યાયનો ધર્મ સમયવર્તી છે. તો સાવ જો ભેગા થાય તો બેમાંથી એક તો રહી શકે નહિ, કાં પર્યાયે શાશ્વત થવું પડે અને કાં દ્રવ્યે ક્ષણિક થવું પડે. એમાં તો સામે સામું જ છે. એક ત્રિકાળ અને એક સમયવર્તી. સામે સામું છે. સર્વથા એક કેમ થઈ શકે? અને જો એક સત્તામાં ન હોય તો તો બે દ્રવ્ય થઈ ગયા. પર્યાય જુદું દ્રવ્ય થઈ ગઈ. જેમ જડ-ચેતન જુદાં થયા એવું થઈ જાય. એમ તો થાય નહિ કાંઈ. એટલે મર્યાદિત રીતે જુદાં છે. એમાં મુંઝાવા જેવું કાંઈ નથી.

મુંઝાય છે ક્યારે જીવ? આ જુદાં કહીને પણ આત્મકલ્યાણ કેવી રીતે કરાવે છે? અને ભેગા કહીને પણ આત્મકલ્યાણ કેવી રીતે કરાવે છે? એ જો આત્મ કલ્યાણનો વ્યૂ પોઈન્ટ એને બેયમાં સમજાય તો એને આ દ્રવ્ય, પર્યાયનું જુદાંપણું અને ભેગાપણું (સમજાય અને) કાંઈ મૂંઝવણ ન થાય. એક ચાવી, માસ્ટર કી એ છે. કારણ કે સમસ્ત જિનાગમના વચનો એક આત્મકલ્યાણના આશયથી કહેલા છે. એ જ આશયથી

એનું અવગાહન કરવામાં આવે તો સમસ્ત જિનાગમના વચનો યથાર્થ રીતે સમજાય અને પરિણમે અને ક્યાંય ગૂંચવણ ઊભી ન થાય. એનું નામ જ નયજ્ઞાન છે. બધાં વચનોને આત્મકલ્યાણમાં દોરી જાય એનું નામ નયજ્ઞાન છે. બસ, આટલી તો વાત છે. **'આ કઈ અપેક્ષાએ કહે છે...'**

મુમુક્ષુ :- એ જ સમ્યગ્જ્ઞાન છે, જે નય આત્મકલ્યાણમાં દોરી જાય એ જ સમ્યગ્જ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ સમ્યગ્જ્ઞાન છે.

'આ કઈ અપેક્ષાએ કહે છે તે જ્ઞાનમાં સમજી, દૃષ્ટિને મુખ્ય કરી, પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી તે જ મુક્તિનો માર્ગ છે.' કનક્લુઝન કર્યું છે. જ્ઞાનમાં સમજણ કરવી. દૃષ્ટિને ત્યાં લઈ જવી. પર્યાયમાં શુદ્ધિ થશે એ મુક્તિનો માર્ગ છે.

મુમુક્ષુ :- પ્રયોજન સાધ્યું..

પૂજ્ય ભાઈશ્રી :- બસ, આ મુક્તિનો માર્ગ છે... આ મુક્તિનો માર્ગ છે... ચાર વખત લીધું છે એક ઉત્તરમાં. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૭૮

પ્રશ્ન :- જુદાં જુદાં વિરોધાભાસી વચનો જોઈ અસમાધાન-મૂંઝવણ થાય છે.

સમાધાન :- અપેક્ષા સમજાતી નથી એટલે ક્યાં કઈ અપેક્ષા (છે અને કોને) મુખ્ય કરવી અને કઈ અપેક્ષા ગૌણ કરવી તે સમજાતું નથી, તેથી અપેક્ષામાં ને અપેક્ષામાં રોકાઈ જાય છે, પણ મુક્તિનો માર્ગ દ્રવ્યદૃષ્ટિથી થાય છે. મુક્તિના માર્ગે જવું હોય તો એમાં ને એમાં ગોથાં ખાવા કરતાં અપેક્ષા સમજી લેવી. આ અપેક્ષાએ ભિન્નતા કહી છે તે સમજીને સમાધાન કરવું. કોની મુખ્યતા ને કોની ગૌણતા કરવી અને શું આશય છે-તે એકાન્ત નહી પકડતાં, શું વસ્તુસ્વરૂપ છે તે સમજી લેવું.

ચૈતન્ય દ્રવ્ય સામાન્ય છે તેમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ દૃષ્ટિ સ્વીકારતી

નથી. જ્ઞાન બધું જાણે છે. દ્રવ્યમાં અનંત ગુણ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલું તત્ત્વ છે. તેને ઓળખી લેવું ને દૃષ્ટિ એક સામાન્ય ઉપર કરવી. વિકલ્પ તોડીને, શુભાશુભ વિકલ્પજાળથી જુદું નિર્વિકલ્પ તત્ત્વ છે તેને ઓળખીને સ્વાનુભૂતિના માર્ગે જવું. ૭૮.

તા. ૫-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૭૮
પ્રવચન નં. ૪૭

સ્વાનુભૂતિદર્શન પાનું-૬૭, પ્રશ્ન-૭૮મો. '**જુદાં જુદાં વિરોધાભાસી વચનો જોઈ અસમાધાન-મૂંઝવણ થાય છે.**' શાસ્ત્રના વચનો પરસ્પર વિરુદ્ધ જેવા દેખાય છે (એટલે) સમાધાન નથી થતું એટલે મૂંઝવણ થાય છે. આત્મકલ્યાણનો દૃષ્ટિકોણ સાધ્ય ન થયો હોય ત્યારે આવી સ્થિતિ જ્ઞાનમાર્ગે ચાલનારની, તત્ત્વનો અભ્યાસ કરનારની હોય છે. અને બહુભાગ મુમુક્ષુની એ સ્થિતિ છે. જિનાગમના સમસ્ત વચનો એક આત્મ કલ્યાણના આશયથી લખાયેલા છે. પછી એક પરમાણુની વાત કરી હોય કે ચૌદ બ્રહ્માંડની વાત કરી હોય, શુક્લધ્યાનની વાત કરી હોય કે ધ્યાનમાં નેત્રનો પલકારો કેવી રીતે થાય કે ન થાય એની વાત કરી હોય. એટલે સૂક્ષ્મ ક્રિયાથી માંડીને સૂક્ષ્મ પરિણામો સુધીની વાત કરી હોય. સૂક્ષ્મ પરમાણુથી માંડીને મહાસ્કંધની ચૌદ બ્રહ્માંડની વાત કરી હોય. મહાસ્કંધ કહેવાય છે એને. એથી મોટો સ્કંધ નથી પરમાણુનો. એ બધી વાતો એક આત્મકલ્યાણના આશયથી જિનાગમમાં પ્રકાશિત થયેલી છે. એ આશય ગ્રહણ કરીને, સાધ્ય કરીને જો અભ્યાસ કરવામાં આવે તો ક્યાંય અસમાધાન અને મૂંઝવણ થાય નહિ. પણ એ આશયથી રહિત થઈને, આશય ગ્રહણ કર્યા વિના સ્વાધ્યાય કરવા જાય એટલે મૂંઝવણ થયા વગર રહે નહિ. કેમકે પરસ્પર વિરુદ્ધ કથનો તો આવવાના. વિરુદ્ધ ધર્મો છે એટલે વિરુદ્ધ કથનો આવવાના.

એ તો આપણે સમાધાન આપી દીધું. હવે બહેનશ્રી શું સમાધાન આપે છે. આપણે અધ્યાત્મ દૃષ્ટિથી આ સમાધાન વિચાર્યું. એક જ પ્રશ્નના એક જ જ્ઞાની ભિન્ન ભિન્ન સમાધાન પણ આપે. ભિન્ન ભિન્ન જ્ઞાનીઓ તો ભિન્ન ભિન્ન સમાધાન આપે જ, પણ પોતે ને પોતે પણ ભિન્ન ભિન્ન સમાધાન આપે. પ્રશ્ન એક જ હોય, પૂછનાર

એક જ હોય તોપણ. કેમ? એમ કેમ થાય? કે સામાની યોગ્યતા તે વખતની, માનસિક સ્થિતિ તે વખતની એ જોઈને ઉત્તર આપે. ભિન્ન ભિન્ન ઉત્તર આપે તોપણ એ યોગ્ય જ છે.

ગુરુદેવ વ્યાખ્યાન કરે. બહુ સારું વ્યાખ્યાન આવે. બીજે દિવસે કોઈ વિનંતી કરે. સાહેબ ગઈકાલનું વ્યાખ્યાન બહુ સરસ હતું. કાલની વાત ફરીથી લ્યો. કાલની ગાથા અને કાલની લીટી ત્યારથી ફરીથી શરૂ કરો. એટલે વ્યાખ્યાન બીજું આવે. એના એ નિમિત્ત વચનો. આ શાસ્ત્ર વચનો એના એ નિમિત્ત વ્યાખ્યાનમાં. વાત બીજી આવે. અને પોતે એમ કહે કે જુઓ આ બીજું આવ્યું. કાલ નહોતું આ આવ્યું એ આવ્યું. એવું સહજ બનવા યોગ્ય છે અને એમ બને તો તે યથાર્થ જ બને છે. એમાં એવી કલ્પના કરવા યોગ્ય નથી કે કાલે આમ કીધું હતું અને આજે આમ કેમ બીજું કહે છે? કેમકે એક જ મુદ્દાને અનેક નયો લાગુ પડે છે, અનેક પડખાંઓથી સમ્યગ્જ્ઞાન કામ કરતું હોય છે, તેથી અનેક પડખાંઓથી ભિન્ન-ભિન્ન વાતો આવવાની સંભાવના પૂરેપૂરી છે. સાંભળનારને નવીન લાગે પણ સમજતા હોય એને એ વાતની નવિનતા, આશ્ચર્ય નથી લાગતું. કેમકે એવું સંભવ છે. એક જ પોઈન્ટને અનેક દૃષ્ટિકોણથી વિચારી શકાય છે અને જ્ઞાની વિચારતા હોય છે. વિચાર શું આવ્યો? બહેનશ્રી શું સમાધાન કરશે એ તો મને ખબર નથી. મેં તો વાચ્યું નથી. મેં તો આપી દીધું. અને ફેર તો દેખાવાનો. એમણે કીધું એ પહેલા આપણે જે વાત થઈ એમાં ફેર તો છે.

મુમુક્ષુ :- પછી અમે કહેશું કે આમ કેમ થયું?

પૂજ્ય ભાઈશ્રી :- કેમ જુદી જુદી વાત આવી? ભાઈ જુદી જુદી આવે અને બેય બરાબર છે, બેય વાત બરાબર છે.

મુમુક્ષુ :- આશય એક છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આશય નથી ફરતો.

'સમાધાન :- અપેક્ષા સમજાતી નથી એટલે ક્યાં કઈ અપેક્ષા (છે અને કોને) મુખ્ય કરવી અને કઈ અપેક્ષા ગૌણ કરવી તે સમજાતું નથી, તેથી અપેક્ષામાં ને અપેક્ષામાં રોકાઈ જાય છે,' આશયમાં જવાનો બદલે અપેક્ષામાં રોકાય છે. હવે એ આશયમાં જવાને બદલે એ શબ્દ અહીંયાં અધ્યાહાર છે. રોકાઈ જાય છે. શું છે? **'અપેક્ષા સમજાતી નથી...'** એટલે કહેવા ધારે છે, શું કહેવા ધારે છે? મોટિવ ઑફ ધ સ્ટેટમેન્ટ. આ કહેવા પાછળ હેતુ શું છે? એ સમજાતું નથી એટલે બે વાતમાં કઈ મુખ્ય કરવી અને કઈ ગૌણ રાખવી એ પણ નથી સમજાતું. એટલે ગૂંચવાઈ

છે અપેક્ષામાં કે, આમાં અપેક્ષા શું? આમાં અપેક્ષા શું? આની અપેક્ષા શું? આની અપેક્ષા શું? અને અપેક્ષા સમજાય એટલે સંતોષ માને, ઠીક લ્યો આપણને અપેક્ષા સમજાઈ ગઈ.

અગિયારમી ગાથા છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' વ્યવહાર અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ભૂતાર્થનો આશ્રય કરનાર નિયમથી સમ્યગ્દૃષ્ટિ હોય જ છે. ગુરુદેવ ત્યાં અપેક્ષા સમજાવે. કે જુઓ ભૂતાર્થ તત્ત્વ, ધ્રુવ તત્ત્વ, પરમપારિણામિક ભાવ છે એનો આશ્રય કરનાર સમ્યગ્દૃષ્ટિ નિયમથી હોય છે. અને આ નિશ્ચય છે, વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે. અપેક્ષા સમજાય જાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! થોડા સા હિન્દી મેં લેના.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૧મી ગાથા સમયસાર કી ઐસી હૈ કિ જો ભૂતાર્થ તત્ત્વ માને શુદ્ધાત્મા કા આશ્રય કરતા હૈ, વહ નિયમ સે સમ્યગ્દૃષ્ટિ હો જાતા હૈ. ઔર ભૂતાર્થ તત્ત્વ હૈ વહી નિશ્ચય સ્વરૂપ હૈ. ઈસલિયે વ્યવહાર અભૂતાર્થ હૈ. વ્યવહાર કા આશ્રય કરના નહીં ચાહિયે. ૧૧મી ગાથાની અપેક્ષા તો ચોખ્ખી છે (કે) અહીંયાં શું કહેવા માંગે છે? અપેક્ષા સમજાય ગઈ એટલે સંતોષ માન્યો. વાહ! હવે બારમી ગાથા આવી. વ્યવહાર, વ્યવહારના સ્થાનમાં ન્યાય સંગત છે. વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. સર્વથા અપ્રયોજનભૂત નથી. ઓલાપણે સઘળો વ્યવહાર ઉડાવ્યો ૧૧માં, ૧૨માં વ્યવહારને સ્થાપ્યો. બેય અપેક્ષા સમજી લઈને સંતોષ માન્યો. અંદર સમાધાન નહિ થાય. અપેક્ષા સમજી લેવાથી સમાધાન નહિ થાય. મુખ્ય ગૌણ શું કરવું? કે જેથી આત્મકલ્યાણ સધાય. આશય છે (એ) આશય તો આત્મકલ્યાણ સાધવાનો છે બંન્ને વાતમાં. હવે પોતે આત્મકલ્યાણ સધાય એ રીતે સમજે તો તો તો આશય સમજે, તો વાંધો ન આવે. નહિતર અપેક્ષામાં ને અપેક્ષામાં રોકાઈ જાય. અહીંયાં આ અપેક્ષા, અહીંયાં આ અપેક્ષા. ચાલો સમજાઈ ગયું. એ સમજાઈ ગયું એનાથી કાંઈ ડાળિયા થવાના નથી. ડાળિયા થવાના એટલે કલ્યાણ નથી થવાનું.

મુમુક્ષુ :- મારા આત્મકલ્યાણ માટે આ વાત હું ક્યા પ્રકારે લાગુ કરું?

પૂજ્ય ભાઈશ્રી :- કઈ પ્રકારે લાગુ કરું? બારમી ગાથા પણ મારે લાગુ કરવાની છે અને અગિયારમી ગાથા લાગુ કરવાની છે. એ બેયમાં આત્મકલ્યાણ જ સધાય છે. નહિતર તો એ વાત કહેવાનો પરિશ્રમ આચાર્યશ્રી કરત જ નહિ. આમ તો ૧૨મી ગાથાનો વિષય ગૌણ રાખવા લાયક છે, ૧૧મી ગાથાનો વિષય મુખ્ય કરવા લાયક છે. તોપણ કહેવાનો પરિશ્રમ એમણે જ્યારે લીધો છે, ત્યારે એની પાછળ આત્મ

કલ્યાણનો મોટિવ તો રહેલો જ છે. એ છોડીને વાત નથી. ઈ કઈ રીતે છે એ સમજાવું જોઈએ.

'તેથી અપેક્ષામાં ને અપેક્ષામાં રોકાઈ જાય છે, પણ મુક્તિનો માર્ગ દ્રવ્યદૃષ્ટિથી થાય છે.' મુમુક્ષુને પર્યાયદૃષ્ટિ છે એ છોડાવી અને દ્રવ્યદૃષ્ટિ કરાવતા મુક્તિનો માર્ગ એને પ્રાપ્ત થાય. એમાં બીજી વાત નથી. એ વાત ફરતી નથી કાંઈ, બદલાતી નથી એમ કહેવું છે. મુક્તિનો માર્ગ કહો કે આત્મકલ્યાણ કહો. એ આશય બદલાતો નથી, એ આશય ફરતો નથી. **'મુક્તિના માર્ગે જવું હોય તો એમાં ને એમાં ગોથાં ખાવા કરતાં અપેક્ષા સમજી લેવી.'** હવે અહીંયાં અપેક્ષા સમજી લેવી એટલે આશય ગ્રહણ કરી લેવો. એ બંન્નેમાં આત્મકલ્યાણનો આશય છે. એમાં ને એમાં અપેક્ષાઓમાં ગોથા નહિ ખાઈ, પણ અપેક્ષા સમજી લેવી એટલે આશય સમજી લેવો.

'આ અપેક્ષાએ ભિન્નતા કહી છે તે સમજીને સમાધાન કરવું. કોની મુખ્યતા ને કોની ગૌણતા કરવી અને શું આશય છે-તે એકાન્ત નહી પકડતાં, શું વસ્તુસ્વરૂપ છે તે સમજી લેવું.' એકાંત નહિ પકડવો. **'આ અપેક્ષાએ ભિન્નતા કહી છે તે સમજીને સમાધાન કરવું.'** ભિન્નતાની વાત આવે ત્યારે એની મર્યાદા કેટલી છે એ સમજીને સમાધાન કરવું. જેમકે પરમાણુ ભિન્ન છે, રાગ પણ ભિન્ન છે અને એક સમયની પર્યાય પણ ત્રિકાળીથી ભિન્ન છે. મર્યાદા સમજી લેવી અને સમાધાન કરવું અને ત્રણેયમાં આશય શું છે એ (ગ્રહણ કરવો). આત્મકલ્યાણનો આશય કેવી રીતે છે એ પણ સમજીને સમાધાન કરવું. **'કોની મુખ્યતા ને કોની ગૌણતા કરવી...'** એકાંત ન પકડવું, મુખ્ય-ગૌણ રાખવું. **'અને શું આશય છે...'** એ પણ પકડવો. શું વસ્તુ સ્વરૂપ છે, વસ્તુનું સ્વરૂપ શું છે એ પણ સમજી લેવું. છે હજી એક પેરેગ્રાફ છે એ વિષય ઉપર. હવે પોતે શાસ્ત્રની અંદરનો દૃષ્ટાંત આપે છે.

'ચૈતન્ય દ્રવ્ય સામાન્ય છે...' મૂળ સ્વરૂપ. **'તેમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ દૃષ્ટિ સ્વીકારતી નથી.'** તો ગુણભેદનો નિષેધ આવે ત્યારે દૃષ્ટિ અપેક્ષાએ આવે. જેમકે ૧૧મી ગાથામાં સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે એ દૃષ્ટિ અપેક્ષાએ છે. ૧૨મી ગાથામાં વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે એ જ્ઞાન અપેક્ષાએ છે. જ્ઞાન અને શ્રદ્ધા એકસાથે પરિણમે છે, જ્યારે બેયની વાત વારા ફરતી થાય છે, કથન કાંઈ એક સાથે થતું નથી. એકનું કામ જે રીતે થાય છે તે રીતે કહેવાય છે. ત્યાં જ્ઞાનની અપેક્ષા લાગુ ન પડે. જ્ઞાનનું કામ જ્ઞાન જે રીતે કરે છે, એ જ વખતે ત્યાં દૃષ્ટિની અપેક્ષા લાગુ ન પડે. દૃષ્ટિ પણ આત્મકલ્યાણ સાધે છે અને જ્ઞાન પણ આત્મકલ્યાણ સાધે છે, પુરુષાર્થ પણ આત્મકલ્યાણ સાધે છે, ચારિત્ર પણ આત્મકલ્યાણ સાધે

છે. ચારેય મુખ્ય ગુણ છે એ આત્મકલ્યાણ જ સાધે છે. ચારેયના પ્રકાર પરિણમનના ભિન્ન ભિન્ન છે. તેથી ચારેની અપેક્ષાઓ જુદી જુદી આવે. એમાં મૂંઝાવા જેવું કાંઈ નથી.

એટલે તો આપણે એક પ્રકરણ લખ્યું છે—વિવિક્ષા છત્રીસી. છત્રીસ વિવિક્ષા લખી છે. તત્ત્વાનુશીલનમાં. એમાં પાંચ ગુણના પરિણમન લીધાં છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ અને સુખ. પાંચેય મુખ્ય ગુણ. પાંચેયની વાત પાંચ-પાંચ પ્રકારે આવે. એટલે પચ્ચીસ વિવિક્ષા એ થઈ. પછી દ્રવ્ય, ગુણ, અને પર્યાય. એ ત્રણેયની વાત ત્રણેય પ્રકારે આવે. એટલે ત્રણ તેરીને નવ અપેક્ષા એ ઊભી થાય. પચ્ચીસ ને નવ ચોંત્રીસ. પછી અનેક પ્રકારના ભેદોનાં કથન આવે અને અભેદતાથી પણ કથન આવે. ભેદ વિવિક્ષા શું અને અભેદ વિવિક્ષા શું? છત્રીસ અપેક્ષાના કથનો છે શાસ્ત્રમાં. એ છત્રીસનાં દૃષ્ટાંત સાથે ઈ આખો આર્ટીકલ છે. જો એ પદ્ધતિ સમજાઈ જાય કે આ બધી પદ્ધતિ છે કહેવાની છત્રીસ પ્રકારે, ક્યાંય તમને ગોથા, ગુંચવાવાનો પ્રકાર ન રહે. અને છતાંય આશય શું છે? એ સમજવો બાકી રહે છે. એ વાત ત્યાં નથી કરી પાછી. ખાલી અપેક્ષા પૂરતી જ વાત કરી છે. આશય પકડીને એ છત્રીસે છત્રીસ વાત પ્રકારમાં આવે તો બધું સવળું જ ઉતરે, એકેય વાત અવળી ઉતરે નહિ. નહિતર કોઈ વાત અવળી પડે તો એ શાસ્ત્ર શસ્ત્ર થઈ જાય. વાત અવળી પડે સમજવામાં તો શાસ્ત્ર છે તે શસ્ત્ર થઈ જાય.

'ચૈતન્ય દ્રવ્ય સામાન્ય છે તેમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ દૃષ્ટિ સ્વીકારતી નથી.' અને એ જ વખતે જ્ઞાન એનો સ્વીકાર કરે છે. એક ગુણ સ્વીકારે નહિ અને એક ગુણ સ્વીકાર કરે. હવે બે વિરુદ્ધ કાર્ય સાથે છે. બે ગુણ એકસાથે કામ કરે છે, વારાફરતી નથી પરિણમતા. અને છતાં અંદર એ લોકોને વાંધો નથી એકબીજાને. શ્રદ્ધા જ્ઞાનને પરસ્પર વાંધો નથી. કેમકે દૃષ્ટિમાં મુખ્ય-ગૌણ કરવાનો પ્રકાર નથી. એક જ્ઞાન ગુણમાં જ મુખ્ય-ગૌણ કરવાનો પ્રકાર છે. એટલે જ્ઞાન, ગુણભેદ, પર્યાય ભેદને જાણીને ગૌણ રાખે છે અને દૃષ્ટિ જેને અવલંબે છે એને મુખ્ય કરીને જ્ઞાન અવલંબે છે. એટલે જ્ઞાન પણ શ્રદ્ધાને અનુસરીને મુખ્યપણે કામ કરે છે. તેથી બે વચ્ચે વાંધો કે વિરોધ પડતો નથી. નહિતર તો વાંધો પડે એકબીજાને કે તું સ્વીકાર નહિ ને, હું સ્વીકારું. તો દૃષ્ટિ એમ કહે કે હું સ્વીકારતી નથી અને તું શું કરવા સ્વીકારે છે? તો જ્ઞાન કહે કે હું સ્વીકારું છું તું શું કરવા એને ના પાડે છો? વાંધો પડે એકબીજાને. વાંધો પડતો નથી. કેમ કે આત્મકલ્યાણ તો સ્વરૂપનાં અવલંબને જ સધાય છે. એટલે એમાં તો બેય સાથે રહે છે. બીજી વાતમાં જુદાં પડે છે, તો દૃષ્ટિ કહે મારે ક્યાં જોવું છે? એ તું જાણ અને તારું કામ જાણે. એ મારે

જોવાનું જ નથી, એને તું ગૌણ રાખે છો તો એ યથાર્થ છે. જ્ઞાનને એમ કહે છે કે તું એને જાણ્યા પછી ગૌણ કરે છો એ યથાર્થ છે અને જાણવું એ તારો ધર્મ છે. ગૌણ કરવું એ સાધના છે. તું બેય કરે છો. મારે તો એકલી સાધના સિવાય બીજો કાંઈ ધંધો નથી. મારે તો સારું છે કે બીજી લપ નથી જાણવાની એને. એટલે દષ્ટિ તો ધોકો અને ધડકી લઈને મંડી પડે છે.

મુમુક્ષુ :- ધડકી એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ કહેવાય. વાત-ફાત. એવી રીતે ફાત એટલે શું? કાંઇ નહિ. આત્મા-ફાતમા. ફાતમા શું? કાંઈ નહિ. એવી રીતે બોલવાની પદ્ધતિ છે. પાછળ પડી જવું. એને ધોકો અને ધડકી લઈને પાછળ પડી જાય છે. ધડકી એટલે મારવાની ક્રિયા હશે, બીજું શું હશે? એવું કાંઇ હશે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુ હોય એક દષ્ટિની અપેક્ષાથી જ પોતાના કામમાં લાગી જાય. એક બીજો મુમુક્ષુ છે એ જ્ઞાનની અપેક્ષાથી જ પોતાના કામમાં લાગી જાય. બાકી ચુપ રહે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કોઈ એક ગુણથી કામ થાતું નથી. ત્રણેય ગુણો એકસાથે, અનંતા ગુણો એકસાથે પરિણમે છે એટલે ત્રણેય એકસાથે પરિણમે છે. પછી એક ગુણથી કામ થાય કેવી રીતે? બીજા ગુણ પરિણમતા ન હોય તો એમ કહેવાય કે ભાઈ, એકલી શ્રદ્ધાથી કામ કરે છે. સાયમલટેનિયસ્લી બધાં જ ગુણો પરિણમે છે. એટલે કોઇ એક ગુણથી કોઈ કામ કરે છે એ વાત બરાબર નથી.

મુમુક્ષુ :- પણ મુખ્યતા શ્રદ્ધાની રાખે.

પૂજ્ય ભાઈશ્રી :- હવે, મુખ્યતા શ્રદ્ધાની રાખે તો મુમુક્ષુની ભૂમિકામાં શ્રદ્ધા વિપરીત હોવાથી ઊંધો ચાલ્યો જશે. મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાન એક જ વિવેક કરી શકે એવો એનો થોડો અંશ એની પાસે છે. એ તો અજ્ઞાન છે, મિથ્યાજ્ઞાન છે. પણ છતાં વિવેક કરે એવો થોડો અંશ છે જ્ઞાનમાં. એટલે અનુભવીઓએ એમ કહ્યું, જ્ઞાનં એકમ સાધનમ સાધનાદિ .. વિધોચિતઃ. સાધનની ચર્ચા કરવામાં આવે તો જ્ઞાન એક જ સાધન છે. ઊંડી ચર્ચા. સાધનની વિધિ, કાર્ય પદ્ધતિ એની જો ચર્ચા કરવામાં આવે (તો) જ્ઞાનં એકમ સાધનમ. એ અનુભવથી વાત કરી. બીજા ગુણ ઊંધા ચાલે છે એને સાધન કેવી રીતે બનાવે? કાંઈક સીધો ચાલે તો એનો ઉપયોગ થાય, અવળો ચાલે એનો ઉપયોગ શું થાય? બાકીના ગુણો તો અવળા ચાલે છે, એ કોઈ ગુણનો ઉપયોગ ન થાય. એમ છે.

મુમુક્ષુ :- અહીંયાં ભાઈશ્રી! આપે દ્રવ્યદષ્ટિપ્રકાશ નામ રાખ્યું. તો દ્રવ્યદષ્ટિપ્રકાશ

નામ કેમ રાખ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ એ હતું કે એમના વચનો જ્ઞાનદશામાં નીકળેલા અને તે પણ દ્રવ્યદૃષ્ટિના પરિણમનને દર્શાવતા વચનો નીકળેલા. દ્રવ્યદૃષ્ટિનો પ્રકાશ કેવો હોય એ આ વચનોની અંદર પ્રકાશિત થયો છે એમ કહેવાનો અહીંયાં અભિપ્રાય છે.

એટલે મિથ્યાત્વ અવસ્થામાં સમ્યક્ત્વ થવા માટે જ્ઞાન સાધન છે. પણ સમ્યક્ત્વ થયા પછી સમ્યક્જ્ઞાન સાધન નથી. પછી દૃષ્ટિના જોરે સાધક આગળ વધે છે. ત્યાં પાછો તબક્કો બદલાય છે. ત્યાં પડખું બદલાય છે. કેમ? કે શ્રદ્ધા પૂરી શક્તિથી સવળી પરિણમે છે. બીજા ગુણો અધૂરી શક્તિથી સવળા પરિણમે છે. જ્ઞાન પણ થોડુંક બહાર જાય છે, ઉપયોગ બહાર જાય છે. ચારિત્રમાં પણ રાગ થાય છે, પુરુષાર્થ પણ બીજાને સમજાવવામાં જાય છે. ઉદયના ભાવમાં પુરુષાર્થ જાય છે. તો બીજા મુખ્ય ગુણો છે... સુખમાં પણ થોડું સુખ છે, થોડું દુઃખ છે. પૂરેપૂરું સુખ નથી જ્ઞાનીને, અધૂરું સુખ છે. તો બીજા ગુણો અધૂરાં પડે છે એટલે એને એનું સાધનપણું ઓછું છે, જ્યારે શ્રદ્ધાનું સાધનપણું પૂરેપૂરું છે ત્યાં. કેમકે શ્રદ્ધા સો એ સો ટકા સવળી થાય છે. માટે શ્રદ્ધાનું બળ અનંતુ છે. બીજા ગુણોનું બળ અધૂરું છે. માટે શ્રદ્ધાનાં બળે સાધક આગળ વધે છે. જ્ઞાન ન ખુલે આગળ તો તુસ-માસ ભિન્ન જ રહે. શિવભૂતિની જેમ. શ્રદ્ધાથી ચારિત્રમાં વધી જાય. એ શ્રદ્ધાના બળે ચારિત્રમાં વધ્યો અને કેવળજ્ઞાન લીધું. એટલે ત્યાં પાછી લાઈન ફરે છે, જ્ઞાનદશા થયા પછી લાઈન ફરે છે.

મુમુક્ષુ :- આમાંથી મુમુક્ષુ અમુક-અમુક દ્રવ્યદૃષ્ટિપ્રકાશથી નિશ્ચયાભાસી થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગડબડ થયેલી છે.

મુમુક્ષુ :- ગડબડ એટલે નાઈન્ટી નાઈન પર્સેન્ટ.

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ કે આ ખબર નથી. મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાન સાધન છે અને શ્રદ્ધા પ્રગટ્યા પછી શ્રદ્ધાનની મુખ્યતા છે પરિણમનની, બીજા ગુણોની નહિ એ ખબર નથી આપણે ત્યાં. એ સ્પષ્ટતા નથી ચાલતી. એટલે પોતાને ઠીક પડે એમ સહુ લે. મનમાની કરે છે સૌ, પોતાની મનમાની કરે છે. એમાં તો બીજે રસ્તે ચડે.

કોઈ ગુરુદેવને પૂછવા ગયું કે સાહેબ! હું આમ લઉં છું તો બરાબર કે નહિ? દ્રવ્યદૃષ્ટિપ્રકાશ વાંચનારાઓમાં (એક મુમુક્ષુએ) સૌથી મુખ્યતા કરેલી ઘાટકોપરવાળા. ગુરુદેવ તો વઈ ગયા. એ તો ગુરુદેવની હયાતીમાં એકવાર ભૂલ ખાધી. ઈ તો માંડ-માંડ ઠેકાણે આવ્યું વળી થોડું આત્માર્થીપણું હતું એટલે, નહિતર તો પક્કડ બહુ હતી.

એકવાર તો ગુરુદેવને દલીલ આપી, અને ગુરુદેવની આંખ ફરી. એમ મને સમજાવવા આવ્યા છો? દલીલ આપીને ગુરુદેવને. ગુરુદેવે ૧૭-૧૮ ગાથાની દલીલ આપી. તો એણે દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાંથી દલીલ આપી કે સાહેબ! ૧૪૩માં સોગાનીજી આમ કહે છે. એમ! મને સમજાવવા આવ્યા છો? શું કીધું? જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે, શ્રદ્ધાનપૂર્વક જ્ઞાન નથી કીધું કે નહિ? આંખ ફેરવી નાખી ગુરુદેવે. આત્માર્થી હતા તો લાઈન ઉપર આવી ગયા. એમ વાત છે. પોતે સમજવા જવાને બદલે, સમજાવવા જાય એ કાંઈ રીત છે? દ્રવ્યદૃષ્ટિપ્રકાશનો જન્મ સોગાનીજીમાંથી થયો, સોગાનીજીનો જન્મ ગુરુદેવમાંથી થયો. તો એ દ્રવ્યદૃષ્ટિપ્રકાશના દાદા બેઠા છે. તમે બાપને પકડો છો, પણ ઓલો દાદો છે એનો. એટલે આંખ ફેરવી લીધી ગુરુદેવે. પછી કેટલી વાર સ્વાધ્યાયમાં એ વાત કીધી પ્રવચનોમાં. ઠેકાણે આવી ગયા. પણ પછી મૂળ અંદરથી અભિપ્રાય ફર્યો હોય કે ન ફર્યો હોય ભગવાન જાણે. એ એક વાત કરે બધાયને ચર્ચા કરે ત્યારે. ચર્ચા કરવા બધા એની પાસે બહુ જાય. કારણકે ગુરુદેવે વચમાં વખાણ કર્યા થોડાક. જુઓ! આ બધાં નાની-નાની ઉંમરના છોકરાઓ દ્રવ્યદૃષ્ટિપ્રકાશનો કેટલો એને રાગ છે! કેટલું બધું એમને મહત્વ આવ્યું છે! પણ મહત્ત્વ આવતા આવતા સ્વચ્છંદ થઈ ગયો એ તો બહાર આવે ત્યારે જ ખબર પડે. એટલે ગુરુદેવ જરાક વખાણ કરે એટલે બધાં ચોંટે. એની પાસે જાય. ઘાટકોપર જતાં મુંબઈથી બધાં મુમુક્ષુઓ એની પાસે ચર્ચા કરવા.

પછી બહેનશ્રી પાસે એક વખત ચર્ચા કરવા આવેલાં ત્યારે હું હતો. આપણે જ્ઞાનથી ન ઊપડીએ અને દૃષ્ટિના જોરેથી ઊપડીએ તો? કાંઈક ભેદજ્ઞાનની ચર્ચા ચાલતી હતી. ભેદજ્ઞાનમાં તો જ્ઞાનની પ્રધાનતા છે પ્રોસેસમાં. તો કહે પરથી ભિન્ન છું એમ ન લઈએ અને સ્વથી અભિન્ન છું, જે દૃષ્ટિનો વિષય છે સ્વથી અભિન્નતાનો એવું જ એકલું લઈએ તો શું? બહેનશ્રીએ ના પાડી. પરથી ભિન્ન વચ્ચે આવ્યા વિના રહે નહિ. કેમકે પરથી અભિન્નતા સાધી રહ્યો છે. પરથી ભિન્નપણું ભેદજ્ઞાનનું આવ્યા વિના રહે નહિ વચ્ચે, કેમકે તું પરથી અભિન્નતા કરી રહ્યો છો. ત્યાંથી છૂટવાની વાત લે નહિ અને એકદમ સ્વથી અભિન્નતા કરવાની વાત કર, ક્યાંથી થવાનું હતું? બહેનશ્રી તો બરાબર ઉત્તર આપતા હતા. એટલે અભિપ્રાય નહિ ફરેલો. એટલે પ્રશ્ન એ રીતે આવ્યો ફરીને ઘણાં વર્ષે. ગુરુદેવના નિધન પછી, સ્વર્ગવાસ પછીની વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ત્યાં ગોખેલું હોય એટલે એવું આવે. અનુભવથી જો કર્યું હોય તો એને ખબર પડે કે જ્ઞાનથી જ..

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પનાએ ચડે છે જીવ. અનુભવ પદ્ધિતએ જવાને બદલે

કલ્પનાએ ચડે છે. પોતાની કલ્પનાએ કલ્પે છે કે આમ હોય. આ માર્ગ કલ્પિત રીતે ચાલે એવો નથી. જિનમાર્ગ છે એ ઠોસ વાસ્તવિકતાનો માર્ગ છે. કેવો? નક્કર વાસ્તવિકતાનો માર્ગ છે. વાસ્તવિકતા ઉપર એ એનું પરિણમન છે. કલ્પનાએ પરિણમન ન થાય.

મુમુક્ષુ :- આજે વાત સારી કાઢી. મૂંઝવણ રહે નહિ એવી વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ વાત ચાલે છે.

શું કહે છે? '**જ્ઞાન બધું જાણે છે.**' જ્ઞાન બધું જાણે છે. '**દ્રવ્યમાં અનંત ગુણ છે,...**' જ્ઞાન જે જાણે છે, એમાં શું જાણે છે? કે દ્રવ્યમાં અનંત ગુણ છે. '**દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલું તત્ત્વ છે.**' દ્રવ્ય છે એ ગુણપર્યાયથી ભરેલું તત્વ છે. '**તેને ઓળખી લેવું ને દૃષ્ટિ એક સામાન્ય ઉપર કરવી.**' જ્ઞાનથી પહેલાં ઓળખવું અને પછી દૃષ્ટિને ત્યાં લઈ જવી. એમ છે. એમાં શું છે? કે પ્રથમ ઓળખાણના સ્ટેજમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું સાચું જ્ઞાન થાય છે. પર્યાયનો તો અનુભવ હતો. પર્યાયમાં તો એને સમજાણું કે મારામાં અનેક પ્રકારના દોષ, અજ્ઞાન વગેરે છે એ મારે મટાડવું જોઈએ. હવે જ્યારે એને નિર્ણય થયો પોતાના મૂળ સ્વરૂપનો, ત્યારે એને અનુસંધાન થયું કે મૂળ સ્વરૂપ આ અને પર્યાયની ગડબડ આ. એટલે આખા દ્રવ્ય, ગુણ, પર્યાયની ઓળખાણ થઈ ગઈ. જ્ઞાન ઓળખે. ઓળખ્યા પછી મૂળ સ્વરૂપમાં એકાગ્રતા કરે જ્ઞાન એ કાળે શ્રદ્ધા પલ્ટીને સમ્યક્ થઈ જાય. દૃષ્ટિ થઈ ગઈ એની એ વખતે.

મુમુક્ષુ :- આમાં સમયસારમાં ઓલી ગાથા આવે ને, પ્રજ્ઞાથી ગ્રહવો આત્માને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રજ્ઞાથી ગ્રહવો આત્માને. એટલે જ્ઞાન જ સાધન છે. પહેલાં જ્ઞાન જ સાધન છે. ભેદજ્ઞાનમાં પણ જ્ઞાનનો જ પ્રોસેસ છે. એ ભેદજ્ઞાન કરતાં-કરતાં વિપર્યાસો બધાં મટે અને જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય. આ અનુભૂતિ છે તે જ હું છું, એવું આત્મજ્ઞાન પ્રગટે શુદ્ધોપયોગથી ત્યારે શ્રદ્ધાનનો ઉદય થાય સમકાળે ભલે. અને એવું શ્રદ્ધા જ્ઞાન થાય ત્યારે ઉપયોગ સ્વરૂપમાં લીન રહે એવું સામર્થ્ય પ્રગટ થાય. ત્રણે એક કાળે છે પણ કારણકાર્યમાં વારાફરતી લીધું.

મુમુક્ષુ :- મુમુક્ષુનો પુરુષાર્થ જ્ઞાનથી જાય છે અને જ્ઞાનીનો પુરુષાર્થ શ્રદ્ધાનથી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં શ્રદ્ધાનની પ્રધાનતા છે. જ્ઞાનીના પરિણમનમાં શ્રદ્ધાની પ્રધાનતા છે. કેમકે એ ગુણ અનંત શક્તિથી પૂરેપૂરો પરિણમી રહ્યો છે. બીજા ગુણો તો અધૂરા પરિણમે છે. મુમુક્ષુની ભૂમિકામાં બધાં ગુણો ઊંધા પરિણમે છે. એક જ્ઞાનમાં થોડુંક સવળાપણું છે, વિવેક આવ્યો એટલું. હજી અજ્ઞાન ઊભું છે. મિથ્યાત્વ

ઊભું છે.

'વિકલ્પ તોડીને, શુભાશુભ વિકલ્પજાળથી જુદું નિર્વિકલ્પ તત્ત્વ છે તેને ઓળખીને સ્વાનુભૂતિના માર્ગે જવું.' આ લાઈન બતાવી દીધી. ઓળખવું, પહેલાં ઓળખવાનું. સ્વાધ્યાય છે એ ઓળખવા માટે છે. પહેલાં ઓળખવું અને વિકલ્પ તોડીને, ઓળખીને વિકલ્પ વધે એમ ન થવું જોઈએ, વિકલ્પ તૂટે એવો રસ્તો પકડવો જોઈએ. નિર્વિકલ્પ શાંતિ જોઈએ છે ને? તો વિકલ્પ કેમ મટે ઈ આશય સાથે સાથે રાખવો જોઈએ. તત્ત્વ અભ્યાસ કાળે મારા વિકલ્પો કેમ શાંત થાય? અને હું નિર્વિકલ્પ સ્વરૂપના આશ્રયે નિર્વિકલ્પદશામાં કેમ આવું? ઈ એનો વ્યૂ પોઈન્ટ હોવો જોઈએ. સમજવા ટાણે આ વ્યૂ પોઈન્ટ, આ ઉદ્દેશ, વ્યૂ પોઈન્ટ એટલે આ ઉદ્દેશ, એ ઉદ્દેશને વળગીને એને અભ્યાસ કરવો જોઈએ. જો એ ઉદ્દેશ ન હોય તો વિકલ્પો વધી જવાના. આમાં તો હજાર વાતો છે. એ હજાર વાતો નહોતી જાણી તો હજારના વિકલ્પ નહોતાં, હવે હજાર જાણી તો હજારનાં વિકલ્પ થાવાનાં. પણ ઉદ્દેશપૂર્વક જ્યારે અભ્યાસ હોય કે મારે તો નિર્વિકલ્પ શાંતિમાં રહેવું છે. એ નિર્વિકલ્પ કેમ રહેવાય અને કેમ થવાય એ ગોતતો ગોતતો અભ્યાસ કરે. અને કહેનારે પણ નિર્વિકલ્પ થઈને નિર્વિકલ્પ થવા અર્થે એ વાત કરી છે. તો એ બેયનું કહેનારનું અને વાંચનાર કે સાંભળનારનું તો એને મેચ થાય. અનુસંધાન થાય, કો-ઓર્ડિનેશન થાય. કહેનાર અને સાંભળનાર વચ્ચે કો-ઓર્ડિનેશન થાય તો એનું રીઝલ્ટ બરાબર આવે ને? કહેનાર નિર્વિકલ્પ થઈને નિર્વિકલ્પ થવા અર્થે કહે છે અને આ વિકલ્પ વધારે. ઊંધી લાઈન પકડી એણે, સીધી લાઈન નથી પકડી. એટલે જ્ઞાનમાર્ગે જે લાલબતી મૂકી છે, એમાં આ એક લાલબતી મૂકે છે. આપણે આમાં લીધું છે નિર્ભ્રાંત દર્શનની કેડીમાં. વિકલ્પવૃદ્ધિ થાય તે રીતે મુમુક્ષુ અભ્યાસ, તત્ત્વનો અભ્યાસ ન કરે. વિકલ્પ ઘટતા જવા જોઈએ, શાંત થતા જવા જોઈએ અને અંતે નિર્વિકલ્પ થાય. એ ઉદ્દેશથી ચાલવું જોઈએ. નહિતર તો બધાં શાસ્ત્ર વાંચીને-વાંચીને વિકલ્પ વધારે જ છે. અને એ જ થાય, બીજું થાય નહિ.

એટલે એમાં આ કહેવા માગે છે. **'વિકલ્પ તોડીને, શુભાશુભ વિકલ્પજાળથી...'** વિકલ્પને જાળ કીધી. કેમકે અંદર ગૂંચવાઈ ગયો. ભિન્ન એક નિર્વિકલ્પ તત્ત્વ છે એને ઓળખે, એનું ભાવભાસન કરે અને સ્વાનુભૂતિના એટલે એના અનુભવના માર્ગે જાય તો નિર્વિકલ્પ અનુભવ થાય. એમ અપેક્ષાઓમાંથી ત્યાં સુધી જાવાનું છે, અપેક્ષાઓમાં ગૂંચવાવાનું નથી. અહીં સુધી રાખીએ...

પ્રશ્ન-૭૯

પ્રશ્ન :- દ્રવ્ય ગુણભેદને પણ સ્પર્શતું નથી, તો શું તેમાં ગુણો નથી?

સમાધાન :- ભેદ ઉપર દૃષ્ટિ આપવાથી વિકલ્પ ઊઠશે, માટે ભેદ ઉપરથી દૃષ્ટિને ઉઠાવી લે. પણ તેથી કરીને દ્રવ્યમાં ગુણ નથી અને પર્યાય પણ નથી એવો તેનો અર્થ નથી. દ્રવ્યમાં જો ગુણ-પર્યાય ન હોય તો વેદન કોનું? સ્વાનુભૂતિ કોની? જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણ કોના? દ્રવ્ય ભેદને સ્પર્શતું નથી માટે દ્રવ્યમાં કાંઈ છે જ નહીં એમ માને તો દ્રવ્ય એકલું સામાન્ય-કૂટસ્થ-શૂન્ય છે તેમ તેનો અર્થ થઈ જાય. કઈ અપેક્ષાએ કહ્યું છે તે સમજવું જોઈએ. દૃષ્ટિના બળથી આગળ જવાય છે પણ તેથી દ્રવ્યમાં કાંઇ છે જ નહીં એવો અર્થ નથી.

સિદ્ધ ભગવાન પણ અનંત ગુણની અનંત પર્યાયમાં બિરાજે છે, તેમને અનંતી પર્યાયો સમયે-સમયે પ્રગટ્યા કરે છે, અગુરુલઘુરૂપે પણ પરિણમી રહ્યા છે, તેવો જ વસ્તુનો સ્વભાવ છે. પણ તું ભેદ ઉપર દૃષ્ટિ ન કર. ગુણભેદમાં રોકાવાથી તું આગળ નહીં જઇ શકે, તેથી એક સામાન્ય મૂળ વસ્તુના અસ્તિત્વ ઉપર લક્ષ કર તેમ કહે છે. જો બધું કાઢી નાખીશ તો તત્ત્વ શૂન્યાકાર થઇ જશે, પણ એવું વસ્તુનું સ્વરૂપ નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ તત્ત્વ છે. '' ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ્ સત્ '' તેવું દ્રવ્યનું સ્વરૂપ છે. ૭૯.

તા. ૬-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૭૯, પ્રવચન નં. ૪૮

સ્વાનુભૂતિદર્શન. પાનું-૬૮, પ્રશ્ન-૭૯મો. '**પ્રશ્ન :- દ્રવ્ય ગુણભેદને પણ સ્પર્શતું નથી, તો શું તેમાં ગુણો નથી?**' સ્પર્શતું નથી એટલે શું? કે દ્રવ્ય કહેતા એમાં ગુણભેદ જ્ઞાનમાં આવતા નથી. અનંત ગુણોનું અભેદ સ્વરૂપ તે દ્રવ્ય. તો એ જે વસ્તુમાં જે અભેદતા નામનો ધર્મ છે એ અભેદતાના દૃષ્ટિકોણથી અભેદતાને મુખ્ય

કરીને જોતાં ભેદ દેખાતા નથી. અભેદમાં ભેદ દેખાતા નથી. તો એમાં એવાં ગુણો છે જ નહિ? ભેદ છે જ નહિ? એમ પૂછે છે. છે નહિ માટે દેખાતાં નથી? કે નહિ દેખાવાનું કારણ શું છે? જો છે તો દેખાવા જોઈએ.

હવે જ્ઞાનનો જોવાનો છદ્મસ્થ જીવનો એવો પ્રકાર છે યોગ્યતાનો કે ભેદથી જોવે ત્યારે અભેદ ન દેખાય અને અભેદથી જોવે ત્યારે ભેદ ન દેખાય. છે બેય. વસ્તુ ભેદાભેદ સ્વરૂપે છે, પણ ભેદને જોવે તો અભેદ ન દેખાય અને અભેદને જોવે ત્યારે ભેદ ન દેખાય. કેવી રીતે જોવું? એનો વિવેક કરવાનો છે. સવાલ તો આટલો છે.

'સમાધાન :- ભેદ ઉપર દષ્ટિ આપવાથી વિકલ્પ ઊઠશે, માટે ભેદ ઉપરથી દષ્ટિને ઉઠાવી લે.' ભેદ છે ખરા એમ કહે છે. ભેદ છે જ નહિ એમ વેદાંત કહે છે એક અભિપ્રાયથી. ત્યાં એમાં ... અભિપ્રાય છે પણ એક અભિપ્રાય સાંખ્યનો એવો છે કે ભેદ છે જ નહિ. આત્મા શુદ્ધ અદ્વૈત બ્રહ્મ છે એમ એ લોકો કહે છે. અદ્વૈત એટલે દ્વૈત નથી જેમાં, બેપણું નથી. અનેકપણું તો નથી, પણ બેપણું પણ નથી. જૈનદર્શન એમ કહે છે કે અનંત ભેદો છે ભેદ અપેક્ષાએ. અભેદ અપેક્ષાએ એકેય ભેદ નથી. ત્યાં ત્રણ મત છે. અદ્વૈતવાદીઓ પણ છે, દ્વૈતવાદીઓ પણ અને દ્વૈતાદ્વૈતવાદીઓ પણ છે ત્યાં. ત્યાં ત્રણ વહેંચાયેલા અભિપ્રાય છે. જે દ્વૈત-અદ્વૈતવાદ છે એ જૈનદર્શનને મળતો વાદ છે. પણ ત્યાં ચોખ્ખું વિજ્ઞાન નથી એ લોકોની પાસે.

મુમુક્ષુ :- ત્યાં શું ભૂલ છે? ત્યાં શું ભૂલ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- વૈજ્ઞાનિક પદ્ધતિ નથી. વસ્તુનું વિજ્ઞાન નથી. કલ્પના છે, એમાં પણ કલ્પના છે. જેમ આપણે એમ કહીએ કે ભાઈ પરિભ્રમણનો વિષય બરાબર સમજાય છે? સમજાય છે. છતાં પ્રેક્ટિકલી એવું પરિણમન આવે છે? જો આવે પ્રેક્ટિકલી એવું પરિણમન તો વેદના ઊભી થાય અને નહિતર એ વિષયની પણ કલ્પના છે. એ વિષય યથાર્થ છે કે યથાર્થ નથી એની સાબિતી શું? ખાત્રી શું? કે સાબિતી એ કે વેદના આવે ઈ. નહિતર એ વિષય કલ્પિત છે. એમ ત્યાં દ્વૈત-અદ્વૈત બંન્ને સ્વીકારનારા છે, પણ એનું રીઝલ્ટ નથી, માટે એ કલ્પના છે.

મુમુક્ષુ :- ઉભયાભાસી જીવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉભયાભાસી જેવું છે. પણ હજી જૈનદર્શનનો ઉભયાભાસી તો ઘણો ચોખ્ખો છે. ત્યાં એટલું ચોખ્ખું નથી. પણ બુદ્ધિની પહોંચ જ્યાં સુધી ચાલી છે, ત્યાં સુધી એ લોકોએ દ્વૈતને પણ વિચાર્યું અને અદ્વૈતને વિચાર્યું, પણ બુદ્ધિની પહોંચ સુધી. અનુભવની પહોંચ સુધી નહિ. જ્ઞાનની પહોંચ બે પ્રકારે છે. એક બૌદ્ધિક અને એક અનુભવની. આ માર્ગ અનુભવપ્રધાન છે, અનુભવનો માર્ગ

છે. કેવળ બૌદ્ધિક સ્તરથી ચાલવું એ આ માર્ગમાં પહોંચાય એવું નથી. એટલે ત્યાં દ્વૈતા-અદ્વૈતવાદિ છે.

ગોવર્ધનરામ ત્રિપાઠીએ સરસ્વતિચંદ્ર લખ્યું એમાં એમણે ધાર્મિક વિષય પણ લીધો. એમણે બધો વિષય સ્પર્શ્યો છે, કૌટુંબિક, રાજકારણ, ધાર્મિક, મિત્રાચારી, દામ્પત્ય જીવન, બધું ઘણું એણે ઘણાં પ્રકરણો ચાર ભાગમાં લખ્યું છે સરસ્વતીચંદ્ર. ઘણા પ્રકરણો લીધાં. બુદ્ધિશાળી માણસ. એમાં ધાર્મિકમાં દ્વૈતા-દ્વૈત વિવરણ નામનું પ્રકરણ સંસ્કૃતમાં લખ્યું. વિદ્વાન બહુ હતા. આખું પ્રકરણ એમણે સસ્કૃતમાં લખ્યું અને એનો અનુવાદ પણ પોતે ગુજરાતીમાં લખ્યો. પણ મૂળ પ્રકરણ સંસ્કૃતમાં લખ્યું એમણે. એટલા વિદ્વાન હતા. એમાં દ્વૈતાદ્વૈત વિવરણ કરીને પ્રકરણ છે આખું.

સરસ્વતીચંદ્ર પોતે સંન્યાસી થાય છે ત્યારે કોઈ આશ્રમમાં જાય છે ત્યાં એને કેવો ઉપદેશ સાંભળવા મળે છે આત્મા સબંધીનો? કે દ્વૈતાદ્વૈત વિવરણ. આત્મામાં ભેદ પણ છે અને આત્મામાં અભેદ પણ છે. જૈનદર્શનની વિશિષ્ટતામાં કાર્યપદ્ધતિ સાથે છે. વસ્તુના નિરૂપણ સાથે એની ચોકક્સ પ્રકારની, ખાસ પ્રકારની સફળતા થાય એવી કાર્યપદ્ધતિ છે. એ ત્યાં નથી. દ્વૈતને ગૌણ કરો અને અદ્વૈતને મુખ્ય કરો. અને તે ત્યાં સુધી કે દષ્ટિ ફરી જાય ત્યાં સુધી.

એટલે બહેનશ્રીએ દષ્ટિથી વાત લીધી. દષ્ટિ ફરી જવી, દષ્ટિ મૂકવી એટલે શું? દષ્ટિ આપવી એટલે શું? કે દષ્ટિ બીજી જોવે જ નહિ. દષ્ટિમાં દ્વૈતપણું છે કે નથી એ સવાલ જ નથી. એકલા અદ્વૈતને, અભેદને જ સ્પર્શે છે, અભેદને જ વિષય કરે છે. અને જેની જેવી દષ્ટિ હોય જ્ઞાનમાં તેની તેવી મુખ્યતા હોય એવું રિફરકેશન જ્ઞાન ઉપર આવે. દષ્ટિનું રિફરકેશન જ્ઞાન ઉપર આવે. જ્ઞાનપૂર્વક દષ્ટિ થાય એટલે શ્રદ્ધા થાય અને શ્રદ્ધાપૂર્વક પાછું જે જ્ઞાન ખૂલે એ એની દષ્ટિના વિષયની જ મુખ્યતા કરે. દષ્ટિ જેને આરાધે તેને જ્ઞાન આરાધે. એટલે જ્ઞાન અભેદને આરાધે. જ્ઞાન ભેદને જાણે ખરું, દષ્ટિ ભેદને વિષય ન કરે. જ્ઞાન ભેદને જાણે ખરું, વિષય કરે પણ આરાધે નહિ. આમ ફેર પડે છે.

મુમુક્ષુ :- દષ્ટિ અને જ્ઞાનનો તાદાત્મ્ય સબંધ છે એમ કહીએ તો?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં એક પડખે છે, એક પડખે નથી. કેમકે એક પડખે ભેદને જાણે છે, વિષય કરે છે, એમ છે.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં રાખીને..

પૂજ્ય ભાઈશ્રી :- હા, અભિપ્રાય અને દષ્ટિ એક છે. પણ પરિણમન અને દષ્ટિ એક નથી. એટલે પંચાધ્યાયીકારે એમ લીધું કે સમ્યગ્દર્શનને અને શુદ્ધોપયોગને

સમવ્યાપ્તિ પણ છે અને વિષમવ્યાપ્તિ પણ છે. એટલે જ્યારે સમ્યગ્દર્શન પ્રગટે છે ત્યારે શુદ્ધોપયોગ હોય છે. પણ સમ્યગ્દર્શન જેટલો કાળ ચાલુ રહે એટલો કાળ શુદ્ધોપયોગ ચાલુ રહેતો નથી. અશુદ્ધ ઉપયોગ ચાલુ થઈ જાય છે. એ વિષમવ્યાપ્તિ છે. તોપણ સમ્યગ્દર્શનનો નાશ થતો નથી. દૃષ્ટિ આત્મા ઉપર જ રહે છે. એટલે જ્ઞાનમાં આત્માની મુખ્યતા રહે છે. કયા આત્માની? કે અભેદ આત્માની, દ્રવ્ય સ્વરૂપની.

બીજું, કે ભેદ ઉપર દૃષ્ટિ જવાથી કે આપવાથી વિકલ્પની ઉત્પત્તિ થાય છે. **'માટે ભેદ ઉપરથી દૃષ્ટિને ઉઠાવી લે.'** હવે એ વાત કોની (માટે છે)? મુમુક્ષુ માટે લીધી. મુમુક્ષુ નિર્વિકલ્પ થયો નથી. કયાં સુધી નિર્વિકલ્પ થયો નથી? કે જ્યાં સુધી એની દૃષ્ટિ ભેદ ઉપર છે ત્યાં સુધી. જ્ઞાનમાં ખબર પડી કે વસ્તુનું સ્વરૂપ ભેદાભેદ છે. એ સિવાય જ્ઞાને નિશ્ચયનયનો પક્ષ પણ પકડયો એટલે અભેદની મુખ્યતા પણ કરી અને ભેદને ગૌણ કર્યો. તોપણ હજી વિકલ્પ મટતો નથી. અભેદનો વિકલ્પ ચાલે છે. હવે એ ક્યારે મટે? કે દૃષ્ટિ ફરે ત્યારે. જ્ઞાન ફર્યું છે, પણ હજી વિકલ્પ જાતો નથી. એ જ્ઞાનને દૃષ્ટિનો સધિયારો મળે છે ત્યારે વિકલ્પનો અભાવ થાય. ત્યાં સુધી વિકલ્પનો અભાવ ન થાય

મુમુક્ષુ :- જ્ઞાનને દૃષ્ટિનો પણ સપોર્ટ જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- આવવો જ જોઈએ. દૃષ્ટિ ઊંધી ચાલે ત્યાં સુધી જ્ઞાન સમ્યક્ નથી થયું. જ્ઞાન સમ્યક્ નથી થયું. દૃષ્ટિ મળતા સમ્યક્ત્વ પ્રગટયું. એટલે અનાદિની રાગ સાથે, વિકલ્પ સાથેની એકત્વબુદ્ધિ છે એ હજી ગઈ નથી અને એકધારી જે રાગની શ્રૃંખલા ચાલુ છે, પરંપરા છે એ સાંકળ તૂટી નથી. એકવાર નિર્વિકલ્પ થાય ત્યારે એ સાંકળ તૂટે.

મુમુક્ષુ :- આમાં ભાઈશ્રી! પ્રેક્ટિસની ભૂમિકામાં જ્ઞાનને નિર્મળ કરવા જાય ત્યારે દૃષ્ટિ કનેક્ટ થઈ જ જાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આપોઆપ. ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલે એમાંથી નિર્વિકલ્પદશા પ્રગટે એટલે દૃષ્ટિ એ વખતે આત્મા ઉપર જાય. ફરી જાય દૃષ્ટિ. એ વખતે દૃષ્ટિ ફરી જાય. એટલે સાધન જ્ઞાન છે.

મુમુક્ષુ :- એટલે જોર જ્ઞાનનું જ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલવો જોઈએ. બીજી પદ્ધતિ નથી. એ પદ્ધતિ ક્યાંય નથી. દિગંબર શાસ્ત્રો સિવાય શ્વેતાબંર જૈનો, જૈન કે જૈનેતર ક્યાંય એ વિષય નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં જેવી રીતે જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય અને વૈરાગ્યપૂર્વકનું

જ્ઞાન. અહીંયાં જ્ઞાનપૂર્વકની દૃષ્ટિ અને દૃષ્ટિપૂર્વકનું જ્ઞાન?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે, એમ જ છે.

શું કીધું? કે '**ભેદ ઉપર દૃષ્ટિ આપવાથી વિકલ્પ ઊઠશે.**' મુમુક્ષુને કહે છે ને. એટલે જેનો વિકલ્પ નથી તૂટ્યો એટલે એ પદ્ધતિથી વાત કરી. મુમુક્ષુની અપેક્ષાએ ઉત્તર આપ્યો છે. '**માટે ભેદ ઉપરથી દૃષ્ટિને ઉઠાવી લે.**' તો દૃષ્ટિ કેવી રીતે ઉઠાવવી? કે ભેદજ્ઞાન કરીને. બીજી દૃષ્ટિને ફેરવવાની કોઈ કાર્યની પદ્ધતિ નથી, કોઈ ચેનલ નથી.

મુમુક્ષુ :- માત્ર જ્ઞાન અનુભવવાનો પ્રયાસ કરે?

પૂજ્ય ભાઈશ્રી :- માત્ર જ્ઞાનને જોવે, જોઈને અવલંબે, અવલંબીને ઉગ્રતા કરે. ત્યાં લીનતા થાય ત્યારે દૃષ્ટિ ફરે. એટલે સ્વરૂપ લીનતાને અને સમ્યગ્દર્શનને અવિનાભાવી સંબંધ છે. એમ છે. એ પહેલાં સ્વરૂપ લક્ષમાં આવ્યું ભાવભાસન કાળે. ભાવભાસન કાળે સ્વરૂપ લક્ષમાં આવ્યું છે, પણ હજી આઘું રહે છે. વચ્ચે વિકલ્પની દિવાલ એને અંતરાય પાડે છે, પછી એ વિકલ્પ ભલે આત્માનો છે કે હું આવો છું... હું આવો છું... હું આવો છું... હું આવો છું... એવો જે વિકલ્પ છે એ પણ એને અભેદ અનુભવ કરવા દેતો નથી. તો એ ક્યાં સુધી છે? કે પુરુષાર્થની ઉગ્રતા નથી ત્યાં સુધી છે. અવલંબનમાં ઉગ્રતા આવી અને જેવી ઉપયોગની લીનતા થઈ કે ફડાક દૃષ્ટિ ફરી જાય છે. અને દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા થાય છે. અને મોક્ષમાર્ગ પ્રગટ્યો.

મુમુક્ષુ :- અહીંયાં વિકલ્પ આવવાનું કારણ પુરુષાર્થનો અભાવ?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થનો અભાવ નહિ, પુરુષાર્થની મંદતા, મંદતા. બિલકુલ અભાવ નથી ત્યાં.

'**પણ તેથી કરીને દ્રવ્યમાં ગુણ નથી અને પર્યાય પણ નથી એવો તેનો અર્થ નથી.**' દૃષ્ટિ અભેદ ઉપર, ભેદ ઉપરથી ઉઠાવીને અભેદ ઉપર લઈ જવી, પણ એનો અર્થ કે ગુણ પર્યાયના ભેદો નથી એમ નથી. જુઓ! આપણે સોનાનો દાગીનો ખરીદીએ છીએ. એક દૃષ્ટાંત લઈએ. સોનાનો દાગીનો ખરીદ્યો. ખરીદતી વખતે સોનું છે કે નહિ? કેટલા કેરેટ છે? એ ચોક્સાઈ કરાવી લીધી. મોટો દાગીનો હોય તો એના ગર્વમેન્ટ વેલ્યુઅર પાસે પણ આપણે ચોકસાઈ કરાવી લઈએ. કેમકે મોટો ફેર પડે નહિતર. સોનું ચોખ્ખું છે. હવે ઘાટ આપણને પસંદ છે કે નહિ? એ જ ઘાટના અનેક દાગીના છે. એ જ વજનના અનેક ઘાટ છે. તો આપણે આપણી પસંદગીનો ઘાટ લીધો. બરાબર? એ બધી એની ચોક્સાઈ કરી. એ દૃષ્ટિએ પહેરીને કેવો લાગે

છે એ પણ જોઈ લીધું અરીસામાં. દેખાવમાં પણ સારો લાગે છે, જોવામાં પણ ઘાટ સારો છે બીજાને દેખાડો ત્યારે. વગર પહેરેલો દેખાડો ત્યારે. સોનું પણ ચોખ્ખું છે. અંદર જે મીનાના જુદાં-જુદાં રંગ પૂર્યા છે એનું પણ કો-ઓર્ડીનેશન બહુ સારું છે. અને ક્યાંય પણ સાંધાની નબળાઈ પણ નથી એટલે ટકશે પણ બહુ સારો. આમ બધા પડખેથી ચોકસાઈ કરી.

એ દાગીનાને વાત કરતી વખતે એટલું બધું કહેવું નથી પડતું. ભાઈ અમારે બહુ સારી ચીજ, એક બહુ સારી ચીજ ખરીદી. બસ. આ દાગીનો બહુ સારો ખરીદ્યો. એમાં જ્યારે એ બધી પરીક્ષા કરી ત્યારે ભાવ, ભાવ ગણીને એની ટોટલ કિંમત આ બધી વાતોનો સરવાળો એક જગ્યાએ લાગ્યો કે ચીજ સારી, આ વસ્તુ સારી. હવે એ જ્યારે સારી કહે છે, ત્યારે પૂર્વે જે બધાં પડખાથી જ્ઞાન કર્યું હતું, એના ભેદમાં જ્ઞાનને ઉતરવું પડતું નથી. એના ભેદમાં જ્ઞાનને ઉતરવું પડતું નથી. એક સારા શબ્દમાં બધું આવી ગયું. આવ્યું કે ન આવ્યું? તો અભેદ જ્ઞાનમાં ભેદો ગર્ભિત છે એ વખતે. અનુભવને તપાસવામાં આવે તો અભેદ જ્ઞાનમાં ભેદો ગર્ભિત છે. છે કે નહિ? છતાંય એ વખતે જ્ઞાન ભેદોમાં જાતું નથી, ભેદોનો અનુભવ કરતું નથી.

એવી રીતે અહીંયાં વાત છે કે ગુણ-પર્યાયના ભેદો જ્ઞાનમાં હોવા છતાં અભેદને અવલંબતું જ્ઞાન ભેદને જાણે ખરું, પણ ભેદને અવલંબે નહિ. ચોખ્ખી વાત શું છે? એ જ્ઞાનનું અનેકાંતિક પરિણમન છે કે ભેદને જાણવા છતાં ભેદને અવલંબે નહિ. અભેદને અવલંબે અને ભેદને વિષય કરે નહિ. વિષય ન કરે માટે તેનાં જ્ઞાનનો અભાવ છે એમ નથી. જુઓ! આ જ્ઞાનનો ચમત્કાર! ભેદને વિષય કર્યા વિના ભેદનું જ્ઞાન છે. ભેદને વિષય કરે તો જ ભેદનું જ્ઞાન થાય એવું અહીંયાં નથી. એક વખત ભેદને જાણી લીધાં પછી જાણવાની જરૂર નથી વારંવાર. એવું જ્ઞાનનું પરિણમન થાય ત્યારે તે જ્ઞાન યથાર્થ છે અથવા સમ્યક્ છે એવું નામ પામે. આ પ્રકારે. શું કહ્યું જુઓ.

'પણ તેથી કરીને દ્રવ્યમાં ગુણ નથી અને પર્યાય પણ નથી એવો તેનો અર્થ નથી. દ્રવ્યમાં જો ગુણ-પર્યાય ન હોય તો વેદન કોનું?' આવ્યું? આમ કહેવાય કે દ્રવ્યનું વેદન આવ્યું. પણ એમાં અનંત ગુણોનું વેદન સાથે છે. એ વિષય વેદાંતમાં અભેદનો સાંખ્યમાં નથી. અભેદની અનુભૂતિ લીધી છે ત્યાં. પણ અભેદ કેવું છે? તો કહે શૂન્ય. નિર્ગુણસ્વરૂપ છે એમ કહે છે. ગીતામાં એને નિર્ગુણસ્વરૂપ કીધો છે. આત્માને નિર્ગુણ કીધો છે. તો જૈનદર્શન કહે છે કે અનંતા ગુણ છે. ગુણનો અભાવ તો નથી પણ એક ગુણ નથી, અનંતા ગુણો છે એની અંદર. કેમકે સાયન્સ છે.

જૈનદર્શન પાસે એનું સાયન્સ છે, ઓલા પાસે સાયન્સ નથી એટલે કહે કે નિર્ગુણ છે, જાઓ! પછી કાંઈ કહેવાનો, દલીલની જગ્યા જ ન રહી, ચર્ચાનો વિષય ન રહ્યો. ત્યારે જૈનદર્શન કહે છે કે એ મિથ્યા છે. મિથ્યા કલ્પના છે, ખોટું છે, ચોકડી મારી અમે તો. એમ છે.

મુમુક્ષુ :- પદાર્થદર્શનપૂર્વક વાત નથી?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, કલ્પના કરે છે.

મુમુક્ષુ :- એના હિસાબે જ્ઞાની હોય એ નિર્ગુણી થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે મોક્ષ થાય ત્યારે અસ્તિત્વનો નાશ કલ્પે છે એ લોકો. એક પરબ્રહ્મ છે એમાં આ બ્રહ્મ નામનો આત્મા ભળી ગયો. જ્યોતમાં જ્યોત ભળી ગઈ એમ કહે છે. લાગે બધાને સારું. જ્યોતમાં જ્યોત ભળી ગઈ! બહુ સારી વાત કરી! પણ શું સારી વાત કરી? અસ્તિત્વનો નાશ થઈ ગયો. પોતાની હયાતીનો નાશ થાય એવો મોક્ષ કામનો શું?

'દ્રવ્યમાં જો ગુણ-પર્યાય ન હોય તો વેદન કોનું? સ્વાનુભૂતિ કોની? જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણ કોના?' પાછા એમ કહે કે આનંદનો અનુભવ આવે, શાંતિનો અનુભવ થાય છે. અમને ધ્યાનમાં અનિર્વચનીય અનુભવ થાય છે. વચનમાં અમે કહી શકીએ નહિ એવો. તો આનંદગુણ હોય તો આનંદનો અનુભવ થાય કે ગુણ ન હોય તો અનુભવ થાય? એક કોરથી નિર્ગુણ કહો અને વળી આનંદનો અનુભવ કહો. કોન્ટ્રાડિક્શનને એ લોકો સમજી શકતા નથી. પૂર્વાપર વિરોધ વાણી આવે છે. **'દ્રવ્ય ભેદને સ્પર્શતું નથી માટે દ્રવ્યમાં કાંઈ છે જ નહીં '** શૂન્ય છે, નિર્ગુણ છે **'એમ માને તો દ્રવ્ય એકલું સામાન્ય-કૂટસ્થ-શૂન્ય છે તેમ તેનો અર્થ થઈ જાય.'** શૂન્ય થઈ જાય. એમ નથી. અનંત ગુણસ્વભાવોથી સારી રીતે ભરચક ભરેલું છે. ખાલી તો નથી, શૂન્ય તો નથી, પણ અનંત ગુણસ્વભાવોથી ભરચક ભરેલું છે.

મુમુક્ષુ :- નંદનવન કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- નંદનવન ખીલેલું છે. અથવા હિન્દી ભાષામાં એને સોગાનીજી એમ કહેતાં કે લબાલબ ભરેલું છે. કેવું? ભરચક, આપણે ભરચક ભરેલું છે, એ લોકો કહે લબાલબ ભરેલું છે. જેમ સારી રીતે લોટને ઘી પાયેલું હોય, સારી રીતે. ઓછું ઘી ન પાયું હોય, સરખું પાયું હોય અને પછી ગોળનું પાણી નાખીને શિરો કરે ત્યારે એ ઘી છૂટીને બહાર આવે. જે લોટના દાણાએ ઘી પીધું છે, એ ઘી બધું બહાર આવે. ત્યારે આપણે શું કહીએ ગુજરાતીમાં? કે ભાઈ, ઘીથી લચપચતો શિરો છે. કેવો છે? લચપચતો શિરો છે. તપેલીમાં શિરો નાખ્યો હોય તો ઘી આમ

ઉપર ફરી વળ્યું હોય એટલું બધું ઘી છૂટે અંદરથી. એમ આનંદ એટલો ભરેલો છે લબાલબ કે અનુભવ કરે ત્યારે એ લચપચતો આનંદ બહાર આવી જાય. તરબોળ થઈ જાય આખો. આખો પદાર્થ તરબોળ, આનંદથી તરબોળ થઈ જાય. ભાગચંદજીએ સ્તુતિ ગાઈ છે ને? 'ઘટ અંતર ન સમાય.' સમાતો નથી. આનંદ જ્યારે ઊભરાઈને બહાર આવે છે ત્યારે અંદરમાં સમાતો નથી.

મુમુક્ષુ :- બહેનશ્રીને પૂછ્યું ને શું અનુભવ થયો? એટલે પ્રથમ વખત, આનંદનો દિવસ ચૈતન્યદેવ આનંદમાં રમતો, ડોલતો, પ્રગટ થયો.

પૂજ્ય ભાઈશ્રી :- કાલે આપણે ભક્તિની અંદર (હતું), 'શુદ્ધપયોગ મેં રમણ કરું, પ્રભુજી મનમંદિરમેં આઓ.' એ શુદ્ધ ઉપયોગમાં રમણ, ભ્રમણતા.

'**કઈ અપેક્ષાએ કહ્યું છે તે સમજવું જોઈએ.**' ગુણભેદને પણ દ્રવ્ય સ્પર્શતું નથી એમાં કહેવાની મર્યાદા શું છે? અને કહેવાનો હેતુ શું છે એ સમજવું જોઈએ. અપેક્ષા કહેતા એમાં બે વાત છે. એક, કહેવામાં મર્યાદિત વાત શું છે? એને પણ અપેક્ષા કહેવાય છે અને એ કહેવામાં હેતુ અથવા મોટિવ શું છે? ઉદ્દેશ શું છે? એને પણ અપેક્ષા કહેવાય. એ બેય વાત સાથે સમજાવી જોઈએ. કથનની મર્યાદા પણ સમજાવી જોઈએ અને કથનનો ઉદ્દેશ પણ સમજાવવો જોઈએ. તો અપેક્ષા જ્ઞાન બરાબર છે. કોઈ એકલા ઉદ્દેશને પકડે અને કથનથી વસ્તુના સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરે તોપણ એકાંત થઈ જાય. કોઈ વસ્તુની મર્યાદાને પકડે કથનની અને ઉદ્દેશને છોડી દે તો પણ એકાંત થઈ જાય.

જેમકે નિયમસારમાં આવ્યું ૫૦મી ગાથામાં કે ક્ષાયિક જ્ઞાન, આનંદ આદિ, ક્ષાયિક પર્યાય પણ પરમપારિણામિકભાવથી ભિન્ન છે. એમાં ઉદ્દેશ શું છે? કે એકલા સ્વરૂપનું અવલંબન લેવું છે. એકલા સ્વરૂપ ઉપર દૃષ્ટિ દેવી છે, એકલા પરમાત્મ સ્વરૂપની જ ભાવના ભાવવી છે. એ ઉદ્દેશ છે. અને દ્રવ્ય નિત્ય છે, પર્યાય અનિત્ય છે માટે ભિન્ન છે એવી એની મર્યાદા છે. પણ એવી મર્યાદા નથી કે બે દ્રવ્ય ભિન્ન હોય એવી મર્યાદા નથી. લ્યે સર્વથા ભિન્નતા, તોપણ એવી મર્યાદા નથી કે જેવી રીતે જીવ અને અજીવ ભિન્ન છે, પરમાણુ અને પરમાણુ ભિન્ન છે, એક જીવ અને બીજો જીવ ભિન્ન છે એવી મર્યાદા નથી. આટલી ભિન્નતા લેવી છે તોપણ. એ ઉદ્દેશ અને વસ્તુનું સ્વરૂપ, બેય મર્યાદાની, બંનેની વાત સમજાવી જોઈએ. બે પડખેથી વાત આવે પછી વાંધો નથી. એનું નામ અપેક્ષા જ્ઞાન સાચું. લ્યો, આ ચોખવટ પહેલીવહેલી કરી હોં! આ ચોખવટ કોઈ વાર નથી થઈ.

મુમુક્ષુ :- ફરી રીપીટ કરો. એકલા હેતુ બાબતમાં તો વાત આવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેય વાત છૂટી છૂટી આવે છે, છૂટી-છૂટી આવે છે. યથાર્થતા, અપેક્ષાની યથાર્થતામાં બે પડખાં હોય છે એ સ્પષ્ટ કર્યું આજે. એ તો આમાંથી વિચાર આવ્યો. '**કઈ અપેક્ષાએ કહ્યું છે તે સમજવું જોઈએ.**' એમ બહેનશ્રીએ કહ્યું. તો કઈ અપેક્ષાએ એ વાત મભમ રહી. કઈ એટલે શું? કે ઉદ્દેશ પણ સમજવો જોઈએ અને વસ્તુના સ્વરૂપની મર્યાદા પણ સમજવી જોઈએ. બેય સમજાવું જોઈએ એકસાથે તો એ યથાર્થ છે. બેમાંથી એક સમજાય અને એક ન સમજાય, એવું અપેક્ષા જ્ઞાન તે યથાર્થ અપેક્ષા જ્ઞાન નથી, અધૂરી અપેક્ષા છે. કોઈએ ઉદ્દેશને પકડ્યો પણ વસ્તુના સ્વરૂપને ન પકડ્યું તો એ અધૂરી વાત છે. કોઈએ વસ્તુના સ્વરૂપને પકડ્યું પણ ઉદ્દેશ હાથમાં ન આવ્યો તો અધૂરી વાત છે. એટલે જેટલું જાણ્યું એટલું ઠીક છે, પણ એ અધૂરું છે, એટલું ક્ષતિવાળું છે.

'**દષ્ટિના બળથી આગળ જવાય છે...**' સાધક અવસ્થામાં દષ્ટિ પ્રગટ્યા પછી હવે. ઓલી પહેલી વાત લીધી હતી મુમુક્ષુની. હવે અહીંયાં ફોડ ન પાડ્યો કે જ્ઞાનીની વાત છે. પણ ઈ વાંચનારે સમજવું જોઈએ. નહિતર અજ્ઞાની એમ પકડી લે કે હું મારા દષ્ટિના બળથી આગળ જઈશ. તારી દષ્ટિ ઊંધી છે ક્યાંથી આગળ જઈશ? પાછળ જઈશ તું તો. એટલે શાસ્ત્રમાં એવું છે કે ક્યાં વાત મુમુક્ષુમાંથી જ્ઞાનીમાં ફરે છે અને જ્ઞાનીમાંથી મુમુક્ષુ માટે ફરે છે એ કંઈ વાતે વાતે કહે નહિ કહેનાર. એ સમજાય નહિ તો એકના બદલે બીજું પકડે. જ્ઞાનીની વાત પોતા માટે પકડી લ્યે અને કાં પોતાની મુમુક્ષુની વાત જ્ઞાનીમાં લાગુ કરે. એ પોતાની મેળે ન સમજણ પડે તો સત્સંગથી એની ચર્ચામાં ખબર પડે.

'**દષ્ટિના બળથી આગળ જવાય છે પણ તેથી દ્રવ્યમાં કાંઈ છે જ નહીં એવો અર્થ નથી.**' કેમકે દષ્ટિ તો વિષય કરશે જ નહિ ભેદને. એનો અર્થ એમ નથી થતો કે દ્રવ્યમાં કાંઈ છે જ નહિ. ગુણભેદ કે પર્યાયભેદ છે જ નહિ એવો અર્થ એનો થતો નથી. અને છે માટે એની મુખ્યતા થાય એ જરૂરી નથી અને છે માટે એનો વિષય થાય એ પણ જરૂરી નથી. ગર્ભિતપણે આવી જવું જોઈએ એનું જ્ઞાન.

'**સિદ્ધ ભગવાન પણ અનંત ગુણની અનંત પર્યાયમાં બિરાજે છે,...**' સિદ્ધ ભગવાન પોતાના અનંતે અનંત ગુણની સંપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થઈને એમાં બિરાજમાન છે. સિદ્ધ ભગવાન ક્યાં બિરાજે છે? કે પોતાની અનંત ગુણની, અનંત શુદ્ધ પર્યાયોમાં બિરાજે છે. '**તેમને અનંતી પર્યાયો સમયે-સમયે પ્રગટયા કરે છે,...**' તેમને અનંતી પર્યાયો સમયે સમયે સર્વ ગુણની, અનંતે અનંત ગુણની ચાલુ જ છે. કહેવાય સાદિઅનંત કાળ સિદ્ધ અવસ્થા અભેદપણે. અભેદપણે શું કહેવાય? કે સાદિઅનંત કાળ એવી

ને એવી પૂર્ણ શુદ્ધ પર્યાયો રહેશે. માટે સાદિઅનંત કાળ સિદ્ધ એવા ને એવા છે. પણ સમયે સમયની અવસ્થા છે ત્યાં. પલટતી એવી સમય સમયની અવસ્થા ભિન્ન ભિન્ન છે. એક સમયની છે તે બીજા સમયની નથી. એવી ને એવી હોય તોપણ. તો સર્વથા એવી ને એવી નથી. એમાં અગુરુલઘુગુણની ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ હોય છે.

દાખલા તરીકે જ્ઞાન અને દર્શન. તો વર્તમાન સમયની કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાયમાં આખું જગત એની વર્તમાન અવસ્થાએ ઝલકે છે. વર્તમાનરૂપે વર્તતું એવું. અને ભૂત-ભવિષ્યની પર્યાય છે એ ભૂત-ભવિષ્યની પર્યાયરૂપે ઝલકે છે. બીજા સમયે, પહેલા સમયની વર્તમાન અવસ્થા ભૂતમાં ગઈ અને ભાવિનાં ક્રમમાં ઊભી હતી એ વર્તમાન થઈ. ફર્યું કે ન ફર્યું? જ્ઞાન એવું ને એવું કહેવાય કેવળજ્ઞાન. ફેરફાર છે એમાં. વર્તમાનનું ભૂત થયું અને ભવિષ્યનું વર્તમાન થયું એટલો ફેર થઈ ગયો. થયું કે ન થયું? એમ. જ્ઞેયમાં એ ફેર થયો. એટલો જ્ઞાનમાં ફેર થયો. જેટલો જ્ઞેયમાં ફેર થયો એટલો જ્ઞાનમાં ફેર થયો.

મુમુક્ષુ :- જે ૧૫ નંબર પર ક્રમમાં પર્યાય હતી એ ૧૪માં આવી ગઈ. ઠેઠ સુધીનો ફરક પડી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંતો ફેર પડ્યો. એટલે તો એને ષટ્‌ગુણહાનિવૃદ્ધિમાં અનંતતા લીધી છે કે નથી લીધી? અનંતતા લીધી છે એની.

'તેમને અનંતી પર્યાયો સમયે-સમયે પ્રગટ્યા કરે છે, અગુરુલઘુરૂપે પણ પરિણમી રહ્યા છે,...' અગુરુલઘુરૂપે પણ પરિણમી રહ્યા છે. જુઓ, એ વાત લીધી છે. ષટ્‌ગુણહાનિવૃદ્ધિ છે ને એમાં અનંત જ છે. **'તેવો જ વસ્તુનો સ્વભાવ છે.'** એ પણ વસ્તુનું સ્વરૂપ છે. **'પણ તું ભેદ ઉપર દૃષ્ટિ ન કર.'** ઉપદેશમાં એમ આવે. ઉપદેશમાં એમ આવે કે તું ભેદ ઉપર દૃષ્ટિ ન કર. ઓલો જે દાગીનો છે એ જ્યારે પહેર્યો ત્યારે ખરીદતી વખતે જે જે ભેદોની તે તપાસણી કરી હતી, તે તે ભેદોના વિચારમાં જાય તો પહેર્યાનો આનંદ ખોવો પડે અને અભેદ અવલંબને પહેર્યાનો આનંદ લે ત્યારે એને ભેદ કાંઈ વિચારમાં કે પરિણમનમાં કે અવલંબનમાં હોય નહિ. આમ અભેદના અવલંબનમાં આનંદની ઉત્પત્તિ સાથે સબંધ છે.

મુમુક્ષુ :- પ્રયોજન સાથે સબંધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને પ્રયોજન આનંદનું છે, સુખનું છે. એટલે પ્રયોજનની સિદ્ધિ અર્થે, પ્રયોજનની પ્રાપ્તિ અર્થે એમ કહે છે કે તું અભેદ ઉપર દૃષ્ટિ કર, ભેદ ઉપર દૃષ્ટિ ન કર એવો ઉપદેશ છે. એવો ઉપદેશ વ્યવહારે છે. એવો ઉપદેશ પણ વ્યવહારે છે.

મુમુક્ષુ :- નિશ્ચયે શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયે ઉપદેશ પ્રમાણે પરિણમન થઈ જાય એવું કોઈ જરૂરી નથી. માત્ર વચન વ્યવહારથી એવો ઉપદેશ છે. અનુભવપ્રકાશમાં એવું લીધું છે. માત્ર વચન વ્યવહારથી આવો ઉપદેશ છે. એમ ન કર, એમ કરીને કોઈ કર્તાબુદ્ધિથી કરાવવી નથી. આમ કર, આમ ન કર. અભેદ ઉપર દૃષ્ટિ કર, તો કંઈ કર્તૃત્વબુદ્ધિ થવાની છે? તો પછી એવો ઉપદેશ? તો કહે એ વચન વ્યવહાર છે.

મુમુક્ષુ :- એની મર્યાદા સીમિત છે.

પૂજ્ય ભાઈશ્રી :- એની મર્યાદા એટલી જ છે, એથી વધારે નથી. કેમકે ઉપદેશમાં કહેનાર, સાંભળનાર વચ્ચે વ્યવહાર થાય છે. પરિણમન યોગ્યતા અનુસાર સ્વકાળે છે. એ કહેનાર પણ સમજે છે અને સાંભળનાર પણ સમજે છે અથવા સમજવું જોઈએ.

મુમુક્ષુ :- છતાંય પરિણમન પરિણમનને લાવે છે, એ વાત પણ ઊભી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે. પણ એ સહજ છે, એ સહજ છે. પરિણમન, પરિણમનને લાવે છે એમાં પરિણમન બદલાઈ જાય છે. જે સામે પરિણમન જોવાય છે, ત્યાંથી પરિણમન પાછું વળીને અહીંયાં આવી જાય છે, પછી ફરે છે. પોતાની અસર પોતામાં અનુભવાય છે, પરમાં અનુભવાતી નથી. નિમિત્ત-નૈમિત્તિક સબંધ છે અથવા એવા પરના સંસ્કારને ઝીલવાની યોગ્યતા પર્યાયમાં પર્યાય ધર્મમાં છે. પર્યાયના પર્યાય ધર્મમાં છે. એમ છે.

મુમુક્ષુ :- ઉપદેશક નિમિત્તની અપેક્ષા એ નિશ્ચય છે અને ઉપાદાનની અપેક્ષાએ વ્યવહાર છે. એમ લઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની અપેક્ષાએ ઠીક છે. પોતાની અપેક્ષાએ એવું એનું નિશ્ચય પરિણમન છે.

'તું ભેદ ઉપર દૃષ્ટિ ન કર. ગુણભેદમાં રોકાવાથી તું આગળ નહીં જઈ શકે, તેથી એક સામાન્ય મૂળ વસ્તુના અસ્તિત્વ ઉપર લક્ષ કર તેમ કહે છે.' એવો ઉપદેશ છે કે આમ લક્ષ કર, આમ અવલંબન લે. એવો ઉપદેશ છે. **'જો બધું કાઢી નાખીશ...'** એટલે દ્રવ્ય, ગુણ પર્યાયને કાઢી નાખીશ તું, એટલે છે જ નહિ એમાં **'તો તત્ત્વ શૂન્યાકાર થઈ જશે, પણ એવું વસ્તુનું સ્વરૂપ નથી.'** એ વસ્તુની સ્થિતિ નથી, એ તો વેદાંત થઈ જશે. **'ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ તત્ત્વ છે.'** સૂત્ર પણ એવું છે કે, **'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ્ સત્...'** **'તેવું દ્રવ્યનું સ્વરૂપ છે.'** હવે એ દ્રવ્ય પ્રમાણનું છે. ઉપર જે વાત કીધી કે દ્રવ્ય-ગુણ ભેદને પણ સ્પર્શતું નથી એ દ્રવ્યસ્વભાવની

વાત છે. હવે દ્રવ્યમાં દ્રવ્યસ્વભાવને પણ દ્રવ્ય કહેવાય અને પ્રમાણરૂપ આખી વસ્તુને પણ દ્રવ્ય કહેવાય. હવે કયા દ્રવ્યમાં શું કહેવા માગે છે એ ન સમજે તોપણ એકની જગ્યાએ બીજું પકડે.

જેમ માણસ ખાય ઈ એક વાત છે. ખાવું એક વાત છે અને પચાવવું બીજી વાત છે કે નહિ? ખાવાથી શક્તિ આવે છે એમ હોય તો તો માણસ કેટલું ખાય એનો હિસાબ જ ન રહે. પચે એટલી શક્તિ આવે. શરીરમાં શક્તિ કેટલી આવે? પચે એટલી શક્તિ આવે. વધારે ખાય અને અપચો થાય તો અશક્તિ આવે. વધારે ખાવાથી અશક્તિ આવે. ઓછું ખાવાથી તો અશક્તિ આવે, ન ખાવાથી તો અશક્તિ આવે, પણ વધારે ખાવાથી પણ અશક્તિ આવે. આ બધું જ્ઞાન એવું છે. સમજવું એને ગ્રહણ કર્યું એમ કહેવાય. પણ પચાવે એટલી શક્તિ આવે. પચાવવા માટે પ્રેક્ટિસ જોઈએ. સમજવા માટે વિચારશક્તિ જોઈએ અને પચાવવા માટે પ્રેક્ટિસ જોઈએ. એમ છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન-૩૮૧

પ્રશ્ન :- સ્વજનના અવસાન પ્રસંગે મુમુક્ષુ પોતાનું દુઃખ વ્યક્ત કરે છે : સ્વજન યાદ આવે છે, આકુળતા થાય છે, શાંતિ લાગતી નથી. શું કરવું?

સમાધાન :- સંસારમાં તો આવું થયા જ કરે છે. સંસાર તો આવો છે. દુઃખથી ભરેલો છે. તેના ઉપર લક્ષ કરવાથી આકુળતા-દુઃખ થાય છે.

મુમુક્ષુ :- બહુ આકુળતા થાય છે, યાદ બહુ આવે છે.

બહેનશ્રી :- યાદ આવે તો વિચારો ફેરવી નાખવા. યાદ આવે ત્યારે સારા સારા પ્રસંગો યાદ કરવા. ગુરુદેવના પ્રસંગો યાદ કરવા. ગુરુદેવ મળ્યા તેનાથી બીજું શું વિશેષ છે? તે યાદ કરવું, ગુરુદેવ મળ્યા ને આવો ઉપદેશ મળ્યો, તે ઉપદેશ યાદ કરવો તેમાં મનુષ્યજીવનની સફળતા છે. બાકી આવું તો સંસારમાં

ચાલ્યા જ કરે છે. આવા અનંત જન્મ–મરણ કર્યા છે. આ જીવે દેવના, ઢોરના, નારકીના ને મનુષ્યના અનંતા ભવ કર્યા છે. તિર્યંચમાં પણ અનંતવાર જઈ આવ્યો ને ત્યાં ભૂખના–પ્યાસના–રોગના એમ અનેક જાતનાં દુઃખો સહન કર્યાં છે, નરકમાં કેટલાં દુઃખ સહન કર્યાં છે! એવાં દુઃખો સહન કરી કરીને આ મનુષ્યભવ માંડ માંડ મળ્યો છે. તેમાં આવો પ્રસંગ બન્યો તો પોતે મનને ફેરવી નાંખવું કે મારે તો મારા આત્માનું કરી લેવું છે. ગુરુદેવ મળ્યા છે તો વાંચન, વિચાર, દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા તે કરવા જેવાં છે. જે પ્રસંગ બન્યો તેમાં શાંતિ રાખવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, માટે શાંતિ જ રાખવી. આકુળતા કરવાથી તો કર્મબંધ થાય, માટે શાંતિ રાખવી તે સુખદાયક છે. મનને ફેરવી નાખવું.

ગુરુદેવનાં પ્રવચનોની ટેપ મૂકવી, શાસ્ત્ર વાંચવાં, જેમાં પોતાને રસ પડે ને સમજાય તેનું વાંચન કરવું તથા ચિત્તને તેમાં જોડી દેવું તે જ કરવા જેવું છે; ગમે તેવા દુઃખના પ્રસંગમાં વૈરાગ્યમાં ઝંપલાવવું તે આત્માર્થીનું કર્તવ્ય છે. પોતાને શ્રેયરૂપ અને સુખદાયક તે એક જ છે. બાકી આવાં જન્મ–મરણ અનંત કર્યાં છે. લોકના જેટલા પરમાણુ છે તે બધા ગ્રહણ કર્યા અને છોડ્યા, લોકનાં બધાં ક્ષેત્રે જન્મ–મરણ કરી ચૂક્યો. અવસર્પિણી–ઉત્સર્પિણી કાળના એક એક સમયે અનેકવાર જન્મ–મરણ કરી ચૂક્યો તો પણ ભવનો અભાવ થયો નથી. ભવનો અભાવ તો ગુરુદેવનો બતાવેલો માર્ગ ગ્રહણ કરે તો થાય. એવી જાતની ભાવના કરવી કે હવે આવા કોઈ પ્રસંગો જ ન બને. બસ, આત્મા સ્વરૂપે અશરીરી છે, તો હવે શરીર જ ન મળે, આત્મા એકલો ચૈતન્ય જ્ઞાયક છે તે ઓળખાઈ જાય અને જ્ઞાયકની મહિમા આવે એ જ કરવા જેવું છે. આત્મા પોતે જ્ઞાયક છે, અપૂર્વ આનંદથી ભરેલો છે. આનંદ–સુખ બધું આત્મામાં છે. તેને યાદ કરવો. બીજું યાદ આવે તો વિચારો ફેરવી નાખવા.

બહારનું યાદ કરવાથી અશુભ કર્મબંધન થાય માટે વિચારો ફેરવી નાખવા. બધા સારા પ્રસંગો યાદ કરવા. બનેલા પ્રસંગને બહુ લંબાવીને યાદ જ ન કરવો. તેને વિસ્મરણ કરી, સ્મરણ કરવા યોગ્ય દેવ–શાસ્ત્ર–ગુરુ અને તેમના પ્રસંગો યાદ કરવા, મહાપુરુષોનાં ચરિત્રો યાદ કરવાં. આવા પ્રસંગો તો ચોથા કાળમાં પણ બનતા હતા. રામ–લક્ષ્મણ–સીતા જેવાને વનમાં જવું પડ્યું હતું, સીતાજીની અગ્નિ–પરીક્ષા થઈ હતી. આ તો પંચમકાળ છે, એમાં તો આવું બન્યા જ કરે છે. માટે શાંતિ રાખવી તે જ એક સુખદાયક છે.

મુમુક્ષુ :– છોકરાંઓ નાનાં એટલે યાદ આવે.

બહેનશ્રી :– સૌનાં પુણ્ય સૌની પાસે છે, તેની ચિંતા જ ન કરવી. પોતાના

રાગને લઈને વિકલ્પ આવે પણ આકુળતા ન કરવી.

મુમુક્ષુ :– વાંચન કરવાથી ઘણું સમાધાન થાય છે.

બહેનશ્રી :– વાંચન કર્યા કરવું. હિંમત જ રાખવા જેવી છે.

મુમુક્ષુ :– શાંતિ રાખીએ, પણ પાછું યાદ આવી જાય છે.

બહેનશ્રી :– શાંતિ ઘણી રાખી છે, પણ વધારે પુરુષાર્થ કરવો. અત્યારે ધર્મ કરવાનો ટાઈમ મળ્યો છે. બધા સંયોગો છે તે પુણ્ય–પાપના ઉદયને કારણે છે, તે પોતાના હાથની વાત નથી. જે કાળે જે બનવાનું હોય તે બને છે. તેમાં કોઈનું ડહાપણ કામ નથી આવતું. જે કાળે–જ્યારે–જે સમયે દેહ છૂટવાનો હોય ત્યારે કોઈનું ડહાપણ કામ ન આવે. વિચાર આવે, પણ જ્યારે આયુષ્ય પૂરું થાય ત્યારે કોઈનું ચાલતું નથી. કોઈના વિકલ્પ કામ નથી આવતા. આયુષ્ય હોય તો ગમે તેવા સંયોગમાં દવા લાગુ પડે છે, આયુષ્ય પૂરું થાય ત્યાં કોઈ દવા લાગુ પડતી નથી. ગમે તેવા દુઃખના પ્રસંગોમાં શાંતિ રાખવી. સંસાર આવો છે, સંયોગો ક્ષણિક છે. ગમે તેવી સ્થિતિમાં ગુરુદેવનો એક મંત્ર યાદ કરીએ તો ઘણું સમાધાન થાય એમ છે. શુભભાવમાં દેવ–શાસ્ત્ર–ગુરુ શરણ છે, અંતરમાં જ્ઞાયક જુદો છે તે શરણ છે.

મુમુક્ષુ :– ગુરુદેવ બહુ યાદ આવે છે.

બહેનશ્રી :– ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ કેમ ભુલાય? કુદરત આગળ કોઈનો ઉપાય નથી. એવા મહાપુરુષ તો શાશ્વત રહે એવી ભાવના થાય; પણ કુદરત આગળ કોઈનો ઉપાય નથી. ગુરુદેવે જે ઉપદેશ આપ્યો છે તે અંતરમાં જમાવટ કરી આગળ જવું તે એક જ ઉપાય, અંતરમાં કરવાનો છે.

પદ્મનંદી આચાર્ય કહે છે કે મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ મારા અંતરમાં કરી છે તે ઉપદેશની જમાવટ આગળ મને કાંઈ પ્રિય નથી, પૃથ્વીનું રાજ્ય પણ પ્રિય નથી. પૃથ્વીનું રાજ્ય તો શું, પણ ત્રણ લોકનું રાજ્ય મળે તો પણ તે મને પ્રિય નથી. મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ કરી છે તેની મને એટલી ભક્તિ છે કે મારા હૃદયની અંદર બીજા કોઈની મને રુચિ નથી. આ જગતની અંદર શું અપૂર્વ છે? કાંઈ અપૂર્વ નથી. જીવને અનંતકાળમાં બધું મળી ચૂક્યું છે. તેને દેવલોકનાં પદ મળી ચૂક્યાં છે. મોટી–મોટી પદવીઓ મળી ચૂકી છે, પણ તેમાં જીવને ક્યાંય શાંતિ મળી નથી.

ગુરુદેવે તો વર્ષો સુધી વાણી વરસાવી છે અને બધા ભક્તોને તૈયાર કર્યા છે. તેની આગળ બધી બહારની ઋદ્ધિ તુચ્છ છે, બહારના બધા સંયોગો તુચ્છ છે.

જેમ પૂર્વભવનું વીસરાઈ ગયું છે તેમ આ ભવમાં જે બન્યું તે બધું વીસરી

જવું. હવેથી નવું જીવન શરૂ કરવાનું છે. ગયો ભવ જેમ ગયો તેમ આ ભવમાં જે થયું તે વીસરી જવું. નવી જિંદગી જાણે કરવાની હોય એવો વિચાર કરવો. ૩૮૧.

તા. ૬-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૩૮૧
પ્રવચન નં. ૪૮-એ

નોંધ :- શરૂઆતની પંદર મિનિટની તત્ત્વચર્ચા હોવાથી લેવામાં આવેલ નથી.

(૧૮:૦૦ મિનિટથી)

'**પ્રશ્ન :- સ્વજનના અવસાન પ્રસંગે મુમુક્ષુ પોતાનું દુઃખ વ્યક્ત કરે છે : સ્વજન યાદ આવે છે, આકુળતા થાય છે, શાંતિ લાગતી નથી. શું કરવું?**' કોમન, સામાન્ય મુમુક્ષુને આ પ્રકારના પરિણામ સહજ રીતે, સાધારણપણે કોમન હોય જ છે. એવો પ્રશ્ન છે. તો કોઈએ પ્રશ્ન કર્યો છે એ પોતાનાં પ્રસંગ ઉપરથી કરેલો છે. ૩૮૧મો, પાનું-૨૧૩.

'**સમાધાન :- સંસારમાં તો આવું થયા જ કરે છે.**' આ કાંઈ અસામાન્ય નથી, સામાન્ય છે. '**સંસાર તો આવો છે.**' આવો છે એટલે '**દુઃખથી ભરેલો છે.**' બધાં દુઃખી જ છે, સંસારમાં બધાં દુઃખી જ છે. કોઈ આધિથી, કોઈ વ્યાધિથી, કોઈ ઉપાધિથી દુઃખી જ છે. '**તેના ઉપર લક્ષ કરવાથી આકુળતા-દુઃખ થાય છે.**' એના ઉપર લક્ષ જાય છે એટલે દુઃખ થાય છે. જે મુમુક્ષુ છે એણે પ્રશ્ન કર્યો છે કે '**આકુળતા તો બહુ થાય છે, ને યાદ (પણ) બહુ આવે છે.**'

તો બહેનશ્રી કહે છે કે, '**યાદ આવે તો વિચારો ફેરવી નાખવા.**' વિચારો ફેરવી નાખવા. હવે કેવી રીતે ફેરવી નાખવા એ કહેશે. '**યાદ આવે ત્યારે સારા સારા પ્રસંગો યાદ કરવા.**' સારા પ્રસંગોમાં શું? કે, '**ગુરુદેવના પ્રસંગો યાદ કરવા.**' એટલે શું કીધું? ગુરુનો આધાર લેવો. આત્માનો આધાર હાથમાં નથી આવ્યો તો તું ગુરુનો આધાર

લે. '**ગુરુદેવ મળ્યા તેનાથી બીજું શું વિશેષ છે?**' આવો સરસ મને યોગ મળ્યો એનાથી શું વિશેષ છે? એની પાસે બધું ગૌણ છે. '**તે યાદ કરવું, ગુરુદેવ મળ્યા ને આવો ઉપદેશ પણ મળ્યો,...**' આવું તત્ત્વ સમજવા મળ્યું, સાંભળવા મળ્યું. પરિભ્રમણ છોડાવે, ભવદુઃખથી છોડાવે એવો વિષય સામે સાંભળવા મળ્યો. '**તે ઉપદેશ યાદ કરવો તેમાં મનુષ્યજીવનની સફળતા છે.**' એવો જે ઉપદેશ છે એ જન્મ-મરણથી મુક્ત કરાવનારો ઉપદેશ છે. એમાં સફળતા છે મનુષ્યભવની, જીવનની એમાં સફળતા છે. જો ઉપદેશ ગ્રહણ કરે, અંગીકાર કરે તો. '**બાકી આવું તો સંસારમાં ચાલ્યા જ કરે છે.**' હળવું કરી નાખ્યું. આવું તો બધું ચાલ્યા જ કરે છે અને ચાલ્યા જ કરવાનું. '**આવા અનંત જન્મ-મરણ કર્યા છે.**' અથવા આવા અનંત સંયોગ-વિયોગ થયા છે. સંયોગ પણ આવા અનંત થયા અને વિયોગમાં પણ આવા અનંત થયા. આ તો એક વધારાનું આ વખતનું (થયું) એમ કહે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે જે કીધું હતું કે પારકાના મૃત્યુને જોવે છે એના પ્રત્યે એને ઉપેક્ષાવૃત્તિ રહે છે તો અહીંયાં ઉપેક્ષાવૃત્તિ લાવવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ભિન્નપણું ચિંતવે તો, તો પારકાપણું આવે. તો સાચી ઉપેક્ષાવૃત્તિ આવે. પણ એટલું ભેદજ્ઞાન સુધી આત્માને કેળવ્યો ન હોય અને ભિન્નપણું ન આવતું હોય તો શું કરવું? કે તોપણ વિચારો ફેરવવા અને એ વિચારોને આ રીતે ફેરવવા કે મહાપુરુષને યાદ કરીને અને એના ઉપદેશને સ્મરણમાં લઈને.

'**આવા અનંત જન્મ-મરણ કર્યા છે.**' આ જીવે દેવના ભવ અનંતા કર્યો, પશુના ભવ પણ અનંતા કર્યા ઢોરનાં, નારકીનાં પણ અનંતા કર્યા અને મનુષ્યનાં પણ અનંતા ભવ કર્યા છે. બીજા બધાં વધારે અનંતા કર્યા છે, મનુષ્યના ઓછા થાય છે. પણ કર્યા છે ઈ પણ અનંતા. અનંત ભવ કર્યા છે. '**તિર્યંચમાં પણ અનંતવાર જઈ આવ્યો ને ત્યાં ભૂખના-પ્યાસના-રોગના એમ અનેક જાતનાં દુઃખો સહન કર્યાં છે, નરકમાં કેટલાં દુઃખ સહન કર્યાં છે!**' એટલી તરસ લાગે કે પાણીનો દરિયો પી જાઉં. કેટલી? પાણીનો આખો દરિયો પી જાઉં એટલી તરસ લાગે અને પાણીનું એક ટીપું મળે નહિ એને. એવું આર્તધ્યાન થાય... એવું આર્તધ્યાન થાય. એવી જ રીતે એટલી ભૂખ લાગે અને એક કણ ન મળે આહારનો. એવા ભૂખના દુઃખ, તરસના દુઃખ, એવા નરકમાં તીવ્ર દુઃખો છે એ બધાં (સહન કર્યા છે).

મુમુક્ષુ :- કૈસી હાલત હોતી હોગી ભૂખ-પ્યાસ સે....

પૂજ્ય ભાઈશ્રી :- હાં.

'**એવાં દુઃખો સહન કરી કરીને આ મનુષ્યભવ માંડ માંડ મળ્યો છે.**' એ બધાં

કર્મ ભોગવી ભોગવીને હળવો થયો અને માંડ મનુષ્યભવ મળ્યો. '**તેમાં આવો પ્રસંગ બન્યો તો પોતે મનને ફેરવી નાંખવું,...**' મનને ફેરવી નાખવું—ઉપયોગ બદલી નાખવો. ઉપયોગ જાય તો દુઃખ થાય અને ઉપયોગ ફરે તો પરિસ્થિતિ તો કાંઈ બદલાણી નથી. છતાંય દુઃખ નહિ થાય. તો ઉપયોગ ફેરવી નાંખવો. એ તો આ બધા અત્યારે જે યુક્તિ, પ્રયુક્તિ છે એ ઉપયોગ ફેરવવાની જ છે. એ સાંસારિક પ્રક્રિયાથી ઉપયોગ ફેરવાવે છે. બધા મળવા આવે, હળવા આવે, આમ થાય, તેમ થાય, આશ્વાસન આપે. એ ઉપયોગ ફેરવવા માટે વાત છે. આ યથાર્થ પ્રકારે ઉપયોગને ફેરવી નાખવો.

ઉપયોગને '**મનને ફેરવી નાખવું કે મારે તો મારા આત્માનું કરી લેવું છે.**' મુખ્ય વાત એ છે. મારે મારું આત્મકલ્યાણ કરી લેવું છે. પોતાના પ્રાણ કયારે છૂટે શું ખબર પડે? કર્યું એટલું કામનું. રહી ગયું એટલું રહી ગયું. '**ગુરુદેવ મળ્યા છે તો વાંચન, વિચાર, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા તે કરવા જેવાં છે.**' ઓળખીને કરે તો જુદી વાત છે, નહિતર નિષ્કામભાવે પણ એ કરવા જેવાં છે. '**જે પ્રસંગ બન્યો તેમાં શાંતિ રાખવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, માટે શાંતિ જ રાખવી.**' આર્ત-રૌદ્રધ્યાન થાય તો માઠા કર્મ બંધાય. એટલે શાંતિ રાખવાની વાત છે. '**આકુળતા કરવાથી તો કર્મબંધ થાય, માટે શાંતિ રાખવી તે સુખદાયક છે. મનને ફેરવી નાખવું.**' સમજણથી. આવી બધી સમજણથી મનને ફેરવી નાખવું. સમજણથી મનને ફેરવો તો યથાર્થ છે, નહિતર બીજા સંસારીઓ પણ મન ફેરવવા માટે યુક્તિ-પ્રયુક્તિ તો કરશે જ.

'**ગુરુદેવનાં પ્રવચનોની ટેપ મૂકવી, શાસ્ત્ર વાંચવાં, જેમાં પોતાને રસ પડે ને સમજાય તેનું વાંચન કરવું,...**' જેમાં ઉપયોગ લાગે એ કરવું. '**તથા ચિત્તને તેમાં જોડી દેવું તે જ કરવા જેવું છે; ગમે તેવા દુઃખના પ્રસંગમાં વૈરાગ્યમાં ઝંપલાવવું તે આત્માર્થીનું કર્તવ્ય છે.**' આ કૃપાળુદેવનું ઉપોદ્‌ઘાતમાં છે ને? ભાવનાબોધના ઉપોદ્‌ઘાતમાં લીધું છે. ગમે તેવા માયિક પ્રસંગમાં અથવા કોઈપણ પ્રસંગમાં ઉજ્જ્વળ આત્માઓ વૈરાગ્યમાં ઝંપલાવે છે. એનો અર્થ ક્યાંય ઉદયમાં રસ લેતા નથી. જે હળુકર્મી જીવો છે તે ઉદયમાં રસ લેતા નથી. '**પોતાને શ્રેયરૂપ અને સુખદાયક તે એક જ છે. બાકી આવાં જન્મ-મરણ અનંત કર્યાં છે.**' આવાં પ્રકાર બધાં અનંતા ભજ્યા છે.

'**લોકના જેટલા પરમાણુ છે તે બધા ગ્રહણ કર્યા અને છોડ્યા,...**' સામગ્રીમાં, સંયોગમાં બધાં પરમાણુ આવી ગયા. '**લોકનાં બધાં ક્ષેત્રે જન્મ-મરણ કરી ચૂક્યો.**' ઓલું દ્રવ્ય પરિભ્રમણ થયું. દ્રવ્ય પરાવર્તન. આ ક્ષેત્ર પરાવર્તન. બધે જન્મ્યો ને

મર્યો બધા ક્ષેત્રમાં. '**અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના એક એક સમયે અનેકવાર જન્મ-મરણ કરી ચૂક્યો,...**' એ કાળ પરાવર્તન. '**તો પણ ભવનો અભાવ થયો નથી. ભવનો અભાવ તો ગુરુદેવનો બતાવેલો માર્ગ ગ્રહણ કરે તો થાય.**' એ જ્ઞાનીપુરુષના માર્ગે ચાલે તો થાય. સીધી વાત એ છે. જ્ઞાનીની આજ્ઞાએ ચાલવું છે, જ્ઞાનીએ બતાવેલા માર્ગે ચાલવું છે એવો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. બીજી રીતે કલ્પના કરીને મારે ચાલવું નથી. એનો અર્થ શું છે? કે બીજી રીતે કે કોઈ પણ પ્રકારે કલ્પના કરીને મારે ચાલવું નથી. ડૉક્ટરો એમ કહેતાં. ગુરુદેવ છે ને પેશન્ટ તરીકે આવા પેશન્ટ અમે જોયા નથી. જેટલું કહીએ એટલું જ કરે છે. એમ કહે ને ભાઈ આમ કરવાનું એટલે આમ જ કરવાનું. આમ નહિ કરવાનું એટલે આમ નહિ કરવાનું. પાલન. કાર્યની પદ્ધતિ છે ને. એમ. '**ભવનો અભાવ તો ગુરુદેવનો બતાવેલો માર્ગ ગ્રહણ કરે તો થાય.**' પોતાની કલ્પનાએ માર્ગ કરવા જાય તો ન થાય.

'**એવી જાતની ભાવના કરવી કે હવે આવા કોઈ પ્રસંગો જ ન બને.**' ફરીને આ રીતે દુઃખી થાવું પડે નહિ એવી ભાવના ભાવવી. '**બસ, આત્મા સ્વરૂપે અશરીરી છે,...**' મારો આત્મા જ અશરીરી છે, '**તો હવે શરીર જ ન મળે આત્મા પોતે જ્ઞાયક છે, અપૂર્વ આનંદથી ભરેલો છે.**' પ્રદેશે-પ્રદેશે, ઠાંસી-ઠાંસીને, અનંત-અનંત આનંદ ભરેલો છે. '**આનંદ-સુખ બધું આત્મામાં છે.**' સુખ અને આનંદ બધું આત્મામાં, શાંતિ પણ આત્મામાં છે. '**તેને યાદ કરવો.**' તેનું સ્મરણ કરવું. પોતાના સ્વભાવનું સ્મરણ કરવું. '**બીજું યાદ આવે તો (પણ) વિચારો ફેરવી નાખવા.**' કેમકે એ તો આર્તધ્યાન તો વિચાર આવે ત્યારે થાય છે. વિચાર ફેરવી નાખો તો એને એ પરિસ્થિતિમાં દુઃખ નહિ થવાનું. ઉપયોગ ફરે તો કાંઈ પરિસ્થિતિ નથી ફરતી. પણ ઉપયોગ ન ફરે તો દુઃખ થાય, આર્તધ્યાન થાય અને ઉપયોગ ફરે તો આર્તધ્યાન છૂટી જાય.

'**બહારનું યાદ કરવાથી અશુભ કર્મબંધન થાય માટે વિચારો ફેરવી નાખવા. બધા સારા પ્રસંગો યાદ કરવા.**' સારા એટલે ધાર્મિક. અહીંયાં સારા એટલે ધાર્મિક. એ તો શું હતું કે ગુરુદેવ હતા તો ગુરુદેવ સાથે યાત્રામાં ગયા હોય, ગુરુદેવ સાથે ચર્ચા થઈ હોય, એ બધાં. એ બધા પ્રસંગો યાદ કરવા. '**બનેલા પ્રસંગને બહુ લંબાવીને યાદ જ ન કરવો. તેને વિસ્મરણ કરી, સ્મરણ કરવા યોગ્ય દેવ-શાસ્ત્ર-ગુરુ અને તેમના પ્રસંગો યાદ કરવા, મહાપુરુષોનાં ચરિત્રો યાદ કરવાં.**' પાર્શ્વનાથ ભગવાન જેવાને કેવા પ્રતિકૂળ ઉદયો આવ્યા છે. '**આવા પ્રસંગો તો ચોથા કાળમાં પણ બનતા હતા.**' આ બધા પુરાણો તો બધા ચોથા કાળના પુરુષોના જ લખાણાં છે. '**રામ-લક્ષ્મણ-સીતા જેવાને વનમાં જવું પડ્યું હતું,...**' અયોધ્યાની ગાદી ઉપર બેસવાની

તૈયારી થઈ ત્યાં વનવાસ સ્વીકાર્યો પોતે. '**સીતાજીની અગ્નિ-પરીક્ષા થઈ હતી. આ તો પંચમકાળ છે, એમાં તો આવું બન્યા જ કરે છે.**' અત્યારે પુણ્યના ઉદયો તો ચોથા કાળ જેવા તો હોતા નથી. '**એમાં આવું તો બન્યા જ કરે છે. માટે શાંતિ રાખવી તે જ એક સુખદાયક છે.**' ત્યારે જેને ત્યાં પ્રસંગ બન્યો છે એમાં કોઈ નાના બાળકો પણ હશે. જે ચાલ્યું ગ્યું હોય એનાં બાળકોની વાત કરે છે.

'**મુમુક્ષુ :- છોકરાંઓ નાનાં એટલે યાદ આવે.**' કે આનું હવે કોણ કરશે? આમ છે, તેમ છે.

'**બહેનશ્રી :- સૌનાં પુણ્ય સૌની પાસે છે,**' એ નસીબ લઈને આવ્યા છે. '**તેની ચિંતા જ ન કરવી.**' પોતાના નસીબ લઈને આવ્યા છે. '**પોતાના રાગને લઈને વિકલ્પ આવે પણ આકુળતા ન કરવી.**' તને એવી ચિંતા થાય છે એ તારો રાગ છે. બાકી એ એનું નસીબ લઈને આવ્યા છે.

'**મુમુક્ષુ :- વાંચન કરવાથી ઘણું સમાધાન થાય છે.**'

'**બહેનશ્રી :- વાંચન કર્યા કરવું.**' વાંચન કર્યા કરવું. '**હિંમત જ રાખવા જેવી છે.**'

'**મુમુક્ષુ :- શાંતિ રાખીએ, પણ પાછું યાદ આવી જાય છે.**' વચ્ચે-વચ્ચે. પ્રેક્ટિકલી જે બને છે ઈ એણે વાત કરી છે.

'**બહેનશ્રી :- શાંતિ ઘણી રાખી છે, પણ વધારે પુરુષાર્થ કરવો. અત્યારે ધર્મ કરવાનો ટાઈમ મળ્યો છે.**' આ મોકો ધર્મ કરવાનો છે. '**બધા સંયોગો છે તે પુણ્ય-પાપના ઉદયને કારણે છે, તે પોતાના હાથની વાત નથી. જે કાળે જે બનવાનું હોય તે બને છે. તેમાં કોઈનું ડહાપણ કામ નથી આવતું.**' આમ કર્યું હોત તો આમ થાત અને આમ કર્યું હોત તો આમ થાત. એ બધી વાતો છે. બનનાર તે ફરનાર નથી. '**જે કાળે-જ્યારે-જે સમયે દેહ છૂટવાનો હોય ત્યારે કોઈનું ડહાપણ કામ ન આવે. વિચાર આવે, પણ જ્યારે આયુષ્ય પૂરું થાય ત્યારે કોઈનું (કાંઈ) ચાલતું નથી. કોઈના વિકલ્પ કામ નથી આવતા. આયુષ્ય હોય તો ગમે તેવા સંયોગમાં દવા લાગુ પડે છે,..**' અને વગર દવાએ સારું થવા માંડે છે. દવા લાગુ પડે છે શું? વગર દવાએ સારું થવા મંડે છે. ન વાત કરી કેન્સરની બપોરે? એ દવા હતી કાંઈ? એ કાંઈ દવા કહેવાય? છતાં એને સારું થઈ ગયું તો થઈ ગયું. '**આયુષ્ય પૂરું થાય ત્યાં કોઈ દવા લાગુ પડતી નથી. ગમે તેવા દુઃખના પ્રસંગોમાં શાંતિ રાખવી. સંસાર આવો છે, સંયોગો ક્ષણિક છે.**' નિત્યતા કલ્પી લીધેલી અને ક્ષણિકતાની વાસ્તવિકતા આવે ત્યારે ધક્કો લાગી જાય.

'**સંયોગો ક્ષણિક છે, ગમે તેવી સ્થિતિમાં ગુરુદેવનો એક મંત્ર યાદ કરીએ તો**

ઘણું સમાધાન થાય એમ છે.' એક મંત્ર. ઝાઝાની જરૂર પડે નહિ. ચમત્કાર થઈ જાય. **'શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ શરણ છે, અંતરમાં જ્ઞાયક જુદો છે તે શરણ છે.'** એ પરમ શરણ છે.

મુમુક્ષુ :- શું મંત્ર લીધો છે? એક મંત્ર એમાં?

પૂજ્ય ભાઈશ્રી :- એક મંત્રમાં 'હું જ્ઞાનમયી આત્મા છું. આ શરીરધારી, ફલાણો-ફલાણો તે હું નથી.' હમણા આણે ન કીધું કે તું પૂજા છો? તો કહે, નહિ. એનું જે જે નામથી અને જે રીતે મને લોકો સંબોધે છે એ જ હું નથી. હું તો જ્ઞાનસ્વરૂપી એક આત્મા છું. મારું તત્ત્વ તો જ્ઞાનતત્ત્વ, મારું જ્ઞાનતત્ત્વ તે જ હું છું. મને તો મારું જ્ઞાનતત્ત્વ જ અનુભવ ગોચર થઈ રહ્યું છે. બીજો અનુભવ થવાનો અવકાશ નથી.

તો પેલા મુમુક્ષુએ કીધું કે **'મુમુક્ષુ :- ગુરુદેવ બહુ યાદ આવે છે.'**

'બહેનશ્રી :- ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ કેમ ભુલાય?' ગુરુદેવ ગયા પછી. ગુરુદેવ તો ગુરુદેવ હતાં, કેમ ભૂલાય? **'કુદરત આગળ કોઈનો ઉપાય નથી.'** ગુરુદેવ ચાલ્યા ગયા તો બહેનશ્રીએ બહાર કોઈને દેખાવા નથી દીધું. નહિતર એમને તો ખૂબ જ હતું ગુરુદેવ પ્રત્યે. ઘા પચાવી ગયેલા. **'કુદરત આગળ કોઈનો ઉપાય નથી. એવા મહાપુરુષ તો શાશ્વત રહે એવી ભાવના થાય;...'** કેવી? સો વર્ષના થાય અને સવાસો વર્ષના થાય એમ નહિ, **'શાશ્વત રહે એવી ભાવના થાય; પણ કુદરત આગળ કોઈનો ઉપાય નથી.'**

મુમુક્ષુ :- ભાવના છે એ પરિસ્થિતિને નથી જોતી. શાશ્વત રહે એ જોવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના વાસ્તવિકતાને જોતી નથી.

'ગુરુદેવે જે ઉપદેશ આપ્યો છે તે અંતરમાં જમાવટ કરીને આગળ જવું,...' ઉપદેશને જમાવવો અંદરમાં. **'તે એક જ ઉપાય (છે), અંતરમાં કરવાનો છે.'** બહારમાં કાંઈ કરવાનું નથી.

'પદ્મનંદી આચાર્ય કહે છે કે મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ મારા અંતરમાં કરી છે...' જુઓ! આ જમાવટ ઉપર લીધું. **'પદ્મનંદી આચાર્ય કહે છે કે મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ મારા અંતરમાં કરી છે...'** મેં નથી કરી, મારા ગુરુએ કરી છે એમ કહે છે. આચાર્ય થઈને એમ કહે છે. **'તે ઉપદેશની જમાવટ આગળ મને કાંઈ પ્રિય નથી,...'** ઉપદેશ કેટલો પ્રિય છે.

મુમુક્ષુ :- પ્રીતિ, ભક્તિ આવે છે ને આમાં? આશય પ્રત્યે પ્રીતિ ભક્તિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે ઉપદેશ જન્મ-મરણના નાશનું કારણ છે.

'પૃથ્વીનું રાજ્ય પણ પ્રિય નથી. પૃથ્વીનું રાજ્ય તો શું, પણ ત્રણ લોકનું રાજ્ય મળે તો પણ તે મને પ્રિય નથી.' એટલી કિંમત! ઉપદેશની કિંમત કેટલી! ત્રણ લોકનું રાજ્ય હોય. અહીંયાં તો કો'ક જરાક વખાણ કરે ત્યા ઉપદેશ ક્યાંય પડ્યો રહે.

મુમુક્ષુ :- એક વચન સે સારા સંસાર ખતમ હો જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- એક મંત્ર છે, વચન છે એ મંત્ર છે. મંત્ર મૂલમ્ ગુરુ વાક્યમ્. મંત્ર મૂલમ્ ગુરુ વાક્યમ્, મોક્ષ મૂલમ્ ગુરુકૃપા. ધ્યાનં મૂલમ્ ગુરુ મૂર્તિ. એમ લીધું. આત્મા ન લીધો. કેમકે ગુરુ ધ્યાનમાં રહે છે. મારા ધ્યાનનું મૂળ તો એ છે. પછી મને મારું ધ્યાન લાગશે. પહેલા ગુરુનું ધ્યાન જોવે છે. 'ધ્યાનં મૂલમ્ ગુરુ મૂર્તિ, પૂજા મૂલમ્ ગુરુ પાદમ્.' ગુરુનાં ચરણ છે એની પૂજા કરવી છે. એટલી મહિમા લીધી છે. 'મંત્ર મૂલમ્ ગુરુ વાક્યમ્.' એક વાક્યનું તીર લાગ્યું કે આખો સંસાર ખતમ કર્યો. પહેલાં મંત્રેલા બાણ હતાં ને? એક બાણ છોડે, બધું સાફ. મેદાન સાફ કરી નાખે એક જ બાણ છોડે ત્યાં. એવું ગુરુનું વાક્ય એવા મંત્રવાળું છે. ભવનું મેદાન સાફ, અનંતા ભવો સાફ. માત્ર જ્ઞાનમાત્ર. એક મંત્ર મળ્યો કે ગયું. હું જ્ઞાનમાત્ર. ખતમ. એવાં ગુરુની કૃપા થઈ કે હવે મોક્ષની પણ મારે દરકાર નથી. લખ્યું છે ને? ૨૬૯માં (પત્રમાં) એ જ લીધું ને? સત્સંગ આગળ મોક્ષ...

મુમુક્ષુ :- મોક્ષ કરતાં સંતચરણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, મોક્ષ કરતાં પણ અમને સંતચરણ વધારે... એની સમીપતા વધારે વહાલી છે. એટલે સત્સંગ વધારે વહાલો છે. સંતચરણ સમીપતા એટલે સંતનો સત્સંગ મળે. પોતે તો દાસાનુદાસપણે છે એટલે મોક્ષ એની આગળ વ્હાલો નથી. એ ભૂમિકાનો એ ભાવ, ઈ ભૂમિકાનો એ ભાવ એને મોક્ષ કરતા ઉત્કૃષ્ટ લાગે છે. આમ તો સર્વોત્કૃષ્ટ મોક્ષદશા છે. પણ એ ભૂમિકામાં જે સંતચરણની સમીપતા મળે છે એ મોક્ષ કરતાં વધારે વ્હાલી લાગે. કેમકે એ વખતે એને મોક્ષનો વિકલ્પ નથી આવતો કે મારે મોક્ષમાં જાવું છે. મને સર્વસ્વ મળી ગયું, બસ! મને સર્વસ્વ મળી ગયું. હવે કાંઈ જોઈતું નથી. જેને મોક્ષ જોઈએ છે એને સંતચરણની સમીપતા મળી નથી. એમ છે. કેમકે સર્વસ્વ ક્યારે કહેવાય? કે બીજું કાંઈ ન જોઈએ ત્યારે. એવી એક સ્થિતિ ભજે છે. બહુ સારો ઉલ્લેખ કર્યો છે, એ સ્થિતિનો બહુ સારો ઉલ્લેખ કર્યો છે.

મુમુક્ષુ :- મોક્ષ તો રીઝલ્ટેડ પોઝિશન આવવાની...

પૂજ્ય ભાઈશ્રી :- મોક્ષ છે એ મોક્ષ છે પણ વચ્ચે એક આવી ભૂમિકા આવે છે.

મુમુક્ષુ :- એનું ફળ આમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનું ફળ તો મોક્ષ આવવાનું જ છે પણ એ વિકલ્પ નથી, એ વિકલ્પ નથી એ વખતે.

ગમે તેવી સ્થિતિમાં ગુરુદેવનો એક મંત્ર યાદ રાખવો તો ઘણું સમાધાન થઈ જાય, પૂરેપૂરું સમાધાન થઈ જાય. '**ત્રણ લોકનું રાજ્ય મળે તો પણ તે મને પ્રિય નથી. મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ કરી છે તેની મને એટલી ભક્તિ છે કે મારા હૃદયની અંદર બીજા કોઈની મને રુચિ નથી.**' જગ્યા જ નથી ને. '**આ જગતની અંદર શું અપૂર્વ છે? કાંઈ અપૂર્વ નથી. જીવને અનંતકાળમાં બધું મળી ચૂક્યું છે.**' અત્યારે મળ્યું એના કરતાં અનંતગણું બધું મળી ચૂક્યું છે. '**તેને દેવલોકનાં (મોટા) પદ (પણ) મળી ચૂક્યાં છે. મોટી-મોટી પદવીઓ (પણ) મળી ચૂકી છે, પણ તેમાં જીવને ક્યાંય શાંતિ મળી નથી.**' બધે અશાંત... અશાંત... અશાંત. એમાં પણ દેવલોકમાં તો બીજા દેવો વધારે પુણ્યશાળી દેવોને જોવે (તો) ઈર્ષ્યાની હોળી સળગે એને અંદરમાં. અહીંયાં નથી ઈર્ષ્યા થતી? ઓલા વચમાં કાંઈક બહુ આવતું હતું આનું. ડીસીએમવાળાનું અને એની સામે કોણ હતું કોક? બહુ આવતું હતું. તો એકબીજાને મારવા માટે કાંઈક કરવાં માટે ગુંડા રોકે, કાંઈક કરેલું. બહુ આવતું હતું વચમાં. એ ઉદ્યોગપતિને ઈર્ષ્યા થઈ ગઈ. અબજોપતિ અબજોપતિ.

મુમુક્ષુ :- ડિસીએમ કંપની ટેકઓવર કરવા...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એક સામે વ્યક્તિ હતી ને? એનું બહુ આવતું હતું. ઈર્ષ્યા. પૈસાનો ક્યાં તૂટો હતો એ બધાને? અબજો રૂપિયાનાં ધણી હોય. પણ ઈર્ષ્યા. આનો ઉદ્યોગ તોડી પાડવો, આને મારી નાખવો. દેવલોકમાં એથી વધારે. અબજોપતિને આટલું થાય તો દેવલોકમાં એથી વધારે થાય. ક્યાંય સખ પડે નહિ. આ ઈન્દિરા ગાંધી હતી ને પ્રાઈમ મિનિસ્ટર? દારૂ પીને એને સૂવું પડે. કાં ઊંઘની ટીકડી લઈને સૂવું પડે. ઊંઘ આવે નહિ એને. પ્રાઈમ મિનીસ્ટર હોય, પણ એને ઊંઘ હરામ થઈ જાય. ચાલ્યા જ કરે કાવા-દાવા ને બધું, પોલિટિક્સ તો કાવા-દાવા જ છે ને એકલાં? ચાલ્યાં જ કરે. બહુ આકુળતા થાય, બહુ આકુળતા થાય.

મુમુક્ષુ :- ચિંતા પણ ઘણી રહે ને?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ જ. એ આમ સીધા નરકમાં જ જાય. સીધા નરકમાં જાય. ગતિ સારી ન થાય. આર્તધ્યાન કે રૌદ્રધ્યાન બહુ થાય. ન નગરવાલાને મરાવી નાખ્યો? મરાવી નાખે. આડો આવે એને મરાવી નાખે. એ તો ઓલાનું આયુષ્ય પૂરું થાવાનું હતું, પણ કેટલાને મારવાના ભાવ થઈ જાય. જેટલાં જેટલાં આડા આવે

એને મારવાનો ભાવ થઈ જાય.

શું કહે છે? '**ક્યાંય જીવને શાંતિ મળી નથી.**' '**ગુરુદેવે તો વર્ષો સુધી વાણી વરસાવી છે અને બધા ભક્તોને તૈયાર કર્યા છે.**' પોતે વાણી વરસાવીને બધાને તૈયાર કર્યા છે. '**તેની આગળ બધી બહારની ઋદ્ધિ તુચ્છ છે,...**' એ ગુરુદેવના ઉપદેશ આગળ તો બધી રિદ્ધિ-સિદ્ધિ પણ તુચ્છ છે. અને આવે છે શાસ્ત્રમાં તો કે એક સ્વાનુભૂતિસંપન્ન ધર્માત્માના ચરણમાં રિદ્ધિ-સિદ્ધિ આળોટે છે. શું? પણ એ એની સામું જોતાં નથી. એ તુચ્છ વસ્તુ છે. સ્વાનુભવ પાસે એની કાંઈ વેલ્યુ નથી. કેમકે એ અશાંતિનું કારણ છે. અને અહીંયાં સ્વાનુભૂતિમાં અંદરથી શાંતિ આવે છે. અમૃત જેવી શાંતિ અંદરથી પ્રવાહિત થાય. રિદ્ધિ-સિદ્ધિ સામું જોવે ત્યાં આકુળતામાં આગ લાગે, અંદરથી જાળ ઊભી થાય. '**બહારના બધા સંયોગ તુચ્છ છે.**'

'**જેમ પૂર્વભવનું વીસરાઈ ગયું છે તેમ આ ભવમાં જે બન્યું તે બધું વીસરી જવું.**' ભવ બદલાય એ પહેલાં વીસરી જવું. પૂર્વભવનું શું યાદ છે અત્યારે? મૂકીને આવ્યો કે ન આવ્યો? ત્યાં કાંઈ ઓછી મીઠાશ નહોતી કરી. એટલે તો એ સંસ્કારથી અહીંયાં ફરીને મીઠાશ કરી. હવે એ બધું વિસ્મરણ થઈ ગયું. તો કહે છે, અહીંયાં તું પહેલાં જ વિસ્મરણ કરી નાખને. મારે કોઈની સાથે કાંઈ કોઈ સબંધ નથી. જાવ. મારે કોઈની સાથે કાંઈ સબંધ નથી. એક કેવળ અસંગ ચૈતન્ય છું. એક એટલે સાવ એકલો. કેવળ એટલે માત્ર. ચૈતન્યે કોનો સંગ કર્યો છે એ કહો? અનંતકાળથી ચાલ્યો આવે છે. ભવ કરતો... કરતો... કરતો... કરતો... અહીંયાં સુધી આવ્યો. કોનો સંગ રહ્યો? સ્વરૂપથી જ અસંગ ચૈતન્ય છે પોતે. સ્વરૂપથી જ અસંગ તત્ત્વ છે.

બધું વિસરીને '**હવેથી નવું જીવન શરૂ કરવાનું છે.**' એમ લેવું. હવે કોઈ દિવ્ય જીવન, અપૂર્વ જીવન હવે શરૂ કરવું છે. '**ગયો ભવ જેમ ગયો તેમ આ ભવમાં જે થયું તે વીસરી જવું.**' ભવ પૂરો થાય એ પહેલાં વીસરી જવું. '**નવી જિંદગી જાણે કરવાની હોય એવો વિચાર કરવો.**' બહુ સરસ યુક્તિ આપી છે કે ચાલો હવે નવેસરથી એક નવું જીવન શરૂ કરવાનું છે. એવી રીતે લેવું.

મુમુક્ષુ :- અવસર મળ્યો છે નવું જીવન શરૂ કરવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહુ સરસ ચર્ચા ચાલી છે, બહુ સરસ ચર્ચા ચાલી છે.

મુમુક્ષુ :- બરાબર માર્ગદર્શન આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બહેનશ્રીને તો અનુભવમાંથી બધું નીકળતું હતું. થોડું બોલે પણ તોળીને આવે. અમે તો ઘણીવાર માપ્યું છે. ઘણાં પ્રસંગો તો ખૂબ બન્યા છે ને? એક વાક્ય બોલે પણ એ બધાનો ટોટલ આવી જાય એમાં. સરવાળો મારીને

એક વાક્યમાં આવે. બોલતા ઓછું ને. એવી રીતે આવતું. એમ થાય કે વાહ! કેવું આવે છે અંદરથી! એ સત્સંગની મજા હતી. અપૂર્વ વાણી પરમશ્રુત એમ લાગે. પૂર્વ ભવની, મહાવિદેહના ભવની કોઈ વાર વાતો કરે. જ્ઞાનચર્ચા કરે, અનુભૂતિની ચર્ચા કરે, ચર્ચાઓ બહુ સારી ચાલી છે. ભૂલી જાય એ, પોતે ભૂલી જતા કે આ શરીરમાં માંદગી છે, અશક્તિ છે એ ભૂલી જતા હતા. નહિતર આમ જાજું બોલી શકતા નહિ, પણ ચર્ચા નીકળી હોય તો પછી ચાલે. ભૂલી જાય.

મુમુક્ષુ :- ઉષાબેનના લેટરમાં એક વાત બહુ સરસ એમણે લખી છે કે બહેનશ્રી એમ કહે કે ત્રણ વાત બહુ ખુમારીથી બોલતા. પહેલી વાત તો એમ કે મારો જ્ઞાયક મારી પાસે છે. માંદગી આવે ત્યારે મારી પરિણતિ દોડતી અંદર વઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપમાં દોડે છે. વેદના વધે, શરીરની વેદના વધે ત્યારે મારી પરિણતિ સ્વરૂપમાં દોડ લગાવે છે એમ કહેતા. બરાબર છે. દોડી જાય છે, મારી પરિણતિ સ્વરૂપમાં દોડી જાય છે.

મુમુક્ષુ :- બીજી વાત એ કરતાં હતાં, નિર્વિકલ્પ દશા તો મારા હાથની વાત છે. દિવસમાં કેટલી વાર આવે એનો કોઈ નિયમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ સાધના ઘણી કરેલી. એવું છે.

પ્રશ્ન-૮૦

પ્રશ્ન :- આત્માનો અનુભવ કરવાની ભાવના હોવા છતાં, આત્માનો આનંદ કેમ આવતો નથી?

સમાધાન :- પુરુષાર્થ કરતો નથી. ભાવના છે પણ સ્વભાવરૂપે પરિણમીને આગળ જવું જોઈએ તેમ જતો નથી, પોતે તે રૂપે પરિણમન કરવું જોઈએ. જ્ઞાતાધારા પ્રગટ કરી, કર્તાબુદ્ધિ છોડી જ્ઞાયકરૂપે પરિણમે તો આનંદ પ્રગટે; પણ જ્ઞાયકરૂપે પરિણમતો નથી. એકત્વબુદ્ધિ વિભાવ સાથે છે તો પછી આનંદરૂપે ક્યાંથી પરિણમે? ભાવના હોય, પણ ભાવના પ્રમાણે કાર્ય કરતો નથી. ૮૦.

તા. ૭-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૦ થી ૮૨
પ્રવચન નં. ૪૯

સ્વાનુભૂતિદર્શન પાનું-૬૮, ૮૦મું વચનામૃત.

'**પ્રશ્ન :- આત્માનો અનુભવ કરવાની ભાવના હોવા છતાં, આત્માનો આનંદ કેમ આવતો નથી?**' પ્રશ્ન કરનારને એમ છે કે અમને ભાવના છે પણ આનંદ પ્રગટ થતો નથી. એવો પ્રશ્ન છે.

'**સમાધાન :- પુરુષાર્થ કરતો નથી.**' આમ તો ભાવના તો એને કહેવાય કે ભાવના અનુસાર કાંઈ પણ, કોઈ પણ અંશે પુરુષાર્થ ચાલુ રહે તો ભાવના કહેવાય. નહિતર વિકલ્પ કહેવાય કે ઈચ્છા કહેવાય. જીવ પુરુષાર્થ કરતો નથી. '**ભાવના છે પણ સ્વભાવરૂપે પરિણમીને આગળ જવું જોઈએ તેમ જતો નથી, પોતે તે રૂપે પરિણમન કરવું જોઈએ.**' ભાવના છે એટલે ઉપરથી ઉપરથી, એમ પરિણમન આવવું જોઈએ એટલી હદે ભાવના નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભાવનામાં મન નિમિત્ત છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્ત તો મન છે. પણ ઉપર ઉપરની ભાવના હોય તો એથી કાંઈ કામ ન થાય. પછી અતિપરિણામીપણાને લીધે જીવને એમ હોય છે કે મને ભાવના તો બહુ સારી છે, મારું કેમ કામ થતું નથી? પણ સારી તો એની માનેલી સારી છે. હવે કેમ સારી નથી? તો કહે, બીજા બીજા ઉદયભાવોમાં તો રસ બરાબર લ્યે છે જીવ. એ વખતે એની ભાવના ક્યાં ખોવાઈ ગઈ? જો ભાવના તીવ્ર હોય તો બીજા ઉદયોમાં રસ ન આવે, જાગૃતિ રહે. આમાં મારી ભાવનાને હાનિ પહોંચે છે, ઠેસ લાગે છે, મારી ભાવના વિરુદ્ધ જવાય છે આ પરિણામોથી. એમ તરત એને માલૂમ પડે. પણ ઉદયભાવમાં તો બરાબર રસ લ્યે અને વળી નવરો પડે ત્યારે કહે મારે ભાવના છે પણ મારું કામ થતું નથી. એમ તો ક્યાંથી થાય? એટલે એની ભાવના ઉપર ઉપરની છે એનો એ પુરાવો છે, સાબિતી છે કે એને બીજે રસ પડે છે, ઉદયભાવમાં તો રસ પડે છે, ઉદય પ્રસંગોમાં રસ પડે છે.

મુમુક્ષુ :- સ્વભાવરૂપે પરિણમે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના એવી જોઈએ કે સ્વભાવરૂપે પરિણમન આવે, રહી

જ ન શકે. અથવા સ્વભાવની સમીપતા થાય એ દિશામાં કાંઈને કાંઈ આગળ વધે એવો એનો પુરુષાર્થ હોવો જોઈએ.

'જ્ઞાતાધારા પ્રગટ કરી, કર્તાબુદ્ધિ છોડી જ્ઞાયકરૂપે પરિણમે તો આનંદ પ્રગટે;...' અસ્તિમાં નાસ્તિ છે. જ્ઞાતાધારા પ્રગટ કરે તો કર્તાબુદ્ધિ છૂટી જાય અને જ્ઞાતાભાવે જ્ઞાયકરૂપે પરિણમે તો આનંદ પ્રગટે. એ સહજ પ્રગટે છે.

મુમુક્ષુ :- જ્ઞાતાધારા એટલે જ્ઞાયકની સમીપ લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- ના, જ્ઞાતાદ્રષ્ટાપણે, જ્ઞાતાદ્રષ્ટાપણે.

મુમુક્ષુ :- એટલે ધારાને ... લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- સતત પરિણમે એને ધારા કહે છે.

મુમુક્ષુ :- સતત પરિણમે એ તો યથાર્થ હોય ત્યારે જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ્ઞાનદશા છે. જ્ઞાતાધારા પ્રગટ થાય, કર્તાબુદ્ધિ છૂટે એ જ્ઞાનદશા છે. તો આનંદ પ્રગટે. જ્ઞાનદશામાં આનંદ પ્રગટે.

'પણ જ્ઞાયકરૂપે પરિણમતો નથી.' માત્ર જ્ઞાતાભાવે રહેતો નથી, રહી શકતો નથી. કાં રાગ કરે છે અને કાં દ્વેષ કરે છે. કેમકે અભિપ્રાયમાં ઈષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ પડી છે. **'એકત્વબુદ્ધિ વિભાવ સાથે છે તો પછી આનંદરૂપે ક્યાંથી પરિણમે?'** વિભાવ થયા કરે છે, તેમાં એકત્વબુદ્ધિ સાથે છે, ઈષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ સાથે છે, કર્તા-ભોક્તાપણાની બુદ્ધિ સાથે છે તો જ્ઞાતાભાવ ક્યાંથી રહેવાનો હતો? **'ભાવના હોય, પણ ભાવના પ્રમાણે કાર્ય કરતો નથી.'** એનું શું? ભાવના રાખે છે કે મને આનંદ પ્રગટ થાય તો સારું, મને સ્વાનુભવ થાય તો સારું. પણ એ પ્રમાણે પોતે તો કામ કરવું જોઈએ કે ન કરવું જોઈએ? કામ ઊંધું કરે અને ભાવના રાખે એનો અર્થ શું? એમ કહે છે. બીજું કોઈ બહારમાં કરવા ધારેલું કામ હોય એ પ્રમાણે ન થાય તો ઊંચો-નીચો થઈ જાય. અહીંયાં ભાવના પ્રમાણે કામ નથી થતું અને ભાવના વિરુદ્ધ બીજા પરિણામ ચાલે છે ત્યારે કેમ કાંઈ થતું નથી? એમ કહે છે. હું શરીરથી ભિન્ન છું એમ વિચાર વિકલ્પ કરે પણ અશાતા આવે ત્યારે એ વિચાર વિકલ્પ ક્યાં ગયા? એમ કહે છે. એ સમજણ ક્યાં ગઈ? ચાલો સમજણ લ્યો. શરીરથી ભિન્ન છું એવી સમજણ કરી પણ અશાતા વખતે અશાતામાં જોડાઈ ગયો ત્યારે સમજણ ક્યાં ગઈ? એમ પોતે પોતાને પકડવો જોઈએ.

એ સંક્ષેપમાં ઉત્તર છે ૮૦મા બોલમાં. એટલે સમજણ છે એ સમજણની એટલી ગંભીરતા હોય તો એથી સમજણ વિરુદ્ધ પરિણમન ચાલે ત્યારે પકડે પોતે પોતાને. કે આ સમજણનું શું? તો જે ઊલ્ટું પરિણમન ચાલે એમાં બ્રેક લાગે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઊલ્ટું પરિણમન ચાલતું હોય અને એ જ વખતે જે પરિણમન ચાલે એની બ્રેક લાગે અને તરત ખ્યાલ આવી જાય તો...

પૂજ્ય ભાઈશ્રી :- પાછળથી લાગે છે ને?

મુમુક્ષુ :- તરત જ. મિન્સ બહુ વિકલ્પ ન લંબાય પણ એ જ વખતે લાગવો જોઈએ ને કે જે વખતે પરિણમન ઊલ્ટું ચાલતું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- પછી ફરીને શું?

મુમુક્ષુ :- પછી સંઘર્ષ ચાલે કે આમ કેમ ઊલ્ટું કર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પાછું જો ફરીને એવું થાય ત્યારે શું?

મુમુક્ષુ :- એટલે એની માત્રા ઘટવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પછી લાગે એના બદલે એ વખતે આવવું જોઈએ, એમ થવું જોઈએ ને. એમ. તો તો એને કાંઈ કાર્યકારીપણું છે. ટૂંકામાં પ્રગતિ કરે તો કાર્યકારીપણું છે.

પ્રશ્ન-૮૧

પ્રશ્ન :- આપ ટૂંકું કહો ને? ગોથાં બહુ ખવાય છે.

સમાધાન :- જ્ઞાનમાં બધા ભેદને જાણવા, પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર કરવી અને સ્વમાં એકત્વબુદ્ધિ કરીને પરથી વિભકત થવું. હું એક ચૈતન્ય તત્વ છું તે જાણી લેવું. અનંત ગુણ-પર્યાયોના અનંત ભેદો છે, તેની ઝાઝી અપેક્ષામાં ન રોકાતાં, મૂળ તત્વને ગ્રહણ કરી લેવું કે મારું અસ્તિત્વ જ્ઞાયકરૂપે છે. ૮૧.

પ્રશ્ન ૮૧ ઉપર પ્રવચન

પ્રશ્ન-૮૧મો. '**પ્રશ્ન :- આપ ટૂંકું કહો ને? ગોથાં બહુ ખવાય છે.**' ટૂંકું એટલે સીધું કામ થાય એવું કાંઈક કહો ને.

'**સમાધાન :- જ્ઞાનમાં બધા ભેદને જાણવા,...**' ટૂંકું કહો એમ કહીને જ્ઞાનનો નિષેધ ન કરવો, સમજણનો નિષેધ ન કરવો. બીજા પડખેથી, જેટલાં પડખેથી સમજે એટલી દૃઢતા, મક્કમતા આવે. એટલે મારે સમજવું નથી એમ નિષેધ ન કરવો એમ કહે છે. જે કાંઈ મક્કમતાનાં પડખા આવે, તો આ લાંબું-લાંબું આવે છે એમ કરીને એનો નિષેધ ન કરવો, કંટાળો ન લાવવો. રુચિવાળો તો મારા કામની વાત છે, એમ સમજીને પોતાની મક્કમતા વધારે. એટલે કહે છે કે '**જ્ઞાનમાં બધા ભેદને જાણવા,...**' પ્રયોજનભૂત. અપ્રયોજનભૂત ભેદ હોય એને છોડી દેવા.

'**પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર કરવી**' શ્રદ્ધાનો વિષય એમાં લાંબું-લાંબું નથી, એમાં તો અભેદ દ્રવ્ય જ છે. '**અને સ્વમાં એકત્વબુદ્ધિ કરીને પરથી વિભક્ત થવું.**' અને પોતાના અભેદ સ્વરૂપમાં અભેદતા સાધીને પરથી ભિન્ન થવું. આ સંક્ષેપ છે લ્યો. પરથી ભિન્ન થવું અને સ્વથી અભિન્ન થવું. એકત્વબુદ્ધિ એટલે એકત્વપણાનો અભિપ્રાય. એ અભિપ્રાય ભેદજ્ઞાનથી ઘડાય. એની પ્રોસેસ ભેદજ્ઞાન સિવાય તો બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ... રાગમાં બધું આવી જાય ને. પરથી ભિન્ન થવું. રાગમાં બધું આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાગથી ભિન્ન કરો એટલે રાગના વિષયથી તો ભિન્ન થઈ જ જાય.

'**હું એક ચૈતન્ય તત્ત્વ છું તે જાણી લેવું.**' એમ જાણી લેવું કે હું તો એક ચૈતન્ય તત્ત્વ છું. નિરાલંબ નિરપેક્ષ છું અને કોઈથી લેપાયમાન ન થવાય એવું નિર્લેપ તત્ત્વ છું, નિર્લેપ સ્વભાવ છું એમ જાણવું, એમ ગ્રહણ કરવું. '**અનંત ગુણ-પર્યાયોના અનંત ભેદો છે, તેની ઝાઝી અપેક્ષામાં ન રોકાતાં, મૂળ તત્ત્વને ગ્રહણ કરી લેવું કે મારું અસ્તિત્વ જ્ઞાયકરૂપે છે.**' અનંત ગુણ-પર્યાયોના અનંત ભેદો છે એ બધાં કાંઈ પ્રયોજનભૂત નથી. પ્રયોજન પકડવું. બાકી તો અનંત ગુણભેદોના પ્રયોજનની સાથે કાંઈ જીવને પ્રયોજન નથી. અનંત ગુણ પર્યાયોથી કેવો છે એનું કોઈ પ્રયોજન નથી. મુખ્ય મુખ્ય ગુણથી ઓળખવા પૂરતું પ્રયોજન છે. જેમકે ઘરમાં કોઈ પોતાની ગેરહાજરીમાં કે રાત્રે ચોર પ્રવેશ કરી ગયો. ચોર પકડાણો. પ્રયોજન કેટલું છે? કે ચોરને પકડવો એટલું છે. પછી એ ચોર કેવો છે? રૂપાળો છે કે કદરૂપો છે? ગરીબ છે કે તવંગર છે? ગામનો છે કે પરગામનો છે? કઈ નાત-જાતનો છે એનું કાંઈ પ્રયોજન છે? છે એ બધું એને. ચોરી કરે છે માટે પકડીને પોલીસને સોંપી દો. જેવો હોય એવો. ચોર છે એ વાત નકકી છે. બીજી માથાકૂટમાં પડતો નથી કે ભાઈ જો રૂપાળો હોય તો આપણે એને કાંઈ ન કરવું. એમ છે કાંઈ? એટલે જરાક આપણે

ધ્યાન રાખવું. કેવોક છે જોઈ લઈએ જરા, એનું મોઢું બરાબર જોઈ લઈએ. આપણે એની સીકલ સાથે કાંઈ લેવા-દેવા નથી. એને સોંપી દ્યો પકડીને. વગર પૂછે ઘરમાં આવી ગયો ક્યાંથી? એને પકડીને સોંપી દયો. છૂપાઈ ગયો હતો. પડદા પાછળ છૂપાણો હતો, પણ નીચે પડદો ટૂંકો હતો. પગ દેખાતા હતાં, મોઢું નહોતું દેખાતું, મોઢું જોયા પછી માનું એમ કહે? ત્યાં તર્ક ઉઠાવે? એનું મોઢું જોઈ લઉં અને એમ લાગે કે ચોર જેવો દેખાય છે તો તો ચોર માનું. અને સજ્જન જેવો દેખાતો હોય તો? એ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો.

એમ બધાં ગુણો જાણી લઉં તો હું આત્મા જાણું, એમ નહિ. એક જ્ઞાન લક્ષણથી સ્વથી એકત્વ અને પરથી ભિન્નત્વ. બસ, આટલું જ પ્રયોજન છે. આથી વધારે પોતાને પ્રયોજન નથી. બીજા ગુણો અનંતા છે. ગમે તેવા છે. અનંત પ્રકારનાં છે. એથી આ આત્માને કાંઈ પ્રયોજન નથી. ઝાઝી અપેક્ષામાં એટલે અપ્રયોજનભૂત જે ભેદો છે એની અપેક્ષામાં ન રોકાતા મૂળ તત્ત્વને ગ્રહણ કરી લેવું કે મારું અસ્તિત્વ તો જ્ઞાયકરૂપે છે. જ્ઞાનની પ્રધાનતા થઈ. હું જ્ઞાન સ્વરૂપી આત્મા છું, એ મૂળ સ્વરૂપ છે એમ ગ્રહણ કરવું. જ્ઞાનથી જુદો પડશે, જ્ઞાનથી સ્વરૂપમાં એકત્વ કરશે. જ્ઞાન જ સાધન છે, બીજું કોઈ સાધન નથી. એ પણ સંક્ષેપમાં લઈ લીધું.

પ્રશ્ન-૮૨

પ્રશ્ન :- દ્રવ્યદૃષ્ટિના જોરમાં પર્યાય ગૌણ કરવાની વાત આવે તેમાં એકાંત પકડાઈ જાય છે, રોકાઈ જવાય છે?

સમાધાન :- હા, કોઈથી એકાંત પકડાઈ જાય છે. પર્યાયને જુદી માનવી કે ભેગી માનવી? એમ રોકાઈ-મૂંઝાઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિના જોરમાં શુદ્ધ પર્યાય પ્રગટ થતાં તે ભેગી છે કે જુદી છે તે તેના જ્ઞાનમાં સમજાઈ જશે, યથાર્થ પરિણતિમાં તે આવી જાય છે. પર્યાયનું વેદન થાય છે. તેથી સમજાઈ જશે કે તે સર્વથા જુદી નથી. આખું દ્રવ્ય સામાન્ય છે અને પર્યાય નવી પ્રગટ થાય છે ને વ્યય થાય છે તેવો તેનો ક્ષણિક સ્વભાવ છે. પણ તે સર્વથા જુદી નથી તેમ અપેક્ષાથી સમજવું. દ્રવ્યની જેમ પર્યાય શાશ્વત

નથી, નવી નવી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. વળી જે વેદન થાય છે તે દ્રવ્યની જ પર્યાય છે, પણ તે ક્ષણ પૂરતી છે. ૮૨.

પ્રશ્ન ૮૨ ઉપર પ્રવચન

૮૨મો. '**પ્રશ્ન :- દ્રવ્યદૃષ્ટિના જોરમાં પર્યાય ગૌણ કરવાની વાત આવે તેમાં એકાંત પકડાઈ જાય છે, રોકાઈ જવાય છે?**' એનું શું કરવું? સમસ્યા રજુ કરી છે. શાસ્ત્રમાં ખાસ કરીને દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં તો ઘણી એવી વાતો છે. પર્યાયને અત્યંત ગૌણ કરે છે. તો ત્યાં એકાંત થઈ જાય છે અમારાથી. એનું શું કરવું? અથવા એવી ને એવી વાતમાં રોકાઈ જઈએ છીએ.

મુમુક્ષુ :- યથાર્થપણે ગ્રહણ ન કર્યું હોય તો વિકલ્પમાં રોકાઈ જવાય. ગ્રહણ કર્યું હોય તો મુખ્ય-ગૌણ થયા વિના રહે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એકાંત થઈ જાય છે, એનો અર્થ શું છે? યથાર્થતા નથી.

મુમુક્ષુ :- આમાં આમ લઈએ તો જ્ઞાનને સાથે ન રાખ્યું એટલે એકાંત થઈ જાય. જ્ઞાનને મુખ્ય ન કર્યુ, દૃષ્ટિ તો આંધળી જ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે.

શું કરે છે? કે દ્રવ્યદૃષ્ટિના જે વચનો છે એ વચનોનો રાગ કરે. વચનરાગ. વચન પુદ્ગલાત્મક છે એટલે એને પુદ્ગલનો રાગ થયો. સોગાનીજીએ કીધું કે ભાઈ, દ્રવ્ય અને પર્યાય કેટલા ભિન્ન છે? કે વિધ્યાંચલ ને સિંધ્યાચલ. બાજુ બાજુમાં બે પર્વત હોય, પણ બેય ભિન્ન હોય ને એવી રીતે. તો પછી કહે કે સોગાનીજી કરતાં આપણે આગળ જરાક વધોને. તો કહે મારી પર્યાય છે, હું તો લોકમાં છું, લોકાકાશમાં છું, અને મારી પર્યાય તો અલોકાકાશમાં છે. કેટલી કાઢી આઘે એને? દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ બહાર પડ્યા પછી આવું બધું ચાલવાં માંડયું. અમારે તો એવી ચર્ચાઓ ચાલે... એવી ચર્ચાઓ ચાલે... સોગાનીજી કરતાં અમે તો હવે આગળ વધી ગયા. સોગાનીજી તો સહ્યાદ્રિ અને વિધ્યાંચલની જ વાત કરતા હતાં. અમે તો પર્યાયને અલોકાકાશમાં મોકલી દીધી છે હવે. અમારે લોકોને એવું જામે સત્સંગમાં. કેમ લાગ્યું તમને? મેં કીધું આ બધો પુદ્ગલનો વચનનો, શબ્દનો રાગ છે, બીજું કાંઈ નથી. સ્પષ્ટ કીધું

હોં! કેમ લાગ્યું? (એને એમ) કે આમણે દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ બનાવ્યું છે એટલે બહુ સારું લાગશે જરા. એણે તો અપેક્ષા એવી રાખેલી. વખાણ કરશે. કીધું, ભાઈ જુઓ, આ તો શબ્દ રાગ છે. પુદ્ગલનો રાગ છે. શબ્દ છે એ પુદ્ગલ છે. એનો રાગ છે. ભાવમાં આવવું જોઈએ બધું. પર્યાય ગૌણ થઈ સ્વરૂપની દૃષ્ટિ થવી જોઈએ. આ તો બોલી બોલીને રાજી થવું, વિકલ્પ કરી કરીને રાજી થવું. અને કાં પછી એવું બધું વિચારમાં આવ્યું હોય એ બોલી બોલીને બધાને દેખાડવું. જુઓ! અમે આવી ચર્ચા કરીએ છીએ, જુઓ! અમે આવું બોલીએ છીએ. દેખાવ કરવાનો ભાવ થઈ જાય. એ પાછું દેખાઈ આવે. અને સોગાનીજીને પરિણમન આવ્યું હતું. અહીંયાં તો પરિણમન આવ્યા પહેલાં સોગાનીજી કરતાં આગળ વયા ગયા અમે. ઠીક!

પરમાગમ મંદિરમાં પાંચ પરમાગમ કોતરાતા હતા. એક ભાઈ આવ્યા. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પ્રત્યે બહુ રાગ થઈ ગયેલો. મારા ઘરે આવ્યા ભાવનગર. સોનગઢ આવેલા. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ કોતરાવવું જોઈએ. આ એક્કેય આગમને કોતરાવવાની જરૂર જ નહિ પડે. પહેલાં દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ કોતરાવવું જોઈએ. અને એ જ દિવ્યધ્વનિ છે. અરે..! દિવ્યધ્વનિ એની પાસે કાંઈ નથી. ફેંકે ત્યારે પછી એવું ફેંકે. પછી, મેં કીધું ભાઈ! જો વાત એમ છે એ પંચ પરમાગમમાં એક સમયસાર છે અને સમયસારમાંથી ગુરુદેવનો જન્મ થયો. ગુરુદેવ ક્યાંથી જન્મ્યા? સમયસારમાંથી જન્મ્યા. અને એ ગુરુદેવમાંથી સોગાનીજી જન્મ્યા અને સોગાનીજીમાંથી દ્રવ્યદૃષ્ટિ પ્રકાશનો જન્મ થયો છે. એટલે દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ કરતાં એનું માહાત્મ્ય વધારે છે. અને દિવ્યધ્વનિની તો વાત જ જુદી છે. કોઈ છદ્મસ્થ ગણધરદેવ હોય તોપણ એની વાણી દિવ્યધ્વનિની તોલે ન આવે. જેમ છે એમ સમજવું જોઈએ. આપણને રાગ થઈ જાય કોઈ એક વાતનો એટલે ફેંકાફેંક કરીએ એવું ન થવું જોઈએ. મને રાગ છે એ પ્રમાણે બધાને થવું જોઈએ એવું કોઈ જરૂરી નથી. બેલેન્સ ન રહે ત્યારે એવું થઈ જાય.

૮૨મો. '**સમાધાન :- હા, કોઈથી એકાંત પકડાઈ જાય છે.**' કોઈ કોઈને એકાંત પકડાઈ જાય છે. '**પર્યાયને જુદી માનવી કે ભેગી માનવી? એમ રોકાઈ-મૂંઝાઈ જાય છે?**' કરવું શું? પ્રવચનસારમાં આમ આવે, આમાં આમ આવે, કરવું શું? ભેગી માનવી કે જુદી માનવી? '**દ્રવ્યદૃષ્ટિના જોરમાં...**' જુઓ! કેવો સરસ ખુલાસો આપશે! બહેનશ્રીનું તો બહુ વિઝન એટલું બધું ક્લિયર હતું (કે) બધાં પડખેથી ખુલાસો આપતા હતા. '**દ્રવ્યદૃષ્ટિના જોરમાં શુદ્ધ પર્યાય પ્રગટ થતાં તે ભેગી છે કે જુદી છે તે તેના જ્ઞાનમાં સમજાઈ જશે,...**' જ્યાં દ્રવ્યદૃષ્ટિનું જોર થશે અને એ જોરમાં ને જોરમાં શુદ્ધ પર્યાય પ્રગટ થઈ જશે, ત્યારે એ ભેગી છે કે જુદી છે એ બધું સમજાઈ જાશે. કાંઈ મૂંઝવણ

રહેવાની નથી.

'યથાર્થ પરિણતિમાં તે આવી જાય છે.' યથાર્થતા છે ત્યાં બધું આવી જાય છે. **'પર્યાયનું વેદન થાય છે. તેથી સમજાઈ જશે કે તે સર્વથા જુદી નથી.'** શુદ્ધ પર્યાય પ્રગટ થઈને વેદાશે કે નહિ વેદાય? અનુભવ થશે કે નહિ થાય? કે થશે. પણ અનુભવ થાય એ સર્વથા જુદી હોય તો થાય નહિ. **'આખું દ્રવ્ય સામાન્ય છે અને પર્યાય નવી પ્રગટ થાય છે ને વ્યય થાય છે તેવો તેનો ક્ષણિક સ્વભાવ છે.'** દ્રવ્ય સામાન્ય પોતે છે. ત્રિકાળી અસ્તિત્વ ત્યાં છે. દૃષ્ટિનો વિષય એ છે. પર્યાય છે એ ક્ષણિક સ્વભાવી છે, આ ત્રિકાળ સ્વભાવી છે. **'પણ તે સર્વથા જુદી નથી તેમ અપેક્ષાથી સમજવું.'**

હવે અપેક્ષાથી સમજવું એટલે શું? આગમની અપેક્ષાએ તો સર્વથા જુદી નથી. અધ્યાત્મની અપેક્ષાએ સર્વથા જુદી છે. એમ મેળ કરતાં આવડે તો તો અપેક્ષા બરાબર છે. કેમકે ઉદ્દેશ છે એ પર્યાયનું અવલંબન લેવાનો નથી. અપેક્ષાએ જુદી નહિ હોવા છતાં, એક અપેક્ષાએ આગમની અપેક્ષાએ, દ્રવ્યાનુયોગની અપેક્ષાએ જુદી નહિ હોવા છતાં પણ અવલંબન લેવા માટે તો એને જુદી જ રાખવાની રહે છે. ઉદ્દેશ તો એ છે કે પર્યાયનું અવલંબન અનાદિનું છે એ છૂટે અને દ્રવ્ય સામાન્યનું અવલંબન આવે. પર્યાયનું લક્ષ છૂટે અને દ્રવ્યનું લક્ષ થાય. પર્યાયની દૃષ્ટિ છૂટે અને દ્રવ્યની દૃષ્ટિ થાય. એ ઉદ્દેશની અપેક્ષાએ એને જુદી રાખો. અધ્યાત્મમાં એ જુદી પડે છે. કેમકે એનો આધાર લેવાનો નથી. એમ અપેક્ષાએ સમજવું. અપેક્ષા એટલે મર્યાદિત રીતે સમજવું. જુદી નથી એમ મર્યાદિત રીતે સમજવું. અપેક્ષાએ સમજવું એટલે મર્યાદિત રીતે સમજવું. એનું અવલંબન લઈને, એનું લક્ષ અને એની દૃષ્ટિ રહે એમ નથી. વેદન એનું જરૂર છે, પણ લક્ષ અને અવલંબન એનું ન હોય.

'દ્રવ્યની જેમ પર્યાય શાશ્વત નથી,...' અને ભલે એ જુદી નથી તો પણ એ કાંઈ ટકતી નથી. **'નવી નવી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. વળી જે વેદન થાય છે તે દ્રવ્યની જ પર્યાય છે, પણ તે ક્ષણ પૂરતી છે.'** ક્ષણિક છે. વચનામૃતમાં એમણે ખુલાસો કર્યો છે. અવલંબન દ્રવ્યનું હોય અને વેદન પર્યાયનું હોય. અવલંબન પર્યાયનું ન હોય અને વેદન દ્રવ્યનું ન હોય. અસ્તિ-નાસ્તિથી. આમ હોય અને આમ ન હોય. બસ, વાત સમાપ્ત થઈ જાય છે ત્યાં, અપેક્ષા ચોખ્ખી થઈ જાય છે.

વેદન અપેક્ષાએ ગૌણ કરવા જાય તો વેદન ન આવે અને લક્ષ અપેક્ષાએ મુખ્ય કરવા જાય તોપણ અનુભવ ન થાય, સ્વરૂપનું લક્ષ ન થાય. જ્યાં લક્ષ કરવાનો ઉદ્દેશ હોય ત્યાં પર્યાયને અત્યંત ગૌણ કરે. જ્યાં વેદનની પ્રધાનતા હોય ત્યારે લક્ષને

પણ ગૌણ કરે. કથનમાં તો બેય વાત આવે. એમ છે. ગુરુદેવ ચોખવટ તો કરતાં એ બધી. પકડાવું જોઈએ.

આમાં લીધું છે પરમાગમસારમાં. વેદનની મુખ્યતાવાળા બે બોલ છે. એક ૫૧૪ અને એક ૫૪૪ છે ઘણું કરીને. બે બોલમાં વેદનની મુખ્યતા છે. વેદન અપેક્ષાએ ગૌણ કરીશ એ નહિ ચાલે એમ કહે પાછા. પર્યાયને ગૌણ કરવાનું કહીએ છીએ. વેદનની અપેક્ષાએ ગૌણ કરીશ તો નહિ ચાલે એમ કહે પાછા. કેમકે પ્રયોજન અનુભવ કરવાનું છે.

એમ કહીને શું કહેવું છે? જરા સૂક્ષ્મ વિષય છે. એક જીવ લઈએ. જેને સ્વરૂપ લક્ષમાં આવ્યું હોય એવો જીવ લઈએ. સમજાય એટલું સમજજો. કોઈ જીવને સ્વરૂપનું લક્ષ થયું છે. સ્વરૂપ અદ્‌ભુત આશ્ચર્યકારી હોવાથી આકર્ષણ ઘણું થાય. હું આવો છું... હું આવો છું... આવો છું... આવો છું... ખૂબ મુખ્યતા આવી જાય. સ્વરૂપની મુખ્યતા આવે અને સ્વરૂપનું લક્ષ રહ્યા કરે. સ્વરૂપની મુખ્યતા પણ રહ્યા કરે. પણ વિશેષને ગૌણ કરીને સામાન્યના વેદનને આવિર્ભૂત ન કરે તો અનુભવ સુધી ન પહોંચે. વિકલ્પ રહ્યા કરે. એને નિશ્ચયનયનો પક્ષ કરે છે એમ કહેવાય. નિશ્ચયનયનો એ જીવ પક્ષ કરે છે. પક્ષાંતિક્રાંત થવું પડશે. ત્યારે અનુભવ આવશે. એવું છે. જે જીવને સ્વરૂપનું લક્ષ થયું છે એવો જે જીવ છે એ પણ વેદનને સંભાળે છે, આવિર્ભૂત કરે છે, સાથે સાથે સ્વરૂપને લક્ષમાં રાખી વેદનને આવિર્ભૂત કરે છે. એવું એનું પુરુષાર્થનું અનેકાંતિક કાર્ય છે દ્રવ્ય પર્યાયનું.

મુમુક્ષુ :- એ પ્રકારનું ધ્યાન ન રાખે તો એકાંત થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ રહ્યા કરે.

મુમુક્ષુ :- અનુભવ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ ન થાય. અનુભવમાં વાર લાગે. કેમકે સ્વરૂપ લક્ષમાં આવ્યા પછી બધાને અનુભવ થવાનો કાળ એક નથી. કોઈને અંતર્મુહૂર્તમાં થાય, કોઈને એક દિ'માં થાય અને કોઈને છ મહિના લાગે. કારણ શું? સ્વરૂપ તો લક્ષમાં છે. નિશ્ચયનયનો પક્ષ બંધાણો છે. પણ વેદનને આવિર્ભૂત થવાની પ્રક્રિયામાં આવવો જોઈએ. તો સ્વરૂપ લક્ષે જ્ઞાનવિશેષને ગૌણ કરે અને જ્ઞાનસામાન્યનો આવિર્ભાવ કરે. એમ જ્ઞાનમાં એક સાથે અનેકાંતિક કામ થયું. સ્વરૂપનું લક્ષ અને અંદરમાં સામાન્ય વેદનનો આવિર્ભાવ. એવી રીતે સાયમલટેનિયસ પુરુષાર્થ ચાલે. એવી કાર્ય પદ્ધતિ છે. બહુ પ્રેક્ટિકલ સાઈડ છે એ. એમ ચાલવું જોઈએ. બેય પડખાં સંભાળનાર જોઈએ. અનુભવમાં પહોંચનાર બેય પડખાને સંભાળે. ભલે લક્ષ છે એની મુખ્યતા છે, વેદનની ગૌણતા

છે. આવિર્ભૂત તો થવું જ જોઈએ. એવી ગૌણતા ન કરે કે પર્યાયમાં વેદન ને અનુભવનું કાંઈ નહિ, મારે તો સ્વરૂપ લક્ષમાં આવી ગયું ને. એમ નથી. એટલે ગુરુદેવે ઈ સ્ટાઈલ લીધી છે. વેદન અપેક્ષાએ ગૌણ કરીશ તો નહિ ચાલે, હોં! એ તો તને લક્ષ અપેક્ષાએ પર્યાયની ગૌણતા કરાવી હતી, વેદન અપેક્ષાએ નહિ. એવી ભાષા આવી છે, એવી શૈલી આવી છે. એનો અર્થ શું? કે પુરુષાર્થ કરનારને સાયમલટેનિયસલી સ્વરૂપની મુખ્યતામાં રહીને વેદનને આવિર્ભાવ કરવાનો, સામાન્યનો આવિર્ભાવ કરવાનો પ્રકાર એક સાથે ચાલે છે. એટલે એમ લ્યે.

ભાવનામાં આપણે લીધું છે સ્વરૂપની ભાવનામાં કે એકાંત શુદ્ધ, એકાંત શુદ્ધ, પ્રત્યક્ષ અનુભૂતિસ્વરૂપ છું. અનુભૂતિ એટલે વેદન. સામાન્યમાં જે વેદન ચાલે છે, એમાં એડલ્ટ્રેશન થયું નથી એટલે એકાંત શુદ્ધ અને વેદન પ્રત્યક્ષ હોવાથી પ્રત્યક્ષ અનુભૂતિસ્વરૂપ છું. એમ વેદનનો આવિર્ભાવ કરે, લક્ષમાં ત્રિકાળી ઉપર ભીંસ દ્યે. ભીંસ ત્યાં દે અને વેદનને આવિર્ભૂત કરતો જાય. જેમ છરી-ચાકાને સજાવતી વખતે ભીંસ દયે સરાણ ઉપર, પણ આંગળીથી ધારને તપાસતો જાય. જો ધારને ન તપાસે તો બુઠ્ઠી થઈ જાય છરી ઘસતાં-ઘસતાં. કેમકે એનાં પણ એંગલ હોય છે. એને જુદાં-જુદાં એંગલથી ધાર આપે છે, અવળી ને સવળી બેય બાજુથી ધાર આપે છે. એંગલ એનો બરાબર ઘસાય છે કે નહિ એને તપાસતો જાય છે.

મુમુક્ષુ :- જ્યારે જોવે ત્યારે ધીમેથી જોવે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે આસ્તે કરીને જોવે, સ્પર્શ કરી લે. ભીંસ દેવામાં જોર આપે. એમ લક્ષના વિષયમાં જોર જાય છે અને વેદનને આવિર્ભૂત કરતો જાય છે. એમ છે.

મુમુક્ષુ :- એ પ્રમાણે બેલેન્સ રાખવું પડે. બેલેન્સવાળું કાર્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ચોક્કસ પ્રકારની પ્રક્રિયા છે. એટલે પ્રવચનસારની ૧૭૨મી ગાથાના ૨૦માં બોલમાં એમ કીધું કે દ્રવ્ય સામાન્યથી નહિ આલિંગીત એવી જે શુદ્ધ પર્યાય તે આત્મા છે. પ્રત્યભિજ્ઞાનનો વિષય એવું જે દ્રવ્ય સામાન્ય. પ્રત્યભિજ્ઞાન એટલે તેનું તે... તેનું તે... તેનું તે... એવું જે દ્રવ્ય સામાન્ય એનાથી નહિ આલિંગીત એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. દ્રવ્ય સામાન્યને આત્મા ન કીધો. ત્યાં વેદનને આત્મા કીધો. એમાંથી એ બોલ કાઢ્યા છે. એવો થોડો સૂક્ષ્મ વિષય છે એટલે પ્રેક્ટિકલ લાઈનમાં ન આવે તો લાઈન હાથમાં ન આવે. અહીં સુધી રાખીએ...

પ્રશ્ન-૮૩

પ્રશ્ન :- આપ મંગલ આશીર્વાદ આપો.

સમાધાન :- અંતરમાં જ્ઞાયકનું લક્ષ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા. જ્ઞાયકની સમીપતામાં જીવન ગાળવું, તે એક જ ધ્યેય રાખવા જેવું છે.

આત્મા અને આશ્રવોનો ભેદ કરવાનો છે. આશ્રવો આકુળતારૂપ છે અને ભગવાન આત્મા નિરાકુળ સ્વભાવ છે. ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે તેને જુદો પાડવો તે કરવાનું છે. ચૈતન્ય છે તે પોતે જાણક-જ્ઞાયક સ્વભાવ છે. વિભાવભાવ વિપરીત ભાવ છે, વિભાવ દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે. દુઃખનું કાર્ય તેમાંથી આવે છે, બધું દુઃખનું ફળ તેમાંથી આવે છે. આત્મા સુખનું ધામ છે-સુખનું કારણ છે, સુખનું કાર્ય તેમાંથી આવે છે, બધું સુખ આત્મામાંથી આવે છે. વિભાવ પોતે પોતાને જાણતો નથી, અને પરને પણ જાણતો નથી, આત્મા પોતાને જાણે છે, સ્વ-પર પ્રકાશક છે,-બધાને જાણનારો છે. આ રીતે જ્ઞાયક સ્વભાવી આત્મા અને આશ્રવો વચ્ચે ભેદજ્ઞાન કરવું તે જીવનું કર્તવ્ય છે.

'' અશુચિપણું, વિપરીતતા એ આશ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે.''

જ્ઞાયક આત્માને જાણ્યો ક્યારે કહેવાય? કે- આશ્રવોથી (વિભાવથી) નિવૃત્તિ થાય અને સ્વભાવમાં પરિણતિ થાય. સમયસારમાં આવે છે તે કહું છું કે બધાએ આ કરવા જેવું છે, આનંદઘન આત્માને પ્રગટ કરવાનો છે. આત્મા આનંદ-જ્ઞાન આદિ અનંત ગુણોથી ભરેલો છે. તેની પરિણતિ પ્રગટ કરવી અને વિભાવથી નિવૃત્તિ થવું તે કરવાનું છે. અંદરથી પરિણતિ પ્રગટ થઈ ક્યારે કહેવાય? કે વિભાવથી નિવૃત્તિ થાય ત્યારે. વિભાવથી નિવૃત્તિ થઈ ક્યારે કહેવાય? કે સ્વભાવમાં પ્રવૃત્તિ થાય ત્યારે. સ્વભાવનું વેદન થાય તો વિભાવથી નિવૃત્તિ થઈ, વિભાવથી ભેદજ્ઞાન થયું એમ કહી શકાય.

આશ્રવો મલિન છે, આત્મા પવિત્ર ને ઉજ્જવળ છે-ઉજ્જવળતા, ને પાવનતાથી ભરેલા આત્માને પ્રગટ કરવા જેવો છે, તેનું ધ્યેય રાખવા જેવું છે. તેનું લક્ષ અને તે તરફ પરિણતિ કરવી.

આત્માનો અને વિભાવનો સ્વભાવ ઓળખીને, તેના ભેદ પાડીને, સ્વમાં એકત્વબુદ્ધિ અને પરથી વિભક્તબુદ્ધિ કરવા જેવી છે.

પરનું હું કરી શકું છું અને પર મારું કાર્ય છે એવી કર્તા-કર્મની પ્રવૃત્તિમાં અનાદિથી પોતાને ભૂલી ગયો છે. પણ સ્વભાવનું પરિણમન કરનારો તે હું અને સ્વભાવ મારું કાર્ય એમ પરિણતિ પ્રગટ થાય તે મુક્તિનું કારણ છે. આત્મા જ્ઞાનનું ધામ-સુખનું ધામ છે તેવી પરિણતિ પ્રગટ કરવી.

પરદ્રવ્યનો આશ્રય (અને લક્ષ) તે આશ્રવ છે, તે પરાશ્રયભાવ છે. સાધકને શુભ ભાવ વચ્ચે આવે છે, ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય હોય છે, પણ ચૈતન્યના આશ્રયપૂર્વક-ધ્યેયપૂર્વક હોય છે. ચૈતન્યનો પોતાનો આશ્રય-તે ખરો આશ્રય છે, તે સ્વાધીનતા છે અને દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય પણ પરાધીનતા છે. આત્માનું સાન્નિધ્ય પ્રગટ થાય તેવી પરિણતિ પ્રગટ કરવાની છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું સાન્નિધ્ય તો મળ્યું પણ અંતરનું સાન્નિધ્ય કેમ પ્રગટ થાય તે કરવા જેવું છે, તેની જ સમીપતા, તેની જ અદ્‌ભુતતા લાવવા જેવી છે. કોઇ પરપદાર્થ અદ્‌ભુતતારૂપે કે આશ્ચર્યરૂપે નથી, એક માત્ર સુખનું કારણ એવો આત્મા અદ્‌ભુત અને આશ્ચર્યકારી તત્ત્વ છે, તેનું આશ્ચર્ય કરવા જેવું છે. જ્ઞાયકના ધ્યેયપૂર્વકનું જીવન તે ખરું જીવન છે.

ગુરુદેવ કોઇ અદ્‌ભુત હતા. પંચકાળના જીવોના મહાભાગ્ય કે તેમની વાણી અને એવા ગુરુદેવ મળ્યા. ૮૩.

તા. ૮-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૩, પ્રવચન નં. ૫૦

સ્વાનુભૂતિદર્શન પાનું-૬૯, વચનામૃત-૮૩. કોઈએ માગણી કરી છે કે '**પ્રશ્ન :- આપ મંગલ આશીર્વાદ આપો.**' કોઇ પ્રાંસગિક હશે.

'**સમાધાન :- અંતરમાં જ્ઞાયકનું લક્ષ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા.**' અંતરમાં પોતાના સ્વરૂપનું લક્ષ. આમાં આશીર્વાદમાં શું કહે છે? આશીર્વાદ કહો કે આજ્ઞા કહો. સ્વરૂપનું લક્ષ રાખવું અને બહારમાં એ સ્વરૂપને દર્શાવનાર એવા દેવ-શાસ્ત્ર અને ગુરુનું લક્ષ રાખવું અથવા હૃદયમાં રાખવા, એની સમીપતા રાખવી.

મુમુક્ષુ :- હૃદયમાં રાખવા એટલે સમીપતા રાખવી?

પૂજ્ય ભાઈશ્રી :- હૃદયમાં રાખવા એટલે શું? શ્રદ્ધા જ્ઞાનમાં મુખ્યતામાં. એમ. શ્રદ્ધા જ્ઞાનમાં પણ થાય, મુખ્યતામાં પણ થાય. એટલે એ ગૌણ થઈને બીજી ગડબડ ન થાય.

મુમુક્ષુ :- બહેનશ્રી એમ કહે, દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા. ગુરુદેવશ્રી એમ કહે દેવ-શાસ્ત્ર-ગુરુ હેય છે, પરદ્રવ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરદ્રવ્ય છે, હેય છે. એમ કહે. બેય વાતમાં, બન્ને વાતમાં આત્મકલ્યાણનો હેતુ રહેલો છે. અને એ હેતુથી જોવામાં આવે તો બન્ને બરાબર કહે છે એમ લાગે. એ હેતુ ન સમજાય, અગ્રહણ થાય તો એક આમ કહે છે અને બીજા આમ કહે છે, એમ કેમ? એમ થાય. સમાધાન ન થાય.

'જ્ઞાયકની સમીપતામાં જીવન ગાળવું,...' જીવન કહો કે પરિણમન કહો. જ્ઞાયકની સમીપતામાં પરિણમન રાખવું. એટલે જ્ઞાયકની મુખ્યતા હોય તો સમીપતા થાય ને? પોતાનું જ્ઞાનતત્ત્વ જ મુખ્ય છે અથવા જ્ઞાન જ સર્વ કાળે અગ્ર છે. જેની હયાતી વિના બીજું કાંઈ છે કે નથી એ કેમ નકકી થાય?

મુમુક્ષુ :- ઊર્ધ્વ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- ઊર્ધ્વ એટલે એક અગ્ર છે. અગ્ર કહો કે ઊર્ધ્વ કહો. એ જ મુખ્ય છે. એને ગૌણ કરીને કેમ જ્ઞેય મુખ્ય થાય? જ્ઞાનને ગૌણ કરીને જ્ઞેય કેમ મુખ્ય થાય? થવું જોઈએ નહિ. એ પ્રકારનું પરિણમન થવું જોઈએ. સમજાય છે એમ નહિ, પરિણમન એમ આવવું જોઈએ.

મુમુક્ષુ :- ચાલતા જ્ઞાનને પકડે તો પરિણમન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુખ્ય કરે તો મુખ્ય થાય. અહમ્‌ભાવ કરે તો મુખ્ય થાય. મુખ્ય કરવાની જે ચાવી છે,... નહિતર એમ થાય, મુખ્ય કેમ કરવું? પોતાપણું કરવાથી મુખ્ય થાય છે. જ્યાં જ્યાં પોતાપણું છે ત્યાં ત્યાં મુખ્યપણું છે કે નહિ? જોઈ લ્યો. અને જ્યાં પોતાપણું મુકાઈ ગયું ત્યાં મુખ્યતા મુકાઈ ગઈ કે નહિ? ઈ જોઈ લ્યો. અનુભવગોચર થશે.

'તે એક જ ધ્યેય રાખવા જેવું છે.' એટલે કે એનું ધ્યાન એનું લક્ષ ચૂકવા જેવું નથી.

પછી કહે છે કે **'આત્મા અને આસ્રવોનો ભેદ કરવાનો છે.'** ભેદજ્ઞાનનો વિષય લ્યે છે. સમયસારમાં ૭૧-૭૨માં લીધું ને, 'આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહિ.'

મુમુક્ષુ :- અશુચિપણું વિપરીતતા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૭૨મી ગાથા. એ ૭૨મી, ઓલી ૭૧મી છે. બેયમાં વિષય ચાલ્યો છે.

'આત્મા અને આસ્રવોનો ભેદ કરવાનો છે. આસ્રવો આકુળતારૂપ છે અને ભગવાન આત્મા નિરાકુળ સ્વભાવ છે.' ૭૨માં એ શૈલી લીધી છે ભગવાન આત્મા કહીને. જે કોઈ વિભાવભાવો છે તે આસ્રવો છે, એમાં એકલી આકુળતા રહેલી છે. ભગવાન આત્મા નિરાકુળતાનું સ્વરૂપ છે, નિરાકુળ સ્વભાવે છે અથવા અનંત શાંત સ્વભાવે છે. નિરાકુળતા નાસ્તિથી કહીએ. અસ્તિથી કહિએ તો અનંત શાંત સ્વભાવે છે. અમૃત જેવી અનંતી શાંતિ આત્મામાં ભરેલી છે. કેટલી ભરેલી છે? અનંતી શાંતિ ભરેલી છે. અમૃત જેવી. માઈલ્ડ અમૃત નથી, ઘનિષ્ઠ અમૃત છે. જેમ માણસ એમ કહે ને, કોન્સન્ટ્રેટેડ—ઘનિષ્ઠ. ... અર્ક કાઢે છે. હોમિયોપેથી દવામાં એનો અર્ક હોય છે. સૂક્ષ્મ છે ને એટલે અર્ક લે છે એનો. એનું સત્ત્વ. અર્ક એટલે એનું સત્ત્વ. એવી શાંતિ ભરેલી છે.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી દૃષ્ટાંત આપતા હતા ને, શિયાળામાં ઘી જામી જાય, તાવેથો નાખે તો પણ અંદર ન જાય ઘનિષ્ઠ એટલું.

પૂજ્ય ભાઈશ્રી :- ઘન છે. શાંતિનો ઘન છે આત્મા. આકુળતા અંદર પ્રવેશ ન કરી શકે. પણ એનું બેભાનપણું હોવાથી આકુળતામાં એવો પકડાય, એવો પકડાય કે બહાર નીકળી શકે નહિ. એવી જ રીતે **'ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે...'** ત્યાં ઘન શબ્દ લીધો છે. વિજ્ઞાનઘન છે અથવા આનંદઘન છે. આનંદનો પણ ઘન છે.

મુમુક્ષુ :- વિજ્ઞાન શબ્દ વાપરવાનું શું પ્રયોજન છે? ઘનિષ્ઠ, ઘનપણું દેખાડવા માટે દરેક વખતે વિજ્ઞાનઘન છે એમ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનઘન છે એમ પણ બોલાય છે. વિજ્ઞાનઘન છે એમ પણ બોલાય છે, આનંદઘન છે એમ પણ બોલાય છે. ઘન એટલે ઘનિષ્ઠપણું. વિજ્ઞાન, જ્ઞાનને બદલે વિજ્ઞાન શબ્દ એટલા માટે લે છે કે, એ ચાકક્સ પ્રકારનું જ્ઞાન છે, સ્પેસિફિક જ્ઞાન છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... તો અનેક પ્રકારનાં જ્ઞાનને જ્ઞાન કહે છે, પણ આ જે સ્વરૂપ જ્ઞાન છે, જે સ્વભાવ જ્ઞાન છે એ ખાસ પ્રકારનું જ્ઞાન છે એને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ચોકકસ પ્રકારનું જે જ્ઞાન છે એ ઘનિષ્ઠ જ્ઞાન છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ સ્વરૂપે જ ઘનિષ્ઠ છે.

'તેને જુદો પાડવો તે કરવાનું છે.' જુદો નથી પાડ્યો માટે. સ્વરૂપે જુદો જ

છે પણ ભાવમાં, અનુભવમાં જુદો નથી. અધ્યાસે કરીને મિશ્રપણું કર્યું છે. એ અધ્યાસ છૂટી જાય એટલે જુદો પડે, જુદો અનુભવમાં આવે, જુદો છે તે જુદો અનુભવમાં આવે. તે કરવાનું છે.

'ચૈતન્ય છે તે પોતે જાણક-જ્ઞાયકસ્વભાવ છે.' ચૈતન્ય છે તે જાણક સ્વભાવ છે અથવા જ્ઞાયક સ્વભાવ છે. બસ, ત્યાંથી જુદો પડે છે. જાણવાનાં સ્વભાવથી જુદો પડે છે. એકમાં જાણવું છે, બાકીનામાં નહિ જાણવું છે.

મુમુક્ષુ :- જાણક સ્વભાવમાંથી ચૈતન્યપણું પકડાય છે. બાકી બધું જડ છે એ જુદું પડી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાયકપણું અને ચૈતન્યપણું એ તો નામ જ જુદાં છે. બે કાંઈ જુદી જુદી ચીજ નથી.

'વિભાવભાવ વિપરીત ભાવ છે,...' વિભાવભાવ છે એ વિપરીત ભાવ છે. પોતાના સ્વરૂપથી વિરુદ્ધ જાતિનો ભાવ છે. સ્વરૂપ ચૈતન્યમય છે, તો આ જડ છે. સ્વરૂપ નિરાકુળ છે, તો વિભાવ આકુળતારૂપે છે. એમ વિરુદ્ધ જાય છે. આમ નથી કહેતા માણસ? કે આ મારા વિરોધી મને દેખાય છે. એમ નથી કહેતા? એમને જોઉં છું તો એમ લાગે છે, કે મારા વિરોધી દેખાય છે. એમ એક ન્યાયે, સર્વથા નહિ, એક ન્યાયે વિભાવો છે તે વિરોધી છે અને એક ન્યાયે વિભાવો છે તે વિરોધી પણ નથી અને અવિરોધી પણ નથી, માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. એમ છે. બે પડખાંથી બે વાત છે. અહીંયાં ભેદજ્ઞાન કરાવવાનો હેતુ છે એટલે એને વિપરીત ભાવ છે, એમ કહે છે, વિરોધી ભાવ છે, એમ કહે છે. બન્ને વાત હેતુપૂર્વક, આત્મહિતના હેતુથી કહેવામાં આવે છે. આત્મકલ્યાણની વાત છે. વિરોધી કહેવામાં પણ એમ છે અને જ્ઞેય કહેવામાં પણ એમ જ છે.

'વિપરીત ભાવ છે, વિભાવ દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે.' ભવિષ્યમાં દુઃખ ઉત્પન્ન થવાનું વર્તમાનમાં એ કારણ છે. **'દુઃખનું કાર્ય તેમાંથી આવે છે,...'** અથવા કારણ-કાર્ય બન્ને વિભાવ જ છે. એક વિભાવની પર્યાયમાં ષટ્કારક લઈએ તો કારણ-કાર્ય વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ એ દુઃખનું કાર્ય થવાનું એનું કારણ પણ છે. **'દુઃખનું કાર્ય તેમાંથી આવે છે, બધું દુઃખનું ફળ તેમાંથી આવે છે.'** જેટલું દુઃખનું ફળ છે, એ બધું એમાંથી આવે છે. **'આત્મા સુખનું ધામ છે...'** આત્મા છે એ સુખધામ છે. કેવું સુખધામ છે? કે અનંત સુખધામ છે. અનંત... અનંત... અનંત... સુખ જેમાં છે, પાર વિનાનું, હદ વિનાનું. એવું આત્મા સુખધામ છે. **'આત્મા સુખનું ધામ છે-સુખનું કારણ છે,...'** સુખ ઉત્પન્ન થવાનું પણ એ

કારણ છે, કે નહિ કેમકે એ આત્માનાં ... '**સુખનું કાર્ય તેમાંથી આવે છે,...**' પરિણમે છે. આત્મા જ પોતે પરિણમે છે સુખરૂપે. અને '**બધું સુખ આત્મામાંથી આવે છે.**' એક ન્યાયે આત્મા સુખરૂપે પરિણમતો હોવાથી આત્મા સુખ આપે છે. આત્મા પોતે સુખને આપે છે. એટલે એને સંપ્રદાન કીધું છે. દાન કરે છે, પ્રદાન કરે છે. સમ્યક્ પ્રકારે દાન કરે છે. પ્રદાન છે. પછી પ્ર ને સ તો એને આગળ લાગેલા છે. અને એક ન્યાયે ... આત્મા છે. પર્યાય એની સન્મુખ થાય તો એને જોવા માત્રથી સુખથી વિભોર થઈ જાય છે. જેમકે એક દૃષ્ટાંત લઈએ, કોઈ એક પ્રિયજન છે. તો એ મળે ઓચિંતા. ઓહો..! તમે મળી ગયાં, બહુ આનંદ થયો, બહુ આનંદ થયો, એમ કહે. કેમ? તમને જોતાવેંત આનંદ થાય, જોવાથી જ આનંદ થાય. એવું સ્વરૂપ છે. એ સ્વસન્મુખ થાય તો પર્યાય દ્રવ્યને અડતી નથી, દ્રવ્ય પર્યાયને અડતું નથી. ભિન્ને ભિન્ન છે. એટલો બધો આનંદ થાય, અનંત આનંદ ઉત્પન્ન થાય પર્યાયમાં. જેને જોતાવેંત પરમ આનંદ ઉત્પન્ન થાય એ સ્વરૂપ કેવું હશે! એની અપૂર્વ જિજ્ઞાસા થવી જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કારણશુદ્ધપર્યાયમાં. એ તો એના વર્તમાનને જ જોવે છે. વર્તમાન જોવે છે, કારણશુદ્ધપર્યાય છે. ઉપલી સપાટી, વર્તમાન એટલે ઉપલી સપાટી. સર્ફેસ ટેન્શન. હજારો ટનની સ્ટીમરને પાણી ઉપર રાખે, નીચે ન જવા દે. લોઢાની હજારો ટનની સ્ટીમર, અંદર હજારો ટન માલ ભરવામાં આવે પાછો. ખાલી સ્ટીમરનું વજન કરો તોય હજારો ટન થાય. સેંકડો ટન નહિ, હજારો ટન. આ એંશી હજાર ટનનું જહાજ છે. પછી માલ અંદર ભરે ત્યારે હજારો ટન ભરે એ બીજું. પાણી કેટલું પાતળું છે, કોમળ છે. એની સર્ફેસ ટેન્શન એવી છે. તાકાત, સપાટીની તાકાત. ટેન્શન એટલે તાકાત અહીંયાં. એમ જીવની પ્રત્યેક વર્તમાનની તાકાત એવી છે કે કેવળજ્ઞાનને, પરમાનંદને ઉત્પન્ન કરે. સન્મુખ થનારી પર્યાયમાં કેવળજ્ઞાન અને પરમ આનંદને ઉત્પન્ન કરે. એની ત્રિકાળી શક્તિ તો કહી શકાય એવી છે જ નહિ. પછી એના ઉપરથી ત્રિરાશી માપી, ત્રિરાશી લઈ લેવી જ્ઞાનમાં. એટલું સામર્થ્ય અંદરમાં ભર્યું છે.

'**બધું સુખ આત્મામાંથી આવે છે. વિભાવ પોતે પોતાને જાણતો નથી,...**' પરમાણુની જેમ. '**અને પરને પણ જાણતો નથી,...**' આંખના ડોળા અને કીકીઓ પોતાને જાણતી નથી અને પરને પણ જાણતી નથી. જાણે છે? ન જાણે. જાણે તો મડદાને જાણવી જોઈએ. હમણાં પેપરમાં હતું કે, શરીરનાં બધાં અવયવો હવે

વિજ્ઞાન બનાવવાનું છે. આર્ટિફિશિયલ હાર્ટ પણ બનાવશે, આંખ પણ બનાવશે, હાડકાં પણ બનાવશે, આર્ટિફિશિયલ લોહી પણ બનાવશે, બધું આવે છે. બધા અવયવો. આંખ એકલી પડી હોય બનાવેલી, જાણે કાંઈ? જાણવાનું તત્ત્વ પરમાણુમાં નથી. એમ કોઈ પણ વિભાવમાં જાણવાનું તત્ત્વ નથી. '**जडरूपतां च दधतो**'. (સમયસાર) ૧૨૬ (કળશ). જ્ઞાન ચિદ્રૂપતાને ધારણ કરે છે અને વિભાવ છે એ જડરૂપતાને ધારણ કરે છે. એને જડનું રૂપ છે.

મુમુક્ષુ :- પ્રગટ લક્ષણને પોતે ... અંદરમાં. પ્રગટ સ્વભાવ તરફ જ દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એકદમ કોન્ટ્રાડિક્ટરી છે એટલે નહિ જણાવાનું કારણ નથી.

મુમુક્ષુ :- બેય ભાવ પાછા અનુભવગોચર છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતામાં ને પોતામાં જ પાછા, બહાર નથી, આઘે નથી.

'**આત્મા પોતાને જાણે છે, સ્વ-પર પ્રકાશક છે,-બધાને જાણનારો છે.**' આત્મા બધાને જાણનારો છે એમ કહીને ભેદજ્ઞાન કરવાનું છે. આત્મા પોતે પોતાને જાણનારો છે, પરને જાણનારો નથી, એમ કહીને પણ ભેદજ્ઞાન જ કરાવવાનું છે. આ લ્યો ને આ ન લ્યો. એમ નહિ. વસ્તુનું જે સ્વરૂપ છે ઈ છે. અને એ તો અનેકાંતિક સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હમણાં પર્યાયની જે વાત આવી પર્યાય ભિન્ન છે, તો એ કઈ રીતે ભિન્ન? આમ સર્વથા ભિન્ન લેવી કે કોઈ અપેક્ષાથી?

પૂજ્ય ભાઈશ્રી :- એ કાલે એક આવી ગયું કે ઉપર છે ને, ૮૨માં? કે પર્યાયને જુદી માનવી કે ભેગી માનવી? એ જ પ્રશ્ન કર્યો છે. ત્યાં ઉત્તરમાં શું કીધું? કે '**દ્રવ્યદૃષ્ટિના જોરમાં શુદ્ધ પર્યાય પ્રગટ થતાં તે ભેગી છે કે જુદી છે તે તેના જ્ઞાનમાં સમજાઈ જશે**' એટલે શું છે કે જુદી પણ છે અને ભેગી પણ છે. જુદી પણ સમ્યક્ પ્રકારે છે અને ભેગી પણ સમ્યક્ પ્રકારે છે. સમ્યક્જ્ઞાનમાં એ બન્ને પ્રકાર આવે છે, એમ કહેવું છે અહીંયાં. એવું સમ્યક્પણું ઉત્પન્ન કરવું જોઈએ. પછી ભેગી માનવામાં તકલીફ, આપત્તિ નથી અને જુદી માનવામાં પણ આપત્તિ નથી. કેમ? જુદી કેવી રીતે છે? કે ક્ષણિક છે. આત્મા નિત્ય છે, સ્વરૂપ છે તે નિત્ય છે. પર્યાય એક સમય. જો સર્વથા ભેગી માનો તો કાં દ્રવ્યનો નાશ થાય અને કાં પર્યાયનો નાશ થાય, કાં નિત્ય અનિત્ય થઈ જાય, કાં અનિત્ય નિત્ય થઈ જાય.

સર્વથા જુદી માનો ... વેદન આવ્યું? એ તો અશક્ય છે. આત્માને જ્ઞાન સ્વસંવેદન છે. બરાબર? તો જે જ્ઞાનનું સ્વસંવેદન છે એ પારકાનું તો સ્વસંવેદન આવે નહિ.

પરનું વેદન થવું અશક્ય છે. બીજી લીટીમાં '**પર્યાયનું વેદન થાય છે. તેથી સમજાઈ જશે કે સર્વથા જુદી નથી.**' જુદી નથી એમાં વેદનનો ફેક્ટર લીધો છે બહેનશ્રીએ. જુદીમાં એનો નિત્ય-અનિત્ય ધર્મ લીધો. દ્રવ્યનો ધર્મ નિત્ય, પર્યાયનો ધર્મ અનિત્ય. એટલે જુદી છે. વેદન લ્યો તો જુદી નથી.

સમયસાર દૃષ્ટિપ્રધાન ગ્રંથ હોવા છતાં પણ અધ્યાત્મપ્રધાન ... મોટા ભાગની વાતો પર્યાય .... ૪૭ શક્તિનું વર્ણન પર્યાયપ્રધાન છે. વેદનપ્રધાનતા ... બીજી ગાથામાં લીધું, '**चरित्तदंसणणाणठिदो**' દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિર તે સ્વસમય જાણવો. સ્વરૂપમાં દર્શન જ્ઞાન સ્થિર થયા તે સ્વસમય એમ ન કીધું. આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં સ્થિર છે, માટે એને સ્વસમય. કેમકે પરસમય ... 'સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો.' જો પુદ્ગલમાં સ્થિર થયો ... પરમાં સ્થિર થયો. એમ કીધું. એટલે સ્વમાં સ્થિર ન કીધો. સ્વમાં સ્થિર ન કીધો. દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિર કીધો. પર્યાય પ્રધાનતાથી વાત લીધી. એવું શું કરવાં કર્યું? તો કે જેને સમજાવવો છે એવો જે અજ્ઞાની એનો અનુભવ એવો છે. એ પુદ્ગલમાં સ્થિર થયો છે. પુદ્ગલમાં ઊભો છે. તો એને સમજવું કેમ અનુકૂળ પડે એ આચાર્ય જાણે છે. શ્રીગુરુ જાણે છે. કે આમ કહીએ તો વધારે સહેલાઈથી સીધો સમજી જાશે. સામો જીવ તરત કઈ રીતે સમજી જાય એ જ્ઞાન એમની પાસે છે. સમજનાર પાસે નથી, સમજાવનાર પાસે છે. તને પ્રશ્ન પૂછવાની છૂટ છે, પણ મને આમ સમજાવો એમ કહેવાની છૂટ નથી. કેમ સમજાવવું એ એમનું કામ છે. તારે તો સમજવાની જિજ્ઞાસા હોવી એટલું જ તારા માટે બસ છે.

૩૨૦ ગાથાની જયસેનાચાર્યની ટીકામાં સ્પષ્ટીકરણ આપ્યું છે એમણે કે શુદ્ધ પર્યાય પણ પરમપારિણામિકભાવ એવા આત્માથી કથંચિત્ ભિન્ન છે. તો ત્યાં ભિન્નતાની પ્રધાનતા લીધી છે. ત્યાં ત્રિકાળી દ્રવ્ય ઉપર જોર દેવું છે દૃષ્ટિના વિષય ઉપર એટલે પર્યાયની ભિન્નતાની વાત લીધી છે ત્યાં. નહિતર ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. તો કથંચિત્ અભિન્ન છે એમ ન કીધું, કથંચિત્ ભિન્ન છે એમ કીધું.

મુમુક્ષુ :- નિરપેક્ષ દૃષ્ટિથી શું કેવી રીતે લેવું? અથવા કઈ અપેક્ષા?

પૂજ્ય ભાઈશ્રી :- બેય અપેક્ષા છે.

મુમુક્ષુ :- બેય અપેક્ષા બરાબર પણ નિરપેક્ષ દૃષ્ટિથી પર્યાયને કેવી રીતે લેવી?

પૂજ્ય ભાઈશ્રી :- નિરપેક્ષ દૃષ્ટિથી પર્યાય પર્યાય છે અને દ્રવ્ય દ્રવ્ય છે. દ્રવ્ય તે પર્યાય નથી અને પર્યાય તે દ્રવ્ય નથી. કેમકે પર્યાયનું પર્યાયત્વ છે, પર્યાયપણું પર્યાયમાં છે. દ્રવ્યનું દ્રવ્યત્વ—દ્રવ્યપણું દ્રવ્યમાં છે. દ્રવ્યનું દ્રવ્યપણું પર્યાયમાં નથી

અને પર્યાયનું પર્યાયપણું દ્રવ્યમાં નથી. એવી જ રીતે ગુણમાં લઈ લેવું. ગુણનું ગુણત્વ ગુણમાં છે, દ્રવ્ય પર્યાયમાં નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! તો આપણે જે અનઉભયસ્વરૂપ જે આપે ફરમાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એવું છે કે એ તો જે મૂળ સ્વરૂપ છે એ અનઉભય સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ત્યાં તો સ્વભાવ દેખાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં એકલો સ્વભાવ લેવો છે. આ તો દ્રવ્ય પર્યાય વચ્ચેની વાત ચાલે છે. પોતાના આત્મામાં ન દ્રવ્યની કલ્પના કરવી, ન પર્યાયની કલ્પના કરવી એમ કહે છે. કેમકે દ્રવ્યની કલ્પના કરતાં દ્રવ્યનો ભેદ પડે છે. પર્યાયની કલ્પના કરવા જેવી છે જ નહિ. કેમકે એ તો ક્ષણિક છે અને સ્વભાવ ત્રિકાળ છે અને દ્રવ્ય ત્રિકાળ છે, તોપણ દ્રવ્ય .... ભેદ ઉપજાવવો જોઈએ નહિ, ભેદકલ્પના ન કરવી. ભેદને કલ્પના કીધી છે. એવું શું કરવા? ... પત્તો પર્યાયમાંથી લાગે છે એટલા માટે. જે અનઉભય સ્વરૂપ છે એ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ત્રણેયમાં સળંગ છે. છતાં દ્રવ્યનાં ભેદરૂપ નથી, ગુણનાં ભેદરૂપ નથી અને પર્યાયનાં ભેદરૂપ નથી. એમ અન્વયરૂપ છે. ત્રણેયમાં અન્વયરૂપ છે. અને પત્તો પર્યાયમાંથી લાગે છે. દ્રવ્ય, ગુણમાં એનો પત્તો નથી લાગતો.

મુમુક્ષુ :- સ્વભાવનું પગેરું પર્યાયમાંથી મેળવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન લક્ષણથી લક્ષિત થાય છે એમ લીધું. એટલે પર્યાયમાં પર્યાયપણે નહિ હોવા છતાં છે પર્યાયમાં. દ્રવ્યમાં દ્રવ્યપણે નહિ હોવા છતાં છે દ્રવ્યમાં, ગુણમાં ગુણપણે નહિ હોવા છતાં છે ગુણમાં. એમ છે. એને અનઉભય કીધું છે.

આમ શું છે કે બુદ્ધિમાં લેવા જાય તો કાંઈ ને કાંઈ કલ્પના કરે, વિચારમાં લેવા જાય તો કાંઈને કાંઈ કલ્પના કરે. એટલે જ્ઞાનીઓએ પહેલેથી અનુભવપદ્ધતિ લીધી છે અને એમ કીધું છે કે તું અનુભવ કર એટલે (તને સમજાશે.)

જુઓ શું કીધું? શુદ્ધ પર્યાય પ્રગટ થતાં તે ભેગી છે કે જુદી છે, તે તેનાં જ્ઞાનમાં સમજાઈ જશે. કેમકે ત્યાં અનુભવ થયો. એટલે અનુભવમાં બરાબર સમજાઈ જશે. આપણે નથી કહેતા? ધંધો ભેગો કરતા હોય ભાઈઓ-ભાઈઓ. દુકાને કોઈ પૂછે કે તમે ભાઈ કેમ આમાં? તો કહે, અમે બધાં ભેગા છીએ આમાં. પછી ઘરે આડતિયા આવે. સાધારણ પૂછે, ભાઈઓ-ભાઈઓ જોવે. કેમકે અમે બધા ભેગા છીએ. એટલે અમારો નફો-નુકસાન જોઈન્ટ છે. નફો નુકસાન જોઈન્ટ છે કે સુવાંગ છે. તો કહે આમ સુવાંગ છે અને આમ જોઈન્ટ છે.

વેપાર કરીએ એમાં નફો થાય એ જોઈન્ટ નફો થયો. પછી વહેંચી લઈએ ખાતામાં ખતવીને હવાલા નાખીને. બે ભાયું છે, ૫૦-૫૦ ટકાનો ભાગ છે. બાપની દુકાન છે, વારસામાં ધંધો છે એટલે અડધો-અડધો ભાગ મળી ગયો. તો કહે એ રીતે નફો સુવાંગ છે પાછો. વહેંચીએ છીએ ત્યારે ૫૦ ટકા છે એ સુવાંગ છે અને આવે છે ત્યારે જોઈન્ટ આવે છે. પછી વહેંચીએ છીએ ત્યારે જુદો પાડીએ છીએ. ભેગો પણ છે અને જુદો પણ છે. આમ પરસ્પર વિરોધી લાગે પણ છે એમ જ.

તો કહે, રસોડા? રસોડા જુદાં છે. ત્યાં અમે જુદાં છીએ કહે. રસોડામાં અમે જુદાં છીએ. અથવા એક રસોડું હોય તો પણ અડધો-અડધો ખર્ચો, ખાતે પડતો હોય, અથવા પ્રોપોશનેટ ખાતે પડતો હોય. ભાઈ, તમે ચાર જણા છો અને અમે બે જણા છીએ. છ જણાનો ખર્ચો છે. તો કહે, બે તૃતીયાંશ મારા ખાતે નાખો અને એક તૃતીયાંશ તમારા ખાતે નાખો રસોઈ વગેરેનો. બાકી ચીજ-વસ્તુઓ, કપડાં-દાગીનાં જે જે જેનું ખરીદે એ એના ખાતે ઉધરી જાય. એમાં કાંઈ વહેંચવાનો સવાલ રહેતો નથી. ત્યાં જુદું છે.

મુમુક્ષુ :- અલગ અલગ અપેક્ષાઓ.

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષાઓ આવે છે કે નથી આવતી? વ્યવહારિક જીવનમાં પણ અપેક્ષાઓ આવે છે કે નથી આવતી?

શું કહે છે? **'આત્મા પોતાને જાણે છે, સ્વ-પર પ્રકાશક છે,...'** પોતાને પણ જાણનારો છે અને સ્વ-પરને પણ જાણનારો છે. એક સાથે સ્વ-પરને જાણે યુગપદ્. **'આ રીતે જ્ઞાયકસ્વભાવી આત્મા અને આશ્રવો વચ્ચે ભેદજ્ઞાન કરવું તે જીવનું કર્તવ્ય છે.'** તે જીવનું કર્તવ્ય છે. કરવાં યોગ્ય કાર્ય તો ભેદજ્ઞાન છે. જ્ઞાની પણ ભેદજ્ઞાન કરે છે. મુમુક્ષુ પણ ભેદજ્ઞાન કરે. પોતાના કથનમાં બહેનશ્રીએ પછી ગાથા લીધી છે ૭૨મી, સમયસારની.

અશુચિપણું, વિપરીતતા એ આશ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે.

ગાથા છાપી છે.

મુમુક્ષુ :- આસ્રવોનાં ત્રણ લક્ષણો મુખ્ય લીધાં. અશુચિપણું, વિપરીતતા ને દુઃખ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ તો શું વિચાર આવ્યો? કે સમયસારની ગાથા છાપી છે. (એક મુમુક્ષુએ) કહ્યું ને, કૂચો છે. એમાં આવી જાય ને? અવિનય થઈ જાય ને? શાસ્ત્રનો પણ અવિનય થઈ જાય.

'જ્ઞાયક આત્માને જાણ્યો ક્યારે કહેવાય? કે-આસ્રવોથી (વિભાવથી) નિવૃત્તિ

થાય અને સ્વભાવમાં પરિણતિ થાય.' પોતાના આત્માને, જ્ઞાયકને જાણ્યો ક્યારે કહેવાય? કે જીવ એનાથી નિવર્તન, આસ્રવોથી નિવર્તન કરે ત્યારે. ગાથામાં તો ખાલી આસ્રવોને જાણવાની વાત છે.

''અશુચિપણું, વિપરીતતા એ આશ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે.''

ખાલી આસ્રવોની વાત નથી. કાઢી અસ્તિ એમાંથી.

મુમુક્ષુ :- એકથી નિવર્તવું અને એકમાં પ્રવર્તવું. પ્રવર્તનપૂર્વક નિવર્તન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વરૂપની પ્રવૃત્તિપૂર્વક નિવૃત્તિ છે. જ્ઞાયક આત્માને જાણ્યો ક્યારે કહેવાય? કે આસ્રવોથી, વિભાવોથી નિવૃત્ત થાય અને સ્વભાવમાં પ્રવૃત્તિ થાય ત્યારે.

'**સમયસારમાં આવે છે તે કહું છું કે બધાએ આ કરવું જેવું છે,...**' આ સમયસારમાં આવે છે અને બધાએ આ કરવા જેવું છે. '**આનંદઘન આત્માને પ્રગટ કરવાનો છે.**' પોતાના આનંદને પ્રગટ કરવાનો છે. '**આત્મા આનંદ-જ્ઞાન આદિ અનંત ગુણોથી ભરેલો છે.**' ભરચક ભરેલું તત્વ છે. એ સ્વભાવ સિવાય સ્વભાવમાં બીજાનો અવકાશ નથી. એવો ઘનિષ્ઠ સ્વભાવ છે. '**તેની પરિણતિ પ્રગટ કરવી અને વિભાવથી નિવૃત્ત થવું તે કરવાનું છે.**' પરિણતિ પ્રગટ કરવી. પરિણતિ ક્યારે પ્રગટ થાય? ઉપયોગથી રસ વૃદ્ધિ થાય ત્યારે પરિણતિ પ્રગટ થઈ જાય. એમ પરિણતિ પ્રગટ કરવી અને વિભાવથી નિવૃત્ત થવું. તો સહજ વિભાવથી જુદું રહેવાશે. જો પરિણતિ પ્રગટ કરી હશે તો સહજ જુદું રહેવાશે.

'**અંદરથી પરિણતિ પ્રગટ થઈ ક્યારે કહેવાય? કે વિભાવથી નિવૃત્ત થાય ત્યારે.**' વિભાવનો રસ છૂટી જાય, વિભાવથી ભિન્ન થઈ જાય ત્યારે નિવૃત્ત થયો કહેવાય. અથવા વિભાવ ભિન્ન ભાસે, ભિન્ન લાગે, ક્યારે? કે પોતાના સ્વરૂપમાં પોતાપણું અનુભવાય ત્યારે. '**વિભાવથી નિવૃત્તિ થઈ ક્યારે કહેવાય? કે સ્વભાવમાં પ્રવૃત્તિ થાય ત્યારે.**' બેય રિલેટેડ છે. '**સ્વભાવનું વેદન થાય તો વિભાવથી નિવૃત્તિ થઈ, વિભાવથી ભેદજ્ઞાન થયું એમ કહી શકાય.**' શું કીધું? સ્વભાવનું વેદન થાય—અનુભવ થાય તો વિભાવથી નિવૃત્તિ થઈ અને વિભાવથી ભેદજ્ઞાન થયું એમ સાબિત થયું. અસ્તિ વિના નાસ્તિ યથાર્થ નથી. કોઈ એમ કહે કે હવે અમને ફલાણો-ફલાણો તો વિભાવ થતો જ નથી. તો કહે અસ્તિ શું છે તારી એ લાવ. કોના આધારે? તો કહે એમ નહિ. થતું નથી એ અમને ખબર છે. તો કહે, એવું ન ચાલે. આજ થતી નથી તો કાલ થાશે. એની જગ્યા કોણે લીધી? જે થતું હતું એ નથી થતું ને? તો કહે હા, થતું

હતું એ નથી થતું. તો નથી થતું તો એ થતું હતું એ જગ્યા કોણે લીધી? સ્વભાવ પરિણમન થાય તો જ વિભાવની નાસ્તિ બરાબર યથાર્થપણે, સમ્યક્ પ્રકારે થઈ ગણાય નહિતર ન ગણાય. ગ્રહણપૂર્વક ત્યાગ છે. સ્વભાવના ગ્રહણપૂર્વક વિભાવનો ત્યાગ છે. એમ ચોક્કસ કરાવ્યું. નહિતર શું છે કાં એકલી નાસ્તિ કૂટ્યા કરે, કાં એટલી અસ્તિ કૂટ્યા કરે. એમ નહિ, બેય સબંધિત છે, બેય એકબીજાને સબંધિત છે. એ વાસ્તવિક છે અને એમ હોવું કે, એમ થવું જોઈએ. વિસ્તારથી સમજાવ્યું છે ૮૩માં. ઘણો વિસ્તાર કર્યો છે. અહીં સુધી રાખીએ.

તા. ૯-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૩-૮૪
પ્રવચન નં. ૫૧

સ્વાનુભૂતિદર્શન પાનું-૭૦, ૮૩મું વચનામૃત ચાલે છે. બીજા પેરેગ્રાફથી. પ્રશ્ન શું છે? ૬૯ પાને પ્રશ્ન છે.

મુમુક્ષુ :- મંગલ આશિર્વાદ આપો.

પૂજ્ય ભાઈશ્રી :- આશિર્વાદ આપો. એમાં ભેદજ્ઞાનની ચર્ચા કરી છે.

'**આસ્રવો મલિન છે, આત્મા પવિત્ર ને ઉજ્જ્વળ છે...**' ત્રણે કાળે આસ્રવો મલિન છે. આત્મા નિર્મળ એટલે પવિત્ર છે. નિર્મળને પવિત્ર કહે છે, પવિત્રને નિર્મળ કહે છે. '**ઉજ્જ્વળ છે. ને પાવનતાથી ભરેલા આત્માને પ્રગટ કરવા જેવો છે,...**' પરમ પવિત્ર છે. જેમાં (મલિનતા) થઈ પણ નથી, થવાની કોઈ શક્યતા પણ નથી. એવી પવિત્રતાથી ભરેલા આત્માને પ્રગટ કરવા જેવો છે એટલે અનુભવ કરવા જેવો છે. '**તેનું ધ્યેય રાખવા જેવું છે.**' એટલે એનું અવલંબન લેવા જેવું છે. હું આવો છું. એમ અવલંબન લેવા જેવું છે, તેનું લક્ષ કરવા જેવું છે. જ્ઞાનનાં લક્ષમાં એ રાખવા જેવું છે. સ્મરણમાં નહિ, પણ લક્ષમાં. '**અને તે તરફ પરિણતિ કરવી.**' આત્માનો રસ, આત્મરસ ઉત્પન્ન કરીને એની પરિણતિ પ્રગટ કરવી.

મુમુક્ષુ :- લક્ષમાં સ્મરણમાં ફરક ...

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ છે એ હંમેશા રહે છે, સ્મરણ વિસ્મરણતાને પ્રાપ્ત થાય છે. ત્યારે લક્ષમાં એવું બનતું નથી. એ સતત રહે છે.

'આત્માનો અને વિભાવનો સ્વભાવ ઓળખીને, તેના ભેદ પાડીને, સ્વમાં એકત્વબુદ્ધિ અને પરથી વિભક્તબુદ્ધિ કરવા જેવી છે.' બુદ્ધિ એટલે અભિપ્રાય. આત્મા અને વિભાવનો સ્વભાવ ઓળખીને. ઓળખવાના કાળમાં અભિપ્રાયનો ફેરફાર થઈ જાય છે. આ આત્મા સ્વરૂપથી એકરૂપ છે, અભેદ છે અને વિભાવથી જુદો છે. એવો ભેદ પાડીને ઓળખાણપૂર્વક ભેદ પાડતાં આ બુદ્ધિમાં ફેરફારો થાય છે. જે પરમાં એકત્વબુદ્ધિ છે એ વિભક્તપણું પામે છે. એવો અભિપ્રાયનો ફેરફાર ઓળખાણ વિના (બનતો નથી). જ્ઞાન લક્ષણથી જુદો ઓળખે ત્યારે જુદાંપણાનો અભિપ્રાય થાય અને ભેદજ્ઞાન દ્વારા તે કેળવાય, કેળવાઈને અનુભવ સુધી પહોંચે.

'પરનું હું કરી શકું છું અને પર મારું કાર્ય છે એવી કર્તા-કર્મની પ્રવૃત્તિમાં અનાદિથી પોતાને ભૂલી ગયો છે.' ચૂકી ગયો છે. અનાદિથી પરથી અભિન્ન બુદ્ધિને લીધે, પરથી અભિન્નપણાની અને રાગથી અભિન્નપણાની બુદ્ધિ હોવાને લીધે જેને એકત્વબુદ્ધિ કહે છે, કર્તા-કર્મની પ્રવૃત્તિ પણ ત્યાં થાય છે. કર્તા-કર્મપણું અભેદ દ્રવ્યમાં હોઈ શકે, ભિન્નપણામાં હોઈ શકે નહિ. કોઈ ભિન્ન પદાર્થમાં કર્તાપણું ન થઈ શકે. પરમાં ને વિભાવમાં કર્તાકર્મપણું થાય છે એ એકત્વબુદ્ધિને લઈને થાય છે અને એના ફળ સ્વરૂપે પોતાને ચૂકી જાય છે, પોતાને ભૂલી જાય છે.

'પોતાને ભૂલી ગયો છે. પણ સ્વભાવનું પરિણમન કરનારો તે હું અને સ્વભાવ મારું કાર્ય એમ પરિણતિ પ્રગટ થાય તે મુક્તિનું કારણ છે.' ઉપયોગપૂર્વક પરિણતિ થાય છે અને પરિણતિ પાછી ઉપયોગને ઉત્પન્ન કરે છે. એટલે પરિણતિની પ્રધાનતાથી વાત કરી છે. સ્વભાવનું પરિણમન કરનારો તે હું. સ્વભાવરૂપ પરિણમન હું તો કરનારો છું અને મારું સ્વભાવિક કાર્ય સિવાય મારું કોઈ કાર્ય નથી. એવી પરિણતિ થઈ જવી જોઈએ. એ પરિણતિ મુક્તિનું કારણ છે. ઊલટી પરિણતિ સંસારનું કારણ છે અને આ સૂલટી પરિણતિ મુક્તિનું-મોક્ષનું કારણ છે.

'આત્મા જ્ઞાનનું ધામ-સુખનું ધામ છે...' આત્મા જ્ઞાન અને સુખનું ધામ છે. **'તેવી પરિણતિ પ્રગટ કરવી.'** એનો રસ લઈ લઈને પરિણતિ પ્રગટ કરવી. પરિણતિ થઈ જવી જોઈએ. ચર્ચામાં એ વિષય ઘણીવાર આવતો. પરિણતિ થઈ જવી જોઈએ. એમ કે મુમુક્ષુ અવસ્થામાં પરિણતિ થઈ જવી જોઈએ, મુમુક્ષુને યોગ્ય પરિણતિ થઈ જવી જોઈએ. જેમ જ્ઞાનદશામાં આત્મામય પરિણતિ થઈ જાય છે એમ.

મુમુક્ષુ :- એક જગ્યાએ અર્પણતાનો બોલ છે. તો અર્પણતાની પરિણતિ થઈ જવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિણતિ થઈ જવી જોઈએ. બધાં ઘણાં પડખા છે.

અને ભાવના છે, અર્પણતા છે, ભક્તિ છે એ બધી પરિણતિ થઈ જવી જોઈએ તો આગળ જ્ઞાનદશા આવે.

'પરદ્રવ્યનો આશ્રય (અને લક્ષ) તે આસ્રવ છે,...' પરદ્રવ્યનો આશ્રય જે સતત રહ્યા કરે છે, તો આસ્રવ પણ સતત રહ્યા કરે છે. એ આસ્રવ છે.

મુમુક્ષુ :- આશ્રય એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- આશ્રય એટલે આધાર, આશ્રય એટલે આધાર. આધારબુદ્ધિ છે ને? એટલે સતત એનો આશ્રય ચાલુ જ છે. હું શરીર વિના જીવી શકું નહિ, અનુકુળતાઓ વિના જીવી શકું નહિ, અન્ન-પાણી વિના જીવી શકું નહિ, અન્ન-પાણી પ્રાપ્ત થાય એવા સાધન વિના જીવી શકું નહિ.

મુમુક્ષુ :- પૈસા વગર ન ચાલે એમ આવી ગયું ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી પૈસા, પૈસા ઉત્પન્ન થવાનાં કારણો એ બધા એની અંદર આવી જાય છે.

મુમુક્ષુ :- એ લક્ષે જ પ્રવૃત્તિ થવી?

પૂજ્ય ભાઈશ્રી :- પરદયાને પ્રવચનસારમાં દર્શનમોહ એટલા માટે કીધો છે. પરદયા કરનારને એ ભાવ ઘૂંટાય છે. આના વગર ન ચાલે, આના વગર ન ચાલે, આમ જોઈએ, આમ જોઈએ, જીવવા માટે આ જોઈએ, આ જોઈએ. એમ ચારિત્રમોહ નથી લીધો, દર્શનમોહમાં લઈ ગયા છે જયસેનાચાર્ય. એ આશ્રયભાવ, આશ્રયબુદ્ધિ, આધારબુદ્ધિ એને કારણે આશ્રયભાવની પરિણતિ થઈ જાય છે અને એ પરિણતિને લઈને આસ્રવ નિરંતર ચાલુ રહે છે.

'તે આસ્રવ છે, તે પરાશ્રયભાવ છે. સાધકને શુભ ભાવ વચ્ચે આવે છે, ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય હોય છે, પણ ચૈતન્યના આશ્રયપૂર્વક-ધ્યેયપૂર્વક હોય છે.' સાધક એટલે અહીંયાં મોક્ષમાર્ગી લેવા. મુમુક્ષુની વાત નથી. સાધક છે એ અહીંયાં સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળા, પાંચમા ગુણસ્થાનવાળા અને છઠ્ઠા ગુણસ્થાનવાળા. ત્રણ ગુણસ્થાન સુધી બુદ્ધિપૂર્વકનો ભાવ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો ભાવ આવે છે અને એનો આશ્રય હોય છે. એમ કહે છે. આશ્રય એટલે શું છે કે ત્યાં કે ઉપયોગને અવલંબન આવ્યું. એટલી વાત છે. આશ્રયબુદ્ધિ નથી. આશ્રયબુદ્ધિ તો ચૈતન્યના આશ્રયપૂર્વક અને ધ્યેયપૂર્વક હોય છે. ઉપયોગ જાય છે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે એટલો આશ્રય પરસત્તાવલંબનશીલ જ્ઞાન લેવામાં આવ્યું છે, ગણવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- આશ્રયબુદ્ધિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- આશ્રયબુદ્ધિ એટલે એકત્વબુદ્ધિ—અભિપ્રાય. એ પરના

આશ્રયબુદ્ધિ આધારબુદ્ધિ, આધાર બુદ્ધિ કહો કે આશ્રયબુદ્ધિ કહો, એ જ્ઞાનદશા પહેલાં હોય છે. જ્ઞાનદશામાં પરની આધાર બુદ્ધિ કે આશ્રયબુદ્ધિ હોતી નથી. છતાં ઉપયોગ જાય છે. ત્યારે એને અવલંબન અને આશ્રય લીધું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ઉપર ઉપરથી જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપરથી જાય છે. જાય છે તો ખરુંને? એમ કહે છે. અવલંબન આવ્યું ને ત્યાં? પણ સ્વનું અવલંબન છોડીને નહિ એમ કહેવું છે.

'**ચૈતન્યના...**' એટલે સ્વસ્વરૂપના '**આશ્રયપૂર્વક...**' અને સ્વસ્વરૂપના '**ધ્યેયપૂર્વક હોય છે. ચૈતન્યનો પોતાનો આશ્રય-તે ખરો આશ્રય છે, તે સ્વાધીનતા છે...**' એ સાચો આશ્રય છે. કેમકે ત્યાં અભેદતા સધાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉપયોગ જાય તોપણ અભેદતા સધાતી નથી. '**દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય પણ પરાધીનતા છે.**' એ પણ પર છે એટલે એટલો આશ્રય થાય ત્યાં પરાધીન પરિણામ થયા. એ તો જેટલો ઉદયભાવ છે એ બધાયમાં પરાધીનપણું આવે છે.

'**આત્માનું સાન્નિધ્ય પ્રગટ થાય તેવી પરિણતિ પ્રગટ કરવાની છે.**' પહેલાં એ પરિણતિ પ્રગટ થવી જોઈએ. મને આત્મા જ જોઈએ, મને આત્મા જ જોઈએ, મારું સ્વરૂપ જ જોઈએ. એ પરિણતિ થઈ જવી જોઈએ. '**દેવ-ગુરુ-શાસ્ત્રનું સાન્નિધ્ય તો મળ્યું...**' અત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રનું સાન્નિધ્ય તો મળ્યું. મુમુક્ષુને દેવ-ગુરુ-શાસ્ત્ર .. '**પણ અંતરનું સાન્નિધ્ય કેમ પ્રગટ થાય તે કરવા જેવું છે,...**' મોક્ષમાર્ગ તો ત્યારે કે જ્યારે પોતાના સ્વરૂપનું સાન્નિધ્ય આવે ત્યારે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરાધીનતા આવી ને ઉપર? દેવ-શાસ્ત્ર-ગુરુનો આશ્રય એ પરાધીનતા આવી. એટલે જ્ઞાનીપુરુષને એટલો ઉપયોગ બહાર જાય છે એમાં પરાધીનતા આવી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલું પરસત્તાવલંબનશીલ જ્ઞાન લીધું ને? જ્ઞાની શાસ્ત્ર વાંચે તોપણ એ મોક્ષમાર્ગ નથી. અજ્ઞાની તો શાસ્ત્ર વાંચીને મોક્ષમાર્ગ માને છે. એવું મને જ્ઞાન છે, આ મારું જ્ઞાન છે અને જ્ઞાન છે તે મોક્ષનું કારણ છે. જ્ઞાની તો પોતે પણ (એને) મોક્ષમાર્ગ માનતા નથી. કેમકે ઉપયોગ બહાર ગયો ને? ઉપયોગ બહાર નિકલા કિ જમકા દૂત સમજો. અભિપ્રાય એમ છે. એ તો બધાં જ્ઞાનીઓનો અભિપ્રાય તો એક જ છે.

'**અંતરનું સાન્નિધ્ય કેમ પ્રગટ થાય તે કરવા જેવું છે, તેની જ સમીપતા, તેની જ અદ્‌ભુતતા લાવવા જેવી છે.**' દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના પરિણામ તે ... પરિણામ છે. ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનીને પરિણતિ સ્વઆશ્રયની ચાલુ છે, પણ જેટલાં અંશે ઉપયોગ બહાર ગયો એટલો સબંધ કર્યો, એટલો સબંધ કર્યો પર સાથે. તે નિષેધ્ય છે. મોક્ષમાર્ગમાં તેનો નિષેધ છે. એમ છે.

મુમુક્ષુ :- ઓલો ફાયદો તો ચાલુ જ છે, ઓલો લાભ તો ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંદરમાં જે પરિણતિ છે એ લાભ જ્ઞાનીને ચાલુ છે.

મુમુક્ષુ :- એના નિમિત્તે બીજાને ફાયદો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમના નુકસાનથી બીજાને (ફાયદો થાય તો) પોતાને કેટલા ફાયદાનાં પરિણામમાં ફાયદો થતો હશે. ... કેટલો ફાયદો થતો હશે? ગુરુદેવે એમ કીધું અમે તો ભૂલ કરી એટલે અહીંયાં આવી ગયા. શું કીધું? કે અમારી ભૂલ થઈ ગઈ એમાં અમે અહીંયાં આવી ગયાં. ભગવાનનો પ્રત્યક્ષ યોગ (હતો), સીમંધર ભગવાન પાસે જતા હતાં. મુમુક્ષુને એ વાત કરે ત્યારે મુમુક્ષુ શું કહે? સાહેબ! અમારું સોભાગ્ય હતું, અમારું સદ્‌ભાગ્ય હતું એટલે. મુમુક્ષુ એમ ન લે કે, આપની ભૂલ હતી માટે અહીંયાં આવી ગયાં.

મુમુક્ષુ :- મુમુક્ષુઓને તો અનંત ઉપકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે દરેકને પોતાની જગ્યાએ ઊભા રહીને વિચારવાનું છે. મુમુક્ષુ જ્ઞાનીની જગ્યાએ ઊભો રહીને વિચારે તો ઊંધું થઈ જાય, ઊલટું થઈ જાય, અભક્તિ થઈ જાય. મુમુક્ષુને મુમુક્ષુની જગ્યાએ ઊભો રહીને વિચારે તો એને ઉપકારબુદ્ધિ થાય. ઉપકારબુદ્ધિ થાય તો એને લાભનું કારણ થાય. એમ છે.

મુમુક્ષુ :- મુમુક્ષુએ તો એ જ જોવાનું છે, કે સ્વરૂપનું અવલંબન .. બહાર જાય એ વખતે ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીના બહારના ઉપયોગને ગણવા જાય તો એને ભક્તિ રહે નહિ. એ એની અંતર પરિણતિ જોવે તો જ એને ભક્તિ થાય. છે બેય, એક નથી, છે બેય. વજન ક્યાં જવું એનો વિવેક પોતાને હોવો જોઈએ. વજન ઊલટું થાય તો નુકસાન થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જિજ્ઞાસામાં તીવ્રતા આવી જોઈએ કે સ્વરૂપનું અવલંબન પણ નથી છૂટતું? આ કયા પ્રકારે પરિણમન ચાલી રહ્યું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલા માટે તો પુરાણ લખ્યા. પુરાણમાં મહાપુરુષો છે એના ઉદયના પ્રસંગો શું કરવા બતાવ્યા? ઉદયના પ્રસંગો બતાવવા માટે બતાવ્યા? એનાં વિભાવો બતાવવા માટે બતાવ્યા? કે નહિ. એ વખતે પણ એની અંતર પરિણતિ

છે, એ બતાવવા માટે એ બતાવ્યું. કંપેરીટીવ સ્ટડી કરાવ્યો. જુઓ. આ ... ઈ કહેવા માંગે છે.

'કોઈ પરપદાર્થ અદ્‌ભુતતારૂપે કે આશ્ચર્યરૂપે નથી, એક માત્ર સુખનું કારણ એવો આત્મા અદ્‌ભુત અને આશ્ચર્યકારી તત્ત્વ છે,...' એટલા માટે અદ્‌ભુત અને આશ્ચર્યકારી છે કે નિગોદમાં અનંત કાળ રહે, પ્રચુર કષાય અનંત કષાયની તીવ્રતાવાળી ત્યાં દશા છે. છતાં પણ આત્મા પોતાનું શુદ્ધત્વ છોડતો નથી. શુદ્ધત્વ છોડતો નથી એમ નહિ, પણ દશાની અંદર ઘણી મલિનતા, અનંતી મલિનતા હોવા છતાં પણ એક અંશ મલિન થતો નથી. એમ ને એમ અકબંધ રહે છે. એવું એનું શુદ્ધત્વ, એક એક ગુણમાં એવી શક્તિ છે. જેમકે અસ્તિત્વ લ્યો, તો નરકમાં અનંતવાર એને રાય-રાય જેટલાં ટુકડા કરે, કેટલી વાર? એનો હિસાબ નહિ એટલી વાર. નિગોદમાં શ્વાસોશ્વાસમાં અનંત વાર મરે. પણ એના અસ્તિત્વ ગુણમાં કાંઈ ફેર પડે નહિ. થોડુંક અસ્તિત્વ ઓછું થાય એવું બને? કે નહિ. અસ્તિત્વગુણની પર્યાયનું સત્તા અને ક્ષેત્ર છે એના ક્ષેત્રમાં ફેર પડે કે નહિ? અનંતમા ભાગે જ્ઞાન થાય અને ક્ષેત્ર પણ અંગુલના અસંખ્યાત્મા ભાગે થઈ જાય. ત્યાં અંગુલ છે એ એક ક્ષેત્રના માપનો કરણાનુયોગનો પ્રકાર છે. પરમાણુ જેટલો. એના અસંખ્યમાં ભાગે જાય. તો પણ અસ્તિત્વ એમ ને એમ એટલું ને એટલું રહે. ભાવમાં કાંઈ ફેર પડે નહિ. એવું આત્મસ્વરૂપ અદભુત અને આશ્ચર્યકારી છે.

એમ કહેવાય છે, કે આત્માના ત્રિકાળ અસ્તિત્વ પાસે મરણ શબ્દ એ કેવળ જૂઠ છે. કેવળ જૂઠ છે, જૂઠાણું છે સાવ. કેમકે કોઈ આત્માનું મરણ થતું નથી. ક્ષેત્રથી ક્ષેત્રાંતર થાય, પર્યાયથી પર્યાયાંતર થાય, પણ કોઈનું મરણ થાય એ કલ્પનામાત્ર છે બીજું કાંઈ નથી. કોઈ જીવનું મરણ થાય, કોઈ આત્માનું મરણ થાય એ વસ્તુ સ્થિતિ જ નથી. તો કહે મરણ શબ્દનું વાચ્ય શું? કેમકે શબ્દ તો વાચક છે. તો કહે દેહ અને આત્મા જુદાં પડ્યા એનું નામ મરણ કીધું. બાકી ખરેખર કાંઈ છે નહિ. મરણ એટલે નાશ થવો. તો આત્માનો નાશ થયો? કે નહિ. દેહના પરમાણુનો? તો કે ના. એકેય પરમાણુનો નાશ નથી. તો મરણ કોનું? એ કલ્પના થઈ કે નાશ થઈ ગયો. સબંધ છૂટ્યો. સબંધનું મરણ જરૂર થયું. કોનું મરણ થયું? સબંધનું મરણ થયું છે. આત્માનું મરણ થયું છે કે શરીરનાં પરમાણુનું મરણ થયું છે (એમ નથી).

સમયે સમયે ભાવમરણ તો ચાલુ જ છે. અને શુદ્ધ પર્યાય હોય તોપણ એનું આયુષ્ય જ એક સમયનું છે. પર્યાયનું આયુષ્ય એક સમય પછી શુદ્ધ પર્યાય હોય કે અશુદ્ધ પર્યાય. ... એ એનો સ્વભાવ છે. સમયે સમયે જન્મવું, સમયે સમયે

મરવું એ પર્યાયનો સ્વભાવ છે. અને ક્યારેય જન્મવું નહિ અને ક્યારેય મરવું નહિ એ આત્માનો સ્વભાવ છે. એ વસ્તુનો સ્વભાવ છે. આત્માનો કહો કે પ્રત્યેક વસ્તુનો એ સ્વભાવ છે. દુઃખી ન થવું હોય તો અનાદિઅનંત એવા સ્થિર તત્ત્વનું અવલંબન લેવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જીવ નિગોદ સે નિકલા કૈસે?

પૂજ્ય ભાઈશ્રી :- વહ અબુદ્ધિપૂર્વક ઐસા ઉસકા સ્વકાલ. નિકલને કા સ્વકાલ આતા હૈ તો નિકલ જાતા હૈ. વહાં કોઈ મન-બુદ્ધિ હૈ, બુદ્ધિપૂર્વકકા પુરુષાર્થ ભી નહીં હૈ.

મુમુક્ષુ :- બડે લંબે કાલ મેં નિકલતા હોગા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંત કાળ જાય છે.

શું કહે છે? '**અંતરનું સાન્નિધ્ય કેમ પ્રગટ થાય તે કરવા જેવું છે, તેની જ સમીપતા, તેની જ અદ્‌ભુતતા લાવવા જેવી છે.**' કેમકે એટલું સામર્થ્ય છે. અદ્‌ભુત સામર્થ્ય છે, હદ નહિ એટલું સામર્થ્ય છે. નાશ થવાનો પ્રશ્ન નથી. ડેપ્રીસીયેશન આવતું નથી—ઘસારો પહોંચતો નથી. શક્તિમાંથી વ્યક્તિ થાય એને શક્તિનો વપરાશ કહે છે. અનંત કાળ પર્યંત એનો વપરાશ થવા છતાં એમાંથી કાંઈ ઘટતું નથી. ઘણું વાંચે, ઘણું સાંભળે તેથી જ્ઞાન ઘણું વપરાય તો ઘટે કે વધે? વધે છે અહીં તો. વપરાતા વધે. જગતમાં તો ચીજ વપરાતા ઘટે છે. આ સ્વભાવ એવો છે કે વપરાતા વધે એટલે આશ્ચર્યકારી છે.

મુમુક્ષુ :- સ્વક્ષેત્ર છોડ્યા વિના બધાને કેવું માપી લે છે!

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાન સ્વરૂપમાં રહીને સ્વરૂપનાં અવલંબનમાં રહીને લોકાલોકને પ્રકાશે. અને અનંત કેવળજ્ઞાનની અનંતકાળની પર્યાયો ઉત્પન્ન થવા છતાં સર્વજ્ઞશક્તિ એટલી ને એટલી, એવી ને એવી રહે. એવું પોતાનું અનંત મહિમાવંત પોતાનું સ્વરૂપ છે. એને ભૂલી ગયો એટલે દીન થઈને ફરે છે.

મુમુક્ષુ :- રાંકો થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- રાંકો એટલે દીન કયો. દીન એટલો રાંકો. રંક માંથી રાંકો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણા નહિ અનંતા હોય તોપણ. અનંતા હોય તોપણ એનો કોળિયો કરી જાય. પછી એમ કહે કે બીજા અનંતા હોય તો આવી જાઓ. એમ છે. સ્વભાવની મર્યાદા હોય નહિ. અગ્નિ કેટલાને બાળે? કેટલું ઘાસ હોય તો બાળે? કેટલું રૂ હોય તો બાળે? અમુક પછી તો અગ્નિની શક્તિ પૂરી થાય. કે સવાલ જ નથી. એવું છે.

'એક માત્ર સુખનું કારણ એવો આત્મા અદ્‌ભુત અને આશ્ચર્યકારી તત્ત્વ છે,...' એનું સુખ પણ ખૂટતું નથી, એની શાંતિ અને આનંદ પણ ખૂટતો નથી. વધતો જાય. **'તેનું આશ્ચર્ય કરવા જેવું છે.'** એટલે એનો મહિમા લાવવા જેવો છે. એનું વજન રહે. વેઈટેજ ત્યાં જાય. નહિતર બહારમાં વજન જાશે. ....જો પોતાનું વજન નહિ આવે તો બહારમાં વજન જાશે. **'જ્ઞાયકના ધ્યેયપૂર્વકનું જીવન તે ખરું જીવન છે.'** જ્ઞાયકના ધ્યેયપૂર્વકનું જીવન તે ખરું જીવન છે. ધ્યેય બંધાય જવું જોઈએ. એ સાચું પરિણમન. જીવન એટલે પરિણમન છે. એ આત્માની વાત કરતા હતા. વળી ગુરુદેવની વાત વચ્ચે આવી જાય છે. **'ગુરુદેવ કોઈ અદ્‌ભુત હતા.'** આત્માની વાત કરતાં કરતાં પોતાને ગુરુદેવનો મહિમા આવી જાય છે.

મુમુક્ષુ :- અદ્‌ભુત એટલે કેવા હતા?

પૂજ્ય ભાઈશ્રી :- એ જાણે, એમનું જ્ઞાન જ જાણે. અદ્‌ભુત હતા એટલે એમ કે એમનો ઉપયોગ બહાર ગયો ઉપદેશ આપ્યો ત્યારે, તો વાણીનો જન્મ થયો. વાણી તો પરદ્રવ્ય છે, છતા ઉપયોગના નિમિત્તે પ્રગટેલી છે. એના નિમિત્તે બીજાને જ્ઞાન થઈ જાય તો ઈ કેવા? ત્રીજે તરભેટે પણ બીજાનું શાશ્વત આત્મકલ્યાણ થઈ જાય તો ઈ દ્રવ્ય કેવું? આત્મા એનાથી એમની જ્ઞાનદશા અલગ છે. કેમકે આત્મા એમનો શાશ્વત, સાધકદશા ક્ષણવર્તી. એ જ્ઞાનદશાને નિમિત્તે ઉપયોગ બહાર આવ્યો એ વળી એથી જુદો પડ્યો. એ ઉપયોગના નિમિત્તે વાણી નીકળી એ એથી જુદી, એ વાણીના નિમિત્તે બીજાને જ્ઞાન થયું, એમ ચોથી પેઢીએ કામ થયું.

લીધું ને? સીતાજીનો સ્વયંવર કર્યો જનક રાજાએ. ત્યારે મંત્રવાળું ધનુષ્ય મંત્રીને (રાખ્યું હતું). (જે) ઉપાડી શકે એની સાથે સીતાના લગ્ન થશે. તો કેટલાક બળવાન-પહેલવાન જેવા રાજાઓ હતા. ગોટલા ચડાવતા ચડાવતા થોડાક પાસે જાય (ત્યાં) ફેંકાય જાય. કરંટ એટલો ચાલતો. કરંટ એટલો હતો (કે) ઊડીને-ઊડીને આઘા પડે. કેટલાક નજીક જઈ શક્યા પણ અડી ન શકે. આજુબાજુના વર્તુળમાં આવે ત્યાં ફેંકાવા મંડે. બળવાળા હતા તે નજીક જઈ શકતા હતા. તો કેટલાક નજીક જઈને ઊભા રહી શકતા હતાં પણ અડી શકતા નહોતા. કેટલાક અડવા જાય (ત્યાં અડીને ફેંકાઈ જતા હતા).

રામચંદ્રજી ગયા. એણે તો રમતમાત્રમાં ઉપાડ્યું આમ ફડાક કરતું. જેમ કાગળની ચીજ ઉપાડે એવી રીતે ઉપાડ્યું. ઉપાડ્યું ત્યાં કટકા થઈ ગયા એના તો. રામચંદ્રજીએ ઉપાડ્યું ત્યાં ત્રણ કટકા થઈ ગયા. એમ ગુરુદેવની વાણીનો કરંટ લાગ્યો, વાણીના નિમિત્તે અહીંયાં આત્મા પ્રગટ્યો તો એ વાણીનો જે પ્રભાવ છે, એ વાણીની અંદર

જે એનું રહસ્ય છે, વાણીમાં એમણે એમનું રહસ્ય જોયુંને? તો કહે એ અદ્‌ભુત હતા.

મુમુક્ષુ :- એક વચન સે સંસાર કા નાશ હો જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- એક વચનમાત્રથી આખો સંસાર જેનો નાશ થઈ જાય. એ ગુરુદેવ પોતે કેવા! કે જેનાં વચનમાત્રથી મારો આખો સંસાર નાશ થઈ ગયો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુદેવશ્રીને પોતાના દ્રવ્ય માટે આશ્ચર્ય થયું હતું?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને પણ થતું હતું, પોતાને પણ થતું હતું. આ દ્રવ્ય જ કોઈ આશ્ચર્યકારી છે. ૧૦૩ ડિગ્રી તાવ હોય તો એને ખબર પડે નહિ કે મને તાવ છે. શરીર તો ઉષ્ણ છે એમ કહે. ... જેને પોતાના આત્મા ઉપર ઉપકાર થાય એને જ એનો મહિમા આવે. તો એ મહિમાવંત છે એમ સમજાય. જ્યાં સુધી પોતાના આત્મા ઉપર ઉપકાર ન થયો હોય ત્યાં સુધી ...

'ગુરુદેવ કોઈ અદ્‌ભુત હતા. પંચમકાળના જીવોના મહાભાગ્ય કે તેમની વાણી અને એવા ગુરુદેવ મળ્યા.' સંયોગ મળ્યો એ પણ મોટું ભાગ્ય છે એમ ગણાય છે. એ આશીર્વાદની વાત કરી. આત્માની વાત કરી અને ... પણ વાત કરી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આમ અહીંયાં એમ કીધું કે પરાધીનતા છે, પણ એ મુમુક્ષુ માટે નથી. એ વાત લેવા જાય તો પાછો ઊંધો પડી જાય. વાત તો બધી રીતે આવે. પોતાને કામની કેટલી? અને પોતાને લેવી કઈ રીતે? એ તો એમણે પોતે વિવેક કરવો જોઈએ. અને ન વિવેક થાય તો માર્ગદર્શન માગવું જોઈએ.

મુમુક્ષુ :- કુટુંબનો ને એનો આશ્રય તો છૂટતો ન હોય ...

પૂજ્ય ભાઈશ્રી :- બહારમાં આધારબુદ્ધિ પરદ્રવ્યોની, કુટુંબની બીજી, ત્રીજી ચાલુ હોય, અને દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયની પરાધીનતા લેવા જાય તો ઓલો મજબૂત થઈ જાય. કુટુંબનો આશ્રય આધારબુદ્ધિ (મજબૂત થઈ જાય).

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમ જ થાય.

એકવાર રાજકોટમાં એવું થયું હતું જ્ઞાનમંદિરમાં. એવો કોઈએ પત્ર આપ્યો, કે ભાઈ આ પત્ર વાંચો. હવે એમાં કૃપાળુદેવે પોતાના પુરુષાર્થની ખામીને લઈને કેટલાક વાક્યો પોતાના માટે વાપરેલા. પછી તો આનો અર્થ આપણે કરીએ, શબ્દનો અર્થ આમ કરીએ પણ એમ લેવાનું નથી. ચોખવટ કરવી પડી. ત્યાં એમની સરળતાના સદગુણને જુઓ. એમની નમ્રતાના સદ્‌ગુણને જુઓ. એમની ક્ષતિ, એમની ભૂલ,

એ પ્રકારથી જોવું નહિ, નહિતર અભક્તિના પરિણામ થઈ જશે. તો બીજા જે ઉપકારી વચનો છે એની અસર નહિ થાય.

મુમુક્ષુ :- ૫૬૯ લીધો હતો ને?

પૂજ્ય ભાઈશ્રી :- બનતા સુધી એમ છે. ૫૬૯માં વાત ચાલી.

મુમુક્ષુ :- સત્સંગમાં આ બધા ખુલાસા થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર પોતાની મેળે વાંચે તો પછી જુઓ એમને પણ આમ હતું, એમનું પણ આમ હતું, એમ કરીને (ભૂલ કાઢે).

પ્રશ્ન-૮૪

પ્રશ્ન :- સ્વભાવ હાથ આવતો નથી અને વિકલ્પનું જોર વધી જાય છે તો અમારે શું કરવું?

સમાધાન :-સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો. " પ્રજ્ઞાથી જુદો કરવો અને પ્રજ્ઞાથી ગ્રહણ કરવો" આમ શાસ્ત્રમાં આવે છે અને ગુરુદેવ પણ એમ જ કહેતા હતા. વિકલ્પનું જોર વધે તો, તેની સામે પોતાનું જોર વધારવું. ચૈતન્યની પરિણતિનું જોર વધે તો વિકલ્પનું જોર તૂટે. પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરવો. પ્રજ્ઞાથી જુદો કરવો, પ્રજ્ઞાથી ગ્રહવો તે પોતાના હાથની વાત છે. વિકલ્પનું જોર વધે તેની સામું ન જોતાં સ્વભાવનું જોર વધારવું. વારંવાર આ જ અભ્યાસ કર્યા કરવો, તેમાં થાકવું નહિ. ૮૪.

પ્રશ્ન ૮૪ ઉપર પ્રવચન

૮૪. '**પ્રશ્ન :- સ્વભાવ હાથ આવતો નથી અને વિકલ્પનું જોર વધી જાય છે તો અમારે શું કરવું?**' પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**સમાધાન :- સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો.**' વિચારવો એક વાત છે અને ગ્રહણ કરવો બીજી વાત છે. વિચારમાં તર્ક અને અનુમાન પદ્ધતિ છે. એ વિચાર

પદ્ધતિ છે અને એમાં તર્ક અને અનુમાન છે. ગ્રહણ કરવામાં અનુભવ પદ્ધતિ છે. ગ્રહણ કરવામાં અનુભવ પદ્ધતિ છે. વિચારવું એ પણ જ્ઞાનની પર્યાય છે, અનુભવ કરવો એ પણ જ્ઞાનની પર્યાય છે. અહીંયાં અનુભવની મુખ્યતાથી વાત છે. '**સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો.**' એટલે સ્વભાવ છે એને વિચારનો વિષય ન બનાવવો પણ અનુભવજ્ઞાનનો વિષય બનાવવો. જેમ ખાવાની ચીજને ચક્ષુ ઈન્દ્રિયનો વિષય ન બનાવવો, કર્ણેન્દ્રિયનો વિષય ન બનાવવો, ઘ્રાણેન્દ્રિયનો વિષય ન બનાવવો. પણ જીભનો વિષય બનાવવો. તો પેટ ભરાય, તો પુષ્ટિ થાય. વખાણ સાંભળે, મિઠાઈનાં વખાણ સાંભળે પેટ ન ભરાય. મિઠાઈનાં દર્શન કરે, ગોઠવીને પછી પગે લાગે તો એને પેટ ન ભરાય. દર્શન કરવાથી પેટ ન ભરાય, કાને સાંભળવાથી એને સુંઘ્યા કરે તો પણ પેટ ન ભરાય. વાસ બહુ સારી આવે છે, મીઠી, મીઠી. એમાં પેટ ન ભરાય, ખાય તો પેટ ભરાય. એમ વિચાર કરે આત્મા એની શક્તિ ન વધે, અનુભવ કરે આત્માની શક્તિ પ્રગટ થાય. એટલે એ વિચારનો વિષય નથી પણ અનુભવનો વિષય છે એટલે અનુભવથી એને ગ્રહણ કરવો.

મુમુક્ષુ :- સોગાની સાહેબે લખ્યું છે ને આત્મા કો ધારણા કી તિજોરી મેં બંદ કર દિયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી જે અનુભવ પદ્ધતિએ નથી ચડતા એ એને વિચારમાં લઈને ધારણામાં લઈને એમાં પૂરી દે છે. એમ કહે છે. પણ ખરેખર પોતે ધારણામાં પુરાઈ ગયો એમ કહેવું છે. પોતે એ ધારણામાં પુરાઈ ગયો. એટલે શું છે? કે તિજોરીમાં પૈસા હોય, ચાવી ખોવાઈ જાય, પછી જરૂર પડે ત્યારે પેમેંન્ટ કરી ન શકે. કોઈ લેવા આવ્યો હોય, માલ જેનો લીધો હોય, એ લેવા આવ્યો હોય. પૈસા તો, રૂપિયા તો મારી તિજોરીમાં પડ્યા પણ ચાવી નથી શું કરવું? તો કહે એ તમે જાણો, મારે તો જોઈએ. તમારી ચાવી ખોવાઈ ગઈ તો પેમેંન્ટમાં તમે ફેઈલ થાવ છો. મને તો આમાં કાંઈ મળતું નથી. એમ જે જ્ઞાન આત્માનું ધારણાની તિજોરીમાં પુરાઈ ગયું એ આકુળતા અને અશાંતિ થાય ત્યારે કામમાં આવે નહિ, વપરાશ ન થાય એનો. વાપરવાની જરૂર પડે ત્યારે વપરાય નહિ. તિજોરીમાં બંધ થઈ ગયું. એમ છે. તો એ શાંતિ ઉત્પન્ન કરી શકે નહિ. અશાંતિ અને દુઃખ ભોગવવું પડે.

મુમુક્ષુ :- વિસ્મરણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ભૂલી જાય. વિકલ્પનું જોર ઊભું થાય ત્યાં બધું છૂટી જાય.

'પ્રજ્ઞાથી જુદો કરવો અને પ્રજ્ઞાથી ગ્રહણ કરવો'.

મુમુક્ષુ :- ઈન્વર્ટેડ કોમામાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભિન્ન પાડવો, શાસ્ત્ર વચન છે ને, એમ શાસ્ત્રમાં આવે છે, એ શાસ્ત્ર વચન છે અવતરણ ચિહ્નમાં. એટલે ભિન્ન કરીને અનુભવ કરવો. ભિન્ન પડ્યા વિના અનુભવ નહિ થાય. જ્ઞાનને એક ... જ્ઞાનવેદન આવે ત્યાં જ્ઞાન જુદું પડે તો આવે છે. એટલે જુદો પાડીને અનુભવ કરવો. કેમકે ધારણામાં સમજ્યો તું, કે જ્ઞાન જુદું છે, ચૈતન્ય જુદું છે, રાગ જુદો છે, શરીર જુદું છે, તો જુદો પાડ્યો? એમ. જુદો કરવો અને અનુભવ કરવો. ભાવમાં ભેગો લ્યો, વિકલ્પમાં જુદો કરે એમ નહિ.

મુમુક્ષુ :- પ્રજ્ઞાથી જુદો કરે. એટલે જુદાં કરવામાં મન હોય છે અને ગ્રહણ કરવામાં જ્ઞાન હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જુદાં કરવામાં જ્ઞાનથી જ્ઞાનને જુદું કરવાનું છે, મનથી નહિ. એટલે જ્ઞાનનાં આધારે જ્ઞાન જાણનક્રિયા ... એકલું જ્ઞાન લ્યો તો જુદું પડે. એકલું જ્ઞાન કોનામાં લેવું? જ્ઞાનમાં એકલું જ્ઞાન લેવું.

મુમુક્ષુ :- મન હોય છે ખરું.

પૂજ્ય ભાઈશ્રી :- મનનું કામ વિચાર કરવાનું છે. અહીંયાં વિચાર ન લેવો. મનના આધારે જુદો નહિ પડે, જ્ઞાનના આધારે જુદો પડે છે. એમ કહે છે.

'ગુરુદેવ પણ એમ જ કહેતા હતા.' શાસ્ત્ર પણ એમ કહે છે અને ગુરુદેવ પણ એમ કહે છે. **'વિકલ્પનું જોર વધે તો, તેની સામે પોતાનું જોર વધારવું.'**

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાં ન થાય. પરિભ્રમણની વેદના આવ્યા પહેલાં આ વિષય નથી. ભાવભાસન પછીનો છે. ... પરિશિષ્ટમાં લીધું છે.

'વિકલ્પનું જોર વધે તો, તેની સામે પોતાનું જોર વધારવું. ચૈતન્યની પરિણતિનું જોર વધે તો વિકલ્પનું જોર તૂટે.' એમ છે. **'પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરવો. પ્રજ્ઞાથી જુદો કરવો, પ્રજ્ઞાથી ગ્રહવો...'** મનથી ન લીધું જોયું! એણે. **'સ્વભાવને ગ્રહણ કરવો. પ્રજ્ઞાથી જુદો કરવો, પ્રજ્ઞાથી ગ્રહવો તે પોતાના હાથની વાત છે. વિકલ્પનું જોર વધે તેની સામું ન જોતાં સ્વભાવનું જોર વધારવું.'** જ્ઞાનબળ વધારવું. **'વારંવાર આ જ અભ્યાસ કર્યા કરવો, તેમાં થાકવું નહિ.'** જ્ઞાન અને રાગની મિશ્ર પર્યાય છે. જ્ઞાનબળ વધારવું. જ્ઞાનને સ્વરૂપનું અવલંબન છે એમાં વિકલ્પનું જોર નથી લીધું, જ્ઞાનનું જોર લેવું છે. નિશ્ચયનું બળ આવવું જોઈએ એમ કહે છે. ...

મુમુક્ષુ :- થાકવું નહિ, થાકવું નહિ એ શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ શું છે? વારંવાર પ્રેક્ટિસ કરવી, પ્રેક્ટિસમાં થાકવું નહિ.

મુમુક્ષુ :- પ્રેક્ટિસમાં થાક લાગે તો ત્યાં કયો દોષ આવે?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં વિકલ્પનું બળ વધી ગયું હોય તો જ એમ થાય. નહિતર પ્રેક્ટિસમાં થાક લાગે જ નહિ. વિકલ્પમાં થાક લાગે, વિકલ્પમાં થાક લાગે, પ્રેક્ટિસમાં થાક લાગે નહિ.

તા. ૧૦-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૪-૮૫, પ્રવચન નં. ૫૨

૮૪મો (પ્રશ્ન છે). સ્વભાવ હાથ નથી આવતો, અનંત કાળે પણ હાથ નથી આવ્યો. હાથ નથી આવ્યો એટલે સ્વ સ્વરૂપે એનું ગ્રહણ નથી થયું. તત્ત્વ અભ્યાસ કરવાવાળાને પણ વિકલ્પનું જોર વધી જાય છે. ભલે એ સબંધીના વિકલ્પ (હોય). કેમ થાય ને કેમ ન થાય? મારે કરવું શું? એ મૂંઝવણનો વિષય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી!.....

પૂજ્ય ભાઈશ્રી :- અનંતકાલ સે સ્વભાવ કા ગ્રહણ નહીં હુઆ. તત્વજ્ઞાન કા અભ્યાસ કરનેવાલે કો ભી અભ્યાસ કરતે-કરતે વિકલ્પ બઢ જાતા હૈ, વિકલ્પ કા જોર રહેતા હૈ. વિકલ્પ ક્યોં બઢ જાતા હૈ? કિ વિકલ્પ કા જોર રહતા હૈ. ક્યા કરે? ઐસા એક ઉલ્જનમેં સે પ્રશ્ન નિકાલા હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિકલ્પ કા જોર હૈ વહાં મનકા જોર હૈ. મન કા વ્યાપાર કા જોર હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પ તો મનમાં જ થાય છે. શું છે કે સ્વભાવ લક્ષગત નથી થયો, સ્વભાવની ઓળખાણ નથી થઈ, ઓળખાણમાં જે લક્ષગત થવો જોઈએ

એ લક્ષગત નથી થયો, પછી મન બાહ્ય ઈન્દ્રિયના વિષયોમાં (ભમ્યા કરે). એ હવે શાસ્ત્રમાં તત્ત્વ વિચારમાં ભમે છે. મનનું જે ભ્રમણ છે, ભાવભ્રમણ છે એ તો સામાન્ય એમને એમ રહ્યું. એમાં તો કાંઈ ફેર ન પડ્યો. પોતે અંદરમાં પરમાત્મ તત્ત્વમાં અભેદ ભાવે લીન થાય એ વાત સાવ જુદી છે. બુદ્ધિથી ... અથવા પોતાની સંસાર પરિણતિ છે. સંસાર પરિણતિ તૂટતી નથી. તત્ત્વ વિચાર કરે છે તોપણ સંસાર પરિણતિ તૂટતી તો નથી. કામ થતું નથી. આયુષ્યનો વખત ચાલ્યો જાય છે. એ તો કાંઈ રોક્યો રોકાય નહિ. કટ-કટ કપાતું જ જાય છે આયુષ્ય તો. તો અમારે કરવું શું?

પહેલાં તો એ વખત જાય છે એનું દરદ થવું જોઈએ. જેમ નુકસાન થાય એનું દરદ થાય છે, રોગ થાય એનું દરદ થાય છે, આ નુકસાનનું દરદ થવું જોઈએ. હળવો થાય તો સ્વભાવ ગ્રહણ કરી શકવાની ક્ષમતામાં આવે, યોગ્યતામાં આવે. પોતાને પોતાનું ઘણું કામ બાકી હોય અથવા બધું કામ બાકી હોય, કાંઈ નથી થયું એટલે બધું જ બાકી છે, એ કામ પડતું મૂકીને જ્ઞાની કેમ આમ બોલ્યા ને કેમ આમ કર્યું એ ક્યાં પંચાતમાં જાવું આપણે?

મુમુક્ષુ :- ભાઈશ્રી! ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે શ્રદ્ધા કોના આધારે કરવી છે? આ મારો પ્રશ્ન છે કે તમારે શ્રદ્ધા કોના આધારે કરવી છે? એ બોલ્યા, એ વર્ત્યા એના આધારે કરવી છે? કે એને પોતાના સ્વરૂપનો અનુભવ કર્યો એના આધારે કરવી છે? તમારે શ્રદ્ધા કોના આધારે કરવી છે એ કહો. જો તમે જે મુદ્દો કીધો, કે ભાઈ ત્રણ લોકને જીતવા કરતા પણ, ત્રણ લોકને વશ કરવા કરતાંય તે, એક પરમાણુને વશ ન કરી શકાય, ત્રણલોકને વશ કરવા કરતાં પણ અસંગ તત્ત્વમાં અસંગ ભાવે અનુભવ કરવો એ વિશિષ્ટ પરાક્રમ છે.

મુમુક્ષુ :- એક સમય પણ રહેવું વિકટ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક સમય પણ રહેવું વિકટ છે. આ ૬૦૯માં કીધું કૃપાળુદેવે. ઈ પરાક્રમ એ કરી ચૂક્યા છે એની મારે શ્રદ્ધા કરવી છે? કે એને આમ વિકલ્પ કેમ આવ્યો? આમ બોલ્યા કેમ? આમ વર્ત્યા કેમ? આમ થયું કેમ? એના આધારે શ્રદ્ધા કરવી છે? મારે શ્રદ્ધા કોના આધારે કરવી છે? કેમકે બાહ્ય પરિસ્થિતિને આધારે શ્રદ્ધા થતી નથી અને જો બાહ્ય પરિસ્થિતિને આધારે શ્રદ્ધા થતી હોત તો તો તું સમવસરણમાં ગયો તે દિ' જ તને વીતરાગની શ્રદ્ધા થઈ ગઈ હોત. કે આજ પરમદેવ છે. આમાં મારે ક્યાં શંકા કરવાની જગ્યા જ છે? નિર્વિકલ્પ ધ્યાનમાં ચોવીસ કલાક રહે છે. કોઈ વિકલ્પ નથી, કોઈ રાગ નથી. રાગની કોઈ ચેષ્ટા નથી, રાગની

કોઈ પ્રવૃત્તિ નથી, ક્યાંય વિકલ્પ દેખાય એવો અવકાશ નથી. શ્રદ્ધા થતી નથી. સંપૂર્ણ વીતરાગદશાની પણ, સંપૂર્ણ વીતરાગતાની બાહ્ય પરિસ્થિતિમાં પણ એની શ્રદ્ધા નથી થતી. તો પછી અવિરત સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા તો ક્યાંથી થવાની જ હતી? એને તો બધું પડ્યું છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને નમસ્કાર મંત્ર રોજ બોલવો જોઈએ એટલો પણ નિયમ નથી, એટલું બંધન નથી એને કે એ રોજ નમસ્કાર મંત્ર બોલે તો એનું સમકિત ટકે અને નહિતર ન ટકે. કાંઈ જ નહિ. શું કરે નરકમાં? રાડ, બૂમ ને દેકારો બોલતો હોય, મારામારી થતી હોય. ઘણાનાં ઘા પડતા હોય માથામાં, ફુરચે-ફુરચા (ઉડી જતા હોય), લોહીના ધોધ વહેતા હોય, ને રાડે રાડું પાડતો હોય, ક્યાં નમસ્કાર મંત્ર બોલવા જાય? અંદર ક્ષાયિક સમકિત લઈને બેઠો હોય. એ પરાક્રમ એણે (અંદરમાં પ્રગટ કર્યું છે અને) બહારમાં આવી વિચિત્ર દશા! સમકિતના આધારે શ્રદ્ધા થાય, બાકી કોઈ બાહ્ય પરિસ્થિતિના (આધારે શ્રદ્ધા ન થાય).

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઉસમેં તો ઐસા હૈ કિ સમ્યગ્દૃષ્ટિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બીજાને મારે, પોતે માર ખાય, બીજાને મારે. શું કરો? એટલે ઓળખાય તો સમકિતથી ઓળખાય, બાકી ઓળખવાની કોઈ પરિસ્થિતિ નથી. જ્યાં સુધી ઓળખાય નહિ ત્યાં સુધી (વિશ્વાસ આવે નહિ). ઓળખાણ (ન થાય ત્યાં સુધી) વિશ્વાસ આવે નહિ. અને આ પરિસ્થિતિ બહુ વિકટ છે. કેમકે જીવ બાહ્યદૃષ્ટિમાં બેઠો છે. જે પરિસ્થિતિમાં બેઠો છે એ પોતાની ખરાબ છે. બાહ્યદૃષ્ટિમાં પોતે બેઠો છે. એટલે બાહ્ય ... અંતર પરિસ્થિતિ જોઈ ન શકે...એવી એની ભૂમિકા છે. અને કોઈ રીતે (થાય નહિ). અનંત-અનંત કાળ ગયો. આ જીવને કેટલો કાળ ગયો આ ઓળખાણ નહિ થવામાં? અનંત-અનંતકાળ ગયો. આ ઓળખાણ એની દુર્લભ છે એવી એની ગંભીરતા સમજીને ચાલવું પડે. જો એની ગંભીરતા ન સમજાય તો શ્રદ્ધા-વિશ્વાસ આવે જ નહિ. બહુ મુશ્કેલ છે. શંકા કરવાના સ્થાન ઘણાં છે.

ગુરુદેવનું જો જીવન જુઓ તો કૃપાળુદેવના જીવન કરતાં, ... ખબર પડી કે આ સાધુપણું નથી તો મૂકી દીધું સરળતાથી, સાધુપણું મૂકી દીધું એટલે તો મિથ્યાત્વ અવસ્થા હતી, ત્યારે તો મિથ્યાત્વ અવસ્થા હતી. ... વિષય કષાયનાં પરિણામની યોગ્યતા તો પડી જ છે મિથ્યાત્વ અવસ્થામાં. ... કાંઈ ન કર્યું. જ્ઞાન ધ્યાનમાં રહ્યા, જ્ઞાનદશા પ્રાપ્ત કરી, પછી પણ જ્ઞાન ધ્યાનમાં રહ્યા. પહેલાં પણ જ્ઞાન ધ્યાનમાં રહ્યા, પછી પણ જ્ઞાન ધ્યાનમાં રહ્યા. બાહ્ય જીવનશુદ્ધિ તો ઘણી હતી. એક વખત બોલ્યા હતા કે આજે ૬૪ વર્ષ થયા. બોલતા હતાં કે ૬૪ વર્ષ થયાં. ચોવિહાર છે તો ચોવિહાર જ છે. .. બોલે એમાં શંકા પડે. આવું કેમ બોલ્યા?

મુમુક્ષુ :- પરંપરા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ... તથારૂપ સત્સંગ પ્રાપ્ત થયે એટલે સમજવા માટેનો સત્સંગ મળે... એટલે એક જ મોક્ષનું લક્ષ થાય. કોઈ પણ ભોગે, કોઈ પણ કિંમતે છૂટી જવું છે. સિવાય મારા જીવનમાં મારું બીજું ધ્યેય છે નહિ. એમ થયે પછી જે સત્સંગમાં પોતાને લાયક જે કાંઈ વચનો આવે એના અમલીકરણનો ઉત્સાહ થયે, એટલે અવધારણ કરતો જાય. પછી અંતર આત્મવૃત્તિ ... અંતર્મુખપણું શું છે એની ખોજ કરે. અને એમાંથી એનું અંતર્મુખપણું દેખાય. ત્યારે ઓળખાણ (થાય). (એ સિવાય) અંતરની ઓળખાણ થાય એ કોઈ પરિસ્થિતિ (નથી). ગમે તે બોલે ને ગમે.....ન છૂટે એટલે ન જ છૂટે.

મુમુક્ષુ :- એકને ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો ક્યાંય સવાલ નથી. પછી ક્યાંય એનું જે સમ્યક્ત્વનું ચિહ્ન પકડાઈ જાય તો બધું ગૌણ થઈ જાય. યોગ્યતા આવી એટલે નિર્વાણપદનો અધિકારી થઈ ગયો. એટલું મોટું એનું ફળ છે. અનંત કાળમાં એકવાર પણ એવી પરિસ્થિતિમાં પોતે આવ્યો નથી. પછી સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો એ તો ત્યારપછીની (વાત છે). સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો પણ ક્યાંથી કરે? પુરુષાર્થ જ ન ઉપડે.

મુમુક્ષુ :- ભાઈશ્રી પુરુષાર્થનું પરાક્રમ છે એ એક જ ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણ લોકને વશ કરવા કરતા પણ મોટું પરાક્રમ છે. ઉપયોગને છોડાવવો, બહારથી ઉપયોગને છોડાવીને અંદરમાં સ્થિર કરવો એ કોઈ સુલભ વાત નથી. એટલે એની ઉપમા આપે કે ત્રણ લોકને વશ કરવા દુષ્કર છે એવું પરાક્રમ જેણે ... એને જોઉં કે હું બીજાને જોઉં? એમ. એને જોઉં કે... બીજે જોવાનો પ્રશ્ન જ નથી રહેતો પછી.

મુમુક્ષુ :- બહારથી એમ જોવે કે...

પૂજ્ય ભાઈશ્રી :- પહેરીને બેઠા હોય એમ નહિ. પહેરતા હોય ત્યારે ઉપયોગ એમાં લાગેલો હોય એનું શું કરો? ઈન્દ્રો છે. ઈન્દ્રોના વૈભવ હોય. ઈન્દ્રોને ઈન્દ્રનાં વૈભવ હોય. એ ઠીક છે. વિષય કષાયના પરિણામમાં જુઓ એ વખતે શું કરો? એ વખતે શું કરો? પહેલાં તો એક નિર્ણય કરે, મારી શ્રદ્ધાનો મુદ્દો શું? અને એ શ્રદ્ધા કરવાની યોગ્યતાનો મારો મુદ્દો શું? મારે શેના આધારે શ્રદ્ધા કરવી છે? અને જેના આધારે શ્રદ્ધા કરવી છે, ત્યાં સુધીમાં મારી યોગ્યતા છે કે કેમ? આ બે વાતની કાંઈ ખબર ન હોય, તો અટવાવા સિવાય, અત્યાર સુધી અટવાણો છે, અટવાવા

સિવાય બીજું કાંઈ થવાનું નથી. નહિતર એમનું જીવન તો કેવું? ... એવી યોગ્યતામાં રહેલા એક ... આપણને એમ થાય કે આ બહેનશ્રીના પરમભક્ત છે. બહેનશ્રીનો એટલો અવર્ણવાદ કરતા જોયા છે. .... કાંઈક અનુભવ અમને તો થયા છે.

ત્યારે એક જ વાત કરેલી એ મુમુક્ષુને. .. કરે છે? હા. વાત પૂરી થઈ ગઈ. ગુરુદેવ માટે? ગુરુદેવ માટે બે મત નથી મને, પણ બહેનશ્રી માટે મને આમ છે. કેવા-કેવા, ત્યાં રહેનાર બહુ નજીકથી જોવા જાય એટલે કાંઈક જોવાઈ ગયું હોય. કોઈ પ્રસંગ પડી ગયો હશે. મૂળ તો એને કોઈ પ્રસંગ પડી ગયેલો એ વાત નક્કી. એટલા દૂર થઈ જાય, એટલા દૂર થઈ જાય. વાત કરે. હું તો કાંઈ સાંભળું નહિ, કાન ધરું નહિ કાંઈ. સામી દલીલ કરી મેં ગુરુદેવ પ્રશંસા કરે છે? હા. ગુરુદેવ માટે એમાં કાંઈ કહેવાનું જ નથી. તો પછી વાત પૂરી થઈ જાય છે. વાત પૂરી થઈ જાય છે. ત્યાં એને પોતાને કાંઈ ઊલટો-સૂલટો અનુભવ થઈ ગયો હોય. એ એને એટલું વેઈટેજ, એટલું વજન જાય, એટલું વજન જાય એનું (કે) ગુરુદેવને ઓવરટેક કરી જાય. ગુરુદેવના સ્ટેટમેન્ટને ઓવરટેક કરી જાય. બહુ જ આમાં તો સમીપ રહેવામાં પણ જોખમ ઘણું છે. યોગ્યતા વગર તો નુકસાન થવાનું કારણ ઘણું છે. ગુરુદેવની સેવામાં ગમે એને ગુરુદેવ રહેવા ન્હોતા દેતા. એમાં ખાસ કરીને ગૃહસ્થીઓને તો નહિ જ. કોઈ નાની ઉંમરનો હોય, કોઈ ઓછું સમજતો હોય... એવા બધા સાવ ડોબાં જેવા માણસ લાગે. એ સેવામાં રહેતા હતા. બધું કરે. તો શું ગણાય? કે એનામાં બુદ્ધિ નથી એટલે આ સેવા કરે છે. તું નથી કરતો એ જ સારું છે નહિતર તારું ચિત્તળ્યું ઠેકાણે નહિ રહે. એવા પરિણામ થાય ...

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઈતની મહિમા કરને કે બાદ ભી જીવ પીછે ક્યોં હટ જાતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- વહ મહિમા ભી ઉપર-ઉપરસે કિયા હૈ. એને પોતાની શ્રદ્ધા ઉપર પહેલેથી ...

'સ્વભાવને પ્રયત્ન કરીને ગ્રહણ કરવો.' ઓળખાણ થયા પછી સ્વરૂપની ઓળખાણ થયા પછી સ્વરૂપ શું? **'પ્રજ્ઞાથી જુદો કરવો અને પ્રજ્ઞાથી ગ્રહણ કરવો'** જ્ઞાન લક્ષણથી ભિન્ન પાડવો અને જ્ઞાન લક્ષણના આધારે પકડી લેવો. રાગની મંદતાના આધારે નહિ, વિકલ્પના આધારે નહિ, સ્વભાવનો વિકલ્પ થાય એના આધારે પણ સ્વભાવ નથી પકડાતો. જ્ઞાન લક્ષણના આધારે જુદો પડે અને જ્ઞાન લક્ષણના આધારે ગ્રહણ થાય. બે પ્રક્રિયા થાય એક સાથે સાયમલટેન્યસલી **'આમ શાસ્ત્રમાં આવે છે...'** સમયસાર શાસ્ત્રમાં એમ આવે છે. **'અને ગુરુદેવ પણ એમ જ કહેતા હતા. વિકલ્પનું**

જોર વધે તો, તેની સામે પોતાનું જોર વધારવું.' એની સામે સ્વભાવનું લક્ષ હોય તો સ્વભાવનું જોર વધારવું.

'**ચૈતન્યની પરિણતિનું જોર વધે તો વિકલ્પનું જોર તૂટે.**' ચૈતન્યની પરિણતિ બળવાન હોય તો વિકલ્પનું જોર તૂટે. '**પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરવો.**' પોતે પોતાના સ્વભાવને ગ્રહણ કરવો. લક્ષણથી સ્વભાવને ગ્રહણ કરવો જોઈએ. '**પ્રજ્ઞાથી જુદો કરવો, પ્રજ્ઞાથી ગ્રહવો...**' જે પ્રજ્ઞાથી જુદો પડે એ જ પ્રજ્ઞાથી ગ્રહણ થાય. અહીંથી ભિન્ન થાય અને અહીંથી અભિન્ન થાય. કેમકે અહીંયાં પરમાં અભિન્ન થતાં એ પ્રજ્ઞાથી જ પરમાં અભિન્ન થયો છે પાછો. ઊલટા જ્ઞાનથી પરમાં પરને જાણતા પરમાં એકત્વ કર્યું છે અને સ્વરૂપથી વિભક્તપણું કર્યું છે. ... ઊલટું પણ એકસાથે થાય છે અને સૂલટું પણ એકસાથે જ થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ એટલે આમ રાગ છે, રાગ મિશ્રિત વિચાર છે. પણ એટલો અને એવડો જ હું છું એવો અનુભવ છે.

'**વિકલ્પનું જોર વધે તેની સામું ન જોતાં સ્વભાવનું જોર વધારવું.**' વિકલ્પનું જોર વધે તેની સામું ન જોતાં સ્વભાવનું જોર વધારવું. આમ તો શું છે? કેટલાક ઊંધા નિર્ણયો જીવ કરી ચૂકેલો છે. પરિણતિ પણ ... પ્રસંગે તે બહાર આવી જાય છે. એ પહેલાં એનું જોર વધે એ પહેલાં અંદરમાં લડાઈ કરીને એને તોડવા જોઈએ. સત્સંગ, સ્વાધ્યાય, મળે ત્યારે ઘર્ષણ ઊભું થાશે. પોતાના જૂના કન્સેપ્ટ સાથે નવા જે સંસ્કારો આવે છે સ્વાધ્યાય સત્સંગ દ્વારા ત્યારે બે વચ્ચે (લડાઈ થાય). બરાબર ઘર્ષણમાં આવીને એક વખત તો એને તોડવા જોઈએ. વિપરીત સંસ્કારો ઘણાં લીધેલા હોય અને ઘણું એનું જોર પણ હોય, પણ જેણે નિર્ણય કર્યો, નિર્ધાર કર્યો તેને ... એ આ સંસારને જીતવો ગમે ઈ થાય નહિ મરીને પણ, કથમપિ મૃત્વા. કોઈપણ રીતે, ભલે એકવાર મૃત્યુ સામે આવે, મને મંજૂર છે.

સાતમી નરકની તમ-તમપ્રભા પૃથ્વીને સંમત કરું છું, એની વેદનાને સંમત કરું છું. એટલી તૈયારી, મિથ્યાત્વને જીતવાની એટલી તૈયારી હોય. પછી રસ્તો સહેલો છે. પછી એવી મોકળાશ અંદર થઈ જશે, જે મૂંઝવણ અને જે આંટીઘૂંટી જે નડતું હતું, કાંઈ અંદરમાં ... એક વખત તો સરખાઈની લડત આપવી પડે. સરખાઈની લડત આપવી પડે. મરણિયો થઈને લડે. કેસરીયા કરવા જોઈએ એકવાર તો. 'જગત ઈષ્ટ નહિ આત્મથી'. આખું જગત મારી વિરુદ્ધ થઈ જાવ તો થઈ જાવ. મારે મારા આત્મકલ્યાણ સિવાય કાંઈ જોઈતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... તીવ્ર પુરુષાર્થ, અનંત પુરુષાર્થ કર સકે ઐસા હૈ. યહ તો કુછ નહીં. પ્રથમ ભૂમિકા કા પુરુષાર્થ હૈ. શૈલેષીકરણનો પુરુષાર્થ કરી શકે એવી તાકાત પડી છે, વીર્ય પડ્યું છે એટલું બારમા ગુણસ્થાને. શૈલેષીકરણ એટલે શું? શૈલેષ એટલે પર્વત. શૈલેષનો અર્થ થાય છે પર્વત. શૈલેષીકરણ—પર્વત જેમ હલે નહિ એમ હલે નહિ. અસંગદશામાંથી ચ્યુત ન થાય એવું અંદરમાં પરિણમન પુરુષાર્થ કરી શકે એવું પરિણમન, પુરુષાર્થની શક્તિ અંદર....

મુમુક્ષુ :- નિર્ણયમાં...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણયમાં તાકાત છે. નિર્ધાર કરે તો પકડાય. પહલે નિર્ણય કરને કા.

'વિકલ્પનું જોર વધે તેની સામું ન જોતાં સ્વભાવનું જોર વધારવું.' લડાઈ તો બધે કરવાની છે. **'વારંવાર આ જ અભ્યાસ કર્યા કરવો, તેમાં થાકવું નહિ.'** એટલે ઉત્સાહ લાવીને કરવો. થાકવું નહિ એનો અર્થ શું છે? ઉત્સાહ લાવવો. વીર્યોલ્લાસથી કામ કરવું. લડવા જાય એને ખબર છે કે ક્યારેક મારું માથું પણ કપાય આમાં. એ તલવાર હાથમાં પકડે ત્યારે એનો ઉલ્લાસ જુદી જાતનો હોય, એનો ઉલ્લાસ જુદી જાતનો હોય.

મુમુક્ષુ :- ... એવી કલ્પના કરીને જાય તો લડી ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો સીધી જ વાત છે. એટલો ઉલ્લાસ ન આવે... લડાઈના મેદાનમાં તો એ જ જઈ શકે, એનો ઉછાળો માતો ન હોય. અંદરની લડાઈ માટે પણ એટલી જ તૈયારી જોઈએ. મારે આ જ જીવનમાં આ જ કામ કરવાનું છે, બીજું કાંઈ નહિ. દુનિયા-દુનિયાનું જાણે, પૃથ્વી ભલે રસાતાળમાં જાય, મારે (મારું આત્મકલ્યાણ કરવું છે). એવી પક્કડ આવ્યા વિના .... આગળ વધવા ન દ્યે, પાડી દે.

એ ઓલો દષ્ટાંત છે, એકલવ્યનો દષ્ટાંત છે. ના એકલવ્યનો નહિ, અર્જુનનો દષ્ટાંત છે. મત્સયવેધનો. માછલાની આંખ વિંધવાની છે. ફરતા માછલાની આંખ વિંધવાની છે. અને એની સામું જોઈને નહિ, એનાં પ્રતિબિંબને જોઈને પાણીમાં. નીચું જોઈને ઉપરનું બાણ છોડવાનું. તો કહે, એ એક જ દેખાય છે. હવે વાંધો નહિ. એવું થઈ જવું જોઈએ.

પ્રશ્ન-૮૫

પ્રશ્ન :- ધ્યાનમાં બેસીને જ્ઞાયકને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરીએ તો ગ્રહણ થતો નથી અને વિકલ્પ જ થયા કરે છે તો વિકલ્પનો નાશ કેમ કરવો તે કૃપા કરી બતાવશો.

સમાધાન :- પહેલા વિકલ્પથી ભેદ કરવો. પછી જ્યારે ચૈતન્ય તરફ તેની પરિણતિનું જોર આવે, તેના તરફ જ તેની તમન્ના, લગની લાગે અને વિકલ્પમાં આકુળતા લાગે-ચેન પડે નહીં તો વિકલ્પ તૂટે. સ્વ તરફની દૃષ્ટિનું જોર થાય, પરિણતીની દોડ થાય અને પુરુષાર્થનું બળ થાય તો તે તરફ જાય. જ્યાં સુધી બહાર એકત્વબુદ્ધિમાં અટક્યા કરે,-ભલે બુદ્ધિમાં તત્વને ગ્રહણ કર્યું હોય પણ એકત્વબુદ્ધિમાં અટકે-ત્યાં સુધી વિકલ્પ તૂટે નહિ. પોતામાં એકત્વબુદ્ધિ અને પોતાના સ્વભાવનું જોર થાય તો વિકલ્પ તૂટે. ૮૫.

પ્રશ્ન ૮૫ ઉપર પ્રવચન

૮૫ મો. '**પ્રશ્ન :- ધ્યાનમાં બેસીને જ્ઞાયકને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરીએ તો ગ્રહણ થતો નથી અને વિકલ્પ જ થયા કરે છે...**' શું થાય પણ? (ધ્યાનની) ભૂમિકા તો આવવી જોઈએ ને?

'**સમાધાન :- પહેલા વિકલ્પથી ભેદ કરવો.**' જ્ઞાન લક્ષણથી (જુદો પાડવો). કોનું ધ્યાન કરે? '**પહેલા વિકલ્પથી ભેદ કરવો. પછી જ્યારે ચૈતન્ય તરફ પરિણતિનું જોર આવે,...**' સ્વરૂપનાં લક્ષે સ્વરૂપની પરિણતિનું જોર ઊભું થાય, બળ ઊભું થાય, વેગ આવે, '**તેના તરફ જ તેની તમન્ના અને લગની લાગે અને વિકલ્પમાં આકુળતા લાગે-ચેન પડે નહિ તો વિકલ્પ તૂટે.**' વિકલ્પ થયા કરે છે, પણ વિકલ્પનું જોર છે અને આકુળતા લાગતી નથી, વિકલ્પ તૂટે ક્યાંથી? વિકલ્પનું દુઃખ લાગ્યા વિના વિકલ્પ છૂટે નહિ. વિકલ્પમાત્રમાં દુઃખ લાગવું જોઈએ. એટલી હળવાશ આવ્યા વિના

ધ્યાન કરવાનો પ્રશ્ન ઉભો થતો નથી.

'**સ્વ તરફની દષ્ટિનું જોર થાય,...**' આ સ્વભાવની વાત આવી, શ્રદ્ધાની વાત આવી. સ્વ તરફની દષ્ટિ એટલે શ્રદ્ધા. શ્રદ્ધાનું જોર થાય. પરિણતિ થઈ હોય તો તેને દોડ થાય ને. '**પરિણતિની દોડ થાય...**' જેને પરિણતિ થઈ ગઈ છે. '**અને પુરુષાર્થનું બળ થાય...**' કોઈ અપૂર્વ પરાક્રમ થાય. પછી પુરુષાર્થનો તબક્કો છે, તબક્કાવાર વધે '**તો તે તરફ જાય.**' સ્વભાવ લક્ષમાં હોય ... એ પુરુષાર્થ વધતો જાતો હોય, તોપણ નિર્વિકલ્પ દશા વખતનો પુરુષાર્થ અને એ પહેલાંની ક્ષણના પુરુષાર્થ .. બે ક્ષણોના આંતરા લઈએ ... અસંગદશા થાય, એ વખતનો જે પુરુષાર્થ અને એ પહેલાના ક્ષણમાં વધતો પુરુષાર્થ એમાં આંતરો છે. જ્યારે સ્વરૂપમાં લીન થાય છે, ત્યારે એવી છલાંગ મારીને જાય છે, વધતો-વધતો, દોડતો-દોડતો છેલ્લી છલાંગ ... એટલો તો એમાં ને એમાં ... એટલે હદ સુધીનું કામ થાય ત્યારે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થાય. અનંત કાળનું નહિ થયેલું અપૂર્વ!

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિણતિની દોડ થાય એટલે કોની પરિણતિ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની સ્વભાવ પરિણતિ.

મુમુક્ષુ :- તેમાં જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં જ્ઞાન અને પુરુષાર્થ બેય છે, જ્ઞાન અને વીર્ય બેય છે. બે ગુણ જ મુખ્ય કામ કરે છે. પહેલેથી બે ગુણો જ મુખ્ય કામ કરે છે. જ્ઞાન અને વીર્ય. મુમુક્ષુમાં પણ જ્ઞાનબળ અને વીર્યબળ હોય એનું સીમ્પટમ સારું ગણાય. કેમકે એ બે જ કામ કરે છે.

મુમુક્ષુ :- સંવેગ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંવેગ છે. પોતાના જ્ઞાનની નિર્મળતા સાથેનો સંવેગ હોય એ બહુ સારા ચિહ્નો છે. એનું જ ડેવલપમેન્ટ છે.

શું કીધું? '**સ્વ તરફની દષ્ટિનું જોર થાય,...**' એટલે રુચિ વધી જાય. સ્વરૂપની રુચિ વધે. '**પરિણતિની દોડ થાય અને પુરુષાર્થનું બળ થાય તો તે તરફ જાય. જ્યાં સુધી બહાર એકત્વબુદ્ધિમાં અટક્યા કરે,-ભલે બુદ્ધિમાં તત્ત્વને ગ્રહણ કર્યું હોય...**' .. એકત્વબુદ્ધિમાં એ ત્યાં તો બરાબર જોડાયેલો હોય. '**પણ એકત્વબુદ્ધિમાં અટકે-ત્યાં સુધી વિકલ્પ તૂટે નહિ.**' એકત્વબુદ્ધિમાં અટકે ... વિકલ્પ શેનો છે? ... એ વિકલ્પમાં આકુળતા વેદાય છે, પણ વિકલ્પ તૂટ્યો નથી ત્યાં સુધી નિશ્ચયના પક્ષમાં ઊભો છે. પક્ષાતિક્રાંત થવાનો પુરુષાર્થ ... પક્ષમાં આવવાનો પુરુષાર્થ જુદો, ત્યારપછી વધતો... વધતો સ્વરૂપની સમીપતા કરે એ પુરુષાર્થ જુદો અને અનુભવ

કરે એ પુરુષાર્થ સાવ જુદો. તબક્કા જુદાં જુદાં છે.

મુમુક્ષુ :- સ્વરૂપલક્ષ થયા પહેલાંનો પુરુષાર્થ જુદો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનુભવનો પુરુષાર્થ સાવ જુદો, સાવ જુદો. એટલો બધો ફરક.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને અને છઠ્ઠા ગુણસ્થાને પાછો કેટલો ફેર?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મોટો ફેર. છઠ્ઠા ગુણસ્થાનનો અંદાજ ચોથા ગુણસ્થાન ... એને એમ થાય કે ઓહોહો..! આ દશા મારી ક્યારે આવે? મારે તો આ દશા જોઈએ છે. ... ચોથા ગુણસ્થાનમાં એમ થાય કે મારે આ દશા જોઈએ છે. એ દશામાં આવે ત્યારે એમ થાય ધીમી ધારે આવે છે એ મને ન પોસાય. અંદર સમુદ્ર ભર્યો છે, એમાંથી ધાર થાય એ કેમ કામ આવે? સમુદ્ર ઊછળીને બહાર આવવો જોઈએ આખે-આખો. એવો આત્મા છે. આત્મા એવો છે કે એને ઓછું પોસાતું નથી. કોઈને ઓછું નથી પોસાતું કરોડપતિમાંથી અબજપતિ થયો તોપણ હજી દોડે છે. કોઈને ઈ પોતે પૂર્ણ છે ને એટલે એને અધુરું પોસાય જ નહિ. પોતે પરિપૂર્ણ હોવાથી અધૂરું પોસાતું જ નથી. એ સહજ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક બાજુ વધારે ઝુકે એટલે બીજી બાજુ છૂટે.

'એકત્વબુદ્ધિમાં અટકે-ત્યાં સુધી વિકલ્પ તૂટે નહિ. પોતામાં એકત્વબુદ્ધિ અને પોતાના સ્વભાવનું જોર થાય...' પોતામાં એકત્વ થઈને જોર થાય, અભેદતા સાધી ને એને એનું જોર થાય તો વિકલ્પ છે એ ઉત્પન્ન થતો બંધ થાય એને તૂટી જાય એમ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ સ્વરૂપના આશ્રયનું બળ વધી જાય. એટલું બળ વધે કે એકાકાર થઈ જાય એવું કહે છે. એને વિકલ્પ તૂટી ગયો એમ કહેવામાં આવે છે. એ અસંગ દશા છે. અહીં સુધી રાખીએ.

તા. ૧૧-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૫
પ્રવચન નં. ૫૩

સ્વાનુભૂતિદર્શન. ૮૫મું વચનામૃત. એમાં પણ વિકલ્પનો જ પ્રશ્ન ઉઠાવ્યો છે. ૮૪, ૮૫, ૮૬ એ બધાં વિકલ્પ ઉપર પ્રશ્નો છે.

'પ્રશ્ન :- ધ્યાનમાં બેસીને જ્ઞાયકને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરીએ તો ગ્રહણ થતો નથી અને વિકલ્પ જ થયા કરે છે તો વિકલ્પનો નાશ કેમ કરવો તે કૃપા કરી બતાવશો.' હવે શું છે, પરિણમનમાં જ્ઞાનની પરિણમવાની બે પ્રકારની કાર્યપદ્ધતિ છે. એક વિચારપદ્ધતિ અને એક અનુભવપદ્ધતિ. જે વિચારપદ્ધતિથી ટેવાયેલા છે અને અનુભવપદ્ધતિ જાણતા નથી એને આ મુશ્કેલી નડે છે. આ મુશ્કેલી કેવા પ્રકારના જીવની છે મુમુક્ષુમાં એ ખ્યાલ કરવા જેવો વિષય છે, પ્રશ્ન ઉપરથી. અને બહુભાગ એવી પરિસ્થિતિ જોવામાં આવે છે. મોટા ભાગના મુમુક્ષુઓનો કાર્યનો પ્રકાર, કાર્યપદ્ધતિનો પ્રકાર વિચારપદ્ધતિનો છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિચારપદ્ધતિ અને જ્ઞાનપદ્ધતિ.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવપદ્ધતિ. બેય જ્ઞાન જ છે. વિચાર પણ જ્ઞાન છે અને અનુભવ પણ જ્ઞાન જ છે. એટલે બે પદ્ધતિ જુદી જુદી છે. વિચારપદ્ધતિથી અનુભવપદ્ધતિ આગળનો વિષય છે. વિચાર કર્યા પછી એ વિચારનું અમલીકરણ થવું એને અનુભવપદ્ધતિ કહે છે. એ વિચારને અમલમાં મૂકવો, એ વિચારને પરિણમનમાં લઈ આવવો એ અનુભવપદ્ધતિનો વિષય છે. વિચાર કરવાની શક્તિ હોવાથી અને પરલક્ષી વિચાર ચાલતા હોવાથી એ સહજ છે. અનુભવપદ્ધતિથી બહુભાગ મુમુક્ષુ જીવ અજાણ છે. એની ચર્ચા પણ ઓછી છે અને એ વિષય, એ પ્રકારે એ વિષયમાં આગળ વધવું એ પ્રકાર જોવામાં લગભગ આવતો નથી. આ પરિસ્થિતિ છે એટલે આ મૂંઝવણ થાય. મૂંઝવણ થાય એ એટલા માટે થાય કે સમજણમાં તો ઠેઠ સુધીની વાત આવે.

મુમુક્ષુ કેમ થવાય? મુમુક્ષુ વર્ધમાનતા, મુમુક્ષુતામાં વર્ધમાનતા કેમ થાય? સમ્યક્ સન્મુખ કેમ થવાય? ભાવભાસન કેમ થાય? અનુભવ કેમ થાય? એ બધી વાત પરલક્ષી જ્ઞાનમાં સમજવામાં આવે પણ એથી કોઈ કામ ન થાય અને સમજાય છતાં કામ ન થાય ત્યારે મૂંઝાવાનો વારો આવે. આવું બને છે. એ મૂંઝાય એમ કે વખત

તો ચાલ્યો જાય છે, આયુષ્ય તો મર્યાદિત છે, લિમિટેડ છે. એટલે એમ થાય કે કામ થતું નથી, વખત ચાલ્યો જાય છે, કામ થતું નથી, વખત ચાલ્ય જાય છે. એવી રીતે મૂંઝવણ થાય, આકુળતા થાય એ સંભવિત છે. એમાંથી આ બધા પ્રશ્નો ઉઠે છે. પણ પહેલેથી અનુભવપદ્ધતિમાં દાખલ થવું જોઈએ.

એક વજન દેવામાં ત્યાં ભૂલ થાય છે કે વાત સમજાય એટલે સમજણ ઉપર વજન વયું જાય છે. સમજાઈ ગયું, સમજાઈ ગયું. આમ તો શું છે કે બહુભાગ તો સમજવામાં તકલીફ પડે છે. સારા-સારા વિદ્વાનો વચ્ચે પણ વિચારભેદ સમજવામાં રહે છે. શેમાં? સમજવામાં વિચારભેદ રહે છે. અનુભવપદ્ધતિમાં આવે તો મતભેદનો પ્રકાર ઊભો નથી થતો. કેમકે એમાં તો બધાને સરખો જ અનુભવ થાય. પણ વિચારપદ્ધતિમાં જ માત્ર રહ્યા હોય એટલે આનો અર્થ આમ ને આનો અર્થ આમ ને અહીંયાં આમ કહે છે, અહીંયાં આમ કહે છે, પોતાની કલ્પના પ્રમાણે થોડુંક વિચારે, વિચારે ત્યાં સુધી તો બહુ વાંધો નથી પણ તાણે, ખેંચે ત્યારે વિવાદ ઊભો થાય ખેંચતાણમાં. સામાન્ય મનુષ્યને તો વિચારવાની પરિસ્થિતિ હોય એટલે મૂંઝાય એમાં કાંઈ સવાલ નથી. એ મૂંઝાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે અનુભવ પદ્ધતિ માટે પ્રેક્ટિસ કરતો હોય જીવ, એની પ્રેક્ટિસમાં કઈ રીતે પ્રવેશ કરવો જોઈએ? એનો જરા વિશેષ ખુલાસો કરો.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રવેશમાં તો આપણે તો લાઈન ચોક આઉટ કરીને બહુ ખુલ્લી મૂકી દીધી છે. અનુભવપદ્ધતિમાં આવવું હોય તો પહેલેથી જ વેદનામાં આવવું જોઈએ. કેમકે વેદના અનુભવનો વિષય છે. વેદના કોઈ વિચારનો વિષય નથી. એટલે જે અનુભવપદ્ધતિનો વિષય સમજવા મળે... હવે એમાં લઈએ એને પણ માત્ર વિચારના વિષયમાં નહિ લઈ જવો. નહિતર પાછી એ જૂની ઘરેડમાં ચાલુ કર્યું. પછી તો તકલીફ ઘણી થાય. અનુભવપદ્ધતિના વિષયને સમજીને એના જ વિકલ્પોમાં રહી જાય તો એ સબંધીની કલ્પના થાય, અનુભવ ન થાય પણ કલ્પના થાય. વેદનાનો વિષય વેદનામાં આવીને અનુભવગોચર કરવો જોઈએ. ત્યાર પછીના જેટલા બધા સ્ટેજ છે, એ બધા વેદનાના જ લીધા છે. બધામાં વેદન લીધું છે. તે તે સ્ટેજનું ભાવભાસન આવવું જોઈએ.

અહીં તો પ્રશ્ન છેલ્લો લીધો છે, છેલ્લી હદનો પ્રશ્ન, છેલ્લા સ્ટેજનો લીધો છે. કે સમજાઈ ગયું છેલ્લી હદ સુધીની વાત. એટલે પછી આત્માનો અનુભવ ગ્રહણ કરવો એટલે અનુભવ કરવો. ધ્યાનમાં બેસીને આત્માનો અનુભવ કરવો એવો જે પ્રકાર છે એ તો થાય નહિ. એટલે મૂંઝવણ થાય કે અમે તો પ્રયત્ન કરીએ છીએ,

કલાક, બબ્બે કલાક, દિવસમાં છૂટક-છૂટક થઈને, ચાર-ત્રણ-ચાર કલાક સવાર, બપોર, સાંજ ચાર-પાંચ કલાક પ્રયત્ન કરીએ છીએ એકાંતમાં બેસીને કે આત્માનો અનુભવ કરવો. વિકલ્પ થયા કરે છે.

મુમુક્ષુ :- પ્રયત્ન કેવી રીતે કહેવો?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે તો પ્રયત્ન માને છે એટલે એમ જ કહેને. પોતે એ બેસવાના ભાવને, વિકલ્પના પ્રકારને પ્રયત્ન માને છે. એટલે પ્રયત્ન કરીએ છીએ એમ કહે. પણ પહેલેથી એની ચેનલ જ શરૂ ન થઈ હોય વેદનાથી માંડીને, તો એ ધ્યાનમાં અનુભવના સ્ટેજમાં આવે કેવી રીતે? અથવા જેને એ પ્રયત્ન કહે છે, એ પ્રયત્ન પણ કલ્પિત છે. ખરેખર તો એ પ્રયત્ન પણ કલ્પિત છે. એ પ્રયત્ન નથી. ત્યાં તો વિકલ્પ જ ચાલે છે અને કલ્પના વિહાર ચાલે છે. એ સ્ટેજમાં શું થાય છે? એમ બહેનશ્રી ઉતર આપે છે. બહેનશ્રી તો ઉત્તર આપે છે, એ શું છે? કે પોતાના અનુભવથી ધ્યાનમાં પોતે શું કરે છે? શું કર્યું હતું અને શું કરે છે? એ વાત કરે છે.

'**સમાધાન :- પહેલા વિકલ્પથી ભેદ કરવો.**' વિકલ્પથી ભેદ કરવાનો વિચાર વિકલ્પ કરવો એમ ન કીધું. વિકલ્પથી ભેદ કરવો એટલે જુદાં પડવું. જુદાં પડવાનો વિકલ્પ કરવો એમ ન કીધું. જુદાં પડવા માટે વિચાર કરવો એમ ન કીધું, જુદાં પડવા માટે ચિંતન કરવું એમ પણ ન કીધું. જુદાં કરવા માટે, જુદાં પડવાનું મનન કરવું એમ પણ ન કીધું. '**પહેલા વિકલ્પથી ભેદ કરવો.**' એટલે જુદાંપણું કરવું.

એકલા જ્ઞાનને ચાલતા પરિણમનમાં, હવે એ કેવી રીતે? ચાલતા પરિણમનમાં એકલા જ્ઞાનને અનુભવમાં લેવું. કેમકે બીજા ભાવો એની સાથે મેળ ખાતા નથી. જે જ્ઞાન છે જાણનક્રિયારૂપ છે એની સાથે બીજા ભાવો નહિ જાણનક્રિયારૂપ છે, એ પણ ક્રિયારૂપ છે, પણ નહિ જાણનક્રિયારૂપ છે. એને અને એને મેળ નથી. મેળ નથી એટલે જુદાં પાડી શકાય છે, જુદાં અનુભવી શકાય છે. એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન એ ચાલતા પરિણમનમાં એને અનુભવગોચર કરવું. એનો વિચાર કરવો એમ નહિ, એનો વિકલ્પ કરવો એમ નહિ.

હવે એ ક્યારે થાય? કે એ પહેલાં અવલોકનની ઘણી પ્રેક્ટિસ ચાલી હોય ત્યારે. અવલોકનની સતત પ્રેક્ટિસ ચાલી હોય એમાંથી એ થઈ શકે. એમ ને એમ સીધો કોઈ ધ્યાનમાં બેસીને એકલું જ્ઞાન પકડવા જાય તો કાંઈ પકડાઈ નહિ. એ અવલોકનની પ્રેક્ટિસ ચાલતા ઉદયમાં, ચાલતાં પરિણમનમાં સતત ચાલ્યું હોય તો એ વારો આવે જુદાં પાડવાનો. અને એવું અવલોકન નિરંતર ક્યારે ચાલે? સતત ક્યારે ચાલે? મોક્ષાર્થી

થયો હોય, પૂર્ણતાનું લક્ષ બંધાણું હોય અને એ લક્ષપૂર્વક સંવેગ ઉત્પન્ન થયો હોય ત્યારે. કેમકે એમાં જોર જોઈએ. સતત ચાલવા માટે જોર જોઈએ અને ઉદયમાં નીરસતા જોઈએ, વૈરાગ્ય જોઈએ. એટલે સંવેગ અને નિર્વેદ બંન્ને હોય. વૈરાગ્ય છે એને નિર્વેદ કહે છે અને જોર છે એને સંવેગ કહે છે. એ સંવેગ અને નિર્વેદ બન્ને હોય ત્યારે સતત અવલોકન ચાલે.

એ સંવેગ અને નિર્વેદ ક્યારે હોય? કે પૂર્ણતાનું લક્ષ હોય ત્યારે. કેમકે પૂર્ણતાના લક્ષમાં જ એને પોતાને સમજાય છે, ફિલ થાય છે, સમજાય છે એટલે ફિલ થાય છે, મહેસૂસ થાય છે કે હું સાવ તળિયે ઊભો છું અને મારે ટોચે પહોંચવાનું છે. ડિફેન્સ ઓફ પોટેન્શીયાલીટીનું ભાન થાય છે. પૂર્ણતાનાં લક્ષમાં એ તફાવત સમજાય છે કે, હું ક્યાંયનો ક્યાંય ઊભો છું અને મારે ક્યાંયના ક્યાંય પહોંચવાનું છે. એટલે સંવેગ ઉત્પન્ન થાય. સંવેગ ઉત્પન્ન થાય એટલે તે ભૂમિકાનો નિર્વેદ પણ સાથે સાથે ઉત્પન્ન થાય. કેમકે સંવેગ તો બીજે જવા ન દ્યે એને. એટલે નિર્વેદ આપોઆપ છે.

મુમુક્ષુ :- જાગૃતિ આવી ગઈ ને.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મહિતની જાગૃતિ પણ આવે જ. નિજ પ્રયોજનની જાગૃતિ. આત્મહિત કહો કે નિજ પ્રયોજન કહો, એની જાગૃતિ આવે જ. પ્રયોજનનો દૃષ્ટિકોણ તીક્ષ્ણ થાય, સૂક્ષ્મ થાય. એ બધાં આનુષંગિક પરિણામો એ ભૂમિકાનાં ઊભા થાય પછી ધ્યાનનો વારો આવે છે. અને એ પૂર્ણતાનું લક્ષ અંતઃકરણની શુદ્ધિ વિના આવે નહિ કોઈને. અંતઃકરણની શુદ્ધિ વેદના વિના થાય નહિ. એમ આખી લાઈન એ રીતે સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- પ્રથમ તો વિચારથી ભેદજ્ઞાન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર તો શું છે? કે એવો વિકલ્પ ઉઠે છે એમ કહેવું છે. પહેલાં વિકલ્પથી ભેદ કરવો એમાં પહેલાં ભેદ કરવા જતાં વિકલ્પ ચાલે છે. કેમકે સહજતા નથી. પહેલાં શરૂઆતમાં એવી સહજતા ન હોય, શરૂઆત કરે ત્યારે. એમ કહેવું છે. પહેલાં વિકલ્પથી ભેદ કરવો. એટલે વિકલ્પ સાથે, વિકલ્પ સહિતમાં જુદાંપણું કરવું, માત્ર વિકલ્પ કરવો એમ નહિ, પણ ભેદ કરવો, વિકલ્પ સાથે વિકલ્પપૂર્વક, વિકલ્પના કાળમાં જુદાંપણું કરવું, ભેદ કરવો.

મુમુક્ષુ :- જે સંવેગ અને નિર્વેદ વધે એ પ્રમાણે સહજ થઈ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો પહેલાં આવી જવું જોઈએ. સંવેગ, નિર્વેદ તો પહેલા આવવો જોઈએ. પૂર્ણતાના લક્ષ પછી સંવેગ નિર્વેદપૂર્વક અવલોકનની પ્રેક્ટિસ સારી રીતે સતત ચાલવી જોઈએ. એ પ્રર્યાપ્ત માત્રામાં ચાલે, પછી એકલા જ્ઞાનને

જુદું પાડવાનો પ્રયત્ન થાય તો એ પ્રયત્ન સફળ થાય. પ્રયત્ન થાય તો પ્રયત્ન સફળ થાય એમ કહેવું છે.

ભેદ કરવો એટલે જુદાં જ્ઞાનને જુદું અનુભવવાનો પ્રયત્ન કરવો, પ્રયાસ કરવો. ભલે વિકલ્પ સાથે ચાલતો હોય. વિકલ્પ ઉપર કાંઈ વજન દેવાની જરૂર નથી. અહીંયાં શું છે? આ ભૂમિકામાં પુરુષાર્થની મુખ્યતા છે, વિકલ્પની મુખ્યતા નથી. જ્યાં સ્વરૂપને ગ્રહણ કરવું છે, સ્વરૂપનો અનુભવ કરવો છે ત્યાં પુરુષાર્થની મુખ્યતા છે, વિકલ્પની મુખ્યતા નથી. વિકલ્પ, નિર્વિકલ્પ ન થાય ત્યાં સુધી હોય ખરો. પણ વિકલ્પ છે, વિકલ્પ છે, હજી વિકલ્પ છે, વિકલ્પથી કામ કરવું, એ પ્રકારમાં નહિ હોવું જોઈએ. વિકલ્પ ભલે વિકલ્પનાં સ્વકાળમાં હો, વિકલ્પ ભલે વિકલ્પના સ્વકાળમાં હો, મારે વિકલ્પ સામું જોવું નથી. એની ઉપેક્ષા કરવી જોઈએ.

મુમુક્ષુ :- વિકલ્પ ઢસડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ એની પાછળ ખેંચાય છે. જોર આ બાજુનું છે એટલે જોરની પાછળ ખેંચાય છે. જ્ઞાનનું બળ છે. જોરમાં જ્ઞાન અને પુરુષાર્થ બેય છે. એટલે જ્ઞાનબળ છે એની પાછળ વિકલ્પ આત્માનો ખેંચાઈને ચાલે, પણ એ વિકલ્પ ચાલે એ વિકલ્પને વજન દેવાનું નથી, વિકલ્પને વધારવાનો નથી. વિકલ્પનો તો નાશ કરવાનો છે. એટલે એ ભલે પાછળ પાછળ ચાલ્યો આવતો હોય, તોપણ એ થાકીને બંધ થઈ જશે. એ પાછળ પાછળ ચાલ્યો આવતો હોય એની બહુ ચિંતા કરવાની પણ જરૂર નથી. પણ પાછળ ચાલતો હોય એને આગળ કરવાની જરૂર નથી. જ્ઞાન અને પુરુષાર્થ પાછળ એ ખેંચાયને આવતો હોય તો એની કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. પણ એને આગળ, મોઢા આગળ કરવાની જરૂર નથી. મુખ્યતા નહિ આપવી જોઈએ. મોઢા આગળ કરવું એટલે મુખ્યતા આપવી.

આમ તો શું છે, બધું પોતાના અનુભવમાં હોય પણ ખોલવું કોની પાસે? એટલે મોટી મોટી વાત કરી દ્યે છે. પછી જે જિજ્ઞાસુ હોય એ ઊંડો ઉતરે તો એમાંથી કાઢે પછી. તો પેટ કઢાવી લ્યે. નહિતર મોટી મોટી વાત કરી લ્યે. મોટી વાતમાંથી એ વિષયની જેને કાળજી હોય અને એ વિષયમાં જેને કાંઈ પણ ચંચુપાત હોય, ચંચુપાત એટલે ચાંચ બુડાડતો હોય, ચાંચ અડાડતો હોય કે પ્રયત્ન કરતો હોય, એ પછી ખેંચે એમાંથી. વિકલ્પથી જુદો ભેદ કરવો, જુદો કરવો એટલે શું? વિકલ્પ ક્યાં? જુદું પાડવું ક્યાં? પછી એનું પૃથક્કરણ માંગે. પણ એ તો એટલી કાળજી હોય એ (પૃથ્થકરણ કરે). નહિતર સાંભળી લે કે વિકલ્પથી જુદો કરવો. આપણે પહેલાં વિકલ્પથી જુદો કરીએ. આપણે હજી શરૂઆત છે. આપણે વિકલ્પથી જુદો કરીએ

છીએ. પણ એ વિકલ્પથી વિકલ્પ જ ચાલતા હોય. પછી કહે કે અમે તો વિકલ્પથી પહેલાં જુદો પાડીએ છીએ પણ હજી પહેલું જ રહે છે, અમારે આગળ ચાલતું જ નથી. જે લાઈન છે, ક્યુમાંથી ધીમે ધીમે, ક્યુમાં આગળ વધે એવી લાઈન છે. સીધો વચ્ચેથી અંદર દાખલ થવા જાય, ધક્કામુક્કી કરવા જાય તો અહીંયાં તો જગ્યા મળે એવું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ૪૪૮માં એમણે ખુલાસો આપ્યો છે. ૪૪૮માં. પ્રશ્ન પણ એ જ છે. અનાદિના અભ્યાસને કારણે જુદું પાડવામાં વિકલ્પાત્મક પ્રયત્નમાં પણ અઘરું લાગે છે. વિકલ્પાત્મક પ્રયત્ન. તો શું કરવું? વિચારથી નકકી કર્યું હોય તો પણ છૂટા પાડવાના કાર્યને અમલમાં મૂકવું અઘરું પડે. એ અમલીકરણની વાત છે. વિચારથી નકકી કર્યું હોય, કે આ જુદું છે. અમલમાં મૂકીને જુદું પાડવું એ અઘરું પડે છે. વિચાર કરવો એ જુદી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જે વેદનાનો વિષય છે એ અમલીકરણના ઉત્સાહથી પરિણમનમાં આવે. કેમકે આમાં તો લાઈન બધી પરિણમનની જ છે. વેદનાથી બધી લાઈન તો પરિણમનની જ લાઈન છે. તો પરિણમનમાં ક્યારે આવે સમજેલી વાત? અમલીકરણનો ઉત્સાહ હોય ત્યારે. હું જે જે સમજુ એ મારે પરિણમનમાં ઉતારવું છે, લાગું કરવું છે, એપ્લીકેશન કરવું છે, મારી સમજણનું મારે ચાલતા ઉદયમાં એપ્લીકેશન કરવું છે. એવી પહેલેથી જ તૈયારી હોવી જોઈએ. તૈયારી હોવી જોઈએ અને એ તૈયારી પ્રમાણે કામ ચાલવું જોઈએ. ઓલું તો માંડ માંડ સમજાણું હોય, તર્ક-વિતર્ક, વાદ-વિવાદ કરીને, એટલે સમજાણું એમાં રાજા થઈ ગયો જાણે. સમજાઇ ગયું, સમજાઈ ગયું. એમ નહિ.

સમજાણું સ્વલક્ષે. એ પહેલાં જુઓ. સ્વલક્ષમાં સમજાણું કે નહિ? મારી જાતને ભેળવી કે નહિ? મારી જાતને ઈન્વોલ્વ કરી કે નહિ? જો એ રીતે સ્વલક્ષે સમજવા જાય તો સમજાય પણ સહેલાઈથી. કોઈ ગૂંચવણમાં ન આવે, નહિતર તો પરલક્ષમાં ગૂંચવણમાં આવવાના પણ બહુભાગ પ્રકારો બને છે. અને ઘણાં જીવો ગૂંચવાય છે, નીકળવામાં એને સમય લાગે છે, શક્તિ ખર્ચવી પડે છે, સમય ખર્ચવો પડે છે. સ્વલક્ષે સમજવું પણ સહેલું પડે છે અને સ્વલક્ષે સમજ્યા પછી સમજણ ઉપરનું બિલકુલ વજન નહિ આવતા, આ સમજણનું અમલીકરણ કેમ કરવું? એના ઉપર વજન જાવું જોઈએ. આમ પદ્ધતિ આવવી જોઈએ.

બીજું, સ્વલક્ષે સમજવું એટલે કેમ સમજવું? કે એકે એક વાત અવળી કે સવળી ચાલતા ભાવોની વાત છે અને ચાલતા ભાવો તો અનુભવમાં આવે છે બધાંને. તો

એને પોતાને ચાલતા અનુભવતા, અનુભવમાં આવતા ભાવો સાથે મીંઢવતા જાવી જોઈએ. મને આમ થાય છે એનું શું? મને આમ થાય છે એનું શું? એમ પોતાની જાતને સાથે ને સાથે ભેળવતા જવું જોઈએ. જે વાત સમજાઈ એમાં હું મારી જાતને કેવી રીતે વચ્ચે લઉં? લઉં છું કે નથી લેતો? કે એમ ને એમ સમજે રાખુ છું? શું કરું છું? એવી બરાબર સમજતી વખતે પણ જાગૃતિ હોવી જોઈએ અને કાળજી હોવી જોઈએ. જાગૃતિ અને કાળજી, દરકાર આવવી જોઈએ. તો એને પોતાના પ્રયોજનની દરકાર છે. પોતાને કામ કરવાની એને કાળજી અને દરકાર છે. નહિતર વેઠ ઉતારવા જેવું થાય. એમ ને એમ ઉપર-ઉપરથી સાંભળી-સાંભળીને ઘર ભેગા, સાંભળીને-સાંભળીને ઘર ભેગા. કાલ ફરીને આવશું. એમ નહિ થવું જોઈએ. તો કોઈ દિ' કામ નહિ થાય.

મુમુક્ષુ :- સાંભળતાં-સાંભળતાં જ એ ભાવ ઉપર પોતાની નજર પહોંચી જાવી જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- એ છે. પોતે મીંઢવવું જોઈએ. જેમકે રુચિનો વિષય ચાલે છે. તો અવળી પણ રુચિ કામ કરે છે, મીંઢવે છે, કે મારી રુચિ પરિણમન અપેક્ષાએ કેવી રીતે કામ કરે છે? પછી આ વેદનાનો વિષય લઈએ લ્યો. સાંસારિક કાર્યોમાં પોતાનું ધાર્યું ન થયું હોય ત્યાં કેવી આકુળતા અને વેદના થાય છે. પોતાની ઈચ્છા વિરુદ્ધ થાય તો કેવી આકુળતાને વેદના થાય છે. અહીંયાં મને કાંઈ એવું થાય છે? મારે જે કામ કરવું છે એ નથી થતું, નથી થયું, ત્યાં ઉકરાટો તો આવે છે, અહીંયાં કેમ નથી આવતો? બધાય ભાવોમાં ઊલ્ટું પરિણમન તો ચાલે જ છે. પછી બહારમાં પાણીની તરસ લાગે છે તો ખાલી વિચારીને વિકલ્પ કરીને બેસી રહું છું? કે પાણી પ્રાપ્ત થાય એના માટે કોઈ ઈનીસિયેટીવ લઉં છું? પુરુષાર્થ છે એક પરિણમનમાં ઈનીસિયેટીવ મૂડ છે. તો મને પાણીની તરસ લાગી ત્યારે હું, ચાલો ખબર પડી ગઈ મને પાણીની તરસ લાગી છે એમ બેસી રહે છે? એ તો મને ખબર છે મને પાણીની તરસ લાગી છે. અરે ભાઈ! પાણી જોઈએ છે. પાણીની તરસ લાગી ત્યારે પાણી જોઈએ. જોઈએ એટલે પાણી મળે એનાં માટેનાં પરિણામ ચાલુ થઈ જાય છે. પછી બહારમાં પ્રયત્ન થાય છે. પાણી લેવાનો જે પ્રયત્ન થાય છે, એ તો પહેલાં એ અંગેનાં પરિણામો થાય છે પછી થાય છે ને? પાણી પ્રાપ્ત કરવું, પાણી મેળવવું એવો વિકલ્પ આવે છે. ખાલી વિકલ્પ કરીને બેસી રહે છે? કે એને ઈનીસિયેટીવ પરિણામો ચાલે છે પાછા મેળવવાનાં?

મુમુક્ષુ :- એની દિશામાં પગલા ચાલવા મંડે.

પૂજ્ય ભાઈશ્રી :- એની દિશામાં પ્રયાસ ઊભો થાય છે. પહેલાં ભાવમાં પ્રયાસ થાય છે, પછી દ્રવ્યમાં પ્રયાસ આવે છે. પ્રયત્નને સમજવો હોય, પુરુષાર્થને સમજવો હોય ત્યારે પોતાના પરિણામથી, અનુભવમાં આવતા પરિણામથી એ વિષયને સમજવો જોઈએ કે ખાલી વિચાર કરીને, તર્ક કરીને, અનુમાન કરીને સમજવો જોઈએ? એ પદ્ધતિ, એકલી તર્ક અને અનુમાનની પદ્ધતિ છે એ વિચારપદ્ધતિ છે. પોતાના અનુભવ સાથે મીંઢવીને આ વિષયને પણ અનુભવગોચર કરવો, અનુભવપદ્ધતિમાં લઈ જવો, ઈ પદ્ધતિ સાચી છે.

કેમકે મોક્ષમાર્ગ છે એ સ્વાનુભૂતિ પ્રધાન છે અથવા સ્વાનુભૂતિ જ મોક્ષમાર્ગ છે. સ્વાનુભૂતિરહિત કોઈપણ પરિણામ મોક્ષમાર્ગ નથી. એટલે લીધું ને રાજમલજીએ ૨૩મા કળશમાં કે બાર અંગ છે તેનું જ્ઞાન વિકલ્પ છે. બાર અંગનું જ્ઞાન વિસ્તારવાળું જ્ઞાન તો વિકલ્પ છે. સ્વાનુભૂતિ જ મોક્ષમાર્ગ છે. અને બારે અંગમાં સ્વાનુભૂતિ વચન અગોચર હોવા છતાં પણ એને જ કહેવાનું વિધાન છે. એની કહેવા માટેની વિધિનું કથન છે. એમ વાત લીધી એમણે.

'**પહેલા વિકલ્પથી ભેદ કરવો.**' એનો અર્થ આ કે વિકલ્પ કાળે જ્ઞાન લક્ષણથી જુદાં પાડવાનો પ્રયત્ન કરવો. ભલે વિકલ્પ ચાલતો હોય, ભલે વિકલ્પનો કાળ હોય. એમ તો નિર્વિકલ્પ દશા ન હોય ત્યારે જ્ઞાનીઓને પણ સવિકલ્પ દશામાં જ ભેદજ્ઞાન ચાલે છે ને? ભલે ભેદજ્ઞાનનો વિકલ્પ ન હોય તોપણ ભેદજ્ઞાન ચાલે છે અને ભેદજ્ઞાનનો વિકલ્પ હોય તોપણ ભેદજ્ઞાન ચાલે છે. ચાલે જ છે ભેદજ્ઞાન. કેમકે સહજ થઈ ગયું. અહીંયાં હજી સહજ નથી થયું. તોપણ એમને જેમ વિકલ્પ ઉપર વજન નથી, એમ અહીંયાં પણ વિકલ્પ ઉપર વજન લેવાનું નથી. વેઈટેજ ઉપર કાર્યની સફળતાનો બહુજ આધાર છે અથવા કાર્યની દિશાનો આધાર છે. વજન બરાબર યથાયોગ્યપણે ન જાય તો કામનું અવળું-સવળું, બરાબર ન જાય તો, અવળું કામ થાય. બરાબર જાય તો સવળું કામ થાય.

'**પહેલા વિકલ્પથી ભેદ કરવો. પછી જ્યારે ચૈતન્ય તરફ પરિણતિનું જોર આવે,...**' જુઓ! એ પ્રયત્ન કરતાં કરતાં બળ વધે, પોતાનાં સ્વરૂપ તરફ, ચૈતન્ય એટલે પોતાના સ્વરૂપ તરફ જ્યારે જોર આવે, '**તેના તરફ જ તેની તમન્ના, લગની લાગે...**' જોર હોય ત્યારે આ બધાં આનુષંગિક પરિણામો બતાવ્યા હવે. એની તમન્ના હોય, તીખાશ હોય, લગન લાગી હોય એટલે ધૂન ચડી હોય, એક લય ચાલતી હોય.

મુમુક્ષુ :- જોઈ લીધું સ્વરૂપ કેવું છે. એટલે મેળવવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એની તમન્ના અને એની લગની લાગે, એનું જોર આવે.

'અને વિકલ્પમાં આકુળતા લાગે...' જે પાછળ ખેંચાતો, ઢસડાતો, વિકલ્પ પણ આકુળતાવાળો લાગે, વિરુદ્ધ જાતિનો લાગે, આકુળતાવાળો લાગે એને વિરુદ્ધ જાતિનો લાગે. એમાં કાંઈ **'ચેન પડે નહિ...'** ઊલટાની એમાં બેચેની આવે, એની ઉપેક્ષા થાય **'તો વિકલ્પ તૂટે.'** કેમકે એ વખતે વિકલ્પમાં રસ ન રહ્યો. વિકલ્પની ઉપેક્ષા થઈ અને વિકલ્પની અપેક્ષા મટી. અહીંયાં જ્યાં સુધી વિકલ્પવાળો પ્રયત્ન છે, વિકલ્પની પ્રધાનતાવાળો પ્રયત્ન છે, ત્યાં સુધી વિકલ્પની અપેક્ષા છે. એ અપેક્ષા છોડીને એની ઉપેક્ષા થવી જોઈએ. તો તૂટે નહિતર તૂટે નહિ.

મુમુક્ષુ :- વિકલ્પની અપેક્ષામાં જ્યાં સુધી ઊભો છે ત્યાં સુધી વિકલ્પમાં એને આકુળતા નથી લાગી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુધી આકુળતા લાગતી નથી અને ત્યાં સુધી વિકલ્પ લંબાય, વિકલ્પની અપેક્ષા હોય ત્યાં સુધી વિકલ્પ છૂટે નહિ, વિકલ્પ લંબાય.

મુમુક્ષુ :- નહિતર વિકલ્પ વધતા આકુળતા વધવા લાગે ઊલટાની.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એમાં શું છે? ધ્યાન તો ભાવભાસન પછીનું સ્ટેજ છે ને? તો ભાવભાસનમાં તો સ્વરૂપ લક્ષમાં આવે છે. સ્વરૂપ લક્ષમાં છે એટલે ખેંચાણ સ્વરૂપ બાજુનું હોય. પછી વિકલ્પ હોય તોપણ વિકલ્પ ઉપર જરાય દૃષ્ટિ નથી રહેતી, એટલે લક્ષ નથી રહેતું અહીંયાં. લક્ષ સ્વરૂપ ઉપર હોય એટલે લક્ષ વિકલ્પ ઉપર ન રહે. ચાલે છે કે નથી ચાલતો? કેટલો ચાલે છે? શું કરવા ચાલે છે? એ કાંઈ એના ઉપર ધ્યાન જ નથી. કારણકે લક્ષમાં સ્વભાવ છે અને એ ઘૂંટાય છે અને એમાં રસ છે. પછી આને જોતો નથી. અને એને જોતો નથી એટલે એ ગમે ત્યારે તૂટી જશે, ગમે ત્યારે મરી જશે. એ જીવે છે કે મરે છે, એની ચિંતા કરવાની જરૂર નથી.

મુમુક્ષુ :- એ તો પ્રતીતિમાં પ્રત્યક્ષ કરી કરીને સ્વભાવનો રસ વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. એ પોતાના કામે લાગી ગયો. એને ધ્યાન જામે છે. કોને ધ્યાન જામે છે? આને ધ્યાન જામે છે. નહિતર ધ્યાન ન જામે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! નિર્વિકલ્પ આનંદ છે એ એક સમય પૂરતો હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એક સમય નહિ, અસંખ્ય સમય છે. પણ અસંખ્ય સમય પણ બહુ સૂક્ષ્મ છે. સેકન્ડનું પણ ફ્રેક્શન ઓફ ધી સેકન્ડ છે.

મુમુક્ષુ :- પોણા સેકન્ડનો કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ફ્રેક્શન ઑફ ધી સેકન્ડ છે. દરેકનું માપ જુદું જુદું છે. પણ એક સેકન્ડનો ભાગ છે. પણ અસંખ્ય સમય છે. કેમકે છદ્મસ્થનો ઉપયોગ કોઈપણ

જ્ઞેય ઉપર જાય ત્યારે એમાં અસંખ્ય સમય તો થઈ જ જાય. એક સમય તો પકડાય જ નહિ. અને એક સમય ન પકડાય તો આનંદ આવ્યો તે ખબરેય ન પડે. પણ આનંદ આવ્યો એની બરાબર ખબર પડે છે. ન પડે એવું નથી, ચોકકસ ખબર પડે છે. શું પ્રશ્ન હતો હવે?

મુમુક્ષુ :- આમાં પોણા સેકન્ડ પૂરતો દાખલા તરીકે નિર્વિકલ્પ આનંદ હોય. ત્યારે મનનો વેપાર નથી. મન વિશ્રામ પામી ગયું. એના પહેલાં તો મન તો હતું જ. તો હવે અનુભવમાં લાવવું, આપ કહો છો, જ્ઞાનને અનુભવમાં લાવવું, ત્યાં મન ના હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હવે એ એવું છે કે જ્ઞાન જ્ઞાનને વેદે છે ત્યાં મન નથી. જ્ઞાનના બે અંગ છે. બાહ્ય અંગમાં મનનો સબંધ છે, ઈન્દ્રિયોનો સબંધ છે બાહ્ય અંગમાં. અંતરંગ સાથે કોઈને જ્ઞાનીને કે અજ્ઞાનીને જ્ઞાનના અંતરંગ સાથે મનનો સબંધ નથી. અંતરંગ છે એ વેદનરૂપ છે, જ્ઞાન સામાન્યરૂપ છે એની સાથે મનનો સબંધ નથી. કોઈને નથી. એટલે એમાં કાંઈ પ્રશ્ન જ નથી. એના ઉપર બાહ્ય અંગ જે બહાર જાય છે, એ બાહ્ય અંગ પાછું વળે એટલું જ જોવાનું છે. અંતરંગ તો ત્યાંનું ત્યાં જ છે. બાહ્ય અંગ ફરે એટલું જ જોવાનું છે, બીજું કાંઈ નથી. એટલે વેદન પકડાય સીધું. નહિતર વેદન પકડાય નહિ. એમ છે. અને એ ક્યારે થાય? કે આટલી ચેનલમાં પસાર થયા પછી આત્મા કેળવાઈ ગયો, પછી અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ વડે ભેદજ્ઞાનની સફળતા થાય અને સ્વાનુભવ થાય. એમ છે.

મુમુક્ષુ :- બાહ્ય અંગ એટલે પર્યાય?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનો જ પર્યાય છે. અંતરંગ એ જ્ઞાનનો પર્યાય છે અને બહિરંગ પણ જ્ઞાનનો પર્યાય છે અને એ એક જ જ્ઞાનનો પર્યાય છે. બે જુદાં પર્યાય નથી. અંગ બે છે એના.

મુમુક્ષુ :- અંતરંગ એ જ્ઞાનનો જ પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનો જ પર્યાય છે. એક જ પર્યાયને બે અંગ છે.

મુમુક્ષુ :- એક સામાન્ય અને એક વિશેષ.

પૂજ્ય ભાઈશ્રી :- એક વિશેષ. જેમ સ્ફટિક છે એ સ્ફટિકની નિર્મળતા, પારદર્શકતા એ એની અંતરંગ પર્યાય છે. અને કોઈ રંગીન પદાર્થ એની નજીક આવ્યો ત્યારે તે સ્ફટિકમાં એ રંગની ઝાંય ઊભી થઈ એ એનું બહિરંગ છે. હવે જ્યારે રંગીન સ્ફટિક દેખાણો ત્યારે પારદર્શકતાનો નાશ નથી થયો. જો પારદર્શકતાનો નાશ થાય તો ઝાંય પણ ન પડે. એટલે ઝાંય પણ પારદર્શકતાને બતાવે છે. ઝાંય ઝાંયને નથી

બતાવતી. આમ દૃષ્ટિ હોવી જોઈએ, તો સ્ફટિક ઓળખાય, નહિતર સ્ફટિક ન ઓળખાય. રંગીન પથ્થર દેખાય. અહીંયાં આ રંગનો પથ્થર પડ્યો છે. આ રંગનો પથ્થર નથી આ પણ સ્ફટિક છે. અને જે એના રંગની ઝાંય ઊભી થઈ છે એ એની પારદર્શકતાને પ્રસિદ્ધ કરે છે. કોને પ્રસિદ્ધ કરે છે? એની પારદર્શકતાને પ્રસિદ્ધ કરે છે. એવો દૃષ્ટિકોણ સાધ્ય કરવો જોઈએ. જોવા-જોવામાં દૃષ્ટિ ફેર છે.

મુમુક્ષુ :- એકરૂપ સામાન્ય...

પૂજ્ય ભાઈશ્રી :- જો જ્ઞાનની એકરૂપ સામાન્ય અવસ્થા ન હોય, તો અનેક અનેક પ્રકારની વિશેષ અવસ્થા થાય ક્યાંથી? અનેક જ્ઞેયાકારરૂપ જે જ્ઞાન થાય છે એ કોઈ એક જ જ્ઞેયવાળું રહી જાય. બદલાય છે, અનેક જ્ઞેયો જ્ઞાનમાં બદલાય છે એ એના વિશેષો છે—જ્ઞાનવિશેષો છે. જો જ્ઞાનવિશેષો છે એમ તમે કહો તો સામાન્ય વગર કેવી રીતે વિશેષો કીધાં? વિશેષ ઑટોમેટિક રિલેટેડ વીથ સામાન્ય. સામાન્ય વગર વિશેષ કોનું પણ? અરીસાની કોઈ એક આકૃતિવાળી અવસ્થા તમે જોઈ. તમારું મોઢું જોયું, પણ એ મોઢું જોયું એ પહેલાં એની કોઈ નિરાકૃત અવસ્થા હતી એમાં આકૃતિ આવી કે પહેલેથી હતી જ તે, તમારી આકૃતિ અરીસામાં? પછી બીજી ચીજ સામે રાખી તો બીજી ચીજનું પ્રતિબિંબ, આકૃતિ આવી. ત્યારપછી બીજી ચીજ સામી આવી તો એની આકૃતિ આવી અરીસામાં. તો એ બધાં વિશેષો ક્યારે બદલાય? કે એકરૂપ એક સામાન્ય અવસ્થા હોય એમાં વિશેષો બદલાય? કે કાંઈ ન હોય એમાં બદલાય? સામાન્ય હોય એમાં જ બદલાય. એમ જ્ઞાનની એક સામાન્ય અવસ્થા છે. એ ખુલાસો ગુરુદેવે ૧૫મી ગાથાના જ્ઞાનસામાન્ય અને જ્ઞાનવિશેષવાળી ગાથામાં કર્યો છે. અને પ્રવચન રત્નાકરના પહેલાં ભાગના ૩૬૨માં પાને બહુ સરસ ચોખ્ખો પેરેગ્રાફ છે કે અહીંયાં જ્ઞાન સામાન્ય એટલે ત્રિકાળી દ્રવ્ય નહિ. અહીંયાં પર્યાયની વાત ચાલે છે. એમ ચોખવટ કરી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ જ આત્માનો ઊર્ધ્વતાનો ગુણ છે એના લીધે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- ઊર્ધ્વતાનો ગુણનો ફેકટર બીજો છે કે એમાં પહેલાં બધું જણાય છે એમ. પહેલાં આ જ્ઞાન છે અને પછી જ્ઞેય છે. સમકાળે હોવા છતાં પણ એની અગ્રતા છે. એ મુખ્યતાનો વિષય છે. અહીંયાં સામાન્ય વિશેષને સમજવું છે. અને એ જે જ્ઞાનસામાન્ય અંતરંગ છે એમાં જ્ઞાનવેદન છે. ઈ વેદનને આવિર્ભૂત કરતા સ્વાનુભૂતિ છે. એમ છે. એટલે વાત થોડી ઊંડી હોવાથી અંતર દૃષ્ટિવાળાને જ પકડાય છે, બાહ્યદૃષ્ટિમાં એ પકડાતી નથી, સમજાતી નથી.

મુમુક્ષુ :- જે વખતે સ્ફટિકમાં ઝાંય પડી છે એ વખતે એની પારદર્શકતા ગઈ

નથી. અને એ વખતે પારદર્શકતા જોવાની છે? ઝાંય પડી છે એમાં જ પારદર્શકતા જોવાની છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. રંગીન અવસ્થા વખતે પણ એની પારદર્શકતાને જોઈ શકાય છે. અને એને જ સ્ફટિકનું જ સ્વરૂપજ્ઞાન થાય છે કે સ્ફટિકનું સ્વરૂપ આવું હોય. અને એ દૃષ્ટાંત આચાર્ય મહારાજે લીધો કે પાણી ડહોળું હોય ત્યારે પણ પાણીનું નિર્મળ સ્વરૂપ જોઈ શકાય છે અને તો જ પાણીમાં ફટકડી હોય એને નિર્મળી કહે છે, નિર્મળી નાખીને શુદ્ધ પાણીની પ્રાપ્તિ કરી શકાય છે. જો પાણીનું નિર્મળ સ્વરૂપ જાણવામાં ન આવે તો ડહોળા પાણીમાંથી ચોખ્ખું પાણી કરવાનો પ્રોસેસ જ કોઈને સૂઝે નહિ. એ તો પાણીનું સ્વરૂપ છે, એવું જ પીવાય. ડહોળું પાણી જ પીવાય કેમકે આવું જ પાણી હોય. પાણીનું સ્વરૂપ એવું જ માની લીધું એણે તો. પણ જ્યારે પાણી ડહોળું હોય ત્યારે જ પાણી નિર્મળ છે ઇ જ્ઞાનમાં આવે તો જ એને નિર્મળ પાણીની ઉપલબ્ધિ થાય, પ્રાપ્તિ થાય, નહિતર ન થઈ શકે. એટલે અવસ્થા મલિન હોય ત્યારે પણ મલિનતા પોતે નિર્મળતા સાપેક્ષ છે. અશુદ્ધિ, શુદ્ધિ સાપેક્ષ છે. અશુદ્ધિનો અર્થ શું? શુદ્ધિ નહિ તે. તો શુદ્ધિને સ્થાપી કે ન સ્થાપી એમાં? શુદ્ધિનું જ્ઞાન આવ્યું કે ન આવ્યું? ભલે નાસ્તિથી આવ્યું. પણ આવ્યું કે ન આવ્યું?

મુમુક્ષુ :- ઉદ્દેશને ધારણ કર્યા સિવાય જે વખતે પાણી મલિન છે, એ જ વખતે પાણીને નિર્મળપણે ન જોઈ શકાય. ઉદ્દેશને ધારણ કરવો પડે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જોવો જ જોઈએ. જોવાનો ઉદ્દેશ હોવો જ જોઈએ.

મુમુક્ષુ :- આ પ્રક્રિયા થાય ત્યારે મુખ્ય-ગૌણ સહજ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અવલોકનની પ્રેક્ટિસ શું કરવા લીધી? કે આ ઉદ્દેશને કેળવવા માટે, જોવાનો ઉદ્દેશ કેળવવા માટેની વાત છે. કેમકે આ વિષય સૂક્ષ્મ છે અંદરમાં. સૂક્ષ્મ પડે, સૂક્ષ્મ છે એટલે સૂક્ષ્મ પડે. પણ કાંઈ વાંધો નહિ. પ્રેક્ટિસ કરો, તો બધું સૂક્ષ્મ કાર્ય બહુ સારી રીતે થાય છે. થાય છે કે નહિ? આ ગાડી ચલાવો છો તો કેટલો એક સેકન્ડનાં ફ્રેકશનમાં તમે વિચારી પણ લ્યો છો અને અમલ પણ કરી લ્યો છો. નથી કરતાં? કેટલી ઝડપથી અમલ થાય છે? પ્રેક્ટિસ હોય તો થઈ શકે છે.

આ ક્રિકેટ રમે છે લ્યો. બોલર છે એ દર વખતે એકસરખાં બોલ નાખવાનો નથી. એક વખતે ફાસ્ટ બોલ નાખશે, તો બીજી વખતે સ્લો નાખશે. બરાબર છે કે નહિ? એક વખત સીધો નાખશે, તો એક વખત આડો નાખશે. પછી એને ભલે

ટર્ન કરે છે ત્યાં જઈને, પણ દડો તો પહેલાં આડો જાયને. પછી આડો થઈને સીધો થાય, સ્પીન થાય. તો એ બધાં અનેક પ્રકાર છે. દડા નાખવાનાં કેટલા પ્રકાર છે? અનેક પ્રકાર છે. હવે બેટ લઈને ઊભો છે એને ખબર છે, કે આ ક્યો નાખવાનો છે? નહિ. એ દડો એના હાથમાંથી છૂટી અને સેકન્ડોની અંદર એના બેટ સુધી પહોંચે ત્યાં સુધીમાં એ એણે વિચારી લે અને એ કઈ રીતે એને બેટ મારવું એનો અમલ પણ કરી લે. કરે છે કે નથી કરતો? અને હું આવી રીતે બેટ મારીશ તો કેચ નહિ ઊછળે, તો આમ નહિ થાય, હું આમ નહિ પકડાઉં, હું આમ નહિ પકડાઉં, હું આમ નહિ થાઉં, હું આગળ વધીશ તો આમ નહિ થાઉં, બધાં પડખાનાં વિચાર અને અમલ બધું એકસાથે થઈ જાય છે કે નથી થઈ જતું? પ્રેક્ટિકલ જ્ઞાનમાં એવું સામર્થ્ય છે. એટલે પ્રેક્ટિસ કરાવે છે. ભાઈ, તું પ્રેક્ટિસમાં ઉતર, એકલો વિચાર ન કર, એકલો વિકલ્પ ન કર. પ્રેક્ટિસમાં ઉતર તું. પછી એ સહજ થઈ જાય છે, પ્રેક્ટિસમાં એ વાત સહજ થઈ જાય છે. અને સૂક્ષ્મપણે કામ બધાં થાય છે. દુનિયાના બહારના કામ પણ સૂક્ષ્મપણે થાય છે, તો આ તો પોતાની અંદરમાં ને અંદરમાં છે. થઈ શકે, ન થઈ શકે એવું નથી.

મુમુક્ષુ :- પાણીની મલિનતા જે છે, પાણીની મલિનતા, એ સાથે જ એની સ્વચ્છતા છે. સ્વચ્છતા પડેલી છે. પણ એનું ત્રિકાળી જે છે એ લેવાનું નથી એમાં. પાણીનું ત્રિકાળી જે..

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં પાણી તો દૃષ્ટાંતે છે. પાણીનું કાયમી સ્વરૂપ નિર્મળ છે. કાયમી સ્વરૂપ છે એ નિર્મળ છે, શુદ્ધ છે. એટલે એની નિર્મળતાથી એના સ્વરૂપને લક્ષમાં લીધું. સ્વરૂપ જ એના જ્ઞાનમાં આવ્યું. એમ એ રીતે.

મુમુક્ષુ :- નિર્મળતાનો અંશ ત્યાં પ્રગટ છે બહારમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રેક્ટિસનો વિષય એવો છે, સવિકલ્પ દશામાં એનો વિકલ્પ કર્યા વગર કામ થયા કરે. તમે આ જાંબુડા ખાવ છો. ચોમાસામાં આવે છે ને, જાંબુડા? હવે એની અંદર જો ઠળિયો ભાંગી જાય તો બેસ્વાદ થઈ જાય. ઠળિયો કડછો હોય છે. જાંબુડું મીઠું હોય, એનો ગર્ભ છે મીઠો છે. અને તમારે તો સ્વાદ જ લેવો છે. સ્વાદને કાંઈ સ્વાદભંગ કરવો નથી. તો ઠળિયો ભાંગે નહિ અને જીભ છે એ બત્રીસ દાંત વચ્ચે ક્યાંય આવે નહિ. દાંત વચ્ચે જીભ આવી જાય તોય તકલીફ થાય, ઠળિયો ભાંગી જાય તોય તકલીફ થાય. તો તમે જીભથી જાંબુડાને અહીંથી આમ અને અહીં આમ ફેરવ્યા કરો છો...

તા. ૧૩-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૫ થી ૮૭
પ્રવચન નં. ૫૪

સ્વાનુભૂતિદર્શન પાનું-૭૧. ૮૫ વચનામૃતમાં એમ આવ્યું '**ભલે બુદ્ધિમાં તત્ત્વને ગ્રહણ કર્યું હોય પણ એકત્વબુદ્ધિમાં અટકે-ત્યાં સુધી વિકલ્પ તૂટે નહિ.**' અને નિર્વિકલ્પ દશા થાય નહિ. '**પોતામાં એકત્વબુદ્ધિ...**' પોતામાં પોતાની એકત્વબુદ્ધિ '**અને પોતાના સ્વભાવનું જોર થાય તો વિકલ્પ તૂટે.**' એટલે શું છે? પરમાં એકત્વબુદ્ધિ અને એકત્વ પરિણમન બેય ચાલે છે. બુદ્ધિ કહેતાં અભિપ્રાય. ભેદજ્ઞાનના પ્રયોગ દરમ્યાન એ એકત્વબુદ્ધિ જે પરમાં થાય એ જ સ્વમાં આવે. ભાવભાસનપૂર્વક જે ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલે ત્યારે અભિપ્રાયનો પલટો થાય. પરમાં એકત્વબુદ્ધિ હતી એ સ્વમાં એકત્વબુદ્ધિ થાય. તે ઉપરાંત પુરુષાર્થનું પણ પરિણમન તીવ્ર થાય. જોર થાય એટલે? તીવ્ર થાય. ત્યારે પરિણમન અટકે. બુદ્ધિ ફર્યા પછી પણ પરિણમન ત્યાં સુધી ચાલુ રહે છે કે જ્યાં સુધી પુરુષાર્થ યોગ્ય માત્રામાં તીવ્ર ન થાય ત્યાં સુધી. અને એ વખતે પ્રયાસ દરમ્યાન મિથ્યાશ્રદ્ધાનું બળ અત્યંત ઘટી ગયું હોય છે અથવા મિથ્યાશ્રદ્ધા મરણતુલ્ય થઈ ગઈ હોય છે. એટલે સમ્યક્શ્રદ્ધા છે એ જોર કરે છે. રુચિ તો ઘણી તીવ્ર થઈ ગઈ હોય છે ભાવભાસનથી, પણ સમ્યક્શ્રદ્ધા પોતાની શક્તિથી નિર્વિકલ્પ દશાના કાળમાં પરિણમન થઈ જાય છે. એ રીતે સમ્યક્શ્રદ્ધાન થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! રુચિ અને શ્રદ્ધામાં શું તફાવત?

પૂજ્ય ભાઈશ્રી :- આમ રુચિને શ્રદ્ધાનું જ પરિણમન કહેવાય છે. પણ સમ્યક્શ્રદ્ધા નથી થઈ ત્યાં સુધી એને રુચિ કહીએ. કેમકે જેમ જેમ મિથ્યાશ્રદ્ધા મંદ પડે, દર્શનમોહ કહો કે મિથ્યાશ્રદ્ધા કહો, જેમ જેમ મંદ પડે, તેમ તેમ આત્મરુચિ વધે. ભાવભાસનના કાળમાં આત્મરુચિ તીવ્ર થાય છે. એનો અર્થ કે દર્શનમોહ અત્યંત મંદ થાય છે. મોક્ષમોર્ગમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણેનું પરિણમન છે. એટલે મિથ્યાશ્રદ્ધા મરણતુલ્ય થઈ. તો શ્રદ્ધા પોતાની જે શક્તિ છે એ જોરથી પ્રગટ કરે છે. જ્ઞાન પણ જે પરમાં એકત્વ કરતું હતું, જ્ઞેયજ્ઞાયક સંકરદોષ અને ભાવ્યભાવક સંકરદોષ (થતો હતો), એ બન્ને સંકરદોષ જ્ઞાનના છૂટીને પોતાના સ્વરૂપમાં એકત્વબુદ્ધિ થઈને, સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન પોતાનું સ્વસંવેદન સારી રીતે કરે છે. એ વિકલ્પ છે એનો અભાવ થાય છે. વિકલ્પ તૂટે છે એનો અર્થ કે ચારિત્રમાં વિકલ્પનો અભાવ થાય છે. રાગાંશ

છે બુદ્ધિપૂર્વકનો એ ઉત્પન્ન થતો બંધ થાય છે. એ રીતે મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે.

મુમુક્ષુ :- સ્વરૂપનું ભાવભાસન થયા પછી જે શ્રદ્ધામાં બળ આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ રુચિ છે. સ્વરૂપની અનન્ય રુચિ પ્રગટ થાય. અનન્ય રુચિ એટલે શું? કે રુચિનો સ્વભાવ એવો છે કે અભેદભાવે પરિણમવું, જુદું રહેવું નહિ. જુદાં રહેવામાં, ત્યાં જુદાં પાડવામાં અંતરાય કોણ કરે છે? વિકલ્પ. ભલે સ્વરૂપનો વિકલ્પ છે તોપણ વિકલ્પ છે એ વિકલ્પ છે અને એની જાત વિકલ્પની છે. એ અંતરાય કરે છે. એ વિકલ્પ જ્યાં સુધી તૂટે નહિ, ભાવનો અભાવ ન થાય ત્યાં સુધી અભેદપણું થાય નહિ પરિણમનમાં. એટલે વિકલ્પ છે એ સ્વરૂપની લીનતામાં પણ બાધક છે. રુચિને અભેદ થવામાં પણ, શ્રદ્ધાને અભેદ થવામાં પણ બાધક છે. જ્યાં વિકલ્પ તૂટ્યો, વિકલ્પનો અભાવ થયો, ત્યાં શ્રદ્ધાએ અભેદ પરિણમન કર્યું. સ્વરૂપમાં પણ લીનતા થઈ અને વેદન જે ચાલતું હતું એ આવિર્ભૂત થઈને, સ્વસંવેદનરૂપે પ્રગટ અનુભવગોચર થયું. પ્રગટ તો હતું પણ પ્રગટ અનુભવગોચર થયું. એમ. એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ છે. એ મોક્ષમાર્ગ છે. એ ૮૫ પૂરો થયો ત્યાં.

પ્રશ્ન-૮૬

પ્રશ્ન :- બધા જીવો કોઇ ને કોઇ વિકલ્પમાં અટક્યા કરે છે. તો તે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ કેમ થવાતું નથી?

સમાધાન :- પોતાના પુરુષાર્થની નબળાઇ છે, બીજું કોઇ કારણ નથી. પ્રજ્ઞાછીણી જોરથી પટકવી તે જ કરવાનું છે. ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ પુરુષાર્થની ઉગ્રતા કરવી. તે એકવાર કરવાથી ન થાય, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, બેસતાં-ઊઠતાં, અને સૂતાં-સ્વપ્નમાં પણ હું જ્ઞાયક છું-એવી ભેદજ્ઞાનની ઉગ્રતા કરે તો થાય. જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો ટાઇમ લાગે. તેણે નિરંતર એવો અભ્યાસ કરવો જોઇએ કે હું જ્ઞાતા-જ્ઞાતા-જ્ઞાતા જ છું, જ્ઞાતા જ અંદર પોતાની પરિણતિમાં ગૂંથાઇ જવો જોઇએ. જેમ શરીર અને વિકલ્પ સાથે એકમેકપણું થઇ ગયું છે તેમ વર્તમાનમાં આત્મા એકમેક ઘૂંટાઈ જવો જોઇએ, ત્યારે પ્રાપ્ત થાય. ૮૬.

પ્રશ્ન ૮૬ ઉપર પ્રવચન

૮૬મો '**પ્રશ્ન :- બધા જીવો...**' બધા જીવો એટલે પ્રાય મુમુક્ષુ જીવો બધા. '**કોઈ ને કોઈ વિકલ્પમાં અટક્યા કરે છે. તો તે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ કેમ થવાતું નથી?**' પ્રશ્ન તો એકધારો એ જ ચાલે છે. ચર્ચા ચાલી છે. આ તો પ્રશ્ન ઉઠાવ્યા છે. ચર્ચા ચાલી રહી છે. ચર્ચા તો પાછી વચ્ચે વચ્ચે પ્રશ્નો ઉપસાવીને વિષયને વધારે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન થયો છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિકલ્પમાં એક તો તીવ્ર વિકલ્પ હોય, એક અત્યંત મંદ વિકલ્પ હોય, એ અત્યંત મંદ વિકલ્પમાં એ ન અટકે, આગળ કેમ વધે? એના માટે આપ શું કહો છો?

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર વિકલ્પમાં તો વારો આવવાનો જ નથી. મંદ વિકલ્પમાં ન અટકે એ પુરુષાર્થનું જોર થાય ત્યારે. રુચિ અનુયાયી વીર્ય. રુચિએ તો ભાવભાસનથી જોર પકડયું છે. ભાવભાસન પછી સ્વરૂપસન્મુખ જ્ઞાન પણ થયું છે અને સ્વરૂપસન્મુખ પુરુષાર્થ પણ થયો છે, વીર્ય પણ થયું છે. એમાં યોગ્ય માત્રામાં તીવ્રતા આવે એટલે વિકલ્પ તૂટી જાય.

મુમુક્ષુ :- અત્યંત મંદ વિકલ્પ હોય, ત્યારે વિચાર તો કામ કરતો હોય છે. તો એ વિચાર બાધકરૂપ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- બાધક જ છે. વિચાર કહો કે વિકલ્પ કહો.

મુમુક્ષુ :- બેય એક છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાધક છે, એ જ અંતરાય છે. નિર્વિકલ્પ સ્વરૂપનો આશ્રયભાવ પુરુષાર્થથી બળવાન થાય ત્યારે ઉપયોગ પણ એકાકાર થઈ જાય. અને ચારિત્રગુણમાં જે રાગાંશ ઉત્પન્ન થતો હતો એ ઉત્પન્ન થતો બંધ થઈ જાય. અહીંયાં પણ લીનતા પ્રગટ થાય. ચારિત્રગુણમાં પણ લીનતા પ્રગટ થાય. એમ લીનતા, શ્રદ્ધા અને જ્ઞાનનું વેદન ત્રણે થઈને મોક્ષમાર્ગ પ્રગટ કરે છે.

'**સમાધાન :- પોતાના પુરુષાર્થની નબળાઈ છે, બીજું કોઈ કારણ નથી.**' પુરુષાર્થ જોર નથી કરતો એ કારણ છે, બીજું કોઈ કારણ નથી. કેમ નિર્વિકલ્પ થવાતું નથી? નિર્વિકલ્પ થવું છે અને કેમ થવાતું નથી? કેવો જીવ લીધો છે અહીંયાં? પ્રયત્નવાન

જીવ લીધો છે. જેનો પ્રયત્ન ચાલે છે એ જીવની વાત છે. જેને પ્રયત્ન જ આ કક્ષાનો નથી ચાલતો એના માટે કાંઈ લાગુ પડતો નથી. '**પ્રજ્ઞાછીણી જોરથી પટકવી તે જ કરવાનું છે.**' રાગ અને જ્ઞાન વચ્ચે જે ભેદજ્ઞાન ચાલે છે એમાં જોર થવું જોઈએ. પછી ઉપદેશ અપેક્ષાએ જોર કરો એમ કહેવાય, આ કરવાનું છે એમ કહેવાય. એ સહજ થવું જોઈએ, એમ સમજવું. '**ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ પુરુષાર્થની ઉગ્રતા કરવી.**' સ્વરૂપને લક્ષે પુરુષાર્થની ઉગ્રતા થવી જોઈએ. કરવી એમ કહેવાય કે થવી જ જોઈએ એને કરવી એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- સ્વરૂપનો અભિપ્રાય થઈ ગયો હોય, છતાં પરિણમનમાં એકત્વપણું ચાલુ છે, એકત્વપણું પરિણમનમાં નથી ગયું, ફક્ત અભિપ્રાય પલટાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી બળ-જોર પુરુષાર્થ વધવો જોઈએ.

મુમુક્ષુ :- અને ઊલટા પરિણમનની સામે નિષેધ ઊભો થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિષેધ તો આવે.

મોક્ષમાર્ગ પુરુષાર્થ આધીન છે. શરૂઆત થવી એ પણ પુરુષાર્થ આધીન છે અને પ્રગતિ થવી, વિકાસ થવો, ડેવલ્પમેન્ટ થવું, ઉપર ચડવું મોક્ષમાર્ગમાં એ પણ પુરુષાર્થ આધીન છે. કેમકે શ્રદ્ધા, જ્ઞાન તો થઈ ગયા, શ્રદ્ધા-જ્ઞાન તો થઈ ગયા. હવે જેટલો પુરુષાર્થ એટલી લીનતા ચારિત્રમાં આવે છે. અને જેટલો પુરુષાર્થ અને લીનતા વધે એટલા ઉપરનાં ગુણસ્થાન અને ઉપરની દશા આવે. એમ. પણ એ સહજ વધે છે. એ બેય સહજ (વધે છે), શ્રદ્ધા જ્ઞાન થયા પછી એ સહજ વધે છે. કોઈને થોડું વહેલુંમોડું થાય, અનેક જીવોની સરખામણી કરીએ તો. પણ એ ઈમમટિરિયલ છે. એ કોઈ વજન દેવા જેવો વિષય નથી. કેમકે યથાર્થ જ્ઞાન છે એ સમ્યગ્જ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાન હંમેશા હંમેશા પુરુષાર્થનું ઉત્પાદક છે.

અહીંયાં એમ કહે છે કે હું પ્રત્યેક ક્ષણે હું જ્ઞાયક છું. એ પ્રકારે જ્ઞાયક ભાવના પુરુષાર્થની ઉગ્રતા થવી જોઈએ અને '**તે એકવાર કરવાથી ન થાય,**' એકવાર એક ક્ષણ કરવાથી ન થાય. પણ '**હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, બેસતાં-ઊઠતાં, અને સૂતાં-સ્વપ્નમાં પણ હું જ્ઞાયક છું-એવી ભેદજ્ઞાનની ઉગ્રતા કરે તો થાય.**' એવી ઉગ્રતા કરે તો થાય એમ લીધું. તોય કર્તૃત્વ નથી લેવાનું. ઉગ્રતા થવી જોઈએ. હવે અહીંયાં જે એમ લીધું, કે હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, સૂતાં. જુઓ, આ બધાં નોર્મલ સૂક્ષ્મ પરિણામો અને ક્રિયાઓ છે. શરીરની ક્રિયાઓ અને તદ્અનુસાર પરિણામની ક્રિયા. પણ છે એ બધાં ઉદય. એમ કહેવા માંગે છે કે, તમારા સાધારણ ઉદયમાં પણ આ પ્રેક્ટિસ ચાલવી જોઈએ. પહેલાં પ્રેક્ટિસ શરૂ કરે ત્યારે વિશેષ ઉદયથી

શરૂ થાય. પછી સામાન્ય ઉદય છે આ બધાં. ખાવું-પીવું, ઉઠવું-બેસવું, ચાલવું એમાં પણ આ પ્રેક્ટિસ ચાલવી જોઈએ. એટલે કે સતત ચાલવી જોઈએ. આ પ્રેક્ટિસનો વિષય થયો. આ વિકલ્પનો વિષય ન થયો પણ પ્રેક્ટિસનો વિષય થયો. વિચારનો વિષય ન થયો પણ પ્રેક્ટિસનો વિષય થયો.

મુમુક્ષુ :- અહીંયાં માતાજીએ જ્ઞાયક છું, ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં. અસ્તિની જ વાત કરી, નાસ્તિની તો વાત નથી કરી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, ભેદજ્ઞાન લીધું ને પાછું? કે ભેદજ્ઞાનની ઉગ્રતા થવી જોઈએ. કેમકે ઉદય ચાલુ છે. તો ઉદયથી જુદાં પડવાનો પ્રયાસ તો થવો જોઈએ. પણ અસ્તિના જોરે. જોર અસ્તિ ઉપર આવે, નાસ્તિ ઉપર જોર ન આવે.

'**જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો ટાઈમ લાગે.**' થાશે ત્યારે તો અંતર્મુહૂર્તમાં થશે. જ્યાં સુધી એ ઉગ્રતાનું અંતર્મુહૂર્ત ન આવે ત્યાં સુધી સમય લાગશે. '**તેણે નિરંતર એવો અભ્યાસ કરવો જોઈએ...**' એટલે સતત. નિરંતર એટલે સતત પ્રેક્ટિસ, પ્રેક્ટિસને અહીંયાં અભ્યાસ કહે છે. અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ એટલાં માટે શબ્દ લીધો કે સાથે પ્રયત્ન છે. વિકલ્પ એકલો નથી, નહિતર તો નિરંતર વિચાર કરવો જોઈએ, નિરંતર ચિંતન કરવું જોઈએ, નિરંતર મનન કરવું જોઈએ, એમ નથી લેતા. નિરંતર અભ્યાસ કરવો જોઈએ. પુરુષાર્થ સહિતની પ્રેક્ટિસ ચાલવી જોઈએ. '**કે હું જ્ઞાતા-જ્ઞાતા-જ્ઞાતા જ છું,**' જોર એના ઉપર આવે છે.

મુમુક્ષુ :- પરિણમવાનો પ્રયાસ.

પૂજ્ય ભાઈશ્રી :- માત્રા જ્ઞાતા છું. હા, પરિણમવાનો.

'**જ્ઞાતા જ અંદર પોતાની પરિણતિમાં ગૂંથાઈ જવો જોઈએ.**' જ્ઞાતા જ અંદર પોતાની પરિણતિમાં ગૂંથાઈ જવો જોઈએ. એટલો રસ આવે કે એની પરિણતિ થઈ જવી જોઈએ.

મુમુક્ષુ :- ગૂંથાઈ જવું

પૂજ્ય ભાઈશ્રી :- ગૂંથાઈ જવું જોઈએ. પરિણતિમાં જ્ઞાતા ગૂંથાઈ જવો જોઈએ. તો ઉપયોગ આવે. પરિણતિ થાય તો ઉપયોગ આવે. પહેલાં તો ઉપયોગપૂર્વક નિશ્ચય થયો, નિશ્ચયમાંથી પરિણતિ થઈ, હવે પરિણતિમાંથી ઉપયોગ થાય. એ ઉપયોગ થાય એમ પરિણતિ બળવાન થતી જાય. જેમ જેમ ઉપયોગ વારંવાર થાય તેમ પરિણતિ બળવાન થતી જાય.

મુમુક્ષુ :- સાથે સાથે રસ પણ વધતો જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, રસ વિના ઉપયોગ આવે નહિ. ઉપયોગ એકાકાર ક્યારે

થાય? કે રસ વધે ત્યારે. રસ વિના તો ઉપયોગ થાય નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં જે પરિણતિની વાત કરી, મુમુક્ષુ અત્યારે જે સ્થિતિમાં છીએ અમે એ સ્થિતિમાં આ ... ખાતાં-પીતાં જે વિચારો ચાલે છે એને જુદાં પાડવા, હું કોણ છું? કયાં છું? એ જે જોવાનું જે ચાલુ છે. એ પ્રેક્ટિસ સતત ચાલે. તો ત્યાં એમાં આ વાત લાગુ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાનની પ્રેક્ટિસ થઈ હોય તો લાગુ પડે. નહિતર એ પહેલાંનાં નીચેના સ્ટેજમાં પ્રયાસ ચાલવો જોઈએ. જે સ્ટેજમાં હોય એ સ્ટેજનો એ ભૂમિકાનો પ્રયાસ ચાલે, ઉપરની ભૂમિકાનો કેવી રીતે ચાલે? જે ભૂમિકામાં હોય એ ભૂમિકાનું જ કાર્ય થાય ને? એથી ઉપરની ભૂમિકાનું કાર્ય ન થાય. એમ.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન છે ઈ સ્વભાવ અને વિભાવ વચ્ચે છે, સ્વભાવ જ્યાં સુધી જ્ઞાનમાં ન આવે....

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુધી ભેદજ્ઞાન નહિ થાય.

'જેમ શરીર અને વિકલ્પ સાથે એકમેકપણું થઈ ગયું છે તેમ વર્તમાનમાં આત્મા એકમેક ઘૂંટાઈ જવો જોઈએ, ત્યારે પ્રાપ્ત થાય.' નામ અનુભવ થાય. આ બધી વાત તો એકદમ સમ્યક્સન્મુખ થઈને ચાલતાં પરિણમનની આવી છે. એ ૮૬ થયો.

પ્રશ્ન-૮૭

પ્રશ્ન :- ધારણાજ્ઞાન ધર્મનું સાધન છે?

સમાધાન :- આ જીવ છે, આ અજીવ છે એવું ધારણાજ્ઞાન તથા મંદ કષાય કરીએ તો ધર્મ થાય, તે ધર્મનું સાધન છે એવી માન્યતાથી તો તેને નુકસાન છે. ધારણાજ્ઞાન એટલે ગોખેલું જ્ઞાન ન સમજવું.

ધારણાજ્ઞાન એટલે ગોખેલું જ્ઞાન નહિ, પણ પોતે પહેલાં હું ચૈતન્ય છું, આ સ્વભાવ જુદો ને આ વિભાવ જુદો એમ પોતાની બુદ્ધિથી નક્કી કરેલું છે તેને ધારણાજ્ઞાન કહે છે. શાસ્ત્રો ઘણા ગોખી જવા-એવા પ્રકારનું જ્ઞાન થવું-તે સાચું ધારણાજ્ઞાન નથી અને તે ગોખેલું (શાસ્ત્રજ્ઞાન)કામ નથી આવતું. વાસ્તવિક સાધન તો જે સ્વભાવ છે તે સાધન થાય છે ને ત્યારે ધારણાજ્ઞાનને વ્યવહારથી સાધન કહેવાય છે.

મૂળ સાધન તો દ્રવ્યસ્વભાવ છે. પુરુષાર્થ અંતરમાંથી ઊપડે તો તે વાસ્તવિક સાધન થાય છે. પોતાની પરિણતિ જેમાંથી ઊછળે છે તે દ્રવ્યસ્વભાવ મૂળ સાધન છે. જે સ્વાનુભૂતિ કરે તેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય છે અને તેને આવા ભેદવિકલ્પ વચ્ચે આવે છે, પણ તેમાં તે રોકાતો નથી. રુચિવાળા જીવને ઘણા પ્રકારના વિકલ્પો આવે પણ તેમાં રોકાય નહિ; વાસ્તવિક સાધન તો દ્રવ્યદૃષ્ટિ જે અંતરમાંથી પ્રગટે તે જ છે, પણ રુચિની સાથે હું ચૈતન્ય છું, જ્ઞાન છું એવી જાતનો અભ્યાસ આવ્યા વગર રહેતો નથી. જેમ ગુરુનો ઉપદેશ વચ્ચે હોય છે, તેમ અમુક જાતના શુભ વિકલ્પો વચ્ચે આવે છે. હું જ્ઞાન છું–દર્શન છું, એવા ભેદવિકલ્પો વચ્ચે આવે છે, પણ તેની દૃષ્ટિમાં તો અનંતગુણનો પિંડ એક ચૈતન્ય જ છે. વિકલ્પ સાધનરૂપ થતો નથી કેમકે વિકલ્પ તોડવામાં વિકલ્પ સાધન ન થાય. નિર્વિકલ્પ દશા પ્રગટે ત્યારે વિકલ્પ હોતા નથી.

નિર્વિકલ્પ દશાનું સાધન જ્ઞાયક છે કે જેનાથી પોતાની પરિણતિ નિર્વિકલ્પરૂપ થાય છે, પણ વચ્ચે વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. તેના જ્ઞાનમાં એમ હોવું જોઈએ કે આ વિકલ્પ વાસ્તવિક સાધન નથી, પણ વ્યવહાર છે. વિકલ્પમાં સર્વસ્વતા માની ન લેવી જોઈએ કે આમ કરતાં કરતાં થશે, પણ તેની દૃષ્ટિ તેના પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવા તરફ જ હોવી જોઈએ. મારું અસ્તિત્વ કેમ ગ્રહણ કરું! તે તરફ દૃષ્ટિ હોવી જોઈએ.

સ્વભાવની ખોજ કરવાની છે, તેમાં આ જ્ઞાન છે–દર્શન છે એવા વિચારો આવ્યા વગર રહેતા નથી. ૮૭.

પ્રશ્ન ૮૭ ઉપર પ્રવચન

૮૭. '**પ્રશ્ન :– ધારણાજ્ઞાન ધર્મનું સાધન છે?**' આ સાંભળીને ધારી રાખે, યાદ રહી જાય એ ધર્મનું સાધન છે?

'**સમાધાન :– આ જીવ છે,...**' આ એટલે હું પોતે, આ એટલે હું પોતે. આ એટલે હું વિદ્યમાન. '**આ અજીવ છે એવું ધારણાજ્ઞાન તથા મંદ કષાય કરીએ તો ધર્મ થાય, તે ધર્મનું સાધન છે એવી માન્યતાથી તો તેને નુકસાન છે.**' ઠીક! ખાલી ધારણા કરી રાખે. આ જીવ છે, આ અજીવ છે એમ પરલક્ષે ધારણા કરી રાખે, પરલક્ષી ધારણા થઈ જાય. સાથે મંદ કષાય થાય. એટલે કે શું છે કે શાસ્ત્રની સમજણ

કરીએ, કષાયની મંદતા થાય અને તેને ધર્મનું સાધન માને તો એને નુકસાન થાય. ધારણાજ્ઞાન એટલે ગોખેલું જ્ઞાન સમજવું. એ ધારણા છે ને બે પ્રકારે છે. યથાર્થ ધારે તેને પણ ધારણા કહેવાય છે અને ગોખી રાખે એને પણ ધારણા કહેવાય છે. હવે ધારણા શબ્દથી ક્યાં શું વાત કહેવા માંગે છે એ બરાબર પહેલાં ખ્યાલમાં લેવી જોઈએ.

પ્રશ્ન તો જનરલ પૂછ્યો છે કે ધારણાજ્ઞાન ધર્મનું સાધન છે? તો કહે છે અને નથી બેય છે. ગોખેલું જ્ઞાન નહિ. એવી ધારણા ધર્મનું સાધન નથી. છતાં માને તો નુકસાનનું કારણ છે. તો વિધિની ભૂલ થઈ ગઈ. એમ લીધું પહેલાં. એટલે પહેલાં લાલબતી મૂકી. કેમકે એવી ધારણામાં જીવો આવે છે. શાસ્ત્રની વાત સમજી લે, સમજીને પછી એનું સમાધાન પણ સાચું-ખોટું કરે. કષાય મંદ થાય, સમાધાન કરે એટલે કષાય મંદ થાય. એમ થાય કે જુઓ આપણને નહોતા સમજ્યા ત્યાં સુધી આપણને આટલી શાંતિ નહોતી રહેતી. હવે સમાધાન થઈને શાંતિ રહે છે. આ પાછો ફરીને ભૂલો પડે છે. બહુભાગ એવું થાય છે. જુઓ ભાઈ! પહેલાં અમારે આવી પ્રતિકૂળતા આવતી ત્યારે બહુ આકુળતા થતી હતી. હવે આવી પ્રતિકૂળતા આવે છે ત્યારે આકુળતા નથી થતી. તો એટલો લાભ થયો કે ન થયો? એણે મંદ કષાયમાં લાભ માન્યો. આમ ભૂલ થાય છે. એ ધારણાજ્ઞાનને અહીયાં અનુમોદન આપવામાં નથી આવ્યું.

હવે બીજી વાત કરે છે. '**ધારણાજ્ઞાન એટલે ગોખેલું જ્ઞાન નહિ, પણ પોતે પહેલાં હું ચૈતન્ય છું, આ સ્વભાવ જુદો ને આ વિભાવ જુદો એમ પોતાની બુદ્ધિથી નક્કી કરેલું છે તેને ધારણાજ્ઞાન કહે છે.**' અંદર પોતાના સ્વભાવ-વિભાવને જુદો પાડી શકે જ્ઞાનમાં તો એ ધારણા બરાબર છે. એવી ધારણા તો થવી જોઈએ.

મુમુક્ષુ :- હું ચૈતન્ય છું એમ લીધું. ઉપર આ જીવ છે એમ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એ પરલક્ષી થયું. હું પોતે, હું પોતે પહેલાં ચૈતન્ય છું.

મુમુક્ષુ :- આ સ્વભાવ જુદો અને આ વિભાવ જુદો, પોતાની બુદ્ધિથી નકકી કરે છે. એટલે ઓળખીને નકકી કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખીને નકકી કરે છે તેને ધારણાજ્ઞાન કહે છે. આમ તો શું છે? ધ્યાન, ધારણા એ બધું સાથે સાથે છે. કેમકે ધારણા વિના ધ્યાન નહિ. સ્વરૂપને જ્ઞાનમાં લીધું જ ન હોય, ધાર્યું જ ન હોય તો ઉપયોગ ક્યાંથી એમાં લીન થશે? એમ. એ ધારણા બરાબર છે. ધારણા, ધારણા એટલે ચાલુ ક્રિયા. ધારવાની ચાલુ ક્રિયા છે. ધારી રાખે તે ધારણા. હવે કોને? કે સ્વભાવને. તો એ બરાબર છે. હવે, રૂઢિવાચક રીતે યાદદાસ્તને ધારણા કહેવાય છે કે, ભાઈ આ સાંભળીને

ધારણા કરી ગયો. પણ તેથી શું? એ ધારણા કાંઈ કામમાં નહિ આવે. એને ગોખણપટ્ટી કહે છે. ગોખેલું જ્ઞાન છે. ભાવભાસન વિનાનું ગોખેલું જ્ઞાન છે એમ લેવું. ભાવભાસન વિનાનું ગોખેલું જ્ઞાન છે. ધારણા નથી. કોરી ધારણા છે. પહેલી ધારણા છે, બીજી ધારણા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વહ પહલી ધારણા મેં નહીં આતા હૈ.

મુમુક્ષુ :- નહીં સેકન્ડવાલા.

પૂજ્ય ભાઈશ્રી :- સેકન્ડવાલા મેં.

મુમુક્ષુ :- લબ્ધ પરિણતિ..

પૂજ્ય ભાઈશ્રી :- ભલે ને પરિણતિરૂપ હોય સ્મૃતિમાં. તોપણ શું કામનું? એટલે અહીંયાં લબ્ધ ઉપયોગનો સવાલ નથી. અહીંયાં ધારણા યથાર્થ કરી છે કે યથાર્થ નથી કરી? એટલું જ જોવાનું છે. ભાવભાસનથી કરી છે કે એમને એમ કરી છે? એટલું જ જોવાનું છે. ધારણા તો ધારણા છે.

'શાસ્ત્રો ઘણા ગોખી જવા-એવા પ્રકારનું જ્ઞાન થવું-તે સાચું ધારણાજ્ઞાન નથી...' જુઓ! ધારણાજ્ઞાન બે પ્રકારનાં થયાં ને? એક સાચું અને ખોટું. પ્રશ્ન પૂછનારે એમ ... કરી નાખ્યો છે. ધારણા થાય છે એ ધર્મનું સાધન ખરું? કે તું ઊભો રહે. ધારણા બે પ્રકારની છે. ખોટી ધારણા ધર્મનું સાધન નથી, સાચી ધારણા ધર્મનું સાધન છે. સાધન એટલે કારણ. **'શાસ્ત્રો ઘણા ગોખી જવા-એવા પ્રકારનું જ્ઞાન થવું-તે સાચું ધારણાજ્ઞાન નથી અને તે ગોખેલું (શાસ્ત્રજ્ઞાન) કામ નથી આવતું.'** ગોખેલું તો કામ આવતું નથી. કામ આવતું નથી એટલે શું? કે એનાથી શાંતિ નથી પ્રગટ થતી. કોઈવાર કષાયની મંદતા કરે એ કાંઈ સાચી શાંતિ નથી. પોતાની અશાંતિ મટે અને આત્મશાંતિ પ્રગટે તો એને જ્ઞાન કામમાં આવ્યું કહેવાય. ઓલું જે પહેલુંવાળું ધારણાજ્ઞાન છે એમાં એમાં શાંતિ ઉત્પન્ન કરી શકતો નથી માટે એ જ્ઞાન કામમાં આવતું નથી. એમ.

'વાસ્તવિક સાધન તો જે સ્વભાવ છે તે સાધન થાય છે ને ત્યારે ધારણાજ્ઞાનને વ્યવહારથી સાધન કહેવાય છે.' સ્વભાવ સાધન થાય છે એટલે શું? સ્વભાવનું અવલંબન છે. અવલંબન છે. જેનું અવલંબન લીધું તે કારણ, અવલંબન જેણે લીધું તે કાર્ય. એમ. એમ કારણકાર્ય લીધાં. એટલે વાસ્તવિકતા ત્યાં લીધી. પૂર્વ પર્યાયની ધારણાને પછી વ્યવહારથી સાધન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ધારણાજ્ઞાન અવલંબનને ઉત્પન્ન ન કરે. અવલંબન ન લે તો ધારણા..

પૂજ્ય ભાઈશ્રી :- તો એ ધારણા બરાબર નથી.

સાધન અથવા કારણ બે અપેક્ષાએ કહેવાય છે. એક પર્યાય અપેક્ષાએ અને એક સ્વભાવ અપેક્ષાએ. જ્યાં સ્વભાવની અપેક્ષા લેવી ત્યાં અવલંબનનો વિષય લેવો. ત્યાં પૂર્વ પર્યાય ન લેવું. ત્યાં પર્યાયની અપેક્ષા ન લેવી. કેમકે પર્યાયનું અવલંબન લેવાતું નથી અહીંયાં, વિવેકમાં પર્યાયનું અવલંબન લેવાતું નથી. ત્યાં સ્વભાવનું અવલંબન લેવાય છે. એટલે સ્વભાવનું અવલંબન લેવામાં કારણ સ્વભાવ છે. ત્યાં પર્યાય લેવામાં આવતી નથી. ત્યાં પર્યાય વ્યવહાર છે, સ્વભાવ નિશ્ચય છે. એમ નિશ્ચય-વ્યવહાર જુદાં પડે છે.

નિયમસારનો એ વિષય છે, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં એ વિષય છે. ત્યાં પર્યાયને કારણ નથી લીધી. સ્વભાવકાર્ય છે. એટલે એને કારણ પરમાત્મા કીધો. સ્વભાવને કારણ જોઈને એને કારણપરમાત્મા કીધો. બેય અપેક્ષા આવે શાસ્ત્રમાં. કોઈ વખત પૂર્વ પર્યાયના કારણ કાર્યની ચર્ચા ચાલે, કોઈ વખત સ્વભાવના આશ્રયની ચર્ચા ચાલે. તો 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ'. જ્યાં જે કહેવા માંગે છે એ સમજવું. પછી અવલંબન તો સ્વભાવનું લેવાનું છે. 'ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થીજન એહ' એમ.

'મૂળ સાધન તો દ્રવ્યસ્વભાવ છે.' અવલંબનનો વિષય તો દ્રવ્યસ્વભાવ છે. **'પુરુષાર્થ અંતરમાંથી ઊપડે તો તે વાસ્તવિક સાધન થાય છે.'** અંદરમાંથી પુરુષાર્થનો ઉપાડ આવે તો સ્વભાવનું અવલંબન આવે. તો તે વાસ્તવિક સાધન થાય છે. **'પુરુષાર્થ અંતરમાંથી ઊપડે તો તે વાસ્તવિક સાધન થાય છે.'** અહીંયાં પુરુષાર્થને સાધન કીધું પાછું. પુરુષાર્થની પર્યાયને સાધન કીધું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો શું છે કે પુરુષાર્થ છે એ અવલંબે છે, દ્રવ્યસ્વભાવને અવલંબે છે. ત્યાં બેયની સંધિ થઈને? બેની સંધી થઈ માટે આને પણ સાધન કહો ને આને પણ સાધન કહો. પછી વાંધો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અંતર્મુખ થવું એ દિશા સૂચક છે અને પુરુષાર્થ છે એ વીર્યગુણનું જોર છે, એ વીર્યગુણનું બળ છે.

'પોતાની પરિણતિ જેમાંથી ઊછળે છે તે દ્રવ્યસ્વભાવ મૂળ સાધન છે.' સ્વભાવમાંથી પુરુષાર્થ ઉછળ્યોને? એમ કહે છે. જેમાંથી ઊછળે છે. બહુ સૂક્ષ્મ ચર્ચાઓ કરી છે. **'પોતાની પરિણતિ જેમાંથી ઊછળે છે...'** એટલે સ્વરૂપમાંથી ઉછાળો આવે

છે. પ્રત્યક્ષ કરે છે ને? સ્વરૂપને પ્રત્યક્ષ કરે છે. પ્રતીતિમાં પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદનને વધારે છે. સ્વભાવને પ્રત્યક્ષ (કરે છે). સ્વભાવ પોતે જ પ્રત્યક્ષ છે, સહજ પ્રત્યક્ષ છે. પ્રતીતિમાં પ્રત્યક્ષ કરે છે. (પોતાની પરિણતિ) '**જેમાંથી ઊછળે છે તે દ્રવ્યસ્વભાવ મૂળ સાધન છે.**' મૂળ સાધન એટલે અવલંબન લેવા યોગ્ય સાધન તો તે છે. '**જે સ્વાનુભૂતિ કરે તેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય છે...**' અને જે સ્વાનુભૂતિ કરે છે એની દૃષ્ટિ તો ત્રિકાળી દ્રવ્ય ઉપર હોય છે. એટલે આ હું, આ હું એમ દૃષ્ટિ હોય છે. દૃષ્ટિ અસ્તિત્વને ગ્રહણ કરે છે ને? '**અને તેને આવા ભેદવિકલ્પ વચ્ચે આવે છે,...**' ભેદજ્ઞાનનાં વિકલ્પ આવે છે. '**પણ તેમાં તે રોકાતો નથી.**' વિકલ્પના કાળમાં વિકલ્પ હોય, પણ એના ઉપર દૃષ્ટિ નથી એટલે એમાં એ રોકાતો નથી.

'**રુચિવાળા જીવને ઘણા પ્રકારના વિકલ્પો આવે પણ તેમાં રોકાય નહિ;...**' હવે મુમુક્ષુની વાત લ્યે છે. જે રુચિવાળો મુમુક્ષુ છે એને વિકલ્પ આવશે, પણ એ વિકલ્પમાં રોકાશે નહિ. વિકલ્પ ઉપર વજન નથી. જુઓ! કેવી રીતે વજન જાય છે એ જરાક વિચારીએ આપણે. મને આવો વિકલ્પ આવ્યો... મને આવો વિકલ્પ આવ્યો... મને આવો વિકલ્પ આવ્યો.... એમ વિકલ્પ ઉપર વજન જવું જોઈએ નહિ. વિકલ્પ આવ્યો, આવો વિકલ્પ આવ્યો, એમ વિકલ્પ ઉપર વજન જવું જોઈએ નહિ. એ ધ્યાન રાખવું. નહિતર સ્વભાવ લક્ષમાં હોય તો સ્વભાવ ઉપર જ વજન જાય ને? પછી વિકલ્પ જે ચાલતો હોય એ ભલે ચાલતો સાઈડમાં, મારે એનું શું કામ છે? એટલે રુચિવાળા જીવને વિકલ્પ આવે તોપણ એમાં રોકાય નહિ. વિકલ્પ અનેક પ્રકારના હોય પણ રોકાય નહિ.

'**વાસ્તવિક સાધન તો દ્રવ્યદૃષ્ટિ જે અંતરમાંથી પ્રગટે તે જ છે, પણ રુચિની સાથે હું ચૈતન્ય છું, જ્ઞાન છું એવી જાતનો અભ્યાસ આવ્યા વગર રહેતો નથી.**' એ તો બધાં ગુણો પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય, જે તે ભૂમિકાનું યથાર્થ કાર્ય કરે છે. વિકલ્પ-વિકલ્પને કારણે, જ્ઞાન જ્ઞાનમાં, રુચિ-રુચિમાં એમ બધું ચાલે છે. સાયમલટેનિયસલી બધું બરાબર ચાલે છે.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિને સાધન કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વાસ્તવિક સાધન તો દ્રવ્યદૃષ્ટિ જે અંતરમાંથી પ્રગટે તે જ છે. શ્રદ્ધા સાધન છે એમ લીધું. શ્રદ્ધાની મુખ્યતા છે. સાથે સાથે, રુચિની સાથે હું ચૈતન્ય છું, હું જ્ઞાન છું, એ જાતનો જ્ઞાનમાં પણ અભ્યાસ-પ્રેક્ટિસ ચાલે છે જ્ઞાનની, એ એક પ્રકારનો અભ્યાસ ચાલ્યા વગર રહેતો નથી.

દૃષ્ટાંત આપે છે કે, '**જેમ ગુરુનો ઉપદેશ વચ્ચે હોય છે, તેમ અમુક જાતના**

શુભ વિકલ્પો વચ્ચે આવે છે.' જેમ ગુરુનો ઉપદેશ નિમિત્ત છે, એમ અહીંયાં એ પ્રકારનાં વિકલ્પો નિમિત્ત છે. '**હું જ્ઞાન છું-દર્શન છું, એવા ભેદવિકલ્પો વચ્ચે આવે છે,...**' વિકલ્પો એ પોતે ભેદ પડ્યો ને માટે ભેદવિકલ્પો કીધા. એવા ભેદવિકલ્પો વચ્ચે આવે છે. નિર્વિકલ્પ ન થાય ત્યાં સુધી આવે છે. પુરુષાર્થ નિર્વિકલ્પતાની યોગ્ય ન પ્રગટે ત્યાં સુધી એવા વિકલ્પો આવે છે.

'**પણ તેની દૃષ્ટિમાં તો અનંતગુણનો પિંડ એક ચૈતન્ય જ છે.**' મિટ ત્યાં માંડી છે, વજન બધું ત્યાં છે. '**દૃષ્ટિમાં તો અનંતગુણનો પિંડ એક ચૈતન્ય જ છે.**' એટલે વિકલ્પો જે સ્વરૂપના વિકલ્પો ચાલે છે, એ એટલા ગૌણ છે, એનાં ઉપર બિલકુલ દૃષ્ટિ નથી. એને જોતો જ નથી. એક ન્યાયે એને જોતો જ નથી. '**વિકલ્પ સાધનરૂપ થતો નથી કેમકે વિકલ્પ તોડવામાં વિકલ્પ સાધન ન થાય.**' વિકલ્પ સાધન થતો નથી. રાગનો અંશ છે એ તો મટવા આવ્યો છે, નાશ થવા આવ્યો છે, એ કાંઈ વધવા આવ્યો નથી. એટલે એને સાધન લેવાતું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હું જ્ઞાન છું, દર્શન છું એવા વિકલ્પો વચ્ચે આવે તે પુરુષાર્થની નબળાઈ છે. પણ દૃષ્ટિમાં તો અનંત ગુણનો પિંડ એ તો રહેવાનો જ રહેવાનો. બરાબરને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દૃષ્ટિમાં અનંતગુણનો (પિંડ રહે). વિકલ્પ આવે, પણ વિકલ્પ છે એ સાધન નથી એમ લેવાનું છે. જેને યથાર્થ લાઈન ચાલતી નથી એ વિકલ્પને સાધન માનીને વિકલ્પ કર્યા કરે છે. એમ ભૂલ થાય છે. એટલે અહીંયાં ચોખવટ કરે છે.

મુમુક્ષુ :- પ્રશ્ન ધારણાજ્ઞાનથી ઉપાડ્યો છે. ધારણાજ્ઞાન ધર્મનું સાધન નથી. ધારણાજ્ઞાનને ઉડાડ્યું અને વિકલ્પને ઉડાડ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

'**વિકલ્પ સાધનરૂપ થતો નથી કેમકે વિકલ્પ તોડવામાં વિકલ્પ સાધન ન થાય. નિર્વિકલ્પ દશા પ્રગટે ત્યારે વિકલ્પ** (તો) **હોતા નથી.**' જો એ સાધન થાય તો સાધનનો નાશ કર્યો? તો એ કાંઈ સાધન નથી, એ કાંઈ સાધન નથી. જે નાશ થવા માટે રહ્યો છે એને સાધન કેમ કહેવું? એ તો ઘસાતો જાય છે. વ્યવહારે ભલે એમ કહેવાય કે વિકલ્પ અનુકૂળ છે. નિશ્ચયે પ્રતિકૂળ છે. એમ છે. બાધક છે. અહીં સુધી રાખીએ.

તા. ૧૪-૧૨-૧૯૯૬, પ્રશ્ન-૮૭-૮૮
પ્રવચન નં. ૫૫

સ્વાનુભૂતિદર્શન પાનું-૭૨. ૮૭મો પ્રશ્ન ચાલે છે. પ્રશ્ન તો ધારણાજ્ઞાન ઉપરનો છે કે ધારણાજ્ઞાન સાધન છે કે નહિ? એમ કહ્યું કે ધારણા બે પ્રકારની છે. એક ધારણા અનુમાનથી કરેલી, કલ્પનાથી કરેલી, તર્ક, વિતર્કથી કરેલી અથવા આગમના આધારે કરેલી. એક ધારણા આત્માના આધારે સ્વરૂપનું જ્ઞાન ધારી રાખ્યું, સ્વરૂપનું લક્ષ ધારી રાખ્યું એને પણ ધારણા કહેવાય છે. પહેલી ધારણા છે એ કામ નથી આવતી શાંતિ માટે. આત્મશાંતિ માટે તો સાચી ધારણા જ કામમાં આવે છે. મોટા ભાગે તો ખોટી ધારણા હોય છે જે તીવ્ર ઉદયના કાળે ગેરહાજર થઈ જાય છે. એમાં જીવ દુઃખનો અનુભવ કરી લ્યે છે. મંદ ઉદયના કાળે મંદ કષાયનું કારણ થાય તોપણ એની કોઈ કિંમત નથી. અને સાધારણ ઉદયમાં મંદ કષાય થાય અને એનાથી એને સાધન માની લે, એમાં મિથ્યાત્વનું નુકસાન થાય.

અહીંયાં એમ લીધું કે સાચી ધારણા હોય ત્યારે એ ધારણાને વ્યવહારે સાધન કહેવાય છે. જે સ્વભાવને ધારી રાખ્યો છે એના અવલંબે દશા પ્રગટ થતી હોવાથી, શુદ્ધદશા પ્રગટ થતી હોવાથી સ્વભાવને સાધન કહેવામાં આવે છે. કેમકે પ્રશ્ન સાધનનો છે. સાધનની બે અપેક્ષા છે. એક દ્રવ્ય અને એક પર્યાય. પર્યાય સાધન છે એમ કહો એ વ્યવહાર છે. દ્રવ્ય સાધન કહો તો એ નિશ્ચય છે. કેમકે એમાં સાધન નામનો, કરણ નામનો ગુણ છે, કરણ શક્તિ છે માટે.

૭૨મા પાને છેલ્લો પેરેગ્રાફ છે. '**નિર્વિકલ્પ દશાનું સાધન જ્ઞાયક છે કે જેનાથી પોતાની પરિણતિ નિર્વિકલ્પરૂપ થાય છે,...**' જેનાં અવલંબે, જેના વડે દશા નિર્વિકલ્પ થાય છે, માટે નિર્વિકલ્પ સ્વરૂપ છે એ જ નિર્વિકલ્પદશાનું સાધન છે અથવા કારણ છે. સાધન કહો કે કારણ કહો, એ બંને એક જ છે. '**પણ વચ્ચે વિકલ્પ આવ્યા વગર રહેતા નથી.**' એટલે કે જ્યાં સુધી પુરુષાર્થની મંદતા હોય છે ત્યાં સુધી વિકલ્પ ચાલુ રહે છે. પુરુષાર્થની ઉગ્રતાએ નિર્વિકલ્પદશા થાય છે. એટલે એનો આધાર પુરુષાર્થ ઉપર છે.

'**તેના જ્ઞાનમાં એમ હોવું જોઈએ કે આ વિકલ્પ વાસ્તવિક સાધન નથી,...**'

અભિપ્રાયમાં, જ્ઞાનમાં એટલે અહીંયાં અભિપ્રાયમાં એમ હોવું જોઈએ કે આ વિકલ્પ છે એ કોઈ ખરેખર સાધન નથી પણ એ વ્યવહાર છે. એવો વિકલ્પ આવે છે એ વચ્ચેનો વ્યવહાર છે. '**વિકલ્પમાં સર્વસ્વતા માની ન લેવી જોઈએ કે આમ કરતાં કરતાં થશે,...**' વિકલ્પ કરતાં કરતાં નિર્વિકલ્પ થવાશે એમ માનવું ન જોઈએ. વિકલ્પનો અભાવ થાશે ત્યારે નિર્વિકલ્પતા થશે. એમ સ્પષ્ટ સમજણ હોવી જોઈએ. વિકલ્પ કરતાં કરતાં, આત્માનો વિકલ્પ કરતાં કરતાં નિર્વિકલ્પતા થશે, એને તો વિકલ્પ વધે. કરતાં... કરતાં... કરતાં... વિકલ્પ વધે. પણ નિર્વિકલ્પ સ્વરૂપ ઉપર લક્ષ અને દૃષ્ટિ જાય તો વિકલ્પ ઉપર દૃષ્ટિ ન રહે, વિકલ્પ હોય તોપણ ગમે ત્યારે શાંત થઈ જાય.

'**વિકલ્પમાં સર્વસ્વતા માની ન લેવી જોઈએ...**' અથવા વિકલ્પ જ સર્વસ્વ છે એમ જેને છે એને સ્વરૂપ લક્ષમાં આવ્યું નથી. કેમકે સર્વસ્વ તો પોતાનું સ્વરૂપ છે કે જે નિર્વિકલ્પ છે. '**પણ તેની દૃષ્ટિ તેના પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવા તરફ જ હોવી જોઈએ.**' મારી વિદ્યમાનતા, અસ્તિત્વ એટલે? વિદ્યમાનતા, મારી વિદ્યમાનતા એ જ મારી દૃષ્ટિનો વિષય હોવો જોઈએ, વિકલ્પ નહિ. વિદ્યમાન તો બેય છે. વિકલ્પ પણ છે અને સ્વરૂપ પણ છે. તારે કોને વજન દેવું છે? એક ક્ષણના ઉપર વિકલ્પ ઉપર વજન દેવું છે? કે ત્રિકાળી વિદ્યમાન સ્વરૂપ છે, પરમાત્મ સ્વરૂપ છે એનાં વજન દેવું છે?

'**મારું અસ્તિત્વ કેમ ગ્રહણ કરું! તે તરફ દૃષ્ટિ હોવી જોઈએ.**' એવી ભાવના અને જિજ્ઞાસા હોવી જોઈએ. અથવા એવું લક્ષ હોવું જોઈએ કે હું મારું અસ્તિત્વ કેમ ગ્રહણ કરું? વિકલ્પ તો અનાદિકાળથી ચાલે છે એ કોઈ નવિન નથી, એ કોઈ નવિન નથી. એને તો એકદમ ગૌણ કરી નાખવા જોઈએ. '**સ્વભાવની ખોજ કરવાની છે,...**' મુમુક્ષુએ તો સ્વભાવની ખોજ કરવાની છે, શોધ કરવાની છે. મારો સ્વભાવ કેવો? એ જિજ્ઞાસાનો વિષય થઈ જવો જોઈએ. અને એ જિજ્ઞાસા, એ ખોજ એવી તીવ્ર થવી જોઈએ, અપૂર્વ ભાવે. કેવી? અપૂર્વ ભાવે.

જેમ કોઈ કિંમતી ખોવાયેલી ચીજ ન જડતી હોય, હીરો ખોવાઈ જાય એકનો એક. બહુ મોટો દાગીનો ખોવાય જાય પચાસ લાખ રૂપિયાનો, તો એની ખોજ પાછળ ખાવું, પીવું ભાવતું નથી. એમ આત્માની ખોજ ઊપડવી જોઈએ કે જેથી એટલો વૈરાગ્ય—વિરક્તતા આવે કે કોઈ ઉદયમાં રસ આવે નહિ. ખાવું, પીવું તો શું, કોઈ ઉદયમાં રસ ન આવે. એ વૈરાગ્યનો બીજો તબક્કો છે. પરિભ્રમણની વેદના કાળે વૈરાગ્ય છે એ વૈરાગ્યથી આગળ વધીને બીજા તબક્કામાં સ્વરૂપની અંતરખોજમાં આવે જીવ ત્યારે વૈરાગ્ય વધે છે. કેમકે એનું ક્યાંય પછી ધ્યાન રહેતું નથી. મારો સ્વભાવ,

મારું સ્વરૂપ, અને મારો સ્વભાવ શું? એ મને કેમ નજરે ચડતો નથી?

શ્રીગુરુ એમ કહે છે, કે તારા પ્રગટ જ્ઞાનમાં તારો સ્વભાવ વિદ્યમાન છે. પ્રગટ-અપ્રગટનો પ્રશ્ન નથી એને. કેવો સ્વભાવ છે? પ્રગટ અપ્રગટનાં વિશેષણોથી રહિત છે. કેમકે ત્રિકાળી સામાન્યમાં પણ એ છે અને પર્યાયમાં પણ એ છે. જો પ્રગટ હોય તો ત્રિકાળીમાં ન રહે અને અપ્રગટ હોય તો પર્યાયમાં ન રહે. માટે પ્રગટ-અપ્રગટના ભેદ લાગુ પડતા નથી.

મુમુક્ષુ :- સ્વભાવ, સ્વભાવ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ સ્વભાવ છે. એ મને કેમ નજરે ચડતો નથી? પર્યાયમાં છે અને પર્યાય તો પ્રગટ છે. એની અપૂર્વ જિજ્ઞાસા એવી ઊપડે, એવી ઊપડે કે જ્યાં સુધી પોતે પોતાને લક્ષમાં ન આવે, લક્ષણપૂર્વક લક્ષમાં ન આવે, ત્યાં સુધી એની પાછળ આખો આત્મા ખોવાયેલો ને ખોવાયેલો રહે. એ વૈરાગ્યનો બીજો તબક્કો છે. એક લયથી એની પાછળ ખોજમાં રહે.

'સ્વભાવની ખોજ કરવાની છે,...' એટલે આવી ખોજ થવી જોઈએ. એને કરવાની છે એમ કહેવામાં આવે છે. **'તેમાં આ જ્ઞાન છે-દર્શન છે...'** એ ખોજના કાળે **'એવા વિચારો આવ્યા વગર રહેતા નથી.'** કેમકે જ્ઞાન દર્શન ઉપરથી જ એની ખોજ થાય છે. એટલે એવા વિકલ્પો આવે. વિકલ્પના કાળમાં વિકલ્પવાળી દશામાં એવા વિકલ્પો આવે, હોય છે, પણ જરા પણ એના ઉપર વજન જવું ન જોઈએ. વેઈટેજ ઉપર બધો આધાર છે. આવ્યા વગર રહેતા નથી એમ કહીને જ્ઞાન કરાવ્યું છે. નહિતર તો એને સમાધાન ન થાય. હજી વિકલ્પ કેમ મટતા નથી? હજી વિકલ્પ કેમ મટતા નથી. હજી મને વિકલ્પ કેમ આવે છે? તારો પુરુષાર્થ છે એ પર્યાપ્ત માત્રામાં નથી માટે આવે છે. પુરુષાર્થના તબક્કે ચડ્યો હોય એની વાત છે. પુરુષાર્થનો તબક્કો ન આવ્યો હોય એને તો એ પ્રશ્ન, વિકલ્પ કેમ આવે છે એ પ્રશ્ન અસ્થાને છે. એ ૮૭ થયો.

મુમુક્ષુ :- પુરુષાર્થ નથી એના માટે વિકલ્પ કેમ આવે એ પ્રશ્ન જ નથી...

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન જ અસ્થાને છે. કેમકે એને તો શું નિર્વિકલ્પદશા ક્યાંથી આવવાની હતી? હજી પુરુષાર્થની જાગૃતિ જ નથી આવી. પુરુષાર્થ જાગ્યો જ નથી તો એને ક્યાંથી નિર્વિકલ્પદશા આવવાની હતી? એને તો પહેલાનું બધું કામ બાકી છે હજી. યથાયોગ્ય ભૂમિકા થયા વિના ધર્મનો ઉદ્ભવ થાય નહિ. યથાયોગ્ય ભૂમિકા થયા વિના ધર્મનું કારણ ઉત્પન્ન થવું બને નહિ. અને જીવ એમ ને એમ લેવા માગે એ ક્યાંથી બને?

મુમુક્ષુ :- અહીંયાં એની ભૂલ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ભૂલ તો ...પચ્ચીસ વર્ષથી કે ચાલીસ વર્ષથી, પચાસ વર્ષથી સ્વાધ્યાય સત્શાસ્ત્રનો સમયસાર આદિ સત્ શાસ્ત્રનો સ્વાધ્યાય કરીએ છીએ, માટે મને સમ્યગ્દર્શન થવાનો અધિકાર હોવો જોઈએ. એવી રીતે સમ્યગ્દર્શનનો અધિકાર કે પ્રાપ્તિ થતી નથી. પ્રાપ્તિ પણ થતી નથી અને પ્રાપ્ત થવાનો અધિકાર એટલે અધિકારીપણું પણ આવતું નથી. એની જે યથાયોગ્ય કેડી છે એ કેડીએ ચડવું જોઈએ, તો માર્ગ હાથમાં આવે. એ તો સારું છે. એવી યોગ્યતા પ્રાપ્ત થયે જ ધર્મ પ્રાપ્ત થાય છે એ સારું છે ને? એમ જ હોવું જોઈએ ને?

મુમુક્ષુ :- પૂરી કીંમત ચૂકવીને જ માલ લેવો જોઈએ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ હોવું જોઈએ. નહિતર તો ગમે ઈ હાલી નીકળે. અમને ધર્મ થવો જોઈએ, અમને સમ્યગ્દર્શન થવું જોઈએ. એમ કાંઈ થતું નથી. એના માટે તો એને પૂરી તૈયારી હોવી જોઈએ.

મુમુક્ષુ :- ગમે તે કાર્ય યથાયોગ્ય ભૂમિકામાં ..

મુમુક્ષુ :- ડ્રાઈવિંગમાં બેઠી ગયો હોય સ્ટીયરિંગ ઉપર એટલે ડ્રાઈવિંગ આવડી ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- નથી આવડતુ અને પાંચ પચીસ રૂપિયા ખીસામાં હોય તો કાંઈ સોનું લેવાય નહિ, કે હીરો લેવા નીકળાઈ નહિ. સોનાના અને હીરાના દાગીના લેવા હોય તો શાકભાજીના પાંચ પચ્ચીસ રૂપીયા ખીસામાં હોય, થોડુંક તો આપો. એમ કહે તો?

મુમુક્ષુ :- ખડા ભી નહીં હોને દેગા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઊભો પણ નહિ રહેવા દે એમને. ખડા નહીં રહને દે એટલે? ઊભો પણ નહિ રહેવા દે. દસ-વીસ રૂપિયાની નોટ બતાવે સોનીની દુકાને જઈને, થોડું સોનું આપશો? એ શું કહે? કે તું બાજુમાં શાકવાળાની લારી છે ત્યાં વયો જા. સોનું દસ-વીસ રૂપિયામાં લેવા અવાય નહિ. એમ પાત્રતા, યોગ્યતા પૂરી જોઈએ.

ગુરુદેવે પરમાગમસારમાં કીધું છે, એક વિપર્યાસ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય. એક પણ વિપર્યાસ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન... એ અભિપ્રાયનો વિપર્યાસ છે. શેનો છે? અભિપ્રાયનો વિપર્યાસ છે. વિપરીત અભિપ્રાય જ્યાં સુધી રહે ત્યાં સુધી વિપરીત અભિનિવેશ છે. ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય નહિ. કેમકે એ પરિણામને—જ્ઞાનને અંતર્મુખ થવા દેતું નથી. એટલે ભેદજ્ઞાનની પ્રેક્ટિસ દરમ્યાન બધા

વિપરીત અભિપ્રાયો છે એ મટવા લાગે છે. એટલે એ સમયસારમાં કીધું, કે ભેદજ્ઞાન છે એ જ્ઞાનને વિપરીતતા પમાડવા દેતું નથી.

મુમુક્ષુ :- ૨૮૬માં છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૨૮૬માં. ૧૮૧, ૧૮૨, ૧૮૩ ચાલી ને?

પ્રશ્ન-૮૮

પ્રશ્ન :- વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી તે બરાબર છે, પણ તેની રુચિ થઇ જાય તો નિશ્ચય પ્રગટે નહિ ને?

સમાધાન :-વ્યવહારની રુચિ એટલે કે તેમાં જ રોકાઇ રહેવું ન જોઇએ. તે વચ્ચે આવે છે, પણ તેની દૃષ્ટિ આગળ જવાની હોવી જોઇએ.

આચાર્યદેવ કહે છે કે અમે તને ત્રીજી ભૂમિકામાં-અમૃતકુંભની ભૂમિકામાં -જવાનું કહીએ છીએ ત્યાં નીચે નીચે ન પડ. અમે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ, શુભ છોડી અશુભમાં જવાનું કહેતાં નથી. ઊંચે ઊંચે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ તેમાં આ શુભભાવ આવે, પણ તેને સર્વસ્વ માની લેવું નહિ. શુદ્ધ ભૂમિકા કેમ પ્રગટે, અમૃતકુંભ ભૂમિકા કેમ પ્રગટે એમ દૃષ્ટિ ત્યાં હોવી જોઇએ, રુચિ ત્યાં હોવી જોઇએ ને વચ્ચે આ બધો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. ૮૮.

પ્રશ્ન ૮૮ ઉપર પ્રવચન

પ્રશ્ન ૮૮મો. '**વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી તે બરાબર છે, પણ તેની રુચિ થઇ જાય તો નિશ્ચય પ્રગટે નહિ ને?**' એટલે શું? પહેલાં વિકલ્પો આવે છે એ મંદ કષાયના છે અને એ સારા લાગે અથવા એવો અભિપ્રાય ઘડાય કે મને હમણાં હમણાં ભાવ બહુ સારા આવે છે, આત્માના જ વિકલ્પ આવે છે. શું કહે?

મેં તો નિવૃત્તિ લઈ લીધી છે. દુકાને-બુકાને કોઈ આપણને કે બીજા ઘરના કામ માથે નથી. સંભાળી લીધા છે બીજાએ. આપણે તો હવે આ જ કરીએ છીએ. આખો દિવસ આપણા ભાવ બહુ સારા રહે છે. એને એ વિકલ્પની રુચિ અને પ્રીતિ થઈ ગઈ. એ નિર્વિકલ્પ નહિ થાય.

મુમુક્ષુ :- મંદ કષાયની.

પૂજ્ય ભાઈશ્રી :- મંદ કષાયની. મારે જે જોઈએ છે એ થતું નથી એનો અસંતોષ થવો જોઈએ. હવે હું નવરો છું. નાના વેપારના, ઘરના, પાપના કાર્યોના પરિણામ મારે હવે માથે નથી એટલે થતાં નથી. યોગ્યતા નથી ગઈ કાંઈ. પણ માથે ઉપાધિ નથી એટલે, બીજા સંભાળે છે એટલે થતાં નથી. ઉદય નથી. એટલે માની લેવાની જરૂર નથી કે મને એ ભાવ થતાં નથી. અને હવે આ બધા સ્વાધ્યાય વાંચન આદિના જ આખો દિવસ ભાવ કરું છું. એ તો કર્તાબુદ્ધિ કરી. હું કરું છું એટલે થાય છે. બહુ સારા ભાવ રહે છે, બહુ સારા ભાવ રહે છે આપણને. હવે વાંધો નથી. એ લાઈન બરાબર નથી. નવરો થયો તો હજી મને મારી શાંતિ પ્રગટતી નથી? હવે મારે શું વાંધો છે? હવે કેમ પ્રગટ થતી નથી? એનો અસંતોષ આવવો જોઈએ. નહિતર આખો દિવસ આ બધું કરું છું એનો સંતોષ આવ્યા વગર રહેશે નહિ.

મુમુક્ષુ :- હવે વાંધો નથી એ જ મોટો વાંધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ વાંધો છે.

'સમાધાન :- વ્યવહારની રુચિ એટલે કે તેમાં જ રોકાઈ રહેવું ન જોઈએ.' એ વિકલ્પમાં રોકાઈ રહેવું ન જોઈએ. નહિતર એ શાસ્ત્રમાં રોકાઈ ગયો, વિકલ્પમાં રોકાઈ ગયો. **'તે વચ્ચે આવે છે, પણ તેની દૃષ્ટિ આગળ જવાની હોવી જોઈએ.'** વચ્ચે આવે છે. સંતોષ માનવાનો સવાલ નથી. મારે જે જોઈએ એ મળતું નથી. સમ્યગ્દર્શન મળશે ત્યારે શું થાશે? સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા? એવી લાઈન છે. પણ હજી તો વિકલ્પમાં ઠીકપણું માની લીધું છે. સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દર્શનમાં ઠીકપણું માનતો નથી, તે તો એના વિકલ્પમાં માની લીધું. ત્યાં છેતરાઈ ગ્યો. ગુરુદેવની બહુ શૈલી તીખી હતી ને? રાગમાં સંતોષ માનનારને એમ કહે, અરે બાપુ! તું ક્યાં ભૂલો પડ્યો? બહુ થાય ત્યારે વળી એમ કહે, અરેરે..! તને આ શું થઈ ગયું? એમ કહે. તું રાગમાં સંતોષ થઈ ગયો? સંતુષ્ટ પામી ગયો. તને રાગમાં મેં કાંઈક કર્યું હોય એવું તને ઠીકતા લાગી ગયું? અરર...! તને આ શું થઈ ગયું? એમ કહે.

મુમુક્ષુ :- મીઠું કેમ લાગ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આટલો બધો કેમ ભૂલ્યો? મને આશ્ચર્ય થાય છે કે

તું ભૂલો કેમ પડી ગયો? એવી રીતે લે. એ તો તને રાગનો પ્રેમ થઈ ગયો, રાગમાં પ્રીતિ થઇ ગઇ.

મુમુક્ષુ :- દુશ્મન સાથે પ્રીતિ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- દુશ્મન કરતાં એવું આકરું બોલ્યાં છે કે એ રાગની પર્યાય તો ડાકણ છે. તને શુભરાગમાં પ્રીતિ થઈ પણ એ રાગની પર્યાય તો ડાકણ છે, તને ભરખી જાશે. એવું કહ્યું છે. એ તને ખાય જશે. ભડકાવે છે. રાગમાં પ્રેમ કરવાથી ભડકાવે છે. એમ વાત લીધી છે તીખી ભાષામાં. તમામ સંપ્રદાયમાં તો કોઈને કોઇ રાગ થાય એટલે વાહ! વાહ! વાહ! થવા માંડે. તમે ઉપવાસ કર્યા! ઓહો..! તમે વિધાન કરાવ્યું? બહુ સારું. બે-ચાર કલાક ભક્તિ કરી શકો છો. બહુ સારું, બહુ સારું.

મુમુક્ષુ :- માન પે ચઢ જાતા હૈ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પોતે માને ચડે અને બીજા પણ એના વખાણ કરે એટલે માન ચડી જાય. જ્ઞાની એને બચાવે છે. ભાઈ! એ ડાકણ છે, તને ભરખી જાશે. એટલે કે તને એ શુભરાગમાં ડાકણ દેખાવી જોઈએ એમ કહે છે. દેખાડે છે માટે દેખાવી જોઈએ એમ કહે છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા રાગની પર્યાય! હું વીતરાગ સ્વરૂપી! મને આ રાગની પર્યાય! મને કેમ પોસાય? મને કેમ શોભે એ? કોઈ શ્રીમંત માણસ મેલું ઘેલું, ફાટેલું, થીગડાંવાળુ કપડું પહેરે તો લોકો શું કહે? અરે ભાઈ, આ શું તમે પહેર્યું? તમે આવા શ્રીમંત અને તમને કાંઈ આ શોભે છે? એમ કહે. શું થયું છે? કાંઈ ગાંડપણ આવી ગયું? એમ કહે. એના જેવું છે. કે તું વીતરાગી પરમાત્મા સ્વરૂપે અને તું રાગ કરી કરીને હરખા છો? આ તને શું થઈ ગયું?

મુમુક્ષુ :- કષાય મંદ હો કે કષાય તીવ્ર હો, બેયની જાત એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ગણવાનો વિષય જ નથી. એ વસ્તુ જોઈએ નહિ એટલે ન જ જોઈએ. પછી તીવ્ર-મંદની વાત શું છે? તીવ્ર મંદની વાત શું પણ એમાં?

ગુરુદેવની તો આકરી ભાષા હતી ને. કે કોઈ વિષ્ટાના ભેદ પાડે છે? એમ કહેતા. રાગનાં ભેદ ન પાડવા કેમકે રાગને વિષ્ટા કીધી. પુણ્યને વિષ્ટા કીધી. ભલે પુણ્યના રાગ હોય, શુભરાગ હોય. કે ભાઈ કાલે મેસુબ ખાધો હતો માટે આજની વિષ્ટા જુદી રાખો. એમ છે? રોટલી, દાળ, ભાત, શાકની જુદી રાખો. એમ છે? મેસુબ ખાધો હોય કે દાળ, ભાત, શાક, રોટલી ખાધી હોય. વિષ્ટા તો વિષ્ટા થઈ ગઈ.

એમ સ્વરૂપમાંથી બહાર નીકળીને રાગ થયો કે ખલાસ. એમ કહે છે. ગુરુદેવની વાણી એવી હતી. તીખી વાણી હતી. રુચે, પાત્રતાવાળાને રુચે અને કાયરને પ્રતિકૂળ. અરેરે..! મારા શુભરાગને આવું કીધું? મારા ભક્તિના ભાવને આવું કીધું? મારા ફલાણા પૂજાના ભાવને આવું કીધું? શાસ્ત્ર વાંચવાના વિકલ્પને આવું કીધું? એને દુઃખ લાગે બિચારાને. વધારે પડતી કિંમત માની લીધી હોય એને દુઃખ લાગે.

મુમુક્ષુ :- કડક ન કહે તો આ ઉઠે એમ નથી ત્યાંથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ નાગચૂડ છે. દર્શનમોહ એનો છે ને? દર્શનમોહથી એ સારું લાગે છે. ભાવ સારા-ખરાબની વાત પછી છે. તને સારું લાગે છે એ તારો દર્શનમોહ છે, ઈ નાગચૂડ છે. નાગે ભરડો લીધો છે તારા ગળે.

મુમુક્ષુ :- આવું કહેવાવાળા મળે. ભાગ્ય હોય ત્યારે જ મળે.

પૂજ્ય ભાઈશ્રી :- અમૃત પીવડાવે છે. ભાગ્ય હોય તો જ અમૃત પીવા મળે ને? અમૃત પીવડાવે છે. ઝેર ઓકાવે છે અને અમૃત પીવડાવે છે. ઓકાવે એને શું કહે તમારે હિન્દીમાં?

મુમુક્ષુ :- ઊલટી કરવી.

પૂજ્ય ભાઈશ્રી :- ઊલટી કરવી. ગુજરાતીમાં અમારે ઊલટી જ કહે છે.

મુમુક્ષુ :- પ્રયોજન સિદ્ધિમાં એ બોલ લીધો છે. પ્રયોજન સિદ્ધિમાં ગુરુદેવશ્રીના જે અમુક કોટેશન આપ્યા છે. પુણ્યની મીઠાશમાં ખૂન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનું ખૂન થાય છે.

'આચાર્યદેવ કહે છે કે અમે તને ત્રીજી ભૂમિકામાં-અમૃતકુંભની ભૂમિકામાં-જવાનું કહીએ છીએ...' સમયસારમાં. સમયસારમાં શુભરાગને વિષકુંભ કીધો છે. વિષનો ઘડો, કુંભ એટલે ઘડો. ઝેરનો ઘડો છે. એ પોતે તીર્થંકર દ્રવ્ય હતા તોપણ એમ કહેતા હતાં કે આ તીર્થંકર પ્રકૃતિ છે એ ઝેરનાં ઝાડ છે. ઝ લ્યે ને એટલે ઝેરના ઝાડ છે. તીર્થંકર પ્રકૃતિને. સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ તીર્થંકર પ્રકૃતિ છે. બાકી બધી તો એથી નીચેની છે. તો કહે ઝેરનાં ઝાડ છે. **'આચાર્યદેવ કહે છે કે અમે તને ત્રીજી ભૂમિકામાં-અમૃતકુંભની ભૂમિકામાં-જવાનું કહીએ છીએ ત્યાં નીચે નીચે ન પડ.'** અમૃત પીવડાવીએ છીએ, તું ઝેરની માંગણી ન કર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર એ વાત ચાલી છે અમૃતકુંભ અને વિષકુંભની. ત્રીજી એટલે શુભ અને અશુભ બેથી છોડીને ત્રીજી. એમ. શુભ-અશુભ છોડીને અમે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ. શુભ છોડી અશુભમાં જવાનું કહેતા નથી, શુભ છોડીને અશુભમાં જવાનું કહેતા નથી.

પણ સંપ્રદાયના જૈનોને એ ત્રીજી વાતની ખબર નથી અત્યારે. કાનજીસ્વામી

શુભ છોડાવે છે. તો શું અમારે શુભ છોડીને અશુભમાં જાવું? આમ પ્રશ્ન કરે. ભાઈ! તને અક્કલ છે એટલી અક્કલ એમને નથી એવું તેં કેમ માની લીધું? તું સાધારણ બુદ્ધિવાળો આટલી અક્કલ છે તને, કે શુભ છોડીને અશુભમાં ન જવાય. તો એ મહાપુરુષને એટલી અક્કલ નથી એમ તેં માની લીધું જલ્દી? શું કહેવા માગે છે, એમ તને જિજ્ઞાસા થવી જોઈએ. કહે, એમ! અશુભ તો કોઈ મુસલમાનના શાસ્ત્રો પણ અશુભ કરવાનું કહેતા નથી. તો પછી આ શુભ છોડાવે છે ત્યારે કહેવા શું માગે છે? એમ તને જિજ્ઞાસા થવી જોઈએ. આ કહેવા શું માંગે છે? અશુભ છોડીને શુભમાં જવાનું તો લૌકિક ધર્મમાં તો બધાં કહે છે. જેટલા સંપ્રદાયો છે... જૈન ધર્મની વિશિષ્ટતા શું? જૈન ધર્મ એની બરાબરીનો છે કે એથી કાંઈ આગળની ચીજ છે? તેં શું નક્કી કર્યું છે?

મુમુક્ષુ :- લીંબોડી મુકાવીને કેરી આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાકી લીંબોડી મીઠી લાગે. મીઠો રસ થઈ જાય. પીળી ધમરખ જેવી થઈ જાય દ્રાક્ષ જેવી અને પોચી પડી જાય કેરીની જેમ. અમે નાના હતા ત્યારે ઘોળી-ઘોળીને ચૂસતા હતા. જુઓ આ નાની નાની કેરી છે. ત્યાં મંદિરમાં લીમડા મોટા મોટા હતા. ઘરની બાજુમાં વૈષ્ણવ બાલાજીનું મંદિર હતું. બાલાજી એટલે લક્ષ્મણ. લક્ષ્મણને બાલાજી કહે છે. મૂર્તિ હોય રામ, સીતા અને લક્ષ્મણ ત્રણેની. ત્રણેની મૂર્તિ હોય. પછી વૈષ્ણવનાં મંદિરમાં તો એક દેરી હનુમાનજીની હોય, એક દેરી શંકરની હોય, એક દેરી ગણપતિની હોય અને એવું બધું ચાલતું હોય. અત્યારે તો હવે માતાજીની અને બધી એકમાં કરી નાખે છે. ત્યાં મોટા મોટા લીમડા હતા. ત્યાં છોકરાવ બધા રમવા જાય. ઉનાળામાં છાંયે રમે ને. પાકેલી લીંબોડી ખરી પડે. ઉપર ચડવું ન પડે નાના છોકરાવને. ઘોળીને ચૂસે. મીઠો રસ લાગે. કેરી આપવાવાળો, લીંબોડી લઈએ લે તો તોફાન કરે. નહિ, મારે કડવી લીંબોડી નથી ખાવી. હું કડવી લીંબોડી નથી ખાવાનો. ભાઈ! તને કડવી નથી દેતો. તને કેરી દે છે. પણ જોયા વિના એમ ને એમ બોલવા માંડે. એમ સાંભળ્યા વિના, વિચાર્યા વિના, મને શુભ છોડાવે છે? મને શુભ છોડાવી દે છે? શું અમારે શુભ ન કરવું? ઉપવાસ ન કરવો? અમારે ભગવાનના મંદિરે દર્શન કરવા ન જાવું? એમ પૂછે. એમ નથી. તને ક્યાંક આગળ લઈ જવા માગે છે. ભગવાનના મંદિરે જાવું છે ને? તો નિજ ભગવાનના મંદિરે જાને, શું વાંધો છે? મંગલ મંદિર ખોલો. એ આ નિજ ભગવાનનું મંદિર ખોલવાની વાત છે. હું પાત્ર થઈને દ્વારે આવી ગયો છું, હે! કારણપરમાત્મા તમે કમાડ ખોલો અને દર્શન દ્યો.

મુમુક્ષુ :- કારણપરમાત્મા શું?

પૂજ્ય ભાઈશ્રી :- કારણ પરમાત્મા કહે હું તો તૈયાર જ છું. બાપુ! તારી આળસે આળસ હતી. હું તો એવો દરવાજે ઊભો જ છું. તે મારી અવગણના કરી તોપણ હું ખસ્યો નથી.

મુમુક્ષુ :- બાહર સે છોડ કે આયે તો સહી અંદર મેં.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. એ તો એને ભેટે એ પહેલાં એની સમીપ જાય ત્યાં એને ઠંડી હવા શરૂ થાય એવું છે. આત્મા છે એ ચંદનવન છે. એમ લીધું છે. આત્મા છે એ ચંદનવન છે. ચંદનવનમાં તો સુગંધ મઘમઘતી હોય. ચંદનની સુગંધ. એમાં તો કાંઈ બીજું ત્યાં તો હવા હોય નહિ. પણ આજુબાજુના વનરાજીમાં પણ એની સુગંધ. જે બાજુની હવા હોય એની હવા એ બાજુ ચાલે. ચંદનવન આવ્યા પહેલાં ખબર પડે કે આજુબાજુમાં ક્યાંક ચંદનવન હોવું જોઈએ. બે વિશેષતા છે. સુગંધ પણ છે અને શીતળતા પણ છે. 'શીતળ ચિત્ત ભયો જિમ ચંદન' સમ્યગ્દૃષ્ટિનું વર્ણન બનારસીદાસે એવું કર્યું છે. 'શીતળ ચિત્ત ભયો જિમ ચંદન, કેલી કરે શિવમારગ માંહી જગમાંહી જિનેશ્વર કે લઘુનંદન. શાંતદશા તિનકી પહચાની કરે કર જોડી બનારસી વંદન.' એલિટ્રેશન કર્યું છે. ચંદન, વંદન, નંદન બધું; પ્રાસ મેળવે ને.

'અમે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ, શુભ છોડી અશુભમાં જવાનું કહેતાં નથી. ઊંચે ઊંચે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ...' ઊંચે ઉપર લઈ જઈએ છીએ. **'તેમાં આ શુભભાવ આવે,...'** વચ્ચે આવે **'પણ તેને સર્વસ્વ માની લેવું નહિ.'** સર્વસ્વ માની લેવું એ તો પૂરું વજન જાય છે, પણ જરા પણ વજન દેવું નહિ. થોડું પણ વજન ન દેવું. જ્ઞાયક સ્વભાવની પૂરી અધિકતા આવવી જોઈએ. શુભભાવ કાંઈ નથી, શુભભાવ એની પાસે કાંઈ નથી.

મુમુક્ષુ :- પોતાના સ્વભાવથી વિરોધી છે. એની શું કિંમત આંકવી?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવથી વિરોધી છે. શેરડી વાવી હોય તો ક્યારાની બાજુમાં ખડ થાય કે ન થાય? એ ખડ કાંઈ ચાવવા બેસાય કે શેરડીનો રસ ચાવવો છે? ખડ ભલે કડવું નથી પણ મીઠું પણ નથી. મોળું, ફિક્કું છે સાવ. એમાં શું લેવું? એમાં શું સ્વાદ લેવો?

'શુદ્ધ ભૂમિકા કેમ પ્રગટે, અમૃતકુંભ ભૂમિકા કેમ પ્રગટે એમ દૃષ્ટિ ત્યાં હોવી જોઈએ,...' શુદ્ધ ભૂમિકા કેમ પ્રગટે એટલે શુદ્ધ અવસ્થા, અમૃતકુંભની ભૂમિકા કેમ પ્રગટે? આ તો અમૃત પીવાનું છે. એમ ત્યાં દૃષ્ટિ હોવી જોઈએ અને થવી જોઈએ. **'રુચિ ત્યાં હોવી જોઈએ...'** પછી ભલે ધીમી ધારે પીવાય એ ન પોસાય પણ અત્યારે

શુભાશુભ બંધ કરીને અમૃતની ભૂમિકામાં આવવું જોઈએ. '**રુચિ ત્યાં હોવી જોઈએ ને વચ્ચે આ બધો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી.**' એ તો જ્ઞાન કરવાનું છે કે ઉપર ફળ આવે ત્યારે નીચે ડાળી હોય, થડ હોય, પાંદડાં હોય, ફૂલ હોય પછી ફળ આવે. એમ વચ્ચે આવે ઈ આવે. ખડ થાય ઉપરનું. અનાજની ડુંડી ઉપર આવે, નીચે ખડ થાય. ખાવું છે અનાજ કે ખાવું છે ખડ? ખડ તો તિર્યંચ ખાય અને અનાજ તો માણસ ખાય છે. એમ તું આત્મા છો. તારે તો તારા આત્માની શુદ્ધ પર્યાય જોઈએ. અશુદ્ધ પર્યાય તારો ખોરાક, સ્વાદ લેવાનો વિષય નથી. એ ૮૮ થયો.

વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

	ગ્રંથનું નામ તેમજ વિવરણ	મૂલ્ય
૦૧	અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો)	૦૨-૦૦
૦૨	અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો)	અનુપલબ્ધ
૦૩	આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૦૪	અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન)	૧૫૦-૦૦
૦૫	અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૮	અધ્યાત્મ પરાગ	-
૦૯	બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૦	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)	-
૧૧	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)	-
૧૨	ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૩	દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત	૦૨-૦૦
૧૪	દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા)	૦૪-૦૦
૧૫	દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો)	૦૬-૦૦
૧૬	ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન)	૧૦-૦૦
૧૭	દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો)	૧૦-૦૦
૧૮	ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ)	૦૫-૦૦
૧૯	ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૨૦	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૧	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦

૨૨	જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૮-૦૦
૨૩	કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૨૪	કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૨૫-૦૦
૨૫	કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૩૦-૦૦
૨૬	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૭	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૮	ક્રમબદ્ધપર્યાય	-
૨૯	મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૧૫-૦૦
૩૦	નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)	૧૦-૦૦
૩૧	પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત)	૧૫-૦૦
૩૨	પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત)	૧૧-૨૫
૩૩	પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	અનુપલબ્ધ
૩૪	પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	૨૫-૦૦
૩૫	પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો)	૩૫-૦૦
૩૬	પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો)	૭૫-૦૦
૩૭	પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	૬૫-૦૦
૩૮	પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	-
૩૯	પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ)	૦૩-૦૦
૪૦	પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૬-૦૦
૪૧	પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૪૨	પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૩	પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૮૫-૦૦
૪૪	પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૫	પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૬	પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૭	પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૮	પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦

૪૯	પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૦	પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૧	પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૨	પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૩	પ્રવચનસાર	અનુપલબ્ધ
૫૪	પ્રચારિસ્તકાય સંગ્રહ	અનુપલબ્ધ
૫૫	પદ્મનંદીપંચવિશતી	-
૫૬	પુરુષાર્થ સિદ્ધિ ઉપાય	અનુપલબ્ધ
૫૭	રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૮	રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૯	રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૬૦	રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૬૧	સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક)	૧૫-૦૦
૬૨	જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો)	૦૬-૦૦
૬૩	સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૬૪	સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૫	સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો)	૩૫-૦૦
૬૬	સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન)	૨૫-૦૦
૬૭	સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૮	સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૩૦-૦૦
૬૯	તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ)	-
૭૦	વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૭-૦૦
૭૧	વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો)	૨૫-૦૦
૭૨	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧)	-
૭૩	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨)	-

૭૪	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩)	-
૭૫	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪)	-
૭૬	યોગસાર	અનુપલબ્ધ
૭૭	ધન્ય આરાધક	-
૭૮	અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૭૯	અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૮૦	છ ઢાળા પ્રવચન (ભાગ-૧)	૨૦-૦૦
૮૧	છ ઢાળા પ્રવચન (ભાગ-૨)	૨૦-૦૦
૮૨	છ ઢાળા પ્રવચન (ભાગ-૩)	૨૦-૦૦
૮૩	મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન)	૨૦.૦૦
૮૪	રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૫	રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૬	રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૭	રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૮	રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૦	રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૧	રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦

૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૪	રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૫	રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૬	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૭	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૮	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૯	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૦	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૧	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૨	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૩	રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૪	રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૫	રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦

૧૦૮	અધ્યાત્મ સુધા (ભાગ-૧૦) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૯	અધ્યાત્મ સુધા (ભાગ-૧૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૧૦	અધ્યાત્મ પિપાસા (ભાગ-૧) 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૪૦.૦૦
૧૧૧	અધ્યાત્મ પિપાસા (ભાગ-૨) 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૪૦.૦૦

श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
उपलब्ध प्रकाशन (हिन्दी)

	ग्रंथ का नाम एवं विवरण	मुल्य
०१	अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल)	-
०२	आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
०३	अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन)	१५०-००
०४	आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा)	५०-००
०५	आत्मअवलोकन	-
०६	बृहद द्रव्यसंग्रह	अनुपलब्ध
०७	द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा)	३०-००
०८	दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन)	०६-००
०९	दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार)	०६-००
१०	धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन)	-
११	दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१२	धन्य पुरुषार्थी	-
१३	धन्य अवतार	-
१४	गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति)	१५-००
१५	गुरु गिरा गौरव	-
१६	जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन)	०८-००
१७	कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१८	कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	३०-००
१९	मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन)	०८-००
२०	मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	-
२१	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन)	१०-००
२२	निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई)	१०-००
२३	परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त)	-
२४	प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई)	०४-००

२५	परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
२६	प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२७	प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२८	प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन)	२०-००
२९	प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन)	२०-००
३०	प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३१	प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३२	पथ प्रकाश	२०.००
३३	प्रवचनसार	अनुपलब्ध
३४	प्रंचास्तिकाय संग्रह	अनुपलब्ध
३५	सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक)	१५-००
३६	ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त)	-
३७	सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	१८-००
३८	सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
३९	सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	४०-००
४०	समयसार नाटक	अनुपलब्ध
४१	समयसार कलश टीका	अनुपलब्ध
४२	समयसार	अनुपलब्ध
४३	स्मरण संचिका	२०.००
४४	स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन)	२०-००
४५	तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई)	२०-००
४६	तत्थ्य	अनुपलब्ध
४७	विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन)	१०-००
४८	वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन	२०-००
४९	भगवान आत्मा	२०.००
५०	जिन प्रतिमा जिन सारखी	२०.००

५१. छः ढाला प्रवचन (भाग-१)	२०.००
५२. छः ढाला प्रवचन (भाग-२)	२०.००
५३. छः ढाला प्रवचन (भाग-३)	२०.००
५४. प्रवचनसुधा (भाग-६)	३०.००

श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

	ग्रंथ का नाम	मुल्य
०१	प्रवचनसार (गुजराती)	१५००
०२	प्रवचनसार (हिन्दी)	४२००
०३	पंचास्तिकायसंग्रह (गुजराती)	१०००
०४	पंचास्तिकाय संग्रह (हिन्दी)	२५००
०५	समयसार नाटक (हिन्दी)	३०००
०६	अष्टपाहुड (हिन्दी)	२०००
०७	अनुभव प्रकाश	२१००
०८	परमात्मप्रकाश	४१००
०९	समयसार कलश टीका (हिन्दी)	२०००
१०	आत्मअवलोकन	२०००
११	समाधितंत्र (गुजराती)	२०००
१२	बृहद द्रव्यसंग्रह (हिन्दी)	३०००
१३	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती)	१०००
१४	योगसार	२०००
१५	अध्यात्मसंदेश	२०००
१६	पद्मनंदीपंचविंशती	३०००
१७	समयसार	३१००
१८	समयसार (हिन्दी)	२५००
१९	अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित)	३०००
२०	द्रव्यदृष्टि प्रकाश (गुजराती)	१०,०००
२१	द्रव्यदृष्टि प्रकाश (हिन्दी)	७६००
२२	पुरुषार्थसिद्दिउपाय (गुजराती)	६१००
२३	क्रमबद्धपर्याय (गुजराती)	८०००
२४	अध्यात्मपराग (गुजराती)	३०००
२५	धन्य अवतार (गुजराती)	३७००
२६	धन्य अवतार (हिन्दी)	८०००
२७	परमामगसार (गुजराती)	५०००
२८	परमागमसरा (हिन्दी)	४४००
२९	वचनामृत प्रवचन भाग-१-२-३-४	५०००
३०	अनुभव प्रकाश (हिन्दी)	२०००
३१	निर्भ्रांत दर्शननी केडीए (गुजराती)	५०००

३२	निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी)	७५००
३३	गुरुगुण संभारणा (गुजराती)	३०००
३४	गुरुगुण संभारणा (हिन्दी)	७५००
३५	जिण सासणं सव्वं (गुजराती)	२०००
३६	जिण सासणं सव्वं (हिन्दी)	२०००
३७	द्वादश अनुप्रेक्षा (गुजराती)	२०००
३८	दस लक्षण धर्म (गुजराती)	२०००
३९	धन्य आराधना (गुजराती)	१०००
४०	धन्य आराधना (हिन्दी)	१५००
४१	प्रवचन नवनीत भाग-१-४ (गुजराती)	५८५०
४२	प्रवचन प्रसाद भाग-१-२	२३००
४३	पथ प्रकाश (गुजराती)	२०००
४४	पथ प्रकाश (हिन्दी)	५००
४५	प्रयोजन सिद्धि (गुजराती)	३५००
४६	प्रयोजन सिद्धि (हिन्दी)	२५००
४७	विधि विज्ञान (गुजराती)	२०००
४८	विधि विज्ञान (हिन्दी)	२०००
४९	भगवान आत्मा (गुजरात)	२०००
५०	भगवान आत्मा (हिन्दी)	१५००
५१	सम्यक्ज्ञानदीपिका (गुजराती)	१०००
५२	सम्यक्ज्ञानदीपिका (हिन्दी)	१५००
५३	तत्त्वानुशीलन (गुजराती)	४०००
५४	तत्त्वानुशीलन (हिन्दी)	२०००
५५	बीजुं कांई शोध मा (गुजराती)	४०००
५६	दूसरा कुछ न खोज (हिन्दी)	२०००
५७	मुमुक्षुता आरोहण क्रम (गुजराती)	२५००
५८	मुमुक्षुता आरोहण क्रम (हिन्दी)	३५००
५९	अमृत पत्र (गुजराती)	२०००
६०	अमृत पत्र (हिन्दी)	२५००
६१	परिभ्रमणना प्रत्याख्यान (गुजराती)	१५००
६२	परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी)	४०००
६३	आत्मयोग (गुजराती)	१५००
६४	आत्मयोग (हिन्दी)	३०००
६५	अनुभव संजीवनी (गुजराती)	१०००

६६	अनुभव संजीवनी (हिन्दी)	१०००
६७	ज्ञानामृत (गुजराती)	३५००
६८	ज्ञानामृत (हिन्दी)	१५००
६९	वचनामृत रहस्य (गुजराती)	१०००
७०	वचनामृत रहस्य (हिन्दी)	१०००
७१	दिशा बोध (हिन्दी-गुजराती)	३५००
७२	कहान रत्न सरिता (भाग-१)	१०००
७३	कहान रत्न सरिता (भाग-२)	१०००
७४	कुटुम्ब प्रतिबंध (गुजराती)	१५००
७५	कुटुम्ब प्रतिबंध (हिन्दी)	२५००
७६	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती)	१५००
७७	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी)	२०००
७८	गुरु गिरा गौरव (हिन्दी-गुजराती)	३५००
७९	समयसार दोहन (गुजराती)	७५०
८०	समकितनुं बीज (गुजराती)	१०००
८१	स्वरूपभावना (गुजराती)	१०००
८२	स्वरूपभावना (हिन्दी)	१०००
८३	सुविधि दर्शन (गुजराती)	१०००
८४	सुविधिदर्शन (हिन्दी)	१९००
८५	आत्मसिद्धि शास्त्र पर प्रवचन	१२५०
८६	प्रवचन सुधा (भाग-१) (गुजराती)	१४००
८७	प्रवचन सुधा (भाग-२) (गुजराती)	७५०
८८	प्रवचन सुधा (भाग-३) (गुजराती)	१०००
८९	प्रवचन सुधा (भाग-४) (गुजराती)	१०००
९०	प्रवचन सुधा (भाग-५) (गुजराती)	१०००
९१	प्रवचन सुधा (भाग-६) (गुजराती)	१०००
९२	प्रवचन सुधा (भाग-७) (गुजराती)	७५०
९३	प्रवचन सुधा (भाग-८) (गुजराती)	७५०
९४	प्रवचन सुधा (भाग-९) (गुजराती)	७५०
९५	प्रवचन सुधा (भाग-१०) (गुजराती)	७५०
९६	प्रवचन सुधा (भाग-११) (गुजराती)	७५०
९७	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती)	१०००
९८	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती)	१०००
९९	द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती)	१०००
१००	द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती)	१०००

१०१ राज हृदय (भाग-१) (गुजराती)	१५००
१०२ राज हृदय (भाग-२) (गुजराती)	१५००
१०३ राज हृदय (भाग-३) (गुजराती)	७५०
१०४ अध्यात्मस्धा (भाग-१) (गुजराती)	१०००
१०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती)	१०००
१०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती)	१०००
१०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती)	७५०
१०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती)	७५०
१०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन)	१०००
११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन)	७५०
१११ मुक्तिनो मार्ग (गुजराती)	१०००
११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी)	१०००
११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी)	१०००
११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी)	१०००
११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी)	१०००
११६ धन्य आराधक (गुजराती)	७५०
११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१)	१०००
११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२)	१०००
११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३)	१०००
१२० जिन प्रतिमा जीन सारखी	५००
१२१ स्मरण संचिका	१५००
१२२ दंसण मूलो धम्मो	३५००
१२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी)	१०००
१२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी)	१०००
१२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी)	१०००
१२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी)	१०००
१२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी)	१०००
१२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी)	१०००
१२७ धन्य पुरुषार्थी (गुजराती)	१५००
१२८ धन्य पुरुषार्थी (हिन्दी)	६५००
१२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१)	१०००
१३० राज हृदय (भाग-४) (गुजराती)	५००
१३१ राज हृदय (भाग-५) (गुजराती)	५००
१३२ राज हृदय (भाग-६) (गुजराती)	५००
१३३ राज हृदय (भाग-७) (गुजराती)	१५०

१३४	राज हृदय (भाग-८) (गुजराती)	१५०
१३५	राज हृदय (भाग-९) (गुजराती)	१५०
१३६	राज हृदय (भाग-१०) (गुजराती)	१५०
१३७	राज हृदय (भाग-११) (गुजराती)	१००
१३८	राज हृदय (भाग-१२) (गुजराती)	१००
१३९	राज हृदय (भाग-१३) (गुजराती)	१००
१४०	राज हृदय (भाग-१४) (गुजराती)	१००
१४१	राज हृदय (भाग-१५) (गुजराती)	१००
१४२	राज हृदय (भाग-१६) (गुजराती)	१००
१४३	अध्यात्म सुधा (भाग-६) (गुजराती)	१५०
१४४	अध्यात्म सुधा (भाग-७) (गुजराती)	१५०
१४५	अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती)	१५०
१४६	अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती)	१५०
१४७	अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती)	१५०
१४८	अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती)	१५०
१४९	अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती)	१५०
१५०	अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती)	१००
१५१	अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती)	१००
१५२	अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती)	१००
१५३	राज हृदय (भाग-१७) (गुजराती)	२००
१५४	राज हृदय (भाग-१८) (गुजराती)	२००
१५५	राज हृदय (भाग-१९) (गुजराती)	२००
१५६	अध्यात्म सुधा (भाग-८) (गुजराती)	१५०
१५७	अध्यात्म सुधा (भाग-९) (गुजराती)	१५०
१५८	अध्यात्म सुधा (भाग-१०) (गुजराती)	१५०
१५९	अध्यात्म सुधा (भाग-११) (गुजराती)	२००

પાઠકોની નોંધ માટે